# આરાધ્યના અજવાળા

(શ્રી નમસ્કાર મહામંત્ર પ્રવચન)

नमो अरिहंताणं
नमो सिद्धाणं
नमो आयरियाणं
नमो उवज्झायाणं
नमो लोए सव्व साहूणं
एसो पंच नमुक्कारो
सव्व पावप्पणासणो
मंगलाणं च सव्वेसिं
पढमं हवइ मंगलं



આચાર્યદેવશ્રી વિજય અજિતશેખરસૂરીશ્વરજી મહારાજ


नमो अरिहंताणं
नमो सिद्धाणं
नमो आयरियाणं
नमो उवज्झायाणं
नमो लोए सव्व साहूणं
एसो पंच नमुक्कारो
सव्व पावप्पणासणो
मंगलाणं च सव्वेसिं
पढमं हवइ मंगलं
नमो अरिहंताणं
नमो आयरियाणं
नमो उवज्झायाणं
नमो लोए सव्व साहूणं
एसो पंच नमुक्कारो, सव्व पावप्पणासणो,
मंगलाणं च सव्वेसिं, पढमं हवइ मंगलं.




ACHARYA SHRI KAILASSAGARSURI GYANMANDIR
SRI MAHAVIR JAIN ARADHANA KENDRA
Koba, Gandhinagar-382 009.



શ્રી આદિનાથ ભગવાન



શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ

સર્વશ્રેષ્ઠ ઉપમાધારક, સર્વ દેવ–દેવીથી પૂજિત

# શ્રી નમસ્કાર મહામંત્ર

॥ નમો અરિહંતાણં ॥

॥ નમો સિદ્ધાણં ॥

॥ નમો આયરિયાણં ॥

॥ નમો ઉવજ્ઝાયાણં ॥

॥ નમો લોએ સવ્વસાહૂણં ॥

॥ એસો પંચનમુક્કારો,
સવ્વ પાવપ્પણાસણો।
મંગલાણં ચ સવ્વેસિં;
પઢમં હવઈ મંગલં॥

શ્રી શત્રુંજયમંડન ઋષભદેવાય નમઃ

શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ

સિરસા વંદે મહાવીરં ઐં નમઃ સિદ્ધમ્

શ્રીમદ્ વિજય પ્રેમ-ભુવનભાનુ-જયઘોષ-ધર્મજિત્-જયશેખર-અભયશેખરસૂરિ સદ્ગુરુભ્યો નમઃ

# આરાધના અજવાળા

## (શ્રી નમસ્કાર મહામંત્ર પ્રવચન)

## (પુ૩)

**કૃપાદાતા**

પૂજ્યપાદ ન્યાયવિશારદ આ.દે.શ્રી.વિ. ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ

પૂજ્યપાદ ગચ્છાધિપતિ આ.દે.શ્રી.વિ. જયઘોષસૂરીશ્વરજી મહારાજ

પૂજ્યપાદ સહજાનંદી આ.દે.શ્રી.વિ. ધર્મજિત્સૂરીશ્વરજી મહારાજ

પૂજ્યપાદ સૂરિમંત્રસમારાધક આ.દે.શ્રી.વિ. જયશેખરસૂરીશ્વરજી મહારાજ

પૂજ્યપાદ વિદ્વદ્વર્ય આ.દે.શ્રી.વિ. અભયશેખરસૂરીશ્વરજી મહારાજ

**લેખક** પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્
વિજય અજિતશેખરસૂરીશ્વરજી મહારાજ

**સહયોગ** પૂજ્યપાદ પંન્યાસપ્રવર શ્રી વિમલબોધિવિજયજી મહારાજ

**પ્રકાશક**

**અર્હં પરિવાર ટ્રસ્ટ**

C/o. દિપકભાઈ ભેદા, ૧લે માળે, મારોતરાવ ભુવન,
તલાવ પાળી, જૈન સ્થાનકની પાછળ, થાણા (વેસ્ટ)

- **પ્રકાશન વર્ષ :**
  સંવત ૨૦૬૭, ભુવનભાનુ જન્મ શતાબ્દી વર્ષ
- **આવૃત્તિ : પ્રથમ** મૂલ્ય : ૨૨૫/- (ફોટા સહિત)
  મૂલ્ય : ૧૨૫/- (ફોટા વગરની)
- **પ્રાપ્તિસ્થાન :** દિપકભાઈ કુરીયા Cell : 98675 80227

- C/o. સતીષભાઈ ગિંદરા : વૉલ ડેકાર, માતૃકૃપા બિલ્ડીંગ, ગડકરી રંગાયતન પાસે, વિચારે કુરીયરની સામે, તલાવપાળી, થાણે (વે)-૪૦૦ ૬૦૧.
- રમેશભાઈ ગંગર : ડી.પી.ટ્રેડીંગ, ૨૫૭, ન્યુ અનંત ભવન, નરશી નાથા સ્ટ્રીટ, ભાત બજાર, કુવારાની સામે, મસ્જીદબંદર, મુંબઈ.
- ચેતનભાઈ : ૧૦૨, દત્ત પ્રસાદ, દત્ત મંદીર રોડ, મલાડ (ઈ), મુંબઈ - ૯૭
- હિમાંશુભાઈ : પાવર કંટ્રોલ, ઈસ્માઈલ બિલ્ડીંગ, ૨જે માળે, રૂમ નં.૪, ૩૩ - પાઠકવાડી, લુહારચાલ, મુંબઈ - ૪૦૦ ૦૦૨.

E-mail : arhamparivar@gmail.com


## શ્રુતસ્તંભ

| | |
|---|---|
| શ્રી વાલચંદજી ટોકરાજી પરિવાર | બોરીવલી |
| શ્રીમતી ચંદ્રાબેન નટવરલાલ શાહ | - હ.વિજય-અજય |
| શ્રી નીતિનભાઈ મનહરલાલ સંઘવી | ઘાટકોપર |
| શ્રી કાંતિલાલ રવિચંદ ગાંધી | રાધનપુરવાળા |
| શ્રીમતી દિવાળીબેન દેવચંદ વેલજી સંઘવી | માટુંગા |
| ચિ.ડેનીલ દિનકરરાય જયંતિલાલ શાહ | માટુંગા |
| માતુશ્રી રતિબેન વીરાભાઈ મંજેરી - હ.ભાણજીભાઈ | ઘાટકોપર |
| શ્રી સેવંતીભાઈ પી. શાહ - હ.હર્ષદભાઈ | સુરત |
| સ્વ.સંતોકબેન કાંતિલાલ સોનમલ | ગોરેગામ |
| શા. ભૂરમલ જવાનમલજી જૈન (તખતગઢ) | હુબલી |


**પૂજ્ય આચાર્યશ્રી અજિતશેખરસૂરીશ્વરજી મહારાજ લિખિત અર્હં પરિવારનું ઉપલબ્ધ શ્રુત સાહિત્ય**

| | | |
|---|---|---|
| ૦૧. ક્ષમા = પ્રેમ + મૈત્રીની મ્હેક (हींदी में भी) | | રૂા.૩૦/- |
| ૧૫. સમાધિનો સાથી | | રૂા.૩૦/- |
| ૪૮. ધરિયે સમકિત રંગ રૂા. ૮૦/-ની પુસ્તક માત્ર | હાલ માત્ર | રૂા.૪૦/- |
| ૪૯. ઉત્તર મજાનો કથાનો ખજાનો | | રૂા.૩૦/- |
| ૫૦. 50 પચાસ (Open Book Exam) રૂા. ૧૪૦/-ની પુસ્તક માત્ર | | રૂા.૭૦/- |
| ૫૧. ઋષભને જોઈ જોઈ હરખે જેહ | ફોટો સહિત | રૂા.૧૫૦/- |
| ૫૨. જે સાવધ તે સાધક | | રૂા.૪૦/- |

**કલ્પસૂત્ર હવે હિંદી અને ગુજરાતી બંને ભાષામાં મળશે.**

पर्युषण के प्रथम तीन दिन एवं चोथें से सातवे दिन के कल्पसूत्र के प्रवचन की दो प्रत सिर्फ रु.४००/-

|| શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ ||

|| શ્રી શીતલનાથાય નમઃ || સિરસા વંદે મહાવીરં ઐં નમઃ સિદ્ધમ્

શ્રી વિજય પ્રેમ-ભુવનભાનુ-જયઘોષ-ધર્મજિત્-જયશેખર-અભયશેખરસૂરિભ્યો નમઃ

# પ્રસ્તાવના

શ્રી નમસ્કાર મહામંત્રમાં પંચ પરમેષ્ઠી નમસ્કાર એ માત્ર વિધિ નથી, ક્રિયા નથી, એ તો જીવન સર્વસ્વ છે. એમાં જ સાધના, આરાધના ને ઉપાસના છે. એ પાંચ પદોને જીવંત નમસ્કાર આપણા પાંચ ને શુદ્ધ કરે છે. પાંચ પર ચોકી રાખે છે. વોચ કરે છે. નમો લોએ સવ્વસાહૂણં બોલતા જ મન-વચન-કાયાના પવિત્ર કાર્યો કરનારા સાધુ ભગવંતો નજરે આવે છે કે જેઓ કહે છે **વોચ યોર એક્શન** :- તું તારી ક્રિયાઓ - પ્રવૃત્તિઓ પર નજર રાખ.... એક પણ ખોટી ક્રિયા-પ્રવૃત્તિ થાય નહીં ! નમો ઉવજ્ઝાયાણં બોલતાં જ વાચના આપતા ને સાધુતાની તાલીમ આપતા ઉપાધ્યાય ભગવંતો દેખાય છે. તેઓ કહે છે **વોચ યોર વર્ડસ્** :- તું તારા બોલાતા શબ્દો પર ધ્યાન આપ... એક પણ શબ્દ ખોટો, વ્યર્થ, મર્મઘાતક બોલાય ન જાય. આમ વાણી નિર્મળ થાય છે. નમો આયરિયાણં બોલતા જ પંચાચારથી પવિત્ર આચાર્ય ભગવંતો આંખ સામે આવે છે, તેઓ કહે છે **વોચ યોર કેરેક્ટર** :- તું તારા આચાર-ચારિત્ર પર ચોકી રાખ... તારું ચારિત્ર ખોટા આચારોથી મલિન ન થાય ! આમ ચારિત્ર શુદ્ધ થાય છે. નમો સિદ્ધાણં બોલતા જ રાગ-દ્વેષથી રહિત કેવળજ્ઞાન ધારક સિદ્ધ ભગવંતોને જોવાના છે કે જેઓ જાણે કહે છે - **વોચ યોર થોટ્સ** :- તું તારા વિચારોનું નિરીક્ષણ કર... એમાં દુષ્ટતા-વિકાર-રાગ-દ્વેષ તો નથી ને ! આમ તેઓ આપણા વિચારોને મલિન થતાં અટકાવે છે. નમો અરિહંતાણં કહેતા જ અનંત કરુણાનિધાન અરિહંત ભગવંતો જાણે સાક્ષાત્ થાય છે, કે જેઓ કહે છે - **વોચ યોર હાર્ટ** :- તું તારા હૃદયનું ધ્યાન રાખ.... તારા હૃદયમાં કોઇ પણ જીવ પ્રત્યે દ્વેષ-શત્રુતા-કઠોરતા-ધિક્કાર નથી ઘુસી જતાં ને, તે જો ! આમ અરિહંત પરમાત્માઓ આપણા હૃદયને મૈત્ર્યાદિ શુભ-ભાવોથી છલકાવી દે છે ! અશુભ ભાવોથી બચાવે છે !

પંચ પરમેષ્ઠીને નમસ્કારમય આ નમસ્કાર મહામંત્રની આવી કેટલી વિશિષ્ટતાઓ વર્ણવવી ? કયા ભવ્યાત્માએ આ મંત્રના પ્રભાવને અનુભવ્યો નથી ? કયા મહાપુરુષે આ મહામંત્ર પર ચિંતન-અનુપ્રેક્ષા કર્યા નથી ? કયા કરુણાવંતોએ દુઃખ - દોષોથી ભરેલા જીવને આ મહામંત્રનો જાપ કરવાનું સૂચન કર્યું નથી ? શ્રદ્ધા - મૈત્રી - શુદ્ધિપૂર્વક જાપ કરતા કયા મહાનુભાવના આ ચિંતામણિકલ્પ મહામંત્રે પાપની વૃત્તિ - પ્રવૃત્તિનો જડમૂળથી નાશ કર્યો નથી ? આ મહામંત્રના જાપક - ધ્યાનયોગી કયા સાધકના હૃદયમાં આ મહામંત્રે અભય-અદ્વેષ-અખેદની સંવેદનાઓ જગાવી નથી ? આ મહામંત્રના આધારે આરાધ્ય પાંચ પરમેષ્ઠીઓની આરાધનાએ કયા આરાધકને કરુણા-કોમળતા-કલ્યાણભાવનાઓથી સભર બનાવ્યો નથી ? આ મહામંત્રે રટણમાત્રથી કયા મુમુક્ષુને 'જેને હૈયે શ્રી નવકાર તેને શું કરશે સંસાર' આ પંક્તિનો સાક્ષાત્કાર કરાવ્યો નથી ?

દરેક તીર્થંકર પરમાત્મા આ અડસઠ તીર્થમય અડસઠ અક્ષરી શાશ્વત મહામંત્રને સહુ પ્રથમ પોતાના ગણધર આગળ પ્રકાશે છે. પ્રગટ કરે છે. પછી એ તીર્થના અંત સુધી આ મહામંત્ર ભવ્યાત્માઓના મોક્ષમાર્ગને-સમાધિના માર્ગને અજવાળતો રહે છે.

ચૌદ પૂર્વના સારભૂત આ નમસ્કાર મહામંત્ર પર ચૌદ પૂર્વધર શ્રી ભદ્રબાહુસ્વામી મહારાજે નિર્યુક્તિ રચી છે. જે નમસ્કાર નિર્યુક્તિ તરીકે પ્રસિદ્ધ છે. આવશ્ય નિર્યુક્તિ ગ્રંથના એક ભાગ રૂપ આ નિર્યુક્તિમાં પાંચેય પરમેષ્ઠીને નમસ્કારમાં વિશેષ હેતુઓ બતાવ્યા છે. સંવત ૨૦૬૬ માં શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ તીર્થધામમાં ઉપધાનતપ દરમ્યાન આ વિશેષ હેતુઓ પર વ્યાખ્યાન થયા હતા.

એના આધારે આ 'આરાધ્યના અજવાળા' રૂપે પુસ્તક પ્રકાશિત થઇ રહ્યું છે. પૂ. કેશરસૂરિ સમુદાયના સા. શ્રી અરિહંતપ્રભાશ્રીજી મ. ના શિષ્યા સા. શ્રી સમ્યક્પ્રભાશ્રીજી મહારાજે આ મેટરને વ્યવસ્થિત લખવાનું સુકૃત કર્યું છે. ધન્યવાદ.

પૂજ્યપાદ ભવોદધિત્રાતા ગુરુદેવશ્રીના જન્મશતાબ્દી અવસરે આ પુસ્તક પ્રકાશિત થઇ રહ્યું હોવાથી આ પુસ્તકની અમુક નકલોમાં પૂજ્યશ્રીની અલગ-અલગ મુદ્રા દર્શાવતા એકસો આઠ ફોટાઓ લીધા છે. સાથે પૂજ્યશ્રી લિખિત પુસ્તકોમાંથી પસંદ કરેલા સુવાક્યો પણ લીધા છે. પૂજ્યશ્રીના ફોટા જોવાથી જ ખ્યાલ આવી જશે કે પૂજ્યશ્રી ફોટાના વિષયમાં પણ તદ્દન નિર્લેપ હતા.

પંચ પરમેષ્ઠી ભગવંતોના અનુગ્રહથી ને સુગૃહીત નામધેય ગુરુભગવંતોના આશીર્વાદથી આકાર પામેલા આ ગ્રંથમાં જે પણ જિનાજ્ઞા વિરુદ્ધ કહેવાયું હશે તે મારી મતિ મદંતા ને પ્રમાદ છે. તે બદલ હાર્દિક મિચ્છામિ દુક્કડમ્...

આ ગ્રંથના વાંચનથી સહુ નમસ્કાર મહામંત્ર પ્રત્યે દઢ શ્રદ્ધાળુ બની... એ મહામંત્રના જાપથી પંચપરમેષ્ઠીમય બની પરમ કલ્યાણ સાધે એ જ શુભેચ્છા... તનોતુ તે વાગ્ જિનરાજ ! સૌખ્યમ્.....

મહા વદ સાતમ....સં. ૨૦૬૭

– આચાર્ય અજિતશેખરસૂરિ.....

॥ શ્રી ઋષભદેવાય નમઃ ॥  ॥ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ ॥  ॥ સિરસા વંદે મહાવીરમ્ ॥
॥ઐં નમઃ સિદ્ધમ્ ॥
વિજય પ્રેમ–ભુવનભાનુ–જયઘોષ–ધર્મજિત–જયશેખર–અભયશેખરસૂરિભ્યો નમઃ
પૂજ્યપાદ અંતિમ અર્થતઃ ચૌદ પૂર્વધર શ્રી ભદ્રબાહુસ્વામી રચિત

# આવશ્યક નિર્યુક્તિ – નમસ્કાર નિર્યુક્તિ

(ટીકાકાર – પૂજ્યપાદ હરિભદ્રસૂરિજી મહારાજ) ના અંશોપર આધારિત
શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ તીર્થધામ – કાસારવડવલી થાણામાં સંવત ૨૦૬૬ ઉપધાન વખતે
અપાયેલા પ્રવચનોનો સાર સંગ્રહ

## <u>માગસર વદ – ૬</u>

**मग्गो अविप्पणासो आयारे विणयया सहायत्तं ।**
**पंचविह नमुक्कारं करेमि एएहिं हेऊहिं ।।९०३।।**
**अडवीइ देसियत्तं तहेव निज्ञामया समुद्दंमि ।**
**छक्काय रक्खणट्टा महगोवा तेण वुच्चंति ।।९०४ ।।**

પૂજ્યપાદ શ્રુતકેવલી શ્રી ભદ્રબાહુ સ્વામીએ આવશ્યક નિર્યુક્તિમાં પંચ પરમેષ્ઠીને નમસ્કાર કરવાના પાંચ હેતુઓ બતાવ્યા છે. મનન કરાયેલું જે ત્રાણ–રક્ષણ કરે, તે મન્ત્ર. મનનને મન સાથે નિસ્બત છે. એમ કહી શકાય જેમાં મન ન રહે – મનની જે અનાદિકાલીન ભૂમિકા છે, તે ન રહે, એવું એક પદ સંબંધી ચિંતન મનન છે કે જે રક્ષે છે, કોને? જીવને અશુભ ભાવો તરફ જતાં ને તેથી કર્મોની બેડીમાં બંધાતા, તે મન્ત્ર છે. ઉપધાન તપનો આરંભ નમસ્કાર મહામંત્રની આરાધના માટે થાય છે. આ મહામંત્ર અચિંત્ય ચિંતામણિ છે. તમામ મંગલોમાં મહામંગલ છે. તેના જાપમાત્રથી તમામ પાપની શુદ્ધિ થાય છે. આ મહામંત્રનો પ્રત્યેક અક્ષર અસંખ્ય દેવથી અધિષ્ઠિત છે. એક એક અક્ષર તીર્થયાત્રા સમાન છે. આવો નવકાર જનમતાં જ માતાએ કાનમાં આપ્યો. ગુરુમુખે લીધો, પાઠશાળામાં ગોખ્યો, પછી રોજ ૫–૭–૯–૨૭–૧૦૮ વારગણ્યો. પણ કોઇપણ મંત્ર તેની વિધિ – આમ્નાય – ગુરુગમથી પ્રાપ્ત કર્યા વિના ફળતો નથી. વિધિ – આમ્નાય–ગુરુનિશ્રા વિના મંત્ર સિદ્ધ કરવા જાય તો મંત્ર ફળવાના બદલે ફુટી નીકળે છે. લાભને બદલે નુકસાન થાય છે.

ચાર મિત્રને ચાર વિદ્યા મળી. પણ તે ગુરુગમ નહોતી. ચારેય જણા જંગલમાંથી પસાર થતા હતા. ત્યાં એક સિંહનું હાડપિંજર દેખાયું. પહેલો મિત્ર કહે – મારી પાસે એવો મંત્ર છે કે જેનું શરીર હોય તેનું માંસ આવી જાય. તેણે મંત્રોચ્ચાર કર્યો અને હાડપિંજર માંસથી ભરાયું. બીજાને થયું, મારી પણ મંત્રશક્તિ બતાવું. અહંકારથી

બતાવવાની હોડ જામે ત્યારે માણસ પોતાની સંપત્તિ – સત્તા – શક્તિ બતાવવા તૈયાર થાય છે. રેસકોર્સમાં ઘોડાઓની ગતિશક્તિનું પ્રદર્શન થાય છે. દુનિયામાં જાતજાતના પ્રદર્શનો થાય છે. બીજા મિત્રને થયું, મારી વિદ્યા બતાવું. જેની ચામડી નાશ થઇ હોય તેને મારી વિદ્યાથી ચામડી આવી જાય. તે મંત્ર બોલ્યો અને ચામડી આવી ગઇ. સિંહનું સ્ટ્રક્ચર તૈયાર થયું.

ત્રીજાને થયું – હમ ભી કુછ કમ નહી. હું પણ મારી વિદ્યા બતાવું. લોહી વગર બધું નકામું છે. તે મંત્ર બોલ્યો ને લોહી વહેતું થયું. હવે માત્ર પ્રાણ બાકી છે. ચોથો કહે – મારી પાસે સંજીવની વિદ્યા છે. મંત્ર ભણ્યો ને સિંહ જીવતો થઇ ગયો. ભૂખના દુઃખથી મર્યો હતો તેથી જીવંત થતાં જ ચારેય ને ફાડીને ખાઇ ગયો. કહેવાનું તાત્પર્ય એ છે કે ગુરુગમ વિના મંત્ર ફળતો નથી. મળેલો મંત્ર પણ ફૂટી નીકળે. નુકસાનકારી નીવડે.

નમસ્કાર મંત્ર અત્યંત પાવરફુલ છે. તેથી નમસ્કાર મહામંત્રની આરાધના પણ પાવરફૂલ જોઇએ. સાધનાની વિધિ જેટલી પાવરફૂલ, તેટલો મંત્ર પાવરફૂલ બને. નમસ્કાર મહામંત્ર તમામ મંત્રોમાં શિરોમણિ. તો તેની આરાધના પાવરફૂલ હોય, તો વિશિષ્ટ રીતે ફળે. એટલું નોંધી લેજો કે જેમ સાધનમાં કચાશવાળો મોટો માણસ નથી ગણાતો, તેમ સાધનામાં કચાશવાળો મહાપુરુષ નથી થઇ શકતો. મહાનિશીથ સૂત્રમાં મહામંત્રની સાધના બતાવી છે. મહામંત્ર રૂપી પારો પાત્રમાં ટકી શકે તેવું પાત્ર તમારે બનવાનું. તેની વિધિ બતાવી. પૂર્વકાળે પાંચ ઉપવાસ, આઠ આયંબિલ, ત્રણ ઉપવાસ કરવાથી નમસ્કારની યોગ્યતામાં હેતુભૂત ઉપધાન આરાધના પૂરી થતી હતી. ફરી આ જ ક્રમથી ઇરિયાવહીની આરાધના. ચોકીયું – છકીયું આજની વિધિ મુજબ પૂર્વે પણ થતું. પાંત્રીશુ અને અઠ્ઠાવીસું – અઠ્ઠમ પછી આયંબિલ કરીને થતું. પણ સંઘયણબળ ઘટતું ગયું. માટે પૂર્વના મહાપુરુષોએ માર્ગ કાઢ્યો. તપ પૂર્ણ થાય તેમાટે પુરિમઢ્ઢ ઉપવાસ અને પુરિમઢ્ઢ નીવિ. તે નીવિ પણ સ્વાદ માટે નથી. શક્તિ ટકાવવા માટે છે. ૨૦૦ ખમાસમણા ઊભા ઊભા આપો, તે ક્રિયાની ઉર્જા માટે છે.

સૂરિપુરંદર શ્રી હરિભદ્રસૂરિ મહારાજે આવશ્યક સૂત્ર પર ટીકા રચી. આવશ્યક સૂત્રના રચયિતા પાંચમાં ગણધર શ્રી સુધર્માસ્વામીજી માનવામાં આવે છે. સંસારદાવાનલ સૂત્રના રચયિતા શ્રી હરિભદ્રસૂરિ મહારાજ. તો કલ્લાણકંદં સૂત્રના રચયિતા તરીકે બીજા કોઇ જ્ઞાત નથી તેથી શ્રી સુધર્માસ્વામી... નમસ્કાર શાશ્વતો મંત્ર છે. તેના રચયિતા કોઇ નથી. તેના ઉદ્ભાવક છે. પ્રગટ કરનાર છે. ગઇ ચોવિશીમાં નવકાર હતો. પછી લુપ્ત થયો. ૧૮ કોડાકોડી સાગરોપમ પછી ઋષભદેવે કેવળજ્ઞાનથી જોઇ પ્રગટ કર્યો. અસંખ્ય ભવ્યાત્માઓએ આનો જાપ કર્યો. એવા પણ ભવ્યાત્મા છે કે

જેમણે ૧ લાખ વાર વિધિપૂર્વક જાપથી સિદ્ધ કરી તીર્થંકર નામકર્મ ઉપાર્જન કર્યું. પરલોકમાં દુર્ગતિ અટકાવી. અસમાધિના અવસરે સમાધિ મેળવી. અશાંતિના સ્થાને શાંતિ પ્રાપ્ત કરી. શોકના અવસરે અશોક પામ્યા. આ મંત્ર સર્વ શાસ્ત્રમાં અભ્યંતર કહેવાયો છે.

એમ કહી શકાય કે સર્વ શાસ્ત્રનો, તપનો, સાધનાનો આરંભ આ મહામંગળ પૂર્વક કરવાથી તેના નિર્વિઘ્ન આરંભ, પૂર્ણાહૂતિ ને પરંપરા ચાલે છે. આ મહામંગળ દરેક ગ્રંથમાં વ્યાપ્ત છે. એટલે કે દરેક ગ્રંથ આ નમસ્કારનો જ વિસ્તાર છે. તેથી જ શાસ્ત્રોના અભ્યાસ પછી જ નમસ્કાર્ય પંચપરમેષ્ઠીનું વાસ્તવિક સ્વરૂપ, એમના ગુણો, એમના ઉપકારો, એમને કરેલા નમસ્કારનું વાસ્તવિક ફળ, નમસ્કારઅંગેનો આશય અને નમસ્કારની વિધિ ઇત્યાદિનો બોધ થયા પછી કરેલા નમસ્કારને વચનયોગનો નમસ્કાર કહ્યો છે.

આવો શાશ્વતો નમસ્કાર વીરપ્રભુએ સુધર્માસ્વામીને આપ્યો. તેમણે દરેક શાસ્ત્રમાં પહેલા મંગલરૂપે કહ્યો. ભદ્રબાહુ સ્વામીજીએ નવકારપર નિર્યુક્તિ રચી. તેમાં દરેક પદની મહત્તા દર્શાવી. છેલ્લા ચાર પદ કેમ જરૂરી છે? પહેલાં પાંચ પદ બે વાર ગણીએ તો ન ચાલે?

છેલ્લા ચાર પદથી પહેલાં પાંચ પદપર, એ પાંચને કરેલા નમસ્કાર પર અહોભાવ - અનુમોદનાનો ભાવ ઊભો થાય છે. અહો! મને આવા પરમેષ્ઠીને નમસ્કાર કરવા મળ્યો! ધન્ય ભાગ્ય! ધન્ય ઘડી! બે વાર પાંચ પદ ગણે તો બે વાર લાભ થાય, પણ ચાર પદ સહિત એક નવકાર ગણતાં ગુણાકારમાં લાભ થાય. પૂ. ભદ્રબાહુ સ્વામીએ નિર્યુક્તિ રચી. પૂ. હરિભદ્ર સૂરિ મ. - પૂ. મલયગિરિ સૂરિ મ. એ ટીકા રચી.

તેઓએ દરેક પદની મહત્તા બતાવી. અરિહંતને નમસ્કાર શા માટે? સિદ્ધને નમસ્કાર કેમ? શા માટે પંચ પરમેષ્ઠીને નમસ્કાર કરવાનો? તમે તમારી જાતને પૂછો. હું દુકાને જાઉં છું. શા માટે? હું રસોઇના નામે ૧૮ પાપો કરું છું. શા માટે? તમે અમને પૂછો છો - ચાર વાર દેવવંદન શા માટે? વીસ બાંધી માળા શા માટે? અમે પૂછીએ છીએ શા માટે હોટલમાં જાઓ છો? ટી.વી. જુઓ છો? ફરવા જાઓ છો? ૧૨-૧૨ કલાક દુકાનમાં ફીલ્ડીંગ શા માટે ભરો છો? તમારા કારણો નબળા છે. દુકાને જાઓ છો - રૂા. કમાવવા માટે. રૂા. કમાવવાના શા માટે? ઘર સારું ચલાવવા માટે... કેટલા રૂા. જોઇએ? છોકરાને વારસો આપવો છે. શું તે સુકૃત કરશે? ધર્મ કરશે? ના. તમે જેને માટે જીંદગી બગાડો છો. તે તમારી બગડતી જીંદગીને સુધારવાનો નથી.

શા માટે અરિહંતને નમસ્કાર? શા માટે સિદ્ધને નમસ્કાર કરવાના? આમ તો

દરેકના ગુણો ૧૨+૮+૩૬+૨૫+૨૭ = ૧૦૮ થાય છે. પણ એ ગુણો તમને યાદ રહેતા નથી. આચાર્યના હજી યાદ રહે. પંચિંદિય સૂત્રમાં આવે છે. ઉપાધ્યાયના - સાધુના ગુણો યાદ રહે? જે ગામે જવું નહી. તેનું નામ લેવું નહી. સાધુપણું લેવું નથી. સાધુ થવું નથી.

શા માટે સાધુને નમસ્કાર કરાય છે? મારામાં પણ ઘણાં ઘણાં ગુણો છે. B.Com માં ફર્સ્ટ ક્લાસમાં આવ્યો હતો. L.L.B., M.Com વગેરે. મારે પણ ઘણા ગુણ છે. સાધુમાં કયા ગુણ છે કે તેમને નમસ્કાર કરાય છે, મને નહી? જે ગુણ મેળવવા મારે સાધના કરવાની છે. તે ગુણ સાધુને નમસ્કાર કર્યા વગર નહી મળે. તે ગુણો યાદ ક્યાં રહે? દુનિયામાં ઘણી ઘણી વાતો યાદ રાખવાની છે. Sensex યાદ રાખવાના, ધંધાના લેણા દેણા યાદ રાખવાના, ક્રીકેટની સેન્ચુરી યાદ રાખવાની છે. તેમાં બુદ્ધિ ખાલી થઇ ગઇ છે. કાંઇ શોર્ટકટ બતાવો.

કૃષ્ણ મહારાજાએ નેમનાથ ભગવાનને પ્રશ્ન પૂછ્યો. માનવભવમાં શું કરવું? આરાધના ક્યારે કરવાની? ભગવાન કહે - રોજ-પ્રતિપળ. કૃષ્ણે કહ્યું - એ તો શક્ય જ નથી. તેથી અમને એવી તિથિ બતાવો કે જેમાં હોલસેલમાં ધર્મ થાય. ભગવાને કહ્યું - મૌન એકાદશી. તેમ તમે અમને કહો છો - અમારે કેટલું યાદ રાખવું? ઘણું ઘણું યાદ રાખવામાં જરૂરી યાદ નથી રહેતું.

આપણી બુદ્ધિ પાગલ સ્ત્રી જેવી છે. પાગલ સ્ત્રી દુનિયામાં ફર્યા કરે. ઘરે આવે તો પણ ટેન્શન. શેર - દસ્તાવેજ વગેરે મહત્ત્વના કાગળો ફાડી દે ને દુનિયાના ઉકરડાના કાગળિયા તિજોરીમાં ભરે. **આપણી સ્મરણ શક્તિ નામની સ્ત્રી પાગલ થઇ ગઇ છે. જે ફેંકી દેવા જેવું છે. તે યાદ રાખે છે. પેલાએ આવું કરવા જેવું નહોતું. તેણે કેમ કર્યું? આવી ફાલતુ વાત યાદ રાખે. સેન્સેક્સ વધે કે ક્રિકેટર રમે, તમારે શું? પણ સ્મરણશક્તિ નામની પાગલ સ્ત્રી ઉકરડા જેવી વાત વીણી વીણીને ભેગી કરે છે. ને પંચપરમેષ્ઠીના ગુણરૂપી દસ્તાવેજ ફાડીને ફેંકી દે છે. આવી વિચિત્ર આ સ્ત્રી છે.** માટે પાંચ પરમેષ્ઠીના ૧૦૮ ગુણો યાદ રહે તેમ નથી. એકાદ કહી દો -

- અરિહંત પરમાત્માનો મુખ્ય ગુણ માર્ગદિશકપણું.
- સિદ્ધ ભગવંતનો મુખ્ય ગુણ અવિનાશીપણું
- આચાર્ય ભગવંતનો મુખ્ય ગુણ આચારપાલન
- ઉપાધ્યાય ભગવંતનો મુખ્ય ગુણ વિનય.
- સાધુ ભગવંતનો મુખ્ય ગુણ સહાયકતા. helping Atitude.

માર્ગ બતાવનાર, નાશ ન થવું, આચાર, વિનય, સહાયકતા. ૧૦૮ યાદ રહે

તો ખૂબ સારું અથવા અરિહંતાદિના ક્રમશઃ **બારગુણનો પ્રતિનિધિ = માર્ગદેશના, ૮ ગુણનો પ્રતિનિધિ - અવિનાશીપણું, ૩૬ ગુણમાં મુખ્ય - આચાર, ૨૫ ગુણમાં મોખરે = વિનય, ૨૭ ગુણનો નિચોડ = સહાયકપણું.**

તે તે ગુણ તે તે પદની આરાધનામાટે બળ આપે છે. 'નમો લોએ સવ્વ સાહૂણં' નો જાપ કેમ? why? રાહુ કેતુ નડે છે માટે. 'નમો સિદ્ધાણં'નો જાપ કેમ? મંગળ નડે છે. ભલા આકાશમાં રહેલા ગ્રહો કોઇને નડતા નથી. તું બધાને નડે છે. જેનો સ્વભાવ બધાને નડવાનો છે, એને જ ગ્રહો પણ નડે છે. સ્વભાવ બદલી નાખે, તો બધા અનુકૂળ છે. આ સ્વભાવ બદલવા નમસ્કાર જાપ છે. શા માટે જાપ કરવાનો? આપણામાં અત્યંત સ્વાર્થની વૃત્તિ પડેલી છે. બીજા પાસેથી મારું કામ કેમ કરાવવું? તે આપણને આવડે છે.

જેમ ભોજન કરતી વખતે દાંત ખોતરવાની સળી આપવામાં આવે છે. તેનાથી દાંત ખોતરી ખોતરી દાણાં કાઢો. જેથી મોં એંઠુ ન રહી જાય. તેમ તમને અહીં સળી આપવામાં આવે છે. આપણા હૃદયમાં - આત્મપ્રદેશમાં જે દોષો ઘુસ્યા છે, તેને કોતરી કોતરીને બહાર કાઢવાના છે. **મારામાં ભયંકર સ્વાર્થવૃત્તિ છે. કેવી છે? બીજા પાસેથી કામ કરાવી લેવાની અને બીજાના કામમાંથી બહાના કાઢી છટકી જવાની બુદ્ધિ છે.**

છગન મગનનો પડોશી. પડોશી એ પહેલો સગો કહેવાય. પણ સગા ક્યારે દગા દઇ દે ખબર ન પડે. પડોશી વચ્ચે વાટકી વ્યવહાર ચાલે. છગન ઘરમાં આવ્યો ને મગનને થયું. ઉઘરાણી આવી. આવે એટલે માંગે જ. મગને નક્કી કર્યું. આજે મારે એને કાંઇ આપવું નથી. દર વખતે કાંઇને કાંઇ લઇ જાય છે. છગને પૂછયું - કેમ મગનભાઇ! કેમ છો? મજામાં? મગને બેસવાનું પણ ન કહ્યું. છગને કહ્યું - તમારો પંખો આપોને? કેમ? ગરમી લાગે છે માટે. મગન કહે - ના. આજે હું આખો દિવસ ઘરે જ રહેવાનો છું. છગન કહે - ઠીક છે. મારે તમારું મોપેડ જ જોઇતું હતું. તમે તો ઘરે રહેવાના છો ને...

તમારું કામ બીજા પાસે કઢાવવા તમારે કોઇ કોચિંગ ક્લાસ કે ટ્યુશનની જરૂર નથી. મારો ડબ્બો મારો જ અને બીજાના ડબ્બામાં પણ મારો ભાગ. તેમાં આપણી હોંશિયારી છે. તમારી દુનિયામાં હોંશિયાર કોણ કહેવાય? બીજાનું કામ કરે તે કે બીજાના કામમાંથી ચતુરાઇપૂર્વક છટકી જાય તે? જે બીજાનું કામ કામ કરે તેને દુનિયા ભોળો માને. ઘરવાળા તેની લેફ્ટ - રાઇટ લઇ લે. ઘરના છોકરા ઘંટી ચાટે ને ઉપાધ્યાયને આટો!

'હું બીજાના કામમાં ન આવું તેના જેવી મારી કમનસીબી કોઇ નહી, ને શક્તિ પહોંચે તો બીજાને કામ ન સોંપું' તેવી ભૂમિકા કોની? દશવૈકાલિક સૂત્રના રચયિતા પૂજ્ય શય્યંભવસૂરિ મહારાજ. પુત્રના જન્મ પૂર્વે જ દીક્ષા લીધી હતી. પુત્ર મનક આઠ

વર્ષનો થયો. બધા મિત્રો ટોણો મારે છે. નબાપો – નબાપો. મનકે માતાને પૂછ્યું – પિતાજી ક્યાં છે? મા કહે – સફેદ કપડાવાળા બાવા ઉપાડી ગયા છે. મનક કહે – હું મારા પિતાજીને અહીં લઇ આવીશ. જો ત્યાં ગમશે, તો ત્યાં રહી જઇશ. તે પિતાને શોધવા નીકળ્યો. ચંપાપુરીની બહાર આચાર્ય ભગવંતને સ્થંડીલ જતાં મનકનો ભેટો થયો. પુત્રને જોતાં જ સ્વાભાવિક સ્નેહની લાગણી ઉત્પન્ન થઇ.

પણ રાગના સંબંધો સાધનામાં અંતરાયભૂત બને છે. ઉપધાનમાં ઘરવાળા યાદ આવ્યા, તો સાધનામાં અંતરાય થશે. **સ્નેહના બધા સંબંધો સાધનામાં અંતરાય કરે છે. છેવટે વીતરાગતાની સાધનામાટે તીર્થંકરનો રાગ પણ અંતરાયભૂત છે. જેમ ગૌતમ સ્વામીને કેવળજ્ઞાનમાટે થયું.** અપ્રશસ્ત બધા રાગ અંતરાયભૂત બને.

માટે શય્યંભવસૂરિએ ઓળખાણ ન આપી. ગોળ ગોળ જવાબ આપ્યો. હા, તારા પિતાને હું ઓળખું છું. અમારા બંને વચ્ચે અભેદભાવ છે. પોતે જાણે છે કે હું જ છું. છતાં જણાવતાં નથી. કહ્યું – ચાલ મારી સાથે. તને તૈયાર કરીને પિતા પાસે મોકલીશ. દીક્ષા આપી. સમજુ બાપાને દીકરાને ઉત્તમ વારસો આપવાનું મન થાય. માત્ર સંપત્તિનો વારસો આપવો એ અણસમજ છે, સાથે સંસ્કારોનો વારસો આપવો એ વિવેક છે. શ્રી શય્યંભવસૂરિને પુત્રશિષ્યને ચૌદપૂર્વના જ્ઞાનનો વારસો આપવો છે. પણ મનકનું છ મહિનાનું આયુષ્ય બાકી છે. ૧૪ પૂર્વ ભણાવવા છે. પણ ચોવીસ કલાકની સાધના માત્ર જ્ઞાન નથી. દર્શન –ચારિત્ર – તપ પણ છે. છ મહીનામાં ચૌદપૂર્વ ભણવા શક્ય નથી. તેથી ખાસ મનક માટે જ ૧૪ પૂર્વના સાર રૂપ દશવૈકાલિક સૂત્રની રચના કરી. પુત્રમુનિનું કલ્યાણ કરવા હિતશિક્ષા આપી. એક એવો મંત્ર આપ્યો કે જે ટૂંકા ગાળામાં નિશ્ચિત સદ્ગતિ અપાવી દે.

ટૂંકા ગાળામાં વિશિષ્ટ કામ કરવાનું હોય, તો શું કરવાનું? ઓછા આયુષ્યમાં ઘણું જ્ઞાન મેળવવું હોય તો શું કરવાનું? ઓછા સમયમાં કરોડપતિ થવા શું કરવાનું? એમ.સી.એક્સ., એફેન્ડોમાં કૂદી પડવાનું? તેમાં તો ઘણાં ડૂબ્યા. પહેલી નજરે પ્રેમ થયો. પરણી ગયા. પછી સ્વભાવ મેચ ન થયો. ટૂંકા ગાળામાં ડૂબી ગયા. તમારી દુનિયામાં ટૂંકા ગાળામાં ડૂબવાના ઘણાં રસ્તા છે. અમારી દુનિયામાં ટૂંકા ગાળામાં સાધના કરવાના પવિત્ર રસ્તા છે... તેમાં એક રસ્તો છે... સાધુની સેવા. સૂરિજીએ પુત્રમુનિને મંત્રસમી હિતશિક્ષા આપી – તમારે ગ્લાનવગેરે બધા સાધુની સેવા કરવાની, પણ શક્તિ પહોંચે ત્યાં સુધી કોઇની સેવા લેવાની નહીં. આ પ્રેક્ટીકલ કરવાનું. માત્ર ગોખવાનું નથી. 'સહાય કરતાં સાધુજી...' હું સાધુ છું. તો મારે બધાને સહાય કરવાની. સાધુસેવાથી ટૂંકાગાળામાં કલ્યાણ થઇ ગયું. સાધુ એ જીવતું જાગતું કલ્પવૃક્ષ છે.

સાક્ષાત્ મળેલી પરમેષ્ઠી નાવ છે. **'બધાને સહાયક બનવાનું, પણ કોઇની સહાય લેવાની નહી.' આ મંત્ર તમને ફાવશે?**

'ઇચ્છકારી ભગવન પસાય કરી પડિલેહણા પડિલેહાવોજી.' આ આદેશ પૌષધમાં તમે માંગો છો. એનું તાત્પર્ય છે - બાળ-વૃદ્ધ - ગ્લાન - તપસ્વી મુખ્યરૂપે અને સામાન્યથી બધાના પડિલેહણનો લાભ મને મળો. આજે માત્ર પ્રણાલિકા થઇ ગઇ છે. એક વૃદ્ધનું એક કપડું પડિલેહણ કર્યુ ને વાત પૂરી. પડિલેહણા પડિલેહવરાવશોજી એટલે સહાયકવૃત્તિનું ચિહ્ન. બાળ એટલે નાના સાધુ. બાળ, વૃદ્ધ, બીમારને સહાય કરવા, તપસ્વી અશક્ત છે તો સહાય કરવા પડિલેહણ કરું? શક્તિ હોય તો બધાનું પડિલેહણ કરું. આ એ આદેશનો ઉદ્દેશ છે.

બાહુબલીએ પૂર્વભવમાં ૫૦૦ સાધુઓની વિશ્રામણા કરી. તેથી બાહુબલી બન્યા અને ભરતે પૂર્વ ભવમાં ૫૦૦ સાધુઓની ગોચરીથી ભક્તિ કરી. તેથી ચક્રવર્તી બન્યા. 'બધા પાસે કામ કરાવું ને બીજાના કામથી છટકું' તે વૃત્તિને ખોતરવાની સળી છે **- નમો લોએ સવ્વસાહૂણં.**

મનકમુનિની માત્ર છ મહિનાની સાધના. પણ ગુરુએ આપેલો મંત્ર - મહામંત્ર - સિદ્ધમંત્ર - પ્રેકટીકલ મંત્ર - બધાની સેવા કરવી, કોઇની સેવા લેવી નહી. એનાથી પૂરા ભાવિત થયા. છ મહિને સમાધિપૂર્વક કાળધર્મ પામ્યા. ગુરુની આંખમાં ઝળઝળિયા આવ્યા. મોટા યુગપ્રધાન, પરમવૈરાગી આચાર્ય ભગવંતની આંખ ભીની. મુખ્ય શિષ્યએ આ જોઇને પૂછ્યું - ગુરુદેવ! આમ કેમ? અત્યાર સુધી આપે ઘણાને સમાધિ આપી છે. પણ મધ્યસ્થતા હતી. આંખમાં આંસુ ન આવવા એ જેમ કઠોરતાનું પ્રતિક છે. તેમ પરમ વૈરાગ્યનું પણ પ્રતિક છે. પૂર્ણ વિવેકદશાનું દ્યોતક છે. બીજાની પીડા જોઇને આંખમાં આંસુ ન આવે તે કઠોરતા છે. સંબંધોમાં વૈરાગ્યથી આંખમાં આંસુ ન આવે. જન્મ સાથે મરણ સંકળાયેલું છે. એ વાસ્તવિકતાનો બોધ પણં જ્યારે આંસુથી મુક્ત રાખે છે, ત્યારે એ વિવેકનું દ્યોતક બને છે, ને સાધક પુરુષ સમાધિથી આ ભવના અંતે વિશિષ્ટતર પર્યાયને પામે છે એવો નિર્ણય આત્મલક્ષી જીવને એવે અવસરે સ્વસ્થ રાખવામાં નિમિત્ત બને છે. તો જ્ઞાની, વિવેકી, વિરક્ત, યુગપ્રધાન આચાર્યને આંખમાં આંસુ કેમ? બાલમુનિ માત્ર શિષ્ય હતા, તેમ નહી. પણ મારો પુત્ર હતો. તો પુત્રવિયોગથી આંસુ છે? ના. દુઃખના આંસુ નથી. હર્ષના છે. ભલે તેને બીજો કોઇ વારસો ન આપી શક્યો, પણ સમાધિનો વારસો આપ્યો. તે સદ્ગતિમાં ગયો. તેનું કારણ શું? 'મારે કોઇની સેવા લેવી નહી, પણ બધાની સેવા કરવી' આ મહામંત્ર.

આપણને મુખ્યતયા ચિંતા-ભયના વિચારો, ધિક્કારના વિચારો, ઈર્ષ્યાના વિચારો, લોભના વિચારો અને કામ-વાસનાના વિચારો આ પાંચ પાપી વિચારો શાંતિથી જીવવા-જંપવા દેતા નથી. નમસ્કાર મહામંત્રના અરિહંતઆદિ એક-એક પદનો મંત્રજાપ આપણને ક્રમશઃ અભય, મૈત્રી, પ્રમોદ, વિવેક અને વૈરાગ્ય તરફ લઇ જઇ મનના આ પાંચ ત્રાસથી મુક્ત કરે છે. હવે મનથી ત્રસ્ત થવાના બદલે એના પર ટ્રસ્ટ રાખી શકીએ એવી ભૂમિકા પર લઇ જાય છે.

નમસ્કાર નિર્યુક્તિમાં પૂજ્ય ભદ્રબાહુસ્વામી પાંચ પરમેષ્ઠીને પાંચ હેતુથી નમસ્કાર કરવાનું જણાવે છે. કયા આશયથી, કયા ઉદ્દેશથી, કયા પ્રયોજનથી, કયા લક્ષ્યથી, અરિહંતાદિને નમસ્કાર કરવાનો? અરિહંત પરમાત્મા 'નમો તિત્થસ્સ' કહે, તેમાં માત્ર તીર્થ પ્રત્યે કૃતજ્ઞભાવ છે. બીજો કોઇ આશય નથી કે બીજું કાંઇ પ્રાપ્ત થાય. આપણે જે નમસ્કાર કરીએ, તેમાં પ્રાપ્ત કરવાનું પ્રયોજન છે. અનાદિકાળથી જે આપણે આપણા પુરુષાર્થથી ન પામી શક્યા, તે પામવા માટે તેમને નમસ્કાર કરવાનો છે.

**વર્તમાન જિંદગીમાં માંગીને મેળવવા જેવી ચીજ છે, સાધુપણું ....** દુનિયામાં કહેવાય છે કે સહજ મળે તે દૂધ બરાબર ને માંગીને મેળવે તે પાણી બરાબર. પણ એક સાધુપણુ-સંયમ જ પૂજ્ય ગુરુદેવ પાસેથી માંગીને મેળવવાનું છે. અહીં મુમુક્ષુ ગુરુ પાસે પ્રાર્થના કરે છે. – હે ભવોદધિત્રાતા! તરણતારણ જહાજ! ગુરુદેવ! સંસારસાગર પાર કરાવતી દીક્ષા, પ્રવ્રજ્યા, સંયમ આપો. આ રીતે માંગીને મેળવેલું સાધુપણું પૂર્ણ વૈરાગ્યનું દ્યોતક ગણાય.

સાધુના ૨૭ ગુણો તો પ્રાપ્ત કરવા જેવા છે જ. જેને નમસ્કાર કરીએ તેના ગુણો આપણને પ્રાપ્ત થાય તે આશય છે. નમસ્કારના ઘણા આશયોમાં મુખ્ય આશય છે જેમને નમસ્કાર કરીએ, એમના ગુણ-એમની પદવી – એમનું સ્વરૂપ પ્રાપ્ત કરવાની ઇચ્છા.

જેને અપરાધીપર કરુણાની વાત રુચતી નથી, જચતી નથી, પણ કઠોર દંડ જ રુચે છે, એણે અરિહંતને કરેલો નમસ્કાર કેટલો સાચો-સાર્થક બને? અથવા આપણે એવી વિચારણા કરી શકીએ કે એ પણ અરિહંતને નમસ્કાર કરે, તો અરિહંતના પ્રભાવથી એની કઠોરતા દૂર થાય ને કરુણાનો પ્રવેશ થાય. વાત એ છે કે જેને નમસ્કાર કરીએ, એના ગુણ આપણામાં આવવા માંડે તો સમજવું કે નમસ્કાર સફળ થઇ રહ્યો છે.

સાધુના બધા ગુણોના નિચોડરૂપ વિશિષ્ટ ગુણ છે સહાયપણું – હેલ્પફુલ

નેચર. આપણામાં બીજા પાસેથી કામ કઢાવવાની વૃત્તિ સહજ છે. પણ સાધુને નમસ્કાર કરી બીજાનું કામ કરવાની વૃત્તિ મેળવવાની છે. જે વૃત્તિથી સંસાર વધ્યો તેને કાઢવાની છે. ભૂતકાળની વૃત્તિઓથી કદાચ વર્તમાનમાં ફાયદો છે, પણ લાંબાકાળે નુકસાન થયું છે. જે વૃત્તિથી વર્તમાનમાં થોડોક ઘસારો પડશે પણ ભવિષ્ય ઉજળું છે, તે વૃત્તિ સાધુને નમસ્કાર કરી મેળવવાની છે.

સાધુ સાધુને સહાયક થાય અને સાધુ ગૃહસ્થને સહાયક થાય. તેમાં ફરી બે ભાંગા પડે (૧) પ્રશસ્ત અને (૨) અપ્રશસ્ત. એ જ રીતે ગૃહસ્થના ગૃહસ્થ અને સાધુ સંબંધી પણ ૪ ભાંગા પડે. તેમાં ફરી બે ભેદ થાય. દ્રવ્યથી અને ભાવથી.

**૧) સાધુ સાધુને પ્રશસ્ત દ્રવ્ય સહાયક** :- દિગંબરો કહે - પાત્રા કેમ રાખવાના? ભગવાને હાથમાં વાપર્યું. આપણે પણ હાથમાં ગોચરી વાપરવાની. શ્વેતાંબરો કહે છે - ભગવાન કરે તેમ આપણે નથી કરવાનું. ભગવાન કહે તેમ કરવાનું છે. ભગવાન જિનકલ્પીને પણ આદર્શ ગણાય એવા ઉત્કટ સાધક હતા. આપણે સ્થવિરકલ્પી છીએ. બીજા સાધુને સહાયક બનવા પાત્રા જરુરી છે. હું વૃદ્ધ - ગ્લાન - તપસ્વી આદિ સાધુ માટે વિશિષ્ટ વસ્તુ લાવું. તેમની તપસ્યાદિ સારા થશે. બીજાનું પડિલેહણ કરી આપે, બીમારીમાં સેવા કરે. તે વૈયાવચ્ચ કહેવાય. જે ગ્લાનની વૈયાવચ્ચ કરે તે તેણે તીર્થંકરની સેવા કરી કહેવાય.

ગોશાળાએ તેજોલેશ્યા છોડી પછી પ્રભુ વીરને ૬ મહિના લોહીના ઝાડા થયા. પ્રભુ તો મસ્ત છે. પણ સિંહ અણગાર રડે છે. તેમને અધૃતિ થઇ ગઇ. તેમની અધૃતિને શાંત કરવા ભગવાને રેવતી શ્રાવિકાને ત્યાં પાક વહોરવા મોકલ્યા. નિર્દોષ પાક લઇ આવો. લઇ આવ્યા અને ભગવાને વાપર્યુ. ઝાડા મટી ગયા. આ સિંહ અણગારને ત્યારે ભગવાનની વૈયાવચ્ચ કરવાનો કેવો આનંદ-ઉમળકો થયો હશે? કેવો અહોભાવ થયો હશે? આપણને તો આવો લાભ જ ન મળે. આપણે ૨ ૫ ૩ ૫ વર્ષ પછી જન્મ્યા. મોડા પડ્યા. પણ ભગવાન કહે છે. don't worry - ચિંતા ન કર. તું ગ્લાનની સેવા કર. તેને શાતા આપ. મારા થકી જે લાભ મળવાનો હતો, તે જ લાભ તને એના થકી મળશે. 'જે ગ્લાનની સેવા કરે છે, તે મારી સેવા કરે છે.'

**૨) સાધુ સાધુને અપ્રશસ્ત દ્રવ્ય સહાયક** :- કોઇ સાધુને વગર કારણે માત્ર સ્વાદ આદિ હેતુથી આહારઆદિની ઇચ્છા થાય, ને બીજો સાધુ એ ઇચ્છા પૂરી કરી આપવા એવી ચીજ લાવી આપવી વગેરે રૂપે દ્રવ્ય સહાયક બને એ અપ્રશસ્ત દ્રવ્ય સહાય. પિતા મુનિએ સાથે જ બાળવયે દીક્ષા લીધેલા પુત્રમુનિની આહારાદિ સંબંધી બધી ઇચ્છાઓ પૂરી કરવા માંડી. પરિણામે એ પુત્રમુનિ ચારિત્રવગેરે ભાવથી ભ્રષ્ટ થયા.

**૩) સાધુ સાધુને પ્રશસ્ત ભાવસહાયક :-** બીમારી, અંતઅવસ્થાવગેરે અવસરે સમતા-સમાધિ આપવાનો પ્રયત્ન કરવો. જ્ઞાનદાન કરવું. વિનય-વૈયાવચ્ચ શીખવાડવા, ક્ષમાદિભાવોમાટે પ્રેરક બનવું એ પ્રશસ્ત સહાય છે. સ્કંદાચાર્ય ઘાણીમાં પીલાતા પોતાના પાંચસો શિષ્યોના નિર્યામણા-સમાધિદાનદ્વારા પ્રશસ્તભાવ સહાયક થયા.

**૪) સાધુ સાધુને અપ્રશસ્ત ભાવસહાયક :-** એક સાધુને પ્રમાદ કરવો છે. તે બીજાને કહે - ચાલ, બહુ ભણ્યો. હવે વાતો કરીએ. બીજો તૈયાર. તો એ અપ્રશસ્ત ભાવમાં સહાયક થયો. અથવા બે સાધુ વચ્ચે ઝઘડો થયો હોય અને ત્રીજો તેમાં ઇંધન પૂરવાનું કામ કરે. 'સહન નહીં કરવાનું, સામે સંભળાવી દેવાનું' વગેરે કહી ઉશ્કેરે. કલ્પસૂત્રમાં જણાવ્યું છે કે એક સાધુ ક્રોધ કરે, તો બીજો તેમાં સહાયક ન બને. જો તે પેલાને શાંત ન કરે પણ પેટ્રોલ પૂરે તો અપ્રશસ્ત સહાયક થયો કહેવાય. સાધુ સાધુને ખોટા ભાવ - ખોટા પરિણામમાં સહાયક બને, તો અપ્રશસ્તમાં સહાયક બન્યો. આમે ય આખું જગત અપ્રશસ્તનું આલંબન લઇને બેઠું છે. ક્રોધ કરવો જ પડે. એમ થોડું ચલાવી લેવાય? હા, બરાબર છે. આમ જ કરવું જોઇએ. આમ અપ્રશસ્ત સહાયક બને.

મહાનિશીથ સૂત્રમાં દ્રષ્ટાંત આવે છે. એક સાધુ કહે - આપણે તીર્થયાત્રાએ જઇએ. ૪૯૯ સાધુઓએ હા પાડી. ગુરુ ના પાડે છે. તીર્થયાત્રા કરતાં સંયમ વિરાધના ન થાય તેની વિશેષ કાળજી લેવી જોઇએ. પણ શિષ્યો ન માન્યા. આ બધા અપ્રશસ્ત ભાવ સહાયકના દૃષ્ટાંતો છે.

**૫) સાધુ ગૃહસ્થને પ્રશસ્ત દ્રવ્ય સહાયક :-** કોઇ શ્રાવકને ઉપધાન કરવા છે. પણ હિંમત નથી ચાલતી. તો સાધુ તેને કહે - હું તમને ખમાસમણા આપવાના - પડીલેહણ કરવાનું - બધું શિખવાડીશ. આ રીતે પ્રશસ્તમાં સહાયક બને.

**(૬) પ્રશસ્ત ભાવ સહાયક :** એક શ્રાવક સાધુ ભ. ને વહોરાવતા ભાવનાના શિખરો સર કરતો જાય છે. સાધુને ખપ નથી. છતાં સામે તેના ભાવ જોયા. તેથી ના પાડતા નથી. તેણે બારમા દેવલોકની લેશ્યા ઓળંગી. અચાનક પાત્રામાં જોયું અને તેને થયું - સાધુ મહારાજ ના પણ પાડતા નથી! સાધુ કહે - બસ, મા પતત્, તારા ભાવથી નીચે ન પડ!

આમ તો સાધુ માધુકરી ભિક્ષા લે. જેમ ફૂલમાંથી ભમરો થોડું થોડું લે, તેમ સાધુ મહારાજ બધાના ઘરમાંથી થોડું થોડું વહોરે. છતાં તેમણે સંગમના હાથેથી બધી ખીર વહોરી. સામાન્યથી ન વહોરાય. સાધુએ આખું કેળું, આખી તપેલી ભરેલી બધું જ ન વહોરાય. નહીંતર દોષ લાગે. પણ સાધુ સંગમના પ્રશસ્ત ભાવમાં સહાયક બન્યા. પ્રવચન, ઉપદેશ, વ્યક્તિગત પ્રેરણાદ્વારા ગૃહસ્થને વાસના, ક્રોધ, વેર, લોભથી

અટકાવનારા સાધુઓ ગૃહસ્થને પ્રશસ્ત ભાવમાં સહાયક બને છે.

**૭) સાધુ ગૃહસ્થને દ્રવ્યથી અપ્રશસ્તમાં સહાયક :-** જો સાધુ પાસે સાવધાની ન હોય તો ગૃહસ્થને અપ્રશસ્તમાં સહાયક બને. દુકાનના મુહૂર્ત કાઢી આપે. એના પુત્ર-પુત્રીવગેરેનાં સાંસારિક ભવિષ્યની વ્યવસ્થા માટે માર્ગદર્શન આપે, સહાયક બને.

**૮) સાધુ ગૃહસ્થના અપ્રશસ્ત ભાવમાં સહાયક :-** ટ્રસ્ટીઓને લડાવે. સમાધાન થતું અટકાવે. સંઘમાં દ્વેષ-વેર-ભેદનું વાતાવરણ ઊભું કરાવે. લોભ વધે એવી પ્રેરણા-ભૂમિકા કરે... વગેરે વાતો અપ્રશસ્ત ભાવમાં સહાયરૂપ છે.

**૧) ગૃહસ્થ ગૃહસ્થને પ્રશસ્ત દ્રવ્ય સહાયક :-** કોઇને ઉપધાન કરવા જવું છે ને તમે તેને હા પાડો. પૂજા કરવામાં, સામાયિક કરવામાં બીજાને મદદ કરવી. એની જવાબદારી લઇ લેવી. છોકરો પાઠશાળા જાય તે માટે તેટલો સમય ઘરે પણ ટી.વી. બંધ રાખો. દસ વર્ષનો એક બાળક ઉપધાનમાં જોડાયો. અને પરિવારવાળાએ નક્કી કર્યું કે બે મહિના ક્યાંય બહાર ન જવું. સાધર્મિકને આર્થિક સહયોગ આપી ધર્મમાં સ્થિર કરવો વગેરે પ્રશસ્ત દ્રવ્ય સહાયના દૃષ્ટાંત છે.

**૨) ગૃહસ્થ ગૃહસ્થને પ્રશસ્તભાવ સહાયક :-** શુભકાર્યમાં પ્રેરણા - પ્રોત્સાહન આપવું તે પ્રશસ્ત દ્રવ્ય સહાય છે. પણ બીજા ગૃહસ્થના વેર-વિરોધ-ક્લેશ-કંકાસ દૂર કરવા સહાયક થવું, એના કલ્યાણમિત્ર બની પાપભાવોથી અટકાવી ઉત્તમભાવોમાં જોડવા એ પ્રશસ્ત ભાવ સહાયકપણું છે. અહીં બાહ્ય દ્રવ્યાદિથી કે બાહ્ય ક્રિયાવગેરેથી સહાયકતાને દ્રવ્યરૂપ સમજવી ને ક્ષમા, સંતોષ આદિ અંતર પરિણામો ઊભા કરવામાં કે ટકાવવામાં સહાયભૂત થવું તે સહાયકતાને ભાવરૂપ સમજવી.

**૩) ગૃહસ્થ ગૃહસ્થને દ્રવ્યથી અપ્રશસ્તમાં સહાયક :-** પિક્ચર જોવા, હોટલમાં સાથે જાય, ફોરેનની ટૂરમાં સાથે જાય. આ તો ચોવીસે કલાક ચાલે છે. અઢાર પાપસ્થાનકો એકલાં હાથે નથી સેવાતા. બે હાથે તાળી પડે છે. સંસાર માંડવો એટલે બે અલગ હતા, તે હવે ભેગા થયા. હવે પાર્ટનર શીપમાં અઢાર પાપસ્થાનકની ફેક્ટરી ચલાવશે. બે ભેગા થઇ પાપનું કતલખાનું ખોલશે. આવા અપ્રશસ્તના નિમિત્તો-સંબંધો તો સતત ચાલુ છે.

**૪) ગૃહસ્થને અપ્રશસ્તભાવ સહાય :-**ગૃહસ્થ ગૃહસ્થોને લડાવે, માતા પુત્રને ચઢાવી પત્ની સામે લડાવે, વહુ પતિને ચઢાવી માતા સામે લડાવે, એવા કાર્યમાં ઉશ્કેરે - સાથ આપે એ અપ્રશસ્ત ભાવમાં સહાય. એ જ રીતે ફેશનેબલ કપડા વગેરેથી બીજામાં કામસંજ્ઞા રાગ ભડકાવનારો પણ અપ્રશસ્તસહાયક છે.

**૫) ગૃહસ્થ સાધુને પ્રશસ્ત દ્રવ્ય સહાયક :-** ગોચરી વહોરાવવી.... 'ભાતપાણીનો

લાભ દેશોજી' આ એક વાક્ય ઉપલક્ષણથી સાધુની સાધનામાં અમે દરેક પ્રકારે સેવા કરવા ઊભા છીએ તેનું પ્રતીક છે. ભાતપાણીમાં રોટલી – દાળ–વસતિ –દવા–કપડા બધું આવી જાય છે. આપની સંયમયાત્રા સુખપૂર્વક નિર્વાહ થાય તે માટે બધી જ અનુકૂળતા કરી આપશું. અમે બધી સહાય કરીશું. સાધુની સંયમયાત્રા જેટલી સુખરૂપ થશે તેટલી જિનશાસનની જાહોજલાલી વધશે ને મારા નિકાચિત કર્મો ખપશે.

ભિખારીએ દીક્ષા નહોતી લીધી ત્યાં સુધી શેઠો લાત મારી કાઢતા હતા. દીક્ષા લીધી. પૂર્વે ખાવાનું નહોતું જોયું. તે હવે પેટ ભરીને ખાધું. પેટમાં શૂળ ઉપડ્યું. શેઠો આવ્યા. પગ–માથું દબાવે છે. ઓ મહાત્મા! તમારી કાંઇપણ તકલીફ હોય તો અમને કહો. અમે દૂર કરીશું. પ્રશસ્ત સહાયથી કેવો લાભ! પણ આચાર્ય ભગવંતની ઝડતી ન લીધી કે – ગુરુદેવ! તમે ગમે તેને દીક્ષા આપો તે કેમ ચાલે? ચેલાનો આવો લોભ? અમારે જેની તેની સેવા કરવાની? ના... ગુરુએ લાભાલાભનો વિચાર કરીને જ કામ કર્યું છે. ગૃહસ્થોએ સેવા કરી. તેથી સાધુના મનના પરિણામ વધ્યા. મેં ખાવા માટે દીક્ષા લીધી અને આ વેશ માત્રથી મારી સેવા કરે છે... વેશની કેવી તાકાત! એ શુભભાવમાં મરી સંપ્રતિ મહારાજા જેવા શાસનપ્રભાવક આપણને મળ્યા.

**૬) ગૃહસ્થ સાધુને અપ્રશસ્ત દ્રવ્ય સહાયક :**– ગૃહસ્થ સાધુને વિના કારણે આધાકર્મી – અભ્યાહૃત આગ્રહપૂર્વક વહોરાવે. તમારે વહોરવું જ પડશે. કોઇ વાપરનાર ન હોય તો ડબ્બો લઇ જાઓ, કાલે લાભ મળશે. લાભ આપો જ. આમ વગર કારણે દોષ લગાડે તો અપ્રશસ્ત સહાયક... બીજી રીતે, ગુરુ મહારાજની જાણકારી વિના સાધુ ગૃહસ્થને 'આ વસ્તુ જરૂરી છે'. એમ કહી મંગાવે. અને ગૃહસ્થ ગુરુની જાણ વિના જ તે લાવી વહોરાવે.

**ષોડશક પ્રકરણમાં જણાવ્યું છે કે વર્તમાનકાળનું ચારિત્ર ગુરુપારતંત્ર્યરૂપ છે. માત્ર ક્રિયાથી મોક્ષ નથી. ગુરુ પરતંત્રતા જોઇએ.** જમાલી પરમ વૈરાગી. વિશુદ્ધ ચારિત્રપાલન. પણ જો તેનાથી જ મોક્ષ થઇ જવાનો હોત તો પંદર જણનો મોક્ષ થઇ જાત. પણ તેના પંદર ભવ વધ્યા. કેમ? તો કારણ છે કે ભગવાનની વિરુદ્ધમાં પડ્યા. ગુરુદ્રોહી હતા. કહેવાનું તાત્પર્ય એ છે કે ક્રિયા કરતાં વધુ મહત્ત્વનું ગુરુ પારતંત્ર્ય છે. કો'ક સાધુ મોહનીયના ઉદયથી ગુરુથી છુપાવીને ઘડિયાળ મંગાવે. તમે મને જ લાવી આપજો. તો ગૃહસ્થ એમ કરે, તો અપ્રશસ્તમાં સહાયક બન્યો. તેના બદલે તેમને સમજાવે. ગુરુ આપે કે ન આપે તે મહત્ત્વનું નથી. પણ ગુરુથી છુપાવીને કરશો તો ચારિત્ર હારી જશો.

**૭) ગૃહસ્થ સાધુને પ્રશસ્તભાવ સહાયક :**–સાધુને સંયમમાં સ્થિર કરે... ક્રોધાદિ દૂર કરવા પ્રેરક બને... જેમકે સુધન શ્રાવક પૂ. રત્નાકરસૂરિ મ.સા.ને રત્નની માળાપરના પરિગ્રહભાવથી મુક્ત થવામાં સહાયક થયા.

**૮) ગૃહસ્થ સાધુને અપ્રશસ્ત ભાવ સહાયક :-** સાધુ પાસે આવી સંસારની વાતોમાં જોડી એનો રસ ઊભો કરાવે. વિકથાઓમાં પાડી વૈરાગ્ય મોળો પાડે. ગુરુ કે અન્ય સાધુ પ્રત્યે ક્રોધ-દ્વેષમાં આવેલા સાધુને લડી લેવા - બતાવી દેવા વગેરેની સલાહ આપે. એ ભાવથી અપ્રશસ્તમાં સહાયકપણું છે.

અત્યાર સુધી અપ્રશસ્તમાં ઘણી ઘણીવાર નિમિત્ત બન્યા. હવે સાધુ ભગવંત પાસે માંગણી કરો - નમો લોએ સવ્વ સાહૂણં... અમે અત્યાર સુધી બીજાને સહાયક બન્યા જ નથી. બન્યા તો પાપમાં જ સહાયક બન્યા. બીજા પાસેથી કામ કેમ કઢાવી લેવું? તેવા જ ગણિતમાં હતા. પહેલો તો સ્વાર્થ જ હતો કે મને કોઇ આર્થિક, ભૌગિક, ભૌતિક લાભ થાય છે કે નહી? ભોગ ભોગવવા મળે છે કે નહી? કોઇક વસ્તુનો લાભ કે પાંચ ઇન્દ્રિયોના વિષયો મળે છે કે નહી? એ વિચારથી જ અમે કોઇને સહાયક થયા નથી ને જ્યારે જ્યારે સહાયક થયા ત્યારે ત્યારે પાપમાં જ થયા. અમે જ્યારે બીજાને મદદની વાત આવી છે કે બીજાની પીડામાં સહાયની વાત આવી છે, ત્યારે મારે શું? મારું શું? એવા જ વિચારમાં રમ્યા છીએ. જેમ આજના સરકારી અધિકારીઓ અને રાજકરણીઓ ભોપાળ ગેસકાંડ, ભૂકંપ કે પૂર જેવી પરિસ્થિતિમાં પણ સરકારી સહાયના નામે પોતાના રોટલા રળી લે છે. તેમ અમે પણ બીજાની પીડા લાચારી ગરજનો લાભ જ ઉઠાવતા રહ્યા. આત્મહિતકર બાબતમાં તો કદી સહાયક જ ન થયા. તેથી હે સાધુ! તમને નમસ્કાર કરીએ છીએ. કારણ તમે જગત કલ્યાણ માટે જ ચારિત્ર લીધું છે. આપના ચારિત્રનું લક્ષ્ય જગતના જીવોનું રક્ષણ અને સાધનામાં સહાયતા છે. અમારામાં રહેલી બે ખોટી વૃત્તિઓને દૂર કરવાની છે. (૧) સ્વાર્થીપણાની અને (૨) પાપમાં સહાયકપણાની વૃત્તિ દૂર કરી પરમાર્થી બનવું છે. જ્યારે જ્યારે સાધુને વંદન કરો - જાપ કરો, ત્યારે આ જ બે ગણિત રાખો.

નમો ઉવજ્ઝાયાણં - why? શા માટે? માથુ વારંવાર કેમ નમાવવાનું? વિનય માટે, **विनीयते अनेन अष्टविधं कर्म इति** આઠ પ્રકારના કર્મ જેનાથી વિશેષ દૂર કરાય તે વિનય. માત્ર વિનય કરો ને આઠ કર્મ દૂર થાય. ચઢાવો કોક બોલે, ખીસામાંથી રૂા. કોક ભરે, આરતી ઉપાડવાનો ભાર કોક સહન કરે. કુમારપાળનો વેશ તે પહેરે, દીવાની ગરમી તે સહન કરે ને તમે માત્ર એ આરતીને સ્પર્શ કરો ને બધો લાભ એમના ભેગો તમને. **સાધનાની બધી મહેનત સાધકની, પણ તમે એનો વિનય કરો એટલે તમને પણ બધો લાભ મળી ગયો.** સાધકને તો કદાચ સાધનાનું અભિમાન થઇ જવાની પણ સંભાવના છે. અરે ખોટા આશયથી પણ સાધના કરતો હોય, પણ વિનય કરનારને પ્રાયઃ આવી સંભાવના રહેતી નથી. તેથી જ પવિત્ર સાધુના વેશમાં રહેલા ને બાહ્ય

ક્રિયાઓમાં ચુસ્ત પણ નિર્મળ આશય વિનાના અભવ્યોનો પણ પવિત્ર સાધુ માની વિનય કરનારાઓનું કલ્યાણ થઇ ગયું.

વીરપ્રભુએ પૂર્વભવમાં ૧૧,૮૦,૬૪૫ માસખમણ કર્યા. આ ભવમાં સાડાબાર વર્ષ ઘોર તપ કર્યો ને ભગવાન બન્યા. શ્રેણિક કહે – હું કાંઇ જ નહી કરું. તપ નહીં કરું. જપ નહીં કરું, દીક્ષા નહી લઉં, બ્રહ્મચર્ય નહી પાળું – ૭૦ મા વર્ષે લગ્ન કર્યા. આને તીર્થંકર બનાવાય? આપણા હાથમાં હોત તો એને તીર્થંકર બનાવીએ? પણ જુઓ તો ખરા. આવતી ચોવીશીમાં પહેલુ નામ એમનું. કેવું સૌભાગ્ય! કયા બળ પર? ચઢાવો, ભાર, ગરમી, રૂપિયા બીજાના, આપણે માત્ર હાથ લગાવવાનો. તેમ શ્રેણિક કહે – ભગવાન ! તમે દીક્ષા – તપ–જપ–પરિષહ – ઉપસર્ગ – ધ્યાન કર્યા. હું માત્ર વીર વીર કહી તમને યાદ કરીશ. વિનય કરો તેની આ તાકાત છે. કાંઇ પણ કર્યા વગર બધી કમાણી તમારી. જેમ આપણામાં એક વૃત્તિ છે કે કોઇને સહાયક ન થવું. તેમ બીજી વૃત્તિ છે અહંકાર. હું કોઇને કેમ નમું? બાબા વાક્યં પ્રમાણં કેમ? એની વાત કેમ માનું? શું મને અક્કલ નથી? સાધુની વાત કેમ માનવી? દુનિયા કેવી રીતે ચાલે છે એ એમને શું ખબર? સ્વાર્થવૃત્તિ કરતાં અહંકાર નીકળવો ઘણો અઘરો છે.

**માત્ર નમવું એ વિનય નથી. પણ મન–વચન–કાયાથી સ્વીકાર કે તમે સાચા, હું ખોટો, તમે સાચા, હું ખરાબ, તમારી બુદ્ધિ – મારી શ્રદ્ધા, એમ સ્વીકારવું. જો જો ઉંધુ ન થાય. શ્રાવક કહે તે ગુરુ ન માને. પણ ગુરુ ભગવંત કહે તેને શ્રાવક તહત્તિ કરે.** જ્યોર્જ બનાર્ડ શો પાસે એક રૂપાળી કન્યાએ લગ્નનો પ્રસ્તાવ મૂક્યો. શૉ એ પૂછ્યું– કેમ? તેણીએ કહ્યું... આપણું બાળક મારા જેવો રૂપવાન અને તમારા જેવો બુદ્ધિશાળી થશે માટે. જ્યોર્જ કહે – જો ઉંધુ થાય તો? એટલે ઉંધુ ન થવું જોઇએ. ગુરુ કહે તે તહત્તિ કરીએ તો વિનય આવે. નનુ ન ચ ન કરાય.

ચાણક્ય અને ચંદ્રગુપ્ત ભાગે છે. નંદના સૈનિકો પાછળ તીરવેગે આવી રહ્યા છે. સૈનિકો ઘોડા ઉપર છે. પકડાઇ જવાની સંભાવના વધી. સામે એક તળાવ આવ્યું. બાજુમાં એક ધોબી કપડા ધુએ છે. તેને ભગાડ્યો અને ચાણક્યે પોતે કપડા ધોવાનું શરુ કર્યુ. ચંદ્રગુપ્તને કહ્યું – તું ખડક પાછળ છુપાઇ જા. સૈનિક આવ્યો. એય ધોબી ! અહીંથી કોઇને જતા જોયો છે? હા. ક્યાં છે? અહીં જ છે. આ ખડક પાછળ સંતાયો છે. મેં મારી નજરે જોયું છે. આ સાંભળી સૈનિક ઘોડા પરથી નીચે ઉતર્યો. લે આ મારા કપડા ને શસ્ત્ર સંભાળ. ને ચાણક્યએ તેની જ તલવારથી તેનું ડોકુ ઉડાવી દીધું. પછી બુમ પાડી. 'બહાર આવ.' ચાણક્યએ બહાર આવેલા ચંદ્રગુપ્તને પૂછ્યું – મેં સૈનિકને તારું સ્થાન બતાવ્યું, ત્યારે તારા મનમાં શું વિચાર આવ્યો? ચંદ્રગુપ્ત કહે – ગુરુદેવ! હૃદય પર હાથ

મૂકી કહું છું. માત્ર એક જ વાત. મારા ગુરુ મારા માટે જે કરે, તે સારા માટે જ હોય. અને ચાણક્યે સંકલ્પ કર્યો. હવે આને મગધનું રાજ્ય અપાવવાની જવાબદારી મારી છે.

તે જ વાત ગુરુની શિષ્ય પ્રત્યે છે. પણ તે માટે ગુરુ શિષ્યનો દાણો દબાવે. તે કેવો વિનયી છે? જો શિષ્ય કહે – હું સમર્થ છું. તો તેને છોડી દે. આ શિષ્યને પોતાના આત્મબળે મોક્ષ મળશે. મારે એને ડીસ્ટર્બ નથી કરવો.

વિનય એટલે માત્ર માથુ નમાવવું તે નહી. પણ પૂરેપૂરા સમર્પિત થવાનું. મન-વચન-કાયાથી. obey the order. 'શા માટે આમ કહ્યું?' એવો વિચાર પણ ન જોઇએ. એવી કિંવદંતી છે કે આનંદઘનજીએ યશોવિજયજી મ.સા.ને બોલાવ્યા. જ્ઞાનની બાબતમાં યશોવિજયજી મ.સા. આગળ પણ અનુભૂતિમાં આનંદઘનજી આગળ હતા. માટે વિનયથી – અહોભાવથી ત્યાં પહોંચ્યા. પહેલા દિવસે બીજી ત્રીજી વાત કરી. પણ વિશેષ કોઇ વાત થઇ નહી. બીજા દિવસે પણ સામાન્ય જ વાતો થઇ. આનંદઘનજી ત્રીજા દિવસે પણ કાંઇ બોલતા જ નથી. મગનું નામ મરી પાડતા જ નથી. કોઇ અનુભૂતિની વિશેષ વાતો થઇ નહી. યશોવિજયજી મ.સા. પણ પૂરા સમર્પિત હતા. માટે ત્રણ દિવસ તો કાંઇ ન પૂછ્યું કે કેમ બોલાવ્યા? પણ ચોથા દિવસે રહેવાયું નહી. બોલાઇ ગયું – આપે મને ખાસ બોલાવ્યો, તો કયું પ્રયોજન હતું? આનંદઘનજી કહે – તમે નપાસ. તમારામાં અધીરતા છે. તમે લાયક નથી.

બોલો આપણને આ વિનય ફાવે? 'અડધી રાતે પણ કામ હોય તો કહેજો' એમ તમે અમને કહીને ગયા. અમે રાતે બાર વાગે તમને બોલાવીએ. તમે આવ્યા. કામ છે? હા. પગ દબાવવા છે. અડધો કલાક પગ દબાવ્યા. મહારાજ સાહેબે કહ્યું – બસ. તમે કહો – સાહેબ! ફરી આવો લાભ આપજો. બીજા દિવસે – ત્રીજા દિવસે તમને આ જ રીતે બોલાવ્યા. તમે પણ એમ જ કર્યું. પછી શું કરો? યશોવિજયજી મહારાજ જેવા જ્ઞાની, વિવેકી અને વિનીત મહાત્મા પણ જો આનંદઘનજીની વિનયપરીક્ષામાં નપાસ થાય, તો આપણો નંબર ક્યાં?

શિષ્ય સમર્પિત થાય એટલે **यावन्नाप्नोमि पदवीं परां त्वदनुभावजां । तावन्मयि शरण्यत्वं, मा मुंच शरणं श्रिते ।।** આપના પ્રભાવથી આપની શ્રેષ્ઠ પદવી મને ન મળે, ત્યાં સુધી આપ મારા અંગે આપના શરણ્ય તરીકેની બુદ્ધિ જરા પણ ઓછી ન કરતાં. **શિષ્ય વિનયથી પૂર્ણ સમર્પિત છે, તો તેને મોક્ષે પહોંચાડવાની જવાબદારી ગુરુની છે. કદાચ ગુરુ ચૂકે, તો પણ શિષ્ય પોતાની સમર્પિતતાથી મોક્ષે પહોંચી જાય છે.**

હે ઉપાધ્યાય ભગવંત! અત્યાર સુધી અમે અહંકારી હતા. માથાભારે હતા. તે

ભાર ઉતારો. અમે કોઇપણ બાબતને બુદ્ધિના ત્રાજવે જ માપતા હતા. શ્રદ્ધાથી માનતા નહોતા. તમને પસંદ કર્યા તે પણ મારી બુદ્ધિનો પ્રભાવ છે. મગજમાં રાઇ ભરાયેલી હતી. મારા અહંકાર પર કોઇ ઘા કરે તો આગ લાગતી. એવો સેન્સીટીવ હતો. મારું નાનકડું કામ પણ જો સફળ થાય તો તે તમારા અનુગ્રહથી પ્રગટેલું મારું પુણ્ય હતું. પણ અહંકારથી 'આ મારાથી થયું છે'. એવો ભાર લઇને બેઠો હતો. અનાદિથી જ્યારે જ્યારે માનવ થયો, ત્યારે ત્યારે આ અહંકારનો ભાર માથે લઇને ફર્યો. મારો આ ભાર ઉતારો. 'નમો ઉવજ્ઝાયાણં' શા માટે? મારામાં બુદ્ધિનું બળ ઘટે અને શ્રદ્ધાનું બળ વધો. મારાપણું દૂર થાઓ ને સમર્પણભાવ પ્રગટ થાઓ. અહંકારનો વાયુ ઘટો ને વિનયનું સત્ત્વ ઊભું થાઓ.

ઉપાધ્યાય ભગવંત આચાર્યને સમકક્ષ છે. આચાર્યની જેમ ૪૫ આગમના જ્ઞાતા છે. પ્રવચન શક્તિ અને શાસનપ્રભાવનાની શક્તિ હોવા છતાં તે આચાર્યનો પૂરેપૂરો વિનય સાચવે છે. પોતાની પાસે ભણનાર શિષ્યોને સૂત્રરૂપે વિનય તો શિખવાડે છે. પણ પ્રેકટીકલી વિનય પણ શિખવાડે છે. આચાર્ય આવે ને ઉપાધ્યાય ઊભા થાય. આચાર્ય ઊભા હોય તો બેઠા ન રહે. આચાર્ય આપે તે પચ્ચક્ખાણ લે. ઉપાધ્યાય આવો વિનય કરે પછી સામાન્ય સાધુ કાંઇ વિનય ચૂકી શકે ખરા? એક વ્યક્તિને વિનય બીજી વ્યક્તિ આ રીતે શીખવાડી શકે. ઉપાધ્યાય વિનય કરે તેથી બીજાને એ અંગે જ્ઞાન મળે.

ઉપાધ્યાય આચાર્યને વાત કરે કે મને આમ સુઝે છે – આ બાબતમાં આપણે આમ કરીએ. આ લાભ નુકસાન છે. છતાં જો આચાર્ય ભગવંત કહે કે તમારી વાત મૂકો. હું કહું તેમ કરો. તો ઉપાધ્યાય તહત્તિ કરી શિષ્યોને કહે – મેં ખોટો તર્ક કર્યો. આચાર્ય દીર્ઘદ્રષ્ટા છે. આમ જો ઉપાધ્યાય જ આચાર્યનો આવો વિનય કરે, તો કયો શિષ્ય તેમની મર્યાદા ઓળંગી જાય? જે મનોનીત આચાર્ય સમાન છે, તે ઉપાધ્યાય જ ગ્રહણ – આસેવન શિક્ષા આપે છે. **તમામ જ્ઞાનને અમૃત બનાવવાની તાકાત વિનયની છે. તમામ જ્ઞાનની પ્રાપ્તિનું કારણ વિનય છે. જેમ બધી કળા પર ૭૩ મી કળા ધર્મકળા છે. તેમ વિનય એ જ્ઞાન પ્રાપ્તિ માટેની કળા છે.**

ઉપાધ્યાયનો રંગ લીલો. જે આંખને ઠંડક આપે. ઉપાધ્યાય વિનય કરે ને શિષ્ય પાસે કરાવે. તે જોઇ આચાર્યની આંખ ઠરી જાય. વાહ વાહ! કેવો વિનય કરે છે! રાજા અને આચાર્ય વચ્ચે ચર્ચા થઇ. રાજા કહે – મારો રાજકુમાર વધુ વિનય કરે છે. આચાર્ય કહે – તમારા રાજકુમાર રાજગાદી માટે વિનય કરે છે. જ્યારે મારા શિષ્યો કર્મનિર્જરા માટે શુદ્ધ વિનય કરે છે. તમારા રાજકુમાર કરતાં ચાર ચાસણી વધુ વિનય મારા શિષ્યોનો છે.

દુનિયામાં સ્વાર્થ વિના વિનય ન થાય. પત્ની પંખો નાંખે તો સમજી લેવાનું - દાગીના - સાડી જોઇએ છે. દીકરો વારસા માટે વિનય કરે. જેટલો વિનય વધારે તેટલું બીલ મોટું. સાધુને સ્વાર્થ નથી તો વિનય કેવો હોય? તે ચકાસવાનું મન થયું.

રાજાએ રાજકુમારને ગંગા નદી કઇ દિશામાંથી કઇ દિશામાં વહે છે? તે જોઇ આવવાનું કહ્યું. રાજકુમારે મનમાં કહ્યું - બધાને ખબર છે. છતાં બહાર ગયો. ગુપ્તચરે આવીને જણાવ્યું કે તે ગંગા નદી ગયો જ નથી. મિત્રો સાથે ફરીને પાછો આવ્યો છે. તે મિત્રોને કહે છે - રાજા અને ગુરુની સાઠે બુદ્ધિ નાઠી છે. એમને વાયુ થાય ને આપણને ફેરવે છે. રાજા પાસે આવી રાજકુમારે કહ્યું- ગંગા પશ્ચિમથી પૂર્વ તરફ જાય છે, તે બધા જાણે છે. એ માટે મને ફોગટ મોકલ્યો. પછી ગુરુએ શિષ્યને મોકલ્યો. તે તહત્તિ કરીને ગયો. તેણે નદી પહોંચતા પહેલાં વચ્ચે બે જણને પૂછ્યું. ત્યાં જઇને પણ તેમાં વહેતાં તણખલાં વગેરેથી અનુમાન કર્યું. આવતા ફરી બે-ત્રણ જણને પૂછ્યું. પછી ગુરુ મ.સા. પાસે આવીને નિવેદન કરી કહ્યું કે આ રીતે છે. છતાં આપ કહો તે પ્રમાણ. ગુપ્તચરે જણાવ્યુ કે શિષ્ય જેમ કહે છે તેમ જ થયું છે. લોભથી જે વિનય થાય તે દેખાવનો છે. આત્મકલ્યાણની ભાવનાથી શુદ્ધ વિનય થાય. તીર્થંકર સિવાય બધાના માથે ગુરુ હોય. કારણ તીર્થંકર સ્વયંસંબુદ્ધ છે. **નગુરા બે જ હોય. તીર્થંકર અને અનંતકાલ સંસાર ભ્રમણ કરનાર.** કારણ જૈનશાસનમાં જેમ સહાયકભાવ મહત્ત્વનું છે. તેમ તેનાથી વધુ મહત્ત્વ ગુરુનું છે. ગુરુપ્રતિ વિનયનું છે.

## <u>માગસર વદ - ૮</u>

આપણો સંસાર ટુંકો નથી થતો કેમકે આપણી પાસે જીવો પ્રત્યે સદ્‌ભાવનાની કચાશ છે, જ્ઞાનમાં ઓછાશ છે, વચનમાં તીખાશ છે, વિવેકમાં અધુરાશ છે ને ધર્મભાવમાં ફીકાશ છે. નમસ્કારના પાંચ પદોનો મંત્રજાપ ક્રમશઃ આપણામાં કરુણાની કુમાશ, જ્ઞાનનો ઉજાસ, સૂક્તિઓની મીઠાશ, સમજણની સુવાસ અને ધર્મભાવમાં ઉલ્લાસ ભરવાનું કામ કરે છે.

નમસ્કાર નિર્યુક્તિમાં જણાવ્યું છે કે સાધુ સાધનામાં સહાય કરે છે. આ સહાયક ગુણ આપણામાં પણ પ્રગટે માટે સાધુ ભગવંતને નમસ્કાર કરવાનો છે. 'નમો ઉવજ્ઝાયાણં' શા માટે? તેઓ ઉપકારી ગુરુનો વિનય કેવી રીતે કરવો? તેનું જ્ઞાન આપે છે. કારણ તમામ આરાધના - સાધનાને સફળ કરવાની તાકાત વિનયમાં છે. બધા ધર્મનું મૂળ વિનય છે. અનંતકાળની સાધના નિષ્ફળ કેમ ગઇ? અહંકારથી કરી માટે. મારી બુદ્ધિમાં બેસે તેમ કરીશ. 'મારી' આ અહંકાર મધ્યમાં રહ્યો, તેથી અનંતા ઓઘા

નિષ્ફળ ગયા. આખી બાજી બગાડી નાંખી. ભોજનમાં મિષ્ટાન્ન સારું હતું. ફરસાણ સરસ હતું. પણ પાણી બરાબર ન હોતું. તો આખા ભોજનની મજા બગડી જાય. તેમ સુંદર સાધનાને અહંકારબુદ્ધિ બગાડે છે.

વિનયધર્મ મહત્ત્વનો છે. જે મારા ઉપકારી – જ્ઞાની – અનેક ગુણોથી યુક્ત છે, એમને મારે સંપૂર્ણ સમર્પિત થવું. શું કરવું? ક્યારે કરવું? કેવી રીતે કરવું? તે અંગે તો સમર્પિતતા છે જ. **શા માટે કરવું? તે પણ ગુર્વાધીન છે.** ચૈત્યવંદન શા માટે કરવું? તે જયવીયરાયમાં કહી દીધું. ઉદ્દેશ પણ તમે જેને સમર્પિત થાઓ, તે નક્કી કરશે. વિનયગુણ વિના આવા ધર્મ પ્રાપ્ત થતા નથી. ગૌતમસ્વામીમાં વિનયગુણ આવ્યો ને અનંતલબ્ધિનિધાન બની ગયા. ભગવાન કરતાં પણ ગૌતમસ્વામીના શિષ્ય વધારે, કેવલી વધારે. ભગવાનના શિષ્યોને કેવળજ્ઞાન પુરુષાર્થથી થયું. ગૌતમસ્વામીના શિષ્યોને કેવળજ્ઞાન પુરુષાર્થ વિના પ્રાપ્ત થયું. આમાં વિશેષતા પોતાની નથી. પણ પ્રભુના વિનયની છે.

ઉપાધ્યાયને નમસ્કાર શા માટે? જિંદગીમાં જે અહંકાર, ઉદ્ધતાઇ, ગૌરવ, અભિમાન, મદ, ઓવર કોન્ફીડેંસ લઇને બેઠા છીએ. તેને દૂર કરવાના છે. અસંખ્ય આત્મપ્રદેશો પરથી સ્વાર્થવૃત્તિને કોતરી કોતરીને કાઢવા માટે 'નમો લોએ સવ્વ સાહૂણં' એ સળી છે.

તેમ અનંતકાળથી આત્મપ્રદેશો પર અહંકાર પ્રતિષ્ઠિત છે. દેવલોકમાં જે શાશ્વતી પ્રતિમા છે, તેની પ્રતિષ્ઠા કોણે કરી? કોઇએ નહી. અનાદિથી છે. તેમ અનાદિથી આપણા આત્મપ્રદેશોમાં ક્રોધાદિ પ્રતિષ્ઠિત થયેલા છે. તેને શુભ ચોઘડીએ ઉત્થાપન કરવાના છે. ભગવાનના ઉત્થાપનમાં ચઢાવા બોલાય છે. પણ દેવ–દેવીના ઉત્થાપનમાં નહી, કેમ? તે કોપાયમાન થાય તો? મ.સા.! તમારી આગળ–પાછળ કોઇ નથી. તમે જ કરો. તીર્થંકરનું ઉત્થાપન જાતે કરો અને ભૂત–પ્રેતનું ઉત્થાપન ગુરુ કરે છે.

તેમ પ્રભુ વચન પર શ્રદ્ધા જાતે કરવાની અને ક્રોધાદિ કાઢવા ગુરુ જરૂરી છે. અહંકાર – ઉદ્ધતાઇ – હું હું આવે છે તો દરેક વાતમાં ભાષા બદલાઇ જાય છે. પછી તેઓ જગતને એકવચનથી બોલાવે ને જાતને બહુવચનથી બોલાવે. 'સાહેબ! આપણે આમ કર્યું'. કોઇની સલાહ લેવી ગમતી નથી. કોઇ સલાહ આપે તો દોઢડાહ્યો લાગે. હા, સલાહ આપવી બધાને ગમે છે, કેમકે તેથી અહંકાર પુષ્ટ થાય છે. અનાદિના આ અહંકારને ઉઠાડી મૂકો. ઉખેડી મૂકો, પણ એ મદ–માન–ગર્વને ઉખેડવા માટે આપણે સમર્થ નથી. જો સમર્થ હોત તો અનંતકાલ પૂર્વે જ સિદ્ધ થયા હોત. પણ આપણે તો રોજ અહંકારને તેલ–સિંદૂર ચઢાવીએ છીએ. હે ઉપાધ્યાય ભગવંત! અમને આલંબન આપો.

અમે અમારા અહંકારને ઉખેડીએ. ઉપાધ્યાય પોતે વિનીત છે અને શિષ્યોને વિનય શીખવાડે છે. જ્યારે જ્યારે અહંકાર આવે, આત્મપ્રશંસા કરવાનું મન થાય, કોલર ઉંચા થાય, ત્યારે જાતને બચાવવા નમો ઉવજ્ઝાયાણંનો જાપ કરો.

**નમો આયરિયાણં :**– આચાર્ય ભગવંતના ૩૬ ગુણ છે. તેમાં નમસ્કાર કરવા મુખ્ય હેતુ કયો? આચાર. ૧૪ પૂર્વધર, સમસ્ત શ્રુતજ્ઞાનના પારગામી ભદ્રબાહુ સ્વામીજી આ વાત કરી રહ્યા છે. આ વાત મારી પસંદગી કે મારી ચોઇસની નથી. આચાર્યને નમસ્કાર કેમ કરવાનો? એમનામાં ઘણાં ઘણાં ગુણો છે, પણ તમને ખૂબ ઉપયોગી થાય તે કયો ગુણ? આમ તો ૧ પદ બોલો ને ૫૦ સાગરોપમના પાપ જાય. પણ તકલીફ એ થાય છે કે પાપ જાય છે. પણ પાપની વૃત્તિ જતી નથી. તેથી પરિણામે પાપ જાય છે, પછી ડબલવેગે પાપ થાય છે. બીજી નરકનું ઉત્કૃષ્ટ આયુષ્ય ૩ સાગરોપમનું છે. એક નવકારથી ૫૦૦ સાગરોપમના પાપ તૂટે, એટલે ૧૬૭ વાર બીજી નરકમાં જતાં બચી જાઓ. પણ ટી.વી. જોઇ જે સંક્લેશ કર્યો તેમાં ૫૦૦ વાર નરકના પાપો બાંધો. ગપ્પા – પ્રમાદ – સંક્લેશના પાપોના તો ઢગલા છે. દુર્ભાવ – લેશ્યા – દુર્ધ્યાન ચાલે છે. બેલેંસશીટ તૈયાર કરો.

૧ બાજુ ૧૦૮ નવકાર થી ૫૪ હજાર સાગરોપમ જેટલી નરક બચી. બીજી બાજુ દુર્ભાવ કરવાથી ૫૪ લાખ સાગરોપમ નરકે રહી શકાય એટલા પાપ બંધાઇ ગયા. **પાપની વૃત્તિ – પક્ષપાત, પાપની રુચિ ન જાય ત્યાં સુધી કોઇ વિશેષ લાભ નથી. શાસ્ત્રકારને માત્ર પાપ દૂર નથી કરાવવા. પાપની વૃત્તિ પણ દૂર કરાવવી છે.** અલબત્ત નવકારના સતત રટણથી પાપવૃત્તિ પણ ઓગળી જવાની પૂરી સંભાવના છે. – એમ કહી શકાય કે જેને પોતાની પાપવૃત્તિ ઓગાળવી છે – જેનામાં એવી યોગ્યતા પ્રગટી હોય, એને જ નવકાર મળે. તેથી જ નમસ્કાર નિર્યુક્તિમાં પણ નમો પદના 'ન' ની પ્રાપ્તિ પણ મોહનીયકર્મના તેવા ક્ષયોપશમ પછી પ્રાપ્ત થાય એમ કહ્યું છે.

**સવ્વ પાવપ્પણાસણો** – તે પાપની વૃત્તિ દૂર કરવા માટે છે. પાપનું પ્રથમ કારણ સ્વાર્થવૃત્તિ છે. તેને કાઢવા પાંચમું પદ. પાપનું બીજું કારણ અહંકાર છે. ઉપલક્ષણથી બધા કષાયો. તેને કાઢવા ચોથું પદ. ત્રીજું કારણ પાપની વૃત્તિઓ છે. તેને કાઢવા ત્રીજું પદ. જેથી આત્માનું કશું હિત નથી તેવી બાબતોમાં આપણને ખૂબ રસ છે. હિતકારી પ્રવૃત્તિઓમાં રસ નથી. ૬ કલાક બેઠાં બેઠાં ટી.વી. જોવામાં જાય છે. તેમાં આત્માનું શું હિત? મેચ જોયા પછી કહો છો કે પહેલેથી જ ફીક્સ થયેલી હતી. તો એ માટે ૬ કલાકકેમ બગાડ્યા? છતાં કોઇ અરેરાટી થતી નથી. પણ જો ૧ સામાયિક કરવી હોય, તો તેમાં કોઇ રુચિ – આનંદ નથી. બહાર ઊભા ઊભા ગામગપાટામાં કલાકો

નીકળી જાય તો ય કંટાળો નથી આવતો ને વ્યાખ્યાનમાં જતાં કંટાળો આવે.

આત્માનું બગડે તેવી પ્રવૃત્તિ શોખથી, આનંદથી, ઉલ્લાસથી, મજાથી થાય છે. પણ જેનાથી આત્માના પાપ દૂર થશે, પાપની વૃત્તિઓ દૂર થશે, તેમાં રસ નથી. વેઠ જ ઉતરે. ભગવાનના કાર્યમાં પૂજારી જેવી વેઠ ઉતારે, તેનાથી વધુ ભયંકર વેઠ આપણે સામાયિક, પૂજા, વ્યાખ્યાન, પ્રતિક્રમણમાં ઉતારીએ છીએ. અષ્ટપ્રકારીપૂજા, સ્નાત્રપૂજા કે અંગલુછણાં કરવા કરતાં વધુ પ્રભુપૂજા ભગવાનના વચનો માનવામાં છે. તેમાં કેટલી વેઠ ઉતારીએ છીએ! આપણે પૂજારીને ગાળ આપીએ છીએ કે એ વેઠ ઉતારે છે. એ તો પગારદાર માણસ છે. તમે તો ભગવાનના ભગત છો ને? તમે પૂજા - સામાયિક કેવા કરો છો? ભગવાને જે એકાંતે હિતકર આચારો પોતાના કેવળજ્ઞાનમાં જોઇને બતાવ્યા. તેના અધ્યાત્મલાભ સાક્ષાત દેખાતા નથી. એ આચારોથી ઉદ્ભવતા શુભસંસ્કાર કે પુણ્ય કમાણી અતીન્દ્રિય છે. તેને બુદ્ધિના ત્રાજવે ન મપાય. તેને ભગવાનના વચનપરની શ્રદ્ધાથી જ સ્વીકારાય.

'નમો આયરિયાણં' આચાર્યને નમસ્કાર શા માટે? ભદ્રબાહુજી ત્રીજી ટેબ્લેટ આપે છે. તેઓ હોંશિયાર વૈદ છે. નાડી જોઇને નહી, ચહેરો જોઇને રોગ કહે છે. એકનો ફેસ જોઇ બધાના રોગ પારખી લે છે. આપણે બધા ઝેરોક્સ કોપીઓ છીએ. જેવી ભૂમિકા એકની છે. તેવી જ સામાન્યથી બધાની છે. સુભૂમ ચક્રવર્તીની સેવામાં રહેલા ૧૬૦૦૦ દેવોને એકીસાથે સરખો વિચાર આવ્યો. તેમ આપણા બધાના એક સરખા રોગ છે. પૂજામાં એક ધમાલ કરે તેમ બીજો પણ ધમાલ કરે. એકને જોઇને બીજો શીખે. માટે ભદ્રબાહુ સ્વામીજીએ આપણા આ ચેપીરોગની એકસરખી ટ્રીટમેંટ કરી.

આપણી આચારસંપન્નતામાં ભયંકર ખામી છે. સદાચાર ફાવતા નથી. 'આજતક' ૨૪ કલાક દુનિયામાં શું બન્યું? તે જાણવા તમારી પાસે સમય છે. તમને તેમાં જ રુચિ - રસ છે. બધી બાધા લઇએ, પણ ન્યુઝ તો જોઇએ જ. દુનિયામાં શું ચાલે છે? તે તો જાણવું જ પડે ને! પણ અલ્યા, ભગવાને કહ્યું છે - તું પંચેન્દ્રિય છે. તો તારી સંજ્ઞા કેટલી તે ખબર છે? તેની જાણકારી કેટલી? એ જાણવામાં કંટાળો આવે છે. જે નવતત્ત્વ પરની શ્રદ્ધા આપણને સમ્યક્ત્વની પ્રાપ્તિ કરાવી શકે તેમ છે. તેના નામ માત્ર પણ કોણ કહેશે? દુનિયાભરનું જાણવાનો રસ છે. પણ આત્માનું જાણવાનો રસ કેટલો?

પાંચ આચારને મેળવવા માટે આચાર્ય સતત નમસ્કરણીય છે. પ્રથમ છે **જ્ઞાનાચાર** - આત્મહિતકર તત્ત્વની જ જાણકારી લેવી. દુનિયામાં શું બને છે. તેની સાથે મારે કાંઇ લેવા દેવા નથી. તે હું જાણતો નથી. **नाहं जानामि!**

તમે કોઇ કંપનીના બોસ છો. મેનેજર બનવા માટે ઇન્ટરવ્યુ આપવા બે વ્યક્તિ આવી છે. તેમાં પહેલી વ્યક્તિનું જનરલ નોલેજ ખૂબ સારું છે. તેને દુનિયાની બધી જાણકારી છે. હોકીમાં સુવર્ણચંદ્રક કોનેમળ્યો? વડાપ્રધાન કોણ છે? બધું ખબર છે. પણ કંપનીના કાર્ય અંગેનો કોઇ અનુભવ નથી. તે કામ માટેની કોઇ માહિતી નથી. પણ જનરલ નોલેજના બધા પ્રશ્નોના ધડા ધડ જવાબ આપી શકે. ગંગાની લંબાઇ પહોળાઇ કહી શકે. શું તમે એને મેનેજરની પોસ્ટ પર નિયુક્ત કરો? જ્યારે બીજી વ્યક્તિ છે, તેને જે વિષયમાં નોકરી પર રાખવાનો છે, તેમાં ઘણો અનુભવ છે. પણ દુનિયાની કોઇ વિશેષ જાણકારી નથી. તો તેને રાખો? તમારે કોઇને કામ સોંપવું છે. કોને સોંપો? કામની જાણકારીવાળાને કે કામ વિનાની ઘણી જાણકારીવાળા ને?

અમે પરમેષ્ઠીમાં સ્થાન પામ્યા છીએ. નમો લોએ સવ્વ સાહૂણંની પોસ્ટ પર છીએ. કેમ? અમને નકામું જાણવાનો રસ નથી ને કામનું જાણ્યા વગર રહ્યા નથી માટે. ભગવાન! અમે તારી નોકરીએ રહેવા માંગીએ છીએ. ભગવાન કહે છે – લે નિયમ. નકામું જાણવું નહી ને કામનું જાણ્યા વગર રહેવું નહી. અમે કરાર પર સહી કરી. કામનું જાણશું, જાણવાનો પ્રયત્ન કરશું જ. અને નકામું છે તેની માથાકૂટમાં પડશું નહી. પ્રભુશાસનના સાધુ આ જ કહેવાય. **નકામું ન જાણવું અને જાણવા યોગ્યમાં પ્રયત્ન તે જ્ઞાનાચાર.**

ભગવાને જે આત્મહિતકર જ્ઞેય કહ્યું. તે સતત જાણો. ચિંતન – મનન કરો. પ્રયત્ન કરો. કોણ આવ્યું ને કોણ ગયું? તે નકામું જાણવામાં કાંઇ મતલબ સરવાનો નથી. તેમાં સમય કેમ બગાડવો? ઘરમાં કચરાપેટી અને તિજોરી બે ય છે. એકમાં કચરો ભરાય. એકમાં દાગીના મૂકાય. મગજમાં આવું નથી. નકામું જાણવા એક અને કામનું જાણવા એક. એવું છે કાંઇ? ના. મગજ એક જ છે.

નેતાના મગજનું ઓપરેશન થયું. રીપોર્ટમાં આવ્યું કે In left Nothing is Left, in Right Nothing is right ડાબા મગજમાં કશું બચ્યું નથી અને જમણા મગજમાં જે છે, તે કશું બરાબર નથી. આપણું ય મગજ નેતા જેવું જ ને! જે મગજને પ્રભુના વચન–જૈનાગમના જ્ઞાનથી ભરવાનું છે, તે મગજ ખાલીખમ છે. – ને જે મગજમાં જગતનું – જગતમાટે ઉપયોગી થાય એવું ભરવાનું છે, ત્યાં જગત સંબંધી ઘણું ખોટું ભરાઇ ગયું છે. જગતની વાતો કચરાપેટી યોગ્ય છે. મગજરૂપી તિજોરીને તેનાથી જ ભરી દેશો, તો કામનું ભરવા માટે જગ્યા જ નહી રહે. તેના કરતાં કામનું ભર.

ગૌતમસ્વામી ૧૪ વિદ્યાના પારગામી, વેદ–લક્ષણશાસ્ત્ર બધું ભણ્યા હતા. માત્ર વેદના બે વિરોધી લાગતા વચનને કારણે શંકા હતી. ભગવાને એકવાર સમાધાન

કર્યું ને ગૌતમસ્વામીએ પોતાની બધી જાણકારી કચરો સમજી ડુચો વાળી ફેંકી દીધી. ને પૂછ્યું - ભયવં! કિં તત્તં? આમ તો પોતે જવાબ મેળવી શકતા હતા. પણ ના. પોતાનું બધું ભણેલું કચરો લાગ્યો. તેથી ફેંકી દીધું. કચરો કાઢ્યા વિના તત્ત્વ ન મળે.

આચાર્યને વંદન શા માટે? વારંવાર પૂછો. મન-વચન-કાયાની દરેક પ્રવૃત્તિમાં પૂછો. why? શા માટે? કોઇપણ કાર્યની પૂર્વે પ્રશ્ન કરો - શા માટે? બપોરે ઉંઘવું છે? શા માટે? Valid Reason - મજબૂત કારણ છે? નથી. તો માળા ગણો. તો માળા શા માટે? ઉપધાનમાં ૨૦ માળા ગણવાની છે. તો જ હું એ નમસ્કાર મહામંત્રથી ભાવિત થઇશ. પાણી વાપરવા બેસો ને વાતો થાય. પૂછો આ વાતો શા માટે? નીવિ કરતા પહેલા જાતને પૂછો. શા માટે નીવિ? ઉપવાસમાં મજા ન આવી માટે? ઉપધાનની વિધિ છે માટે? સુકામેવાનો લાભ આપવા માટે નીવિ છે? ના... મારી ઉપવાસની સાધના, કાઉસ્સગ્ગ ખમાસમણાની સાધના વધુ ઉલ્લાસ - ઉમંગથી થાય, માટે નીવિ છે. સ્વાદ માટે નહી.

'શા માટે?' શબ્દ મહાન છે. 'શા માટે?' આ ત્રણ અક્ષર આપણી દરેક સાધનાને - દરેક પ્રવૃત્તિને પ્યોરીફાય સંશોધિત કરે છે. ખોટી હશે,તો એ પ્રવૃત્તિને અટકાવી દેશે અને સાચી હશે તો ઉલ્લાસ વધારશે. હે આચાર્ય! આપને નમસ્કાર કરી મારે ભગવાને કહેલા પાંચ આચાર પ્રાપ્ત કરવા છે. અત્યારસુધી જે આચારો રુચ્યા નથી, ગમ્યા નથી, તેનાથી ભાગ્યો, તે હવે પામવા છે. ને દુરાચાર ફગાવવા છે.

તો જ્ઞાનાચાર શા માટે? why? ઘણાં કારણો છે. પણ મુખ્ય કારણ છે **વિવેક**ની પ્રાપ્તિ કરવામાટે. જેમ ભણીએ તેમ સારાસારનો વિવેક મળે. શું લાભકર? શું નુકસાનકારક? શું આશ્રવ? શું સંવર? શું પુણ્ય? શું પાપ? આ વિવેકથી જાણી શકાય. જ્ઞાન ભણ્યા પછી જો વિવેક પ્રાપ્ત ન થાય, તો સમજી લેજો 'જહા ખરો ચંદણભારવાહી' ગધેડાને માત્ર ચંદનનો ભાર છે. ચંદનના સુવાસની મજા નથી. તેમ જાણકારી વધારવા, ચાર માણસ વચ્ચે ઇજ્જત આબરુ બતાવવા ભણે, તો પંડિત છે. જ્ઞાનનો ભાર છે, પણ સદ્ગતિ નથી. જ્ઞાનનું મુખ્ય કાર્ય વિવેક છે.

ચિલાતીપુત્રને સાધુએ ત્રણ શબ્દ જ આપ્યા. ચિલાતીપુત્રે સાધુને કહ્યું - મને ધર્મ બતાવો. એના એક હાથમાં સુષમાનું ડોકુ ને બીજા હાથમાં તલવાર છે ને સાધુને તલવારનો ડર બતાવી ધર્મઉપદેશ માંગે છે. ધર્મ શું છે? બતાવો. માંગવાની સિસ્ટમ - પદ્ધતિ બરાબર નથી. પણ માંગવા પાછળની ભૂખ બરાબર હતી. ખરેખર તો વંદન કરી ત્રણ ખમાસમણા આપી 'વાયણા પ્રસાદ કરાવશોજી' એમ કહી હાથ જોડી ઉભડક પગે બેસી સાંભળે તો માંગવાની સિસ્ટમ બરાબર છે, એમ કહેવાય. ચિલાતીપુત્ર પાસે

સિસ્ટમ ન હતી, પણ ભૂખ હતી. બનેલી ઘટનાથી, વ્યથાથી દુ:ખી હતો, અજંપો હતો, વિહ્વળતા હતી. મેં ખોટુ કર્યુ. કાંઇક શાંતિ જોઇએ છે.

**૪ ભાંગા થાય** – (૧) ધર્મની ભૂખ છે, માંગવાની પદ્ધતિ છે. (૨) ધર્મની ભૂખ નથી. પદ્ધતિ છે. (૩) ધર્મની ભૂખ છે. પદ્ધતિ નથી. (૪) ધર્મની ભૂખ નથી. પદ્ધતિ નથી. તમારો નંબર શેમાં? છોકરો મમ્મી પાસે ભોજન માંગે તેમાં મમ્મી સિસ્ટમ જુએ કે ભૂખ જુએ? ભૂખ. હોટલમાં સિસ્ટમ જોવાય. ત્યાં બુમ પાડી બે રોટલી માંગો. તે ન ચાલે. ઘરે સિસ્ટમ ન હોય. મમ્મી ચાર વાર બોલાવે છતાં છોકરો ન આવે, ને ભૂખ લાગે ત્યારે બૂમાબૂમ કરે. ચિલાતી પુત્રને ભૂખ હતી માટે સાધુ ભગવંતે ત્રણ શબ્દ આપ્યા.

**ઉપશમ – સમ્યગ્દર્શનના પરિણામ રૂપ**

**વિવેક – સમ્યગ્જ્ઞાનના પરિણામ રૂપ**

**સંવર – સમ્યક્ચારિત્રના પરિણામરૂપ**

જ્ઞાનના પરિણામરૂપે જેમ જેમ જાણે, તેમ તેમ વિવેક પ્રગટે છે. એક સમ્યગ્દ્રષ્ટિ, સમજણશક્તિ, Vision ખુલે. પુણ્ય –પાપ, બંધ–નિર્જરા, આશ્રવ – સંવર, બધું સમજી જાય. દરેક ઠેકાણે આશ્રવ – સંવર માટેની દ્રષ્ટિ ખુલતી જાય. ચારિત્રની ક્રિયા આશ્રવનું કાર્ય બની શકે ને ગરમ ચા પીવાની ક્રિયા સંવરનું કાર્ય બની શકે. તે તાકાત વિવેકદ્રષ્ટિની છે. સ્વ પર હિતની બુદ્ધિ છે, તો સંસારપ્રવૃત્તિ પણ સંવર બને ને મમત્વબુદ્ધિ છે, તો ચારિત્રની પ્રવૃત્તિ પણ આશ્રવ બને. માટે આચારાંગ સૂત્રમાં જણાવ્યું છે કે જે **આસવા તે પરિસવા, જે પરિસવા તે આસવા.** કેવું મજાનું સૂત્ર! હું ક્રિયાથી જ્યાં છું, ત્યાં જ છું... પણ ભાવના પ્રભાવે કાં તો આશ્રવમાં છું, કાં તો સંવરમાં.

જેમ જેમ ભણે તેમ વિવેક પ્રકાશ મળે. એ ભેટ આચાર્ય ભગવંત પાસેથી મળે છે. અત્યારસુધી સારાસારનો વિવેક નહોતો. જે મનમાં સૂઝ્યું તે કર્યું. ચૌદસે પણ રાતે હોટલમાં ખાધું. પશુમાં ને આપણામાં એટલો જ ફરક છે કે તેને શિંગડા – પૂંછડા છે, આપણને નહી. બાકી એને મનમાં આવે તેમ કરે. તેમ હું પણ મનમાં સુઝે તેમ કરું છું. હવે વિવેક મળ્યો. હું પશુ નથી. પુરુષ છું. જેમ જેમ વિવેક મળે તેમ તેમ યોગ્ય નિર્ણયની તક મળે. જેની પાસે રાઇટ હોય, તેની પાસે રિસ્પોન્સીબીલીટી પણ હોય. બંને સાથે ચાલે. ૧૫ ઓગસ્ટે મનમોહનસિંહને લાલ કિલ્લે જઇ આઝાદીની સલામી લેવાનો અધિકાર છે. એમને અધિકાર છે, તો એમની જવાબદારી પણ છે. તેમની પાસે જ જવાબ મંગાય. આટલી મોંઘવારી કેમ? તમારી પાસે આનો જવાબ ન મંગાય. માનવભવમાં ઘણા અધિકારો મળ્યા છે, સાથે યોગ્ય નિર્ણય લેવાની જવાબદારી પણ છે.

૧) વિવેકસંપન્ન છે, તો સમ્યક્ક્રિયાનો પરવાનો મળ્યો. તે દરેક ક્રિયાપર પ્રભુના સિગ્નેચર છે કે આ ક્રિયા સમ્યગ્ છે. પ્રભુની સહી છે. વિવેકપૂર્વકની ક્રિયા એટલે પ્રભુના વચન-પ્રભુની આજ્ઞામુજબની ક્રિયા માટે એ ક્રિયાપર પ્રભુના હસ્તાક્ષર થયા છે એમ કહી શકાય. માટે કર્મસત્તા કહે - આના અનંતકર્મોની નિર્જરા કરો. પાપ અટકાવો. એને દુર્ગતિમાં ન મોકલો. આને વૈમાનિક દેવલોકનો વીઝા-પરવાનો-પાસપોર્ટ આપો.

૨) રીસ્પોંસીબીલીટી - આ સાધુ-શ્રાવકમાટેના ફ્રેમ મુજબ જ જિંદગી જીવે. એની બહાર જઇ ન શકે. તમે શાહી ખંખેરતા હતા ને કાગળ પર ચીતરડા થયા. તો તે કાગળને ફ્રેમમાં રાખો? ના. સરસ - ટૉપ - એટ્રેક્ટીવ ડીઝાઇનવાળું કાગળ જ ફ્રેમમાં મૂકાય. ફ્રેમ કોના માટે? સારા કાગળ માટે, તેમ જૈન માટે ફ્રેમ હોય. જે તે માટે નહીં. એમ નહી માનતા કે જૈન થયા ને નિયમ - બંધન આવ્યા. ના. ખરડાયેલા કાગળની ફ્રેમ ન બને, એ કચરાપેટીમાં જાય. શ્રાવકની વ્રત-નિયમરૂપ ફ્રેમ બને. વિવેક જ્ઞાન આપે. - તું પશુ નથી, જૈન છે. તારું હિત - અહિત શાનાથી થવાનું? તે જાણી લે. આંખ નબળી પડે તો નજીકનું અને દૂરનું જોવા ચશ્મા ઉપયોગી થાય છે. તેમ આપણને સમજણ - બુદ્ધિરૂપ આંખ તો છે, પણ દૂરનું - ભવિષ્યમાં લાભકારી શું? અને નજીકનું વર્તમાનમાં શું કરવું જોઇએ? તે વિવેક નથી. તેથી આચાર્ય વિવેકદ્રષ્ટિરૂપ ચશ્મા આપે છે.

## <u>માગસર વદ - ૯</u>

આપણા ઇંદ્રિય તુરંગો સતત ભડકેલા છે. તેથી તોફાની થઇ જુદા-જુદા વિષયો તરફ દોડે છે. એમને કાબુમાં લેવા-લગામ જાળવવાની ટેક અને તાકાત આપણામાં નથી... એમાટે પાંચ પગથિયા છે, પહેલા તો એનાથી થતાં નુકસાનની સમજણ જોઇએ, પછી વિષયોપર વૈરાગ્ય જોઇએ, એથી ઇંદ્રિયપર કાબુ મેળવવાનો દૃઢ સંકલ્પ પ્રગટે, જેથી ઇંદ્રિયો વિષયમાંથી પાછી ફરે - પ્રત્યાહાર થાય ને છેવટે ઇંદ્રિય - સ્વસ્થ, સહજ, શાંત થઇ જાય. બસ આ પાંચ ૧) સમજણ ૨) વૈરાગ્ય ૩) સંકલ્પ ૪) પ્રત્યાહાર અને ૫)સહજતા-સ્વસ્થતા-શાંતિમાટે નમો લોએ સવ્વસાહુણંથી માંડી ઉપર-ઉપરના મંત્રજાપ સહાયક બને છે - ઉદ્ભાવક બને છે.

સામેવાળી વ્યક્તિ ગુણવાન છે, માટે સહજ નમવાનું મન થાય છે. પણ સાથે સાથે તે નમસ્કાર ફળયુક્ત થવો જોઇએ. નમસ્કાર કરનારને તે નિષ્ફળ ન જવો જોઇએ. શિષ્ટ પુરુષોની કોઇપણ પ્રવૃત્તિ મોઘ-નિષ્ફળ નથી. વચન પણ અમોઘ જ બોલે. તેમ નમસ્કાર કરવા પાછળ પણ પ્રયોજન છે. ભગવાનને કરેલો મારો નમસ્કાર નિષ્ફળ ન જવો જોઇએ. તો એવું શું મળે જેથી મારો નમસ્કાર સફળ થાય?

દરેક કાર્યના ૩ ફળ હોય છે. જઘન્ય – મધ્યમ – ઉત્કૃષ્ટ. તાત્કાલિક ફળ મળે તે જઘન્યફળ. છોકરો દેરાસરમાં નમ્યો. પિતાજીએ પ્રભાવના રૂપે રૂપિયો આપ્યો. અથવા કુપન મળે તે જઘન્ય ફળ. પૂજાથી પુણ્યબંધ થયો. વર્તમાનના અંતરાય તૂટ્યા, ભવિષ્યમાં સુખ-સંપત્તિ – સામગ્રીની પ્રાપ્તિ થઇ, તે મધ્યમફળ. જેને નમસ્કાર કર્યો તેના ગુણ આપણામાં આવે. તન્મય બન્યા તે ઉત્કૃષ્ટફળ. અરિહંતને નમ્યા. તો હું અરિહંત બન્યો. સાધુને નમ્યો તો હું સાધુ બન્યો તે ઉત્કૃષ્ટ ફળ.

પૂજારી પૂજા કરે, પગાર મળે. છોકરાને પ્રભાવના મળે અને મોટા ને તે પછી મુશ્કેલી દૂર થાય આ જઘન્ય. જેમાં પરલોક આદિનો આશય હોય, તે મધ્યમફળ. તન્મય – તેના ગુણ મળે તે ઉત્કૃષ્ટ ફળ. તેની જ વાત ચાલે છે. તે માટે દરેકના મુખ્ય ૧ – ૧ ગુણ કહ્યા છે.

સાધુનો વિશિષ્ટ ગુણ છે કે તે દરેકને શુભભાવોમાં – શુભની પ્રાપ્તિમાં સહાયક બને છે. આચાર્યને શાસન પ્રભાવનામાં સહાયક બને. સાધુને તપ-જપ કાઉસ્સગ્ગમાં સહાયક બને. ગૃહસ્થને સાધનામાં માર્ગદર્શક રૂપે સહાયક બને. તે ગુણ આપણાને પ્રાપ્ત થાય. માટે 'નમો લોએ સવ્વ સાહૂણં' સાધનાનો માર્ગ કષ્ટનો- અગવડનો છે, કષ્ટભર્યા માર્ગે સાથ મળે, સહકાર મળે, હુંફ મળે, તો થાક – કંટાળો – પાછા ફરવાની ઇચ્છા વગેરે ટળે છે. એ માર્ગ સુખેથી પસાર થાય છે ને પછી જ્યાં પહોંચાય છે, ત્યાં પ્રકાશ-સંગીત-શાંતિ-પ્રસન્નતાભર્યું વાતાવરણ હોય છે. બસ સાધુનું કામ આ સહાયક થવાનું છે. સાધુનો પ્રાયઃ દરેક સ્વાર્થ જીવદયા-અનુકંપારૂપ પરમાર્થથી છલોછલ ભરેલો છે. એમની બધી પ્રવૃત્તિ બીજાઓનું – સૂક્ષ્મતમ જીવોનું પણ જીવન સચવાય જાય એ રીતની હોય છે. જે કરવાથી બીજાનું જીવન, બીજાની શાતા, બીજાનો આનંદ નંદવાઇ-છીનવાઇ જતો હોય, એવી ક્રિયાઓથી એમણે નિવૃત્તિ લીધી છે.

ઉપાધ્યાયને નમસ્કાર કરવાનો મુખ્ય હેતુ છે વિનયની પ્રાપ્તિ. તેઓ આચાર્ય વગેરેનો વિનય બધાને શીખવાડે છે. આઠ કર્મ અને અહંકાર દૂર કરવા વિનય જરૂરી છે. આચારસંપન્ન થવા માટે આચાર્યને નમસ્કાર કરવાનો છે. અત્યારસુધી આપણને આચાર કરતાં અનાચાર વધુ ગમે છે. આચારમાં પ્રવૃત્ત થઇએ, પણ ઉમંગ-ઉલ્લાસ નથી. ગુરુ ભગવંતની પ્રેરણાથી શરુઆત સારી થાય, પણ પછી ઉત્સાહ મંદ પડી જાય. ક્યારે બાધા પૂરી થાય? તેની રાહ જોવાય. કોઇપણ સારા કાર્યની શરુઆત સારી થાય છે. પણ લાંબુ ચાલવું અને સારું ચાલવું અઘરું છે.

જ્યારે અનાચારમાં ( ૧ ) પ્રેરણાની જરુરત નથી. સહજ થઇ જાય છે. કોઇને બાધા ન આપવી પડે કે અડધો કલાક ટી.વી. જોવું. ( ૨ ) નિયમ – પ્રતિજ્ઞાની જરૂર નથી.

એ વિના પણ સરસ-સતત-અખંડ ચાલે છે. (૩) એમાં તો ઘણી વાર સાથ-કંપનીની પણ જરુરત રહેતી નથી.

સદાચાર માટે સખત - સતત પ્રેરણા જોઇએ. શરુઆત કર્યા પછી પ્રેરણા ન મળી, તો પાછું બંધ થઇ જાય. આપણી હાલત પાણી જેવી છે. નીચે ધડાધડ ઉતરે, પણ ઉપર ચઢાવવા પંપ-મોટર જોઇએ. જેવી મોટર બંધ થાય. પાણી નીચે ઉતરી જાય. પ્રેરણાની મોટર સતત ચાલુ રહેવી જોઇએ. વીતરાગતા ન મળે ત્યાં સુધી સતત સત્સંગમાં રહેવું. સત્સંગ માત્ર ગુરુનો જ નહી, પણ વિચાર - વાંચન -પ્રવૃત્તિ - સંબંધી - પ્રેરક બધા સત્ જોઇએ.

અત્યાર સુધી આચારો ભાવ્યા પણ નથી. ગમ્યા પણ નથી. સેટ થયા પણ નથી. ફાવવું અને ભાવવું અઘરું છે. તે સરળ બનાવવા માટે આચાર્યનું આલંબન લેવાનું છે. હે આચાર્ય ભગવંત! હું અનંતકાળથી અનાચારની કીચડમાં રમતો ભૂંડ છું. મને સદાચારમાં રમતો હંસ બનાવો.

**૧) જ્ઞાનાચાર** - આચાર્ય ભગવંત સ્વયં જ્ઞાન સાધનામાં લીન છે. વાચનાદિ સતત ચાલુ રહે છે. અનુપ્રેક્ષા - ચિંતન - મનનમાં મગ્ન હોય છે. તત્ત્વથી પરિણત હોય છે. બધા ઉંઘે પણ તેઓ રાત્રે પણ અનુપ્રેક્ષા કરતાં જાગે. દુનિયાનું જ્ઞાન તે માહિતી છે. રાગદ્વેષને ઉત્પન્ન કરનારું છે. આચાર્યનું જ્ઞાન આત્મહિતકર છે. કેવલજ્ઞાનના અંશરૂપ છે.

તીર્થંકર સૂર્ય સમાન છે. આચાર્ય અરિસો છે. જેમ અરિસો સૂર્યકિરણ ઝીલી લઇ ઓરડામાં પરાવર્તિત કરી ઓરડાને પ્રકાશિત કરે છે, એમ આચાર્યો તીર્થંકરરૂપી સૂર્યના કેવળજ્ઞાનમય કિરણોને વચનરૂપે હૃદયમાં ઝીલી લઇ પછી પરાવર્તિત કરી પ્રકાશ જગતને આપે છે. પૂ. શય્યંભવસૂરિ ૮ વર્ષના દીક્ષાપર્યાયે ૧૪ પૂર્વી થયા. યુગપ્રધાન બન્યા. જ્ઞાનસાધનામાં કેવા ડુબી ગયા હશે!

આર્યરક્ષિતસૂરિ મહારાજ ઘણા વર્ષ વેદ ભણી આવ્યા. માતા કહે- આનાથી તો આજીવિકા મળશે પણ પરલોકના હિતનું શું? મને આનંદ નથી. તો માતાજી! હું શું કરું? માતા-તારા મામા પૂ. તોસલીપુત્રાચાર્ય આવ્યા છે. જા એમની પાસે દૃષ્ટિવાદ ભણ.

બીજા દિવસે જ નીકળી ગયા. સાડા નવ પૂર્વ ભણ્યા. પૂર્વના આચાર્યોએ ભણવા માટે જે સખત પુરુષાર્થ આદર્યો છે. પૂ. હરિભદ્રસૂરિ મહારાજે દીક્ષા લીધી. ૧૪૪૪ ગ્રંથ લખ્યા. એમણે ૧૪૪૪ ગ્રંથ કેવી રીતે લખ્યા હશે? પૂ. હેમચંદ્રસૂરિ મ.એ ૭૦૦ લહિયા લખવા માટે બેસાડ્યા હતા. નવા શ્લોકો રચતા જ જાય. પૂ.

મહોપાધ્યાય યશોવિજયજી મહારાજે ઢગલાબંધ ગ્રંથો, સ્તવનો, સજ્ઝાયોની રચના કરી. પૂ. પ્રેમસૂરિ દાદાએ કર્મપ્રકૃતિનો - કર્મસાહિત્યનો ઉદ્ધાર કર્યો. પૂ. ભુવનભાનુસૂરિ મ. આનંદઘનજીના પદો પર ચિંતન - વાંચના લેખન કરતા. એમની પાસેથી જ્ઞાનાચાર શીખવો છે.

હે આચાર્ય ભગવંત! તમે ૧૫ કલાક સ્વાધ્યાય કરો છો. હું 'નમો આયરિયાણં' બોલું ને મને પંદર મિનિટ ગોખવાનું, નવું જાણવાનું, નવતત્ત્વ - પદાર્થો સમજવાનુ મન ન થાય? જે દિવસે કશું નવું તાત્ત્વિક જાણવા ન મળે તે દિવસ મારો વાંઝિયો ગયો તેવું કેટલાને થયું? જેમ ડટ્ટામાંથી તારીખિયું ફાડી ડુચો વાળી ફેંકો છો. તેમ જે દિવસે નવું ભણ્યા નથી - તત્ત્વ પામ્યા નથી. તો માનજો તે દિવસ ડુચો થઇ ગયો.

નવા નવા સૂત્રો ગોખવા ને નવા અર્થો જાણવા વારંવાર શુદ્ધ સૂત્રના દાતા અને વિશિષ્ટ પદાર્થોના પ્રદાતા ગુરુભગવંતપાસે વાચના લેવી એ આપણો જ્ઞાનાચાર છે. તો વાચના માટે આવતા શિષ્યને વાત્સલ્યભાવે, (૧) શાસનના ઋણથી મુક્ત થવા માટે, (૨) ગીતાર્થ શિષ્ય પરંપરા ચલાવવા, (૩) પ્રભુના શાસનને શિષ્યના હૈયામાં દેદીપ્યમાન કરવા, (૪) તથા એ દ્વારા ચતુર્વિધસંઘને વિશિષ્ટ શ્રુતજ્ઞાની શ્રમણવર્ગની ભેટ ધરવા, (૫) કેવળજ્ઞાનમાં કારણભૂત શ્રુતજ્ઞાનની ઉપાસનામાટે (૬) નવા નવા અર્થ-પદાર્થની અનુપ્રેક્ષામાટે, (૭) સંયમજીવનને સતત શુભભાવોથી ભરપૂર-લીલુછમ રાખવા, (૮) સ્વ-પરમાં સૂક્ષ્મતમ સંયમ પાલન થાય એ માટે, (૯) શિષ્યવર્ગ પણ સંયમ-આત્મ-શાસનવિરાધનાથી બચવાના સાચા માર્ગો જાણતા થાય એ માટે, (૧૦) પ્રભુવચનપર શ્રદ્ધા દઢ થાય એમાટે, (૧૧) મહાવ્રત-આચાર-ગુપ્તિ-સમિતિના પાલનમાં સદા અગ્રેસર થાય એ માટે, (૧૨) વિવિધ તપ માટે વીર્યોલ્લાસ પ્રગટે એમાટે, (૧૩) ભવિષ્યમાં વિશિષ્ટ જ્ઞાન ક્ષયોપશમ થાય એમાટે ગાઢ સંસ્કાર ઊભા કરવા, (૧૪) મિથ્યાત્વ-કષાય આદિ મોહનીયના ભુક્કા બોલાવવા આચાર્ય ભગવંત પણ ઉલ્લાસથી વાચના આપે છે.

વાચનાપ્રાપ્ત પદાર્થોના સંદર્ભમાં ઉઠેલી શંકાઓના સમાધાનમાટે ગુરુ-શિષ્ય વચ્ચે જે ચાલના-પ્રત્યવસ્થાન પ્રશ્નોત્તરરૂપ સંવાદ રચાય છે, તે પૃચ્છના.

પૂજ્ય આચાર્યશ્રી સુહસ્તીસૂરિ મહારાજ પણ પરાવર્તના કરતા હતા, એમના નલિનીગુલ્મ વિમાન સંબંધી સૂત્રની પરાવર્ત્તના સાંભળતા સાંભળતા અવંતિસુકુમાળ જાતિસ્મરણ જ્ઞાન અને પ્રતિબોધ પામ્યા. ઘણી સાધ્વીઓની અગ્રેસર સાધ્વી યાકિની મહત્તરા પણ આવશ્યક સૂત્રની 'ચક્કી દુગં' ગાથાનું પરાવર્તના કરતા હતા, તે સાંભળવાથી આપણને પૂ. સૂરિપુરંદર શ્રી હરિભદ્રસૂરિ મહારાજ મળ્યા.

જિનવચન-સૂત્ર એટલે અનંત અર્થોરૂપ અત્તર ભરેલી શીશી. આચાર્ય ભગવંતો આગમાનુસારી અનુપ્રેક્ષાદ્વારા એ શીશીગત એ અત્તરરૂપ અર્થને પામી સકળસંઘને એના સુવાસથી સુવાસિત કરે છે. વૈમાનિક દેવલોકમાં ગયા પછી બાહ્ય રૂપ, સંગીતવગેરે આકર્ષણથી બચવા પૂર્વભવીય ગ્રંથચિંતનના અભ્યાસ ઉપયોગી થાય છે. આચાર્ય ભગવંતો પોતાની વિશિષ્ટ શૈલીથી દેશના દ્વારા – ધર્મકથાના માધ્યમથી સકળ જગતપર પ્રભુના પદાર્થોનો પ્રકાશ પાથરે છે.

હે આચાર્યદેવો! અમને આ સ્વાધ્યાયાદિ પાચમય તથા કાળ, વિનય, બહુમાન, ઉપધાન આદિ વિધિથી સભર જ્ઞાનાચારના આરાધક બનાવો! ભગવાન! મને જ્ઞાનાચાર મળો. why? શા માટે ભણવું છે? વિવેકની પ્રાપ્તિ માટે.

જેમ ફળોનો રાજા કેરી, જેમ પક્ષીઓનો રાજા ગરૂડ, જેમ પશુઓનો રાજા સિંહ, જેમ મનુષ્યોનો રાજા ચક્રવર્તી, જેમ ગુણવાનોનો રાજા તીર્થંકર, તેમ તમામ ગુણોનો રાજા વિવેક છે. વિવેક છે તો તમામ ગુણ ગુણરૂપ છે. જો વિવેક નથી, તો ગુણ ગુણ નથી. કરોડ રૂપિયાનું દાન આપનારનું દાન તો જ ઉદારતા કહેવાય, જો તેમાં વિવેક છે. જો તકતી – નામના પાછળ પૈસા ખર્ચાય તો તે ઉદારતા ન કહેવાય. દાન આપતા કઇ ભાવનામાં રહેવું તે જ્ઞાન નથી તો દાનવીર નથી. ક્યારે શું કરવું? શું ન કરવું? કેવી રીતે વર્તવું? તે જ્ઞાન આપે તે વિવેક.

શ્રી વાસુપૂજ્ય સ્વામીના ચરિત્રમાં વર્ણન છે. એક કંજૂસ બાપ મર્યો. તેના દીકરાને કહ્યું. આ ૧ લાખ સોનામહોર વાપરવા માટે નથી. સાચવવા માટે છે. તારા દીકરાને ૨ લાખ આપજે. તેણે તેમ જ કર્યું. મરતી વખતે દીકરાને ૨ લાખ સોનામહોર આપ્યા. તેના દીકરાએ મરતી વખતે પોતાના દીકરાને ૩ લાખ સોનામહોર આપ્યા અને એ જ શિખામણ આપી. તેણે પોતાના પુત્રને ૪ લાખ સોનામહોર આપ્યા. આવી પરંપરાનો કંજૂસ માણસ, પણ તેને પત્ની મળી ધાર્મિક – વિવેકી. તે સમજે છે. પતિના ૧૦ પ્રાણ જાય તો ચાલે પણ ધનપ્રાણ ન જવો જોઇએ. એ જાણી તે સ્ત્રી પણ પોતાના પતિની ઇચ્છા મુજબ જ વર્તે છે. એકવાર તેણે પતિને કટોકટીમાં બચાવ્યો. તેથી પતિએ ખુશ થઇને માંગવાનું કહ્યું. પત્ની જાણતી હતી. કોઇ ચીજ માંગીશ તો છાતી બેસી જશે. તેને ઠેકાણે લાવવો છે, તો કાં પ્રભુદર્શન કાં ગુરુવંદન. બેમાંથી એક પસંદ કરવાનું કહ્યુ. પ્રભુદર્શન પસંદ કર્યા. ગુરુ તો ઉપદેશ આપે. ગોચરી વહોરાવવી પડે. ભગવાન તો મૌન રહે. 'ભગવાન તારા બનાવેલા તને બનાવે છે.'ખીસામાંથી ૫૦૦-૧૦૦-૫૦-૧૦ ની નોટ પરથી હાથ જાય ને પાવલી જ હાથમાં આવે. પાવલીનું ચલણ ભંડાર માટે જ છે. પાવલી નાંખતા ભગવાન સામે જો જો, હસતા હશે. ભગવાન કહે છે – તું મને

પરમ પૂજ્ય આચાર્યદેવશ્રી
પ્રેમસૂરીશ્વરજી મહારાજા



શ્રીમતી ભાનુબેન નાગજીભાઇ ગડા પરિવાર
- માટુંગા -

૧) જેને રોજીંદા જીવનમાં થતાં અગણિત પાપોના ચડતાં ભારનું દુઃખ હોય તેને પ્રતિક્રમણની ક્રિયા ક્યારેય નિરસ નહીં લાગે. – પ્રતિક્રમણ સૂત્ર ચિત્ર આલ્બમ



શ્રી જૈન મરુધર સંઘ (પંચ) – હુબલી

૨) જેનાથી વિષય-કષાયના આવેશ રોકાય અને ચિત્તની વિશુદ્ધ પરિણતિ પ્રાપ્ત થાય તે ધર્મ - *પ્રતિક્રમણ સૂત્ર ચિત્ર આલ્બમ*



KCP
शा प्रेमचंद, प्रकाशचंद कोठारी (खिचिया)
घाणेराव - हुबली - बेंगलूर - चेन्नै

૩) પોતાના દુન્યવી સ્વાર્થ ખાતર સ્નેહ કરનારા એ આપ્ત–વિશ્વસનીય નથી.

– સમરાઈચ્ચ કહા – ભાગ ૧



KCP
प्रेमचंद-भाग्यवंती प्रकाश-रसीला मुकेश-रिंकु
संजय-लीना मनिश-कविता प्रीती-प्रवेशजी
जीत, गौरव, खुशि, प्रथम, हीत, सिद्धार्थ, देव, सनत्

૪)

આપણા કર્મો જ વાંકા હોય તો
બીજાનો વાંક કાઢે શું વળે ?
એટલું જો સમજાય તો જગતના
દુઃખ એ દુઃખરૂપ ન લાગે

– સમરાઈચ્ચ કહા – ભાગ ૧



KCP
GLOBUS BUILDERS
HUBLI

૫)
દુર્ગતિમાં ઢસડી જનારા
કષાયોમાં સહાય કે પ્રેરણા
કરે તે વડીલ શાનો ?
– સમરાઇચ્ચ કહા – ભાગ ૧



KCP Karnatak Cloth Palace
Station Road
Hubli.

૬) ચિંતાઓની ગુલામી ટાળવી હોય તો કામી ન બનો.
સંયમી અને તૃપ્ત બનો. – *સમરાઇચ્ચ કહા – ભાગ ૧*



KCP **Oxford College, Hubli.**
PUC, BBA, B.Com, BCA

૭) આપણું જીવન એવું ઉચ્ચગુણોને ઝગમગાવતું બનાવીએ
કે વગર ઉપદેશે આપણી આસપાસના જીવો ધર્મ પામે.

*– સમરાઈચ્ચ કહા – ભાગ ૧*



KCP
IBMR EMPOWERING GENERATIONS Business School
BANGALORE

૮) આપણું કોઈ કરે કે ન કરે. આપણે સૌનું ભલુ કરવું.
સારૂં કરેલુ કશું જ રદબાતલ જતું નથી.

– સમરાઈચ્ચ કહા – ભાગ ૧



KCP
Bangalore Education Trust, Bengaluru.
• BBA • BCA • MBA • M.Com.

૯) ઉચ્ચ શક્તિના સદુપયોગ માટે
આપણી નજર ઉચ્ચ આદર્શ પુરુષો,
ઉચ્ચ આદર્શ જીવન સરણી અને
ઉચ્ચ આદર્શ સિદ્ધાન્તો તરફ હોવી જોઇએ.

– અરિહંત પરમાત્માની ઓળખાણ



KCP ISBR Business School
BANGALORE - CHENNAI
ISBR

૧૦) પરમાત્માની પૂજ્યતા ખરી રીતે તો તેમના અનંત ગુણો અને આધ્યાત્મિક ઉપકાર કરનારી તેમની યથાર્થ તત્ત્વદેશના ઉપર જ છે. – અરિહંત પરમાત્માની ઓળખાણ



KCP Karnatak Cloth Palace
Station Road
Hubli.

૧૧) જિનશાસનમાં શુભધ્યાન માત્ર એકાગ્ર ચિંતન રૂપ નહીં,
કિન્તુ સાથે સાથે આત્માને ભાવિત કરનારું હોય .
એથી ધ્યાન અટકવા પર
અનુપ્રેક્ષા શરૂ થઈ જાય
– ધ્યાનશતક



KCP Karnatak Cloth Palace
Station Road
Hubli.

૧૨) જિનશાસનમાં વિશેષ મહત્ત્વ અભ્યંતર
સાધનાનું છે, અને સાધનાના પ્રમાણ કરતાં
સાધનાના જોશ-વેગ-તન્મયતાનું છે.
અંતિમકાળે પણ જો સાધનામાં
મન તન્મય થઈ જાય તો
ઉચ્ચફળ મળે છે. – ધ્યાનશતક



એસ.ટી. ભંડારી (પાલી) હુબલી

૧૩) જગતની કઇ વાતમાં ખામી કે અધુરાશ નથી રહેવાની?
કોઈની ય બધી ખામી ટળી નથી. – *ઉચ્ચ પ્રકાશના પંથે*



નાકોડા ફેન્સી સ્ટોર્સ (દાંતરાઇ) હુબલી

૧૪) સંસાર સર્વ અંગે તો નહીં પણ એક અંગેય સંપૂર્ણ દેનાર નથી.
ત્યાં ખોટી ઝંખના શી કરવી? મન ને ઓછું શું લગાડવું?
સંસાર એટલે જ ઓછપ – *ઉચ્ચ પ્રકાશના પંથે*



સત્યમ્ જ્વેલર્સ (તખતગઢ) હુબલી

૧૫) અર્થની પાછળ દોડધામ એટલે આપણા માથા પાછળ રહેલા પડછાયાને પકડવાનો નિષ્ફળ પ્રયત્ન – *ઉચ્ચ પ્રકાશના પંથે*



સુરજ શર્મા (રાણાવત) હુબલી

રમાડે છે! તેણે સંકલ્પ કર્યો – પ્રભુના દર્શન વિના મોંમાં પાણી નહી નાંખવાનું.

આપણા સંકલ્પ – નિયમો મોટી ઇમારત છે. પણ તે ઇમારત માટીની છે. તેનો નિયમ નાનો હતો, પણ પત્થરનો હતો. કોઇ છુટછાટ નહી. એકવાર સવારે મજૂરીએ નીકળ્યો. બપોરે કકડીને ભૂખ લાગી. જમવાની થાળી પીરસાઇ. ખીચડી –કઢીમાં હાથ નાંખ્યો. પત્નીએ યાદ કરાવ્યું.– દર્શન બાકી છે.પેલો – સારું થયું યાદ કરાવ્યું. પણ કંજુસ હતો. ખીચડી એમ કેમ ફેંકાય? તેથી હાથ પર ચીંદરડી બાંધી. સત્ત્વશાળી એવો કે આવી કડકડતી ભૂખમાં – આવી પરિસ્થિતિમાં પણ નિયમ ન ભાંગ્યો. દેરાસર ગયો. દેવ પ્રસન્ન થયા. અવધિજ્ઞાનથી જોયું. એકબાજુ આવો કંજુસ! અને બીજી બાજુ આવો સત્ત્વશાળી! વરદાન માંગવાનું કહ્યું. તે વિચારે છે, પત્નીના કહેવાથી જ દર્શન થયા ને દેવ પ્રસન્ન થયા. તો તેને જ પૂછું કે શું માંગવું? પત્નીને પૂછે છે.

દેવાધિદેવ પ્રસન્ન થાય તો માંગવા જેવું શું? મોક્ષ–દીક્ષા – સમાધિ. આવી મોટી મોટી વાત તમે ન કરતા. દુકાનમાંથી બહાર આવવું નથી તેને સમાધિ મળશે? જેની ઝંખના હોય તે જ માંગવાનું મન થાય. પત્નીએ વિચાર્યું. સોનામહોર ઘણી છે. દાગીના ય છે. પતિની જિંદગી પાણીમાં જાય છે. તેમનો માનવભવ સફળ થાય તેવું કરું, તેથી કહ્યું. તમે વિવેક માંગો. વિવેક એટલે કોઇપણ પ્રસંગે શું કરવું અને શું ન કરવું? તેનો માર્ગ બતાવવો. દેવે કહ્યું – તથાસ્તુ. રૂપિયા રાખવા કે દાન કરવા? રાખેલા રૂપિયા દાદા–બાપા બધા મૂકી ગયા છે. દાન કરો. એમ વિવેકથી આગળ વધતા વધતા છેવટે દીક્ષા લઇ કલ્યાણ કરી લીધું. તેથી સૌથી મહત્ત્વનો ગુણ છે વિવેક. જ્ઞાનાચારથી વિવેક પ્રાપ્ત થાય.

ખૂબ ભણ્યા પછી પણ જો વિવેક ન આવે તો બધું નકામું. જીવવિચાર ભણ્યા. અપ્કાયના ૧ ટીપામાં અસંખ્યજીવ છે. તો મારા માટે ઘીનું ટીપું ઢોળાય તો ચાલે, પણ પાણી તો ન જ ઢોળાવું જોઇએ. ડાહ્યો – વિવેકી–સમજુ માણસને ઘીનો વાડકો ઢોળાય તો કાંઇ ન થાય. પણ પાણી ઢોળાય તો કંપી ઉઠે. જ્ઞાન ભણ્યા પછી વિવેક ન આવે તો જ્ઞાનાચાર ન કહેવાય. જ્ઞાનનો ભાર કહેવાય. વિવેક–સદ્બુદ્ધિ એક જ છે. જેમ જેમ ભણીએ તેમ તેમ વિવેકબુદ્ધિ સ્પષ્ટ થતી જાય.

આત્મા અને શરીર જુદા છે. એક જીવ છે. તો એક પુદ્ગલ છે. શરીર નાશવંત અને આત્મા અવિનાશી છે. દેહ જડ, આત્મા ચેતન છે. એ ખબર પડે પછી સમતા આવે. શરીર છોલાય તો ચાલે, પણ આત્મા કષાયથી ભરાય તે ન ચાલે. શરીર મેલું થાય તે ચાલે પણ આત્મા દોષોથી મેલો ન થવો જોઇએ. સાધુ – સાધ્વી – પોષાર્થીને માટે મેલ એ તો અલંકાર છે. અકળાય કેમ? આત્મા ખોટી સંજ્ઞાઓ– દુર્ભાવો – સંક્લેશોથી મેલો

ન થવો જોઇએ. શરીર - કપડા મેલાં થાય તે ચાલે. આત્મા નહી. પણ જો જો, તેથી કપડાને કાદવથી મેલા કરવા નહીં મંડી પડતા. મેલા કરવાના નથી, વાપરવાથી સહજ મેલા થાય એની વાત અલગ છે. આ સ્પષ્ટ વિભાગીકરણ જોઇએ.

કોણ કોના કરતાં વધુ મહત્ત્વનું? તે વિવેક જોઇએ. દરેક બાબતમાં યોગ્ય નિર્ણય લેવાનો. રસ્તા પરથી જાઓ છો. નવા કપડા પહેરેલા છે ને રીક્ષાવાળો કપડાં બગાડે. શું બગડે તો ચાલે ને શું બગડે તો ન ચાલે? મન બગડે તે ચાલે કે ન ચાલે? પેલો કીચડ ઉડાડીને જાય તો કહેવું - બહુ સારું કર્યું. કેમ? પૂજાના કપડામાં ચાલ જુદી હોય ને સૂટમાં ચાલ જુદી હોય. પૂજાના કપડામાં અડધા નમીને મત્થએણ વંદામિ કહો, ને સૂટમાં આંખથી વંદન કરો. રીક્ષાવાળાનો આભાર માનજો. હું સૂટ જેવા કપડાથી અહંકારમાં ઉડતો હતો. તેં મારો અહંકાર ઉતાર્યો કે તારા કપડાને મેલા કરવા એ ઘડીના છઠ્ઠા ભાગનું કામ છે.

'વીરા મોરા ગજ થકી હેઠા ઉતરો' - ને બાહુબલીએ બ્રાહ્મી - સુંદરીનો આભાર માન્યો, આપે મારો અહંકાર ઊતાર્યો. તમે રીક્ષાવાળાનો આભાર ન માનો? કરોડો રૂપિયા જાય તે ચાલે, દુકાન જાય તે ચાલે, દાગીના જાય, ફ્લેટ જાય તે ચાલે પણ મન બગડવું ન જોઇએ. આ જ્ઞાન વિવેક આપે છે.

**૨) દર્શનાચાર :-** આચાર્ય એટલે સાક્ષાત્ સમ્યગ્દર્શનની મૂર્તિ. પ્રભુપર, પ્રભુના વચનો પર હાડોહાડ શ્રદ્ધા છે. પોતે પરમાત્મામય બની ગયા છે. સતત જિનવચન ઘુંટે છે. અહો! મારા પ્રભુના વચન! પોતે આત્મસાત્ કરી જગતને આપે છે. જિનબિંબ પ્રતિષ્ઠિત કરી જગતને પ્રભુના દર્શન કરાવે છે. જિનાગમ પીરસી શ્રદ્ધારૂપ દર્શન જગતને કરાવે છે. વેદ્ય સંવેદ્ય પદના તે સ્વામી બન્યા છે. જે વસ્તુ ભગવાને જે રીતે જોવાની- જાણવાની કહી છે, તે વસ્તુને તે રીતે જુએ - જાણે -અનુભવે. તે વેદ્ય સંવેદ્ય પદ પામ્યો કહેવાય. જેમાં ભગવાન પાપ કહે, તેમાં આચાર્યને પાપનું સંવેદન થાય છે. જેમ કે વગર કારણે આરામ કરવો તે પ્રમાદ છે ને પ્રમાદ એ પાપનું મુખ્ય સ્થાન છે. તેથી આચાર્ય વગર કારણે આરામ કરતાં હચમચી જાય. આ રીતે સતત દર્શનાચારમાં રહ્યા છે.

હે ભગવાન્! અત્યાર સુધી હું મિથ્યાદર્શનમાં હતો. મારી બુદ્ધિમાં ન બેસે તે હું ન માનું. આવો માણસ પૂજા - સામાયિક - સાધર્મિક ભક્તિ કરે છતાં તે મિથ્યાત્વના ઘરનું છે. તે જૈનશાસનનું અનુષ્ઠાન કરતો હોવા છતાં સમ્યગ્દર્શનનો સિક્કો લાગે તેવું જરુરી નથી. અરે ઉત્કૃષ્ટ ચારિત્ર પણ સમ્યક્ત્વના સિક્કા વિનાનું હોઇ શકે છે.

કલ્પસૂત્રના નવમાં વ્યાખ્યાનમાં સાધુની સામાચારીમાં તપનું મહત્ત્વ જણાવ્યું છે, પણ છેલ્લે વાત આવે છે. આવો તપ પણ ગુરુને પૂછ્યા વગર કરે તો સમ્યક્તપ ન

બની શકે. સમ્યક્ત્વનો સિક્કો ન લાગે. 'મારી બુદ્ધિમાં બેસે તે જ માનું.' આ ઘોર મિથ્યાત્વ આપણને વારેઘડીએ સતાવે છે. ગુરુની દરેક વાતમાં તહત્તિ કરી શકતા નથી. બીજા કારણો હોઇ શકે, પણ મુખ્ય કારણ છે કે બુદ્ધિમાં તે વાત બેસતી નથી.

આ એક જ મુદ્દો માત્ર એક વારની નહી, અનંતી વારની સાધનાને નિષ્ફળ કરી દે છે. અનંતા ઓઘા લીધા, માખીની પાંખ જેવું નિર્મળ અને સૂક્ષ્મ જીવ પણ ન દુભાય તેવું ઉત્કૃષ્ટ ચારિત્ર પાળ્યું. ૯માં ગ્રૈવેયકે ગયા. પણ મોક્ષ ન થયો. કારણ ૮ તત્ત્વ જ માન્યા. મોક્ષ ન માન્યો. શા માટે ચારિત્ર-દીક્ષા લીધી? આટલું સુંદર સંયમ કેમ પાળે છે? ભગવાનના ચારિત્ર વિના ઉત્તમ દેવલોક પ્રાપ્ત થતા નથી માટે. ભગવાનની આ વાત માને છે. પણ 'ચયસ્ય રિક્તીકરણં ચારિત્રં' – આત્માના દોષોને બહાર કાઢે તે ચારિત્ર. તે નથી માનતો. કેમ નથી માનતો? મોક્ષ તેની બુદ્ધિમાં નથી બેસતો માટે. બાકી બધું માન્ય, પણ બુદ્ધિમાં બેસે છે માટે. ન બેસે તો તે પણ ન માને, ન કરે. આવા ચારિત્રથી અનંતીવાર આપણે દોષમુક્ત થયા, પણ દુર્બુદ્ધિથી મુક્ત ન થયા. તેથી પરિણામ એ આવ્યું કે ફરી દોષયુક્ત થયા.

**હે આચાર્ય ભગવંત! મને સમ્યગ્દર્શનના આચાર આપો. મારી મિથ્યા માન્યતા દૂર કરો. દુર્બુદ્ધિને દૂર કરો....**

## માગસર વદ – ૧૪

ઉપાસ્ય તત્ત્વોની ઉપાસનાના પાંચ પગથિયા બતાવાયા છે. ઉત્તરોત્તરનું પગથિયું કોટિગણું ફળદાયક કહ્યું છે. ૧) પૂજા ૨) સ્તોત્ર – સ્તવના ૩) જાપ ૪) ધ્યાન અને ૫) લય. એમાં વૈરાગ્યમૂર્તિ સાધુઓ પૂજ્ય છે. જ્ઞાનમૂર્તિ ઉપાધ્યાયો સ્તોતવ્ય – સ્તુતિયોગ્ય છે. પવિત્રતામૂર્તિ આચાર્યો જાપપાત્ર છે. કરુણામૂર્તિ અરિહંતો ધ્યાતવ્ય છે ને અસંગ-અરૂપ – આનંદમૂર્તિ સિદ્ધો લયનું – એકાકારનું સ્થાન છે. આ અંગે લાંબી વિચારણા થઇ શકે... પણ આપણે આપણી પ્રસ્તુત વાતોમાં જઇએ.

નમસ્કાર નિર્યુક્તિમાં પંચ પરમેષ્ઠીને નમસ્કાર કરવાના પાંચ હેતુ બતાવ્યા છે. હું વિશિષ્ટ ગુણને કારણે પરમેષ્ઠીઓને નમું છું. એક એક નમસ્કારથી મને આ આ ગુણ સંપ્રાપ્ત થાઓ.

**નમો લોએ સવ્વ સાહૂણં** :- સાધુ આખા જગતને સાધનાના ભાવોમાં – પ્રશસ્ત ભાવોમાં સહાયક બને છે. જાતે ઘસાઇને જગતને આશ્વાસન – હૂંફ આપે છે. પરમાર્થી બને છે.

એક ભાઇ રસ્તા પરથી ઉદાસ ચહેરે પસાર થઇ રહ્યો છે. સામેથી એક

અપરિચિત બીજો માણસ આવે છે અને ઉલ્લાસથી તેને કહે છે - કેમ છો? કાંઇ કામકાજ - ચિંતા હોય તો કહેજો. પહેલો વિચારે છે. - હું મરવા જઇ રહ્યો હતો, મારું કોઇ નથી માનીને! પણ આ ભાઇએ લાગણી બતાવી. હવે ન મરાય. જગતમાં કો'ક તો મારું છે. કોઇ મને ચાહે છે. હવે જીવવા જેવું લાગે છે.

સાધુની આત્મસાધના બીજાને સહાયક બનવાની છે. સાધુ જયણાથી-જીવદયાથી જગતની માતા છે. એમના હુંફભર્યા સહાયકતાભર્યા વ્યવહારથી જ આ જગતના ઘણા જીવોનું જીવન જીવવા જેવું બની જાય છે. સાધુ જાણે છે કે અહિંસામય ધર્મ વિના જીવનું હિત-કલ્યાણ નથી. ને જો જીવને ધર્મમાં જોડવો હોય, તો એને પ્રેમ-વાત્સલ્ય-લાગણીથી જ જોડી શકાશે. તેથી જ યોગમય થયેલા સાધુનું લક્ષણ જ્ઞાનસારમાં એ જ બતાવ્યું છે કે એની આંખમાં કૃપા-કરુણાનું અમૃત છે, તો એની જીભમાં વાત્સલ્યની મીઠાશ છે. સાધુ આ માટે જ વિચારે છે - **જગત મને કેટલું મદદગાર બને છે તે અપેક્ષા છોડી દઉં, પણ હું જગતને કેટલો મદદગાર બનું? તે ધ્યાન રાખું.**

**નમો ઉવજ્ઝાયાણં :-** ઘણીવાર માનદ્ સેવા - મહેનતાણું લીધા વિનાની સેવા કરતાં પ્રોફેશનલ કામ સારું. પેલામાં કામ એકવાર કરે, પણ તે વારંવાર ઉપકાર યાદ કરાવી દુઃખી કરે. પ્રોફેશનલમાં તો રૂપિયા આપ્યા. કામ પૂરું. મફત કામ કરનાર - આ તો હું હતો કે મેં તમને મદદ કરી. જાહેરમાં કહે - મેં કેટલાયને સહાય - મદદ કરી. સહાયક પરમાર્થી બન્યા પછી અહંકાર ન આવવો જોઇએ. માટે ઉપાધ્યાયને નમસ્કાર. આપણે ઉપાધ્યાય ભગવંતને પ્રશ્ન કરીએ.

આપ ભણેલા છો. સાધુઓને ભણાવો છો. છતાં અહંકાર નથી. આપ સાધુઓને આટલો સૂત્રસ્વાધ્યાય શા માટે કરાવો છો? શું આપના શિષ્ય છે? ના. તો આપના ઉપકારી છે? ઉપાધ્યાય - ના. શિષ્યો તો આચાર્ય ભગવંતના છે. હું દેવાદાર છું. ઋણ ચૂકવું છું. દેવાદારને દેવું ચૂકવતાં અભિમાન હોય? કરોડ રૂપિયા લીધા પછી મહિને ૧૦,૦૦૦ રૂા. પાછા આપે તો અભિમાન ન કરે કે હું તેનું ઘર ચલાવું છું! તેમ હું અરિહંત પરમાત્મા, સુધર્માસ્વામી, જૈનશાસન, ગુરુનો દેવાદાર છું. તેમનું દેવું ચૂકવવા આ ભણાવું છું, માટે અહંકાર નથી. મારે માથે જૈનશાસન, ભણાવનાર ગુરુ, શાસ્ત્ર સિદ્ધાંત બનાવનાર સુધર્માસ્વામી, શ્રુતજ્ઞાનનું દેવું છે. માટે ભણાવું છું.

તમામ ગુણો પ્રાપ્ત કરતા પહેલા વિનય ધર્મ જોઇશે. અત્યાર સુધી હું અહંકારથી ભરેલો હતો. મેં કર્યું, મેં કર્યું, મેં કર્યુંમાં રાચનારો હતો. મને કોઇ સલાહ આપે તે ગમે નહી. સલાહ આપવી ગમે. હંમેશા સફળતા મળે તેની માતા બનવા તૈયાર છું.

નાની નાની બાબતમાં ધારેલું થાય ને અભિમાન આવી જાય છે કે હું જે ધારું તે જ થાય છે. ઉપાધ્યાય ભગવંત મારો આ અહંકાર દૂર કરો.

**નમો આયરિયાણં :-** બીજાને સહાયક બનવા પોતાની ભૂમિકા પણ આચારસંપન્ન જોઇએ. આચારવાન પોતાની ભૂમિકાથી સહાય કરે. પોતાની પાસે જે હોય તે બીજાને આપે.

ટ્રેનના કંપાર્ટમેંટમાં એક ભાઇ બધાને સીગરેટ આપે છે. બીજો કહે - દીવાસળી આપો. તો તેણે લાઇટર આપ્યું. ત્રીજો કહે - શું તમે સીગરેટ કંપનીના એજન્ટ છો? ના. હું કેન્સરનો સ્પેશ્યાલીસ્ટ ડૉક્ટર છું.

અનાચાર સંપન્નની મદદ-સહાયતા કેવી હોય! પહેલા આચાર સંપન્ન બનવું પડે. આચાર સંપન્નની વાતમાં પણ આચારની સુવાસ વહે. એના વર્તનમાં પણ આચાર દેખાય. અહીં તમને ઘણી પ્રતિકૂળતા આવશે. ફાવશે નહી. કડકાઇ લાગશે. **'હું બીજાની રાહ જોઉં તો હું મોટો' ને 'હું બીજાને રાહ જોવડાવું તો હું ખોટો'**. આ ફાવશે? બધાને સમયની કિંમત છે. માતા અને પત્નીમાં ફરક શું? માતા રાહ જોવા તૈયાર છે. રસોઇ તૈયાર છે. દીકરાને ચાર વાર જમવા બોલાવે.

એક પુત્રની મા મરી ગઇ. પિતાજી બીજી પત્ની લાવ્યા. કોઇએ પૂછ્યું, સગી 'મા' અને આ 'મા' માં શું ફરક છે? દીકરો કહે-મારી જુની મમ્મી ખોટી હતી. નવી મમ્મી સાચી છે. પેલાએ પૂછ્યું, કેમ? પુત્ર - જુની મમ્મી બોલાવે છતાં હું જમવા ન જાઉં તો કહે - ખાવાનું નહી આપું. છતાં એ આપતી હતી. જ્યારે નવી મમ્મી તો કહે કે ખાવાનું નહી આપું તો નથી જ આપતી.

જે રાહ જોઇ શકે છે તે માતા છે. જે રાહ જોઇ ન શકે તે પત્ની છે. જે બીજાની રાહ જુએ તે મહાપુરુષ છે. જે સમયસર આવે છતાં કદર કોઇ ન કરે તો પણ મોં પરની રેખા પણ ન ફરે. તે મહાપુરુષનું લક્ષણ છે. બધાનો વિચાર કરે તે નમો લોએ સવ્વસાહૂણં ને યોગ્ય છે. પોતાનો જ વિચાર કરે તે અપાત્ર છે. આચાર્ય પણ પ્રથમ સાધુ છે. હવે તેઓ તેમની ભૂમિકાને અનુરૂપ આચારસંપન્ન થઇ આપણને આચાર સંપન્ન થવામાં સહાયક બને છે. તેમને એ માટે નમસ્કાર કરવાનો છે.

**૧) જ્ઞાનાચાર** - અમને સતત જ્ઞાન આપો. નવું નવું ભણવાનો ઉલ્લાસ આપો. જિજ્ઞાસા આપો. બુદ્ધિના ૮ લક્ષણમાં પહેલું લક્ષણ શુશ્રૂષા આપો. ભણ્યા જ કરું. સાંભળ્યા જ કરું. કેવળજ્ઞાન પછી કાંઇ નવું જ્ઞાન નથી. પણ શ્રુતજ્ઞાન પણ એટલું વિશાળ છે કે અનુત્તરવાસી દેવ ૩૩ સાગરોપમ સુધી સતત સ્વાધ્યાય-ચિંતન-મનન કર્યા કરે. પછી પણ તે માને કે હજી મારે ઘણું જાણવાનું બાકી છે. જેમ જેમ જ્ઞાન ભણો

તેમ તેમ ખબર પડે કે અમારા જ્ઞાન સામે પ્રભુનું જ્ઞાન કેટલું ઉંડું છે! બિંદુ સામે સિંધુ છે. તેમના જ્ઞાન સામે મારી બુદ્ધિ ગાગર છે.

એક ભણેલા યુવકે અભણ સામે પોતાના જ્ઞાનનો અહંકાર વ્યક્ત કરતા એક વર્તુળ બનાવ્યું. પછી કહ્યું – આટલું તારું જ્ઞાન. બીજું મોટું વર્તુળ બનાવ્યું. ને કહ્યું – આટલું મારું જ્ઞાન. અભણ યુવકે એની ફરતે એકદમ મોટું વર્તુળ બનાવી કહ્યું, જો, આ વર્તુળ જેટલું ભગવાન જાણે છે જે આપણા બેમાંથી એકે નથી જાણતા. જેમ જેમ ભણે તેમ તેમ નમ્ર બને તો વિવેક ગણાય. ભગવાને શું પદાર્થ પીરસ્યા! આમ પ્રભુપર અહોભાવ વધે તો જ્ઞાનાચારથી વિવેક પ્રાપ્ત થાય.

૨ ) દર્શનાચાર :– પ્રભુશાસનને પામી વર્તમાનમાં ઝળહળતું સમ્યક્ત્વ કોનું? જેમ પ્રભુ વીરે અંબડને સુલસાનું નામ આપ્યું, તેમ વર્તમાનમાં બધું છોડીને દીક્ષા લેનાર સાધુ-સાધ્વી શ્રેષ્ઠ સમકીતી છે. દરેક સુખ ઘીનો દીવો છે. દરેક સગવડ એટલે ચેકબુક-બેલેન્સ ખાલી. દરેક મજા એટલે નરકની સજા. પ્રભુના આ વચનના આધારે જ તેઓએ આખો સંસાર છોડી દીધો. એ જ ભાવ – અઢાર પાપસ્થાનકની ફેકટરી મારે ન જોઇએ.

માનવિજયજી મહારાજ કહે – મિલે મન ભીતર ભગવાન... આ ખોખલા શબ્દો નથી. પાવડર વિનાની ટેબ્લેટ નથી. ભરેલી કેપ્સુલ છે. પ્રાણવાળા કાવ્ય છે. મારા ભગવાને આમ કહ્યું એ સાંભળતા જ રોમાંચ રોમાંચ થાય તો દર્શનાચાર જામ્યો.

ચિરસંચિયપાવપણાસણીઇ... ભગવાનની અને ભગવાને કહેલી ચરિત્રકથા સાંભળતા સાંભળતા દીર્ઘકાળના ઘણા ભવના પાપકર્મ નાશ થાય છે. આ સાંભળવામાં જ મારા દિવસો પસાર થાઓ. આ સમ્યક્ત્વ છે ને આચાર્ય આ સમ્યક્ત્વના પાવર હાઉસ છે. તેમની દરેક પ્રવૃત્તિ – ક્રિયા – અનુષ્ઠાનમાં દર્શનાચાર ઝળકી રહ્યો છે.

તમે 'છ'રી પાલિત સંઘ કેટલા કઢાવો? ૧. અને આચાર્યને પૂછો – તમારી નિશ્રામાં કેટલા સંઘ નીકળ્યા? ૫-૧૦. તમે કેટલા ભગવાનની પ્રતિષ્ઠા કરાવી? એક. આચાર્યએ? ૧૦૦. ઉપધાન? તમારે એક અને આચાર્યને આઠ-દસ. છતાં આચાર્ય દરેક અનુષ્ઠાનમાં પોતાના પ્રાણ રેડે છે. રૂટીન મુજબ કરતાં નથી. પણ આ મારા ભગવાને કહેલું અનુષ્ઠાન છે, માટે પ્રાણ રેડે છે. આ એમનું સમ્યગ્દર્શન છે.

આપણે એક દિવસ પૂજા કરીએ ને કંટાળી જઇએ. પછી રૂટીન પ્રમાણે ચાલે. શત્રુંજય જાત્રામાં પણ પહેલા દિવસે જે ઉલ્લાસ હોય, તે બીજા દિવસે ન હોય. ત્રીજા દિવસે એથી પણ ઓછો હોય. ૯૯ યાત્રા કરનાર મહિનામાં પૂરી કરે. પછી તો ત્યાં માત્ર આંકડાની રમત ચાલે. જેમ સંખ્યા વધે તેમ સરસ થવાનું ઓછું થાય. બંને જામતા નથી. શ્રદ્ધા હોય તો સંખ્યા વધતાં આનંદ વધતો જાય. ઓ પ્રભુ! આપનો અપાર અનુગ્રહ!

હું બેંગ્લોર હતો. પૂ. ગુરુ મ. ભુવનભાનુસૂરિ મહારાજ ભદ્રાવતી પ્રતિષ્ઠા કરીને બેંગ્લોર પધાર્યા. અમે લેવા ગયા. મેં કહ્યું - સાહેબ! આપની નિશ્રામાં નાના ગામમાં પણ કેટલી જોરદાર શાસનપ્રભાવનામય અંજનશલાકા થઇ! સાહેબ કહે - આપણી શું હેસિયત? દેવ-ગુરુની કૃપાનો પ્રભાવ. આવા પ્રસંગમાં આપણને ખ્યાલ આવે કે પ્રભુનો અનુગ્રહ શું છે? એમના પુણ્યથી જ થાય છે. ઝળહળતું સમ્યગ્દર્શન હોય તો જ આ શબ્દ નીકળે. બાકી તો નાના કામમાં પણ લાગે કે આ મેં કર્યું.

હે ભગવંત! તું અનંતકાળે પણ જોવા ના મળ્યો ને આ ભવે તું રોજે રોજ દર્શન આપે છે. આજે આટલા બધા દેરાસર જુહારવાનો લાભ મળ્યો! કેવી તારી કૃપા! કેવો તારો અનુગ્રહ! જેટલા જેટલાં દર્શન થાય, તેટલી તેટલી પ્રભુ કૃપા લાગે ને તેટલો આનંદ વધે તો અનુષ્ઠાનમાં ઉલ્લાસ આવે.

૬૦ વર્ષના બાપાને દીકરાએ દુકાને આવવાની ના પાડી. બાપા - હવે શું કરું? તેથી ટી.વી. જોઉં છું. સાહેબે કહ્યું - તમે સામાયિક કરો.એ - કેટલા કરું? કંટાળી જાઉં છું. પાંચ તો હું કરું છું.

આ 'હું' આવ્યો માટે કંટાળો આવ્યો. પ્રભુનો અનુગ્રહ દેખાય, તો ક્યારેય કંટાળો ન આવે. 'હું કરું છું' એમ નહી, પ્રભુનો અનુગ્રહ મને કરાવી રહ્યો છે. જેને માટે હું અનંતકાળ તરસ્યો તે મને આજે મળ્યો. 'અમે જનમજનમનાં તરસ્યા....'

આ તમે સરસ કર્યું. ના, મેં નથી કર્યું. દેવગુરુની કૃપાથી થયું. ઉપધાનતપ સરસ કર્યા. ના મેં શું કર્યા? રાતે બાર વાગે ખાનારો હું... આ ઉપધાન તો પ્રભુની કૃપાથી થયા છે. મારી શું હેસિયત?

'હું કરું છું' તો જ તકલીફ છે. હું કરતો જ નથી. દેવ-ગુરુ કરાવે છે. આ જડબેસલાક શ્રદ્ધા ઊભી થાય તો કરવાનો આનંદ આવે. 'જે થાય તે મારા ભગવાનની કૃપા...' આ સિક્કો લગાવતા જાઓ. જો નહીં લગાવો તો અહંકારના ખાતામાં જમા થશે. લગાવશો તો દેવ-ગુરુના ખાતામાં જમા થશે. બે જ ખાતા છે. કોના ખાતામાં નાંખવું? ચાર ચાર વાર દેવવંદન, પડિલેહણ, કાજો... એક માત્રુ કરવા જવું પણ કેટલું મોંઘુ પડે છે... ના. મજાનું છે. દરેક ક્રિયાને ભગવાન સાથે જોડી ક્રિયામાં આનંદ ઊભો કરો. મારા ભગવાન! મારા ભગવાન! ક્રિયા કર્યા પછી, ભગવાન! તેં મને આવી ક્રિયા કરવા સક્ષમ બનાવ્યો!! એમ રટતાં રહો.

વંદિત્તસૂત્રની પચાસમી ગાથામાં ભગવાનનો આભાર માન્યો છે કે તેં મારા બધા પાપો ધોવડાવી દીધા. ક્રિયાનો આનંદ અને ક્રિયા પૂર્ણતાનો આભાર પણ. અહંકાર નહી. દરેક જગ્યાએ ભગવાનનો અનુગ્રહ! આ મોટામાં મોટો દર્શનાચાર છે.

આચાર્ય ભગવંત આપણને જૈનસિદ્ધાંત પ્રત્યેની શંકાથી, અન્ય ધર્મ પ્રત્યેની આકાંક્ષાથી, સાધુ-સાધ્વીપ્રત્યેની નિંદારૂપ જુગુપ્સાથી અથવા ક્રિયાના ફળઅંગેના શંકારૂપ વિચિકિત્સાથી અને મિથ્યાદૃષ્ટિઓના પરિચયવગેરેથી સાવચેત કરે છે.

તેઓ જ આરાધકની અનુમોદનારૂપ ઉપબૃંહણા, તકલીફમાં રહેલા સાધર્મિકને સ્થિર કરવાના માર્ગરૂપ સ્થિરિકરણ, સંઘ-સાધુ-સાધર્મિકની ભક્તિરૂપ સ્વામિવાત્સલ્ય અને શાસનપ્રભાવના આ ચાર દર્શનાચારના સાચા માર્ગ સુઝાડે છે.

દરેક દેરાસરના દર્શન કરવા તે તો દર્શનાચાર છે જ. એક ભાઇએ નવી કાર વસાવી. સંકલ્પ કર્યો. પ્રથમ મુંબઇના બધા દેરાસરોના દર્શન કરવા. તે જ રીતે નવા નવા ગ્રંથો ભણવા તે પણ દર્શનાચાર છે. દરેક શુભ પરિણામ - શુભભાવમાં પણ ભગવાન તારો જ ઉપકાર , એમ આભાર માનવો એ દર્શનાચાર.

એક પ્રોફેસર મર્યા. તેની પત્નીને પૂછવામાં આવ્યું. કેવી રીતે મર્યા? પત્ની - સાવ ભુલકણા હતા. શ્વાસ લેવાનું જ ભૂલી ગયા!!

વાંત એ છે કે - હે પ્રભુ! હું શ્વાસ લઇ શકું છું. તે પણ તારો જ ઉપકાર. નીવિનું ખાધેલું ઉપવાસમાં કામ આપે છે. તે દેવ-ગુરુની કૃપા છે. બાકી બધું ખાધેલું નીકળી જાય છે. રોજ ઘરે ૪-૫-૬- વાર વાપરતા હતા. છતાંય એક પણ સામાયિક નહી. એક પણ ખમાસમણ નહી ને અહીં એકવાર ખાઉં છું ને ૨૦૦ ખમાસમણા, રોજના ૩૦ સામાયિક, ચાર ચાર દેવવંદન, ૧૦૦ લોગસ્સનો કાઉસ્સગ્ગ, ૨૦ બાંધી માળા - ભગવાન! તારો કેવો અનુગ્રહ! અદ્‌ભુત! અદ્‌ભુત! અદ્‌ભુત! ખૂબ હૈયું ભરી દો. આ જ દર્શનાચાર છે.

ઘણા ભગવાનના દર્શન કર્યા તે દર્શનાચાર છે, તો ઘણીવાર ભગવાનનો આભાર માન્યો, તે પણ દર્શનાચાર છે. આવો દર્શનાચાર પ્રાપ્ત થાય તો શું પ્રાપ્ત કરવું છે! જ્ઞાનથી વિવેક મળે તો સમ્યગ્‌દર્શનથી શું મેળવવું છે? વૈરાગ્ય.... શ્રદ્ધા - અનુકંપા પછી વચ્ચે નિર્વેદ રાખ્યું. પછી સંવેગ અને ઉપશમ. ભગવાનને જે પદાર્થો જોઇ વૈરાગ્ય થયો. તે જ ભગવાનના વચનોથી મને તે પદાર્થોમાં વૈરાગ્ય થયો છે. ભગવાનનો વૈરાગ્ય વિવેકના ઘરનો હતો. મારો વૈરાગ્ય સમ્યગ્‌દર્શનના ઘરનો છે.

દુનિયાના પદાર્થો રત્નની દાબડી જેવા છે, આકર્ષક છે - લલચામણા છે. પણ અંદર વીંછી છે. પરિણામે આપત્તિ-દુઃખકર છે. **બાહ્ય આકર્ષણ તે રત્નદાબડી છે ને તેથી જાગતા અશુભપરિણામ તે વીંછી છે.** સુંદર દાબડીમાં અંદર ઉંધુ - ચત્તુ ભરેલું છે.

બિંદુસારને સુબુદ્ધિમંત્રીએ ભડકાવ્યો કે ચાણક્યએ તારી માતાને મારી છે. તે

નારાજ થયો. ચાણક્ય દરબારમાં આવ્યો. બિંદુસારે મોં બગાડ્યુ. ચાણક્ય શું થયું છે? બધું સમજી ગયો. વિચાર્યું. રાજાના હાથે કેમ મરવું? પોતાના પરિવારને બધું સોંપીને પોતે દીક્ષા લઇ ગામ બહાર રહ્યા. બિંદુસારને પાછળથી સત્ય હકીકત સમજાઇ. તેણે ક્ષમા માંગી. સુબુદ્ધિ કહે – ચાણક્યનું રહેઠાણ જોવાની તક આપો. રાજાએ આપી. સુબુદ્ધિએ વિચાર્યું – ચાણક્યએ આટલા સમયથી કાંઇક તો ભેગુ કર્યું જ હશે. એક રૂમ બંધ હતી. તે ખોલી. તેમાં બીજી રૂમ. તે ખોલી. તેમાં ત્રીજી રૂમ. તે ખોલી. તેમાં પેટી. પેટીમાં બીજી–ત્રીજી –ચોથી પેટી... અતિમૂલ્યવાન ચીજ લાગે છે. અંદરથી પાવડર નીકળ્યો. તે પાવડર સુંઘે છે. તેની પાસે એક કાગળ હતો, તે વાંચ્યો. જે આ પાવડર સુંઘશે તે સ્ત્રી–કાચુ પાણી – અગ્નિનો સ્પર્શ નહી કરી શકે. તેને પ્રયોગ કરવાનું મન થયું. બિલાડીને પાવડર સુંઘાડ્યો ને તે બિલાડી પર પાણી રેડ્યું. બિલાડી મરી. તેણે વિચાર્યું કે – ચાણક્ય મરતો ગયો મને મારતો ગયો. સુબુદ્ધિ વિચારે છે – હવે જો જીવવું હશે તો સાધુ બનવું જ પડશે. દ્રવ્યસાધુનું આ દ્રષ્ટાંત છે.

પણ કહેવાનો તાત્પર્યાર્થ એ છે કે દુનિયાના તમામ આકર્ષક પદાર્થો રત્નની દાબડીની અંદર રહેલા આવા પાંવડર જેવા છે. આ પદાર્થોનું સ્વરૂપ જોઇ ભગવાને રૂડા રાજમહેલ – ભંડારો – પત્નીઓ બધું છોડ્યું... શાંતિનાથ ભગવાન ચક્રવર્તી હતા. તેમણે કેટલું છોડ્યું? અજિતશાંતિની અગ્યારમી ગાથામાં તેમની સમૃદ્ધિનું વર્ણન આવે છે. ૧૪ રત્ન, ૯ નિધાન, ૮૪ લાખ હાથી – ઘોડા – રથ, ૯૬ ક્રોડ પાયદળ, ૬૪ હજાર રાણીઓ, ૩૨૦૦૦ મુકુટબદ્ધ રાજાઓ વગેરે.... ભગવાન શાંતિનાથને વિવેકમય સમ્યગ્દર્શન હતું. આ દરેક પદાર્થ એટલે અનંત જન્મ મરણમાં કારણરૂપ ઝેરી પાવડરથી ભરેલી રત્નદાબડી.

આ આચાર આપણને આચાર્ય પાસેથી મળે છે. સમ્યગ્દર્શન = સમ્યક્ એટલે બરાબર અને દર્શન એટલે જોવું.

એક સરદારજીએ ચોથે માળેથી કંઇક ચમકતું જોયું. રૂપિયાનો સિક્કો લાગે છે. લેવા નીચે ઉતર્યો. ત્રીજે માળેથી જોતાં પાંચ રૂપિયાનો લાગ્યો. પહેલે માળેથી ચાંદીનો સિક્કો દેખાયો. વિચાર આવ્યો – મહિનાનો ખર્ચો નીકળી જશે.સરદારજીએ કૂદકો માર્યો ને હાથમાં એ ચળકતી ચીજ લીધી. તે સાથે જ ચહેરો પડી ગયો. મનોમન બબડ્યો – લોકો હરામખોર છે. દૂધની બોટલના બુચ ગમે ત્યાં ફેંકી દે છે.

ભગવાનને સમ્યગ્દર્શન થયું છે. જે ચમકતું – ઝળકતું – આકર્ષક – મનભાવન – લોભામણાં દેખાય છે, તે દૂધની બોટલના બૂચ જેવા તુચ્છ–નકામા છે. તેમાં ભગવાને અપાર દુઃખ જોયા છે. અનેક દુર્ગતિની પરંપરા જોઇ છે. સમ્યગ્દર્શનથી

આપણને શું પ્રાપ્ત થશે? ઝળહળતો વૈરાગ્ય... સમ્યગ્દર્શન અને વૈરાગ્ય એક સિક્કાની બે બાજુ છે. સમ્યગ્દર્શન હોય તો વૈરાગ્ય આવે છે. ને વૈરાગ્ય હોય તો સમ્યગ્ દર્શન હોય જ. સમ્યગ્દર્શન ન હોય તો વૈરાગ્ય ટકે નહી. સમ્યગ્દર્શન વિનાનો વૈરાગ્ય દુઃખ કે મોહગર્ભિત મનાયો છે.

અહીંથી વૈરાગ્ય ઘરે લઇ જશો તો મુશ્કેલી નહીં આવે. **વૈરાગ્યથી જ જીવનમાં શાંતિ અને શાતા મળશે.** વૈરાગ્ય એટલે કોઇની કોઇ વાતમાં લેવાવાનું નહી. કોઇ સારી પ્રવૃત્તિ કરે તો હરખાવાનું નહી. કોઇ ખરાબ પ્રવૃત્તિ કરે તો શોક નહી કરવાનો.

આજે ઘર ઘર ભડકે બળે છે. એક જૈનયુવકની પત્ની બ્રાહ્મણ છે. તેને કાંદા-બટાટા વગર ચાલતું નથી. પતિને હેરાન-હેરાન કરે છે. પતિ છો, તો પત્ની સારો જ વ્યવહાર કરે તેવી અપેક્ષા જ શા માટે? ભાઇ-ભાઇ, સાસુ-વહુ, પિતા-પુત્ર વચ્ચે અપેક્ષા શા માટે? અપેક્ષા તુટે એટલે ક્રોધ આવે. પછી જે મોંમાંથી ભગવાનની સ્તુતિ નીકળે, તે જ મોંમાંથી ગાળ નીકળે - તે કેમ ચાલે? જે હાથે ભગવાનને પૂજે તે જ હાથે બીજાને થપ્પડ મારે, તે કેમ ચાલે? સોનાનો ગ્લાસ લઇ સંડાસ જવાય? ભગવાન! તારી પૂજા - ભક્તિ કરી. મારી જીભ - હાથ સોનાના થાય. તે હવે ગાળ - થપ્પડ મારી સંડાસે લઇ જવાય?

સંસાર બહુ વિચિત્રતાથી ભરેલો છે. કોઇનાથી સહન થતું નથી. વૈરાગ્ય જ નથી. વૈરાગ્ય હોય તેને બીજાની અપેક્ષા ન હોય. જીવનમાં શાંતિ - સમાધિ માટે બીજાના વ્યવહારમાં સ્વસ્થ રહેવા, હંમેશા પ્રસન્નતાની પ્રભાવના કરવા વૈરાગ્ય વગર ચાલે તેમ નથી. બાકી સળગતા વાર લાગતી નથી. પહેલા માટીના ચૂલા હતા. સળગતા વાર લાગતી. હવે ગેસની ટાંકીઓ છે. સળગતા વાર ન લાગે. એક સાધર્મિક ભાઇને રોજ એની પત્ની મારે... ડબલ ગ્રેજ્યુએટ, ૧૦ લાખ પગારવાળો ભાઇ રોજ એની પત્નીને મારે. જે વૈરાગ્યનો અગ્નિ અમે સળગાવ્યો છે. તેમાં તમારા પ્રસંગો સતત ઇંધણ નાંખ્યા જ કરે છે કે જેથી અમારો વૈરાગ્યનો ધીમો પડેલો અગ્નિ ઝળહળ થવા લાગે. સમ્યગ્દર્શનથી પ્રાપ્ત કરવા લાયક ગુણ છે વૈરાગ્ય.

## માગસર વદ - ૩૦

સંસારથી સિદ્ધગતિ તરફ, સંકલેશથી સમાધિ તરફ, સંતાપથી સમતા તરફનો રસ્તો 'માર્ગ' છે. સંસ્કૃતમાં 'માર્ગ' અને 'પન્થા' એમ બે શબ્દ છે, બૃહત્કલ્પભાષ્યમાં એ બંનેની વ્યાખ્યા અલગ-અલગ કરી છે. જ્યાં એક સ્થાનથી બીજે જતાં વચ્ચે ગામવગેરે આવે, તે માર્ગ. અને જ્યાં વચ્ચે માત્ર જંગલ જ - વેરાન જ હોય, એક પણ

ગામવગેરે ન આવે, તે પન્થા કહેવાય. સંસારનો સંકલેશનો સંતાપનો રસ્તો પન્થા છે. સીધા જ ત્યાં જવાય... વચ્ચે કોઇ અટકવાના સ્થાન નથી. સિદ્ધિનો, સમાધિનો, સમતાનો રસ્તો માર્ગ છે. એમાં ક્રમશઃ વિરાગ, વિવેક, વિપશ્યના અને વિશ્વાસના મુકામ છે ને છેલ્લે કાયમી વિશ્રામ-વિસામાનું સ્થાન છે મોક્ષ. સાધુભગવંતોની ઉપાસનાથી વિરાગ આવે છે. ઉપાધ્યાય ભગવંતોની મહેરથી એમાં વિવેક ભળે છે. આચાર્ય ભગવંતોની મહેરબાનીથી વિપશ્યના-વિશેષ દૃષ્ટિ એક અદ્‌ભુત વિઝન પ્રાપ્ત થાય છે, અરિહંતદેવોની આરાધનાથી અનન્ય વિશ્વાસ પ્રગટ થાય છે. એમાં અરિહંતની સાથે આત્માપર પણ વિશ્વાસ આવે છે. છેવટે સિદ્ધો આપણને કાયમી વિસામાના સ્થાને પહોંચાડી દે છે.

જગતમાં અનાચારની ગટર વહે છે. આપણે તેમાં આળોટતા ભૂંડ હતા. આચાર્ય આચારની ગંગા વહાવે છે. આપણને તે ગંગામાં હંસ બનાવે છે. જ્ઞાનાચારથી વિવેક પ્રાપ્ત કરવો છે. દર્શનાચાર = આચાર્યના હૃદયમાં પરમાત્માના વચનો જડબેસલાક બેઠાં છે. એમનો મુખ્ય સ્વાધ્યાય અનુપ્રેક્ષા. પ્રત્યેક વાક્યમાંથી અનંતા અર્થો પ્રાપ્ત થઇ શકે છે. ચાર અનુયોગ - સાત નય - ભંગીઓ લઇ નવા નવા અર્થો મેળવે. તે ક્યારે બને? જ્યારે વિશ્વાસ હોય કે આ સત્ય છે.ને આનાથી જ જગતના જીવોનું કલ્યાણ થવાનું છે.

આચાર્ય તત્ત્વચિંતનમાં હોય તો શિષ્ય તેમને ડીસ્ટર્બ ન કરે. ઓઘનિર્યુક્તિમાં જણાવ્યું છે કે આચાર્ય કહે - કાલે તમારે અમુક સ્થાને જવાનું છે. સંથારી જાઓ. સવારે જો આચાર્ય આરામમાં હોય, તો ઉઠાડીને રજા લેવી. પણ તત્ત્વચિંતન કરતા હોય તો ડીસ્ટર્બ ન કરવા. આ રીતે અનુપ્રેક્ષા દ્વારા નવા નવા ચિંતન થાય તે ભગવાનના વચનપરની શ્રદ્ધાથી જ મળે. હે આચાર્ય ભગવંત ! અમને પણ ભગવાનના વચનની શ્રદ્ધા પ્રાપ્ત થાઓ.

દરેક જગ્યાએ ભગવાનનો અનુગ્રહ દેખાય તો વૈરાગ્યની પ્રાપ્તિ થાય, જગતના સ્વરૂપનો બોધ થાય, ગમે તેવું આકર્ષણ - ઓફર આવે છતાં લલચાવાનું થાય નહી. જગતની તમામ પ્રવૃત્તિ ફોતરા ખાંડવા જેવી - રેતીમાંથી તેલ કાઢવા જેવી લાગે. આમ સમ્યગ્‌દર્શન થાય એટલે મોટે ભાગે પરમવૈરાગ્ય થાય જ. દીક્ષા ન લે તો પણ વૈરાગ્ય પાકો જ હોય. વૈરાગ્ય હશે તો જ દુનિયામાં શાંતિથી જીવી શકાશે. જેની પાસે વૈરાગ્ય નથી. તે ગમે તેટલી દોડધામ કરે, ઉંધા - ચત્તા કરે, અબજોપતિ બને, પછી ભલેને એ મુકેશ અંબાણી હોય, છતાં શાંતિ નથી.

જેમ બાળક દડો ઉપર ફેંકે ને પછી નીચે પડતા એનો કેચ કરે. તેમ મોહરાજા

આપણને ઘડીકમાં ઉપર અને ઘડીકમાં નીચે ફેંકે છે. વૈરાગ્ય એટલે જગતના જીવો – પદાર્થો – પ્રસંગો – ઘટનાઓ, તમામ સાથે પરમઔદાસીન્યભાવ. નહી રાગ, નહી દ્વેષ, કોઇ જ સંબંધ નહી.

પૂ. આત્મારામજી મહારાજનું ઓપરેશન કરવાનું હતું. એમણે બેભાન થવાનું ઇન્જેકશન લેવાની ના કહી. સમગ્ર ઓપરેશનમાં ચહેરાની લકીરે ન ફરી. ઉહાપોહ ન કર્યો. ડૉક્ટર પૂછે છે – કેવી રીતે બની શકે? સાહેબે કહ્યું – મારા ભગવાને કહ્યું છે. આત્મા અને શરીર ભિન્ન છે. જો કે બોલવું સહેલું છે. અનુભવવું અઘરું છે. પેંડો સામે આવે ને આવી કોઇ ભિન્નતા યાદ રહેતી નથી. પણ પૂ. આત્મારામજી મહારાજે એ અનુભૂતિ આત્મસાત કરી હતી.

જેમ કમળ કાદવથી અલિપ્ત રહે, તેમ તમામ ઘટનાથી અલિપ્ત રહેવું તે પરમવૈરાગ્ય. કોઇ જ લેપ નહી. કેટલીક બહેનો તળાવે સ્નાન કરી રહી હતી. પાસેના માર્ગથી વ્યાસ જતા હતા. તરત જ બહેનોએ વસ્ત્રો પહેરી લીધા. થોડીવાર પછી તેમનો જ પુત્ર શુકદેવ તે માર્ગે પસાર થયો. તે વખતે બહેનોએ સ્નાનક્રિયા ચાલુ રાખી. વસ્ત્રો ન પહેર્યા. વ્યાસને આ વાતની ખબર પડી. બહેનોને પૂછ્યું. બહેનો કહે – તમારામાં હજી સ્ત્રી–પુરુષનો ભેદ છે. શુકદેવ દરેકમાં આત્મસ્વરૂપ જ જુએ છે. તમારા કરતાં એ ઉંચી ભૂમિકાએ છે. કાળો – ગોરો – રૂપાળો –કદરૂપો – ઉંચો – નીચો કોઇ ભેદ નહી.

વૈરાગ્યથી ઔદાસીન્ય આવે. જીવમાત્રમાં પરમશુદ્ધ આત્મસ્વરૂપ દેખાય અને જડમાત્રમાં પરમ વિનાશીપણું દેખાય. હે આચાર્ય ભગવંત! અમને આવી ઉદાસીનતા તરફ લઇ જાઓ. વૈરાગ્ય પ્રગટ થયા પછી પણ ટકાવવો ખૂબ અઘરો છે. પાણી પાણીરૂપે લાંબો કાળ ટકે, પણ બરફરૂપે નહીં. જેવો ફ્રીઝમાંથી બહાર કાઢો. તરત પીગળે.

એક સરદારજી બરફને હાથમાં લઇને ક્યારનો જુએ છે. બીજા સરદારજીએ પૂછ્યું – શું જુએ છે? પહેલો – લીકેજ ક્યાંથી થાય છે? તે જોઉં છું... બરફ પીગળવા માંડે... થોડી વારમાં અલોપ થઇ જાય. આપણો વૈરાગ્ય પણ બરફ જેવો છે – થોડીવારમાં પીગળીને અલોપ. વ્યાખ્યાનેથી ઘર સુધી પહોંચીએ ત્યાં સુધીમાં તો બધું પૂરું.

સંસારમાં રાગભાવ ટકાવવો સહેલો પણ વૈરાગ્યભાવ ટકાવવો અઘરો છે. તેને ટકાવવા તેવા વાતાવરણની – સ્વરૂપની –ભાવનાની –સ્વાધ્યાયની જરૂર પડે છે. વૈરાગ્યને દૃઢ રીતે ટકાવવા ચારિત્ર જોઇશે. એટલું સમજી લો, કે ચારિત્ર વિના પ્રગટેલો વૈરાગ્ય ટકવો મુશ્કેલ છે. ને વૈરાગ્ય વિના સમ્યક્ત્વ લાંબુ નહીં રહે. સમ્યક્ત્વ કહે છે... મારા ગયા પછી હું અનંતકાળે પાછું આવીશ... અલબત્ત અનંતાનંતકાળની અપેક્ષાએ

કાળ ઓછો છે, પણ એકવાર સમ્યકત્વ પામેલાને તો મોક્ષની ઉતાવળ હોય...

લીલીએ છગનને કહ્યું – પાડોશણ રમાને મળીને અબઘડી પાછી આવું છું. તે દરમ્યાન વીસ મીનિટ પછી કુકરની ત્રણ સીટી વાગે એટલે ગેસ બુઝાવી દેજો, ને બબલુને કલાક પછી દુધ પાઇ દેજો... અને હા. હું અબઘડી પાછી આવું છું. પતિએ કહ્યું – ભલે!

લીલીની પાછા ફરવાની 'અબઘડી' કલાકની હોઇ શકે છે... પણ પતિને કશો વાંધો નથી. સમ્યક્ત્વ ગયું તો પાછું ફરવાનો કાળ અનંત હોય તો પણ અનંતાનંતકાળની અપેક્ષાએ 'અબઘડી' કહેવાય. પણ આપણને એના વિના રહેવામાં વાંધો હોવો જોઇએ.

૩. **ચારિત્રાચાર** – ઉપરની ભૂમિકાવાળા સ્થૂલિભદ્રજી જેવા કોશાને ત્યાં પણ ટકી શકે છે. એવો વૈરાગ્ય પ્રબળ ભડકે બળે કે તેને કોઇ બુઝવી ન શકે. પવનથી દીવો બુઝાય. દાવાનલ નહી.

દુનિયાનો માર્ગ પેટ ચોળીને શૂળ ઊભું કરવા જેવો છે. પહેલા રાગ–દ્વેષ કરવા, પછી દુઃખી થવું. પહેલા પૈસા ભેગા કરવા દોડવું, ઉંધાચત્તા કરવા, પછી તેને સાચવવા સંક્લેશ કરવો. ચારિત્રમાર્ગમાં પેટ ચોળવાની વાત જ નથી. અત્યાર સુધી કોઇ નિયમ – બંધન નહોતા. ધકેલ પંચા દોઢસો જેવું જીવન હતું. દિવસનું કોઇ ટાઇમટેબલ નથી. શિયાળામાં માણસ નક્કી કરે કે પાંચ વાગે સવારે જોગીંગ કરવા જવું છે. એલાર્મ રણકે છતાં ન ઉઠે. બીજા ઉઠાડે તો ય ન ઉઠે. એક ભાઇ કહે – શિયાળામાં હું રોજ ૧ કલાક કસરત કરું, પછી જ નવકારશી કરું. કઇ કસરત? પથારી છોડવાની. બેસતું વર્ષ એટલે આપણા માટે સંકલ્પ કરવાનો દિવસ અને બીજો દિવસ એટલે તે સંકલ્પ તોડવાનો દિવસ. સંસારી જીવન એટલે આજુબાજુમાં જે ઘટના બની તેમાં વહી જવાનું. સ્વતંત્ર વિચારધારા કે સ્વતંત્ર અસ્તિત્વ નથી.

વસ્તુ હોવી જુદી વાત છે ને વસ્તુ જીવંત હોવી જુદી વાત છે. ઘડિયાળ હોવી ને ઘડિયાળ ચાલુ હોવી તે જુદી વાત છે. તેમ માણસ હોવો જુદી વસ્તુ ને માનવતાથી જીવવું તે જુદી વસ્તુ છે. બોલો છે કોઇ નિયમ ? વ્યાખ્યાનમાં જવા નીકળ્યો. રસ્તામાં ચાર મિત્ર મળ્યા. વાતોમાં સમય બગડ્યો ને પ્રભાવનાના સમયે પહોંચ્યો. કોઇ બંધન – નિયમ – નિયંત્રણ આત્માના હિતમાં ઘડી શકે તેવું કાંઇ જીવનમાં નથી.

સંસારમાં તો અનાચારની છુટ છે. સદાચાર માટે પૂછવું પડે. રવિવારે હોટલ – પિકચરમાં જવાની છુટ. પ્રતિક્રમણ કરવા પૂછવું પડે. રજા લેવી પડે. દુકાનમાં એક કલાક વધુ બેસો તો નો પ્રોબ્લેમ, પણ વ્યાખ્યાન પછી એક કલાક વધુ બેસો તો ઘરવાળા

લેવા આવશે. તમે ક્રોધ કરો તો લોકો વાહ વાહ કરશે ને ક્ષમા રાખો તો કહેશે – બાયલો કેમ બન્યોં?

દુનિયા અનાચારની ગટર છે. તમે છેતરશો તો વાહ વાહ કરશે ને છેતરાશો તો ગાળ આપશે. પાંચ હજારનો ચઢાવો લેવો છે તો બાપાને પૂછવું પડે ને તે જ દીકરો પાંચ હજારનો શર્ટ પેંટ લેવા જાય તો પૂછતો નથી. સદાચાર માટે પૂછવું પડે. આનાચારની છૂટ છે.

દીકરો બાપને પૂછ્યા વગર પરણી આવે છે ને બાપ ચૂપચાપ સંમતિ આપી દે છે, ને દીક્ષા માટે મુમુક્ષુ દીકરો વારંવાર કાલાવાલા કરે, વિનંતી કરે, તો પણ રજા નથી અપાતી. તેથી કંટાળીને મુમુક્ષુ કદાચ પિતાનો વિરોધ કરે, તો ઉપરથી ટોણો સાંભળવા મળે કે 'તને ગુરુએ આ શીખવાડ્યું છે? મા–બાપનું નથી માનતો તો ગુરુનું કેવી રીતે માનશે?' દીકરો ઘરમાં કોઇની રજા વિના વ્યસની, લંપટ, દારુડીયો, જુગારી બની શકે છે, એને શ્રાવક થવુ હોય કે ચોવિહારના નિયમ લેવા હોય, તો રજા જરુરી છે.

હે આચાર્ય ભગવંત! આપને કરેલા નમસ્કારથી અમને ચારિત્રની પ્રાપ્તિ થાઓ. અત્યાર સુધી જે ખોટા સંસ્કાર પડ્યા તેને ખાલી કરવા તે ચારિત્ર. ચયસ્ય રિક્તીકરણં ચારિત્રં... ખોટું લાગવું વગેરે ખોટા સંસ્કાર – પાપના સંસ્કાર ખાલી કરવા. અનંતકાલના ક્રોધાદિ કષાય – સંજ્ઞાઓના સંસ્કાર ખાલી કરવા એ ચારિત્ર છે.

કચરો ભેગો થયા જ કરે અને કોઇ નિકાલ જ ન થાય, તો ભયંકર રોગચાળો ફેલાય. આપણે કચરો ભેગો જ કર્યા કર્યો, કદી કાઢવાની વાત જ નહીં. ને ભયંકર રોગચાળો ફેલાયો. સૌથી મોટો રોગ છે રાગનો. જેમ ભગવાનની પાસે અનંત કરુણાનું ગોડાઉન છે. જે ખાલી જ નથી થતું. તેમ આપણી પાસે રાગનું કેટલુ મોટું ગોડાઉન છે! નવો મોબાઇલ, નવુ ટી.વી. છે. છતાં પાછુ નવુ લાવો. એક ચીજ નવી આવી નથી ને રાગ થયો નથી.

સરકારનો કાયદો છે. ધાન્યની દુકાનમાં જે સ્ટૉક છે. તેનું બહાર બોર્ડ લગાવો. આપણી પાસે અનંત રાગ... અનંત ક્રોધ... આ બધાનો ઢગલાબંધ સ્ટૉક પડ્યો છે. તમે રોજ બોર્ડ બનાવો... રાગ–કેટલો? દ્વેષ કેટલો? ક્રોધ કેટલો? વગેરે... પછી રોજ કઇ કઇ વસ્તુ જોઇ રાગ કર્યો... આ ખરીદી થઇ... સ્ટોક વધ્યો, જ્યાં રાગઆદિના અવસરે રાગ નહીં કર્યો – ખરીદી નહીં કરી, ત્યાં હતો એ સ્ટોક પણ ઓછો થયો... રાતે છેવટનો સ્ટોક મેળવી લો... જુઓ સ્ટોક વધે છે કે ઘટે છે? ક્યારેય મારો ક્રોધ કે મારો અહંકાર ઓછો નથી થવાનો. આ જે ઢગલાબંધ રાગાદિ કચરા ભેગા કર્યા છે, તે ખાલી કરો. એક તો ડુંગર છે, મેરુ કરતાં મોટો ને તેમાં ઢગલાબંધ એન્ટ્રી શરુ છે. આ કુસંસ્કારો

હવે ખાલી કરવા છે. નથી કરવો મારે રાગ. એક વાર રાગ કરીશ. આપો ઉપવાસનો દંડ. નથી કરવો દ્વેષ મારે. એક વાર દ્વેષ કરીશ, આપો આયંબિલનો દંડ. એકવાર ક્રોધ કરીશ તો મારા ક્ષમાશ્રમણના લેબલને બટ્ટો લાગશે. ક્રોધશ્રમણ કહેવાઇશ.

આચાર્યને ચારિત્રધર્મ એટલો આત્મસાત્ થયો છે કે એમના ઓરામંડલમાં આવો ને કુસંસ્કાર નાશ પામે. વર્ષોથી ચારિત્ર પાળ્યું છે. જરાક અતિચાર લાગે પ્રાયશ્ચિત લઇ સાફ કરી દે. પૂજ્ય પ્રેમસૂરિ મહારાજને ફરતા વા નો દુઃખાવો હતો. ડૉક્ટરે મમરા વાપરવાનું કહ્યું. મહાત્મા નિર્દોષ વહોરી લાવ્યા. બીજે દિવસે ના પાડી. કેમ? જીભને ભાવી ગયા માટે યાવજ્જીવ ત્યાગ. નાનામાં નાની ભૂલના ય તરત જ પશ્ચાત્તાપ ને પ્રાયશ્ચિત્ત. રોકડું રાખો તો કામ થાય. ઉધારમાં કાંઇ યાદ ન આવે. મનના પાપમાં તો તત્કાલમાં મિચ્છા મિ દુક્કડમ્ ન માંગો તો યાદ જ ન આવે ને પછી તે પાપોના ઢગલાનો હિસાબ ચૂકવવો ભારે પડે.

કુમારપાળ રાજાને નિયમ હતો – મનમાં અબ્રહ્મનો વિચાર આવે તો ઉપવાસનો દંડ. વચનથી બોલાય તો આયંબિલનો દંડ. કાયાથી સેવાય તો એકાસણાનો દંડ. કારણ મનથી જ અબ્રહ્મ અંદર પ્રવેશે છે. મનના ધોરણે પણ ખોટા વિચારો – પાપો ન થાય તેની સતત સાવધાની રાખો. આચાર્યએ વર્ષોથી સાધના કરી. એવું સુંદર ચારિત્ર પાળ્યું કે જરાપણ ડાઘો ન પડે. એક સાધુના કપડા પર ચાનો ડાઘો પડ્યો. પૂ. ધર્મજિતસૂરિ મહારાજ કહે – કાઢો. તરત કાઢો. નહીંતર ચાનો અને પાપનો ડાઘ એવો છે કે તત્કાલ કાઢો તો નીકળી જાય, પણ પછી કાઢશું એમ વિચારશો તો ડાઘો રહી જશે.

આચાર્યએ પોતાનું ચારિત્ર એવું નિર્મળ બનાવ્યું છે કે એમના સત્સંગમાં જે આવે તે પણ તરી જાય. પૂ. કલાપૂર્ણસૂરિ મહારાજના વ્યાખ્યાનથી નહી, વાસક્ષેપથી નહી, એમના દર્શનમાત્રથી લોકો ધર્મ પામી જાય. સુરતમાં મોટો પ્રધાન તેમના દર્શનમાટે લાઇનમાં ઊભો હતો. ચારિત્રસંપન્ન વ્યક્તિની હાજરી માત્રથી – સામીપ્યથી જ પેલો સુધરી જાય.

હે આચાર્ય ભગવંત! આપે ચારિત્રની આ જે ઉંચાઇ પ્રાપ્ત કરી, એ ચારિત્રનો માર્ગ અમને બતાવો. અમારા જીવનમાં કાંઇ ઠેકાણા નથી. એક પાપ એવું નથી કે જે કરતાં આંચકો આવતો હોય. ટી.વી. માં ખરાબ દ્રશ્ય જોતાં આંચકો આવ્યો? ગરમગરમ ચા પીતા આંચકો આવ્યો? ફ્રીજના ઠંડા પીણા પીતા આંચકો લાગ્યો? બાથરૂમમાં પાણી ઢોળતા આંચકો આવ્યો? જુઠું બોલી ધંધો કરતાં આંચકો લાગ્યો?

જૈન થઇને રાત્રે ૧૧ વાગે બહાર ખાતાં આંચકો આવ્યો? પોતાની વ્યક્તિને ક્રોધમાં થપ્પડ મારીએ ત્યારે આંચકો લાગ્યો? જૈન તરીકે ક્રોધની લીમીટ તો હોય ને?

આનાથી તો આગળ વધુ નહી જ... ચેડારાજાને નિયમ હતો. રોજ એકથી વધારે બાણ નહી છોડવાના. કેમ? હું પ્રભુ વીરનો શ્રાવક - અનન્યભક્ત છું. રાજા તરીકે યુદ્ધમાં બાણ છોડવા પડે, તો પણ જૈન તરીકે મારે એમાં મર્યાદા રાખવાની, એકથી વધુ નહીં. તમારે કોઈ લીમીટ ખરી? કે આનાથી વધુ તો ક્રોધ નહી જ. વાડકી ફેંકાય તેવો ક્રોધ કે ચમચી ફેંકાય તેવો? શ્રાવક આક્રોશના શબ્દ ગધેડા – કૂતરા શબ્દ સુધી પહોંચાડે એટલા ક્રોધમાં ન જાય. મારો ભાઇ જૈન છે. તેને દેવ બનાવાય. પશુ કેમ કહેવાય?

મારો ક્રોધ અનંત છે. મારા ક્રોધને કાબુમાં લેવાની મારી તાકાત નથી. દરવખતે ક્રોધ વધતો જ ગયો છે. આપ તેને દૂર કરો. ભૂત ભરાઇ જાય તો ભુવાને બોલાવાય છે. ભુવો ભુતને કાઢે. અમારામાં અનંતકાલથી ક્રોધભૂત ઘુસ્યો છે. તેને આચાર્ય ભગવંત ભુવા બનીને કાઢો. જો કે ભૂવો ભૂત કાઢતી વખતે જાતજાતની પ્રક્રિયા કરે. અગ્નિમાં મરચાં નાંખે, ઝાડુ મારે. આ બધું ચાલશે? આચાર્ય પાસે દંડ લેવો પડે. ક્રોધ થાય તો દંડ. એમાં ઓપ્શન નહી ચાલે.

ચંપા કમલાને કહે – રમા તો વાતવાતમાં પોતાના પતિની નિંદા કરે છે. હું તો મારો પતિ ભલે દારૂડિયો છે. જુગારી છે. ૪૨૦ છે. છતાં પણ કોઇને કહેતી નથી. આમ ચંપા નિંદા તો કરે જ છે. છતાં એને એ નિંદા નથી લાગતી, સ્વરૂપકથન લાગે છે. એવું જ આપણું છે. ઘણીવાર આપણને આપણો ક્રોધ ક્રોધ નથી લાગતો, ખોટો નથી લાગતો. આ તો ક્રોધ ન કહેવાય. જરૂરી કહેવાય. પણ ના. જેનાથી મારું હૃદય સંક્લિષ્ટ થાય તે ક્રોધ જ કહેવાય. આચાર્યના વંદન – અહોભાવ – આશિષ – અનુગ્રહ – વાસક્ષેપથી ક્રોધ જાય.

અમને લાલચ સતાવે છે. ઘરાક આવે ૧૦-૨૦ રૂપિયાની કમાણી કરાવે ને પાગલ બનીએ છીએ. આચાર્ય ભગવંત! આપની નિશ્રામાં કરોડોની ઓફર આવે – ચઢાવા થાય. પ્રતિષ્ઠા કરાવો ને એમ ને એમ વિહાર કરો છો. આકર્ષણ સામે નિર્લેપ રહો છો. અમે તો થોડામાં ય લલચાઇ જઇએ છીએ. આપ મહાન કાર્ય કરો છો, છતાં નમ્ર રહો છો. મહાન શાસનપ્રભાવના કરો છો, છતાં દેવ-ગુરુની કૃપાએ થયું. એમ આભાર માનો છો. અમે તો માત્ર તણખલું તોડીએ તો ય બેંડવાજા વગાડીએ – આ મેં કર્યું.

અમે માયા – દંભ – કપટની માયાજાળમાં ક્યાંય ફસાઇ ગયા છીએ. ક્યાંક સ્ટેટસ્ – ક્યાંક પોઝિશનનું નામ છે. આચાર્ય ભગવંત! આપ સરળ – નિષ્કપટ – નિર્દંભ છો. માયાની નાગચૂડમાંથી અમને મુક્ત કરો. ઈર્ષ્યા – અસૂયા – ખાર – દ્વેષ – વેર – વાસના – આસક્તિ – મમતા-સ્નેહની પીડાથી અમને બચાવો. સૌથી પ્રથમ ઓળખતા શીખવાડો કે મને કયો દોષ સતાવે છે?

આપણને આપણા દોષની જાણકારી હોવી જોઇએ. પણ આપણે એટલી નિદ્રાવસ્થામાં છીએ કે આપણને આપણો દોષ જ નથી દેખાતો. જ્ઞાન-ક્રિયાથી મોક્ષ છે. એમાં સંક્ષેપમાં કહીએ તો **જ્ઞાન એટલે પોતાના દોષોને ઓળખવા ને ક્રિયા એટલે એ કાઢવાની પ્રવૃત્તિ-પ્રયત્ન.** જ્ઞાન અંતર્ગત દર્શન છે, તેથી ઓળખાયેલા દોષને પ્રભુ દોષરૂપ કહે છે, તેથી દોષરૂપ લાગવા એ દર્શન-શ્રદ્ધા છે.

આના જેવી બીજી કમનસીબી કોઇ નથી કે ભૂલ-દોષ દેખાય જ નહી. ઓળખીએ પછી શુદ્ધિકરણ થાય. પણ ઓળખીએ જ નહી તો! કોણે કહ્યું સીગરેટ પીવાથી વ્યસન થાય? હું ૧ ૨ વર્ષથી પીવું છું. મને વ્યસન નથી. અલ્યા, તું બોલે છે તે જ બતાવે છે કે તને વ્યસન છે. છતાં તું ઓળખી શકતો નથી. આ દોષ હું સેવું છું. ખોટું કરું છું. તે લાગતું જ નથી. તે મોટી કમનસીબી છે. દોષ ખબર પડે તો કાઢવાના ઉપાય થાય.

પ્રથમ કમનસીબી છે કે દોષ સેવે છે એ ખબર જ ન હોય.

બીજી કમનસીબી છે કે દોષ સેવે છે એ ખબર છે. પણ દોષરૂપ ન લાગે. બટનેચર - સહજ છે. કુદરતી છે. આમાં કંઇ ખોટું નથી. એમાં શું દોષ ગણવાનો? એમ માને. ટી.વી. ચાલુ હોય ને નજર જાય એમાં શું દોષ? પાંદડું પડ્યું હોય ને પગ પડી જાય તો શું ખોટું? બટનેચરલ છે. ના, ખોટું એ ખોટું છે.

ત્રીજી કમનસીબી છે કે દોષ સ્વીકારી લે, પણ સંજોગોનો વાંક કાઢે. બીજા પર ઢોળે. આવું થાય તો કરવું જ પડે ને? નોકર કપરકાબી પાડે તો ક્રોધ કરવો જ પડે ને?

ચોથી કમનસીબી છે કે દોષ સેવે છે, ખબર છે કે દોષ છે, પણ ગુરુપાસે સ્વીકારવાની હિંમત નથી. સ્વીકારું તો મારી ઇજ્જત શું રહે?

આ ચાર કમનસીબી છે, હોંશિયારી નથી. કારણકે ઊભો રહેલો દોષ અનંત દુર્ગતિનું કારણ છે, એ દોષજન્ય પાપથી અસંખ્ય ભવ દુઃખ પરંપરાથી ખરાબ થાય, છતાં દોષ તો ઊભો જ છે, તેથી ફરીથી પાપ-ફરીથી ભવ પરંપરા... આમ ઊભો રહેલો દોષ અનંત દુગર્તિનું કારણ બને છે. વર્તમાનમાં અશાંતિ આપે છે. સમાજમાં સજ્જન તરીકે ઊભા રહેવામાં પ્રતિબંધક છે. હે આચાર્ય દેવ! અમારા આ દોષોને ખાલી કરો. અમને ચારિત્રાચારની પ્રાપ્તિ થાઓ. માટે નમો આયરિયાણં.

શા માટે ચારિત્રાચાર જોઇએ છે? વિરતિ મેળવવા માટે. **વિરતિ એટલે અટકવું.** વિ+રમ્ ધાતુ. - વિરામ પામવો. અટકી જવું. અટકવાનું સામર્થ્ય. પાંચ અવ્રતોથી વિરતિ, પાંચ ઇન્દ્રિયના વિષયોના તોફાનથી વિરતિ, મનાદિ ૩ દંડથી વિરતિ. જ્યાં પાપનો વિચાર આવે ને વિરતિ આવે. 'નમો આયરિયાણં' બોલું ને પાપ તરફ જતાં

પગલાં અટકે. પાપમાંથી અટકવાનું સામર્થ્ય મળે. સત્ત્વ પ્રગટે. ટી.વી. ચાલુ કરવાનું મન થાય ને વિરતિ જોઇએ. ખોટું બોલવાનું મન થાય ને વિરતિ જોઇએ. મન લલચાઇ જાય કે એક રસગુલ્લું ખાઇ લઉં તો વિરતિ જોઇએ.

**ચારે બાજુ પાપને આમંત્રણ આપનારી પત્રિકા એટલે સંસાર.** કમ હીઅર - કમ હીઅર. આ પાપ કર. આમ ચારે બાજુ પાપ આપણને આકર્ષે છે. કોઇની સાથે વાત કરો તો પણ તે કયા પાપમાં ફસાવે ખબર ન પડે. વર્તમાન એટલે પૂરેપૂરો પાપાચાર. જરાક અંતરાત્મામાંથી-આત્મહિતની સાવધાનીમાંથી બહાર નીકળ્યા તો ઘરમાંય પાપાચારને બહાર પણ પાપાચાર. ક્યાંક જુઠાના, ક્યાંક ચોરી કે અબ્રહ્મના. આ બધા પાપાચાર વચ્ચે તમારે રહેવાનું છે. બખ્તર નહીં પહેરો તો ચારેબાજુથી આવનારા બાણોથી શું હાલત થશે? વિરતિનું બખ્તર પહેરો. હવે આ પાપ નથી કરવા. હવે આ ભૂલ-દોષ નથી સેવવા. જ્યાં જ્યાં પાપ આવે, ત્યાં ત્યાં વિરતિ આવીને ઊભી રહે. પાંચ ઇન્દ્રિયો - ત્રણ દંડ દોડાવે, ત્યાં દરેક ઠેકાણે બ્રેક. એ માટે બોલો નમો આયરિયાણં.

## <u>પોષ સુદ - ૧</u>

૧) પ્રમાણિક સાધના - ઋજુતા એ સાધુધર્મ છે. પ્રમાદથી રહિત સાધના પ્રમાણિક સાધના છે. સાધુ ભગવંતો પાસેથી આવી સાધનાનું બળ મળે. (૨) પવિત્રતા ઉપાધ્યાય પાસેથી મળશે, કેમકે વિનય યુક્ત જ્ઞાનનું કાર્ય શુદ્ધિકરણનું છે (૩) આચાર્યભગવંતની સેવાથી આરાધના લીલીછમ રહે ને સતત પ્રગતિ થાય છે. (૪) અરિહંતનો ઉપદેશ અનુગ્રહ જ આગળ વધવા પ્રેરણા-પ્રેરકબળ બને છે. પછી (૫) સિદ્ધભગવંતનું ધ્યાન તદ્રૂપ થવા રૂપ પરિણામ આપે છે. આમ પાંચ પરમેષ્ઠી પાસેથી ક્રમશઃ પ્રમાણિક સાધના, પવિત્રતા, પ્રગતિ, પ્રેરણા અને પરિણામ આ પાંચ 'પ' કાર પામી અપવર્ગરૂપ મોક્ષ મેળવી શકીએ.

પાંચ પરમેષ્ઠી ગુણનિધાન હોવાથી નમસ્કરણીય છે. પણ આપણે ઉપયોગી ગુણને લઇને વિશેષ રીતે નમસ્કાર કરવાનો છે. તેમાં આચારસંપન્ન બનવામાટે આચાર્યને નમસ્કાર. જ્ઞાનાચાર એટલે આત્મહિતકર જ્ઞાન કે જેની આપણે ઘોર ઉપેક્ષા કરી છે. આપણે તો જે કારકીર્દી બનાવવા કામ લાગે, તે જ ભણીએ. ચારિત્રસંપન્ન બનાવે તે ન ભણીએ. સારા ટકા ને સારી ડીગ્રી, સારી નોકરી ને સારી છોકરી, સારો ફલેટ મળે. આ જ ભણવાનું લક્ષ્ય છે. આમાં જ જિંદગી પૂરી થાય. આના સિવાય જિંદગીનું કોઇ લક્ષ્ય નથી. માનવજીવનનું કોઇ મૂલ્યાંકન જ નથી કર્યું. જેનાથી તારું ચરિત્ર પવિત્ર થાય ને બીજા જીવો સાથે સદ્ભાવ વધે, તે જાણકારી મેળવ. તે જ્ઞાન આચાર્ય પાસે છે,

માટે તેમને નમસ્કાર.

દુનિયાનું ભણે તેટલો સ્વાર્થ વધતો જાય. વર્ષો સુધી ડૉક્ટરનું ભણે, પછી દરેક દર્દી તેના માટે બકરો, વર્ષો સુધી વકીલનું ભણે પછી દરેક કલાઇન્ટ તેના માટે મરઘો. વર્ષો સુધી એન્જીનીયરીંગ ભણે પછી બધી જગ્યા પચાવી પાડવાની જ યોજના. જગતનું જેટલું ભણે તેટલો લોભ વધે. પરમાત્માના શાસનનું જેટલું ભણે, તેટલું ચારિત્ર પવિત્ર બને. જીવો સાથે પ્રીતિ વધે.

દર્શનાચારથી વૈરાગ્ય આવે. વૈરાગ્ય એટલે પોતાના માટે સુકાભટ્ઠ થવું. સુકા રોટલા જેવા રહેવું. શરીરને મેલું ઘાણ રાખવું. કપડાં મેલા પહેરવા. ગમે તે આવે મને વાંધો નહી. પોતાના અંગે પરમવૈરાગી, પણ જગતના જીવો સાથે રફટફ વ્યવહાર નહી. પણ ભગવાનના વચનથી ભાવિત હોવાથી ભીનો ભીનો રહે.

જેમ ભીના કપડાને અડે ને ખબર પડે કે આ ઠંડક આપે છે. તેથી જરુર ભીનું થયેલું છે. તેમ આપણા વ્યવહારમાં આવે ને જીવોને ખ્યાલ આવે કે આને પ્રભુવચનો સ્પર્શ્યા છે, કેમકે આનો વ્યવહાર કોમળ – પ્રીતિ – ભક્તિવાળો – ઠંડક આપે છે. પ્રભુવચનથી ભાવિતના વ્યવહાર કઠોર – કર્કશ ન હોય. જેમ જેમ સમ્યગ્દર્શન નિર્મળ થાય, તેમ તેમ જગતના પદાર્થોનું આકર્ષણ ઘટે ને વૈરાગ્ય દૃઢ બને. જો જરા પણ વૈરાગ્ય નથી, તો સારુ કપડું જોઇ લલચાઇ ગયા, સારી આઇટમ જોઇ લલચાયા ને પછી પણ ડંખ નથી ' આમાં શું ખોટું?' એવી ભૂમિકા છે, તો સમ્યગ્દર્શનમાં કચાશ છે. જાણી લીધું છે. પણ હૃદયમાં બેઠું નથી. **કદાચ માનતા હોઇશું, પણ માણતા નથી.** જો વૈરાગ્ય નહી આવે, તો આવેલું સમ્યગ્દર્શન ચાલ્યું જશે. સમ્યગ્દર્શન પ્રાપ્ત કરવું અઘરું છે. માત્ર ચરમાવર્તમાં મળે. પરંતુ એકવાર સમ્યગ્દર્શન મળ્યા પછી વૈરાગ્યનું નિમિત્ત નહી મળે અને સમ્યગ્દર્શન ગુમાવી દેશો, તો પાછું મેળવતા અનંતકાળ જશે. ૧૪ પૂર્વી જેવા પણ ભૂલા પડે તો અનંતકાળ પછી સમ્યગ્દર્શન મળે. કર્મસત્તા ગોળ ગોળ ફેરવે તેની આ ભૂમિકા છે.

૧૪ પૂર્વી થોડોક પ્રમાદ કરવામાં ભૂલો પડે ને અનંતકાળ માટે નિગોદમાં જાય. આ વાત ડરાવવા માટે નથી. ચેતવવા – સાવધાની માટે છે. ૪૬૦ વૉલ્ટ ડેન્જરનું બોર્ડ જોઇ ડાહ્યો માણસ ડરે નહી, સાવધાન થાય. સમ્યગ્દર્શન મેળવ્યા પછી વૈરાગ્ય ન કેળવે, તો સમ્યગ્દર્શન ચાલ્યું જાય ને પાછું અનંતકાળે મળે. માટે હું ભૂલ કરું ને પડું તે મને ન પરવડે. ભવિતવ્યતા એવી હોય તે વાત જુદી. બાકી મને સમજણ – વિવેક છે ને છતાં મારા હાથમાંથી આમ સમ્યગ્દર્શન જતું રહે–મારી પોતાની જાગૃતિ ન રહે, તે ન ચાલે. આ સાવધાની છે.

સંસારને ટૂંકો કરવાની તાકાત જેટલી સમ્યગ્દર્શનની નથી, તેટલી વૈરાગ્યની છે. સમ્યગ્દર્શન કહે છે–જો તું વૈરાગ્ય નહી લાવે, તો હું જતું રહીશ. મને સાચવ, નહીં તો જતો રહીશ.

સમ્યક્ત્વ પામ્યા પછી કોઇ એ જ ભવમાં, કોઇ ૨ – ૩ – ૭ ભવમાં મોક્ષે ગયા. તેનું કારણ સમ્યક્ત્વ તો હતું, પણ તેની પાછળ પ્રબળ વૈરાગ્યનું પીઠબળ હતું. જેને શીઘ્ર મોક્ષે જવું છે, સંસાર ટૂંકો કરવો છે, તેને વૈરાગ્ય તો જોઇશે જ.સમ્યક્ત્વથી બલિષ્ઠ થયેલો વૈરાગ્ય સામ્યભાવને ઉત્પન્ન કરે છે. આ સામ્યભાવ સંસારનો ઉચ્છેદ કરે છે. એમ કહી શકાય કે શ્રદ્ધા હાથો છે, વૈરાગ્ય પાનો છે ને સામ્યભાવ એની તીક્ષ્ણતા છે. સંસારવૃક્ષના ઉચ્છેદ માટે આ શ્રેષ્ઠ કુહાડી છે.

ગજસુકુમાલે નેમનાથ ભગવાનને પૂછ્યું – શીઘ્ર કરવા જેવું શું છે? પ્રભુ– સંસારોચ્છેદ : મોક્ષસાધના... તરત જ ગજસુકુમાલે દીક્ષા લીધી. હવે વાત પૂરી? ના, હવે શરુઆત થઇ, પ્રબળ સાધના માટે ગૃહસ્થાવાસ યોગ્ય સ્થાન નથી. ચારિત્રાવાસ જરુરી છે. પણ એ સાધના માટે અનુકુળ સ્થાન છે – એમાં પ્રબળ સાધના કરો, તો એ સાર્થક થાય. તેથી દીક્ષિત ગજસુકુમાલે ફરી પૂછ્યું – જલ્દી મોક્ષે જવા હું સ્મશાને કાઉસ્સગ્ગ કરવા જાઉં? પ્રભુએ કહ્યું – જાઓ, સ્મશાને જઇને કાઉસ્સગ્ગ કરો. સંસાર ટૂંકો કરવા વૈરાગ્ય જોઇએ જ. જેના જીવનમાં વૈરાગ્ય આવે તેના જીવનમાં પ્રાયઃ ચારિત્ર આવ્યા વગર રહે જ નહીં. વૈરાગ્ય એ ચારિત્રધર્મની પાયલોટકાર છે. વિવેક અને વૈરાગ્ય આવે એટલે ચારિત્ર આવે જ. પુણ્ય – પાપ, હેય – ઉપાદેય વગેરેમાં વિવેક આવી ગયો. પણ જો વૈરાગ્ય નથી, તો ઢીલા પડશો.

રાત્રિભોજન કરવું પાપ છે એ વિવેક કહે છે. પણ વૈરાગ્ય નથી તો પ્રસંગોમાં ખાઇ લો છો. વિવેકથી બોધ થાય કે ૨ ૨ અભક્ષ્યમાં બરફ આવે. પણ વૈરાગ્ય નથી માટે બરફવાળો રસ પીવાનું મન થઇ જાય છે. ટી.વી. જોવા જેવું નથી તે વારંવાર તમે સાંભળ્યું. તમને પણ ખબર છે. આ માત્ર ટાઇમ બગાડે છે. ટાઇમ પાસીંગ નથી. ટાઇમકીલીંગ છે. આ તમારો વિવેક છે. છતાં ટી.વી. છુટતું નથી. કારણ વૈરાગ્ય નથી. એટલે **પાપની પ્રવૃત્તિ જાણવા છતાં વૈરાગ્ય નથી તો એકલા વિવેકથી પાપપ્રવૃત્તિ ન છૂટે.** માટે જાળવવા જેવું – સાચવવા જેવું – પુષ્ટ કરવા જેવું આ જગતમાં શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ એક જ રત્ન છે વૈરાગ્ય. વિવેક એનો સાથીદાર છે. વિવેક આવ્યા પછી વૈરાગ્ય ન આવે તો વિવેકી માણસ પણ ખોટા રસ્તે જાય. ખોટા પગલા ભરે.

વિવેકથી ખબર છે... આ મારો દીકરો છે, આ પડોસીનો. પોતાના દીકરાનો વાંક છે. તે પણ જોયું. પણ વૈરાગ્ય નથી. તેથી માધ્યસ્થભાવ નથી, માટે બચાવ પોતાના

દીકરાનો કરશે.

એક વણિકપુત્ર અને વાઘરીનો પુત્ર ઝઘડી પડ્યા. તેમાં વાંક વાણિયાના દીકરાનો હતો. વાણિયો દુકાને બેઠો બેઠો બધું જુએ છે. વાઘરીનો દીકરો રડતો રડતો વાઘરી પાસે ગયો. વાઘરી હાથમાં દાતરડું લઇ ધમધમતો વાણિયાની દુકાને આવવા માંડ્યો. તે જોઇ વણિકે પોતાના દીકરાને જોર જોરથી મારવાનું શરુ કર્યું. 'કેમ બીજાના છોકરાને મારે છે?' છોકરો કહે – હવે નહી મારું – બસ કરો... રડવા લાગ્યો. વાઘરી મારવા આવ્યો હતો. પણ આ જોઇને વણિકને કહે – રહેવા દો – રહેવા દો, હોય હવે, છોકરા રમે ને લડી પડે, તેમાં આટલું શું મારવાનું? આમ બંનેને શાંત પાડી વાઘરી ગયો. પછી ધીરે રહીને વાણિયો કહે – જો બેટા! મેં તને પોલું પોલું મારીને કેવો બચાવી લીધો! દીકરો કહે – અને મેં પણ રડવાનો કેવો બરાબર ડ્રામા કર્યો! વાત આ છે કે જેમ વાણિયાએ જોયું કે વાંક દીકરાનો છે, છતાં એને બચાવવાનું મન થયું. એમ વિવેકથી જાણે પણ વૈરાગ્ય નથી, તો રાગથી બચાવ કરવાનું મન થાય. વૈરાગ્ય વિના નિષ્પક્ષપાત નિર્ણય થતો નથી. પ્રવચન શ્રવણથી વિવેક મળે, પણ વૈરાગ્ય તો અંદરથી જ પ્રગટ કરવો પડે.

**વિવેક બોધ કરાવે પણ પકડવાનું કે છોડવાનું સામર્થ્ય વૈરાગ્યથી જ આવે.** બાકી વૈરાગ્ય વગર આપણે મોહાઇ જઇએ છીએ. લપસી જઇએ છીએ. આકર્ષાઇ જઇએ છીએ. વૈરાગ્ય નથી તો ક્ષાયિક સમકીતિ શ્રેણિક મહારાજાએ બાર વર્ષની છોકરી સાથે લગ્ન કર્યા. જીભની આસક્તિ મારનાર છે એ વિવેક છે. છતાં આષાઢાભૂતિનો વૈરાગ્ય ઢીલો પડ્યો. તેમાં લપટાતા ગયા ને પતિત બન્યા. માટે જિંદગીમાં પામવા જેવું અને પામી ગયા તો જાળવવા જેવું કાંઇપણ હોય તો તે વૈરાગ્ય છે.

વૈરાગ્ય નથી તો ચારિત્ર એ મજા નહી, સજા રૂપ છે. સંસાર દાવાનલ છે – ભયંકર લાગેલી આગરૂપ છે. કોના માટે? જેને વૈરાગ્ય છે એના માટે. જેને વૈરાગ્ય નથી તેને ચારિત્રમાં રહેવું દાવાનલરૂપ છે. વૈરાગ્ય વિના ચારિત્ર પાળે તો કેવું પાળે?

ડૉક્ટરે સરદારજીને કહ્યું – આ કેપ્સુલ લો. પણ આની સાઇડ ઇફેક્ટ આવશે, માટે સાવધ રહેજો. સરદારજીએ બંને સાઇડ કટ કરી કેપ્સુલ લીધી. શું અસર કરશે? અંદરનો ખરા તત્ત્વરૂપ પાવડર તો ઢોળાઇ ગયો. તેમ **વિવેક અને વૈરાગ્ય વિનાનું ચારિત્ર એટલે બંને સાઇડ કટ કરેલી કેપ્સુલ.** અંદર ભાવનો કોઇ પાવડર નથી. માત્ર બાહ્ય સાધુવેશ જ રહે અને તે પણ જિનશાસનની વિડંબના જ કરાવે.

વ્યવહાર ચારિત્ર પ્રવૃત્તિ અને નિવૃત્તિ ઉભયભેદે છે. જે કરવા જેવું નથી તે વૈરાગ્યપૂર્વક નહી કરું અને જે કરવા જેવું છે તે પરમવૈરાગ્યથી કરીશ. જે અકર્તવ્ય છે તે

બળજબરીથી નહી કરું, તેમ નહી. પણ સ્વેચ્છાથી ત્યાગ કરીશ. અને જે કર્તવ્ય છે, તે બળજબરીથી કરીશ એમ નહી. સ્વેચ્છાથી કરીશ. તે જ વ્યવહાર ચારિત્ર છે. ચયસ્ય રિક્તીકરણં ચારિત્રં – ઢગલાબંધ ભેગા કરેલા ખોટા સંસ્કારોને બાળી નાંખવાના – સાફ કરવાના છે.

- પણ એવું ન થવું જોઇએ કે દેવું ઓછું કરવા કરેલી દુકાનથી જ દેવાળું થાય.
- એવું ન થવું જોઇએ કે ગટરના પાણીથી મેલા થયેલાં કપડાં ધોવા નાંખ્યા ને વધુ મેલાં થાય.
- એવું ન થાય કે કબજિયાત કાઢવા લીધેલી દવાથી વધુ કબજિયાત થાય. તેમ એવું ન થવું જોઇએ કે જે ચારિત્રથી ભૂતકાળના ઢગલાબંધ કુસંસ્કારોનો ભુક્કો બોલાવવાનો છે, તે દેશવિરતિ કે સર્વવિરતિથી આ માનવભવમાં અનાદિના કુસંસ્કારોનું પોષણ થાય.

આ માત્ર ૪૭ દિવસ નવકારની આરાધના નથી. ચારિત્રની આરાધના છે. ઘરે ગયા પછી જીવન બદલાઇ જવું જોઇએ. તમારા કહેવાથી નહી માનું કે મજા આવી ગઇ. જીવન બદલાઇ ગયું. પણ તમારા આસપાસના પડોસી – સ્વજનો કહેશે તો માનીશ. જે ઉકરડા લઇને બેઠાં છો, તે વધવા ન જોઇએ. ખાલી કરવાના છે. અનંતકાળના તમામ કુસંસ્કારો ખતમ કરવા છે. આ પ્રચંડ વૈરાગ્યથી – ચારિત્રાચારથી વિરતિ મેળવવાની છે. જ્યાં મન લલચાઇ જાય ત્યાં અટકી જવું. વિરતિ – સ્ટૉપ – તરત સાવધાની. પિક્ચરનું ગીત સંભળાયું. મન લલચાયું. સ્ટૉપ, નથી સાંભળવાનું. સારું રૂપ જોવાયું, મન લલચાયું, સ્ટૉપ, નથી જોવાનું. ત્યારે જાતને આળસુ બનાવી દેવાની.

જીવો ધર્મકાર્યમાં આળસુ બને છે. રવિવારે સામાયિક કરવું હતું. પણ ઉઠાયું જ નહીં. જ્યાં સ્ફુર્તિ જોઇએ, ત્યાં આળસ ચઢી જાય છે. ને જ્યાં આળસ જોઇએ, ત્યાં સ્ફુર્તિ આવી જાય છે. કોઇને બે ગાળ સંભળાવવી હોય તો આળસ આવે કે સંભળાવવી હતી પણ આળસ આવી માટે રહી ગઇ? નીવિમાં કાજુકતરી ખાવી હતી, પણ આળસમાં રહ્યો એમાં આગળ નીકળી ગઇ. એવું બને? પણ વીસ માળા ગણતાં આળસ આવે છે. તમને દરેક ઠેકાણે નવકાર જ યાદ આવે છે? નવકારથી ભાવિત બનવા, નવકારને હૃદયસ્થ કરવા રોજ ૨૦૦૦ વાર જાપ કરવાનો છે. હાલતા – ચાલતા, સુતા – જાગતા, ઘર–બજાર, ઉઠતા – બેસતા, સાજા –માંદા બધે જ નવકાર યાદ આવે. સમરો મંત્ર ભલો નવકાર. પણ ના! સારા કામમાં જ આળસ ચઢી જાય છે.

તેથી તમારી હાલત એવી ન થાય તે જોજો કે લગ્નની જાન નીકળી, ચાર કલાકે નાચતા–કૂદતા માંડવે આવ્યા. પણ જાનમાં વરરાજા જ ન હતા. ૯ ઉપવાસ, ૯ નીવિ,

રોજ ૧૦૦ ખમાસમણા ને કાઉસ્સગ્ગ કર્યા. ૧૮ દિવસ પૂરા થઇ ગયા. પણ જેને માટે આ બધું કર્યું. તે નમસ્કાર મહામંત્ર ક્યાં ગયો? એ તો યાદે ન આવ્યો. બધાની પંચાતમાં જ દિવસો પૂરા કર્યા કે નીવિ સારી નથી. મચ્છર બહુ છે. પેલા ભાઇ ઉંઘ્યા જ કરે છે. આ બધી પંચાતમાં વરરાજા રૂપ નવકારને ભૂલી નહીં જતા. એનાથી ભાવિત થવામાં આળસ નહીં કરતા. પ્રથમના અઢાર દિવસ તો નવકારવાળી જ ગણવાની. તેનાથી જ ભાવિત થવાનું. બીજો કોઇ સ્વાધ્યાયાદિ વિકલ્પ નથી. એમાં જ તન્મય બનો.

ચારિત્ર એટલે વિરતિ. જે ખોટું છે, બિનજરૂરી છે, તે નહીં જ કરવાનું. એમાં આળસ નહી. આપણે પાપના ભાવોમાંથી વિરતિ લાવવાની અર્થાત્ પાપ કરવાનું મન થાય છતાં આળસ કરવી. અટકવું. અવર અનાદિની ચાલ નિત નિત તજીએ રે... મન હંમેશા ખોટામાં ભાગે છે. ચલ, હવે અટકી જા. શાનો ભાગે છે?

**ચારિત્રાચારની આરાધના એટલે વાત વાતમાં બ્રેક.** મન થાય તે નથી કરવું. મોટે ભાગે મન શાનું થાય? સારા ભાવનું? પૂજાનું મન થાય તો ન કરવી? અલ્યા! મોટે ભાગે પૂજા કરવાનું મન જ નથી થતું. સારું કરવાની ઇચ્છા થાય તે મન નથી, આત્મા છે. મન આલંબન માત્ર છે. મન તો ના જ પાડે છે. તેમાં આપણો વાંક છે. ખોટા સંસ્કારો અનાદિ કાળના છે. અનાદિથી મન ઉંધે જ દોડ્યું છે. જ્યારે જ્યારે મન મળ્યું, ત્યારે ત્યારે ખરાબ કામમાં જ વાપરી દુરુપયોગ કર્યો.

આપણું મન અબજોપતિનો લાડકોડમાં ઉછરેલો શાહજાદો છે. બાપાએ જ કહી દીધું છે. તું તારે જલસા કર. તારે ચિંતા નહી કરવાની. અને બાપા પણ એમાં ગૌરવ માને કે દીકરો જલસા કરે તો જ મારી શ્રીમંતાઇ સાર્થક. એ દીકરા દ્વારા મોટેભાગે સંપત્તિ પાપમાં જ જવાની.

આપણને જ્યારે જ્યારે મન મળ્યું, ત્યારે જાણે કે અબજોપતિને દીકરો મળ્યો. બસ આપણે મનને કહી દીધું છે – તું ફાવે તેમ કર, ફાવે તેવા વિચાર કર. મારા માનવભવના સમયોરૂપી અબજોની સંપત્તિ તારા માટે જ છે. તારે પાપ વિચાર કરવા છે? કર. ચાલ, હું આખી રાત જાગીશ. મન કહે – પ્રસંગ ભલે સારો થાય. આપણે સારું નથી જોવું. ખરાબ જ જોવું છે. એટલે આપણે જ એને જવાબદારી સોંપીએ કે તું આમાંથી ખરાબ શોધી કાઢ. એ શોધી કાઢે છે, ને પછી આપણને જાણે કહે છે હવે આ પ્રસંગપર કેમ થયું? કોણે કર્યું? એ કેવો? વગેરેરૂપ પીંજણ કરવા મારે આટલા કલાકોરૂપી રૂા. જોઇએ છે, ને આપણે એને ફાળવી દઇએ છીએ. આપણે કરોડપતિ ને મન આપણો દીકરો. રાતે મન કહે – ભૂખ લાગી છે. ફ્રીજ ખોલી ખાઓ. તરસ લાગી છે – ઠંડુ પાણી પીવો. મન કહે – ટી.વી. જોવું છે. તો સામાયિક મૂકીને ટી.વી જોવા બેસી જાઓ. સાંજે

પ્રતિક્રમણ કરવા નીકળ્યા અને મન કહે – પાણીપુરી. તરત જ તહત્તિ. મન! તું માંગ. તું માંગીશ તેના કરતાં સવાયું આપીશ. મનને એટલા લાડ લડાવ્યા છે કે ઉંધા રસ્તે દોડ્યા જ કરે છે.

મન પાછળ ઇન્દ્રિયો દોડે છે. ઇન્દ્રિયોની પાછળ વાણી દોડે છે. વાણીની પાછળ કાયા દોડે છે. પહેલાં મન ભ્રષ્ટ થાય. પછી વાણી ભ્રષ્ટ થાય. પછી ચેષ્ટાથી શરીર ભ્રષ્ટ થાય છે. મારું મન, બુદ્ધિ, હૃદય, વાણી, ઇન્દ્રિય, કાયા, સંપત્તિ, શરીર, સાધન બધું જ ભ્રષ્ટ છે. હે ભગવાન! મને બચાવો. ચારિત્રાચાર દ્વારા મને વિરતિ આપો. જ્યાં મન દોડે, ત્યાં બ્રેક લગાવો. ભક્ખરં પિવ દટ્ઠુણં... જેમ સૂર્યની જોવાય જાય, તો તરત દ્રષ્ટિ ખેંચાય. તેમ સામે રૂપ દેખાય ને તરત દ્રષ્ટિ ખેંચાઇ જાય. પણ મન દોડી ગયું, કાબુમાં ન રહ્યું, તો શું કરવાનું? મન એકલું નથી દોડતું, સાથે સાથે ઇન્દ્રિય ને વાણીને પણ દોડાવીને લઇ જાય છે. તો શું કરવાનું? જ્ઞાતા – દ્રષ્ટાભાવે જોવાનું? ના. સંકલ્પ કરવો પડે. દંડ આપો. તે પણ આકરો દંડ. સહેલો નહી.

એક ભાઇએ સંકલ્પ કર્યો. રોજ સામાયિક કરવાનું. ન થાય તો દસ હજાર રૂપિયા ભંડારમાં મૂકવા. તેથી એરપોર્ટ પર પણ સામાયિક કરે છે.

એક મારવાડી શેઠે પાલીતાણામાં નિયમ લીધો – ક્રોધ ન કરવો. થઇ જાય તો બીજે દિવસે ઉપવાસનો દંડ. બે-ચાર ઉપવાસ થયા. ભારે પડ્યા. ગુનો બીજો કરે અને સજા મને! આ ક્રોધ પરવડે તેમ નથી. મુકી દીધો. એવી સજા રાખવી કે તે દોષ ભાગી જાય.

એક બાવાને કઢી અત્યંત પ્રિય હતી. જ્યાં જમવા જાય, ત્યાં બધાને કહે કે કઢી બનાવજો. એક'દિ બાવાને થયું કે આ કઢીએ મને પાગલ બનાવી દીધો. શેઠને ત્યાં જમવાનું આમંત્રણ હતું. બાવાએ શેઠને માત્ર કઢી જ બનાવવાનું કહ્યું. જમવા બેસ્યા. પાસે બાલદી તૈયાર રાખી. ૨-૪-૬ વાડકા કઢી પી ગયા. પછી તો મોઢે આવી ગઇ. હવે ઉલ્ટી થઇ. પાછી કઢી જ મંગાવી. વારંવાર પીએ ને ઉલ્ટી કરે. ૭-૮- વાર ઉલ્ટી થઇ. શેઠ પૂછે છે – આમ કેમ કરો છો? બાવાએ કહ્યું – મારી જીભને કઢીનો સ્વાદ વળગી ગયો છે. એને દંડ આપવાનો છે. અરુચિ ઊભી કરી. હવે તો કોઇ કઢીની વાત કરે તો ય ચિતરી ચઢે.

આપણો દંડ કેવો? ચોવિહાર ન થાય તો કોરી રોટલી વાપરવાની. એમાં શું થાય? કાંઇ ફરક ન પડે. હે આચાર્ય ભગવંત! અમને ચારિત્રાચાર આપો. જે ઉકરડો ભરેલો છે. તેને વધારવો તો નથી જ. ખાલી જ કરવો છે. જ્યાં પાપના વિચાર આવે ત્યાં અટકી જ જવું છે.

**૪) તપાચાર :-** તપાચારથી વિશુદ્ધિ મેળવવાની છે. તપ એ ભટ્ઠી છે. સોનાને શુદ્ધ કરવા ભટ્ઠી જોઇએ. દર્શન - જ્ઞાન-ચારિત્ર એ ત્રણ રત્ન છે. તેને આરાધવામાં જ્યાં જ્યાં અતિચાર રૂપ અશુદ્ધિ આવે, તેને દૂર કરવા તપરૂપી ભટ્ઠી છે.

જ્ઞાનથી વિવેક, દર્શનથી વૈરાગ્ય, ચારિત્રથી વિરતિ આવ્યા. પણ જ્ઞાન-દર્શન - ચારિત્રમાં ગરબડ થઇ. સોનામાં પિત્તળ મિશ્ર થયું. ઉજળું કપડું મેલુ થયું, તો તેની વિશુદ્ધિ માટે તપ છે.

શાસ્ત્રમાં મોક્ષમાર્ગ ત્રણ છે. સમ્યગ્દર્શન - જ્ઞાન - ચારિત્રાણિ મોક્ષમાર્ગ: તો તપ ક્યાંથી આવ્યો? અહિંસા - સંયમ - તપ કહો કે ઉપશમ - વિવેક - સંવર કહો. એ આ જ ત્રણ રત્નો છે. આ ત્રણ રત્ન વારંવાર મેલા થાય છે. તેની વિશુદ્ધિ માટે તપ છે. તે અલગ ગુણ નથી. પાંચમાં આરામાં બે પ્રતિક્રમણ ફરજિયાત છે.

ઘણા લોકો પાંચ હજારનો સૂટ એકવાર પણ પહેરે કે તરત લૉંડ્રીમાં ધોવા આપી દે. પણ પૂજાના કપડા મહિના સુધી ન ધુએ. જે પહેરીને ફાલતુ માણસ પાસે જવાનું છે, તેને તરત લૉન્ડ્રીમાં અને જે પહેરીને ત્રણ લોકના નાથ પાસે જવાનું છે. તેને ધોતા પણ નથી. ખરેખર તો એવી ભૂમિકા હોય કે રોજ પૂજાની જોડ નવી પહેરે. પણ એ તો ન પરવડે. અમે કાંઇ શાલીભદ્રના અવતાર નથી. દેવતાઇ પેટી આવતી નથી. તો રોજ પૂજા પછી પાણીથી ધોઇ તો લેવા જ. માટે તો પૂજાના વસ્ત્રમાં સામાયિકની પણ ના પાડી. કારણ એના દ્વારા પ્રભુને સ્પર્શ કરવાનો છે. છતાં ઘણાં મહિના સુધી ધોતા નથી. તીર્થસ્થાનમાં પોતાની પૂજાની જોડ લઇને ન જાય. તીર્થસ્થાનની જ લે તે ન ચાલે. પૂજાના વસ્ત્ર પવિત્ર જોઇએ.

વાત આ છે કે આપણે આપણને ગમતા કપડાને ચોક્ખા રાખીએ છીએ. ભગવાન કહે છે - જો તને તારો આત્મા ગમતો હોય, તો એને ચોક્ખો જ રાખ. મેલો થાય કે તરત પશ્ચાતાપ-પ્રતિક્રમણ-પ્રાયશ્ચિતથી ઉજળો કર. તારા આત્માને વિશુદ્ધ બનાવ. દોષ લાગે કે ન લાગે, બે ટાઇમ પ્રતિક્રમણ કરી જ લેવાનું. આવું કેમ? જૈનશાસનમાં વગર કારણે કાંઇ કરવાનું કહ્યું નથી. પ્રભુ વીરે સાડા બાર વર્ષ ઘોર તપ-સાધના કરી. લાગટ બે દિવસ ક્યારેય વાપર્યું નથી. પણ કેવળજ્ઞાન પછી નિર્વાણના તપ સિવાય એક પણ તપ ન કર્યો. રોજ માત્ર એકાસણું, કેમ? તપ એ સાધન છે. સિદ્ધિ મેળવ્યા પછી સાધનની જરુર નથી. જરુર હોય તો જ સાધનનો ઉપયોગ કરાય.

દુકાનથી રૂપિયા કમાવાય ને? હા. તો રાતે બાર - એક વાગે ખુલ્લી રાખો? ના. જરુરી હોય તે સમયે જ ખુલ્લી રાખવાની. તદ્દન નવા કપડાં ધોવાય? ના. તેમ જો આત્મા દોષિત થયો જ નથી. તો પ્રતિક્રમણ શા માટે? ચોથા આરામાં દોષ લાગે ત્યારે

જ પ્રતિક્રમણ કરવાનું. એ જીવો ઋજુ હતા. કરોડ વર્ષ સુધી પ્રતિક્રમણ ન કરે તેવું પણ બને. તો આમ કેમ?

આપણે પ્રતિક્રમણ ફરજિયાત કેમ કરવાનું? આપણે વધુ પડતા હોંશિયાર છીએ. વી આર ટુ ક્લેવર. દોષ લાગે, છતાં એવી વક્ર બુદ્ધિવાળા છીએ કે માનીએ કે મને દોષ લાગ્યો જ નથી. ભગવાન જાણે છે - આ એવા વક્ર જીવો છે કે જો વૈકલ્પિક પ્રતિક્રમણ રાખશું ફરજિયાત નહીં, દોષ લાગે ત્યાં ને ત્યારે જ કરવાનું બાકી નહીં. તો કોઇ નહી કરે. પરીક્ષામાં Optional Question લખાય? ના. વધારે કોઇ ન લખે. તેમ આજકાલ તો દોષ લાગ્યા કરે છે. જેમકે આયંબિલખાતામાં સાધુ - સાધ્વી માટે જ પાણી ઉકાળે તો આધાકર્મી જ દોષ લાગે. અને શ્રાવકો ત્યાંથી (નિર્દોષ!) પોતાના માટે લઇ જાય. એવા દોષ લાગી જ જતા હોય છે. તે વખતે પાંચમાં આરાના વક્ર જીવો તેને દોષ માનવામાંથી છટકી જાય છે.

મમ્મી પિંટુને કહે - બિલાડીની પૂંછડી કેમ ખેંચે છે? છોડી દે. તો પિંટુ કહે- મેં તો માત્ર પકડી રાખી છે. એ તો બિલાડી જ ખેંચે છે.મારો વાંક હોય જ નહીં. એ તો ભગવાનની પરમ કરુણા છે કે આત્મા છેતરાઇ ન જાય ઠગાઇ ન જાય એ માટે બંને ટાઇમ પ્રતિક્રમણ કરવાનું કહ્યું. મનનો ભોળવાયેલો લલચાઇ ન જાય અને ચારિત્રને મલિન ન રાખે માટે પ્રતિક્રમણ કરવાનું કહ્યું.

ચોથા આરામાં દોષ લાગે તો જ પ્રતિક્રમણ અને જ્યારે દોષ લાગે ત્યારે, તે જ સમયે પ્રતિક્રમણ કરવાનું. આપણા માટે વ્યવસ્થા કરી. સવારથી સાંજ સુધી જથ્થાબંધ દોષોનું એક પ્રતિક્રમણ અને તે પણ કંપલસરી. ચોથા આરામાં ૧ દોષ માટે ૧ પ્રતિક્રમણ. આપણને જથ્થાબંધ દોષમાટે એક પણ કંપલસરી પ્રતિક્રમણ. નાના દોષ માટે પણ મોટું પ્રતિક્રમણ.

એક ગામડિયો શહેરમાં આવ્યો. પાછળ બગડી ગયેલી ટ્રકને આગળની ટ્રક ખેંચી જતી હતી. ત્યારે ગામડિયો બે ટ્રક વચ્ચે એક દોરડું જોઇ વિચારે છે. આ એક દોરડા માટે બે ખટારા! આ શહેરના લોકો કેવા ગાંડા છે! પણ આપણને એક ભૂલમાટે બે પ્રતિક્રમણ નથી.પણ દિવસ રાતના કઇં કેટલાય થઇ જતા દોષોમાટે બે પ્રતિક્રમણ. કેટલી મીનીટનો દોષ છે? તેની સાથે મતલબ નથી. પણ કેટલો પાવરફુલ દોષ છે? તેની સાથે મતલબ છે.

કપડું મેલું છે તો ન ધુએ, પણ મોટો ડાઘ હોય તો ધુએ એમ નહી. સવાર - સાંજ પ્રતિક્રમણથી સતત વિશુદ્ધિ કરતાં રહો. એક ભાઇ પહેલા પૌષધ કરતાં પણ પાછળથી બંધ કર્યું. કારણ કીડી - મચ્છર મરે ને નવકાર માળાના દંડ આવ્યા કરે. એથી પૌષધ બંધ

કર્યા. આવું ન કરાય. દંડ એ તો આચારોને શુદ્ધ કરવાનું શ્રેષ્ઠ સાધન છે.

## પોષ સુદ – ૨

સંસારના આત્મહિત બાધક કુયોગોમાંથી નીકળી શુદ્ધિસાધક યોગોમાં પહોંચવા માટે ને એમ કરી મળેલા સમય, શક્તિ, સંયોગ, સાધનોને સફળ કરવા પ્રથમ... એ યોગો અંગે જિજ્ઞાસા જાગવી જોઇએ. જિનવચનના આધારે એ જિજ્ઞાસા સંતોષાય, ત્યારે મળેલા એ માર્ગ દ્વારા પ્રભુપર શ્રદ્ધા જોઇએ. સાથે સાથે સાધકક્રિયાપર વિશ્વાસ જોઇએ કે એથી શુભ જ થશે. કલ્યાણ જ થશે. જિજ્ઞાસા, શ્રદ્ધા અને વિશ્વાસ પ્રાપ્ત થયા પછી આપણો પ્રબળ પુરુષાર્થ જોડાવો જોઈએ. આ પુરુષાર્થ એટલે એ સમયવગેરેને અસત્‌માં જતા અટકાવી સદ્‌યોગોમાં ઉલ્લાસથી જોડવા. એ થાય ને છેવટે ધન્યતા ધન્યતા અનુભવાવી જોઇએ. તો ખરેખર તન-ધન-જીવન-મન-બુદ્ધિ-આત્મા બધું જ ધન્ય ધન્ય થઇ જાય છે. પાંચ પરમેષ્ઠીમા જાપથી જ આ જિજ્ઞાસાથી માંડી ધન્યતા સુધીની અનુભૂતિ થાય છે.

આચાર સંપન્નતામાટે આચાર્યની આરાધના કરવાની છે. પાંચ આચારથી યુક્ત આચાર્યને નમસ્કાર કરવાથી આપણને પાંચ આચાર મળે છે. તે દેખાવું જોઇએ. નવકારમાં ચિત્ત ચોંટતું નથી. કારણ તેનાથી શું પ્રાપ્ત થવાનું છે તે ખબર નથી. છેલ્લા મણકા સુધી મન ક્યાંય ને ક્યાંય ફરી આવે. ઓછામાં ઓછા છેવટે ૧ ૨ નવકાર કે ૩ નવકાર પણ આ પાંચ હેતુને નજરમાં રાખીને ગણવા. નજર સામે સાધુ દેખાય કે જે બીજાને વિવિધ પ્રકારે સહાયક થઇ રહ્યા છે. ને 'નમો લોએ સવ્વ સાહૂણં...' બોલતાં જ તે સહાયકગુણ આપણામાં દેખાય. તેમ ઉપાધ્યાય ભગવંત વિનય કરે છે. 'નમો ઉવજ્ઝાયાણં' બોલતાં તે વિનયગુણ આપણામાં પ્રગટે. અહંકાર જાય. 'નમો આયરિયાણં' બોલતાં આચાર્ય ભગવંતના દર્શન થાય. જે ભણે - ભણાવે, જાપ, દેશના, પાંચ સમિતિ, તપ, કાઉસ્સગ્ગ, ધ્યાન, વીર્યાદિથી યુક્ત હોય.

આ બધું જોઇ, ફાયદો શું? કંજૂસ કોણ? જે કમાયો તે તિજોરી ભેગું કરે, વાપરે નહી, તે. ઉદાર કોણ? જે કમાયો તેનો તરત સદ્‌વ્યય કરે તે. તમે કંજૂસ કે ઉદાર? મહારાજ સાહેબે જે આપ્યું તે નોટ ભેગું કર્યું, કે મગજ ભેગુ કર્યું, પણ ઉપયોગમાં કાંઇ નહી તો કંજૂસ. નમસ્કાર મહામંત્રની આ વાતો રોજ અમલમાં મૂકવી. આચાર સંપન્ન આચાર્ય આંખ સામે તરવરે, તો મન નમસ્કારમાં ચોંટશે. આનંદ થશે 'બહુ મજા આવી' એમ શબ્દો સરી પડશે.

પ્રાયઃ અત્યાર સુધી 'બહુ મજા આવી' એવા શબ્દો ધર્મક્રિયામાં નીકળ્યા નથી.

'હાશ, પૂરું થયું.' આવા જ શબ્દો નીકળ્યા છે. આપણા માટે ધર્મની દરેક આરાધના – સાધના બોરીંગ પિક્ચરના 'ધ એન્ડ' જેવી છે. હાશ. પૂરું થયું..... કારણ તન્મયતા – તલ્લીનતા ઊભી થઇ નથી. જે નવકારનો આટલો બધો લાભ છે. તે ગણતાં આનંદ ન આવે? જે ધર્મ આનંદથી થાય, તેનો જ પૂરેપૂરો લાભ મળે. જે ધર્મ આનંદથી – રસપૂર્વક ન થાય તેને માત્ર ક્રિયાનો જ લાભ થાય. જેમ મજૂરને મજૂરીનો જ લાભ મળે.

નવકાર ગણતાં ગણતાં અનુભવ થાય. આ પાંચ હેતુઓ દેખાય. આચાર્ય ભગવંતની આખી જિંદગી જ્ઞાનાદિ પંચાચારમય જ હોય. તેમના ચોવીસે કલાક પંચાચારમાં જ જાય. એક સેકંડ પણ વ્યર્થ – અનાચારમાં જતી નથી. આપણે સતત અનાચારની વચ્ચે બેઠા છીએ ને તેઓ સતત સદાચારની વચ્ચે રહ્યા છે.

સામાન્યથી બાહ્ય ઘટનાઓ સદાચાર છોડાવવા સમર્થ છે પણ અનાચાર છોડાવવા સમર્થ નથી બનતી. સદાચારમાંથી અનાચારમાં જવા વારંવાર નિમિત્ત મળે છે. પણ અનાચારમાંથી સદાચારમાં જવા નિમિત્ત મળતા નથી. ક્ષમા રાખીને નુકસાન થયું તો હવે ક્રોધ કરવો જ પડશે તે સંકલ્પ કરીએ. પણ ક્રોધ રાખીને નુકસાન થયું, તો હવે ક્રોધ કરવો જ નહીં એવા સંકલ્પ થતા નથી.

આયંબિલ કરીને ઉલ્ટી થઇ. તો હવે આયંબિલ ન કરવું એવો સંકલ્પ કરીએ. પણ હોટલમાં ખાઇને ઉલ્ટી થઇ. તો હવે હોટલમાં જવાનું બંધ. એમ સંકલ્પ થતો નથી.

જ્ઞાનાચારથી અમને વિવેક પ્રાપ્ત થાઓ.

દર્શનાચારથી અમને પવિત્ર વૈરાગ્ય પ્રાપ્ત થાઓ.

ચારિત્રાચારથી અમને વિરતિ પ્રાપ્ત થાઓ.

એક પણ પાપની વાત આવે ને વિરતિ આવીને ઊભી જ રહે. કારચાલકનો પગ મુખ્યતયા બ્રેક પર હોય કે એક્સીલેટરપર? બ્રેકપર. કારણકે ગમે ત્યારે પણ અકસ્માત્‌ના સંજોગો ઊભા થઇ શકે. તેમ અંદરથી કે બહારથી સતત પાપના ઉછાળા આવ્યા જ કરે. તેથી સાધક તેના પર સતત વિરતિ – બ્રેક રાખે.

મન વાંદરો છે, માટે પાપના વિચારો તો આવવાના જ. જેમ અળવીતરો છોકરો શાંતિથી બેસી ન શકે. ઉંધુ ચત્તુ કર્યા કરે. તેમ ભગવાનના દેરાસરમાં ય સ્તવન બોલતાં બોલતાં ઉંધા – ચત્તા વિચારો આવે છે. બહારના તોફાન આવે કે નહી, બાહ્ય પરિબળ હોય કે ન હોય, મન જ અળવીતરું છે. તોફાન લાવે જ. તકલીફ મોટામાં મોટી એ છે કે છોકરો તોફાન કરે છે ને નુકસાની બાપાને ભરવી પડે છે. મન અને ઇન્દ્રિયો તોફાન કરે છે, ને બીલ આત્માએ – આપણે ચૂકવવું પડે છે.

એક નાની છોકરી એક ઘરની બહાર ઘંટડી વગાડવા કૂદકા મારે છે. પણ પહોંચતી નથી. એક ભાઇએ આ જોઇ તેને ઊંચી કરી. પેલીએ ઘંટડી વગાડીને કહ્યું - કાકા! ભાગો. પેલી તો ભાગી ગઇ. ને પકડાયા કાકા.

તેમ મન અને ઇન્દ્રિય તોફાન કરવા રૂપ ઘંટડી વગાડે ને પકડાઇએ આપણે. મન અને ઇન્દ્રિય જે તોફાન કરે, ઉંધા ચત્તા વિચાર કરે, તે વખતે જરૂર છે આ વિરતિધર્મની. જેવા ઉંધા ચત્તા વિચારો આવે કે તરત બ્રેક - વિરતિ. જ્યાં પાપ લાગે ત્યાં મન ઊભું રહી જાય. દર્શન - જ્ઞાન - ચારિત્રથી વૈરાગ્ય - વિવેક - વિરતિ પ્રાપ્ત થાય છે. પણ જેમ નવા કપડા પહેરીએ ને તે મેલા થવાના કારણ (૧) શરીર મેલું છે ને (૨)આજુબાજુનું વાતાવરણ મેલું છે. તેમ દર્શન - જ્ઞાન - ચારિત્ર ત્રણે મેલાં થાય. ક્યાંક વિવેક ચૂક્યો. ક્યાંક વૈરાગ્ય નબળો પડ્યો. ક્યાંક પાપમાં વિરતિ ન આવી. તે માટે પરમાત્માએ ટૉપ ક્વોલિટીનો સાબુ આપ્યો છે તપાચાર.

અનંતકાળ જે વખતે નિગોદમાં હતા. ત્યાં બીજું કોઇ કામ નહી. સત્તર વાર જન્મ ને અઢાર વાર મરણ. તે વખતે અનંતા જીવોની વચ્ચે એક શરીર અને આહારસંજ્ઞા મળી. જેમ જેમ આગળ વધતા ગયા. શરીર સ્વતંત્ર મળતું ગયું. પાવરફૂલ મળ્યું. શરીરની મમતા વધતી ગઇ ને આહાર માટે દોડધામ વધી. પછી દસ દ્રષ્ટાંતે દોહીલો માનવભવ કે જે સાધના આરાધના માટે એક્સ્ટ્રા ઓર્ડીનરી છે. એ મળવાપર પણ આપણે તેને એકસ્ટ્રા પ્રવૃત્તિમાં ને બીજા-ત્રીજા કામમાં ઓર્ડીનરી બનાવી દીધો.

નવું દેરાસર બાંધતા દસ વર્ષ લાગે. પણ ત્યાં ખાવાનું વેંચવાવાળા ફેરિયાવાળા તરત જમાવી દે. આપણી આહારસંજ્ઞા કેટલી પાવરફુલ છે એ એને ખબર છે. રવિવારે સાંજે પ્રતિક્રમણમાં ૩૦ રૂપિયાની પ્રભાવના હોય ને હોટલમાં ૧૦૦ રૂ. નો ખર્ચ કરવો પડે. શું કરશો? હોટલમાં પૈસા આપીને લાઇનમાં ઊભા રહેવાનું! રવિવારે ભિખારી ભોજનના કાર્યક્રમમાં ભિખારીને રાત્રિભોજનનો દોષ ન લાગે એ માટે દિવસે જમાડનારો પછી રાતે હોટલમાં ખાવા લાઇનમાં ઊભો રહે! એ પણ પૈસા ચૂકવીને ખાવાનું છે ત્યાં! પેલું ભિખારીભોજન ને આ હોટલભોજન! બંનેમાં લાઇન ખરી... પણ એક દિવસે હોય, બીજું રાતે. એકમાં જમાડનારો ઉપરથી રૂપિયા પણ આપે ને બીજામાં જમનારાએ રૂ. ચૂકવવા પડે... ટીપ સાથે! આહાર સંજ્ઞા કાતિલ છે.

રાતે હોટલમાં અભક્ષ્ય ભોજન ખાઇને બીજે દિવસે પેટ દુઃખે છે. તેમાં કારણ - ભોજન તો ખરાબ હતું જ. સાથે તમે ખાતા હતા, તે વખતે બહાર લાઇનમાં ઊભેલાની નજર તમારાપર હતી. તમે જલ્દી ઊભા થાવ એવી વિચારણા હતી. તમને એની નજર લાગી ગઇ.

માનવભવમાં બીજા પણ દોષો ઘુસ્યા. જ્યાં સજ્જનને એન્ટ્રી આપવાની હતી. ત્યાં દુર્જનને એન્ટ્રી આપી. (૧) શરીરની મમતા અને (૨) આહારસંજ્ઞા તો હતા જ. વળી બુદ્ધિ અને મન પાવરફુલ મળ્યા. સ્વાર્થ સાધવા બુદ્ધિ અને ખોટું વિચારવા મન મળ્યું. પોતાના સ્વાર્થમાટે બીજાનો સત્યાનાશ થઇ જાય તો ચાલે. બીજા સાથે ભયંકર વિશ્વાસઘાત કરી શકાય. બુદ્ધિએ ત્રીજો દોષ નકરી સ્વાર્થવૃત્તિ ઊભી કરી. પારકા અને પોતાનો ભેદ કરાવ્યો. આ ભારત ને આ પાકિસ્તાન. આ ભેદરેખા તે બુદ્ધિ.

ભારત અને પાકિસ્તાનની બોર્ડર પર એક પાગલખાનું હતું. ત્યાંના પાગલોને પૂછવામાં આવ્યું - તમારે ક્યાં જવું છે? તેઓ - અમારે અહીં જ રહેવું છે. પેલો અધિકારી - તમારે કશે જવાનું નથી. છતાં ક્યાં જવુ છે? ભારતમાં કે પાકિસ્તાનમાં? પાગલ કહે - તમારા ડાહ્યા માણસની વાત અમને સમજાતી નથી. તમે પાગલ કે અમે? એક બાજુ કહો છો, કશે જવાનું નથી ને બીજી બાજુ પૂછો છો ક્યાં જવું છે? છેવટે પાગલખાનામાં દિવાલ ઊભી કરી. દિવાલ પર ચઢીને તેઓ એક બીજાને કહે - આપણે બંને પાગલખાનામાં છતાં એક ભારતમાં ને એક પાકિસ્તાનમાં. બુદ્ધિ આ ભેદરેખા ઊભી કરે છે.

બર્લીનના બે ભેદ થયા. મૂડીવાદી અને સામ્યવાદી. ૧૯૮૮માં તે ભેદ તૂટ્યો. પાછા એક થયા. બુદ્ધિ ભેદ ઊભા કરે છે. આ પરાયા - પારકા. આ મારા. બિલ્ડીંગ બનાવતી વખતે સ્લેબ એક હતો. પછી દિવાલો થઇ. બુદ્ધિએ કહ્યું - આ પાડોશી મારા નથી. 'મામકાશ્ચ પાંડવાશ્ચ' આ ધૃતરાષ્ટ્રનું સૂત્ર હતું.

જ્યારે મંગલપર જવાનું છે. ત્યારે પૃથ્વી એક છે. પણ રીટર્ન થતાં ભેદ પડે. તમે અમેરિકન, અમે એશિયન. પછી એશિયામાં આવતાં ભેદ પડે. આ ચીની - આ ભારતીય. ભારતમાં આવતાં ભેદ પડે. આ બંગાળી - આ મહારાષ્ટ્રીયન. મહારાષ્ટ્રમાં આવતાં ફરી ભેદ. આ નાગપુરના. આ મુંબઇના. એમ આગળ સુધી છેક આ જેઠાણીનો દીકરો ને આ દેરાણીનો. ભાઇને વધુ ને મને ઓછું કેમ? બુદ્ધિ ભેદ ઊભા કરે ને પછી નક્કી કરે - **હું બધાને અન્યાય કરી શકું. પણ મને કોઇ અન્યાય ન કરી શકે.** કરે તો કોર્ટ - કચેરી - વકીલ.

આ બુદ્ધિ માત્ર સ્વાર્થનો વિચાર કરે છે. એક આલ્બમમાં પચાસ ફોટા છે ને બીજામાં ૫૦૦ છે. તો કયું જોતાં વાર લાગે? જેમાં પોતાના ફોટા હોય તે. છગનના ઘરે ગયા. એણે ચા ધરી. પછી પોતાના લગ્નના ફોટા જોવા આપ્યા. પાના ધડાધડ ફરે. મારું આલ્બમ હોય તો જોતાં વાર લાગે. આ તો બીજાનું છે, આ બુદ્ધિએ પાડેલી ભેદરેખા છે.

બે ભાઇ એક થાળીમાં જમવા બેસે. કારેલાનું શાક અને દુધીનો હલવો બંને

પિરસાયા છે. પહેલાં શું ઉપડે? દુધીનો હલવો. અને જો એકલા જમવા બેઠા હો તો? કારેલાનું શાક, કારણ શું? આપણી સ્વાર્થબુદ્ધિ ક્યાં સુધી પહોંચેલી છે? ભેદ ઊભા કર્યા. નકરા સ્વાર્થ ઊભા કર્યા. જ્યાં સ્વાર્થ ઘવાય ત્યાં રસ નથી. મારે શું ને મારું શું? તેમાં જ રસ છે.

શરીરની મમતા અને આહારસંજ્ઞા તો પરલોકથી લઇ આવ્યા. તેમાં સ્વાર્થી બુદ્ધિ ભળી. બુદ્ધિ માનવ પાસે જ છે, માટે અહીં જ ન્યુઝ પેપર છે. પશુલોકમાં નથી. સ્વાર્થવૃત્તિથી વારંવાર બધાને મોટા મોટા અન્યાય કર્યા. જગત માટે જરાપણ ઘસાવાનું નહી. ભોગ આપવાનો નહી. જો આપીએ તો પૂરેપૂરું વળતર લઇ લેવું. આજે છગને મારી પાસે અર્ધો કીલો શાક મંગાવ્યું, તો હું કાલે તેની પાસે એક કીલો મંગાવીશ. ઘસાવું પડે તો પૂરેપૂરો કસ કાઢવો.

નકરા સ્વાર્થથી ભરેલી બુદ્ધિ અને (૪) ચંચળ મન. તોફાની – અળવીતરું મન. સતત પાપના–ઉંધા ચત્તા–અનાચાર–દુરાચારના વિચારો કરાવે. દુર્ભાવોથી દુર્ગતિમાં ધકેલી દે. એક જ ફરિયાદ છે. હે ભગવાન! આ તોફાની મનથી થાકી ગયો છું. કંટાળી ગયો છું. દુનિયા મને સજ્જન માને છે. પણ મારું મન કેવું છે? આ તોફાની મન કેવા કેવા વિચાર કરાવે છે કે મહાસજ્જન પુરુષ પણ પોતાના વિચાર જાહેર કરવા સમર્થ નથી.

ઘોડા તો મળ્યા પણ તોફાની – ઉચ્છૃંખલ મળ્યા. આપણા મને આપણો દાટ વાળી દીધો. એવા વિચાર કરાવે કે આપણને થાય – આવા સ્થાને આવા વિચાર કરાય? હે મન! અરર! તેં આ મારી પાસે શું કરાવ્યું? જરા સ્વસ્થ થઇ મનનું પૃથક્કરણ કરો. મને મારી પાસે શું કરાવ્યું? શરીર – ઇન્દ્રિય – વાણી પરતંત્ર છે. એમની પોતાની કોઇ તાકાત નથી. આંખને કહો – ભગવાનને જો. તો એને તકલીફ નથી. તોફાન તો મન કરાવે છે. કાન તો સારા છે. જિનવાણી સાંભળવા તલસે છે. પણ મન લલચાવે છે. પેલા ભાઇ શું કહે છે? સાંભળ. જીભ તો આયંબિલનું ખાવા જ ઇચ્છે છે. પણ મન લલચાવે છે. ના. જીભ! તું તારું કમિશન લે. સ્વાદ માંગ.

એક બુદ્ધિ સ્વાર્થથી ભરેલી મળી ને બીજું મન ચંચળ. મન હોય તો માળવે જવાય. પણ મન થતું જ નથી, માટે માળવે જવાતું નથી. મન હોય તો દેરાસરમાં ત્રણ કલાક ભક્તિ થાય, પણ આપણે કેટલીવાર ગયા? 'ક્લેશે વાસિત મન સંસાર, ક્લેશરહિત મન તે ભવપાર.' આપણું મન કેવું? તેની વાત કરો. આપણને મળેલું મન ઘડતર વિનાનું – જંગલી છે.

મનને કેળવવા અનિત્યાદિ બાર ભાવના, મૈત્ર્યાદિ ચાર ભાવના, પાંચ મહાવ્રતની પચ્ચીસ ભાવના બતાવી છે. દરેક અનુષ્ઠાનમાં તે તે ભાવના જોડી દો. પણ

તકલીફ એ છે કે આપણે મનને કેળવતા જ નથી. પ્રભુ વીરે મનને કેવું કેળવ્યું હશે કે ગમે તેવા ઉપસર્ગ થવા છતાં મન અશુભમાં જાય જ નહી! એમને ક્રોધમોહનીયનો ઉદય છતાં ક્રોધ ન આવે.

જ્યારે આપણને શુભસ્થાનમાં શુદ્ધ સાધનાની ભૂમિકામાં પણ અશુભ વિચાર આવી જાય. અત્યારે ઉપધાનમાં પણ સપનાં આવે. દુકાનમાં છું ને માલ વેચું છું. નીવિ યાદ આવી જાય. નવકારવાળી ગણતા વિચારે ચડી જઇએ – તેણે આમ કેમ કહ્યું ને આમ કેમ કર્યું? આપણું મન દુનિયાની દરેક ઘટનાની રાગાત્મક કે દ્વેષાત્મક અસર લે છે. તેથી જ એ સતત આવી લાગણીઓથી દોરાયા કરે છે. બીજી બાજુ દસ સંજ્ઞાઓ એમાં સતત કુસંસ્કારો ઠાલવ્યા કરે છે. તેથી એ કુસંસ્કારોનો ઉકરડો બની ગયું છે.

વળી ટીપે ટીપે સરોવર ભરાય... જાત-જાતની ઇચ્છાઓ-તૃષ્ણાઓના એટલા બધા ટીપાં ભેગા થયા છે કે જેથી એ તૃષ્ણાઓનો સાગર છે. તેથી જ એમાં સંકલ્પ-વિકલ્પોના સતત તરંગ ઉઠયા કરે છે... વિચારોના વમળો ઘુમરાયા કરે છે. આ મન કેવી રીતે શુભક્રિયામાં શુભ પરિણામરૂપે સ્થિર થાય? **મન તો અશુભ ભાવોમાં સક્રિય રહેવા, શુભ ભાવોમાં નિષ્ક્રિય રહેવા ને પરમાર્થના ભાવોમાં ઉદાસીન રહેવા ટેવાયું છે.** કારણ મન કેળવાયું નથી.

સાધનાની વિશિષ્ટ ભૂમિકા માં પણ મનના ધોરણે નિંદાના વિચાર આવી જાય. શેઠ ઘરમાં સામાયિક લઇને બેઠાં છે. ઘરાક આવ્યો – શેઠ ઘરે છે? વહુ કહે – ના, ચમારવાડે ગયા છે. શેઠ ચોંક્યા. ખરેખર શેઠ સામાયિકમાં હતા પણ મન જોડામાં હતુ કે જોડાં ઘસાઇ ગયા છે. મોચી પાસે જવું પડશે.

સ્કૂલમાં હાજરી પૂરતાં શિક્ષકે કહ્યું – રમેશ છગનલાલ? જવાબ મળ્યો. હાજર – ગેરહાજર. એટલે રમેશ હાજર, છગનલાલ ગેરહાજર!! તમે પણ અહીં શરીરથી હાજર, મનથી ગેરહાજર.

મન ભયંકર છે. પેલો તંદુલિયો મત્સ્ય, ચોખાના દાણા જેટલો, કાયિક ધોરણે કોઇ પાપ કરવા સમર્થ નથી. પણ મન એવું મળ્યું – દ્રશ્ય જુએ છે કે હજારો જીવતા માછલાં સુતેલા મગરના મોંમાં જાય છે ને પાછા બહાર નીકળે છે. પોતાની એકેય માછલું ખાવાની તાકાત નથી. છતાં વિચારે છે – આ મૂરખ છે. આની જગ્યાએ હું હોઉં તો એકેને ન છોડું. ને પરિણામ સાતમી નરક. એ મત્સ્ય શરીરથી પાપ કરી શકતો નથી અને આપણે શરીરથી પાપ કરી શકતા હતા પણ પચ્ચક્ખાણ – પ્રતિજ્ઞા લીધી છે, માટે કરવાના નથી. છતાં પણ મન એ પાપો કરાવ્યા વિના રહેતું નથી.

**We are too foolish persons. જે પાપ કરવાના નહી. તે પાપના**

૧૬) આપત્તિ એ તો ગુણશ્રેણિની પરીક્ષામાં
જલ્દી પાસ થવાની સોનેરી તક છે.

– ઉચ્ચ પ્રકાશના પંથે



શ્રી મીલાપચન્દજી ભબુતમલજી કોઠારી
(વડગાઁવ) હુબલી

૧૭) આપણી હોંશિયારીથી જ અનુકૂળતા મળે છે
એવી માન્યતાને કારણે બીજાની સેવા લેવાનાં
બીજાના ભોગે સુખ મેળવવાના વિચાર પહેલા આવે છે.
પણ પરમાર્થ માટે જાતનો ભોગ આપવાની વૃત્તિ તો
છેલ્લેય આવવી મુશ્કેલ બને છે. – ઉચ્ચ પ્રકાશના પંથે



ફુલચન્દજી નિર્મલકુમારજી ભંડારી
(પાલી) હુબલી

૧૮) માનવજીવનની સફળતા સત્ત્વ વિકાસમાં છે. પશુની જેમ લાલચવશ અને વિષયમગ્ન થઈને સત્ત્વને હણવામાં નહીં. – ધ્યાન અને જીવન



સ્વ.શ્રી શાંતીબાઈ મૂલચંદજી
અમૃતલાલ મુલચન્દજી (બરલુટ) હુબલી

૧૯) સુકૃતથી દુષ્કૃત્યના ફળ રદ થતાં નથી

– ધ્યાન અને જીવન



પી. કે. જ્વેલર્સ (મંડવારીયા) હુબલી

૨૦) પોતાના આત્માને – પરમાત્માને ભૂલાવનારો,
૧૮ પાપ આચરાવનારો એવો જે જગતની ચીજ
પરનો રાગ, એ મોટો ગુન્હો છે, મોટી ભૂલ છે,
મોટું મૂળભૂત પાપ છે.
અપકૃત્ય છે.

– ધ્યાન અને જીવન.



શા.તારાચન્દજી શંકરલાલજી
(મંડવારીયા) હુબલી

૨૧) જેની જરૂરિયાત વધુ – સગવડ વધુ
એને વલોપાતની શક્યતા પણ વધુ
– ધ્યાન અને જીવન



રીલાયબલ અમ્બ્રેલા (બીજોવા) હુબલી

૨૨) સંસારની અસાર વસ્તુની ફજુલ ચિંતાથી કાળું મેશ કરવા માટે મન નથી મળ્યું. બીજાના વાંકે પણ આપણને આપણું મન બગાડવાનો અધિકાર નથી – *ધ્યાન અને જીવન*



બી. મહેન્દ્રા (કોટ) હુબલી

૨૩) મૂઢ માણસ સુખ–સંપત્તિની હુંફ માને છે.
સમજુ પુણ્ય અને ભાગ્યની હુંફ માને છે,
વિવેકી દેવ–ગુરુ–ધર્મના શરણની હુંફ માને છે.

– ધ્યાન અને જીવન



યતિન્દ્રા ઈલેક્ટ્રોનિક્સ (ધાણસા) હુબલી

૨૪) ભગવાનને 'મળવું' એટલે માત્ર દેખવું એમ નથી
કિન્તુ જગતને ભૂલીને ભગવાન તરફ મન
અને આંખ જોડવા એ છે. – *પીવત ભર ભર પ્રભુ ગુણ પ્યાલા*



પરમાર ઇન્ડસ્ટ્રીસ (કોશીલાવ) હુબલી

૨૫) પ્રીતિ ભક્તિ એ વીતરાગ પ્રભુને આપણા
દિલમાં બાંધવા માટેની સાંકળ છે.

*– પીવત ભર ભર પ્રભુ ગુણ પ્યાલા*



૨૬) આપણા દિલમાં દેવ–ગુરુનું જેટલું ઊંચું મૂલ્યાંકન – જેટલું ઊંચું સ્થાન–એટલી એમની આપણા પર કૃપા વધારે ગણાય – *પીવત ભર ભર પ્રભુ ગુણ પ્યાલા*



**શા.કાન્તીલાલજી બાબુલાલજી**
**(ચાન્દરાઇ) હુબલી**

૨૭) પ્રભુ ગુણો પર ઉછળતી પ્રીતિ વાંઝણી નથી હોતી.
એમાંથી સુંદર અને સ્વ પર કલ્યાણકારી સુકૃતો જન્મે છે.

*– પીવત ભર ભર પ્રભુ ગુણ પ્યાલા*



હિતેશકુમાર એન્ડ કું. (પોસીંતરા) – હુબલી

૨૮) કષાયોના આવેશ અને વિષયોની અતિ-આસક્તિથી શુષ્ક બનેલું દિલ ભગવાન મળવા છતાં ગદ્ ગદ્ ભાવ વિભોર થતું નથી. - *પીવત ભર ભર પ્રભુ ગુણ પ્યાલા*



પ્રકાશ ટ્રેડર્સ (આમલારી) - હુબલી

૨૯) શ્રાવકના ઘરમાં નીકળેલી કીડી-મંકોડીને
જાણે વિશ્વાસ હોય છે કે 'આ ઘરમાં જીવાડનારા
છે, મારનારા નથી' *- મીઠા ફળ માનવ ભવના*



ધનલક્ષ્મી એન્ટરપ્રાઇઝીસ (ચૌરાઉ) હુબલી

૩૦) ચોરી અને નારી બન્ને ચીજ જ એવી છે કે મન આખો દિવસ એમાં જ રમતું રહી મહા કલુષિત અને તામસી બને છે. ત્યાં સારી વિચારણા, સારી ભાવનાઓને સ્થાન જ નથી રહેતું.

*– મીઠા ફળ માનવ ભવના*



જૈન માર્બલ (સાયલા) હુબલી

૩૧) 'વ્યાખ્યાનમાં મોડા જઈએ તો ચાલે' એવા આદર વિનાના દિલથી અધુરેથી વ્યાખ્યાન સાંભળો તો એની ધારી અસર કેવી રીતે થાય?

– ઉચ્ચ પ્રકાશના પંથે



સ્વર્ણગિરી વાયર ઇન્સુલેશન પ્રા.લી.
(રેવતડા) હુબલી

**દંડ ભરવાના.** ઇલેક્ટ્રીસીટી વાપર્યા વગર બીલ, મોબાઇલ વાપર્યા વગર દસ હજારનું બીલ. આમ કેમ? જે પાપનો કોઇ આનંદ નથી. છતાં બીલ ચૂકવવાનું. ઢોસાવાળો તો ઢોસા ખાઓ ત્યારે બીલ માંગે. કર્મસત્તા તો વિચાર માત્રથી બીલ માંગે છે.

હિંસા – જુઠ આદિ પાંચેયનો ત્યાગ કર્યો. છતાં વિચાર આવ્યો – કરોડ રૂા. હોત તો કામ થાત. પેલો તો કરોડ રૂા. ની મજા કરી પાપ બાંધે છે. તું તો વિચાર કરી, મજા કર્યા વગર પાપ બાંધે છે. દુશ્મન કોણ? દુષ્ટ મન જ દુશ્મન છે.આપણા મને કેવી રમત આદરી છે!

ભયંકર સ્વાર્થવૃત્તિ – હું ને મારું. બીજો સંક્લિષ્ટ થાય, દુઃખી થાય, રડે, છતાં મારે તો મારો સ્વાર્થ સાધી લેવાનો! આપણા મને માનવભવમાં મળેલી બુદ્ધિને દુર્બુદ્ધિમાં ફેરવી નાંખી. અંતર્મુહૂર્તમાં કેવળજ્ઞાન અપાવનારું મન હવે અનંતકાળ સુધી કેવળજ્ઞાન આપે તેમ નથી.

દુનિયામાં જો કલ્પનાથી જ કામ થતું હોય, તો નીવિ વાપરવાની શી જરૂર? મનથી કલ્પના જ કરવાની છે.પણ કર્મની વાત ન્યારી છે. મનની કલ્પનાથી– વિચારણાથી આનંદ મળે કે ન મળે, પાપના પોટલા દંડરૂપે તો મળવાના જ છે. તત્કાલમાં મજા નહી ને ભવિષ્યમાં દંડ કેમ? મનનો વાંક. હવે એ ટાળવા માટે મનને ખૂબ કાબૂમાં લેવું પડે. મનને સ્થિર કરવું પડે.

તપાચારના બાર ભેદ ચાર દોષોને તોડવા માટે છે. (૧) આહાર સંજ્ઞા (૨) શરીરની મમતા – આસક્તિ (૩) સ્વાર્થથી ભરેલી દુષ્ટ બુદ્ધિ (૪) ભયંકર વિકલ્પોથી ભરેલું તોફાની મન.

બાહ્ય તપાચાર મુખ્યરૂપે પહેલા બે દોષ તોડવા માટે છે, અભ્યંતર તપાચાર મુખ્યરૂપે છેલ્લા બે માટે છે.

## <u>પોષ સુદ – ૩</u>

માનવજીવનને સફળ બનાવવા સૌથી પ્રથમ જરુરી છે વિનય. વિનય જ બધા સાચા ઉપાયોની પ્રાપ્તિનું મૂળ છે. વિનયપૂર્વક મળેલી સદ્વિદ્યા જ પરિણામે પણ સદ્વિદ્યા બને છે. વિનયથી મેળવવા યોગ્ય પણ વસ્તુ છે આત્મવિદ્યા. આ વિદ્યા તો જ સાર્થક થાય, જો સાથે શીલધર્મ જોડાય. શીલ એ જ જીવનની સુવાસ છે, વિદ્યાનું ગૌરવ છે, વિનયની સફળતા છે. શીલ સાથે જોઇએ શુભકાર્યો – સત્કાર્યો માટેની નિપુણતા... કોઇ પણ પરિસ્થિતિને કર્મનિર્જરા–પુણ્યની પ્રાપ્તિમાં પરિવર્તિત કરવાની નિપુણતા સાધકમાં હોવી જ જોઇએ. વિનય, વિદ્યા, શીલ અને નિપુણતા આ ચાર ના સહારે

જીવન સદ્ગુણોનો બગીચો બની જશે. સદ્ગુણો માનવજીવનરૂપી વૃક્ષપર ઉગતા સુંદર ફળો છે. અનાદિથી સેવાયેલા ને સંસ્કારભૂત થયેલા દુર્ગુણોને કાઢવા એમના પ્રતિપક્ષભૂત સદ્ગુણો જરુરી છે. પાંચ પરમેષ્ઠી ભગવંતો ! અમને આ પાંચ તત્ત્વ પ્રાપ્ત કરાવી આપના અનુગ્રહની સક્રિય અનુભૂતિ કરાવો !

દર્શન – જ્ઞાન–ચારિત્રનું આપાદાન કરે છે તપાચાર. જો સમ્યગ્દર્શન મેળવવું છે,જ્ઞાનની ભૂખ છે, ચારિત્રમાં દૃઢ બનવું છે, તો તે માટે તપ જરૂરી છે. તપથી આત્મા કોમળ થાય છે. જમીન કઠણ હોય ત્યાં સુધી બીજ ન ઉગી શકે. જમીન કોમળ જોઇએ. તેમ કોમળ આત્મા તે તે પ્રકારનો ધર્મ પ્રાપ્ત કરવા માટે – પ્રાપ્ત કરેલા ધર્મને ટકાવવા માટે સક્ષમ બને છે. કડક ચોખા ન પચે. અગ્નિના સંસ્કારથી પાકે પછી ભાત ખાઇ શકાય.

અગ્નિ કચરાનો નાશ કરે છે. બગીચો બનાવવો છે. પણ ડમ્પીંગ ગ્રાઉંડ હોય તો ન થાય. પહેલાં કેરોસીન નાંખો, આગ લગાવો. ડમ્પીંગ ગ્રાઉન્ડમાં રહેલા કચરાને બાળો, પછી જ બગીચો થાય. ભગવાનના વચનની દિવાસળીથી તપધર્મની આગ લગાવો. એનાથી ખોટી માન્યતા, આશંસા, કુસંસ્કારના કચરા બળી જાય. પછી જ જ્ઞાનાદિ ધર્મનો બગીચો બને. પહેલાં શુદ્ધિ કરો.

રાજાએ બે ચિત્રકારને છ મહિનામાં ચિત્ર બનાવવાનું કહ્યું. એકે પહેલા દિવસથી જ ચિત્ર બનાવવાનું શરું કર્યું. બીજાએ છ મહિના માત્ર દિવાલને ઘસી ઘસીને ચકચકિત જ કરી. રાજા જ્યારે ચિત્ર જોવા આવ્યો. ત્યારે પહેલા ચિત્રકારે દોરેલું ચિત્ર બીજા ચિત્રકારની ઘસેલી દિવાલ પર એવું સુંદર પ્રતિબિંબિત થયું કે તે જાણે પ્રત્યક્ષ રીતે જ શોભી ઉઠ્યું... અને ઇનામ બીજા ચિત્રકારને મળ્યું.

દર્શન - જ્ઞાન - ચારિત્ર એ ભાવચિત્ર છે. પણ જ્યાં સુધી સંજ્ઞાઓની મલિનતા છે ત્યાં સુધી ચિત્ર શોભતું નથી. તપદ્વારા આ મલિનતા નાશ પામે પછી તમારા જ્ઞાનાદિ ક્રિયાના સુંદર ચિત્રો જગતમાટે આકર્ષણનું કેન્દ્ર બને છે.

બાહ્યતપ શા માટે? અનંતકાળથી બે દોષો લઇને આવ્યા છીએ (૧) આહારસંજ્ઞા (૨) શરીરની આસક્તિ. તે તોડવા માટે છે. 'શરીરને સાચવો' 'શરીરં આદ્ય ખલુ ધર્મસાધનમ્' આ વાત ટ્રેનમાં જતાં કે ધંધા માટે દોડધામ કરતાં યાદ નથી આવતી. પણ ધર્મ કરતાં જ યાદ આવે. જગતમાં દોડધામ કરતાં પૂર્વે વિચારવાનું છે કે દુનિયામાં દોડધામ કર્યા પછી તું ધર્મ કરી શકીશ? પણ ત્યાં કષ્ટ આપવામાં વાંધો આવતો નથી.

પતિએ પત્નીને દસ લાખ રૂા. ના દાગીના કરાવી આપ્યા. પછી પરિસ્થિતિ બદલાઇ. પતિ કહે – મને દાગીના આપ, નહીંતર મારે મરી જવું પડશે. પત્ની કહે – ના,

એ તો મેં કટોકટીના સમય માટે રાખ્યા છે. પતિને મોત આવે તે સિવાય કઇ કટોકટી વિશેષ મોટી હોઇ શકે! છતાં પત્ની એમાટે આપવાની ના પાડે છે, ને કટોકટીની વાત કરે છે.

એક બાજુ શરીરને ધર્મનું પ્રથમ સાધન કહીએ ને બીજી બાજુ એ અવસરે શરીરને કષ્ટ દેવાથી છટકી જઇએ, તો પછી શરીર ક્યારે ધર્મનું પ્રથમ સાધન બનશે? ધર્મ માટે જ એ આદ્ય સાધન છે. અધર્મ રૂપ મોતથી બચવા – તેથી જ ધર્મ કરવા શરીર સાધન છે. ત્યારે જ શરીર કામ ન આવે, તો પછી બીજી કઇ મોટી કટોકટી – ભૂમિકા છે કે જેમાં શરીર કામ આવશે? આ શરીર ધર્મ માટે પહેલું સાધન છે. દુનિયામાં દોડવા નહી.

પણ આપણી આહાર સંજ્ઞા, દેહાધ્યાસ, શરીરની મમતા આ બધું ભૂતકાળથી વળગેલું છે. અનાદિના સંસ્કાર છે. તપની – ધર્મકષ્ટની વાત આવે તો કહે –શરીરને સાચવો, કોઇ શાસ્ત્રમાં કહ્યું નથી કે શરીરને કષ્ટ આપી ને ધર્મ કરો. જાણે કે પોતે શાસ્ત્રજ્ઞ શિરોમણિ છે. શરીર ટકાવવા આહાર જરૂરી છે. પણ તેમાં થયું એવું કે શરીર ભૂલાયું. સ્વાદ રહી ગયો. શરીરની મમતા કરતાં આહારનો સ્વાદ વધુ ભયંકર છે. ઘણાઓ તો આહાર પચાવવાની ગોળીઓ લે ને બીજી બાજુ ભરપૂર વાપરે. ખાવામાં ઘટાડો ન કરે. શરીર બગડે તો પણ ખાવું.

એક ભાઇ ડૉક્ટર પાસે ગયા – શરીર ખૂબ વધી ગયુ છે. ડૉક્ટર કહે – સવારના જ્યુસ, બપોરે લીલા શાક અને સાંજે સુપ વાપરો. થોડા દિવસ પછી પાછા ગયા. શરીર વધુ વધી ગયુ હતું. ડૉક્ટરે તપાસ કરી, તે ભાઇ કહે – હું મારું તો લઉં જ છું. ઉપરાંત તમે કહ્યું તે પણ લઉં છું. જુનું ન છોડે ને નવું લે, તો શરીર વધે જ ને! સ્વાદ છોડવા નથી, તો શરીર વધે ને આત્મા પણ કર્મથી ભારે થાય.

કેટલાકને શરીરની આસક્તિ કરતાં જીભના સ્વાદ વધુ પીડે છે. શિક્ષકે કહ્યું.– આપણે બધા ઓક્સિજન પર જીવીએ છીએ એ ઇ.સ. ૧૬૫૧માં શોધાયું. વિદ્યાર્થી કહે – તો એ પહેલાં લોકો કેવી રીતે જીવતા હતા?

તેમ મસાલાની શોધ ક્યારે થઇ? ઋષભદેવ ભગવાનના કાળમાં. જ્યારથી પોતાની જાતે રાંધીને ખાવાનું ચાલુ થયું ત્યારથી મસાલા શોધાયા. તો તે પહેલા શું હતું? તે પૂર્વે કલ્પવૃક્ષ આપતાં હતા. જાતે રાંધીને ખાવાનું છે. તો ટેસ્ટી બનાવીએ. મસાલા શોધાયા પછી શરીર ગૌણ બન્યું ને સ્વાદ મુખ્ય બન્યો.

બે દોષ તો અનાદિકાળના હતાં જ અને આ ભવે બીજા બે આવ્યા. પતિ – પત્ની તો હતા જ. હવે દીકરો – દીકરી આવ્યા. (૩) દુર્બુદ્ધિ – પલ્યોપમના માપ માટે વાત આવે છે કે એક ખાડો ખોદી તેમાં યુગલિકના વાળ એવા ઠસોઠસ ભરવાના કે

ચક્રવર્તીની સેના તેની ઉપરથી જાય તો પણ એકે વાળ આઘો - પાછો ન થાય. આ પ્રક્રિયા ક્યારેય થઇ નથી. માત્ર કલ્પના છે. પણ આપણી બુદ્ધિમાં ઠાંસી ઠાંસીને સ્વાર્થ ભર્યો છે, એ હકીકત છે. કેટલો સ્વાર્થ, તો પલ્યોપમના દૃષ્ટાંતમાં ખાડો જે રીતે ભરવાની વાત છે, એવી રીતે. જ્યારે જ્યારે કોઇના માટે ઘસાવાની વાત આવે ત્યારે સ્વાર્થનું બીલ આવી જ જાય છે ને? (૪) સંકલ્પો - વિકલ્પો - અનેક વિચારો - દુર્ભાવોથી મન ભરેલું છે. મન ચંચળતાથી યુક્ત છે.

આ ચારથી દર્શન - જ્ઞાન - ચારિત્રની આરાધનામાં ઘણી ઘણી ઉથલપાથલ થાય છે. આરાધના માટે નીકળીએ ને વિરાધનામાં પહોંચી જઇએ છીએ. એવું ક્યારેય નથી બન્યું કે પાપ માટે નીકળીએ ને ધર્મમાર્ગે ફંટાયા. પીક્ચર માટે નીકળ્યા ને પ્રતિક્રમણમાં પહોંચી જઇએ ! દુકાનમાં બેઠા હોઇએ ને તત્ત્વની ચર્ચા થાય, એવું નથી થતું! પરંતુ ધર્મના ક્ષેત્રમાં પાપના -સંસારના વિચારો - વાતો આવી જાય છે. આ વિચિત્ર પરિસ્થિતિ એ મનનું તોફાન છે.

આ આહારસંજ્ઞાદિથી જે કલંક - મલિનતા આવે છે. તેને દૂર કરવાની તાકાત તપની છે. તપ એટલે સત્ત્વ - ઇચ્છાનિરોધ. તપસ્યા જ માણસને મજબૂત બનાવે છે. દૃઢ બનાવે છે. પોતે જે નિર્ણય લીધો તેમાં ઉંડા ઉતારનાર - પાર ઉતારનાર છે. બાકી આપણે તો પેંજી - રાબ જેવા ઢીલા કે શિરા જેવા અડધા ઢીલા.

જેમ અગ્નિ બરડ લોખંડને વાળે, તેમ તપ આપણને વિનીત બનાવે છે. મિથ્યાત્વ ઝનુનથી કામ કરાવે છે, સત્ત્વશીલતા દૃઢતાથી કામ કરાવે છે. એક છે આવેગ અને એક છે ઉલ્લાસ. આવેગમાં આવેલો પણ વિચાર્યા વગર કરે ને ઉલ્લાસમાં આવેલો પણ વિચાર્યા વગર કરે. પણ એક પાપમાર્ગે લઇ જાય ને એક ધર્મમાર્ગે. ડર ન રાખે તે દૃઢતા. આમ તો ચોરને પણ ડર નથી હોતો. ડર રાખે તો ચોરી ન કરી શકે. પણ તે દૃઢ ન કહેવાય.

નફ્ફટ હોવું તે જુદુ ને દૃઢ હોવું તે જુદુ. બાપા સામે સીગરેટ ફૂંકે તે નફ્ફટાઇ કહેવાય. દૃઢતા ન કહેવાય. પ્રજાપાલ રાજાના દરબારમાં સુરસુંદરી જાહેરમાં રાજકુમારને ટીકી ટીકીને જુએ છે, તે નફ્ફટાઇ કહેવાય. દૃઢતા નહી. મયણાસુંદરી દૃઢતાનું પ્રતીક છે. જિનવચનમાં દૃઢ છે. મારા કર્મમાં હશે તેમ થશે. આસક્તિ નફ્ફટ બનાવે છે. વિરક્તિ દૃઢ બનાવે છે. માણસ જે જે ચીજમાં આસક્ત થયો, તે તે વિષયમાં નફ્ફટ બને. દીકરો રૂપિયામાં આસક્ત થયો તો સગા બાપને એક રૂપિયો પણ ન આપે. બાપાને વૃદ્ધાશ્રમમાં મોકલી દે.

તપ દૃઢતાથી પકડશો, તો જ ચાર દોષો નીકળશે. પણ એક દિવસ નીવિ

બરાબર ન થઇ. મચ્છરદાનીમાં મચ્છર ઘુસી ગયો. તો સાહેબ! પરાવો પૌષધ! તે ન ચાલે. દઢતા વગર કામ નથી થતું. માણસ તપસ્વી થાય છે ને દઢ થાય છે. એક મહાત્મા નીવિની ગોચરી વાપરે ને બીજા મહાત્મા આંબેલની, તો આંબેલવાળા ઢીલા ન પડે. તપનો પ્રભાવ છે કે એને નીવિનું આકર્ષણ જ ન હોય, બીજાને લાવી આપે. ભક્તિ કરે, આગ્રહ કરે ને પોતે ઠંડુ મગનું પાણી પીએ. તપથી આ દઢતા આવે.

છ બાહ્ય તપમાં અણસણ, ઉણોદરી, કાયક્લેશ ને સંલીનતા મુખ્યરૂપે શરીરની આસક્તિ -મમતા તોડવા માટે છે. કકડીને ભૂખ લાગી છે, શરીર ખાઉં ખાઉં કરે છે. પહેલાં પેટમાં ઉંદરડા દોડતા હતા. પછી બિલાડા દોડવા માંડ્યા. હવે તો ઘોડાની રેસ લાગી છે. છતાં કમ સે કમ સૂર્યોદય પછી ૪૮ મિનિટની રાહ જો. શરીર માંગે ને તરત આપી ન દે. શરીરની મમતા તોડ. ચોવિહાર કર્યા પછી ભૂખ લાગે છે. નહી ખા, તું કાંઇ શ્રીયકનો અવતાર નથી કે નહીં ખાય તો મરી જઇશ. છ વાગ્યા સુધી તો ખાધું છે. પણ શરીર ખાઉં ખાઉં કરે છે. પછી આપણે ઇંધણ આપી દઇએ. આપણે જાણે કે દેવ છીએ – ને કહીએ છીએ... માંગ, માંગ, માંગે તે આપું. શરીર વતી જીભ બોલે – મને રાતે બાર વાગે ફલાણી હોટલમાં પાઉંભાજી ખાવી છે. 'તથાસ્તુ'.

વશરામ ભુવાના ખેતરમાં દલો તરવાડી ઘુસી ગયો. પેલો ગેરહાજર હતો. આ તરવાડીએ ખેતરને પૂછ્યું – લઉં બે ચાર રીંગણા? ને ખેતર વતી જવાબ પોતે જ આપી દીધો – લે ને દસ બાર!

આપણાં શરીર નામના ખેતરમાં મન દલા તરવાડીનું કામ કરે છે, કેમકે માલિક આત્મા ગેરહાજર નથી પણ સુઇ ગયો છે. મન જ જીભ દ્વારા પૂછે છે. ખાઇશું ઇડલી ઢોસા! ને પોતે જ જવાબ આપી દે છે, એકલા ઇડલી – ઢોસા શું કામ? ખાને સાથે આઇસ્ક્રીમ કે પીને સાથે રસ! મનને ખાવાની લેશ્યા પડી છે.

શ્રીમંત અને ગરીબ વચ્ચે એ જ ફરક છે, **શ્રીમંતને ભૂખ લાગે ત્યારે ખાવાનું છે. ગરીબને મળે ત્યારે ખાવાનું છે**. પણ પરિસ્થિતિ ઉંધી છે. શ્રીમંત ભૂખ લાગે તે પૂર્વે જ ખાઇ લે છે, ને ગરીબને ખાવાનું મળતું જ નથી. શ્રીમંતોનો સિદ્ધાંત છે કે રોગ આવે તે પહેલાં સાવચેતીના પગલા ભરી દેવા. તેમ ભૂખ લાગે તે પહેલાં ભોજન કરી લેવું. પણ ભૂખ લાગે તે પહેલાં ભોજન કરનારા મોટે ભાગે બીમાર પડે છે.

અણસણ = રાહ જુઓ, wait. શરીર તો ભૂત છે, માંગે. પણ તું તરત શું આપે છે? રાત ગઇ, હવે વાપરું? ના. તો સૂર્યોદય થયો, હવે વાપરું? ના. ૪૮ મિનિટ પછી. નક્કી કરો શરીર માંગે તેના ૧ કલાક પછી આપવું. રાહ જુઓ. અણસણ એટલે શરીરની મમતા તોડવાનું બેસ્ટ સાધન.

અણસણ એટલે માંગે ત્યારે નહી આપવું.

ઉણોદરી એટલે માંગે એટલું નહી આપવું.

રસત્યાગ એટલે માંગે એ નહીં આપવું!

વૃત્તિસંક્ષેપ એટલે માંગે એટલીવાર નહીં આપવું!

શરીરને કકડીને ભૂખ લાગે, ખાઉં ખાઉં કરે. શાસ્ત્રમાં આવે છે. સાધુને ભૂખ લાગે ને પ્રથમાલિકા-નવકારશી કરે તો કેટલું વાપરે? 'એગભત્તં ચ ભોયણં' એકાસણું એ તપ નથી, રોજ એક ટંક ભોજન એ પ્રભુની આજ્ઞા ને શરીરની જરુરિયાત છે. તેથી એ તપ નથી. માટે આયંબિલથી જ તપ શરુ થાય. સખત ભૂખના કારણે એકાસણું સુધી રાહ જોઇ શકતો નથી, એકવારમાં ચોવીસ કલાકનું ભાથુ ભરવા સમર્થ નથી, ઇત્યાદિ કારણથી જ નવકારશી કરવાની. તો કેટલું વાપરવું? ચાર કોળિયા. તીવ્ર ભૂખ લાગી હતી. તે ચાર કોળિયાથી ઠંડી પડશે. પછી તું બાર વાગ્યા સુધી ખેંચી શકીશ. આપણે નવકારશી પણ કરીએ તો કાં'ક કર્યાનો સંતોષ માનીએ છીએ, તેથી બેસણા-એકાસણાનો પણ નંબર તપમાં ગણાય છે, જેમકે આજે દેરાસરમાટે પણ ચાલતા જતાં જોર પડે છે, તેથી ચાલવું એ કસરત-વ્યાયામ-કે શોખ ગણાઇ ગયો.

માંગે ત્યારે ન આપવું અને માંગે એટલું ન આપવું તો જ શરીરની આસક્તિ તૂટશે. બાકી શરીર તો એવું છે કે કામ લેશો તો ભૂતની જેમ કામ કરશે ને લાડ કરશો તો બાળકની જેમ રમ્યા જ કરશે. એકના એક લાડકા દીકરા કરતાં વધુ લાડકું થઇ જશે. એને રમાડચા કરવું છે કે એની પાસેથી કામ લેવું છે?

તમને મળેલું શરીર કરોડ રૂા. નો દાગીનો છે કે કરોડ રૂા. નું મશીન છે? બંને કરોડ રૂા.નાં, પણ ફરક શું? પૂર્વના ઘણાં ભવોની કથાઓ - વ્યથાઓ - કષ્ટ - પીડાઓ સહન કર્યા પછી આ માનવભવનું શરીર મળ્યું. ઘણીવાર બળદ બની ઘાણી પીલી છે. ગાય બની કરોડો લિટર દૂધ આપ્યું. એ પછી આ શરીર મળ્યું. માટે માનવભવનું શરીર કરોડથી વધુ કિંમતવાળું છે.

કરોડ રૂા.નો દાગીનો લોકરમાં મૂકવા માટે છે, ને કરોડ રૂા.નું મશીન ૩ પાળી કામ લેવા માટે છે. વર્તમાનમાં દાગીનાની હાલત એવી છે કે એ લોકરમાં જ રહે ને બેન્ટેક્સ પહેરાય. દાગીનો સ્થિર મિલકત છે - મોંઘવારી સાથે વધતા ભાવવાળી મિલકત છે. જ્યારે મશીન ઘસારાને આધીન છે. ઉપયોગમાં લો તો ઉપયોગી થઇ ઘસાય ને ઉપયોગમાં ન લો, તો પડચું પડચું કટાઇ ને ઘસાય.

શરીર સતત ઘસારાને આધીન છે, માટે દાગીનો નથી, મશીન છે. એને દાગીનો માનશો, તો મૂરખ ઠરશો. ખમાસમણા બેઠાં બેઠાં આપો કે ઊભા ઊભા? જો

દાગીનો માનો, તો સાચવી રાખો. જો મશીન સમજો, તો કામ લઇ લો. અલબત્ત મશીનમાં પૂરવું પડે કે જેથી કીચુડ કીચુડ અવાજ ન કરે. પણ એટલું નહીં પૂરવું કે કપડા બગડે. મશીન જ ન ચાલે. ત્રણ ટાઇમ કામ આપે એટલું જ આપવું. તે રીતે શરીરને જરૂર પુરતો જ આહાર આપવો.

શાસ્ત્રમાં દ્રષ્ટાંત આવે છે, કેટલું વાપરવું? ગુમડા પર જેટલો જરૂરી હોય તેટલો જ મલમ મુકાય છે. તેમ શરીરને પણ સાધના કરતાં અટકી ન પડે તેટલો જરૂરી આહાર આપવો. ચિલાતીપુત્ર સુષમાને લઇ દોડ્યો. પાછળ શેઠ અને તેના ૬ પુત્ર દોડે છે. ચિલાતીપુત્રને ડર લાગ્યો. હું પકડાઇ જઇશ. જંગલમાં ખૂબ અંદર ઘુસી ગયો. પાછળ પેલા પણ દોડ્યા. દોડવામાં કોઇએ ન વિચાર્યુ કે આપણે જંગલમાં ખૂબ અંદર ગયા છીએ. ભાગતા ભાગતા થાકી ગયેલા ચિલાતીપુત્રએ સુષમાનું ડોકુ કાપી નાંખ્યુ. ધડ પડ્યું. શેઠે જોયુ. મડદું પડ્યું છે. હવે પ્રયોજન પૂરું થઇ ગયું.

માણસ પાસે પ્રયોજન હોય, ત્યાં સુધી જુસ્સો હોય. પણ પ્રયોજન પૂરું, જુસ્સો પૂરો. ઝનુન પૂરું. અત્યારે પુરિમડ્ઢ નીવિ કરો છો. ઘરે ગયા પછી? આ જુસ્સો ખતમ. શેઠ આદિને ભયંકર થાક ને કકડીને ભૂખ લાગી છે. બહાર નીકળતા દિવસો લાગશે. ત્યાં સુધીમાં મોત આવી જાય. હવે શું કરવું? બાપાએ કહ્યું – જોઇ લીધું સંસારનું સ્વરૂપ! જે દીકરી માટે દોડ્યા તે તો ન જ મળી. તેને પણ ન મળી ને આપણને પણ ન મળી. સાચે જ સંસાર અસાર છે. વિચાર છે દીક્ષા લઇ લઇએ, પણ બહાર નીકળશું તો ને! આજુબાજુમાં ખાવાની તપાસ કરી. કાંઇ મળ્યું નહી. બાપા કહે – અહીં ડહાપણનું કામ કરવું પડશે. બધા મરે તે ન ચાલે. હું ઘરડો થયો છું. મને મારીને માંસ ખાઓ. બધા બોલ્યા. ના – ના. દરેક દીકરા મરવા તૈયાર થઇ ગયા. પણ કોઇ મારવા તૈયાર નથી. બાપાએ યુક્તિ લડાવી. દીકરી ભલે વ્હાલી હતી. પણ અત્યારે એનું કલેવર પડ્યું છે. એનું જ માંસ ખાઇ લઇએ. પોતાની પ્રિયતમ દીકરી કે બહેનનું માંસ કેટલું ખાધું હશે? કેવા ભાવથી ખાધું હશે?

આ ઉપમાથી સાધુ ગોચરી કરે. સાધુ વાપરતાં પહેલાં સુષમાને, તેના બાપ-ભાઇને યાદ કરે ને વાપરે. સાધુ વિચારે – મારા ભગવાનના પ્રિય આ એકેન્દ્રિય જીવોના કેટકેટલા કલેવરોથી આહાર બનેલો છે! પછી તેમાં સ્વાદ આવે? મારે ખાવું છે, કારણ મારે સાધના કરવી છે. તો ‘મજા આવી’ એમ કહે? ના, હૈયે તો હાયકારો હોય, ને કેટલું ખાય? છલકાય જાય એટલું? ના. ભૂખ શાંત થાય તેટલું ખાય. સરસ કઢી! એકેન્દ્રિય જીવોના મડદા માટે આવું બોલાય? કેટલું વાપરવું? આવતી નીવીના બાર વાગ્યા સુધી શરીર ટકે તેટલું વાપરવું. શરીરની મમતા માટે નહી. શરીર ટકે તે માટે વાપરવું. ખાવા

માટે જીવવું કે જીવવા માટે ખાવું? બંને નહી. જીવીને શું કરવું છે? બધાને શીશામાં ઉતારવા છે? મેચ જોવી છે? ગપ્પા મારવા છે? ના. જીવવા માટે ખાવાનું નથી કે ખાવા માટે જીવવાનું નથી. પણ **સાધના કરવા માટે જીવવાનું છે, અને તે માટે વાપરવાનું છે.** આ જિનશાસનનું ગણિત છે.

આ શરીરને એ માટે જ ટકાવવું છે કે જેથી એ મારી સાધનામાં પોષક બને. જ્ઞાતાધર્મકથામાં દ્રષ્ટાંત છે. વિજયચોરે શેઠના એકના એક દીકરાનું ખૂન કર્યું. દાગીનાના લોભથી ખૂન કર્યુ. ચોર પકડાયો. જેલમાં પુરવામાં આવ્યો. જોગસંજોગથી કોઇક નાના અપરાધમાં શેઠ પકડાયા અને તે જ જેલમાં બેડીનો એક ભાગ વિજય ચોરના હાથમાં ને બીજો ભાગ શેઠના હાથે. બેડીનો એક ભાગ વિજય ચોરના પગે ને બીજો ભાગ શેઠના પગે. સાથે જ ઉઠ - બેસ કરવાની. શેઠાણી શેઠ માટે ઘરેથી ભોજન લઇ આવી. ચોર કહે - શેઠ! મને પણ આપો. શેઠ - અરે જા, જા, મારા દીકરાના હત્યારા! તને નહીં આપુ. શેઠે ખાધું. થોડીવારે શંકા થઇ. ઈમ્પોર્ટ થાય એટલે એક્સપોર્ટ તો કરવું જ પડે ને! ચોર ઊભોજ ન થાય. ઘણી આજીજી કરી. છતાં ના. આવતી કાલે જમવાનું આવે તે આપવું પડશે તે નક્કી કરાવ્યું. પછી ઊભો થયો. બોલો આપે કે નહી? બીજે 'દિ શેઠાણી જમવાનું લઇ આવી. શેઠે ચોરને જમવા આપ્યુ. શેઠ વિજય ચોરને જમાડે તેમાં લાગણી કેટલી ને મજબૂરી કેટલી? સો ટકા મજબૂરી.

શેઠ તરીકે આત્મા છે ને વિજયચોર તરીકે શરીર છે. આત્મા શરીરને ઠપકો આપે છે. હે શરીર! અનંતકાલથી તેં મને ભટકાવ્યો છે. જ્ઞાનાદિને તે અટકાવ્યા છે. મારા અનંતસુખથી તેં મને અટકાવ્યો છે. તું હરામખોર છે. મારી સાધના - સમાધિને ભ્રષ્ટ કરી નાંખી છે. હવે તને ખાવાનું નહી આપું... શરીર કહે - કાંઇ નહી. હું તને મદદરૂપ નહી થાઉં. ખમાસમણા આપવાના સમયે ઊભો જ નહીં થાઉં !

આ શરીરના કારણે જ અનંતકાળથી ધર્મથી ભ્રષ્ટ થયા. ભગવાનના વચન ભૂલ્યા, રાત્રિભોજન કર્યા. ધર્મ ન કર્યો, દરેક આરાધના - સાધનામાં અખાડાબાજી કરી. આ હરામખોરે જ અનંતકાળ ભટકાવ્યો. પણ તેને કર્મસત્તાએ આપણી સાથે એક જ બેડીમાં જોડ્યું છે. એ આપણી શાંતિ-પ્રસન્નતા-આરાધનાનો હત્યારો છે. છતાં આપણી મજબૂરી છે, એનાદ્વારા જ સાધના કરી કર્મમળ દૂર કરવાનો છે. તેથી તેને ખાવાનું આપવાનું છે. કેવી રીતે આપશો? માંગે ત્યારે ન આપવું (અનશન) ને માંગે તેટલું ન આપવું - (ઉણોદરી).

છગને મગનને પૂછ્યું - તું ક્યારથી કામે લાગ્યો? મગને કહ્યું - જ્યારથી શેઠે કાઢી મૂકવાની ધમકી આપી ત્યારથી.

શરીરને તપમાં લગેલું જોઇ કોઇ પૂછે – તું ક્યારથી સારા કામે લાગ્યું? ત્યારે એ કહે – જ્યારથી મારા આ (આત્મા) શેઠે મને અનશન કરીને ખતમ કરી નાખવાની ધમકી આપી છે, ત્યારથી. વિવેકી ધર્મી વ્યક્તિનું ગણિત આ જ હોય, જ્યાં સુધી શરીર સંયમ, તપ, બ્રહ્મચર્ય, વૈયાવચ્ચ, સ્વાધ્યાયઆદિ યોગમાં કામ લાગે, ત્યાં સુધી ભોજન, પછી અનશન.

ટાઇમે પગાર નહીં ને કામ પૂરેપૂરું. દેરાસર ચાલ. શરીર કહે – સ્કુટરપર જઇશ. શાનું સ્કૂટર પર? ચાલતા – ખુલ્લા પગે જવાનું. પ્રતિક્રમણમાં ખમાસમણા આપ. શરીર કહે – બેઠા બેઠા આપીશ. સામે કહો – ના. ના, તેં આ વિચાર કર્યો? તો બીજા ૧૦૦ ખમાસમણા એકસ્ટ્રા આપવાના. આ વાળ કાપવા સલૂનમાં નહી જવાનું. જાત જાતના કટ નહી. પણ ઉખેડી જ નાંખીશ. આ કાયક્લેશ, (૪) સંલીનતા :- શરીર થનગને – 'મારે વરઘોડો જોવા જવું છે. પીકનીક જવું છે' એને કહો 'ચૂપ બેસ! તારે જરાપણ હલવાનું નથી. કામ કરતાં નાટક કરે છે ને અત્યારે ફરવાનું મન થાય છે. મારા કામ વખતે તારે દોડવું પડશે. ને કામ નથી તો ચૂપચાપ બેસી જા. શરીરની મમતા તોડવા આ જાતજાતની પ્રક્રિયા છે. શરીરને આરામ આપવાનો, પણ મનની ઇચ્છા મુજબ નહી. આત્માની ઇચ્છામુજબ આપવાનો.

પૂ. ભુવનભાનુ સૂરિ મહારાજ, સાંજે બાર કી.મી. નો વિહાર કરીને આવ્યા. પહોંચીને સંથારવાને બદલે પેડ–પેન લઇ લખવા બેસી ગયા. પગ થાક્યા તેને આરામ. મગજ અને હાથે આરામ કર્યો છે, તેની પાસેથી કામ લો.

શરીરની મમતા નામની ડાકણ વળગી છે, તેને કાઢવા ભગવાને ભુવા બનીને ચાર ઉપાય બતાવ્યા.

૧) માંગે ત્યારે નહી આપવાનું (૨) માંગે તેટલું નહી આપવાનું. (૩) આપવાના બદલામાં કામ કસ કાઢીને લેવું (૪) આરામ જરા પણ નહી.

## પોષ સુદ – ૪

આપણી વૃત્તિઓ ક્રોધાદિ અસદ્ભાવોથી ખરડાયેલી છે, સાધુપદના જાપથી એ અસદ્ભાવો ટળે છે ને ક્ષમાદિ શુભભાવો પ્રવેશ પામે છે. સાધુઓના ક્ષમાદિ દસ યતિધર્મ આકાર પામે છે ઉપાધ્યાય પદના જાપથી. કર્મબંધમાં મુખ્ય કારણભૂત કર્તૃત્વભાવ વૃત્તિમાંથી હટે છે. 'મેં કર્યું'ના સ્થાને 'મારાથી થયું' એથી કર્મપ્રધાનભાવના શરુ થાય છે. જ્ઞાનનો પરિપાક કર્ત્તૃત્વભાવનો નાશક છે. આચાર્યપદના જાપથી 'મારાથી થયું' એવું ગૌણ કર્ત્તૃત્વ પણ નાશ પામી માત્ર સાક્ષીભાવ બાકી રહે છે. 'આ જે

થયું, એનો હું માત્ર સાક્ષી છું'. આમ અહંકારનો નાશ થયો. પણ અરિહંતપદની આરાધનાથી પછી એ સાક્ષીભાવ પણ ગૌણ થયો - અલોપ થયો-પરમ ઔદાસીન્યભાવ પ્રગટ થાય છે. 'જે થાય છે, તે થાય છે, નથી થતું તે નથી થતું' જીવને કશી લેવા-દેવા નથી. સિદ્ધપદ આપણને તટસ્થ પદ આપવા તૈયાર છે. તેઓ લોકસાગરના તટે-કિનારે બિરાજી જગતના સ્વરૂપને જોયા કરે છે. પરમ નિષ્ક્રિયતાથી જ્ઞાનનો-જોવાનો અનંત આનંદ માણ્યા કરે છે. આમ અરિહંતપદના જાપથી વૃત્તિસંક્ષય થયા બાદ સિદ્ધપદના જાપથી ક્રિયાનો પણ સંક્ષય થઇ જાય છે.

સાધુને નમસ્કાર કેમ? ગુણનિધાન, સર્વસંગત્યાગી, સર્વસાવદ્યત્યાગી તો છે જ. પણ તેનાથી મને શું લાભ? કયા વિશેષગુણથી નમસ્કાર કરાય છે? સહાયકપણું. જેનાથી મારી સ્વાર્થવૃત્તિ દૂર થાય છે. ઉંચાઇએ પહોંચેલા ઉપાધ્યાય ભગવંત વિનય કરતાં થાકતા નથી. આચાર્ય જેટલીવાર ઊભા થાય તેટલીવાર વારંવાર ઊભા થવાનું. કેટલાક તો જૈન હોવા છતાં દેરાસરના બાકડે બેઠા હોય ને સામે સાધુ મહારાજ દેખાય તો મોં ફેરવી દે. જોઇએ જ નહી તો વિનય કરવો ન પડે!

આપણામાં અનાચાર સહજ છે. કલાકો ટી.વી. જોયા પછી પણ થાકતા નથી. ને જરાક પ્રતિક્રમણ મોટું થાય કે સ્તવન લાંબુ ચાલે તો કંટાળો આવે. બસની લાઇનમાં કલાક ઊભા રહેવું ખટકતું નથી ને પૂજાની લાઇનમાં ૧૫ મિનિટ ઊભા રહેવું ગમતું નથી. હે આચાર્ય ભગવંત! અમને પંચાચારમય બનાવો. જ્ઞાનાચારથી આત્માને શાંતિ-સમાધિ મળે. પણ શામાટે કયુ જ્ઞાન ભણવું તે હજી સેટ નથી થતું. ડીગ્રી, નોકરી, કેરીયર માટે ભણવું છે. પણ સદ્ગતિ - પરલોક આપે તેવા જ્ઞાનમાં રસ નથી. આપને નમસ્કાર કરવાથી અમને પણ જ્ઞાનાચાર મળો. વિવેકદ્રષ્ટિ પ્રાપ્ત થાઓ.

દર્શનાચાર - જ્યાં આપણને થાય કે 'આ મેં કર્યુ' ત્યાં તેવી ભૂમિકામાં આચાર્ય ભગવંત બધે ભગવાનનો અનુગ્રહ બતાવે છે. સતત પ્રભુની યાદ - ઉપકાર - સ્મૃતિ છે. પરમાત્માની ભક્તિરૂપે, આજ્ઞામુજબ જીવવા રૂપે, જગતને સતત ઉપદેશ આપવારૂપે - દેશનાદિથી તો સમ્યગ્દર્શન છે જ. તેમને નમસ્કાર કરવાથી સમ્યગ્દર્શન મળે. વૈરાગ્યની પ્રાપ્તિ થાય. વૈરાગ્ય નથી તો પેટ ચોળીને શૂલ ઉત્પન્ન કરવાની જેમ રાગ-દ્વેષ કરી દુઃખી થાય છે.

**ચારિત્રાચાર** - આચાર્ય ભગવંત વર્ષોના વર્ષો જીવન એવી રીતે જીવે છે કે ભોજન છે, છતાં તે નિમિત્તે પાપ નથી. ચાલવું, ઊભા રહેવું, સુવું બધી પ્રવૃત્તિ કરવાની, પણ તેના નિમિત્તે પાપ નહી. આવી વિશિષ્ટ આરાધના છે. હે આચાર્યો! અમે પણ આવું નિષ્પાપ - નિર્દોષ - પવિત્ર જીવન જીવી શકીએ તે માટે અમને ચારિત્રાચાર આપો.

તેના દ્વારા અમને વિરતિ પ્રાપ્ત થાઓ. જ્યાં પાપ દેખાય, ત્યાં અટકી જઇએ.

આપણે પાપના ક્ષેત્રે ધસી જઇએ છીએ અને ધર્મના ક્ષેત્રે ખસી છીએ. પાપના ક્ષેત્રે ધસીએ અને પછી પશ્ચાત્તાપ કરીએ, એ રાંડ્યા પછીનું ડહાપણ શું કામનું? ગરમ દૂધને ફૂંક મારવાની હતી. પણ દૂધનો દાઝેલો જેમ છાસ ફૂંકીને પીએ.

તેમ સંસારના કડવા અનુભવથી દુઃખી થઇને તમે ધર્મ કરતા વિચાર કરો છો – સાવધ થાવ છો. સંસારમાં સાહસ કરીને પસ્તાયા... તો હવે ધર્મમાં સાહસ નહીં કરવાનું! અલ્યા, તું દૂધથી દાઝ્યો છે, તો ફરી દૂધ આવે ત્યારે ફુંક મારજે... ઠંડી છાશને શું ફૂંક મારે છે ! સંસારના પ્રસંગથી દાઝેલાએ ફરી એવા પ્રસંગમાં સાવધ રહેવાનું છે... પણ તે નુકસાનરૂપે નહીં દઝાડતા ધર્મ અંગે સાવધતાની વાત કરે છે. પણ પછી પાછા સંસારના ભાવમાં તો સાહસ કરી જ નાખે છે.... છે ને રમત, દૂધથી દાઝવું... છાશ ફૂંકવી ને પછી પાછું દૂધ ફુંક્યા વગર પીવા જતાં દાઝવું!

'નમો આયરિયાણં' મંત્ર જાપ કરી આચાર્યભગવંતો પાસે પ્રાર્થના કરો – અમે ધર્મમાં ધસી જઇએ ને પાપથી ખસી જઇએ – અમને પાપમાં ડર – પીછેહઠ અને ધર્મ કરવામાં સાહસ મળો. જેમાં પાપ દેખાય તેમાં વિરતિ મળો.

**તપાચાર** – અનાદિકાળથી દેહાધ્યાસ ચાલુ છે. શરીરની મમતા ને જીભના ચટકા – આહારસંજ્ઞા અનાદિકાળથી વળગેલાં છે. જ્યારે જ્યારે મનુષ્યભવમાં આવીએ, ત્યારે બીજા બે ચોંટી વળગે છે. માનવભવના સ્ટેશન પર ઉતરીએ ત્યારે લેવા આવી જાય છે. **સ્વાર્થમયબુદ્ધિ** – દરેક કાર્યમાં 'હું' જ. સ્વાર્થ જ દેખાય. **ચંચળમન** – સતત સંકલ્પ વિકલ્પથી ભરેલું મન. મન ક્યાંય શાંતિથી બેસતું જ નથી. સતત ઉંધા – ચત્તા વિચારો કરે. રાતે બે વાગે પરમ શાંતિના વાતાવરણમાં પણ આડુ – અવળુ ભટક્યા કરે. આ ચારના કારણે જે જ્ઞાનાચાર – દર્શનાચાર – ચારિત્રાચાર મળ્યા છે, તેમાં અતિક્રમાદિ દોષ લાગે છે. ગરબડ થાય છે. ડાઘા પડે છે.

દેરાસર દર્શન કરવા જવું છે, પણ ભૂખ લાગી છે. જમી લઇએ – આહારસંજ્ઞા. ગાથા ગોખવાનો મુડ નથી. કેમ? પેટ ખાલી છે. જ્ઞાનાદિની અશુદ્ધિ દૂર કરવાની ભઠ્ઠી એટલે તપાચાર. પરમ વિશુદ્ધિનું સ્થાન એટલે તપાચાર.

શરીરની મમતા–રાગ – આસક્તિ તોડવા માટે ચાર બાહ્ય તપ છે.

**અણસણ** – માંગે ત્યારે નહી આપવું, **ઉણોદરી** – માંગે તેટલું નહી આપવું. પેટ તો માંગ્યા જ કરશે. માંગ્યા પછી પણ વેઇટ કરો. તને જરૂર ૩ ર કોળિયાની છે. તો બે – પાંચ ઓછા આપીશ. તારી ઇચ્છા બે પેંડાની છે. તો એક જ આપીશ. ઇચ્છા થઇ ભરપૂર સુકો–મેવો ખાવાની. તો ઉણોદરી કરીશ. **કાયક્લેશ** – શરીર પાસે કામ તો પૂરેપુરું જ

કરાવવાનું. બે મજૂરનું - ડબલ પગારનું કામ કરાવવું. શરીરને જરાપણ સુખશીલ ન બનાવવું.

મોક્ષમાં તો સુખ છે જ, પણ સંસાર માં પણ સુખી થવું હોય તો દશવૈકાલિક માં ઉપાય બતાવે છે. 'આયાવયાહિ ચય સોગમલ્લં, કામે કમાહી, કમિઅં ખુ દુક્ખં' સામેથી કષ્ટ સહન કરો. સુખશીલતા છોડો. દિવસે કાળી મજૂરી કરીને પણ રાતે એ.સી.માં સુવાનું નહી. સંથારા પર. સુવાનું ખરું, પણ કુક્કુડીય પાયપસારણ... પોંચી-પોંચી-સુંવાળી ગાદી નહી. પડખું ફેરવવું જ પડે તો ઊભા થઇ જવું. જ્યારે કામ લેવું છે, ત્યારે તો પૂરે પૂરું જ લેવાનું. હવે કામ ન આપે, થાકી ગયું છે, તો સુખશીલતાથી સુવાનું નહી. આરામ કરવો છે તો સ્થિરાસનમાં... પગ પસારીને નહી.

**સંલીનતા** એટલે વગર કારણે શરીરને શ્રમ નહીં આપવો. તો એને પંપાળવું પણ નહી. બેસાડી પણ ન રાખવું. માંગે તેવો આરામ નહીં આપવો. માણસો સવારે ફૂટબૉલ રમે ને દેરાસરમાં ખમાસમણા બેઠા બેઠા આપે. પ્રતિક્રમણ બેઠાં બેઠાં કરે. જોગીંગ કરવા કેમ જાઓ છો?શરીરને કષ્ટ જ આપવું છે, તો ચૈત્યપરિપાટી કરો. દેરાસરમાં કાજો લો, દેરાસરના વાસણો ધોવાનું રાખો. જે કર્મનિર્જરા ન કરાવે તેવા કષ્ટદાયક કામો કેમ કરવા?

એક ભાઇ દસ હજારનો માલ ખરીદે ને શેઠને કહે - તમે જ પૈસા ભરો. શેઠ કહે - એક તો મારો માલ લેવાનો ને રૂા. પણ મારા જ. તે મને ન પરવડે.

તેમ એક તો શરીરને ખાતર કષ્ટ મારે સહેવાનું ને બીજી બાજુ કર્મબંધ પણ મારે. તે મને ન પરવડે. ફૂટબોલ રમવારૂપે શરીરને વગર કારણે કષ્ટ આપે અને પછી ધર્મમાં સુખશીલ બને. સવારે જોગીંગ - વૉકીંગ કરે અને દેરાસરમાં પૂજાની લાઇનમાં ઊભો પણ ન રહી શકે. પ્રતિક્રમણ પહેલા ઊભા ઊભા ગપ્પા મારે ને પછી આખું પ્રતિક્રમણ બેઠા બેઠા કરે, આ કેમ ચાલે. અત્યાર સુધી અનંતાભવોમાં શરીર ખાતર કર્મબંધ કર્યો છે. હવે આ ભવમાં કર્મનિર્જરા માટે શરીરનો પૂરે પૂરો કસ કાઢી લેવાનો છે. જે રીતે શેરડીવાળો શેરડીના સાંઠાને મશીનમાં નાંખે, ૧ ટીપું પણ રસ દેખાય ત્યાં સુધી તેને મશીનમાં નાંખ્યા જ કરે. પછી ફેંકી દે? ના. એ કુચાના પણ પૈસા ઉપજાવે. તેમ આત્મહિતના - પરમાર્થના જેટલા પણ કાર્ય છે, તેમાં દોડવાનું. શરીરનો એમાટે કસ કાઢી નાખવાનો.

આજે તમે એવા સુખશીલ છો કે એક પણ કામ કરવું ગમતું નથી. ઘરમાં દીકરો કે નોકર પાણીનો ગ્લાસ આપે તે ગમે. દેરાસરમાં કેસર ને અંગલુછણા કરેલા તૈયાર ભગવાન ગમે. ઉપાશ્રયમાં સામાયિકની થેલી લટકાવી જાઓ છો. ઘરે ઊંચકીને લઇ

જવી ભારે પડે!ગરમી લાગે તો બારી ખોલવી પડે, પણ પછી બંધ કોણ કરે? ઉપાશ્રયમાં યજમાન કોણ? મહારાજ સાહેબ. ને તમે બધા મહેમાન બરાબર ને? પ્રતિક્રમણ કરવા પૂર્વે સ્થાપનાજી રાખવા ટેબલ કોણે લેવાનું? પછી મૂકે કોણ? પ્રતિક્રમણ થયા પછી ખુરશી તેની યોગ્ય જગ્યાએ કોણ મુકે? ક્યાંય કષ્ટ ઉઠાવવાની વાત તમને પસંદ નથી. રાતે વહેલા આવ્યા તો સાધુની વૈયાવચ્ચ કરવાનું ક્યારેય યાદ આવ્યું ખરું? સાધુને વિધાન છે કે કોઇની પાસે પગ દબાવડાવવા નહીં. અતિશય – આગાઢ પરિસ્થિતિ હોય તો સાધુ પાસે જ દબાવડાવે. તે ન હોય તો જ ગૃહસ્થ પાસે દબાવડાવે. પણ તમારી ભાવના શાની? કેટલીવાર જાતે સ્વામીવાત્સલ્યમાં પીરસવા ગયા? આયંબિલખાતામાં જાતે કેટલીવાર પીરસવા ગયા? તમારી ફરિયાદ છે કે આયંબિલખાતામાં તૈયાર લોટ લવાય છે. વાત સાચી. પણ તમારી ઘરવાળી ઘઉં વીણવા – દળવા આવશે? પાણી ગરમ ગરમ મળે છે. વાત સાચી. પણ વહેલી સવારે કોણ આવશે? જીવદયાનું પાલન કોણ કરાવશે? આપણને જરા પણ કષ્ટ ઉઠાવવું ગમતું નથી.

બકરાના ડોક પર રહેલા બે આંચળમાંથી દૂધ ન નીકળે. તે શોભાનો ગાંઠિયો કહેવાય. તેમ છ તપમાં કાયક્લેશ ને સંલીનતા આજે ઘણાને માટે માત્ર શોભાના ગાંઠિયા બની ગયા છે.

હે શરીર! તને સાચવવા ખાતર કેટલીયવાર ભગવાનની આજ્ઞાને ઘોળીને પી ગયો. ચલ, હિસાબ આપ. તેથી હવે શરીરને જરા પણ આરામ ન આપવો. જેટલું કામ લેવાય તેટલું લઇ લો. 'આયાવયંતિ ગિમ્હેસુ, હેમંતેસુ અવાઉડા' – ગ્રીષ્મમાં આતાપના લેવી ને ઠંડીમાં ઓછા વસ્ત્ર પહેરવા.

'પ્રસન્નચંદ્ર રાજર્ષિ મૂર્ખ હતા કે સૂર્ય સામે દ્રષ્ટિ રાખી, બે હાથ-પગ ઊંચા રાખી ખોટું કષ્ટ ઉઠાવતા હતા. મન ચંગા તો કથરોટ મેં ગંગા' – આ બધી વાત શરીરની આસક્તિ બોલાવે છે. આવા વિચારો શરીરની મમતાના પોષક બને છે.

આખો દિવસ એ.સી.માં રહેતા કેટલાક શ્રીમંતોને શરીરકષ્ટવાળો ધર્મ નથી ગમતો. તેથી જેઓ એ.સી.માં પ્રવચન આપે છે ને તપ-ક્રિયાને કષ્ટ વ્યવહારમાત્ર ઇત્યાદિરૂપ વર્ણવે છે, તેમના ભગત બની જાય છે. તેમને સર્વજ્ઞ માની લે છે. તેમને ભગવાનની કોટિમાં પણ મૂકી દે છે. પછી પોતાને જ સાચા ભગવાન-સાચા ગુરુ – સાચો માર્ગ મળ્યાના ગર્વમાં રાચ્યા રહે છે. એમનું એમણે માની લીધેલા સત્ય અંગેનું ઝનુન પણ જોવા જેવું હોય છે, કેમકે એ સાથે 'અમને જ સાચું મળ્યું છે' ઇત્યાદિરૂપ ભ્રમજન્ય અહંકાર ભળેલો હોય છે. ખેર છોડો એમની વાત.

આ ભવમાં મુખ્ય કામ આપણા જ્ઞાનાદિમાં અશુદ્ધિ લાવનારા ચાર દોષને

ખતમ કરવાનું છે. દેહાધ્યાસને તોડવા માટે અણસણ - નવકારશીથી માંડીને છ મહિનાના ઉપવાસ છે. તમારી જેટલી શક્તિ! શરીરને કષ્ટ એટલું આપો કે શરીરનો રાગ ઉતરી જાય. પૂજ્ય ઉદયરત્ન મહારાજની મોટી ઉંમર થયેલી. તપ ન થાય. સંવત્સરીનો તપ ખેંચી ખેંચીને કર્યો. આખી રાત વિહ્વળતા - ભયંકર ક્ષુધા - પીડામાં વ્યતીત કરી. પ્રત્યેક ક્ષણે પડખા ફેરવવા પડે. શિષ્યો પણ સમજે છે. સવારે દર્શન કરી આવ્યા. શિષ્યોએ નવકારશી તૈયાર રાખી. પણ તેઓ વિચારે છે. શરીરનો કસ કાઢવો છે. પરમાત્માના અનુગ્રહથી ઉપવાસ થયો તો નવકારશીને બદલે પોરસી કરી લઉં. શિષ્યો ના પાડે છે.પણ ભાવના મજબૂત છે, મક્કમ રહ્યા અને નવકારશી અને પોરસીની વચ્ચે જ કાળ કરી ગયા.

એવી ગણતરી નહીં કરતાં કે શરીરને કષ્ટ આપીને શું મળે? મનની સમાધિ મહત્ત્વની છે. મન શુદ્ધિ વિના બધું નકામું છે. હું પૂછું - સમાધિ કેવી રીતે રહે? શરીરને પંપાળવાથી? એ.સી.માં સુવાથી?

સશક્ત અવસ્થામાં શરીરે પ્રતિકૂળતા સહન કરવાની ટેવ પાડી હશે, તો અશક્ત અવસ્થામાં પ્રતિકૂળતા સહન કરી શકશે. સ્વસ્થ રહી શકશે. કારણ શરીરને કષ્ટ સહન કરવાની ટેવ છે.

અરણિક મુનિએ બાળપણમાં દીક્ષા લીધી. પિતામુનિ સાથે છે. આ બાળક છે. તેથી બધા કામ પિતા કરે. પછી યુવાન થયા છતાં ગોચરી ન મોકલે. પિતામુનિએ કાળ કર્યો. હવે ક્યાં સુધી બીજા સાધુ ગોચરી લાવી આપે? ગુરુએ કહ્યું - તમે ગોચરીએ જાઓ. ગોચરી નીકળ્યા. ખૂબ તડકો છે. બીજા સાધુને તડકો ન લાગ્યો અને એમને તડકો લાગ્યો, કારણ કોઇ દિવસ કષ્ટ સહન કર્યું નથી.

બાકીના સાધુને ગરમી ન લાગી ને અરણિકને કેમ લાગી? દુનિયામાં સમાધિ સહેલી નથી. તમે એવા પુણ્યશાળી નથી કે સહજ સમાધિ મળે. જ્યારે કષ્ટ આવશે ત્યારે સમાધિનું શું?તપનો અર્થ જ એ છે કે સશક્ત અવસ્થામાં શરીરને કષ્ટ આપવું, જેથી અશક્ત અવસ્થામાં સ્વસ્થ રહી શકાય. સમાધિમાં રહી શકાય.

અરણિક મુનિને તાપ લાગ્યો તેથી ઝાડ નીચે ઊભા છે. જેનો પતિ બાર વર્ષથી પરદેશ ગયો છે તેવી યુવાન સ્ત્રીને ખબર પડી કે આને પટાવી શકાશે. કેવી રીતે ખબર પડી? કાં બીમાર હોય, કાં વૃદ્ધ હોય, કાં બાળ હોય, તો જ તડકાથી ડરી છાયામાં ઊભો રહે. યુવાન સાધુ જો તડકાથી ડરી છાયામાં ઊભો રહે, તો બતાવે છે કે આ કષ્ટનો કાયર છે. દાસીને મોકલીને તેને બોલાવ્યો. પતન થયું. કષ્ટ આપશો તો જ શરીર કેળવાશે. માત્ર સુખ સગવડ આપશો, તો સુખશીલ બનશે. પંપાળ્યા જ કરશો, તો શરીર નહી

કેળવાય.

રાજાના નગરથી થોડે દૂર ભરવાડોનું નગર હતું. દૂધમાં પાણી ભેળવવાનો તેમનો અપરાધ હતો. જે સમયે દુષ્કાળ પડ્યો, ઘાસ ઓછું પાક્યું તે સમયે સજા આપવા રૂપે રાજાએ તેમને હાથી સાચવવા આપ્યો. સામાન્યથી પણ હાથીનો ખોરાક વધુ હોય. ને દુકાળમાં ઘાસ લાવવું ક્યાંથી? હાથી મરી ગયો. બધા ચિંતામાં પડ્યા. વૃદ્ધ ભરવાડ કહે – ચિંતા ન કરો. રાજાએ સુકાળ થતાં હાથી માંગ્યો. ત્યારે ઉંદરડો લઇ ગયા. રાજા કહે – આ શું? વૃદ્ધ કહે – આપનો હાથી એટલે અમારા માટે બહુ લાડકો. એટલે બધાએ વારંવાર ખૂબ પંપાળ્યો. તેમાં આવો થઇ ગયો!!

તેમ જો શરીરને બહુ પંપાળશો, તો હાથી જેવું શરીર ઉંદરડો થઇ જશે! સશક્ત અવસ્થામાં જો કષ્ટ ન આપ્યું, તો બધે જ અકળાશો. આજે વાત વાતમાં મગજ કેમ તપી જાય છે? જરા પણ કષ્ટ સહન કરવા કોઇ તૈયાર નથી. કારણ બધાને સુખ સગવડ જ જોઇએ છે. તમારા ઘરનું ઇલેક્ટ્રીસીટીનું બીલ કેટલું? બે સાધર્મિક ફેમિલી જીવી જાય તેટલું બીલ આવે. નાના હૉલમાં ૩ પંખા, ૪ લાઈટ, એ.સી., ફ્રીજ, વોશિંગ મશીન... કેટલું હોય...! શરીરનો મોહ તોડવા, આસક્તિ તોડવા, શરીરથી થયેલા પાપોનો હિસાબ ચુકતે કરવા શરીરને કષ્ટ આપવું જ પડશે. તે માટે કાયક્લેશ અને સંલીનતા તપ છે. તેમ જ જીભની આસક્તિ તોડવા રસત્યાગ અને વૃત્તિસંક્ષેપ તપ છે.

**રસત્યાગ :–** જે ભાવે તે ખાવું નહી. રસત્યાગનો સામાન્ય અર્થ છે વિગઇત્યાગ = વિગઇવાળા ભોજનનો ત્યાગ. વિસ્તારથી અર્થ છે, જેમાં જીભનો રસ પોષાય, તે નહીં ખાવું. અમે નીવિમાં પેંડો ખાવાની ના નથી પાડતા, પણ સ્વાદ નહીં માણવાનો. પેંડાથી પુષ્ટિ મળે. તેથી ખમાસમણા બરાબર અપાય. માટે પેંડો ખાવાનો, પણ દાળ કે કઢીમાં ચોળી દેવાનો. જીભ! અત્યાર સુધી તારા કારણે આત્મા – પરલોક તો ભુલાયા જ હતા, પણ શરીરની ચિંતા પણ નહોતી કરી. શરીરને અનુકૂળ નહોતું છતાં જીભની આસક્તિથી દીધે જ રાખ્યું છે. માટે જે શહેરમાં હોટલ વધું તે શહેરમાં હોસ્પિટલ પણ વધુ.

શ્રાદ્ધવિધિમાં જણાવ્યું છે કે દરેક વ્યક્તિએ પોત પોતાની પ્રકૃતિને અનુસારે ભોજન કરવું. વાત, પિત્ત કે કફની જે પ્રકૃતિ હોય, તે ઓળખીને વાપરવું, જેથી રોગ ન થાય. કાલે સાત્મ્ય ભોજનમ્. ઉચિત સમયે (૧) મધ્યાહ્ને (૨) એમાં પણ પૂર્વનું ખાધેલું પચી જાય તો જ. (૩) શરીરની પ્રકૃતિને અનુકૂળ (૪) ઉણોદરી રહે એ રીતે ભોજન કરવું જોઇએ.

જૈનેતર માન્યતાનુસારે એકવાર ચરકમુનિ પોપટનું રૂપ લઇ ઝાડ પર બેઠા છે.

બધા વૈદો ભેગા થયા છે. ત્યારે તે પોપટ બોલ્યો – કો અરુક્? કો અરુક્? કોણ નિરોગી? કોઇ વૈદે કહ્યું – ચ્યવનપ્રાશ ખાય તેને રોગ ન થાય. કોઇ કહે – નવરત્નરાજભસ્મ. કોઇ કહે – કેશરીજીવન. જેને જે ઔષધિ ગમતી હતી, તેણે તે કહી. પણ પોપટ ચૂપ ન થયો. છેવટે ધન્વંતરી વૈદ નીકળ્યા. તેમણે ત્રણ જવાબ આપ્યા. હિતભુક્, મિતભુક્, પથ્યભુક્. શરીરને હિતકારી, મિતકારી, પચનારું વાપરે, તે નિરોગી છે. આ સાંભળી પોપટ ચૂપ થયો.

આજે ગણિત જુદું ચાલે છે. ગમે તે ખાઇ લેવું, પછી પાવરફુલ ગોળી લઇ લેવી. વૈદ અને ડોક્ટરમાં આ જ ફરક છે. વૈદ કહે – આ આ પરેજી પાળવી પડશે. ડૉક્ટર કહે – આ આ ગોળી લેજો. પણ પેટ ભરીને ખાજો. તમને શું ફાવે? અત્યાર સુધી જીભના જે જે રસ પોષ્યા છે. તેનાથી જે અભક્ષ્ય ખાધા, તેની કોઇ મર્યાદા – પરેજી રાખી નથી. હવે તેના હિસાબ ચુકતે કરવાના છે.

કેન જિતં? યેન રસો જિતઃ । જેણે જીભપર – સ્વાદપર વિજય મેળવ્યો, તે ખરેખર જગતમાં વિજેતા છે. જે ભાવતુ દેખાય, તેને વિરસ કરી દેવું. ગુરુદેવ પૂ. શ્રી ભુવનભાનુસૂરિ મ. આયંબિલની ગોચરી પણ જીભને ન ભાવી જાય તે માટે કરિયાતુ કે સુદર્શન ચૂર્ણ નાંખીને વાપરે. અત્યારે પણ કોક–કોક મહાત્મા આયંબિલની ગોચરી પર સુદર્શનચૂર્ણ નાંખી વાપરે છે. કારણ જીભે ખૂબ પાપો કરાવ્યા છે. હવે એને દંડ દેવાનો છે.

આજે અભક્ષ્ય ભોજનોની પરંપરા ચાલી છે. એક તો રાતે બહાર ખુલ્લામાં ખાય, છતાં કહે – અમે જૈન ભેળ ખાઇએ છીએ. માત્ર કંદમૂળ ન નાંખે માટે સિક્કો લગાવો છો, જૈન ભેળ. રાતે ખાય તે જૈન કહેવાય? સેવ–મમરા – ચટનીનો કાળ પૂછ્યો? એમ કહો – કંદમૂળ વગરનું ખાધું. એક ભાઇ જૈન આઇસ્ક્રીમ લઇ આવ્યા. અચિત્ત પાણીનો !!! ચાઇનીસ કે પંજાબી ડીશ જૈન ક્યાંથી થઇ? જીભના ચટાકા પટાકા કરવા ને જૈનનું લેબલ લગાડી દે. જીભડીના સ્વાદને જૈનો પણ આજકાલ ભારે પોષી રહ્યા છે. અઠ્ઠાઇ જેવા તપ કરે ને પછી જીભના ટેસ્ટો ચાલે. હોટલોમાં પાર્ટીઓ રાખે.

આવો અણસણ તપ નહી કરો તો ચાલશે, પણ રસત્યાગ કરો તે મોટો તપ છે. જેમાં સ્વાદ આવે તેને વિરસ બનાવવું. દાળ ટેસ્ટી છે તો પાણી નાંખો. ગરમ રોટલી ભાવે છે, તો ઠંડી પડવા દો. તાંદળજાની ભાજીનું શાક ભાવે છે? તો નથી ખાવું. નહી ખાઓ તો સુકાશો નહી. આટલું નક્કી કરો – મારે જીભને સ્વાદ આપવો નથી. પેટને ભાડુ આપવા ખાવાનું ને જીભને સ્વાદ ન આપવો, ગલગલિયા ન થવા દેવા. આ બહુ ઉંચી સાધના છે. આ સહેલી વાત નથી. સ્વાદિષ્ટ ભોજન કરવા ને મનમાં રાજીપો ન

અનુભવવો તે ખૂબ અઘરું છે. નીવિના રસભરપૂર ભોજનમાં શું રાગ થતો નથી?

પ્રતિકૂળતામાં ટકી રહેવું એ જેમ ઊંચી ભૂમિકા છે. સાધનાની ભૂમિકા છે. તેમ અનુકૂળ આવે છતાં મન ન રમે એ યોગીની કક્ષા છે. તે કક્ષા પ્રાપ્ત કરવાની છે. પેંડો ખાઉં છતાં સ્વાદ નહી. તે સાધના પ્રાપ્ત કરવાની છે. મિથ્યાત્વીને પેંડો મીઠો છે માટે ખાવા જેવો લાગે. સમકીતિને પેંડો મીઠો છે માટે ત્યાગ કરવા જેવો લાગે. વીતરાગીને પેંડો મીઠો છે પણ એમાં કાંઇ લેવા દેવા નહી. છે તેવો છે. આ ભૂમિકા મેળવવાની છે.

સ્થૂલિભદ્રજી જેવી સત્ત્વશીલતા વગર સ્ત્રી સામે જોવું નહી. જો પાસે લડવાની તાકાત છે, તો સામેવાળાને મારી જ નાંખવાનો. જો તાકાત નથી તો છુપાઇ જવાનું. તેમ જો રાગ-દ્વેષ સામે લડવાની મનની તાકાત નથી, તો છુપાઇ જવું. તાકાત છે, તો મારો. સ્વાદ મળે છતાં રાગ થાય નહીં એ રાગને માર્યો કહેવાય. એવી તાકાત નથી તો જીભને સ્વાદ આપવો જ નથી. આ પ્રથમ યુદ્ધ છે. નીવિ પછી સો ખમાસમણા કેમ આપવાના? મને ખાતા ખાતા આ આ ચીજમાં રાગ થયો. તેનો દંડ છે. પાંચ ઇન્દ્રિય અને મન લાતો કે ભૂત હૈં, બાતોં સે માનને વાલે દેવ નહીં હૈં. ભૂલ કરે તો દંડ આપવો જ પડે. રાગ થાય ત્યાં સીધા સટાકા.

પેલી દાસી થોડી વાર માટે રાજાના શયન પર સુવા ગઇ. સીધા સો સટાકા પડ્યા. ૨૦-૨૫ સટાકા થયા ને દાસી ખડખડાટ હસવા લાગી. રાજાએ આશ્ચર્યથી હસવાનું કારણ પૂછ્યું. દાસીએ કહ્યું - થોડીક ક્ષણ સુવાના સો સટાકા તો વર્ષો સુધી સુનારાને કેટલા સોટા? અને રાજાની આંખ ઉઘડી ગઇ.

હજાર વર્ષ ચારિત્ર પર્યાયવાળો કંડરીક જીભના ચટાકામાં ફસાયો. અશક્તિ દૂર કરવા લીધેલા મનભાવતા ભોજનથી અશક્તિ ગઇને આસક્તિ થઇ. ચારિત્ર છોડી સંસારમાં આવ્યા. એક જ દિવસના ચટાકા. પેટમાં શૂલ ઉપડ્યું. કોઇએ સેવા નહીં કરી. પરિણામે રૌદ્રધ્યાનમાં મરીને સાતમી નરકે ગયો. જીભડીના એક ચટાકાએ કંડરીકને સાતમી નરક બતાવી. તંદુલિયા મત્સ્યને માત્ર ખાવાની લેશ્યાથી સાતમી નરક મળી. તો જીંદગીભર ચટાકા - પટાકા કરનારા આપણું શું થશે? આટલા ટેસ્ટી ભોજન કરનારાને નિરાંતની ઉંઘ કેવી રીતે આવે?

એક કોળિયે રાગ થયો. એક ઉપવાસનો દંડ. એક કોળિયે દ્વેષ થયો. એક આયંબિલનો દંડ. નીવિ કરતાં આ ગણિત રાખજો. પેન લઇને બેસજો. અહીં થાળીનો ચાર્જ નથી, કોળીયાનો ચાર્જ છે. મોંઘવારી ખૂબ વધી છે. પહેલા ટામેટા ૧ કીલો ૨ રૂા. હતા. પછી ૧ નંગના ૨ રૂા. થાય. તેમ રાગ અને દ્વેષના દંડ ખૂબ મોંઘા છે. દ્વેષ કરતાં રાગ ભયંકર છે. દ્વેષનો બાપ રાગ છે. દ્વેષ કાઢવો સહેલો છે, પણ રાગ કાઢવો અઘરો છે.

નીવિની એક થાળી કેટલાની? લાભાર્થીને ૧૦૦ રૂા.ની અને લાભ દેનાર તમને ૧૦૦ ઉપવાસની પડે !!

## પોષ સુદ – ૫

ત્રણે યોગથી માત્ર શુભક્રિયામાં જ લાગેલા સાધુ ભગવંતોનો જાપ આપણને કર્મયોગ-યોગરૂપ બનતી જિનવચનભાવિત ક્રિયાની પ્રાપ્તિમાં હેતુ બને છે. સતત જ્ઞાનદાનમાં પ્રવૃત્ત ઉપાધ્યાય ભગવંતના જાપથી અધ્યાત્મભાવોપર પ્રકાશ પાથરતો જ્ઞાનયોગ પ્રાપ્ત થાય છે. જિનશાસનમાં રાજા સમાન આચાર્યભગવંતોના જાપથી રાજયોગ કે જેમાં અસદ્‌માંથી નીકળી ને આત્મા-રાજા-બ્રહ્મમાં એકાકાર થાય છે, તેની પ્રાપ્તિ થાય છે. અરિહંત પરમાત્માનો જાપ એમની અનન્ય ભક્તિરૂપ ભક્તિયોગનો પ્રાપક છે, જે સૌથી સરળ – સહજ માર્ગરૂપ છે. ભક્તિથી ભગવાન સાથે તદાકાર-એકાકાર થયેલાને છેવટે આ ચારે યોગના પ્રભાવથી બ્રહ્મલીનતારૂપ સિદ્ધિગતિનું સતત લક્ષ્ય રહે, વેગ મળે ને છેવટે સ્થાન મળે, એ માટે સિદ્ધ ભગવંતોની ઉપાસના કરવી.

જ્ઞાનાચારાદિ યુક્ત આચાર્ય ભગવંતે આચારગુણની એવી સિદ્ધિ પ્રાપ્ત કરી છે કે એમની ઉપાસના કરીએ તો તેઓ એમનો આચારગુણ આપણામાં વિનિયોગ કરે. પાંચ આશયમાં સિદ્ધિ પછીનો પાંચમો આશય વિનિયોગ છે. પોતાને જે પ્રાપ્ત થયું છે તે બીજાને આપવું તે વિનિયોગ. તેમાં શરત એટલી છે કે પોતાના પક્ષે સિદ્ધિ જોઇએ અને સામેના પક્ષે યોગ્યતા જોઇએ.

આચાર્યને આચાર એવા સિદ્ધ થયા છે કે કોઇપણ વિઘ્ન તેમને ભ્રષ્ટ ન કરી શકે. દિવસે કે રાત્રે, સૂતા કે જાગતા, આભોગથી કે અનાભોગથી આચાર જ સેવાય. ઉંઘમાં પણ એવી ભૂમિકા ન હોય કે આચાર ભ્રષ્ટ થાય. તેવી વિઘ્નરહિત સિદ્ધિ થઇ છે. તે વિનિયોગ કરવાના છે. પણ અધકચરી સફળતા પછી બીજામાં વિનિયોગ કરે તો ગરબડ થાય.

પ્રભુ વીરે કેવળજ્ઞાન પછી જ દેશના આપી. આમ તો પ્રભુને કટપૂતનાના ઉપસર્ગ પછી લોકાવધિજ્ઞાન ઉત્પન્ન થયું. ચૌદ રાજલોક દેખાય છે. અસંખ્યકાલ પછીનું ને પૂર્વનું પણ દેખાય છે. છતાં તીર્થ ન સ્થાપ્યું. ઉપદેશ ન આપ્યો, પણ સાધના આગળ ચલાવી. કારણ અધુરું જ્ઞાન છે. હજી રૂપી દ્રવ્યનો જ બોધ થયો છે. આત્માનો સાક્ષાત્કાર થયો નથી. તેથી કેવળજ્ઞાન પામ્યા પછી જ દેશના આપી. તીર્થ સ્થાપ્યું.

આપણને શ્રુતજ્ઞાનના બળપર અનુપ્રેક્ષાદિના માધ્યમે આત્મસાક્ષાત્કારની અલપ-ઝલપ અનુભૂતિ થઇ શકે છે. કેવળજ્ઞાન પૂર્વના અરુણોદય સમાન

પ્રાતિભજ્ઞાનમાં એનો વિશેષ ઝબકારો થાય છે. પણ પૂર્ણ, સતત, અખંડ, સ્પષ્ટતમ અનુભૂતિ તો કેવળીઓને જ થાય, કેમકે શુદ્ધ આત્મસ્વરૂપ અરૂપી છે ને અરૂપીનો પ્રત્યક્ષ સાક્ષાત્કાર માત્ર કેવળીને છે.

પોતાને જે સિદ્ધિ ન થઇ હોય, તે બીજાને કેવી રીતે પહોંચાડી શકશે? પ્રભુ વીરે કેવળજ્ઞાન પામ્યા પછી વિનિયોગ કર્યો. તો તેમના શિષ્યોને તે તે કાળે ગીતાર્થ બની પછી જ વિનિયોગ કરવાનું કહ્યું છે. વાચનાઆદિ ચારથી પ્રભુશાસનના વચનો આત્મસાત્ થયા પછી તું વિનિયોગરૂપ ધર્મકથા કર. આત્મસાત્ કર્યા વગર વિનિયોગ કરવાનો અધિકાર નથી. માટે સ્વાધ્યાયમાં ધર્મકથાને નંબર પાંચમો છે.

પોતાને પ્રાપ્ત થયેલો ગુણ બીજાને સિદ્ધ કરાવવો તેનું નામ વિનિયોગ. સિદ્ધિ વિના વિનિયોગનો પ્રયત્ન કરે તો ઉલ્ટુ પણ થઇ શકે.

એક માતા પોતાના પુત્રને સંત પાસે લઇ ગઇ. છોકરો ખૂબ ગોળ ખાય છે તે છોડાવો. સંત કહે – સાત દિવસ પછી આવજો. બેન પુત્રને લઇને સાત દિવસ પછી આવી. સંતે પુત્રને સમજાવતા કહ્યું – ગોળથી દાંત પડે. બીમાર પડાય. છોકરો માની ગયો, ગોળ છોડી દીધો. બહેને પૂછ્યું – આટલું કહેવા માટે સાત દિવસ? સંત કહે – પહેલાં હું ગોળ ખાતો હતો. તો તેને ના કેવી રીતે પાડી શકું? મેં ગોળ છોડી દીધો. હવે તેને અસર થશે.

આચાર્ય ભગવંત વિઘ્નો વચ્ચે પણ પોતાના આચારમાં ટક્યા. દૃઢ રહ્યા – સ્થિર રહ્યા. તે આચારો સિદ્ધ થયા. તે હવે આપવાના છે. પણ કોને? અયોગ્યને નહી. છાશ ન પચે તેને દૂધપાક ન અપાય. કાચા ઘડામાં પાણી ન નંખાય. તપાસ કરે કે આ પંચાચાર કોને આપવા?

યોગ્યતાની પહેલી શરત કઇ? વિનય. નમે છે તે વિનીત છે. અક્કડ રહે તે અહંકારી છે. 'નમો આયરિયાણં' બોલતા નમસ્કાર કર્યો તો હું વિનીત છું એમ સિક્કો લાગ્યો.

આપણે 'નમો' બોલતા મનથી ય નમતાં નથી ને ડોકથી ય નમતા નથી. ૧૦૮ નવકાર ગણતાં દરેકમાં પાંચવાર 'નમો' આવે. એસો પંચ નમુક્કારો ને પણ લઇએ, તો તે છ થાય. પણ એની ગણત્રી ન કરીએ. ૧૦૮ X ૫ = ૫૪૦ વાર 'નમો' આવ્યું. ૨૦ બાંધી માળા ગણતા ૧૦,૮૦૦ વારમાં કેટલીવાર ડોક નમી? એ રીતે તો ન નમી, પણ માળા ગણતાં ગણતાં ઝોકુ આવતાં નમી. સાચું ને? મનમાં પણ નમોનો ભાવ ન હોય તો આચાર્ય ભગવંત આચાર આપે?

'નમો' બોલવાથી આચાર્ય ભગવંતના ગુણોનો સ્વીકાર થાય છે કે આપ

આચાર સંપન્ન છો. મને આચાર જોઇએ છે. માટે હું નમસ્કાર કરું છું. આવા ભાવ સાથે નમસ્કાર કરાય તો વિનિયોગ થઇ જ જાય. તે માટે બાહ્ય કોઇ આદાન-પ્રદાનની ક્રિયા એટલી મહત્ત્વની નથી. આ ચૈતસિક ક્રિયા છે. તમે મન-વચન-કાયાથી નમ્યા એટલે તમે યોગ્ય બની જ ગયા. માટે તરત વિનિયોગ થઇ જાય. માત્ર સ્વીચ ઓન કરો ને લાઇટ થઇ જાય. ગોઠવણ થયેલી જ છે. પણ શરત એ છે કે નમસ્કાર હોવો જોઇએ. આચાર્ય મુખ્ય છે. નમસ્કાર એમના સુધી પહોંચવાનો સમ્યગ્માર્ગ છે. બીજા ત્રીજાને હું નમસ્કાર નથી કરતો પણ આચાર્યને કરું છું. તો આચાર્ય પાસે કયા ભાવથી જવું છે? વાસક્ષેપ - માંગલિક - મુર્હૂત લેવા - ચર્ચા માટે નથી જવું. પણ આચાર મેળવવા જવું છે. એપ્રોચ બ્રીજ - જોડાણપૂલ 'નમો' છે. તે ભાવે આચાર્ય પાસે જાઉં ને મારું કામ થઇ જ જાય. આ એક અલૌકિક ક્રિયા છે. બીજાઓ જે શક્તિપાત કહે છે, તેના જેવી આ વાત છે.

દેવી જેની અધિષ્ઠાતા હોય તે વિદ્યા કહેવાય. દેવ અધિષ્ઠિત હોય તે મંત્ર કહેવાય. જેને સિદ્ધ કરવા પ્રયત્ન કરવો પડે તે વિદ્યા. જે બોલવા માત્રથી સિદ્ધ થઇ જાય તે મંત્ર. જેના સાધના - જાપ- આમ્નાય - હોમહવન થાય ને સિદ્ધ થાય તે વિદ્યા. પાઠસિદ્ધ હોય તે મંત્ર. નવકાર મહામંત્ર છે. બોલો ને સિદ્ધ થાય. 'નમો આયરિયાણં' બોલો ને આચારસંપન્નતા મળે. પણ શરત એટલી કે પ્રણિધાનપૂર્વક બોલવાનું. આ ભાવક્રિયા સિદ્ધ કરવી છે. તેમાં નમો એ સાધન છે. આચાર્ય ભગવંતનો વિનય સાધ્ય છે. આચારધર્મની પ્રાપ્તિ એ ફળ છે. રોડથી મુંબઇ આવીને કરવાનું શું? કમાણી. તેમ માર્ગ-લક્ષ્ય અને નમોથી આચાર્ય પાસે પહોંચી મેળવવાનું શું? આચારની પ્રાપ્તિ.

તપાચારની વિચારણા ચાલુ હતી. ચાર દોષને તોડવા બાર તપ છે. વળગેલા શરીરની ચિંતા - મમતા - આસક્તિ-દેહાધ્યાસને તોડવા (૧) અણસણ (૨) ઉણોદરી (૩) કાયક્લેશ અને (૪) સંલીનતા તપ.

જરાક માથુ દુઃખે, એક-બે દિવસ દુઃખે તો ચિંતા થઇ જાય. હેમરેજ તો નથી ને? સીટીસ્કૅન કરાવી લઉં. ગાંઠ થઇ નથી ને? માથામાં દુઃખાવો થાય ને વિચારો ક્યાં ને ક્યાં પહોંચી જાય! માથામાં ખોટા વિચારો ઘુસી જાય - સ્વાર્થ ઘુસી જાય તો સીટીસ્કૅન કરાવવાનું મન થાય? માથામાં હવા ભરાય તો દુઃખાવો થાય તો હોસ્પીટલમાં જજો. પણ રાઇ ભરાઇ જાય, અહંકારનો પવન ભરાય, નકરા સ્વાર્થના વિચારનો વાયુ ભરાઇ જાય તો સીધા આચાર્ય પાસે જજો. ફી લેવામાં નહી આવે.

હૃદયમાં દુઃખાવો થાય, પેઇન લાગે, ભારે લાગે, ડાબો હાથ જરાક દુઃખે ને ચિંતા થઇ જાય. એટેક તો નથી ને? એંજોગ્રાફી કરાવી દો. એમાં ૧ - ૨ - નળી બ્લોક

આવી જ જશે. એમના મશીનો આરતી ઉતારવા માટે નથી. માટે કહેશે, એક નસ ૭૫% બ્લૉક છે. બીજી નસ ૯૦% બ્લૉક છે. ૩ લાખ હમણાં જ આપો અને સહી કરી દો કે મરું તો હું જવાબદાર. હાર્ટમાં જરાક દુઃખાવો થાય ને ઘર-પરિવાર - દુકાન-શેર-દાગીનાની ચિંતામાં ડૂબી જાય. પણ હૃદયમાં બીજા પ્રત્યેની નિષ્ઠુરતા - કઠોરવૃત્તિ આવી જાય, તો તે ખરો એટેક કહેવાય. તેના સ્પેશ્યાલીસ્ટને બતાવવાનો વિચાર આવે?

શરીરની તકલીફમાં ઉંચાનીચા થઇ જઇએ. ડૉક્ટર કહે - દર છ મહિને કંપલીટ બોડી ચેકઅપ કરાવો. એક મહિનો જરાક વજન ઓછુ થાય ને ચિંતા થઇ જાય. હવે તપસ્યા બંધ. હેમોગ્લોબીન ઓછું થઇ ગયું તો નીવિ - ઉપવાસ નહી કરવાના. લીલા શાકભાજી ખાવાના. શરીર પ્રત્યે કેવી ઘોર આસક્તિ! શરીર પાછળ પાગલ છો. કેટલાય પાપો કરી, કાચી કાચી વનસ્પતિના રસ પીને, મહિને થોડુંક વજન - હેમોગ્લોબીન વધાર્યું, કેટલીય કાકડી - ટમેટાં ને ગાજર ખાધા ને લોહી ભરાયું. ને મચ્છરને થયું કે આ લોહી સારું છે. એક બચકું ભર્યું ને મેલેરીયા થઇ ગયો. શું હાલત થાય? પાછા જ્યાં હતા ત્યાં...

ગમે તેટલું સાચવ્યા પછી પણ જો શરીર આ રીતે બિમારીથી આમ જ બગડવાનું છે, તો એજ સારું છે કે તપસ્યા કરીને શરીર પાસેથી કામ લઉં. તેનો રસ કસ કાઢું. શરીરના આવા સ્વભાવને જોઇને પણ જીવડાને થતું નથી કે આ શરીરને આટલો રમાડુ - પંપાળું છું. છતાં મારા હાથમાં નથી રહેતું. તેનાં કરતાં તપ કરી શરીરની મમતાને તોડું. શરીરની આસક્તિને તોડવા અણસણ - ઉણોદરી - કાયકલેશ - સંલીનતા.

આહારસંજ્ઞાને તોડવા રસત્યાગ અને વૃત્તિસંક્ષેપ. બે ઇંચની જીભ છ ફૂટના માણસને નચાવે છે. બે આંખ, બે કાન, નાક્ના બે છિદ્ર, પણ કામ એક. જ્યારે એક જીભને બે કામ. વાદ અને સ્વાદ. બંને કામમાં બેફામ. બંને કામમાં ગફલત કરી તો જીભની તાકાત નરકમાં લઇ જવાની છે અને બંને કામમાં પરફેક્ટ રહ્યા, તો જીભની તાકાત મોક્ષ અપાવવાની છે. સ્વાદને જીત્યા અને મૌન રાખવામાં સફળ રહ્યા તો મોક્ષ નજીક છે.

હું એકેન્દ્રિય - બેઇન્દ્રિયની વિરાધનાથી બચ્યો. ગાય-ભેંસ-કૂતરા - બિલાડાની વિરાધનાથી બચ્યો. પણ આકરું બોલી, ઘા લાગે તેવું બોલી, કાપો તો લોહી ન નીકળે એવી પરિસ્થિતિનું સર્જન કરી, મનુષ્યની ટોપમોસ્ટ વિરાધના કરી. આ તો એના જેવું થયું કે ગાયને વળગેલી બગાઇઓને બચાવવા પૂંજણીથી ગાયને પૂંજી લીધી, પછી ગાયની કતલ કરી ! જિંદગીભર ભૂલી ન શકે તેવા ઘાવાળા વચન શા માટે બોલવા? સામેવાળો મરવા જેવો થઇ જાય તેવા આઘાત કરનારા વેણ કેમ ઉચ્ચારવા? સૌ પ્રથમ

અભયદાન મનુષ્યને આપો. પણ પેલો મને હાથે કરીને ભડકાવે છે. એકવાર બોલી દઇએ એટલે કાયમ માટે ચૂપ થઇ જાય. ના. આ માટે ક્ષત્રિય નહી, વાણિયા બનો.

આપણામાં ચારે ય કોમના લક્ષણ જોઇએ.

૧) પરાક્રમ કરવું છે, વિશેષ તપ-જપ-આરાધના કરવી છે, આપણને સતાવતા દોષોને જીતવા ક્ષત્રિય બચ્ચા બનવાનું છે. એક ઘા ને બે ટુકડા. જો બોલા સો બોલા. હવે પીછેહઠ નહી. પ્રતિજ્ઞાપાલનમાં ઢીલા નહીં. આ પરાક્રમ.

૨) આત્મજ્ઞાન પ્રાપ્ત કરવા માટે બ્રાહ્મણ બનવું.

૩) કોઇપણ કાર્ય કરતાં લાભાલાભનો વિચાર કરે તે વાણિયો. ૭૦ વર્ષ પહેલા તાંબાના સિક્કાનું ચલણ હતું. મુસલમાન વાણિયા પાસે લવીંગ લેવા ગયો. વાણિયાએ લવિંગમાં જાણે ખબર નથી તેમ એક પૈસો મૂકી દીધો. મુસલમાન ઘરે જતાં ખુશ થતા થતાં બોલે છે - બનિયા ઐસા ભોલા લવીંગમેં પૈસા તોલા. બીબી કહે - વો ભોલા નહી. તું ભોલા. એક પૈસો મૂકીને ૫૦ પૈસાના લવીંગ ઓછા આપ્યા. વાણિયો જેમાં લાભ દેખાય તેમાં જ વજન મૂકે.

કોઇપણ કાર્યનો નિર્ણય લાભમાં હોય તો જ કરવો. જેમાં પોતાનું કે પરનું હિત થતું હોય તો જ તે કાર્ય કરવું. આયવયં તુલ્લેજ્જા-વાણિયો જેમ લાભાલાભની તુલના કરી વેપાર કરે. તેમ સાધના કરવી. આ બોલવાથી હિત કે અહિત? આ ખાવાથી લાભ કે નુકસાન? તોલી - માપીને બોલે - વિચાર કરે તે વાણિયો.

૪) કોઇની પણ સેવા - વૈયાવચ્ચ કરવાની છે, ત્યારે શુદ્ર બનવાનું. બાકીની બધી કોમને પોતાની ઉલ્ટી કે સ્થંડીલ ઉપાડતા પણ જુગુપ્સા થાય છે. શુદ્ર કોમને જુગુપ્સા ન હોય. જે જુગુપ્સા રાખે તે સેવા ન કરી શકે. કોઇને ઉલ્ટી થાય તો બધાને દયા આવે પણ સાફ કોઇ ન કરે. કારણ જુગુપ્સા છે. જુગુપ્સા ન હોય તો જ સેવા કરી શકે.

ચારે ય કોમ આપણામાં જીવતી જોઇએ. સાધનામાં પરાક્રમ અને દોષપર વિજયમાટે ક્ષત્રિય. બ્રહ્મજ્ઞાન - આત્મવિદ્યા મેળવવા માટે બ્રાહ્મણ. લાભાલાભ ઔચિત્યકાર્યમાં વાણિયા. વૈયાવચ્ચમાં શુદ્ર બનવાનું. તેથી જ ઉત્તરાધ્યયન સૂત્રમાં કહે છે - જાતિથી નહીં, કર્મ=કાર્યથી બ્રાહ્મણવગેરે થવાય.

વાણિયાની જેમ તોલી - માપીને બોલવું. દુનિયામાં જે માપ્યા - તોલ્યા વગર વ્યવહાર કરે છે, તે દેવાળું ફૂંકે છે. માપ વિના રૂપિયા ખર્ચે, તોલ-માપ વિના વેપાર કરે, માપ્યા તોલ્યા વગર ચેક લખે તે દેવાળું ફૂંકે છે. તેમ તોલ્યા - માપ્યા વગરનું બોલાયેલું આપણી શાંતિ-પ્રસન્નતા - બીજા સાથેની મૈત્રીનું દેવાળું ફૂંકાવે છે. માપ્યા - તોલ્યા વગર ખાધેલું શરીર દેવાળું ફૂંકાવે છે. માટે બોલવામાં અને ખાવામાં સાવધાની જોઇએ.

જેને માપ-તોલથી બોલવું છે, તેને મગજ પર કાબુ જોઇએ.

જેને માપ - તોલથી ખાવું છે, તેને મન પર કાબુ જોઇએ. તે માટે બે વાત છે. રસત્યાગ અને વૃત્તિસંક્ષેપ. જે ભાવતુ ફાવતુ - ગમતું છે, તે રસવાળું ધન્ના કાકંદીને ખાવા નહોતું મળતું માટે દીક્ષા લીધી તેમ નહોતું. ૩૨ પત્નીઓ, ઘરે દૂધ - ઘીની નદીઓ વહે, વિગઇ ભરપૂર ભોજન, પ્રકૃષ્ટ પુણ્યશાળી જીવ હતો. જે ભોગસામગ્રી માંગે તે મળે તેવું પુણ્ય ને જે ભોગ સામગ્રી ભોગવે તે પચે તેવું પુણ્ય પણ છે. આપણાને તો બંનેમાં ગરબડ છે. મીઠાઇ ખાવી હતી ત્યારે રૂપિયા નહોતા. રૂપિયા છે, તો ડાયાબીટીશ છે, પેંડા ખવાય તેમ નથી. આવા ધન્ના કાકંદીએ પ્રભુવીરના સંપર્કથી દીક્ષા લઇ આઠ મહિનામાં કેવો તપ કર્યો?

સુધર્માસ્વામીરચિત અનુત્તરૌપપાતિક સૂત્રમાં જે સાધુઓ સાધના કરી અનુત્તરમાં ગયા, તેમનું ચરિત્ર વર્ણન છે. પ્રભુ વીર ધન્નાનું ચરિત્ર વર્ણવે છે. શ્રેણિક મહારાજાએ પ્રશ્ન કર્યો. ચૌદ હજાર સાધુમાં શ્રેષ્ઠ કોણ? પ્રભુ - ધન્નાજી, શા માટે? નિત્ય ચઢતે પરિણામે. કેવી રીતે? કેવો રસત્યાગ! જે આહાર પર માખી પણ બેસવા ન ઇચ્છે તેવા આહારથી છઠ્ઠના પારણે છઠ્ઠ કરે. પારણે આયંબિલ. એ પણ બધા જમી લીધા પછી ગોચરી નીકળે. ઉપવાસ પછી નીવિ નહી આયંબિલ કરે. ૪૫ દિવસ નહી, આજીવન કરવાની ભાવના. પણ આઠ મહિના જ શરીર ચાલ્યું. લોહી અને માંસ ચૂસાઇ ગયા. ચાલે તો હાડકા ખડખડ અવાજ કરે. ક્યાં એક વખતના રસ ભરપૂર ભોજન! ને ક્યાં માખી ય ન વંછે તેવા ભોજન! કેવો રસત્યાગ!

શાલીભદ્રને ૯૯ પેટી ઉતરે તે તમને ખબર છે. ૩૩-૩૩ પેટીમાં વસ્ત્ર - અલંકાર ને દિવ્યભોજન આવતા.દૈવી ટીફિન વ્યવસ્થા !! ટીફીન વ્યવસ્થા તમારે પણ છે. સવારે પણ ટીફીન. સાંજે પણ ટીફીન. રાતે તમારું કાઢેલું ભોજન. રામો કહે - હું નવ વાગે જતો રહીશ. ને ઘરવાળા તમારું કાઢી રાખે. તમારું ભાગ્ય ટીફીનવાળું જ છે. છતાં મૂંછપર તાવ આપો છો કે અમે કેવા ભાગ્યશાળી ! તમે ભાગ્યશાળી નથી. ભાગ્યના ભાગાકાર છે. તમે પુણ્યશાળી નથી. પુણ્યના ખર્ચી છો.

જેણે રોજ દિવ્યભોજન કર્યા છે.જેણે તમારા ભોજન સુંઘ્યા પણ નથી. એ શાલીભદ્રે દીક્ષા લીધી. કેવી સાધના કરી હશે કે ભદ્રા માતાને પોતાનો લાડકો એકનો એક દીકરો પ્રભુવીર સાથે પધાર્યો ને હરખ હરખ ન માય. છતાં ગોચરી પધાર્યા ત્યારે ઓળખી ન શક્યા. રસત્યાગ કરી કરીને શરીરને કેવું બનાવ્યું હશે કે સગી મા ઓળખી ન શકી.

મનમાં એક વાત બેસાડો. આ ભવ રસને સિદ્ધ કરવા માટે નથી. ખતમ કરવા

માટે છે. આ ભવ જીભના રસને પોષવા માટે નથી. રસને તોડવા માટે છે. આ ભવ આહારસંજ્ઞાને પોષવા માટે નથી. તે ડાકણને દૂર કરવા માટે છે. ચટાકા -પટાકા માટે નથી. તેને ફટકા મારી કાઢવા માટે છે. માટે ભગવાને તપ બતાવ્યો. જે આહાર સંજ્ઞા વળગી છે તેને ફટકા મારી મારી દૂર કરો.

**વૃત્તિસંક્ષેપ :-** જેટલું ભાવતું દેખાય તે બધું લેવું નહી. આઇટમમાં ઘટાડો કરો. નીવિ પૂર્ણ ક્યારે કહેવાય? બધી આઇટમ લો તો? ના. મારે દરેક આઇટમ નહી લેવાની. બધી આઇટમ જીભને લલચાવનારી છે. મીઠાઇમાં ૩ ગ્રેડ હોય. C ગ્રેડ - શીરો, સુખડી, બુંદી લાડુ, B ગ્રેડ - હલવો, પેંડો. A ગ્રેડ - રસગુલ્લા, ચમચમ. કેટલી આઇટમ લેવાની? આવનારી બધી આઇટમ આકર્ષક હોય છે. મારે આહારસંજ્ઞા સામે જીતવું છે. ૨-૫-૧૦ આઇટમ છોડવી છે.

એક ભાઇ કરિયાણાની દુકાને ગયા. તમારે ત્યાં ઘઉંનો લોટ છે? હા. બદામ? હા. ઘી? હા. સાકર છે? હા. તો મૂર્ખ! આ ચાર ચીજ કરતાં શીરો જ રાખને?

જો કે મારી સલાહ છે શીરો નહી ખાવાનો. આ ચારે જુદુ જુદુ વાપરવાનું. રોટલીમાં ઘી, દૂધમાં સાકર, શાકમાં બદામ નાંખો. ચારે વસ્તુ આવી ગઇ. શીરાથી પોષણ જ જોઇએ છે ને? ખીચડીમાં ઘી નાંખો ને કરો વાત પૂરી. ઓછામાં ઓછી આઇટમથી ચલાવો. આ વૃત્તિસંક્ષેપ આહારસંજ્ઞાને જીતવા જરૂરી છે.

મીઠાઇ મજૂર છે ને ફરસાણ કડિયો છે. મજૂર ભાંગવાનું કામ કરે ને કડીયો બનાવવાનું કામ કરે. મીઠાઇ મોં ભાંગે. ફરસાણ પાછુ મોં સ્વાદિષ્ટ બનાવે. મજૂર સાથે કડીયો જોઇએ. જીભને સ્વાદ મળે તે માટે કેટકેટલા નાટકો કરીએ છીએ! ભોજનમાં વિવિધતા નહી. જીવનમાં વિવિધતા લાવો. ભોજનમાં વિવિધતા તે વિશિષ્ટતા નથી. જીવનમાં વિવિધતા તે વિશિષ્ટતા છે. આ આ અનુષ્ઠાન કરું... ઘણાં સાધુ ચાર આઇટમ વહોરી લાવે છતાં સંયોજના ન કરે. એકલી રોટલી, એકલી દાળ, એકલા ભાત વાપરે. કેમ? મારે સ્વાદને પોષવો નથી.

વાનગીમાં વિવિધતા લાવી રસને પોષો છો. તેનાં કરતાં આત્મા માટે અનુષ્ઠાનો કરી જીવનમાં વિવિધતા લાવી આરાધનાને પોષો.

૧ ) જે વધુ ભાવે છે, તેના પર પહેલા ચોકડી - રસત્યાગ. જે સૌથી વધારે ભાવે છે, તે સૌથી વધારે પાપ કરાવે છે. લલચાવે છે. - આહારસંજ્ઞાને પોષે છે.

૨ ) જે ભાવે છે તેમાં મર્યાદા તે વૃત્તિસંક્ષેપ. વારંવાર ખાવાની ઇચ્છા થાય છે. બે-ચાર ટંક જતા કરવા એ વૃત્તિસંક્ષેપ. વધુ ભાવતી ચીજ પર ચોકડી, થોડી ભાવતી ચીજમાં મર્યાદા. જો ભાવે છે, તો આજે આ જ આઇટમ ખાવાની. બીજી એકે નહી. માનો કે પેંડો

કે શીરો ભાવે છે, તો તે જ ખાવાનું. બીજી રોટલી, દાળ જેવી પણ આઇટમ નહી. ગુલાબજાંબુ કેટલા જાય? પછી વેલણ હાથમાં રાખજો. પહેલું સડસડાટ અંદર પેટમાં ચાલ્યું જાય. બીજું તેના ઉપર, ત્રીજું છાતીએ, ચોથું ગળે, પાંચમું મોં માં જતુ નથી. વેલણ નાંખતા જાઓ. એટલું આપો કે પાછું ફરીથી ક્યારેય ન માંગે. આ નહીં ફાવે ? તો બોલો નમો આયરિયાણં... એમના પ્રભાવે તપાચાર આવશે ને રસત્યાગ સહજ થશે.

## પોષ સુદ – ૬

બાહ્ય ભાવમાં મનને ખેંચી જવા શરીર મહત્ત્વનો ભાગ ભજવે છે. બહારથી ખેંચાઇ જતા મનને રોકવા બાહ્ય -તપ છે. અભ્યંતર ભાવમાં મનને સ્થિર કરવા અભ્યંતર તપ છે. સ્વાદનો રસ તથા સ્વાધ્યાયનો રસ બંનેને મેળ નથી. જેને સ્વાધ્યાયનો રસ હોય, તેને કોઇપણ ચીજમાં રસ ન હોય.

એક શિષ્ય છ મહિનાથી ગુરુ પાસે વેદનો અભ્યાસ કરે છે. હવે ઘરે જવાનો દિવસ આવ્યો. ગુરુમાતાએ ભોજન પીરસ્યુ. શિષ્ય – માતાજી! શાકમાં સબરસ (મીઠું) નથી. માતાજી કહે – હું રોજ જ નથી નાંખતી. શિષ્ય કહે – આટલા દિવસ સ્વાધ્યાયનો રસ હતો. હવે પૂર્ણ થયો. તેથી સબરસની ખબર પડી.

શરીરની આસક્તિ અને આહારસંજ્ઞા ઘણી રીતે રખડાવી શકે છે. શરીરની મમતા તોડવા અણસણાદિ ચાર અને આહારસંજ્ઞા તોડવા રસત્યાગ અને વૃત્તિસંક્ષેપ. **જે ભાવે તે મારા આત્માને ન ફાવે** – આવું ગણિત બનાવી દો તો આહારસંજ્ઞા જીતી શકાશે. જે ભાવે તે બધું જ લેવું નહી. તેમાંથી કેટલુંક છોડી દો તે વૃત્તિસંક્ષેપ. ભાવે તે જ લેવું હોય તો એક જ દ્રવ્ય લેવું. ભગવાને જીભને જીતવા રસત્યાગ – વૃત્તિસંક્ષેપનો સરસ ઉપાય બતાવ્યો છે.

આ કામ માનવભવમાં જ શક્ય છે. માનવભવમાં જ આહારસંજ્ઞારૂપી અગ્નિમાં જાત જાતની વાનગીરૂપ ઇંધણ નાંખી શકાય છે. તો માનવભવમાં જ એ ઇંધણ કાઢી ત્યાગનું પાણી નાંખી ઓલવી શકાય છે. માનવભવમાં જ જાતજાતની વેરાઇટી છે. તિર્યંચો ઘાસ અને દેવોને અમૃત ભોજન છે. પણ મસાલાઓની વેરાઇટીવાળું નથી. જીભનો રસ પોષાય તેવું જ ભોજન બનાવવું તેને આખું જગત એક મહાન કર્તવ્ય ગણે છે. રસોઇ તો ટીપટૉપ જ જોઇએ. બુકસ્ટૉલમાંથી મોટે ભાગે બહેનો રસોઇની બુક ઉપાડે ને ભાઇઓ આરોગ્યની બુકો ઉપાડે. કારણ ખાધા પછી તબિયત બગડવાની જ છે. આખું જગત આહારસંજ્ઞાને પુષ્ટ કરવા પાછળ પડયું છે.

ભાવે તે આત્માને ન ફાવે. ભાવતી ચીજ ખાવી જ છે તો જીભને સ્વાદ ન મળે

તેમ વાપરો. શરીર જે માંગે તે આપવાનું જ નહી. આપો તો વિરોધી આપો. શરીર બેસવાનું કહે તો ઊભા રહો. સગવડ માંગે તો અગવડ આપવી. આરામ માંગે તો કામ આપવું. શરીરની ઇચ્છાને તોડતા જાઓ. જીભ જે માંગે તે આપવું જ નહી. આપવું પડે તો એ રીતે આપવું કે બીજીવાર માંગે જ નહી. આ શરીર નામનો છોકરો બહુ તોફાન કરે છે, તો એવો માર મારીએ કે કાયમ માટે ખો ભૂલી જાય. છ બાહ્યતપથી શરીર અને જીભ બંનેને જીતવાના છે.

છ અભ્યંતર તપથી મન અને બુદ્ધિ બંનેને જીતવાના છે. મન સંકલ્પ – વિકલ્પ –વિચારો કરીને નકામા પાપ બાંધ્યા કરે છે. મન ઉંધા – ચત્તા વિચારો કરી પોતે તો બગડે જ છે. સાથે ઇન્દ્રિય – શરીર – આત્માને પણ ભ્રષ્ટ કરે છે. મનની એવી વિચિત્રતા છે કે શારીરિક ધોરણે જે અઢાર પાપસ્થાનકો નથી સેવતા, તે માનસિક ધોરણે કરી લઇએ. મનની જ ખૂબ ભૂખ છે. વારંવાર નવી નવી વાનગીઓ અને વસ્તુઓ શોધ્યા જ કરે.

પૂર્વે માત્ર પરદાનું નાટક – ભવાઇ જોઇ સંતુષ્ટ થતાં. પછી રંગભૂમિ, પછી નાટક, પછી થીએટર – મૂંગી ફીલ્મ, પીક્ચર – બોલતી ફીલ્મ, મન ધરાતું જ નથી. ટી.વી., વી.સી.આર. ફલેટ ટી.વી. નવી નવી ચેનલો.... ફોન, મોબાઇલ, થ્રીજી... ક્યાંય અટકવાનું નામ નથી. કારણ મન ક્યાંય શાંત થતું નથી. ઇંધણ નંખાયા જ કરે છે. શરીર થાકે છે, ઇન્દ્રિયો થાકે છે. પણ મન થાકતું જ નથી.

બધા પાપોથી ખરડાયેલું મસોતા જેવું મલીન જે મન થયું છે. તે પોતે ખેંચાઇને જે પાપ કરે છે. તથા વચન – કાયા – ઇન્દ્રિયો દ્વારા જે પાપ કરાવે છે, તેનું પ્રાયશ્ચિત્ત કરવું ખૂબ જરૂરી છે. બાહ્ય તપના પ્રભાવે મન આહારાદિ સંજ્ઞા અને શરીરાદિની મમતાથી મુક્ત થયું. હવે એ મનને વિનયાદિ–સ્વાધ્યાય આદિ પવિત્ર શુભભાવોમાં જોડવું છે. પણ એ પહેલા એ મનરૂપી પાત્રને સાફ કરવું જરુરી છે. ખટાશથી ભાવિત થયેલી તપેલીને સાફ કર્યા વિના દૂધ ભરીએ તો દૂધ ફાટી જાય છે.

એ જ રીતે મનને શુભભાવોથી ભાવિત કરતા પહેલા પ્રાયશ્ચિત્તથી શુદ્ધ–સાફ– ચોક્ખું કરવું જરુરી છે.

મસોતા જેવા મલિન મનનું શુદ્ધિકરણ કરવા તપ છે પ્રાયશ્ચિત. રોજે રોજ લખવું. કારણ માનસિક અને નાના નાના પાપો પછી યાદ આવતા નથી. તે એમને એમ ધોવાતા નથી. જ્યાં સુધી શુદ્ધ રીતે પ્રાયશ્ચિત્ત ન થાય, ત્યાં સુધી પાપો આત્માને ચોંટીને રહે છે. પાપનું શુદ્ધિકરણ કરવાનું ભૂલાઇ જાય, એટલા માત્રથી પાપ જતું રહેતું નથી. ડાઘો રહી જાય છે. દારુ જેટલો જુનો તેટલો નશો વધારે કરે. તેમ પાપ જેટલું જુનું, તેટલી તેની તીવ્રતા વધતી જાય. પ્રાયશ્ચિત્ત કરવું ભૂલ્યા તો તીવ્રતા વધતી જશે.

અઢાર – વીસ વર્ષની ઉંમરે પાપ કર્યું. પ્રાયશ્ચિત્ત ન કર્યું. હવે એંશી વર્ષના થયા. ૬૦ વર્ષ સુધી સતત તીવ્ર થતું જ ગયું. એવું પાવરફૂલ થયું કે નાનું પાપ મોટા દંડરૂપે પ્રગટ થાય. જેવું પાપ તેવું પ્રાયશ્ચિત્ત. મોટા મોટા પાપ હજી યાદ રહી જાય. પણ નાના પાપો ભૂલાઇ જાય છે. પાંચ-પંદર લાખનું ખોટું કર્યુ તે યાદ રહે, પણ પાંચ – દસ રૂપિયાનું પાપ યાદ રહેતું નથી. તમે એને નાનું માનો છો. કર્મસત્તા નહી.

કર્મસત્તાની થીઅરી આ છે કે **પાપ કરનાર જે પાપને નાનું માને તેને મારે મોટું કરવું. અને જે પાપને મોટું માને.** 'મેં પાપ કર્યુ – મેં પાપ કર્યું'. **તે મારે નાનું કરવું.** સાધુની હત્યા કરે તેને કેવળજ્ઞાન અને વનસ્પતિની છાલ ઉતારનારની જીવતે જીવ ચામડી ઉતરે. આ કાંઇ ન્યાય લાગે છે? જસ્ટીસ છે? કર્મસત્તાનો ન્યાય છે. – જેને પાપ ન ગણો કે નાનું ગણો તેને મોટું કરવું. જેને મોટું માનો તેને નાનું કરવું. ઘણાં પાપો આપણને સહજ – ક્ષુલ્લક લાગે છે. સીનેમાનું પોસ્ટર જોવાય જાય એમાં શું? પાણીપુરી ખાવાનું મન થાય એમાં શું? તેને પાપ ગણતા નથી. સહજ લાગે છે. કર્મસત્તા તેને જ મોટામાં મોટું પાપ માને છે. તેનો દંડ ભયંકર છે.

રૂક્‌મી રાણીએ જેને પાપ જ ન માન્યું, તે પાપે એના એક લાખ ભવ વધારી દીધા. લગ્ન કરીને વિધવા થઇ. પિતાના મૃત્યુ બાદ તે રાજા થઇ. વિશુદ્ધ બ્રહ્મચર્ય પાળે છે. તેના પ્રભાવે નગરમાં દુકાળ ન પડે. એક રાજકુમાર તેની પ્રશંસા સાંભળી દર્શન કરવા આવ્યો. રાણીએ વિકારભરી દૃષ્ટિથી એક વાર તેની સામે જોયું. આવો રાજકુમાર મળે તો ખૂબ સારું થાય. રાજકુમાર તો નીકળી ગયો. પછી તેણે દીક્ષા લીધી. આચાર્ય થયા. રૂક્‌મીએ પણ એમની પાસે દીક્ષા લીધી. આચાર્ય ભગવંત પ્રાયશ્ચિત્ત કરાવે છે. શુદ્ધિકરણ કરો. બધી આલોચના કરી. પણ પેલું બાકી રાખ્યું. આમાં શું દોષ છે? તે મોટું થોડું છે? છેલ્લે અણસણ કરવાની ભાવના છે. આચાર્ય ભગવંત ફરી યાદ કરાવે છે. પણ એણે વિચાર્યું – હું શુદ્ધ બ્રહ્મચારિણી. મારાથી આ કબૂલાત કેમ કરાય?

આમ તો મહાપુરુષો પોતાના મુખે બીજાના પાપોને યાદ ન કરાવે. તે સામે ચાલીને સ્વીકારે તો કલ્યાણ થાય. સાધ્વીજી અનશનની છેલ્લી ઘડીએ પહોંચ્યા. ત્યારે આચાર્ય ભગવંત પરમકરુણાનિધાન છે. તેથી વારંવાર યાદ કરાવે છે. પણ સાધ્વીજી તેને યાદ કરતા જ નથી. આચાર્યને થયું કે સાધ્વીજી આ એક પાપથી હારી ન જાય માટે સામે ચાલીને યાદ કરાવ્યું. એ વિકારનું પાપ હતું. પ્રાયશ્ચિત્ત કરો. સાધ્વીજી કહે. – ના, ના, એ તો હું તમારી પરીક્ષા કરતી હતી. કબુલ્યુ નહી. ને એક લાખ ભવ વધી ગયા. જે પાપને ગણકારતા નથી. તે દરેકને કર્મસત્તા મોટું માને છે.

સ્વીકાર કરવામાં કયું તત્ત્વ નડે છે? અહંકાર અને તેનાથી પ્રગટેલી માયા. હું

ઇજ્જતદાર, આમ આવા દોષોનો સ્વીકાર કરું, તો મારી બેઇજ્જતી થશે. મન માનસિક ધોરણે નાના નાના હજારો પાપો કરે છે ને તે પાછું ભૂલી જાય છે.

લક્ષ્મણા સાધ્વીનું કયુ મોટું પાપ હતું? માત્ર ચકવાચકવીની ક્રીડા જોઇ મનમાં વિચાર આવ્યો. અવેદીને વેદીની શું ખબર પડે? આટલું જ પાપ! પછી પશ્ચાત્તાપ પણ થયો. પ્રાયશ્ચિત્ત લેવા ગયા. પણ કોકને આવો વિચાર આવે તો શું પ્રાયશ્ચિત્ત? એમ કહીને આલોચના કરી. અનેકગણો તપ કર્યો છતાં પ્રાયશ્ચિત્ત પૂરું ન થયું કેમકે સાચી આલોચના કરી નહીં.

ડાબા પગમાં ગુમડુ થાય અને જમણા પગે મલમ લગાવો તો કેટલા વર્ષે મટે? ડાબા પગે કાંટો વાગે ને જમણા પગે સોઇ નાંખો. તો ક્યારે કાંટો નીકળે? ઘણા વર્ષ તપ કર્યો છતાં ૮૦ ચોવીશી = ૮૦૦ કો.કો.સા. = અસંખ્યભવ વધ્યા. રૂકમીસાધ્વી હોય કે સાધુમાંથી ઉંદર થનાર હોય, કનકશ્રી રાજકુમારી હોય કે સાવદ્યાચાર્ય હોય, મોટા મોટા દંડ મળ્યા છે.

અનંતકાળ પૂર્વની આ વાત છે. જે વખતે પાંચમો આરો ચાલતો હતો ને સાત અચ્છેરા થયા હતા. જે કાળે શિથિલાચારની બોલબાલા હતી. તે સમયમાં વિશુદ્ધ ઉત્તમ આરાધક આચાર્ય ભગવંત થયા. તેમનું અદ્ભુતચરિત્ર મહાનિશીથ સૂત્રમાં વર્ણવ્યું છે. જેમણે શિથિલાચારીઓની વાત નહીં માનીને તીર્થંકર નામકર્મના દલિકો ભેગા કર્યા અને સંસાર ૧-૨ ભવ જ બાકી હતો. નામ હતું એમનું કુવલયાચાર્ય. પાછળથી શિથિલાચારીઓએ તેમનું નામ સાવદ્યાચાર્ય રાખ્યું. આગમની વાચના સાંભળી શિથિલતાથી સાધુઓ મુક્ત થાય એ હેતુથી તેઓ ફરી તે નગરમાં પધાર્યા. તેમના તપના તેજથી શોભતું શરીર અત્યંત દેદિપ્યમાન દેખાતું હતું. શું સાક્ષાત્ અરિહંત પધારી રહ્યા છે? આમ વિસ્મિત અને રોમાંચિત અંગવાળી એક સાધ્વીએ અહોભાવના અતિરેકમાં આવીને તેમને ત્રણ પ્રદક્ષિણા આપી. તે વખતે સાધ્વીના મસ્તકથી સાવદ્યાચાર્યના ચરણનો સ્પર્શ થયો. આચાર્યે ત્યારે પ્રમાદથી પગ ન ખસેડ્યો. આ નાનકડું પાપ. પાપ તો નાના જ હોય છે, પણ આપણે તેને મોટા કરીએ છીએ!!

આ પ્રમાદનું પ્રાયશ્ચિત્ત શું આવે? બહુ બહુ તો એકાદ ઉપવાસ !! લક્ષ્મણા સાધ્વીનું પ્રાયશ્ચિત્ત શું આવે? એકાદ આયંબિલ. રૂકમી સાધ્વીને પ્રાયશ્ચિત્ત શું આવે? કદાચ બાર લોગસ્સનો કાઉસ્સગ્ગ. છતાં પાપ કરવામાં આપણને ઇજ્જત યાદ નથી આવતી. પણ પાપનો એકરાર કરવામાં ઇજ્જત યાદ આવે છે ને સ્વીકાર કરી શકાતો નથી. સાવદ્યાચાર્યની આગમવાચના શરુ થઇ - કારણે પણ જો સ્ત્રીના હાથનો અંતરિત સ્પર્શ થાય તો તે અબ્રહ્મચારીને સંઘ બહાર કરવો. આ વચન સાંભળી શિથિલાચારીઓ

બોલી ઉઠ્યા - તો તે વખતે તમને સાધ્વીનો સ્પર્શ થયો હતો. તો તમે ગચ્છ બહાર કે અંદર? ઇજ્જત કા સવાલ હૈ. જો એમ કહી દેત કે એ મારો પ્રમાદ હતો. મેં પ્રાયશ્ચિત લઇ લીધું છે, અથવા લઇ લઇશ તો વાત પૂરી થાત. પણ તેમણે કહ્યું. જેટલા ઉત્સર્ગ એટલા અપવાદ છે. શાસ્ત્રવચનના આધારે પોતાના પ્રમાદને નિર્દોષ સાબિત કર્યો. પોતાનો બચાવ કર્યો. પ્રમાદ-મોહ - આસક્તિ - લોભ - લાલચથી જે થાય તે પાપ જ છે. તે પ્રમાદ કહેવાય, અપવાદ ન કહેવાય ! આટલી મોટી વ્યક્તિને પણ આવું થાય? હા. જેમ જેમ ડીગ્રી - પોઝીશન વધે, તેમ તેમ અહંકાર તો વધતો નથી ને? તે જાતને પૂછી લો. અહંકાર એ બાળકને ખભે બેસાડવારૂપ છે. જેમ માણસ મોટો તેમ અહંકાર મોટો.

તત્કાળમાં ઇજ્જત બચી, પણ શિથિલાચારીઓને મજા પડી ગઇ. તેમણે કહ્યું - તમે જે કરો તે ઉત્સર્ગ અને અમે જે પ્રવૃત્તિ કરીએ તે અપવાદ. તમે અમને ચાવી આપી. જ્યારે જ્યારે દોષ લાગે, ત્યારે ત્યારે અપવાદ. બપોરે કેમ સુતા? અપવાદ. ગરમ ગરમ આધાકર્મી ચા કેમ વાપરી? અપવાદ.

મહાનિશીથ સૂત્રમાં જણાવ્યું છે કે એમના જિનનામકર્મના પુદ્ગલો વિખેરાઇ ગયા. એક ભવનો મર્યાદિત સંસાર અનંતભવોનો સમુદ્ર બની ગયો. પ્રાયશ્ચિત્ત કર્યા વિના મૃત્યુ પામી તે સાવદ્યાચાર્ય વ્યંતર દેવ થયા. ત્યાંથી ચ્યવી વ્યભિચારિણી પુરોહિતપુત્રીની કુક્ષીએ જન્મ લઇ ચંડાલને ત્યાં મોટા થયા. રાજા જેને જેને દંડ આપે તેને આ ફાંસીએ લટકાવે. જિંદગીભર આ કરવાનું. સાધુઓનો નેતા ચાંડાલોનો નેતા બન્યો. એક વખત એકેન્દ્રિય જીવની રક્ષા કરનાર પંચેન્દ્રિય મનુષ્યને ફાંસી આપે છે. અનંતભવ રખડી પાર્શ્વનાથ ભગવાનના કાળમાં મોક્ષે ગયા.

મન છે તો વિચારાઇ જાય. આંખ છે તો જોવાઇ જાય. કોઇ આગ્રહ કરીને પીરસે તો ખવાઇ જાય.તેમાં પાપ શું ? જેને પાપ નથી માનતા કે નાનું માનીએ છીએ, કર્મસત્તા તેને જ મોટા માને છે. જે માને મારું પાપ મોટું છે. કર્મસત્તા તેને નાનું કરી દે છે. દૃઢ પ્રહારીએ ચાર હત્યા કરી. ગો - પશુ - બ્રહ્મ -સ્ત્રી હત્યા. આ મોટું પાપ પણ ખૂબ ખટક્યું. તો છ મહિનામાં કેવળજ્ઞાન પામ્યા.

મુનિને જોઇને રાણીની આંખમાં આંસુ! રાજા સમજ્યો કે રાણીનો યાર હશે. સાધુપર દ્વેષ થયો. મારવાનો આદેશ આપી દીધો. મુનિએ સમતા રાખી, કેવળજ્ઞાન થયું. લોહીભીનો ઓઘો રાણી પાસે પડ્યો ને રાજાને સાચી ખબર પડી. પછી જે પશ્ચાતાપની જ્વાળા પ્રગટી. સાધુનો હત્યારો અનંતભવ રખડે. પણ આ સાધુના હત્યારા રાજાને ત્યાં જ મિચ્છામિ દુક્કડમ્ દેતાં કેવળજ્ઞાન થયું.

નાના પાપનો દંડ વધારે કે મોટા પાપનો દંડ વધારે? જે પાપ રસપૂર્વક -

પક્ષપાતપૂર્વક થાય છે, જેનો બચાવ કરીએ છીએ, જેને છુપાવી રાખીએ છીએ. તે કેવું છે તેની સાથે મતલબ નથી. પણ તે મરતી વખતે એટલું બધુ મોટું થશે કે વારેઘડીએ તમારી સામે આવશે. રસપૂર્વક અને પક્ષપાતપૂર્વક થયેલા પાપનો પણ બચાવ કરવાને બદલે ગુરુ આગળ પ્રાયશ્ચિત્ત કરી લીધુ હોય, તો ગમે તેટલું મોટું પાપ પણ નાશ પામી જશે. પાપયુક્ત મનને કાબુમાં લેવા માટે સૌથી પહેલા આ કાર્ય કર. પ્રાયશ્ચિત્ત....

મનને પાપ કરવું ગમે છે, પણ પાપ કબૂલ કરવું ગમતુ નથી. મનને દુર્જન તરીકેના તમામ પાપો કરવા છે, પણ દુર્જન તરીકે જાહેર થવું નથી. મનને પાપો જોરદાર કરવા છે, પણ પાપી તરીકે ઓળખાવું નથી. આ મનની વિચિત્રતા છે. મનને કહી દો - તું પાપ કર. હું પ્રાયશ્ચિત્ત કરીશ. તારા એક એક પાપનું એવું પ્રાયશ્ચિત્ત કરીશ કે તને પાપ કરવું ભારી પડી જશે.

અગાસી પરથી કોક ઘરમાં સ્ત્રીને કપડા બદલતાં વિવેકાનંદથી જોવાઇ ગયું. નીચે આવીને આંખમાં મરચાં નાંખી દીધા. મન! તું ત્યાં ગયું જ કેમ? લે આ દંડ !! હવે મન ત્યાં જશે? મન! તું ભલે પાપ કર. પણ હું એવા પશ્ચાતાપ ને પ્રાયશ્ચિત્ત કરીશ કે તું પાપ કરવાની ખો ભૂલી જશે. આ મનને પહેલો સોટો.

પૂ. પ્રેમસૂરિ દાદા. હાર્ટ એટેકના પેશન્ટ. એંશી વર્ષની ઉંમરે રાતે બાર વાગે ઊભા ઊભા પચાસ ખમાસમણા આપે છે. પસીનો ઉતરવા માંડ્યો. એક મહાત્મા ઉઠયા. પૂછયું - ગુરુદેવ! આ શું કરો છો? આપને એટેક છે ને? અલ્યા! શરીરના એટેકની વાત છોડ. મારા આત્માપર એટેક આવી ગયો છે, તેનો આ દંડ છે. આજે ગોચરી વાપરતા રાગ થઇ ગયો. તમારી ભક્તિથી મારા આત્માનું કલ્યાણ નથી. પણ મારી સાવધાનીથી મારા આત્માનું કલ્યાણ છે. મનના તોફાનો, સંકલ્પ - વિકલ્પો, વિષય વાસના તરફ દોડી જવાની વૃત્તિઓ કાબુમાં લેવી જ પડશે.

એકનું એક પાપ બીજીવાર કરવાનું મન થાય છે. કારણ મનને તેના અનાદિથી કુસંસ્કાર છે. અહંકાર તેને પોષે છે. છતાં તમારું પાપ પકડાતું નથી, કારણ તમારું પુણ્ય બોલે છે. મન માંકડુ છે. જે મન આસક્તિથી પાપ કરે છે, તે પ્રાયશ્ચિત્ત તો નથી જ કરતું. એને તો આત્માએ જ મારવું પડે છે. મન માર્યા વગર પશ્ચાતાપ - પ્રાયશ્ચિત્ત ન થાય. મનોમંથન કરીને આલોચના લેવા માટે આત્માનું આધિપત્ય જોઇએ.

શાસ્ત્રમાં સૂત્ર આવે છે. ગુરુ પાસે પશ્ચાતાપ - પ્રાયશ્ચિત્ત લેવાના ભાવથી જ કેટલાક સાધુ - સાધ્વી કેવળજ્ઞાન પામી ગયા. કેટલાક પ્રાયશ્ચિત્ત કરવા ઊભા થતાં, કેટલાક એક ડગલું ચાલતા, કેટલાક ગુરુ પાસે જતાં, કેટલાક ગુરુને નિવેદન કરતા, કેટલાક પ્રાયશ્ચિત્ત સાંભળતા, કેટલાક સ્વસ્થાને આવતા, કેટલાય પ્રાયશ્ચિત વાળતા

કેવળી બન્યા. કેવળજ્ઞાન ક્યારે મળે? મનને માર્યા વગર ન મળે.

જ્યાં સુધી મનને ન કેળવીએ, ત્યાં સુધી મન પાપ કરવાનું જ છે. મન પાપ કરે છે. તેમાં પૂર્વના કર્મો ગૌણ કારણરૂપ છે. મુખ્ય કારણ છે સંજ્ઞાઓ... સંજ્ઞાઓ જીતાય તો જ કર્મોને પીછેહઠ કરાવી શકાય. જો સંજ્ઞાને તોડો તો કર્મોના ઉદય પણ અસર નહી કરી શકે. છટ્ઠે – સાતમે ગુણસ્થાનકે સંજ્વલન કષાય નામનું ઇંધન છે. માટે નિમિત્ત મળે ને ક્રોધ આવી શકે. કારણ આ પ્રકૃતિ જીવવિપાકી છે. તેથી સીધી જીવ પર અસર કરે. પ્રભુ જ્યારે કેવળજ્ઞાન પામે છે, ત્યારે તેરમા ગુણસ્થાને અંદર ઇન્ધન નથી. તેથી બહારના નિમિત્તોની કોઇ અસર નથી. પણ જ્યારે પ્રભુ છટ્ઠા – સાતમા ગુણસ્થાને હતા, ત્યારે બહાર સંગમ, ગોવાળ, કટપૂતના જેવા ક્રોધના નિમિત્તો મળ્યા. અંદર સંજ્વલન કષાયના ઉદયરૂપ ઇંધન પણ છે.છતાં સાડાબાર વર્ષના સાધનાકાળમાં ક્યારેય ક્રોધ નથી કર્યો. કારણ પ્રભુએ સંજ્ઞાઓને ખતમ કરી નાંખી હતી. તેથી કર્મોનો ઉદય હોવા છતાં, બાહ્યનિમિત્ત મળવા છતાં, કોઇ અસર થઇ નહીં.

કર્મોથી નિમિત્ત આવે, પણ સંજ્ઞાઓને જીતી લો તો તેને નિષ્ફળ કરી શકો છો. પરિણતિ દ્વારા સંજ્ઞા તોડો તો કોઇ પાપ નહીં થાય. સંજ્ઞા એટલે અનાદિકાળના સંસ્કાર. જેવું નિમિત્ત મળે તેવી લાગણીમાં ખેંચાવું તે સંજ્ઞા. કોઇ કપ તોડે ને ક્રોધ આવે. પ્રશંસા કરે ને અભિમાન થાય. આ સંજ્ઞા. મનમાં ઘુસી ગયેલી દસ પ્રકારની સંજ્ઞાથી મન પાપના માર્ગે જ દોડ્યા કરે છે.

પર્વત પર વરસાદ પડે ને પાણીનો ધોધ વહે. પછી વરસાદ બંધ થાય એટલે પ્રવાહ પણ બંધ થાય. પણ એ પ્રવાહના સફેદ પટ્ટા – ધોરિયા પડેલા હોય. ફરી વરસાદ પડે ત્યારે તે ધોરિયા માર્ગે જ ફરી પાણી વહે. તેમ આપણા મનમાં દસ પ્રકારની સંજ્ઞાઓના ધોરિયા પડી ગયા છે. જ્યારે જ્યારે મનુષ્યભવ મળે, પ્રસંગ બનતા મન કુસંસ્કારના ધોરિયા પર દોડે. પછી અસંખ્યભવ એકેન્દ્રિયમાં એ સંસ્કાર દબાઇ જાય. પાછા મનુષ્યભવમાં ફરીથી પ્રસંગ બનતા એ જ ક્રોધ – માનાદિનો પ્રવાહ શરુ થાય. એકેન્દ્રિયના ભવમાં સંજ્ઞા પોષાતી નથી. એ ઉનાળાનો કાળ છે. પણ પછી પાછો મનુષ્યભવરૂપી વરસાદનો કાળ આવે ને મન તે જ સંજ્ઞાઓના રસ્તે દોડે.

કોઇક આપણું નુકસાન કરી જાય તો કઇ સંજ્ઞામાં રહેવાનું? ક્રોધ સંજ્ઞામાં સ્તો. ન રહો તો લોકો કહે – આમ શાંત થોડા રહેવાય? જેવો પ્રસંગ તેવી સંજ્ઞા. આ આપણા અનાદિના સંસ્કાર છે. આપણને પણ એ જ ફાવે છે. મન ઉંધા સંસ્કારોથી વાસિત છે. મનને તાલિમ આપવાની ભૂમિકા છે પ્રાયશ્ચિત્ત તપ. મનને પાપ કરવું ગમે છે. તેનો સ્વીકાર કરવો ગમતું નથી. જુઠું બોલવું ગમે છે, પણ કોઇ જુઠાડો કહે તે ગમતું નથી.

ગૂમડું બહુ વધી જાય તો સૌ પ્રથમ નસ્તર જ મૂકી દેવાનું. વધી ગયેલા ગૂમડાને પ્રથમ ઉખેડવું જ પડે. પછી જ મલમ – દવા કરાય. તેમ અનાદિથી મન દુષ્ટ થયેલું છે. તેથી વધી ગયેલા પાપનું પ્રથમ પ્રાયશ્ચિત્ત દ્વારા ઓપરેશન કરી લો, પછી મલમ લગાડો. જે પાપ નાનું માનશો કે નેગ્લેટ કરશો તે મોટું બનશે. જે પાપ મોટું માનશો તે નાનું બનશે. જે પાપને છાવરશો તે ઘણું મોટું થશે. જેનો સ્વીકાર કરશો તે કાં તો ઉખડી જશે. કાં તો સામાન્ય રહેશે.

સામાન્યથી આપણા દરેક પાપ સરસ અને પક્ષપાતપૂર્વકના થાય છે. સામાયિક કરવામાં જે તલ્લીનતા આવે ને ટી.વી જોવામાં જે તલ્લીનતા આવે તેમાં ફરક પડે? ૧૦૮ નવકાર ગણવામાં અને રૂપિયાની નોટો ગણવામાં ફરક પડે? હા. પ્રાયઃ પાપ રસપૂર્વક – પક્ષપાતપૂર્વક થાય છે. જે પાપ ન છુટકે કરવું પડે તેમાં કદાચ રસ ન હોય. નોકરીએ જાય તો તેમાં કદાચ રસ ન હોય. માટે તે તીવ્ર પાપ નથી. પણ ટી.વી. તો રસપૂર્વક જ જુએ. સંયોગો વગર બીનજરૂરી થતા પાપ સરસ – પક્ષપાતપૂર્વક પ્રાયઃ થાય છે. પણ તેના પ્રાયશ્ચિત કરવા ક્યારેય બચાવ ન કરવો – છાવરવા નહી. તે માટે એક ગણિત રાખો. **મારા મરતા પહેલાં મારા પાપ મરી જવા જોઇએ. એ કેવી રીતે મરે? પશ્ચાત્તાપ – પ્રાયશ્ચિત્તથી....**

## <u>પોષ સુદ બીજી – ૬</u>

સાધનામાં બે બાધકતત્ત્વ છે. સમગ્ર સંસાર છોડી દીધા પછી પણ આહારસંજ્ઞા ને શરીરની મમતા સાધકને બાધક બની જાય છે. મંગુઆચાર્ય જેવા સાધકને આહારસંજ્ઞાએ નગરની બહારના ગંદી ખાઇ પાસેના યક્ષ બનાવી દીધા. ઘણાં ચૌદપૂર્વી શરીરની આસક્તિથી – પ્રમાદથી નિગોદ ભેગા થયા. જેને આહારસંજ્ઞા હોય તેને એકેન્દ્રિયમાં જવાની તૈયારી રાખવી. જેને શરીરની આસક્તિ હોય તેણે નિગોદમાં જવાની તૈયારી રાખવી.

કર્મસત્તા કહે છે – શરીર પંપાળવા માટે નથી. સાધના માટે છે. જો પંપાળીશ તો હવે તને પોતાનું સ્વતંત્ર શરીર નહી આપું. જા નિગોદમાં. શરીર વગરના બે જ સ્થાન છે.કાં નિગોદ. કાં મોક્ષ. મોક્ષમાં સર્વથા શરીર નથી.

નિગોદમાં તેજસ–કાર્મણ બે પોતાના શરીર હોવા છતાં આપણા જેવું સ્વતંત્ર ઔદારિક શરીર નથી. અનંતાનંત જીવો વચ્ચે એક શરીર છે. જેમ આહારમાં વેરાઇટી છે. તેમ તેમાં અટવાયેલો જીવ પણ જુદી જુદી ગતિની વેરાઇટીમાં ભમે છે. બધું છોડનાર સાધુ જો શરીર અને આહારની આસક્તિને છોડી શકતો નથી તો તેનું પણ કલ્યાણ થાય

૩૨) આપણને બીજા પર શો અધિકાર છે કે
'એણે આમ જ વર્ત્તવું જોઈએ'
એવો દાવો રાખી શકીએ?

– મીઠા ફળ માનવ ભવના



શ્રીમતી વીમલાબાઈ રતનચંદજી ડુમાવત
જૈન મુવ્હીજ (અરઠવાડા) હુબલી

૩૩) કોઈપણ ગુણ કે ધર્મનું બીજ છે,
એની વાણીથી સમ્યક્ પ્રશંસા, મનથી આકર્ષણ
અને હૃદયથી અહોભાવ. – મીઠા ફળ માનવ ભવના



શા. રાસાજી ખુબચંદજી – હુબલી

૩૪) શ્રાવક પહેલા નવકાર સ્મરણાદિ મંગળ કરીને
અર્થ – ચિંતા નોકરી – વ્યાપાર ધંધો કરવા જાય.
આમ પાપકાર્યમાં પણ મથાળું ધર્મનું બાંધે.
જેથી એ પાપનું ઝેર આત્મામાં પ્રસરે નહીં
અને સરવાળે એ ધર્મમાં ઉતરે.

– મીઠા ફળ માનવ ભવના



શા. પુખરાજજી માણેકચન્દજી ડુમાવત
(પોસાલીયા) હુબલી

૩૫) મોં માંથી નીકળતા નિંદાવચન–ગાળ–અપશબ્દથી એ સિદ્ધ થાય છે કે દિલમાં કેટલી ગંદકી ભરેલી છે.

– માનવ! તું માનવ બન



મોગીબાઈ ડુંગરજી ધનસી (આમલારી) હુબલી

૩૬) જો પાપોનો અંત કર્યા વિના આ જીવન પૂરું થઈ જશે,
તો બીજા જન્મો દુઃખદ આવશે.

– રોટલાની રામાયણ



સ્વ.હંજાબાઈ ચુન્નીલાલજી
અક્ષય મહેન્દ્રકુમાર ચુન્નીલાલજી
(પાડીવ) હુબલી

૩૭) જ્ઞાન બહારથી લાવવાનું નથી, અંદરથી બહાર કાઢવાનું છે,
માટે જ સ્વાધ્યાય સાથે જ્ઞાનાચાર ઉપર ખાસ ભાર મુક્યો છે.

*– ભગવતી સૂત્ર વિવેચન*



શ્રીમતી હુલાસીબાઈ શાંતિલાલજી
(પાડીવ) હુબલી

૩૮) આચાર પાલનને અભેરાઈએ ચઢાવી કોરું 'ભણો-ભણો' નું ડિંડિમ વગાડવાના પરિણામે આજે ભણેલાં વધારે ભૂલે છે. - *ભગવતી સૂત્ર વિવેચન*



પી.ટી. ભંડારી (પાલી) હુબલી

૩૯) શોભન આચારો અને માનવતાના વિશિષ્ટ ગુણો વિના દેશ કે પ્રજાની આબાદી થાય નહીં. જ્ઞાનનો વિકાસ જ્ઞાનના આચારોની બહુ અપેક્ષા રાખે છે.

*– ભગવતી સૂત્ર વિવેચન*



સજ્જન એજન્સી
(પાલી) હુબલી

૪૦) શાસન તો જીવનમાં જીવતા ધર્મના આચાર-વિચાર અનુષ્ઠાન અને શ્રદ્ધા પર આધારિત છે. કોરા અક્ષરો કે શાસ્ત્રજ્ઞાનના પ્રયત્નો પર નહીં - *ભગવતી સૂત્ર વિવેચન*



છગનલાલજી ચંપાલાલજી ભૂરટ
- હુબલી

૪૧) વિકટ સંજોગોમાં ખોટી ધારણાઓ કરી અપકૃત્ય કરવાને બદલે અરિહંત પ્રભુની ભક્તિ તથા તપસ્યા વધારવી એમાં ડહાપણ છે. – *ભગવતી સૂત્ર વિવેચન*



પારસમલ કનૈયાલાલજી ગુલેચા (શિવગંજ) હુબલી

૪૨) શાણો માણસ બને ત્યાં સુધી કોઈના અહેસાનમાં આવતો નથી.
લોભ – લાલચવશ લીધેલો અહેસાન અવસરે ખતરનાક નીવડે છે.

*– ભગવતી સૂત્ર વિવેચન*



શા હરખચંદજી ચંદનમલજી પાલગોતા
(ટાપરા) હુબલી

૪૩) વર્તમાન સુકૃતમાં ભાવી સુખોના અને સુકૃતોના બીજ પડેલા છે. પછી જેવું સુકૃત–જેવો ભાવ એવું ફળ.

– *ભગવતી સૂત્ર વિવેચન*



ગૌતમરાજ અબાની, ગૌતમ એન્ટરપ્રાઇજેસ
સુવિધા કોમ્પલેક્ષની સામે, કેશવાપુર – હુબલી

૪૪) સાધનાનો રથ ગુરુવચન અને આત્મ પુરુષાર્થ રૂપી બે અશ્વો તથા નિશ્ચય દૃષ્ટિ અને વ્યવહારદૃષ્ટિ ના બે પૈડાના સુમેળથી પુરા વેગમાં ચાલે છે. – *નિશ્ચય અને વ્યવહાર*



મથુરાબાઇ પુખરાજજી ભંડારી – હુબલી

૪૫) જિન મતને માનવો અને વ્યવહાર ધર્મ – ક્રિયાઓને નિંદવી એ 'હું મુંગો છું' એમ બોલવા જેવું છે. કેમકે જિનવચન સારી રીતે વ્યવહાર ધર્મ ક્રિયાઓને ખોલે છે. – *નિશ્ચય અને વ્યવહાર*



શા. હરખચંદજી સમરથમલજી સીસોદીયા – (આલપા)
સુપુત્ર – ભરતકુમાર, મનોજકુમાર, સુપૌત્ર – રીત
ફર્મ : લક્ષ સેલ્સ કોરપોરેશન, રામનગર – ધારવાડ

૪૬) દહેરાસરની સંભાળ રાખવી એ પણ પ્રભુની ખરેખર પૂજા છે, ભક્તિ છે, વિનય છે – *પરમાત્મ ભક્તિના રહસ્ય*



સ્વ. વીલાસમતી મોહનલાલજી ભંડારી (બાગરા)
પુત્ર–સંતોષ, આનંદ – સુપૌત્ર – જીત, સુપૌત્રી – જાનવી
ઓસવાલ ક્લોથીંગ, ઓસવાલ ટાવર – ધારવાડ

૪૭) પરમાત્માની પૂજા એ તો પરમાત્મામાં
આપણા આત્માનો વિલય કરી દેનારી
ભક્તિનો પાયો છે – *પરમાત્મ ભક્તિના રહસ્ય*



નિકીતા કેતનકુમારના સિધ્ધિતપ નિમિત્તે
માતુશ્રી ઇન્દુમતીબેન વ્રજલાલ શાહ (મોરચંદવાળા) તરફથી
મહાવીર કોમ્પલેક્ષ, એલ.બી.એસ.માર્ગ, મુલુંડ (વે), મુંબઇ

નહીં. પરિગ્રહ – મમતા છોડી. બધી આસક્તિઓ તોડી. દુનિયામાં સંપત્તિ પાછળ માણસ ગાંડો છે. તે સંપત્તિને ફગાવી. સંબંધો છોડ્યા. માણસ પરિવાર ખાતર ધંધો છોડતો નથી તે પરિવાર છોડ્યો. છતાં એ સાધુને ભટકાવી દેનાર પ્રાયઃ બે તત્ત્વ – કારણો છે. (૧) શરીર સાથે લઇ આવ્યો, તેને પંપાળ્યું. (૨) અને તે શરીરના પોષણ માટે લેવાતા આહારના સ્વાદમાં ખેંચાયો. આહારથી ધર્મકાયના બદલે આહારસંજ્ઞાનું પોષણ થઇ જાય છે. જો કે મોટા ભાગના સાધુ–સાધ્વીઓ આ બે લપસણી ભૂમિઓને જાણી સાવધ જ રહેતા હોય છે.

મરીચિએ શરીરને ખાતર સાધના ગુમાવી. મારે તેવી ભૂમિકાએ નથી જવું કે શરીર માટે સાધના ગુમાવવી પડે. સંયમનું સાધન છે શરીર, તો તે શરીરને પોષવા આહાર લઇશ, સ્વાદનું પોષણ કરવા આહાર નહી લઉં. આ લક્ષ્ય નહી હોય તો ઉંચી સાધનાનો સાધક પણ પતન પામે છે.

**અભ્યંતર તપ** – મન એવું બાળક છે કે મા એને બાથરૂમમાં જઇ ન્હવડાવે, સુંદર કપડા પહેરાવે ને બાળક પાછો ધૂળમાં રમવા જાય. બધું મેલું કરી નાંખે. જુદા જુદા સંયમયોગો મનને સ્વચ્છ – સુવાસિત – પવિત્ર કરનારા છે. એમાંથી વારેઘડીએ મન વિષયવાસના –કષાયના ધૂળ–કાદવમાં રમી પાછું મલિન થઇ ને આવે છે. છોકરો મેલો થઇને આવે તો મમ્મી એને થપ્પડ મારે, તું ગંદો થઇને આવ્યો ! તેમ મન પાપમાં જાય તો પહેલા ઠોકવું પડે. પ્રાયશ્ચિત કરો – તું શુભધ્યાનમાં રહે માટે તને સંયમમાં લાવ્યો ને ઉંધા–ચત્તા વિચારો કરે છે. લે થપ્પડ – પ્રાયશ્ચિત્ત કર. શુદ્ધિકરણ કર.

કર્મસત્તા તક આપે છે. પાપ ક્યારે કરો તે મહત્ત્વનું નથી. પણ મરતા પહેલા ગમે ત્યારે રડતા રડતા પશ્ચાત્તાપ – પ્રાયશ્ચિત્તપૂર્વક એકરાર કરી દો. ગુરુભગવંત ઉદાર છે. વાત્સલ્યમય છે. ગમે તેવા જાલિમ પાપમાં પણ તિરસ્કાર નહી કરે. તેઓ કહેશે – તું ધન્ય છે. તું આત્માને પવિત્ર બનાવે છે. તું બહાદુરી બતાવે છે. હવે મલિન નહી કરતો.

અઇમુત્તા મુનિએ પાણીમાં પાત્રાની નાવ કરીને તરાવી સ્થવિરોએ ઠપકો આપ્યો. પછી જ્યારે પ્રભુપાસે આવ્યા, ત્યારે સ્થવિરોએ પ્રભુને પૂછ્યું – પ્રભુ ! આપના આ બાળ શિષ્યે અપ્‌કાયની વિરાધના કરી છે. કેટલા ભવ રખડશે? પ્રભુ કહે – સ્થવિરો! તમે એની આશાતના ન કરો. આ જ ભવે કેવલજ્ઞાન પામી મોક્ષે જવાના છે. અઇમુત્તા મુનિ 'દગમટ્ટી' 'દગમટ્ટી' કરતાં મેં પાપ કર્યુ મેં પાપ કર્યુ' કરતા ત્યાં જ અટકી ગયા ને કર્મોનો ભુક્કો બોલાવી દીધો.

અઇમુત્તા બાળક હતા. તળાવમાં પાણી જોઇ બાળકબુદ્ધિથી પાપ કરી નાંખ્યું. પણ હૈયામાં જડબેસલાક બેઠેલું હતું. પાપ તો કરાય જ નહી. પાપ કરીએ એટલે ઘણા

ભવો રખડવું પડે. મોક્ષ થાય નહીં. પાપ એટલે ખોટું કામ.

આપણી ભૂમિકા શું છે? આપણામાંથી કેટલાના હૈયામાં બેઠેલું છે કે 'પાપ તો કરાય જ નહી.' પાપ કરાય જ નહી એમ કે લોકોને ખબર પડે એમ ન કરાય? કઇ વ્યાખ્યા હૃદયમાં બેઠી છે? શું માન્યતા છે આપણી? કદાચ સંયોગ – પ્રમાદ – અવસ્થા – પરિસ્થિતિ – આસક્તિના કારણે પાપ થઇ જાય પણ હૈયામાં તો બેઠેલુ જ હોય કે પાપ કરાય જ નહી. કર્યુ તે ખોટું કર્યુ છે.

અઇમુત્તા ભલે નાના હતા. પણ હૈયું કોમળ હતું. પાપથી ડરેલું હતું. માટે કેવળજ્ઞાન પામ્યા. તમારા મતે આ પાપ ન કહેવાય. તમે સંગમથી પણ વિશિષ્ટ છો. સંગમે તો ખીરની થાળી જ વહોરાવી. તમે તો પાત્રા–કપડા કેટલું બધું વહોરાવો છો. તેમ તમે અઇમુત્તાથી પણ આગળ છો. એનું કાંઇ પાપ કહેવાય! એના કરતાં વધુ પાપ અમે કરીએ છીએ. છતાં એમનું નામ લેવાય છે. અમારું કેમ નહી? લાગવગશાહી છે? બંને બાળક હતા, પણ એકની પાસે વહોરાવવાના –અનુમોદનાના વિશિષ્ટભાવ હતા. બીજા પાસે પાપના પશ્ચાત્તાપ – પ્રાયશ્ચિત્તના વિશિષ્ટભાવ હતા. આપણી પાસે સંક્લેશ – તિરસ્કાર – દુર્ભાવ – દ્વેષના વિશિષ્ટ ભાવ છે.

અઈમુત્તાને ડંખ ઊભો થયો. નાનું પાપ પણ મોટું લાગ્યું. અરર! એક પણ પાપ નહીં કરવા મેં દીક્ષા લીધી ને મેં પાપ કર્યું! પ્રતિજ્ઞા ભંગ કરી! ને પ્રાયશ્ચિત કર્યુ. ઘણા એવા હોંશિયાર હોય છે કે નાના નાના પાપોની શુદ્ધ આલોચના લે. આજે ગોચરી જતાં લીલોતરી પર પગ મૂકાઇ ગયો. બીજાને લાગે કે નાના પાપ આટલા ડંખે છે તો મોટા પાપનું તો પ્રાયશ્ચિત્ત લે જને? પણ મોટા પાપ કરતો જ નથી. કરતો હોય, તો પ્રાયશ્ચિત્ત ન લે? જે નાના પાપનું લે છે, તે મોટા પાપનું તો અવશ્ય લે જ. પણ લેતો નથી, માટે એ કર્યું નથી. દુનિયાને એમ જ લાગે.

આપણે એવા નથી બનવાનું. જેને પોતાના આત્માની શુદ્ધિ કરવી છે, જેને આ ભવના પાપોના કારણે આ ભવ પછીની જીંદગીમાં દુર્ગતિમાં નથી જવું. એને પ્રાયશ્ચિત્ત – પશ્ચાત્તાપવગર ચાલે નહીં. પણ શ્રદ્ધા છે?

કોઇ પણ રસ્તાના બે છેડા હોય. જમણી બાજુ અને ડાબી બાજુ. તેમ દરેક ભવના બે છેડા છે. સદ્ગતિ અને દુર્ગતિ. શું તમે પરલોકમાં માનો છો? પરલોક જનારા આત્માને માનો છો?

પહેલા નંબરની શ્રદ્ધા અમારી કે ભગવાનના વચનથી જ મોક્ષ પામવા માટે બધું છોડી અમે અહીં આવ્યા. બીજા નંબરની શ્રદ્ધા તમારી. માટે પચાસ દિવસ બધું છોડી અહીં આવ્યા. પણ તે શ્રદ્ધા જીવંત છે? મુડદાલ છે? કે મરેલી છે? શરુઆતમાં

જીવંત હોય. દિવસો પસાર થાય એટલે મરવા પડેલી હોય. ઉપધાન પૂરા થશે એટલે મરેલી હશે. અમને પરલોક પર શ્રદ્ધા છે. માટે સાધુપણુ લીધું. પણ પછી જો પાપ-દોષ પ્રત્યેનો કોઇ ડંખ ન હોય, પશ્ચાત્તાપ - પ્રાયશ્ચિત્ત ન થાય, પાપના બચાવ - પક્ષપાત થાય, તો અમારે માનવું પડે કે અમારી શ્રદ્ધા મરી ચૂકી છે. જેમ દિકરો બાપને અગ્નિદાહ આપે તેમ અમે અમારા ચારિત્રને - શ્રદ્ધાને અગ્નિદાહ આપેલ છે. એમ માનવાનું રહે.

મુંબઇથી અમદાવાદ જવા નીકળ્યા. સુરત નાસ્તો કરવા માટે નીચે ઉતર્યા ને ટ્રેન જતી રહી. ખબર ન પડી. બીજી ટ્રેન આવી, તેમાં બેસી ગયા ને પાછા મુંબઇ આવી ગયા. તેમ મોક્ષની શ્રદ્ધાથી દીક્ષા લઇ સાધના શરૂ કરી ને વચ્ચે જ શ્રદ્ધા તૂટી ગઇ. પાપ ગમી ગયા ને પાછા સંસારના રસ્તે વળી ગયા.

તત્કાલમાં મજા આપનારા કેટલાક પાપ ખૂબ ગમે. ટી.વી. જોવું. પેંડા ખાવા, પંખાની હવા ખાવી, ફ્રીજના પાણી પીવું તત્કાલમાં ખૂબ ગમે, પણ તેના ગલગલિયા શ્રદ્ધાને ખતમ કરે છે. પછી ટીકીટ અમદાવાદની ને આવી જાય પાછો મુંબઇ. તેમ કપડા સાધુના ને આવી જાય પાછો સંસારમાં! પછી પાપનો કોઇ ડંખ - અરેરાટી ન રહે. જાહેરમાં પાપ કરે.

શ્રદ્ધા છે? અઢાર પાપસ્થાનક છોડી અહીં આવ્યા તો પાછા કેમ પાપમાં જવું? અઇમુત્તામુનિ આ ગણિતથી આગળ હતા. ભગવાને પણ અઇમુત્તાને શાબાશી આપી. નિંદા નહીં કરી. દરેક આચાર્ય દંડ આપે, પણ તિરસ્કાર ન કરે. શિખામણ આપે - જે થયું એ થયું, પણ પાછા જાતને ભ્રષ્ટ નહીં કરતા. બીજીવાર એનું એ પાપ થાય છે, ત્યારે પાપ મોટુ થાય છે કેમકે પાપનો ડંખ ઘટી જાય ને રસ વધી જાય છે. પશ્ચાત્તાપ - પ્રાયશ્ચિત્તના ભાવ ઘટી જાય છે. જેને પરલોકની શ્રદ્ધા ને પાપનો ડર છે, તેને પ્રાયશ્ચિત્ત કરીને આત્માને શુદ્ધ કરવાની તલપ હોય જ. એ પાપથી મલિન થયેલા આત્માને પશ્ચત્તાપરૂપી જળથી ધોઇ જ નાંખે. સ્વયં આચાર્ય ભગવંત પણ ઉભય ટંક પ્રતિક્રમણ દ્વારા અને દોષ લાગી જાય તો અન્ય આચાર્ય ભગવંત પાસે પ્રાયશ્ચિત્ત લેવા દ્વારા પ્રાયશ્ચિત્ત નામના તપાચારનું પાલન કરે છે. આવા નિર્મળ ચારિત્ર-તપધર્મધારક આચાર્યને કરેલા નમસ્કારથી પ્રાયશ્ચિત્ત નામનો તપાચાર આત્મસાત્ થાય છે ને આપણને આત્મશુદ્ધિમાટેની હિંમત પ્રાપ્ત થાય છે.

ડાહ્યો માણસ એ છે કે ચઢાવો બોલે ને તરત રકમ ચૂકવી દે. નહીં તો ભૂલી ગયા તો? તેમ કર્મસત્તા કહે છે - જેવું પાપ થયું, તરત પ્રાયશ્ચિત્ત કરી દો. ભૂલી જઇશ તો? છેવટે કર્મસત્તા ચાન્સ આપે છે. આ જિંદગીના છેવાડા સુધી પાપનું શુદ્ધિકરણ કરી દો. જો આ ચાન્સ ગયો, તો પછીના ભવોમાં પ્રાયઃ ચાન્સ નથી. કારણ પછીના ભવો દંડના

ચાલુ થાય છે.

દસવૈકાલિકમાં પાંચ પ્રકારના ચોર બતાવ્યા છે.

**તવતેણે વયતેણે રૂવતેણે ય જે નરે । આયાર ભાવ તેણે ય કુવ્વઇ દેવકિવ્વિસં ॥** સમુદાયમાં કોક સાધુ માસક્ષમણ કરે, કોઇ સમાચાર સાંભળીને શાતા પૂછવા આવે. બીજા કોઇ સુકલકડી સાધુને પૂછે – તપસ્વી મહારાજ તમે છો? એ સાધુ – હા. બધા તપસ્વી જ હોય. સાધુ નિત્ય ઉપવાસી. એમ ગોળ ગોળ જવાબ આપે અથવા મૌન રહે. પોતે તપસ્વી હોવા છતાં પોતાના વખાણ કરતાં નથી એવી છાપ ઊભી કરે તો તે તપચોરી. આવી પાંચ પ્રકારની ચોરી કરનાર સાધુ ઉત્કૃષ્ટ ચારિત્ર પાળે ને દેવ થાય તો પણ કિલ્બિષિક – હરિજનકોટીનો દેવ થાય. તેને અવધિજ્ઞાન હોય છતાં પોતાના અવધિજ્ઞાનનો ઉપયોગ મૂકી જાણવાનું મન ન થાય કે કયા કર્મથી હું કિલ્બિષિક થયો? જો જાણે તો તેને પશ્ચાત્તાપ – પ્રાયશ્ચિત્ત કરવાનું મન થાય ને. પણ જાણવાનું મન જ ન થાય. 'તત્થા વિ સે ન યાણાઇ, કિં મે કિચ્ચા ઇમં ફલં...' ત્યાં પણ તે જાણતો નથી કે મને મેં કયા કરેલા કામનું આ ફળ મળ્યું છે.

તેથી જ કર્મસત્તા કહે છે – જે ભવે પાપ કર્યું. તે ભવમાં જ પ્રાયશ્ચિત્ત કરી લે. બીજા ભવમાં તક કદાચ મળે તો પણ ઇચ્છા નહીં થાય. પેલો કિલ્બિષક દેવ પછીના ભવે બકરો થાય. 'લબ્ભિહી એલમૂઅગં'.

જે ભવે પાપ કરે તે ભવે જ કર્મસત્તા પશ્ચાત્તાપ – પ્રાયશ્ચિત્તનો ચાન્સ આપે છે. આ ભવનો ચાન્સ ગુમાવ્યો. પરવા જ ન કરી. તો વાત પૂરી. નાના નાના પાપનું શુદ્ધિકરણ કરી લીધું. આપણે પણ ખુશ ને ગુરુ પણ ખુશ. એમાં જ સંતોષ માની લીધો. ગુરુને પણ સંતોષ થાય કે શિષ્ય આલોચના લે છે. પણ જે ખરા પાપ છે, જાણી જોઇને કર્યા છે, રસપૂર્વક – સમજણપૂર્વક – વીથ ઇંટરેસ્ટ કર્યા છે, છતાં એ પાપોની આલોચના કરીએ જ નહી, તો સમજવું કે એ વખતે આપણામાં લક્ષ્મણા – રૂક્મી સાધ્વીનો પ્રવેશ થઇ ગયો છે. સંકલ્પ – વિકલ્પ – પાપાચારમાં દોડતા મનને જીતવાનું પહેલું સાધન છે – પ્રાયશ્ચિત્ત.

હે મન! જો તને ગુરુ પાસે જતાં ડર લાગે છે. કાગળ – પેન લઇ લખતાં ધ્રુજારી છુટે છે. પાપનું પ્રકાશન કરતાં ભય લાગે છે. શુદ્ધિકરણ કરતાં નવ નેજે પાણી આવે છે. તો તું પાપ કેમ કરે છે? તું પાપ કરીશ, તો હું પ્રાયશ્ચિત્ત કરીશ જ. મનને કાબૂમાં લેવાનો આ પ્રથમ ઉપાય છે.

રમી રમતાં બંનેએ પત્તા ઉતારવા પડે. તું બાદશાહ કાઢ, તો હું એક્કો કાઢીશ. તું એક્કો કાઢ, તો હું જોકર કાઢીશ.

મનને જીતવા બીજો તપ છે વિનય. તેની ઘણી વાતો ઉપાધ્યાય પદમાં કરી છે. સમકિતના સડસઠ બોલમાં દસનો પાંચ પ્રકારે વિનય કરવાનું જણાવ્યું છે. અરિહંત - સિદ્ધ - ચૈત્ય - આચાર્ય - ઉપાધ્યાય - સાધુ -સમ્યક્શ્રુત - સમ્યગ્દર્શન વગેરેની ભક્તિ - બહુમાન કરવા.

(૧)ભક્તિ એટલે બાહ્ય પ્રતિપત્તિ. ઊભા થવું. સામા લેવા જવું. દાંડો - કામળી આપવાં. હાથ જોડી તહત્તિ કરવું. બોલાવે તો આસન છોડી હાજર થવું વગેરે વિનય છે. રસ્તામા જતાં વચ્ચે દેરાસર આવે તો નમો જિણાણં બોલી મસ્તક ઝુકાવવું. ૩ ખમાસમણા આપી અરિહંત ચેઇયાણં કરવું. આ પ્રભુનો વિનય છે. ગુરુની સામે લાંબા પગ કરીને ન બેસવું. મોટા અવાજે ન બોલવું. સામો જવાબ ન આપવો. ટેકો લઇને ન બેસવું. આ ગુરુનો વિનય છે. વિનય કરવાના પ્રકારોમાંથી ક્યાંક હું ચૂક્યો. તેનું મિચ્છા મિ દુક્કડમ્ માંગવા અબ્ભુટ્ઠિઓ ખામું છું.

જે ગુરુ એક અક્ષરનું જ્ઞાન આપે, તેને જિંદગીભર યાદ રાખે. ઘણું કર્યા પછી પણ બદલો ચૂકવાયો એમ લાગે જ નહીં - તે સતયુગ. ગુરુના ઉપકારનો બદલો ન ચુકવે ત્યાં સુધી ચેન ન પડે ને બદલો વાળે ત્યારે ચૂકવાઇ ગયો તેમ માને તે દ્વાપરયુગ. ગુરુના ઉપકારને પ્રત્યુપકાર કરી ભૂલી જાય તે ત્રેતાયુગ. ગુરુનો ઉપકાર જ યાદ ન રહે તે કલિયુગ. ગુરુએ ભણાવ્યા પછી ટીકા - નિંદા કરે તે મધ્યમ કલિયુગ. ગુરુ ભણાવતા હોય ત્યારે મશ્કરી કરે તે પૂરો કલિયુગ.

જેણે સમ્યગ્જ્ઞાનાદિ આપ્યા તેનો કરોડભવે પણ ઉપકાર ચૂકવી ન શકું એ સમજણથી જે બાહ્ય વિનય થાય તે બહાર **ભક્તિવિનય.** (૨) અંદર એટલો **બહુમાનભાવ** કે આપે સમ્યક્ત્વ આપ્યું ! આપનો ઉપકાર કરોડો ભવે પણ ચૂકવાય તેમ નથી. આવો છલોછલ અહોભાવ હોય. ગુરુનું નામ આવે ને આનંદિત થઇ જાય. આંખમાં હર્ષાશ્રુ આવી જાય. દેહ રોમાંચિત થાય. શ્રેણિક મહારાજાને કોઇ પ્રભુના સુખશાતાના સમાચાર આપે, તો તેઓ રોમાંચિત થઇ જતા હતા. સમાચાર આપનારને મોટું ઇનામ આપી સ્વયં પ્રભુની દિશામાં થોડુંક જઇ સાથિયો વગેરે કરતા હતા.

૩) **ગુણસ્તુતિ** - પ્રત્યક્ષે ગુરવ : સ્તુત્યા, ઉપકારી ગુરુના તેમની હાજરીમાં - બધાની હાજરીમાં ગુણો ગાવા શબ્દો ગોઠવવા ન પડે. સહેજે નીકળી જાય. શું મારા ગુરુ! શું મારા ભગવાન ! આખું જગત ફરી વળ્યો. પણ તારા જેવો નિર્દોષ - રાગદ્વેષથી રહિત કોઇ દેવ ન મળ્યો !

મીરાબાઇ અને અનુપ ઝલોટામાં ફરક શું? કોણ સારું ગાય? અનુપ ઝલોટા. છતાં તે હોઠથી ગાય છે. મીરાને હૈયામાંથી નીકળે છે. આ જ મારો દેવ! આ જ મારો

પ્રિયતમ! ભક્ત કવિઓ પૂ. આનંદઘનજી કે પૂ. યશોવિજયજી, પૂ. હરિભદ્ર સૂરિ કે પૂ. હેમચંદ્રસૂરિ – એમને સ્તવનો માટે શબ્દો ગોઠવવા નથી પડ્યા. પણ પ્રભુને જોઇને હૈયામાંથી સરી પડ્યા છે. ગોઠવેલા શબ્દોમાં ગોઠવણ હોય. સરેલા શબ્દોમાં હૈયાના ભાવ – ઝંકૃતિ હોય.

સતત ગુણસ્તવના ક્યારે થાય? મહાન ઉપકાર દેખાય ત્યારે. મારા ભગવાન – મારા ગુરુ – મારો ધર્મ – ગુણ ગાયા જ કરે. બીજાઓ કહે – શું પાગલની જેમ બોલ્યા કરે છે? તે કહે – તને એમના ઉપકારની – સ્વરૂપની ખબર નથી.

તમે ટી.વી. – ફર્નીચરના પાગલ થઇને વખાણ કરો છો. દુનિયાની ચીજોના ગુણો ગાતા લોકો થાકતા નથી. આ લાકડું, સજાવેલું ફર્નીચર તો ઉધઇના ઘર છે, તેના ગુણો શું ગાવાના? જે આપણા રૂપિયા ખાઇ ગયું. જેનો કોઇ ઉપકાર નથી. જેની આસક્તિ રહી ગઇ તો ભવિષ્યમાં કદાચ તે આપણું સ્થાન બનશે. ત્યાં આપણને જન્મ આપશે. તેના આટલા બધા વખાણ કરવાના? **તમને ફર્નીચરના વખાણ કરવા ફાવે કે ગુરુના?**

આપણને દેવ-ગુરુના વિશેષણો બોલતા પણ નથી આવડતા. 'દિક્કુમારી પરિપૂજિતાય...' 'લોગુત્તમાણં'... દરેક વિશેષણ પ્રભુના આપણા પરના ઉપકારનું સૂચક છે. મંગલાણં – તું મંગલ છે. સરણાણં – તું મારા માટે શરણભૂત છે. જેટલા બહુમાનભાવપૂર્વક સ્તુતિ કરો, તેટલા ભાવથી નિકાચિત કર્મ તોડો છો અને પ્રકૃષ્ટ પુણ્યાનુબંધી પુણ્ય બાંધો છો. આદેયવચની, યશસ્વી, સૌભાગ્યશાળી, સુસ્વરવાળા બનો છો. તેથી તમે લોકોને ન ઓળખો પણ લોકો તમને ઓળખે – લોકપ્રિય બનો. ખૂબ બહુમાનભાવ હોય તો જ ગુરુના વખાણ થાય. બાકી તો કૃત્રિમ વિશેષણ લગાડાય ને કેટલી તાળી પડે તે જોવાય. હૈયાના ભાવ જુદા ને શબ્દની રમત જુદી હોય છે.

**૪) અવગુણ ઢાંકવા** – એક જ ભાવના હોય. મારા દેવ-ગુરુ – ધર્મમાં અવગુણ છે જ નહી. પણ લોકોને કદાચ દેખાય તો મારે ઢાંકવા. ગુરુ ગુસ્સો કરે તો તે ક્રોધ નથી. મારા આત્મહિત માટે નિગ્રહકૃપા છે. જો અવગુણ દેખાયા તો ગુણસ્તુતિનો પૉવર નહી રહે. બહુમાનમાં ઘટાડો થશે. ભક્તિ મંદ થશે. ગૌતમસ્વામી માટે જેમ પ્રભુ મહાવીર, તેમ મારે માટે દેવ-ગુરુ – ધર્મ છે. એનાથી જરા પણ ઓછા નથી. એમની ભૂલો નથી, કરુણા છે. બીજાને પણ એ પ્રમાણે સમજાવે.

દેવ-ગુરુ-ધર્મમાં અવગુણ છે જ નહી. દેખાય છે તો તારા ચશ્મા ખોટા છે. જૈન દેરાસરો જોઇ બીજાને જે અવગુણ દેખાય છે કે પત્થરમાં પૈસા ખર્ચો છો? તેમને કહેવું છે કે ભારતની ઇકોનોમી આના પર ઊભી છે. કેટકેટલાને મજૂરી મળે છે? જૈનો

કોમળ અને ઉદાર દેરાસરોના કારણે છે. તને હજી હૃદયનો નાતો જોડાયો નથી માટે દેવ-ગુરુધર્મમાં ભૂલ દેખાય છે.

જેની હજી યોગ્યતા પાકી નથી. તથાભવ્યત્વ અનુકૂળ નથી. કર્મો ગાઢ છે. સંસાર પરિભ્રમણ બાકી છે. એવો જીવ કદાચ અવળો પુરુષાર્થ કરે એ બને. તે તિરસ્કારપાત્ર નથી. દયાપાત્ર છે. પણ ગુરુની ભૂલ જોનારાનો અનંત સંસાર નહીં વધે તે માટે કહેવું કે તું કેમ દુઃખી થાય છે? તું એમની સાધના - આરાધના જો. આપણા પ્રત્યે તેમના દિલની કરુણા વાંચતા શીખ. ગુરુ એટલે પંચમહાવ્રતધારી તમામ સાધુ. નાનામાં નાનો સાધુ પણ ગુરુ જ છે. નવા કે જુના ભગવાન એ ભગવાન જ છે. નવકારશીનો ધર્મ પણ ધર્મ જ છે. જો કો'ક સાધુ માટે હલકુ બોલે - વિચિત્ર બોલે ને તમને સાંભળવાની રુચિ પણ આવી જાય, તો સમજી લેજો - કાં તો સમ્યક્ત્વ નથી, કાં છે તો જવાની તૈયારીમાં છે. તેના બેંડવાજા વાગી રહ્યા છે. અવગુણ સાંભળવાનું મન જ ન થાય. સંભળાય તો મોં પર સંભળાવી દેવાય - તું એમની ભૂમિકા સમજી શકે તો પછી આવું બોલી નહી શકે.

**૫) અનાશાતના** - મન-વચન - કાયાથી એમની આશાતના ન થવી જોઇએ. મનથી આશાતના - વિચાર કરવો કે ગુરુએ આમ કેમ કહ્યું? વચનથી આશાતના - સામે બોલવું. આશાતનાથી બચવા વિચારો, મારું મન મહાન કે મારા ગુરુ મહાન? મન તો દુશ્મન છે. મારા ગુરુને નથી ગમતું તો મારે નથી કરવું. પણ જરુરી હોય તો? તો પણ નથી કરવું. એમની ભાવનાને ન સમજી એમને અનુકૂળ ન વર્તીએ તે કાયાથી આશાતના.

ગુરુની શ્રેષ્ઠ ભક્તિ કે અનાશાતના કઇ? અમોહં વયણં કુજ્જા - ગુરુનું વચન નિષ્ફળ કરાય જ નહી. અમોઘ કરવું. ગુરુની વાતને તોડવી નહી. સામો જવાબ નહીં આપવો. તર્ક નહીં કરવો. મનમાં પણ દુર્ભાવ નહીં લાવવો. એમના ઉપકરણો ને પગ નહીં લગાડવો. ગુરુની ગેરહાજરીમાં ગુરુના આસનને વંદન કરાય. તેમને ઠેસ - દુઃખ પહોંચે, તેમનું ગૌરવ હણાય, મહત્તામાં ખામી આવે તેવી કોઇ પણ પ્રવૃત્તિ મન-વચન - કાયાથી નહીં કરવી.

આચાર્ય ભગવંત સ્વયં શ્રુતજ્ઞાની, સંયમી, ગીતાર્થ હોવા છતાં દરેક ક્રિયા શ્રી સ્થાપનાચાર્યની સામે કરે ને આદેશ માંગે. આ એટલા માટે કે સ્વયં આ ઊંચાઇ પર પહોંચ્યા પછી પણ, સાક્ષાત પોતાના ગુરુ ગેરહાજર હોવા છતાં, હૃદયસ્થ એ ગુરુને સ્થાપનાચાર્યમાં સ્થાપી પોતાનો વિનય સાચવવા માંગે છે. 'હે ગુરુદેવ! જગત મને કઇ પદવીથી ઓળખે છે તે મારે મન મહત્ત્વ નથી, હું તો આજે પણ આપનો શિષ્ય જ છું. આપના વિનયથી ને આપના અનુગ્રહથી જ હું જે છું, તે છું.' આ એમની ભાવના હોય

છે.

આચાર્ય ભગવંત નવા-નાના સાધુને પણ 'મત્થએણ વંદામિ' કહી નવકારના પાંચમા પદનો પણ વિનય સાચવે છે. આવા આચાર્યદેવને નમસ્કાર કરવાથી આપણે પણ એ વિનય નામના તપાચારથી યુક્ત થઇએ છીએ.

## પોષ સુદ – ૭

જેમના દરેક શબ્દ અનંત અર્થથી ભરેલા છે તેવા ચૌદપૂર્વધર શ્રુતકેવલી ભદ્રબાહુ સ્વામી નમસ્કાર નિર્યુક્તિમાં નમસ્કારના હેતુઓ બતાવે છે. માથુ નમાવવું એટલે અહંકાર છોડવો. જો યોગ્ય ઠેકાણે માથુ નમાવાય તો સાર્થક – ફળદાયક બને. તત્ત્વજ્ઞપુરુષની દરેક ચેષ્ટા હિતકર જ હોય. નિરર્થક ચેષ્ટા તત્ત્વજ્ઞપુરુષ ન કરે. આત્મહિતકર ન હોય તેવી મન વચન કાયાની દરેક ચેષ્ટા નિરર્થક છે. કાનમાં શબ્દ ગયા પણ અસર નહીં થઇ તો સાંભળેલું નિષ્ફળ. પરમાત્માને જોઇને રાગ-દ્વેષ ઘટ્યા તો હિતકર, સ્ત્રીનું રૂપ જોઇને રાગ-દ્વેષ વધ્યા તો નિરર્થક ચેષ્ટા.

ઉપમિતિ ભવ પ્રપંચાકાર કહે છે – જેના મનનો વિચાર આત્મહિત વિનાનો ન હોય, જેની વાણી બીજાને અપ્રિય ન હોય, પણ સાથે સત્યથી પવિત્ર હોય, જેની દરેક ચેષ્ટા આશ્રવનિરોધ, સંવર, નિર્જરારૂપ જ હોય. તે તત્ત્વજ્ઞ પુરુષ છે. જેનું મન એક પણ નિરર્થક વિચાર નથી કરતું તે ઉત્કૃષ્ટથી, મન નિરર્થક વિચારમાં જાય તો પણ જે એક પણ નિરર્થક શબ્દ નથી બોલતો, તે મધ્યમ અને કદાચ લોકોના ટોળામાં એકાદ શબ્દ પણ ખોટો બોલાઇ જાય પણ છેવટે જેની એક પણ કાયિક ચેષ્ટા વ્યર્થ નથી, તે જઘન્યથી તત્ત્વજ્ઞ છે. જેના મન-વચન-કાયા એક પણ સ્વવશ નથી, વ્યર્થમાં દોડે છે – વપરાય છે, તે બધા અતત્ત્વજ્ઞ છે.

જેને નમીને ભૌતિક લાભ નહી, આધ્યાત્મિક લાભ થાય તેમને કરેલો નમસ્કાર ખરેખર સાર્થક થાય. ચૌદ પૂર્વધર પૂજ્ય ભદ્રબાહુસ્વામીએ આ વાત બતાવી છે. તેમના જેવા તત્ત્વજ્ઞનો એક પણ શબ્દ નિરર્થક ન હોય. શ્રી સ્થૂલિભદ્રજીએ બહેન સાધ્વીજીને સિંહનું રૂપ દેખાડયું. અહંકાર કર્યો. શ્રી ભદ્રબાહુ સ્વામીજીએ એમની આ નિરર્થક ચેષ્ટા માન્ય નહીં રાખી. એમને પણ માફ નહીં કર્યા. ચાર પૂર્વ ભણાવવાની ના પાડી દીધી. પછી સંઘની રજુઆતથી સૂત્રથી જ આપ્યા. અર્થથી નહી. તેઓ કહે છે... કોઇ નમસ્કાર નિષ્ફળ નહીં જવો જોઇએ. પરમેષ્ઠીને કરેલો નમસ્કાર પણ નિષ્ફળ ન જ જવો જોઇએ.

બ્રાહ્મણ પર બ્રહ્મદત્ત ચક્રવર્તી પ્રસન્ન થયા. રાજ્ય, રાજકુમારી, ધન-દૌલત

બધું જ આપવા તૈયાર. પણ પેલા મૂરખે રોજ એક ઘરે ભોજન ને એક સોનામહોર દક્ષિણા માંગી. કહો, એના માટે રાજાનું પ્રસન્ન થવું સાર્થક ગણાય કે નિરર્થક ગણાય? પાંચ પરમેષ્ઠીને કરેલો નમસ્કાર એમના પ્રભાવથી ૧૦૮ ગુણો, પાંચ વિશિષ્ટ ગુણો, સાધુ-ઉપાધ્યાય-આચાર્ય-અરિહંત ને સિદ્ધના અધ્યાત્મ, ભાવના, ધ્યાન, સમતા ને વૃત્તિસંક્ષય ક્રમથી યોગ સિદ્ધિ દેવા તૈયાર હોય ને તમે કાંઇ બીજી જ ઇચ્છા રાખો, તો નમસ્કાર નિષ્ફળ છે.

દુનિયાને કરેલો નમસ્કાર તો નિષ્ફળ છે જ. પણ પાંચ પરમેષ્ઠીને કરેલો નમસ્કાર સફળ કે નિષ્ફળ? સફળ? ના. જે આશયથી નમસ્કાર કહ્યો, તેનાથી બીજા આશયથી કરો તો તે પણ નિષ્ફળ જાય. એટલે તો અનંતા ઓઘા નિષ્ફળ ગયા. 'દ્રવ્યક્રિયા તુચ્છા' - જે નમસ્કારની તાકાત ૫૦૦ સાગરોપમના પાપ તોડવા ની છે. ચરમાવર્ત વગર શ્રદ્ધાપૂર્વક નમસ્કારનો 'ન' પણ સાંભળવા ન મળે. આવો નવકાર તમે ઉક્ત આશયથી ન ગણો તો દ્રવ્યક્રિયા જ છે. અરિહંતને કરેલા નમસ્કારથી અરિહંતના ગુણવગેરે લાભ થાય તો જ સફળ. નહીંતર નિષ્ફળ.

નોકર શેઠને કહે - મને તમારે ત્યાં નોકરી કર્યાને પચ્ચીસ વર્ષ થયા. શેઠ કહે - એમ. તો તારો સત્કાર કરીએ. બધાએ આજથી રમેશને રમેશચંદ્ર કહીને બોલાવવો. આ શેઠ રાજી થયા કહેવાય? નોકરી સફળ કહેવાય? ના. પગારવધારો - બોનસ મળે તો શેઠની સેવા - નોકરી સફળ. શેઠ રાજી ન થાય કે ઉચિત ન આપે, તો નિષ્ફળ. શેઠ રાજી થઇ લાખ રૂ. નો ચેક આપે પણ સહી ન હોય તો? શેઠ થકી કાંઇ વિશિષ્ટની પ્રાપ્તિ થાય તો જ શેઠ રાજી થયા કહેવાય. તેમ જો વિશિષ્ટ ગુણની પ્રાપ્તિ થાય તો જ ભગવાનનો અનુગ્રહ મળ્યો ગણાય ને ભગવાનને કરેલો નમસ્કાર સાર્થક થાય.

ભદ્રબાહુ સ્વામી શ્રુતકેવલી - કેવલીતુલ્ય છે. પોતાના શ્રુતજ્ઞાનના પર્યાયથી અસંખ્ય ભવનું જાણી શકે. તેઓ પોતાના શ્રુતજ્ઞાનના આધારે કેવળજ્ઞાનીએ જે પદાર્થ જે આશયથી બતાવ્યો છે, તે જાણવા સમર્થ છે. અરિહંત ભગવાને નવકાર બનાવ્યો નથી. પણ બતાવ્યો - પ્રગટ કર્યો છે. કયા આશયથી પ્રગટ કર્યો તે તેઓ જાણે છે. અરિહંત - સિદ્ધ - આચાર્ય - ઉપાધ્યાય - સાધુને કરેલા નમસ્કાર પાછળ શું આશય છે? તે તેઓ જાણે છે. અરિહંત ભગવાનને કરેલો નમસ્કાર માર્ગદર્શકતા ગુણની સંવેદના કરાવે, તો નમસ્કાર સફળ. સિદ્ધ ભગવંતની અવિનાશિતા, આચાર્ય ભગવંતની આચાર સંપન્નતા, ઉપાધ્યાય ભગવંતનો વિનય ધર્મ અને સાધુની સહાયકતા હૃદયસ્થ થાય, તો તેમને કરેલા નમસ્કાર સફળ.

જે ક્રિયા - વસ્તુ જેટલા મૂલ્યવાળી હોય, તેટલું વળતર આપે, તો સફળ.

અન્યથા નહી. કરોડ રૂપિયાનું રોકાણ કર્યું હોય ને રોજની ૧૦૦ રૂપિયાની કમાણી થાય તો સફળ ન કહેવાય. તેમ નવકારથી ૫૦૦ સાગરોપમના પાપ તૂટે તેમાં નવાઇ નથી. કારણ બીજા પાપો કરીએ છીએ, તેથી બેલેંસ બરાબર થાય છે. માણસ ન્હાઇ લે તેટલા માત્રથી શું? તે પાછો કીચડમાં જઇ મેલો થવાનો જ. પાપ તૂટવા કરતાં વધુ પાપની વૃત્તિઓ તૂટવી જરૂરી છે. નમસ્કાર કરવાથી ધર્મ મળે તેમ નહી, ધર્મના સંસ્કાર ઊભા થવા જોઇએ. નમસ્કાર મહામંત્રની આ જ ખરી તાકાત છે ને તો જ ખરી સાર્થકતા છે.

આપણે પાંચ આચારની પ્રાપ્તિ માટે આચાર્ય ભગવંતને નમસ્કાર અંગે વિચારી રહ્યા છે. એમાં પણ તપાચારમાં પ્રાયશ્ચિત્તવગેરેની વાત કરી રહ્યા છીએ. તપાચાર - પ્રાયશ્ચિત્ત - જાત મરે તે પહેલા પાપ મરી જવા જોઇએ. જે દિવસે પાપ થયું તે દિવસે જ પ્રાયશ્ચિત્ત કરી લેવાનું રાખો. તે જ કલાકે, તે જ મિનિટે કરી લેવું. રોજે રોજ શુદ્ધિકરણ કરો. રોકડો હિસાબ રાખો. અન્યથા જે પાપ તમારી ટેવ - આદત બની ગઇ હોય, જરુરી ન હોવા છતાં સહજ થતું હોય, તે તદ્દન નાનું પાપ પણ જો પ્રાયશ્ચિત્ત નહી કરો તો તમારી તમામ આરાધના - સાધનાને બાળી દે છે. નાનું પાપ પણ જો પાપરૂપ નહી લાગે, તો તમારી આરાધના ફેંકાઇ જશે.

તપસ્વી સાધુને નાનો સાધુ દોષ યાદ કરાવે તે ન ગમ્યું ને સાધુને મારવા જતાં પોતે જ મર્યો. જ્યોતિષ દેવ - ચંડકોશિક તાપસ ને પછી સર્પ બન્યો. સાધુપણાની તમામ આરાધના દૂર થઇ ગઇ. પણ યોગ્યતા હતી. પાપ કર્યું - પ્રાયશ્ચિત્ત ભલે ન કર્યું, પણ ક્રોધ સારો છે એવો પક્ષપાત નહોતો. માટે ભગવાન તારવા આવ્યા. પણ એકવાર તો બધી આરાધના બળી જ ગઇ. જો રસપૂર્વક કરેલું પાપ શુદ્ધ નહીં કર્યું, તો વર્ષોથી ઊભી કરેલી આરાધના ખતમ કરી દે છે. જે સહજ - રુચિવાળુ - આદત - ટેવ બનેલું પાપ છે, તેનું શુદ્ધિકરણ કરી લેવું. નાના પણ દોષની આલોચના કરવી, ડંખ રાખવો, તે પ્રાયશ્ચિત્ત. વિનયની પણ વાત થઇ.

૩) **વૈયાવચ્ચ** - સાધુનો ગુણ છે સહાયકતા. નમો લોએ સવ્વ સાહૂણંમાં આ વાત કરી જ છે. આપણે બીજાની વૈયાવચ્ચ કરવાની છે. બીજા મારી વૈયાવચ્ચ કરે કે ન કરે તે ધ્યાનમાં નહીં લેવું. આપણે બીજાને ટોપી પહેરાવવા તૈયાર જ છીએ. દીકરો બાપાને એમની ફરજ યાદ કરાવે ને બાપ દીકરાને એની ફરજ યાદ કરાવે. આપણે બીજાની દરેક ફરજ યાદ કરાવવા તૈયાર જ બેઠા છીએ. જે બીજાની ફરજ યાદ રાખે છે તે રાવણરાજ્ય સર્જે છે. જે પોતાની ફરજ જ યાદ રાખે છે તે રામરાજ્ય રચે છે.

પત્ની પતિ પાસે ઉઘરાણી કરે. બાપ દીકરા પાસે, ભાઇ ભાઇ પાસે ઉઘરાણી

કરે. બધે આગ લાગે છે, કારણ દુનિયામાં માણસ પોતાનો અધિકાર અને બીજાની ફરજ જુએ છે. પણ પોતાની ફરજ અને બીજાના અધિકારને જોતો નથી. જે પોતાને દેવાદાર સમજે, તે જ બીજાની સેવા કરી શકે. બાકી લેણદાર સમજે તો માત્ર ઉઘરાણી જ કરે.

પિતાની ફરિયાદ છે – દીકરો મોટો થયો છતાં જવાબાદરી સમજતો નથી. દીકરાની ફરિયાદ છે – બાપા જવાબદારી આપતા જ નથી. જે શ્વાસ ન લેવા દે તે સાસુ. વહુને લાગે રાક્ષસી. સાસુ કહે – મને મારા ભોળા બાળકને બુદ્ધિ આપતા પચ્ચીસ વર્ષ લાગ્યા. ને એની વહુએ પચ્ચીસ મિનિટમાં બુદ્ધુ બનાવી દીધો. પતિને પત્ની માટે ફરિયાદ છે ને પત્નીને પતિ માટે ફરિયાદ છે. દરેકે એ યાદ રાખ્યું છે કે બીજાએ મારું શું કરવું જોઇએ. મારે શું કરવાનું છે? તે યાદ આવતું જ નથી.

અનંતકાળની આ સ્વાર્થ બુદ્ધિ છે કે કેવી રીતે મારું કામ કઢાવી લઉં? આ અનાદિનો સ્વાર્થનો કણિયો કાઢવાની સળી છે વૈયાવચ્ચતપ. વૈયાવચ્ચ એટલે રોકડો પાક. જ્ઞાન ભણ્યા પછી પરિણામ પામે તો જ લાભ થાય. પણ વૈયાવચ્ચ કરો ને તરત લાભ. ચારિત્રસાધના ભવાંતરમાં લાભ આપે. પણ વૈયાવચ્ચ જેની કરો તેની તમામ સાધનાનો રોકડો લાભ.

ભગવાન કહે છે – જે ગ્લાનની સેવા કરે છે તે મારી સેવા કરે છે. હરામ હાડકાના સ્વભાવને તોડવા વૈયાવચ્ચ જરૂરી છે. વૈયાવચ્ચ એ પ્રાયશ્ચિત્ત છે. અનંતકાળથી મેં બીજાઓ પાસેથી જે કામ કઢાવ્યા છે, એ બળદ હતો ને મેં મારી મારીને ભાર ઉંચકાવ્યા. એ ગાય હતી ને મેં કસ કાઢી કાઢીને દૂધ કાઢ્યું. એ નોકર હતો ને મેં શરીર તોડી કામ કઢાવ્યું. દીકરો હતો તો પૂરેપૂરી જવાબદારી આપી. તો બીજાઓએ પણ મારી પાસેથી કામ લીધા હશે ને? **બીજાઓએ આપણી પાસેથી કામ લીધા તે આપણી લાચારી હતી. આપણે બીજા પાસેથી કામ લીધા તે આપણી દાદાગીરી હતી.** શેઠાઇ – માલિકપણું હતું. ક્યારેક માર્યા – ઠોક્યા – ઊભા રાખ્યા છે. જુલ્મ કર્યા છે. બીજાને પરેશાન કર્યા. આ અનંતકાળની ભયંકર કોટિની ભૂલનું પ્રાયશ્ચિત્ત છે વૈયાવચ્ચ. ગુરુને ના પાડી શકાય. શેઠને નહી. મમ્મીને ના પાડી શકાય. ઘરવાળીને ના પાડી શકાય? ના. એક ભવમાં દાદાગિરિ – ઘણાં ભવમાં લાચારી – આ ચક્કર ચાલ્યા જ કરે છે.

આપણે તીર્થંકર કરતાં ય વિશિષ્ટ છીએ, તીર્થંકર તો પોતે તરે અને બીજાને તારે. જ્યારે આપણે તો પોતે ડૂબીને બીજાને તારવાના વિચારો કરીએ. આપણામાં દાદાગીરીથી –જુલ્મ કરીને પણ – કામ કરાવવાની વૃત્તિ રહી છે. ને પગાર આપવામાં

સો વાર વિચાર કરીએ. બોસને નોકરને જરાક અનુકૂળતા આપતા, બાપાએ દીકરાને, સાસુએ વહુને છુટ આપતા સો વાર વિચાર આવે છે. ટેવ પડી જશે તો? જો આમ જ હોય, તો પત્નીએ પતિને ગરમ ચા આપવી જ નહી. આદત પડી જશે તો? પહેલા દિવસે ચા આપે – સરસ. બીજા દિવસે આપે – ઠીક છે. ત્રીજા દિવસે – મુક. ચોથા દિવસે – આજે ઠંડી ચા કેમ? ઝઘડા ચાલુ. પણ પતિ પોતાની આદત જોતો નથી. પિતા પુત્રને કશુંક સોંપતા વિચાર કરે – આદત પડી જશે તો? અલબત્ત એના હિતમાં નિર્ણય હોય, તો તો સારી વાત છે. પણ ઘણીવાર તો સાથે ઘસાવુ પડે એવા ડરથી પુત્ર સાથે તોછડો વ્યવહાર કરે. હવે વિચારો – દીકરો પિતાની એક વાત માનીશ, તો પિતાને આદત પડી જશે તો એમ વિચાર કરે તો?

વાત આ છે કે આપણે અત્યાર સુધી આપણી દૃષ્ટિથી જ વિચાર્યું છે. જાતને જ કેન્દ્રમાં રાખી છે. પ્રાયઃ દરેકનો ભાષા પ્રેમ, જાતિ પ્રેમ કે દેશપ્રેમ પણ એટલા માટે છે કે પોતે એ ભાષા બોલે છે. એ જાતિમાં કે એ દેશમાં જનમ્યો છે. જો બીજા દેશવગેરેમાં જનમ્યો હોત, તો પ્રેમ એ દેશપર હોત. આપણો ધર્મપ્રેમ પણ ધર્મે બતાવેલી આરાધના સાચી છે ને તેથી મને ઘણો લાભ થયો છે એવા અનુભવપર કે ધર્મનું વ્યવસ્થિત તાત્ત્વિક જ્ઞાન મળવાના કારણે નથી, પણ 'હું આ ધર્મમાં જનમ્યો છું' એવી અહંકેન્દ્રી માન્યતાના કારણે હોય છે.

અનાદિકાળથી નકરા સ્વાર્થની બુદ્ધિ ઘુંટાય છે, જ્યારે જ્યારે લાચારીથી કામ કરવું પડ્યું, ત્યારે ત્યારે આનંદ ન હતો. દુઃખ જ હતું. અંદરથી તો શોસવાતા જ હતા. કારણ બુદ્ધિએ માત્ર સ્વાર્થ જ વિચાર્યો છે. પ્રભુ કહે છે – હવે તારી સ્વાર્થબુદ્ધિ કાઢ. 'મારે બીજાનું નહી કરવાનું. એ મારું કરે.' તે ભુંસુ કાઢવાની ચાવી છે વૈયાવચ્ચ. બીજા મારું કરે તો જ મારે બીજાનું કરવાનું અથવા મારે શું કામ બીજાનું કરવાનું? આ સ્વાર્થભાવ છે. અત્યારસુધી બીજા પાસે જે કામ કરાવ્યા, તેના પ્રાયશ્ચિત્ત રૂપે વળતર વિનાની નિઃસ્વાર્થભાવે સેવા કરવાની છે.

કોઇ સાધુ બીમાર પડ્યા ત્યારે આપણે સેવા કરી અને આપણે બીમાર પડ્યા ત્યારે તે પડીલેહણ કરવા ય ન આવે. તરત ગણતરીની વૃત્તિ આવે. તેના વખતે હું ખડે પગે હતો. ને મારે વખતે તે આવ્યો પણ નહી!

મા બાપને પણ એમ જ થાય કે એ નાનો હતો ત્યારે અમે કેટલા લાડ લડાવ્યા હતા ને આજે સામે ય નથી જોતો. તમે દીકરાના બાપ હતા કે સોદાગર? શું દીકરાએ તમને કહ્યું હતું? 'અમે કેટલા મંદિરો ફર્યા, માનતાઓ રાખી, નાળિયેર ચઢાવ્યા. કેટલા દેવ પૂજ્યા ને તને મેળવ્યો. તારા એડમીશન માટે કેટલું ભટક્યા! કેટલું કર્યું!' આ

ભૂતકાળ ભૂલો. સુકૃત કરી કૂવે નાંખો. પકડી ન રાખો. અન્યથા દુઃખી થશો. દીકરો એની અપેક્ષાએ કરે પણ છે. છતાં તમને ઓછુ લાગે છે. આજે તો દીકરો મા-બાપને ઘરે રાખે તે પણ ઘણું છે. તમારો દીકરો તો પગે લાગે છે. તમારું નામ રોશન કરે છે. બધે આગળ કરે છે. તો ખુશ થાઓ.

તમને વ્યાજ ભરવું ગમે કે ઇન્વેસ્ટમેંટ કરવું? ઇન્વેસ્ટમેંટ. તમને પણ એ ગમે છે ને તમારા દીકરાને પણ એ જ ગમે છે. દીકરા માટે પણ દીકરો ઇન્વેસ્ટમેંટ છે, ને બાપની સેવા એ વ્યાજ છે. બધાને રોકાણ કરવું જ ગમે છે, વ્યાજ ભરવું નહી! વ્યાજ ભરે છતાં મોં તો બગડેલું જ હોય. તમે પણ આ જ ભૂમિકામાં હતા. તો દુઃખી કેમ થાઓ છો? થોડું તો વ્યાજ મળે છે. સુખી થાઓ. તમે કોઇનું કાંઇપણ કામ કરો તે ઇન્વેસ્ટમેંટ કે વ્યાજ નથી. પણ બધું પ્રાયશ્ચિતરૂપ છે. પ્રભુ કહે છે – એ તમારી સ્વાર્થબુદ્ધિને તોડવાનું સાધન છે.

બાપને કે દીકરાને સાધર્મિક માની સેવા કર તો કર્મ-નિર્જરા થશે. મારા ઘરે સાધર્મિક આવ્યો. માનવભવ – જૈનકુળ મળ્યું તે બતાવે છે કે એ પૂર્વભવમાં ઘણું પુણ્ય કરી આવ્યો છે. હવે એની અધુરી સાધના પૂરી કરવા મદદગાર બનું. તે માટે જે કરવું પડે તે કરું. સમ્યક્ત્વના આચાર તરીકે મારી ફરજ છે, એવી ભાવના આવે તો કર્મનિર્જરા. પણ પહેલા 'દેવનો દીધેલ' ને પછી 'શેતાનનો દીધેલ' લાગે. બાવીસ વર્ષ સુધી 'માવડીયો' ને પછી 'બાયડીઘેલો' લાગે, ત્યાં શું સમજવાનું? પત્નીને પતિ <u>સન</u> માયકા (માનો દીકરો) કે <u>ફોર</u> માયકા (મા માટેનો) લાગે છે, ને માતાને લાગે છે કે દીકરો પત્ની આગળ 'પા' વર છે ને 'પોણો' ગુલામ.

દરેક બુદ્ધિ એ જ વિચારમાં લઇ જાય છે. એક તો બુદ્ધિ સ્વાર્થથી ભરેલી અને મનને એનો ટેકો છે. આનંદઘનજી મહારાજ કુંથુનાથ ભગવાનના સ્તવનમાં કહે છે. 'સમજે ન મારો સાલો' સાળો એટલે પત્નીનો ભાઇ. મન સાળો કેમ? બુદ્ધિ એ પત્ની છે. ને મન તેનો ભાઇ છે. બંને ભેગા થઇને આપણને હેરાન કરે છે. સ્વાર્થમાટે સતત દોડતો માણસ એમાં ઘણીવાર નુકસાનઆદિરૂપે પછડાટ ખાય છે, તો પણ સ્વાર્થ છોડતો નથી ને એકાદવાર પરમાર્થ કરવા જાય ને કાંઇક કડવો અનુભવ થાય, તો કાયમમાટે પરમાર્થ છોડી દેવાનો નિર્ણય કરી લે છે. બુદ્ધિ કહે છે – દુનિયામાં કોઇનું કરવા જેવું નથી. આપણું સંભાળો.

ચાર દોષ સતત હેરાન કરે છે. આહારસંજ્ઞા, શરીરમમતા, સ્વાર્થી બુદ્ધિ, ચંચળ મન. તેને જીતવા તપાચાર છે. તારો સ્વાર્થી વિચાર દૂર કર. તું પહેલા બીજાનો વિચાર શરુ કર. મારી દરેક શક્તિ બીજાને કેટલી કામ લાગી શકે તે વિચારો. પહેલાં

મીસ્ટર નટવરલાલની બુદ્ધિ હતી. કેવી રીતે બીજાને શીશામાં ઉતારું ?

એક ભાઇ ભિખારી બાળકને કહે – તારે મફતમાં વાળ કપાવવા છે? બાળક – હા, પેંલો – ચલ. હજામની દુકાને ગયા: પહેલા પેલા ભાઇએ વાળ કપાવ્યા. પછી કહે – આ છોકરાના વાળ કાપ. હું પૈસા લઇને આવું છું. અને ભાઇ સાહેબ રફુચક્કર થઇ ગયા. પેલો હજામ પૂછે છે –તારા બાપા ક્યાં ગયા? બાળકે કહ્યું–એ મારા બાપા નહોતા. હું તો ભિખારીનો દીકરો છું. તેઓ મને અહીં મફત વાળ કપાવવા લઇ આવ્યા હતા.

આવી બુદ્ધિના ધણી છીએ. ઘણી વાર બુદ્ધિથી કામ કરવા લાગણીનો ખોટો ઉપયોગ કર્યો.

મા કહે – મેં તારા માટે કેટલું કર્યું? ને તું મારી સામું ય ન જુએ! ને દીકરાને ખેંચવાના પ્રયત્ન કરે. વહુ કહે – મેં તમારા માટે બધું છોડ્યું ને અહીં આવી. તમે મારું કહ્યું ન કરો? કયો બાપ દીકરો પાણી ભરી આપે તો ખુશ ન થાય? ગલગલિયા થાય. મોંમાંથી લાળ છૂટે. કોણ ના પાડે? બાપાએ કહેવું જોઇએ – મને ટેવ પડી જશે. હું સશક્ત છું. અશક્ત થાઉં ત્યારે આપજે. તારા પર ગુસ્સો છે માટે આમ નથી કહેતો. આમ શરીરની આસક્તિ તૂટે...

પ્ર. : તો પછી વિનય ક્યારે શીખશે? જ. : તમે તમારા બાપાનો કેટલો વિનય કર્યો? આપણું મન અપેક્ષાવાળું બની દુઃખી બને તેવો વિનયધર્મ શીખવવાની જરુર નથી. બીજા આપણો વિનય કરે ત્યારે ગલગલિયા થાય, પણ આપણે બીજાનો વિનય કરવાનો હોય, ત્યારે ચારસોવીસી જ કરી છે.

તપાચાર ચાર દોષથી મુક્ત કરે છે. બુદ્ધિમાં જે સ્વાર્થીપણું ઘુસ્યુ છે, તેને કાઢવા વૈયાવચ્ચ. મારું નહી થાય તો ચાલશે. પણ બીજાનું કરવું જ છે. બધાનું કરું તેમાં મારું આવી જ જાય. ભગવાન કહે છે – જે ગ્લાનાદિની સેવા કરે છે તે મારી સેવા કરે છે. બાલ–તપસ્વી–વૃદ્ધની સેવા સહેલી છે. પણ ગ્લાનની અઘરી. કેમ? બિમારીમાં માણસ સ્વભાવથી ચીડિયો થાય છે. વાતવાતમાં ઓછું આવી જાય. દવા પાંચ મિનિટ લેટ આપો તો એને લાગે કે બધાને માથે પડ્યો છું. માટે યાદ નથી રહેતું. વાત વાતમાં ગુસ્સો આવી જાય. મરવાના વિચાર આવી જાય. આ એની માનસિક ભૂમિકા છે. તો શારીરિક ભૂમિકા પણ વિચિત્ર છે. ગમે ત્યારે સંડાસ–પેશાબ કરે. ગમે ત્યારે સુઇ જાય. ગરમ ગરમ ચા લાવો ને ઉંઘી જાય. તમને ઉંઘ આવે ને ઉલ્ટી કરે. ત્યાં જ ઉલ્ટી કરી દે. બધા કપડા બગાડે. તેની વૈયાવચ્ચ કરવાની છે. માટે બીમારની સેવા મહાન કહી.

ઓઘનિર્યુક્તિમાં જણાવ્યું છે – એક સાધુ આચાર્યના કામથી એક શહેરથી બીજા શહેરે જાય છે. દરેક ગામમાં તપાસ કરાવે. અહીં કોઇ સાધુ– સાધ્વી છે? તપાસ ન

કરાવે તો દંડ આવે. ત્યાં હોય તો તેમની પાસે જાય. સમાન સામાચારીવાળા હોય તો સાથે ઉતરે. તેમને પૂછે – કાંઇ ખપ છે? કોઇ બીમાર સાધુની સેવા કરવાની છે? હા. અમારા બધા સાધુ નવા છે. એક મહાત્માની બીમારીની ખબર પડતી નથી. તો આ સાંભળી તે સાધુ કહે –મને તેનો લાભ આપો. મને આવડે છે. તે બીમાર સાધુ સ્વસ્થ થાય પછી નીકળે. આચાર્યનું કામ પણ પછી. જો આચાર્ય ઠપકો આપે તો આચાર્યને દંડ આવે. આચાર્ય ભગવંત આ વાત જાણીને ઉપબૃંહણા કરે.

એકલવિહારી સાધુ બીમાર હોય તો સેવા કરવી કે નહી? હા. તે સાજો થઇ જાય પછી ઝાટકવાનો 'આમ એકલા રહેવાતું હશે? સમુદાયમાં – ગુરુનિશ્રામાં રહેવું. ઓછું-વત્તું થાય, ગુરુ ઠપકો આપે તો થોડું સાંભળી લેવું' વૈયાવચ્ચ કરો તો શાસનપ્રભાવના અને કર્મની અખૂટ નિર્જરા છે – પ્રભુ સેવાનો લાભ છે. વૈયાવચ્ચ ન કરો તો શાસનનિંદા છે કે – 'તમારા સાધુ બીમાર છે ને તમે ધ્યાન પણ નથી રાખતા'. જે માનસિક સ્વસ્થ હોય, તે જ ગ્લાનની વૈયાવચ્ચ – સેવા કરી શકે. જેને સ્વાધ્યાયનો ખૂબ રસ હોય, તપસ્વી હોય, પાગલ પ્રભુભક્ત હોય, તે વૈયાવચ્ચ ન કરી શકે. પણ જેને બધું ગમવા સાથે વૈયાવચ્ચ ખૂબ ગમે છે, અવસરોચિત ઐચિત્યને જાણે છે, તે દોડી દોડીને વૈયાવચ્ચ કરી શકે. કલાકો સ્વાધ્યાય કરે, તપ પણ કરે, પ્રભુભક્તિ પણ જોરદાર કરે, પણ અવસરે વૈયાવચ્ચ માટે દોડે. આટલો ભાર વૈયાવચ્ચ પર કેમ? સ્વાર્થની બુદ્ધિને કાઢવા, જુગુપ્સા – માન્યતાને તોડવા વૈયાવચ્ચ છે.

સ્વાર્થી બુદ્ધિને નિઃસ્વાર્થ બનાવવા વૈયાવચ્ચ છે. કૃષ્ણ મહારાજાના પિતા સમુદ્રવિજય આદિ દસ ભાઇમાં સૌથી નાના વસુદેવ. પૂર્વભવે તેઓ નંદિષેણ હતા. કદરૂપા હતા. દુર્ભાગ્યશેખર. મામાને ત્યાં મોટા થયેલા. દુનિયાનું પહેલું આકર્ષણ છે રૂપ. બીજું સ્વર. ત્રીજું સંપત્તિ. અપંગ પણ એટલું સુંદર ગાય કે સ્ત્રી પોતાના પતિને છોડીને તેની સાથે ભાગી ગઇ. આ બધા ભોગની દુનિયાના કારણ છે. નંદિષેણ એવો દુર્ભાગી કે રૂપ-સ્વર-સંપત્તિ કાંઇ જ હતું નહી. કોઇ પરણવા તૈયાર નથી. મામાને ત્યાં મજૂરી કરે છે. મામા લાલચ આપી આપીને કામ કરાવે. તને મારી સાતમાંથી એક દીકરી પરણાવીશ. પણ એકે છોકરી હા નથી પાડતી. મામા આશ્વાસન આપે છે. બીજી પરણાવીશ. આ આશ્વાસન ગાજર કહેવાય. જેટલી આશા તે ગાજર. ગધેડાની પીઠપર લાકડી બાંધીને આગળ ગાજર લટકાવેલું હોય. ગધેડો તેની આશામાં દોડે. દરેક આશારૂપી ગાજર દોડાવે જ રાખે છે. સેનસેક્સ તૂટે છે. પણ આશા ઊભી છે કે ફરી વધશે.

એક છોકરી સાથે ન ફાવ્યું. છુટાછેડા લઇ લો. એ નહી તો બીજી મળશે તેનું

આશ્વાસન, પણ શું તેની સાથે સુખી થઇશ? કુંભારનો ગધેડો જંગલમાં ગયો. ત્યાં તેના મિત્રો મળ્યા. કેમ છો? ડફણા ખાવા પડે છે. તો અહીં આવી જા ને! ના. ત્યાં મારું ફ્યુચર બ્રાઇટ છે. કેવી રીતે? કુંભાર તેની દીકરીને કહે છે – તું ભુલ કરીશ તો આ ગધેડા સાથે પરણાવી દઇશ. અને હું એ દિવસની રાહ જોઇ રહ્યો છું!!

મામા પણ લલચાવે છે. સાતે છોકરીઓએ ના પાડી. તેને ખૂબ આઘાત લાગ્યો – મારું કોઇ નથી. 'જબ કોઇ નહી આતા – મેરે દાદા આતે હૈં...' દુ:ખી થયેલો નંદિષેણ મરવા જાય છે. ત્યાં સાધુ ભગવંત મળ્યા. મરવાની ના પાડી કહ્યું – તારા પૂર્વભવના પાપ છે. મરવાથી નહી જાય. સાધના કર. જેનું જગતમાં કોઇ નથી. તેના દેવ-ગુરુ છે. પ્રભુશાસન છે. અમે તારા છીએ. એણે દીક્ષા લઇને આકરી સાધના કરી. શરીર તદ્દન કદરૂપું પણ સાધના જબરદસ્ત કરી.

સારું રૂપ-સ્વર એવું શરીર ભોગની દુનિયામાં ટૉપ ગણાય. અને ભોગની દુનિયામાં તદ્દન નકામું ગણાય, એવું શરીર જો યોગની દુનિયામાં ટૉપ હોય તો ક્યું શરીર સારું? કોણ પુણ્યશાળી? પૂ. ભુવનભાનુસૂરિ મ. રૂપથી કોઇ એટ્રેક્શન નહી. પણ સાધના દ્વારા શરીરનો ખૂબ કસ કાઢ્યો. પુણ્ય સ્લીપબુકવાળુ (ભરાય તે) ગમે કે ચેકબુકવાળુ (ખાલી થાય તે) ગમે? નંદિષેણે દીક્ષા લઇને જોરદાર વૈયાવચ્ચ કરી.

## પોષ સુદ – ૮

તપાચારથી પવિત્ર આચાર્ય ભગવંત... જેમણે બાહ્યતપ તો આત્મસાત કર્યો છે. અભ્યંતર તપ પણ આત્મસાત કર્યો છે. સ્ખલના થાય તો બીજા આચાર્ય ભગવંત પાસે **પ્રાયશ્ચિત્ત** કરે. દરેક ક્રિયા સ્થાપનાજી સન્મુખ કરે તે **વિનય.** સાધુને વાચના આપે, શ્રાવકોને વ્યાખ્યાન આપે. મુંઝાયેલાઓને સમાધાન – આશ્વાસન આપવારૂપ **વૈયાવચ્ચ** છે. આચાર્ય ભગવંત સતત **સ્વાધ્યાયમાં** રત રહે છે. સૂરિમંત્રના જાપ **ધ્યાનમાં** લીન હોય છે. શાસનપ્રભાવનાદિ માટે **કાઉસ્સગ્ગ** આદિ પણ કરે છે. આવા આચાર્યની ઉપાસના કરી તે તે અભ્યંતર તપ મેળવવાના છે. જો આચાર્ય જેવા સ્ખલના માટે પ્રાયશ્ચિત્ત કરતા હોય, તો મારે તો કરવું જ જોઇએ. ઉપદેશમાળાકાર કહે છે, જ્યાં સુધી પાપની આલોચના ન કરો ત્યાં સુધી તમારી ગુણશ્રેણી – ગુણસ્થાનક આગળ વધતા નથી. અટકી જાય છે.

આગમસૂત્રોમાં ગૌતમસ્વામી અને સુધર્માસ્વામી પણ વિનય કરતાં એવી વાત આવે છે. કહ્યું છે – સુઅં મે આઉસં તેણં ભગવયા... આચાર્ય ભગવંતો પણ સ્વતંત્ર –

પોતાના ઘરનું નથી કહેતા. પ્રભુવચનને આગળ કરી, અનંત તીર્થંકરોએ જે કહેલું છે, તે કહે છે. 'ગુરુપરંપરાથી મેં જે સાંભળ્યું છે, તે હું કહું છું' દીક્ષા આપે ત્યારે એમ કહે છે. 'ખમાસમણાણં હત્થેણં'– હું દીક્ષા નથી આપતો. મહાપુરુષો આપે છે. મારો માત્ર હાથ છે.

વૈયાવચ્ચ ભૂમિકાને અનુસારે હોય. જેને જે આવડે તે રીતે વૈયાવચ્ચ કરે. માત્રુ પરઠવવું – ગોચરી – પાણી લાવવા, માથુ દબાવવું, પડિલેહણ કરવું વગેરે વૈયાવચ્ચ છે. આચાર્ય સમાધિદાન દ્વારા વૈયાવચ્ચ કરે છે. સ્કંધકાચાર્યે ૫૦૦ શિષ્યોની નિર્યામણાની વૈયાવચ્ચ કરી. જે પ્રેરણા – આશ્વાસન – હૂંફ – સાંત્વન આપ્યા, તે તેમને કેવળજ્ઞાન અપાવી ગયું.

આચાર્ય ભગવંતે સાધુપણામાં સાધુપણાની, ઉપાધ્યાયપણામાં ઉપાધ્યાયપણાની ભૂમિકાની વૈયાવચ્ચ આત્મસાત કરી છે. પૂ. ઉપાધ્યાય પ્રેમવિજયજી મહારાજ પાટણમાં બીજા સાધુની વૈયાવચ્ચમાં રોકાયેલા હતા. રાધનપુરથી ગુરુ પૂ.આ.દાનસૂરિ મ. નો સંદેશો આવ્યો. તરત આવો. ને ચૈત્ર સુદ ૧૪ ના આચાર્યપદવી આપી. એ પછી તરત વિહાર કરી ફરી ગ્લાનની સેવામાં પહોંચી ગયા. બીમારને આશ્વાસન આપવું.... બીજાઓને વૈયાવચ્ચમાં જોડવા, કાળજી રાખવી, અવસરોચિત સલાહસૂચન આપવા, બીમાર પાસે થોડીવાર બેસવું. જેનાથી બીમાર સાધુને મનની શાંતિ મળે તે માટેના કરેલા તમામ પ્રયત્નો તે વૈયાવચ્ચ છે. તપસ્વીને તપમાં અનુકૂળતા થાય તેમ કરવું, બાળસાધુને સંયમમાં પ્રતિકૂળતા ન આવે તેમ સાચવવા, વૃદ્ધસાધુને સંયમજીવન ભારી ન લાગે, સંસાર પાછો યાદ ન આવે તેમ સાચવવા. યુવાનસાધુઓને અવસરોચિત સહાયક બનવું. એ તમામ વૈયાવચ્ચ છે. નિઃસ્વાર્થભાવે બીજા માટે ઘસાવાનું એ વૈયાવચ્ચ. આચાર્ય ભગવંતને નમસ્કાર કરવાથી આ વૈયાવચ્ચ ગુણ–તપાચાર પ્રાપ્ત થાય છે.

વૈયાવચ્ચ સાક્ષાત્ પ્રભુસાથે સંબંધ જોડે છે. બીમારાદિની ભક્તિથી સાક્ષાત્ તીર્થંકરની ભક્તિનો લાભ મળે છે. શ્રાવક સ્થાપના નિક્ષેપાના ભગવાનની આંગી– અંગલુછણા કરી શકે છે. પણ વૈયાવચ્ચથી તો સાક્ષાત્ ભાવનિક્ષેપાની ભક્તિનો લાભ મળે છે. વચ્ચે કોઇ મીડિયા નથી. પણ વૈયાવચ્ચ એ જ કરી શકે જેણે સુગ–જુગુપ્સાને જીતી લીધી હોય. જેણે અશુચિભાવનાને આત્મસાત્ કરી હોય. ગ્લાનના મેલા - ઉલ્ટીવાળા કપડા, એંઠું મૂકે, ઝાડા થાય. તેમાં જો જુગુપ્સા લઇ બેઠાં, તો ખરી વૈયાવચ્ચ કરી ન શકે. જે પુદ્ગલના ખેલ સમજતો હોય, ગુલાબજાંબુ જોઇ ખુશ નહી ને વિષ્ટા જોઇ દુઃખી નહી... તે જ વૈયાવચ્ચ કરી શકે.

પૂ. કમલસૂરિ મહારાજને પાછલી જિંદગીમાં આંખથી દેખાવાનું થોડું ઓછું થયું. પૂ. ઉપાધ્યાય વીરવિજયજી મહારાજ તેમની સેવામાં તત્પર. એકવાર તબિયત બગડી. ખૂબ ઠલ્લા થઇ ગયા. અર્જંટ લાગી. 'વીરા! પ્યાલો જલ્દી લાવ.' પ્યાલો મળ્યો નહી. ઉપાધ્યાય મહારાજ પોતે જ પહોંચી ગયા. હાથ મૂકી કહ્યું – પ્યાલો આવી ગયો. કરી લો.' આવું ક્યારે બને? જુગુપ્સા જીતે તો. ગુરુને શાતા આપવા ગમે તે કરી શકે. અશુચિભાવના આત્મસાત થયેલી જોઇએ. કોકની ગટર ઢંકાયેલી ને કોકની ખુલ્લી. બાકી બધાના શરીર છે તો ગટર જ. તેમાં શું જુગુપ્સા કરવાની?

સંવત ૨૦૩૭ માં કટારીયામાં અમે સાત ઠાણા યાત્રાર્થે આવ્યા હતા. એમાં હું સૌથી નાના પર્યાયવાળો. વહેલી સવારે કપડાં સુકાતા મને આશ્ચર્ય થયું. કોણે કાપ કાઢ્યો? જેમની નિશ્રા હતી, એ પૂજ્ય પંન્યાસ (પાછળથી આચાર્ય) ધર્મજિત મહારાજે. કેમ? એક મહાત્માને રાતના ઉંઘમાં જ ઝાડા થયેલા. એમના બધા કપડાની શુદ્ધિ વડીલ–જ્ઞાની–મોટી ઓળીના તપસ્વી પ્રદાદાગુરુદેવે કરી ! જુગુપ્સાને જીતી શકે તે જ વૈયાવચ્ચ કરી શકે. સ્વાર્થની બુદ્ધિ તૂટે તો વૈયાવચ્ચ કરી શકે.

મારે બીજા સાથે સંબંધ શું? ઓળખાણ મોટી ખાણ, કેમ? બીજા સાથે સબંધ વધારવાનો આશય શું? કહો, ક્યારેક મને કામ લાગશે. પણ ક્યારેય એમ વિચાર્યુ કે એને કામ હશે તો હું મદદ કરીશ? સંબંધ હોય તો ક્યારેક કામ લાગે આવી જ વૃત્તિ મોટે ભાગે રાખી, કામ કઢાવવા જ પરિચય વધાર્યો છે.બીજાની સેવાનો લાભ મળે તેવા આશયથી કેટલા સાથે સંબંધ જોડ્યો? 'બીજા પાસેથી કરાવવું નથી. બીજાનું કરવું છે' પહેલા બુદ્ધિમાં આ મુદ્દાને પ્રવેશ કરાવો. બુદ્ધિમાંથી સ્વાર્થીપણું કાઢવું છે, પછી જુગુપ્સા કાઢવી છે. કોઇની પણ સેવા કરવી છે.

વસુદેવ પૂર્વભવમાં નંદિષેણ હતા. ભોગની દુનિયામાં રૂપ, સંપત્તિ, સ્વર, યૌવનવય, શક્તિ જોઇએ છે. યોગની દુનિયામાં પહેલું સંઘયણ જોઇએ, પણ સંસ્થાનની રૂપ–આકારની એટલી જરૂર નથી. તમને યોગ તરફ કેટલો પ્રેમ છે? તે માટે શક્તિ કેટલી છે? ને તમે કેટલા તલપાપડ છો? તે જોવાય. બાહ્ય આકાર વિશેષથી જોવાતો નથી. નંદિષેણ સશક્ત હતો. મામાના ઘરનું બધું કામ કરતો. પણ રૂપ, સ્વર, ધન નહોતું. આકર્ષણનું એક પણ કેન્દ્ર નહી. માટે એનાથી કોઇ આકર્ષાતુ નહોતું.

જેને યોગસાધક બનવું છે, તેને રૂપાળો હોવું સારું કે કદ્રૂપા? અપેક્ષા છે. આચાર્યના ૩૬ ગુણોમાં 'રૂપવાન' એ એક ગુણ છે. આવા રૂપાળા આચાર્ય! અનાથી મુનિને જોઇને શ્રેણિકથી બોલાઇ ગયું. અહો! રૂપ –તેજ – કાંતિ! ને સાધુ! પૂછપરછ કરીને સમ્યક્ત્વ પામ્યા. બીજાને આકર્ષવા રૂપ જરૂરી છે. પણ રૂપ પોતાની સાધનામાં

વિશેષ ઉપયોગી નથી. એવું નથી થતું કે રૂપાળાની ક્રિયા ચોક્ખી થાય ને કદ્રૂપાની નહી. ઉલ્ટુ રૂપ-તેજ-કાંતિ હોય ને વક્તા-ગાયક હોય તો જાતને કાબુમાં રાખવી સહેલી નથી.

જેલમાં રહીને પવિત્ર રહેવું સહેલું છે. ચોરોના ગામમાં સંતે વ્યાખ્યાન કર્યું. શરાબ-જુગાર - વેશ્યાગમન ન કરવું. એક માણસ ઊભો થયો. મેં દસ વર્ષથી કાંઇ કર્યું નથી. ધન્યવાદ. ચોરો વચ્ચે શાહુકાર ક્યાંથી? પછી ખબર પડી એ દસ વર્ષ જેલમાં હતો. જેલમાં તો ન કરે તે સમજાય, પણ જ્યાં બંધન નથી, ત્યાં નિયમ રાખે તો તે મહત્ત્વનું છે. બાકી સ્વચ્છંદી મન ગમે ત્યાં ભટકે. બંધન છે તો નિયમ છે. બંધન નથી તો નિયમ નથી.

'સંયતાનિ ન ચાક્ષાણિ, નૈવોચ્છૃઙ્ખલિતાનિ ચ....' પ્રભુએ ઇન્દ્રિયો પર સંયમ રાખ્યો નથી. તો શું ઇન્દ્રિયો ઉચ્છૃંખલ હતી? ના. પ્રભુના મન-વચન-કાયા - બુદ્ધિ અને ઇન્દ્રિયો પર સ્વાભાવિક જ સંયમ હતું. એવી રીતે જ સાધના કરી હતી. જો આપણી ઇન્દ્રિયો પર સંયમ નથી. તો મરી જઇશું. માટે કહેવાય કે ક્યારેક ક્યારેક રૂપ ન હોવું, સ્વર ન હોવો, શક્તિ ન હોવી એ આશીર્વાદ બને છે. કોઇ આપણને જોઇને આકર્ષાય તો તકલીફને? રૂપ-સ્વરવગેરે બીજાને આકર્ષનારા તત્ત્વ જેટલા વધારે, એટલી સાવધાની - જાગૃતિની અપેક્ષા પણ વધારે.

નંદિષેણ કદ્રૂપો હતો. સંસારથી કંટાળી મરવા ગયો. ગુરુએ હાથ ઝાલ્યો ને દીક્ષા આપી. અત્યારસુધી આશા - અપેક્ષાથી મજૂરી કરી. હવે વિચારે છે - મારી પાસે શક્તિ છે, પણ મેં જેમના જીવનમાં નકરો સ્વાર્થ - નકરા પાપ ભરેલા છે, એવા આચારહીનોની સેવા કરી. હવે જીવડા! ચાલ, જે પવિત્ર - નિર્દોષ છે, એવા સાધુની સેવા કરી પૂર્વકર્મનું પ્રાયશ્ચિત્ત કરું. એક બાજુ છઠ્ઠના પારણે છઠ્ઠની તપસ્યા કરે ને બીજી બાજુ કોઇ પણ સાધુના બીમારીના સમાચાર આવે તો સેવા માટે દોડે. કોઇ લોહી કે સમુદાયના સંબંધ ન જુએ. કાર્મિકી બુદ્ધિ એટલે કામ કરતાં કરતાં આવડત વધે. વૈયાવચ્ચમાં એવી કાર્મિકી ને પછી એવી પારિણામિકી બુદ્ધિ પ્રગટી કે તેના વૈયાવચ્ચના વખાણ પ્રથમ દેવલોકના ઇન્દ્રે કર્યા કે નિઃસ્વાર્થ બુદ્ધિથી જાતને ઘસીને બીજાની વૈયાવચ્ચ કરનાર જોવો હોય તો નંદિષેણને જુઓ. કો'ક સુકૃત કરે છે. આપણાથી એ ન થાય તો એને શાબાશી તો આપો. જેથી એ આગળ વધે. આપણને સુકૃત કરનારને શાબાશી આપવા કરતાં દુષ્કૃત કરનારની ભૂલ કાઢી ઠપકારતા વધુ ફાવે છે.

એક માણસ સેલ્સમેનમાંથી પોલીસ થયો. કેમ? સેલ્સમેનની ભૂમિકામાં બધાને સારા જ માનવા પડે. તેના કરતાં પોલીસ બનીએ તો બધાને ચોર-ગુંડા-ખુની માનવા ફાવે છે. તમને શું ફાવે? સેલ્સમેનશીપ કે પોલીસગીરી?

કેટલાક સુકૃત કરે, કેટલાક જ પ્રશંસા કરે, કેટલાકને પ્રશંસા કરવી ય ફાવતી

નથી. એ તો બોલશે, અતિશયોક્તિ કરે છે. આવું તે કાંઇ હોતું હશે? આ લાખો રૂપિયાનું દાન કેવી રીતે આપી શકે? ચોક્કસ ઉંધાચત્તા કરી કમાયો હશે... આ આટલા બધો તપ ક્યાંથી કરી શકે? મારાથી તો એકાસણું ય નથી થતું. ચોક્કસ રાતે ખાતો હશે... આ અઠ્ઠાઇના પારણે અઠ્ઠાઇ કેમ કરી શકે? નક્કી ગરબડ છે... આપણે બીજાના સુકૃતને જલ્દી સ્વીકારતા નથી. કોઇ સેવા કરવા આવે તો લાગે આ લાલો લાભ વગર લોટે નહીં.

જેને સુકૃત ગમતું નથી. તે બીજાના સુકૃતમાં ખામી જ કાઢે. નંદિષેણ સુકૃત કરે ને ઇન્દ્ર વખાણ કરે. બધા દેવોએ તહત્તિ કર્યુ. એક દેવ ન માન્યો. એક મનુષ્યની આવી તાકાત ન હોઇ શકે. આ તો ઇન્દ્ર છે. પોતે શક્તિશાળી છે. માટે આવી વાતો કરે છે. બાકી જગતમાં દરેકને પોતાનું શરીર વહાલું છે. ઇજ્જત વહાલી છે. બીજાની સેવા કેમ કરે? કોઇને ગંદકી ગમતી નથી. કોણ સ્થંડીલ સાફ કરે? ઇન્દ્ર પોતાના રુઆબથી બોલે છે. આમ ઈર્ષ્યા થઇ.

શીતલ – ઠંડુ – મીઠું પાણી સારું કે ખરાબ? સારું. પણ મોંમા જાય તો. કાનમાં જાય તો? કોકના સુકૃતની અનુમોદના શીતલજળ સમાન છે. કો'કને લાગે છે મારા મોંમાં જાય છે. અમૃતની શીતલતા – શાતા ઉપજાવે છે. કો'કને લાગે મારા કાનમાં જાય છે. જાણે શૂલ ભોંકાય છે. તેલ રેડાય છે.

દેવ પરીક્ષા કરવા આવ્યો. એક ઘરડા સાધુ અતિ બીમાર હાલતમાં છે. મોઢાપર માખીઓ બણબણે છે. નંદિષેણમુનિ તપસ્યાના પારણે ગોચરી લેવા જતા હતા. કો'કે સમાચાર આપ્યા. તમે શું ગોચરી નીકળ્યા છો? એક ખૂબ બીમાર સાધુ ગામના પાદરે પડ્યા છે. આ સાંભળી એ ગોચરી મૂકીને સાધુ પાસે દોડ્યા. તેમની અવસ્થા જોઇ. મુડદાલ ચહેરો. માખી પણ ઉડાવી ન શકે. કપડા ગંદા ને ગંદી વાસ આવે છે. નંદિષેણમુનિ કહે – હું સારું કરીશ. તે સાધુએ ઝાટક્યા – શાનું – ધૂળ સારું કરીશ? તેમણે મિચ્છામિ દુક્કડમ્ માંગ્યુ. ઊભા થાઓ. પેલા 'તાકાત હોય તો પડું જ કેમ?' નંદિષેણ – સારું, ખભે લઉં છું. ખભે લીધા. બરાબર બજારમાં આવ્યા. જાહેરમાં જ ઝાડા છુટ્યા. ને દુર્ગંધ છુટે છે. પેલા – 'તને ભાન નથી. અક્કલ નથી. તું આમ ચાલ્યો કે મને ઝાડા થયા.' નંદિષેણ – મિચ્છામિ દુક્કડમ્ – ઉપાશ્રયમાં ગયા. પાણીની ગવેષણા કરી. પાણી ન મળ્યું. આ તો દેવની પરીક્ષા હતી. બીજી વાર – ત્રીજીવાર ફર્યા. દેવ છેવટે થાક્યો. પોતાની લબ્ધિથી પાણી મળ્યું. પેલા – આટલીવાર કેમ લાગી? ગોચરી માટે ગયા તા ને? હં... ભદગં ભદગં ભુચ્ચા... સારુ સારુ વાપરીને પછી અહીં આવવાનું હતું કેમ?

નંદિષેણ તો એ જ વૈયાવચ્ચના વિચારની ભૂમિકામાં છે. એ સાધુપર લેશ પણ

દ્વેષ નથી. દેવ નંદિષેણનું મન તપાસે છે. નંદિષેણ વિચારે છે. 'બિચારા કેટલા બિમાર છે! મન કેવું નબળું પડ્યું છે! જરાપણ ઊભા થઇ શકતા નથી ને જુઓ કર્મોદય કે ઝાડા પણ થાય છે. કેટલા લેવાઇ ગયા છે કે મન પર જરાપણ કાબુ નથી.' આ એક જ ગણિત છે. કપડા સાફ કર્યા. આ તો સત્ત્વની, ગુણની પરીક્ષા છે. આ પરીક્ષામાં દરેક પ્રશ્ન અઘરા જ હોય. બધી મહેનત કરી સ્વચ્છ કપડા પહેરાવ્યા. પાછા ઝાડા થયા. બધું બગાડ્યું. પાછા પાણી લેવા જાઓ. માંડ માંડ પાણી લઇ આવ્યા.

પોતાના તપનું પારણું બધું ભૂલી ગયા. પાછો કાપ કાઢ્યો – નવા કપડા પહેરાવ્યા. ફરી બધું બગાડ્યું. હવે કેટલું સહન કરવાનું? કેટલી સેવા કરવાની? કોઇ વિચાર નથી. નંદિષેણ વિચારે છે–મહાત્માનો રોગ કેટલો વકરી ગયો છે? અરર! એમને શાતા મળવી જોઇએ. ત્રીજીવાર પાણી લેવા ગયા. જરાય અરુચિ કે નારાજગી નથી. થાક ગળે વળગ્યો છે. સેવા કરું છું – મોટો વૈયાવચ્ચી છું એવી નકામી નામના લેવા ગયો, એમાં ફસાયો! એવો એકે વિચાર નથી. દુર્ગંધ ભરપૂર સંડાસ થયા છે. છતાં પેલા સાધુની જબરદસ્ત વૈયાવચ્ચ કરે છે. બધું કરે છે. છતાં પેલા આકરા વેણ સંભળાવે છે.

જેમ સામાયિકમાં પુણિયા શ્રાવક અમર થયા, વિનયમાં ગૌતમ, તેમ વૈયાવચ્ચમાં નંદિષેણ અમર થયા. અંતે દેવ થાક્યો. આના ભાવ તો ચઢતા પરિણામે છે. દેવને ખાતરી થઇ. મૂળસ્વરૂપે પ્રગટ થયા. ખૂબ વખાણ કર્યા. ઇન્દ્રે કહ્યા તેનાથી સવાયા વૈયાવચ્ચી છો. ધન્ય છે તમને કે તમે થાક્યા તો નહી, મન પણ ન બગાડ્યું. નંદિષેણ મુનિએ જીંદગીભર સેવા – વૈયાવચ્ચ કરી. પણ જિંદગીના છેવાડે ભૂતકાળ યાદ આવ્યો. ભગવાન ના પાડે છે. ભૂતકાળને યાદ કરી દુઃખી થવા જેવું દોઢ ડહાપણ કેમ કરવું? જે પ્રસંગ દુઃખદ હતો તે યાદ કરવો સારો કે ભૂલવો? સુદર્શનની ગોળી ચગળવી સારી કે પીપરમીંટ? સારા પ્રસંગ ભૂલાઇ જાય છે. કડવા પ્રસંગ યાદ આવ્યા જ કરે છે.

કાળધર્મની ક્ષણે નંદિષેણને ભૂતકાળ યાદ આવ્યો. હું કેવો કદરૂપો – દુર્ભાગી કે મને કોઇ પરણવા ઇચ્છતું નહોતું! ખરેખર તો એવું વિચારવાનું હતું કે આવો દુર્ભાગી – કદરૂપો! છતાં પણ ગુરુ મ.એ હાથ પકડ્યો તો કેવા કેવા સુકૃત કરી શક્યો! પણ વિપરીત વિચારથી સંકલ્પ કર્યો. મારા તપ–સંયમ – વૈયાવચ્ચનું બળ હોય તો આવતા ભવે હું સ્ત્રીવલ્લભ બનું. નિયાણું કરી બીજા ભવે વસુદેવ થયા. ૭૨૦૦૦ કન્યા સામે ચાલીને તેને પરણી. જ્યાં જાય ત્યાં સ્ત્રીઓ તેની પાછળ પાગલ થાય. ચક્રવર્ત્તી કરતાં આગળ. ચક્રીને તો ૬૪૦૦૦ સ્ત્રીઓ જ હોય. બધું પુણ્ય આમાં જ ખતમ થયું. માટે નેમનાથ ભગવાન સાક્ષાત્ હોવા છતાં દીક્ષા ન મળી. ને દ્વૈપાયને દ્વારકા બાળી તેમાં મરી ગયા.

એ જ્વાલામાં બેને જ અભયદાન મળ્યા. કૃષ્ણ અને બળરામ. દીક્ષાના

સંકલ્પવાળા પણ બચ્યા. પણ તેવા કેટલા? કરોડોની વસ્તી પણ આગની પરિસ્થિતિમાં પણ ચારિત્ર લેવાનું મન કેટલાને? દીક્ષા-વૈરાગ્ય કેટલાં દુર્લભ છે, તે અહીં ખબર પડે છે. બધાને બાપ-દીકરા - ધન-યાદ આવે છે. પણ દીક્ષા યાદ આવતી નથી. બળવા - ખાક થવા તૈયાર છે, પણ દીક્ષા લેવા નહી. કૃષ્ણ બળરામે વિચાર્યું. કોઇને ન બચાવી શકીએ તો મા - બાપને તો બચાવીએ. વસુદેવ, રોહિણી ને દેવકી ત્રણને લીધા, રથ જોડચો. દેવે બળદ બાળી નાંખ્યા. કૃષ્ણ - બળરામ રથ ખેંચવા જોડાયા. લાત મારી દરવાજો તોડચો, તો રથ પાછો અંદર મૂકી દીધો. દેવ કહે છે. - તમે ફાંફા મારવાના છોડી દો. છેવટે ત્રણેએ કહ્યું - તમે બે જાઓ. અમારું ભાગ્ય અહીં જ મરવાનું છે. તે વખતે પણ વસુદેવને દીક્ષાનું મન ન થયું, કારણ નિયાણું હતું. પણ તીવ્ર ન હતું માટે શુભભાવથી દેવલોકમાં ગયા.

વૈયાવચ્ચ ધર્મ નંદિષેણે કેવો આત્મસાત્ કર્યો કે ઇન્દ્રને વખાણવાનું મન થયું. વર્તમાનમાં પણ એવા સાધુ- સાધ્વી છે કે જેઓ ફાઇવ-સ્ટાર હોસ્પિટલમાં કરોડો રૂપિયા આપવાપર પણ જે વૈયાવચ્ચ નર્સ ન કરી શકે, તે સેવા કરે છે. કોઇ સંબંધી - શિષ્ય -ગુરુ નથી, છતાં નન્નત્થ નિજ્જરટ્ઠાએ... જાતને ઘસી, જુગુપ્સા - દુર્ગચ્છાને લાત મારી માત્ર નિર્જરા માટે જોરદાર વૈયાવચ્ચ કરે છે.

જૈનશાસનમાં ઓછામાં ઓછા બે ને ઉત્કૃષ્ટથી ૪૮ સાધુઓ વૈયાવચ્ચ કરે. એક સાધુ બીમાર હોય ને બીજો વૈયાવચ્ચ ન કરે તો પ્રાયશ્ચિત્ત આવે.

જે બીમાર પડચો તે સાધુને બીજા સાધુ સાથે ગઇકાલે જ ઝઘડો થયેલો. તે બોલ્યો -જિંદગીમાં તારી સામે નહીં જોઉં. હવે બીજો બીમાર પડે તો વૈયાવચ્ચ કરે? હા. બીમાર કહે - તું કેમ આવ્યો? જા તારી સેવા નથી લેવી. બીજા દિવસે જવું કે નહી? જવાનું જ. ન જાય તો પ્રાયશ્ચિત્ત. પેલો ગુસ્સો કરે તો? આજે ન પણ કરે. જો તમે વૈયાવચ્ચ ન કરો, તો પ્રાયશ્ચિત્ત આવે. હું તો આગમના સ્વાધ્યાયમાં મસ્ત હતો. તેથી વૈયાવચ્ચ ન કરી. આવો કોઇ બચાવ ન ચાલે. વૈયાવચ્ચ ધર્મનું આવું મહાન મૂલ્ય છે. બાકીના તમામ યોગો ગૌણ કરીને પણ બીમારની સેવા કરવી. કાંઇ સેવા કરતાં આવડતી જ નથી. તો શું કરું? માત્રુ પરઠવતા તો આવડે ને? પડિલેહણ કરતાં તો આવડે ને? બીજા સાધુ ગોઠવાઇ ગયા છે. તો તેમને વિનંતી કર. છેવટે બીજા સાધુની વૈયાવચ્ચ કર. પડોશની દુકાને ઘરાક આવ્યા તો તું શું દુકાન બંધ કરી દઇશ?

વૈયાવચ્ચ કરવાથી જબરદસ્ત નિર્જરા છે, તો

વૈયાવચ્ચ ન કરવાથી જબરદસ્ત આશ્રવ છે.

વૈયાવચ્ચ આપણી સ્વાર્થીબુદ્ધિને તોડવા માટે છે. મનને સંકલ્પ - વિકલ્પથી

બચાવવા, દુર્ભાવ – સંકલેશ – ચિંતા – ઉપાધિ – ભટકતા મનને સ્થિર કરવા સ્વાધ્યાય – કાઉસ્સગ્ગ – ધ્યાન વધુ ને વધુ પાવરફૂલ શસ્ત્રો બતાવ્યા છે.

## પોષ સુદ – ૯

તપાચારમાં બાહ્ય તપ મુખ્યતયા આહારસંજ્ઞા અને શરીરની આસક્તિ તોડવા માટે છે. અભ્યંતર તપ બુદ્ધિમાં રહેલો સ્વાર્થ કાઢવા અને મનમાં રહેલા દૂષણો કાઢવા છે. પ્રથમ મનની શુદ્ધિ કર્યા પછી જ સાધનામાં આગળ વધી શકાય. માટે પ્રાયશ્ચિત પ્રથમ મુકવામાં આવ્યું. પ્રાયશ્ચિત્ત કર્યા પછી સ્વાધ્યાય મુખ્ય કે ભક્તિ? ભક્તિ. તે માટે જરૂરી છે વિનય. ગુરુ મહારાજના વિનય વિના સ્વાધ્યાય પ્રાપ્ત થતો નથી. પ્રાયશ્ચિત્તથી મન શુદ્ધ થયું. પછી વિનય એટલા માટે કે છે કે મનને દુષ્ટ અને બુદ્ધિને ભ્રષ્ટ કરે છે અહંકાર. જીવને ને એમાં પણ માનવને સતાવતો મુખ્યતમ દુર્ગુણ છે અહંકાર – આત્મકેન્દ્રિતા. આ દૂર કરવા વિનયધર્મ બતાવ્યો. મનમાં રહેલી શરીરમમતા ને બુદ્ધિમાં રહેલી સ્વાર્થાન્ધતાને દૂર કરવા વૈયાવચ્ચગુણ જરુરી છે.

આ ત્રણથી શુદ્ધ, નિર્મળ, પવિત્ર થયેલા મનને એ જ પવિત્રભાવોમાં સ્થિર, નિર્મળતર અને વિશુદ્ધતમ બનાવવા હવે પછીના ત્રણ તપાચાર છે.

અનુયોગદ્વારમાં ચાર મહાદ્વાર બતાવ્યા છે (૧) ઉપક્રમ (૨) નય (૩) નિક્ષેપ (૪) અનુગમ. શિષ્યએ આચાર્ય પાસેથી સૂત્ર મેળવવાના છે. પણ શિષ્ય આચાર્યનો એવો વિનય કરે કે એનાથી પ્રસન્ન થયેલા આચાર્ય ૧૦ વર્ષ પછી આપવાનો ગ્રંથ ચોથા વર્ષે જ ભણાવી દે. તે વિનય દ્વારા ઉપક્રમ કર્યો કહેવાય. ગ્રંથ પ્રાપ્ત કરવા વિનય જરૂરી છે. વિનયથી પ્રાપ્ત થયેલું પરિણત થાય. બાકી ભણેલું બીજાના દોષો જોવા જ કામ લાગે. માટે બીજા નંબરે વિનય કહ્યો. વિનય કરતાં કરતાં પ્રાપ્ત થયેલી બુદ્ધિ તે વૈનયિકી બુદ્ધિ. જે સૂત્રમાં બીજાને એક અર્થ પ્રાપ્ત થાય, વિનય કરનારને તે જ સૂત્રના અનેક અર્થ પ્રાપ્ત થાય. સમાન જ્ઞાન આપવા છતાં હોંશિયાર વિદ્યાર્થીને પણ જે અર્થો ન સ્ફૂરે, તે વિનય કરનારને સ્ફૂરી જાય.

બે વિદ્યાર્થી એક જ ગુરુ પાસે ભણ્યા. ગુરુના કામમાટે બીજે ગામ જવા નીકળ્યા છે. પગલાં જોયા. પહેલો કહે –અહીંથી હાથી ગયો હશે. બીજો કહે – હાથીણી ગઇ હશે. જે કાણી છે. તેની ઉપર અંબાડીમાં રાણી બેસેલી છે. જે ગર્ભવતી છે. જેણે લાલ વસ્ત્ર પહેરેલા છે. ટુંકમાં જ પુત્રને જન્મ આપશે. આગળ જઇને તપાસ કરી. છાવણી નંખાયેલી હતી. રાણીએ પુત્રને જન્મ આપ્યો. બધું સાચું હતું. ત્યાં જ બીજો પ્રસંગ બન્યો. એક ડોશીમા માથે ઘડો લઇને જતા હતા. બંને વિદ્વાન લાગતાં પૂછ્યું –

મારો પુત્ર બાર વર્ષથી કાશી ગયેલો છે. તે ક્યારે આવશે? એટલામાં એ ડોશીનો ઘડો ફૂટચો. પહેલો કહે – માજી! ભૂલી જાઓ. તેના નામનું ન્હાઇ લો. માજી શિયાવિયાં થઇ ગયા. બીજો કહે– તમે ચિંતા ન કરો. તમારો દીકરો આજે જ મળશે. ઘરે તમારી રાહ જોઇ રહ્યો છે. એમ જ થયું. શા માટે? પહેલાને થયું – ચોક્કસ ગુરુએ એને વધુ ભણાવ્યો છે. મને નહી. ગુરુ પાસે આવી ધનાધની કરી. પક્ષપાત... પક્ષપાત.... પક્ષપાત... ગુરુ કહે – મેં તો તમને બંનેને સાથે જ ભણાવ્યા છે. તું એને જ પૂછ.

બીજો કહે – પગલા હાથીના હતા. પણ પેશાબની ગંધ જોઇ અનુમાન કર્યું કે હાથીણી ગઇ હશે. એક બાજુના જ પાંદડા ખવાયેલા હતા. તેથી લાગ્યું કે કાણી છે. ઝાડમાં લાલ દોરાં અટકાયેલા હતા. તેથી તેણે લાલ વસ્ત્ર પહેર્યા હશે એમ લાગ્યું. તે નીચે બેસેલી ત્યારે જમણા હાથનો ટેકો દઇને ઊભી થયેલી દેખાઇ તેથી લાગ્યું કે ગર્ભવતી હશે. વજન વધુ હતું માટે નજીકમાં પ્રસવવાળી અને જમણો હાથ હતો તેથી પુત્ર જનમશે એમ મને લાગ્યું. અને ઘડાનું બધુ પાણી પાણીમાં ગયું. ઘડાની માટી માટીમાં મળી... જે જેમાંથી ઉત્પન્ન થયું. તે તેમાં મળી ગયું. તેથી દીકરો પણ ડોશીને મળી જશે એમ લાગ્યું.

આ બધું કેવી રીતે સૂઝ્યું? ગુરુવિનયદ્વારા. વિનયધર્મથી ઉપક્રમ થાય. ઘણા પદાર્થો સ્પષ્ટ થાય. દૂરનો ગ્રંથ જલ્દી ભણવા મળે. પદાર્થો વિશિષ્ટરૂપે – અનેક અર્થે ભણવા મળે.

વિનય પછી પણ માત્ર ભણવાનું નથી. ગચ્છમાં ઘણા સાધુ હોય. તેમાં બીમારઆદિ હોય તો વૈયાવચ્ચ મુખ્ય છે. પછી સ્વાધ્યાય. પ્રથમ પાપશુદ્ધિ પછી વિનય પછી વૈયાવચ્ચ. પ્રથમ આત્મશુદ્ધિ પછી ગુરુ વિનય પછી સાધુવૈયાવચ્ચ. હવે નવરા પડ્યા તો વાતો કરવાની? ના. સ્વાધ્યાય કરવાનો. તેમાં આગળ વધતાં વધતાં – અનુપ્રેક્ષામાં આગળ વધતાં વધતાં ધ્યાન અને છેવટે કાયાની માયા છોડવાની તે કાયોત્સર્ગ...

સ્વાધ્યાય એ સાધુનું ઘર છે. જેમ માણસ દિવસે બધે દોડી, બેંક–દુકાન–બજાર બધે ફરી, છેવટે રાત્રે ઘરે પહોંચે. તેમ સાધુએ પ્રાયશ્ચિત્ત – વિનય – વૈયાવચ્ચ બધું કરી છેવટે સ્વાધ્યાયમાં રમવાનું છે. માટે કહ્યું છે 'સજ્ઝાય સમો તવો નત્થિ.' બાકીના કોઇ તપની તાકાત દિવસના ૧૫ કલાક શુભભાવમાં રાખવાની નથી. ધ્યાનમાં વિશિષ્ટકોટિના શુભભાવ છે. પણ અંતર્મુહૂર્ત ચાલે. કાયોત્સર્ગથી મોક્ષ – કેવળજ્ઞાન ખરું, પણ કેટલો સમય ચાલે? અડધો કલાક. તે પણ ઉંચી ભૂમિકામાં આવે.

મન માંકડાને બધે દોડતું અટકાવવું છે. ૧૫–૧૫ કલાક શુભપરિણામમાં

બાંધવું છે. તે માટે બેસ્ટ ઉપાય છે સ્વાધ્યાય. પૂર્વકાળમાં બપોરે બાર વાગ્યા સુધી સ્વાધ્યાય જ ચાલે. ત્રણ – ત્રણ કલાક સૂત્ર – અર્થ પોરસી. પછી ત્રીજા પહોરે આહાર – નિહાર ને વિહારની પ્રવૃત્તિ શરુ થાય. પડિલેહણ પછી પાછો ચોથો પ્રહર અને સાંજે પ્રથમ પ્રહર સ્વાધ્યાય. પછી બીજો –ત્રીજો પ્રહર નિદ્રા. પાછો રાતનો છેલ્લો (એક-પ્રહર = લગભગ ૩ કલાક) પ્રહર સ્વાધ્યાય. આમ પંદર કલાક સ્વાધ્યાય આ સાધુની ભૂમિકા છે.

સતત સ્વાધ્યાયમાં રહેવાથી જ મન શુભધ્યાનમાં રહે છે. જેવો સ્વાધ્યાય મૂકાયો કે મન ભાગે. જેવા ટીચર ક્લાસમાંથી બહાર જાય ને છોકરાઓ ધમાચકડી મચાવે. તેમ જરાક સ્વાધ્યાય મૂક્યો, સાવધાની ન રાખી, તો મનની ધમાચકડી ચાલુ. ક્યારેય નહીં વિચારેલા વિચારો આવે. નવરું મન નખોદ વાળે. એવા વિચાર-સપના આવે કે એવું તો મેં વિચાર્યું પણ નહોતું. કેમ? મનની વિચિત્ર ભૂમિકા છે. માટે સતત સ્વાધ્યાયમાં રહેવું.

જીવને દીર્ઘકાલીન શુભભાવમાં રાખવાની તાકાત જેવી સ્વાધ્યાયની છે, તેવી કોઇની નથી. અનુત્તરવાસી દેવ ૩૩ – ૩૩ સાગરોપમ સતત શુભભાવમાં રહે. ઉત્કૃષ્ટ વિષયમાં રહે છતાં એકે વિષય ભોગવવાની ઇચ્છા જ ન થાય. આહારની ઇચ્છા પણ ૩૩ હજાર વર્ષે થાય. ક્ષણભરમાં તૃપ્ત થઇ જાય. એટલી હદ સુધી સ્વાધ્યાયમાં લીન હોય કે એ પલંગપર પડખુ ફેરવવાનું પણ મન ન થાય. આખી જિંદગીમાં એક જ વાર પડખુ ફેરવે. બીજી વાર ફેરવે એની પૂર્વે તો આયુષ્ય પૂરું થઇ જાય.

પૂર્વકાળમાં પૂર્વકરોડ વર્ષ ચારિત્ર પાળતા. તો સમય કેવી રીતે ગાળતા? How to pass time? આજે ૮૪ વર્ષ જીવ્યો તો કહેવાય લાંબુ જીવ્યો. એક પૂર્વ = ૭૦,૫૬૦ અબજ વર્ષ. તો પૂર્વ કરોડ વર્ષ કેવી રીતે પૂરા કરે? ઉપધાનમાં તો એક એક દિવસ જાય છે ને હાશ થાય છે ને? તમને અહીં ફાવી ગયું તેનું કારણ શું ક્રિયા ગમી ગઇ તે છે? ચાર વાર દેવવંદનથી – પ્રભુભક્તિથી ફાવી ગયું? પ્રભુનો કેવો અનુગ્રહ! વારંવાર પડિલેહણ – પ્રતિક્રમણ – ૧૦૦ લોગસ્સનો કાઉસ્સગ્ગ – ૧૦૦ ખમાસમણા. કેવી કર્મનિર્જરા! કેવો શરીરનો કસ નીકળે! કે પછી આપણી આજુબાજુ પડોસી વાતોમાં સારા છે. ઓફીસ અને ઘરથી તો છુટ્યા!! એ કારણ છે?

બે મિત્રો કારગીલ મોરચે લડતા હતા. બોંબમારો ચાલુ હતો. એકે પૂછ્યું- તું કેમ આવ્યો? બીજો – પરણ્યો નહોતો. તેથી દેશભક્તિથી આવ્યો. પછી પહેલાને પૂછ્યું – તું કેમ આવ્યો? પહેલો – મારા લગ્ન થઇ ગયા હતા. તો પછી કેમ આવ્યો? પહેલો – મનની શાંતિ જોઇતી હતી. બોંબ ધડાકા ચાલુ હતા, છતાં અહીં શાંતિ છે.

ઉપધાનમાં શરીરને કષ્ટ છે, પણ સંસારની ધમાલ નથી. શાંતિ છે. માટે સારું લાગે છે ને?

અહીં સ્વાધ્યાય કરવા મળે છે. ક્રિયા – દેવવંદનનો આનંદ છે. વર્ષો સુધી માત્ર લપ્પન છપ્પનમાં રહ્યા. કાંઇ પદાર્થ જાણ્યા જ નહી. અહીં જે સમય મળ્યો ને પ્રભુના શાસનના જે પદાર્થો જાણવા મળ્યા માટે ફાવી ગયું. બરાબર ને ? તમે ઉપધાનમાં ૪૭ દિવસ માટે ફીક્સ છો. છતાં ૨૦ દિવસે કંટાળો છો. સાધુને પૂછો – કેટલા મહિના? વર્ષ દીક્ષા પાળવાની? છતાં થાક – કંટાળો નથી. કેમ? જેને સ્વાધ્યાયનો આનંદ છે તેને કંટાળો નથી. જેને સ્વાધ્યાયનો આનંદ નથી. તેને કંટાળો આવે જ. નિર્દોષ આનંદ સ્વાધ્યાયનો જ છે. મોબાઇલ, ટી.વી. વગેરેનો આનંદ સદોષ છે. કારણ તે આત્મહિતની જાણકારી નથી આપતું, પણ રાગ દ્વેષમાં ખેંચી જાય છે. જે એક પણ ખર્ચા વિના – જરા પણ મન બગાડ્યા વિના આનંદ આપે તે સ્વાધ્યાય.

જેમ સમ્યગ્દર્શનની શુદ્ધિ માટે તીર્થયાત્રા જરૂરી છે. તેમ સમ્યગ્દર્શન અને જ્ઞાનની શુદ્ધિ માટે ગ્રંથયાત્રા પણ જરૂરી છે. જિનબિંબની યાત્રા કરતાં અપેક્ષાએ જિનવચનની યાત્રા મહત્ત્વની છે. એ સતત સંવેગને ઝળહળતો રાખે છે. જેમ જેમ ગ્રંથ ભણાતા જાય, તેમ તેમ સંસારના સ્વરૂપનો બોધ વિશદ થતો જાય છે. નિર્વેદ લીલોછમ બને છે. ઉપશમભાવ વૃદ્ધિ પામે છે. જે વાત વાતમાં બેફામ બનતા, ઉકળી જતાં, તે સ્વાધ્યાય કરતાં કરતાં શાંત થઇ જાય છે. જેમ ધૂળપર પાણી છાંટ્યા પછી પવનનું તોફાન આવે તો પણ ધૂળ ઉડતી નથી, તેમ બાહ્ય પ્રસંગના પવનથી મનમાં ખોટા વિચારો રૂપી ધૂળ ઉડતી હતી. તેના પર સ્વાધ્યાયનું પાણી છાંટવાથી શાંત થઇ ગયા. હવે વિચારોની ધૂળ નથી ઉડતી.

જે બધા જીવો દોષોથી પીડાય છે. તે સ્વાધ્યાયના પ્રભાવે તિરસ્કારપાત્રને બદલે અનુકંપાપાત્ર લાગે. એ કેવો નિર્દોષ! શુદ્ધ જીવ! તેને ક્રોધ કષાય નામનો ગુંડો અરર! કેવો મારે છે! અનંત આનંદમય જીવ એક ક્રોધથી કેવા સંક્લેશમાં આવે છે! જેના પ્રત્યેક આત્મપ્રદેશે દેવલોકના સુખ કરતાં અનંત આનંદ છે! અનંતજ્ઞાન છે! એવો જીવ આ સંસારમાં રાંકડો બની આ કર્મગુંડાથી હેરાન થઇ રહ્યો છે. સંગમને જોઇ પ્રભુ વીરને એકવાર આંસુ આવ્યા. જો આપણે પ્રભુ વીરના સાચા સંતાન છીએ, તો બીજા જીવોના દુઃખ જોઇને સતત આંસુ આવે જ. સજ્જનને બીજા જીવોને દુઃખી જોઇ શાતા કેવી રીતે રહે? સંસારનું સ્વરૂપ જોયા પછી અનુકંપાનો ભાવ ઠાંસી ઠાંસીને ભરેલો હોય. બિચારા જીવોને મફતના ભાવે અમૃતનું વેચાણ થાય છે તે જોઇતું નથી. ને રૂપિયા ખર્ચીને ઝેર લે છે. જેની પાસે સ્વાધ્યાય છે. તેનું હૃદય આમ અનુકંપાથી ભીનું ભીનું રહે છે.

પરમાત્માના વચનથી સાચી આસ્તિકતા પ્રગટે છે. માત્ર પુણ્ય–પાપને માનો

તે આસ્તિકતા નથી. જૈનશાસનમાં સમ્યગ્દર્શન લાવનારી, ટકાવનારી, સ્થિર કરનારી, શુદ્ધ કરનારી આસ્તિકતા કઇ? ''તમેવ સચ્ચં નિઃસંકં, જં જિણેહિં પવેઇયં'' - મારા ભગવાને પુણ્ય-પાપ વગેરેના જે રીતે વિભાગીકરણ કર્યા છે, તેને તે જ રીતે હું સ્વીકારું, તે જ સાચી આસ્તિકતા. સ્વાધ્યાયથી જ હેય - જ્ઞેય - ઉપાદેય તત્ત્વનો સ્પષ્ટ પ્રકાશ પથરાય. 'જે આસવા તે પરિસવા, જે પરિસવા તે આસવા' એકનો એક પ્રસંગ આશ્રવ પણ છે. સંવર પણ છે. આ બોધ સ્વાધ્યાયથી થાય. સમ્યક્ત્વના પાંચ લક્ષણ સ્વાધ્યાયથી પ્રગટે છે. ડીપ સ્ટોરેજમાં વર્ષો સુધી ચીજ ફ્રેશ રહે. તેમ સ્વાધ્યાયમાં ડૂબેલો સાધુ વર્ષોસુધી ફ્રેશ રહે. આટલો સમય શુભભાવમાં રાખવાની તાકાત બીજા કોઇ ધર્મની નથી.

સભા - સંગમે ખીર વહોરાવી. સતત અનુમોદના કરી. કેવી કરુણા! કેવો વાત્સલ્યભાવ! મને લાભ આપ્યો! તો સ્વાધ્યાય વિના શુભભાવ આવ્યો ને? ઉત્તર - સુકૃત કરવું તે સ્વાધ્યાયનું ફળ છે. તો તેની અનુમોદના - વારંવાર યાદ કરવું તે પરાવર્તના નામનો સ્વાધ્યાય છે. તેના પર ચિંતન - મનન એ અનુપ્રેક્ષા છે.આમ સ્વાધ્યાય છે જ. ખરેખર તો સંગમ શાલિભદ્રનું દૃષ્ટાંત તો જેને ભાવ નમસ્કાર કરીએ, તેના ગુણો આપણામાં આવી જાય, તેમાટે આદર્શ ગણી શકાય.

શાલિભદ્રને અદ્ભુત સમૃદ્ધિ મળી એ સુપાત્રદાનનો મહિમા. પણ એક તદ્દન નાના પ્રસંગથી આ સમગ્ર સામગ્રીનો ત્યાગ કરવાનો ને દીક્ષા પછી પણ ઉત્કૃષ્ટ તપવગેરે કરવામાં કારણભૂત બનેલો પ્રચંડ વૈરાગ કેવી રીતે પ્રાપ્ત થયો? એમ કહી શકાય કે સંગમે જે સાધુને અહોભાવપૂર્વક ગોચરી વહોરાવી, એ સાધુ મહાતપસ્વી અને પરમ વૈરાગી હશે. અહોભાવપૂર્વક ગોચરી વહોરાવીને પછી આનંદ સાથે અનુમોદનાઓ કરવી એ ખરેખર તો સાધુપ્રત્યેનો ઉત્કૃષ્ટ અહોભાવ છે. ને એ અહોભાવ જ ખરો ભાવનમસ્કાર છે. તેથી એ અહોભાવ-અનુમોદના દ્વારા એ સાધુને ભાવનમસ્કાર થયા. ને એ દ્વારા સંગમ અગમ્ય રીતે એમના તપ-ત્યાગ-વૈરાગ્ય ગુણોથી સંસ્કારરૂપે વાસિત થયા. જેથી શાલિભદ્રના ભવમાં આવા વૈરાગ્ય-ત્યાગ-તપથી તરબતર થયા.

ચલો મૂળ વાત પર આવીએ. વ્યાખ્યાન સાંભળવું તે વાચના. તેનું મનન કરતાં શંકા પડે તો પૃચ્છના. અથવા સાંભળેલું સમજાય નહી તો ફરી પૂછો - સાહેબ! આપે આ વાત કયા નયથી કરી? અહંકાર હોય તે વાચનામાં ય ન જાય. મને બધી ખબર છે. મારે શું કામ વ્યાખ્યાન સાંભળવું? દસમીનો છોકરો નવમીમાં જાય? ના. મારું સ્ટેન્ડર્ડ તો દસમીનું છે. હું તો ઉંચી ભૂમિકાને પામેલો છું. મહારાજ સાહેબનું વ્યાખ્યાન તો જનરલ પબ્લિકમાટે છે.

કદાચ બધા સાથે પહોંચી પણ જાય, પણ સાંભળે તેમાં સમજાય નહીં તો શંકા પૂછવા ન જાય. કારણ અહંકાર છે. પૃચ્છના એ શંકા નથી. જિજ્ઞાસા છે. – આપે કહ્યું તે મારી બુદ્ધિમાં બેસતું નથી. આપની વાત સમજાતી નથી. મારો ક્ષયોપશમ પહોંચતો નથી. મારો ઉપયોગ ન રહ્યો – પ્રમાદ થયો. મને ખબર ન પડી. ફરીથી કહેવા કૃપા કરશોજી. પણ અહંકાર હોય ત્યાં સુધી પૃચ્છના ન આવે.

ઇન્દ્રભૂતિને જીવ અંગે શંકા વર્ષોથી હતી. બીજા વિદ્વાન પંડિતો હાજર હોવા છતાં કોઇને ન પૂછ્યું. કેમ? જે પૂછે તે નાનો ગણાય. કહેનાર મોટો ગણાય. વાચનામાં આવવા અહંકાર તોડવો પડે. પણ પૃચ્છનામાં તો પૂરેપૂરો તોડવો પડે. ગૌતમસ્વામીને એક પ્રશ્ન પૂછતાં ૫૦ વર્ષ લાગ્યા. પણ જેવો અહંકાર તૂટ્યો પછી ૩૦ વર્ષમાં ૩૬૦૦૦ પ્રશ્નો પૂછ્યા. કેવો ગજબનો વિનયધર્મ !

પૂછવાનો અર્થ જ એ છે કે મને કાંઇ ખબર નથી. હું કાંઇ જાણતો નથી. આ પોતાના અજ્ઞાનતાની કબૂલાત છે. કેટલાક અમારી પરીક્ષા કરવા આવે. મહારાજ સાહેબ પાટ પર તો બેસી ગયા છે. પણ જાણે છે કે નહી? તે માટે પ્રશ્ન પૂછનારા ય આવે. એ અમને પૂછે – જીવના ૫૬૩ ભેદ કેવી રીતે થાય? જમણવારમાં તું, તારી પત્ની, દીકરો – પુત્રવધુ બધા થઇને ૫૬૩ થઇ જશો. (અલ્યા! તું તારું જીવસ્વરૂપ જાણે છે? આખા દિવસમાં કેટલીવાર યાદ કરે છે? ને તું સાધુની પરીક્ષા કરે છે? ) અહંકાર છે. એટલે પોતાનું અજ્ઞાન છુપાવી બીજાનું અજ્ઞાન પ્રગટ કરવાનો પ્રયત્ન કરે. અજ્ઞાનતાની કબુલાત એટલે અહંકારપર ઘા. ગૌતમસ્વામીએ પોતાના મોઢેથી સ્વીકાર ન કર્યો. પણ ભગવાનનું વચન હતું, માટે સ્વીકાર કર્યો. ભગવાને શંકાનું સમાધાન કર્યું ને ઇન્દ્રભૂતિ શરણે આવ્યા.

વાચના ને પૃચ્છનાથી મળેલું – વાંચેલું કે પૂછેલું ટકે ક્યારે? પરાવર્તનાથી. અઢાર દિવસ ઘણું ઘણું સાંભળ્યું. જેટલું લીધું તેમાંથી કેટલું રાખ્યું ને કેટલું કાઢ્યું? યાદ કેટલું રહ્યું? મેઝીકસ્લેટ પર લખો અને કાગળ ઉંચુ કરો તો બધું ભૂસાઇ જાય. તમે બધા મેઝીકસ્લેટ છો. હું લખું ને તમે જેવા ઊભા થાઓ બધું ભૂંસાઇ જાય. કાલે ફરીથી લખું. તમે મને ઘુંટાવો છો. મને પરાવર્તનાનો લાભ આપો છો! આપણે જરા પણ પરાવર્તના કરતાં નથી. જે દિવસે નવું સૂત્ર ગોખ્યું હોય તે દિવસમાં ૧૫-૨૦ વાર રટવું પડે. હાલતા – ચાલતા – બેસતાં સતત રટણ ચાલુ હોય. પાત્રા લુંછતા પણ રટણ જ રટણ.

જેમની પ્રચંડબુદ્ધિના વર્ણન થાય છે, તેવી બીજબુદ્ધિ – કોષ્ઠબુદ્ધિ – પદાનુસારીબુદ્ધિના ખા પણ જો પરાવર્તના ન થાય તો ચૌદપૂર્વ ભૂલી જાય. તો તમે લોગસ્સ ભૂલી જાવ તેમાં શું નવાઇ? ચૌદવર્ષ સુધી પાઠશાળામાં જાય. દસમીમાં આવે

પછી ન જવાય. તો ભૂલ્યો એ ભૂલ્યો. પછી તો સંવત્સરીનો કાઉસ્સગ્ગ પણ નવકારમાં કરે.

જ્યાં સુધી કેવળજ્ઞાન ન મળે, ત્યાં સુધી મુખ્ય સ્વાધ્યાય પરાવર્તના સતત કરવાની છે. વાચના મર્યાદિત છે.પૃચ્છના ક્યારેક હોય. અનુપ્રેક્ષા - ચિંતન ક્યારેક થાય. ધર્મકથા સામે શ્રોતા હોય તો થાય. બાકી પરાવર્તના કાયમ છે. એવું જડબેસલાખ બેસે કે અનુયોગદ્વારમાં કહ્યું છે કે - સૂત્ર કેવું ગોખે? સ્વનામવત્. આપણે નવકાર પણ ઉંધો બોલી શકતા નથી. પરાવર્તનાથી સૂત્ર એવું કંઠસ્થ થાય કે ઉપરથી નીચે બોલી શકીએ. નીચેથી ઉપર બોલી શકીએ.

જિનકલ્પીઓ પ્રાયઃ ૨૧ કલાક કાઉસ્સગ્ગમુદ્રામાં હોય. માત્ર ત્રીજો પ્રહર જ આહાર - વિહાર - નિહારમાં જાય. એમને ત્રીજો પ્રહર શરુ થયો કે ચોથો પ્રહર શરુ થયો એની ખબર પડે કેવી રીતે? રાત્રિનો પહેલો કે બીજો પ્રહર શરુ થયો. તે શી રીતે ખબર પડે? ઘડીયાળથી? ના. એમણે સ્વાધ્યાયને એવો આત્મસાત્ કર્યો છે કે સ્વાધ્યાય એમને સમય બતાવે. આટલો સ્વાધ્યાય એટલે પ્રથમ પ્રહર. આટલો સ્વાધ્યાય એટલે બીજો પ્રહર.

ઉત્તરાધ્યયન સૂત્રમાં વણિકમાંથી થયેલા ચાર સાધુનું વર્ણન કર્યું છે. ચારે સાધુ ગોચરી લેવા ગયા. જ્યાં ચોથો પ્રહર શરુ થયો, ત્યાં જ ચારે ય કાઉસ્સગ્ગ ધ્યાનમાં સ્થિર રહ્યા. એક ગામની બહાર. બીજા ગામમાં, ત્રીજા ગામના ચોકમાં. ચોથા ગામની અંદર ગલીમાં ઊભા રહ્યા. રાતની કડકડતી ઠંડીથી શીતપરિષહ સહન કરતાં ચારેય કાળધર્મ પામ્યા. ગામ બહાર ઊભેલા સાધુએ પહેલા કાળ કર્યો. આમ ક્રમશઃ કાળ પામ્યા. ચોથો પ્રહર શરુ થયો તે ખબર કેવી રીતે પડી? પરાવર્તનાને એવી સેટ કરેલી કે સમય ખબર પડે.

એમનો સૌથી વધુ સમય શેમાં જાય? પરાવર્તનામાં ને આપણો સૌથી ઓછો સમય શેમાં જાય? પરાવર્તના કરતાં જ નથી. સૂત્રની પરાવર્તના છે, તેમ અર્થની પણ પરાવર્તના કરવાની છે. આપણે તો કમ્પ્યુટર સીસ્ટમ કરી દીધું છે. ફીડ કર્યું. પછી સેવ કર્યું. પછી હાર્ડડીસ્કમાં આવે. પછી પુનરાવર્તન કરવું પડે? ના. જરુર પડ્યે બહાર આવી જાય.

પણ હું બોલું તે તમારા દિમાગમાં ફીડ થાય છે, પણ સેવ થવાને બદલે ડીલીટ થઇ જાય છે.

સાધુપદના એકાગ્ર જાપથી સાધુપદનું ગુપ્ત રહસ્યભૂત તત્ત્વ-સમક્રિય આપણામાં પ્રગટ થાય છે. **'સમક્રિય'** એટલે પોતાની સાથે બનનારી દરેક સારી-નરસી ઘટનામાં પોતાની ક્રિયા-પ્રતિક્રિયા સમાન જ રહે. 'બધું બરાબર જ થાય છે'. આ જ રીતે ઉપાધ્યાય પદના જાપથી જે તત્ત્વ મળે છે, તે છે **'સમભાવ'**. લાભ-નુકસાનની દરેક ઘટનાને સમાનભાવે જોવાની ક્ષમતા પ્રગટે છે. આચાર્યપદની જાપસાધનાથી **'સમરુચિ'** ઉદ્ભવે છે. 'અમુક ગમે- અમુક ન ગમે' એવો ભેદ અલોપ થાય છે. અરિહંતપદના ઉપાસકને એક એવી અલૌકિક શક્તિ મળે છે જે છે **'સમદૃષ્ટિ'** પુરુષ-સ્ત્રી, રાજા-રંક કશું નહીં, માત્ર સર્વશરીરગત - સમાન સ્વરૂપી આત્માનો જ બોધ, જેમાં નિગોદનો જીવ પણ નિર્વાણગત સિદ્ધ જેવો દેખાય. અને સિદ્ધપદના જાપથી **'સમદર્શન'** પ્રાપ્ત થાય છે... જગતના જડ-ચેતન તમામ ભાવોને કોઇ પણ પ્રતિભાવ વિના માત્ર સમાનતયા જોયા જ કરવાના!

નમસ્કાર નિર્યુક્તિમાં જણાવ્યું છે કે નમસ્કાર અનંતને કરવાના છે. અનંત અરિહંતાદિ. ભૂત - ભાવિ - વર્તમાનના ત્રૈકાલિક પરમેષ્ઠીને કરેલો નમસ્કાર અનંત પુણ્યનું કાર્ય કરે છે. એક તીર્થંકરને નમસ્કાર કરવાથી આટલો લાભ, તો અનંત તીર્થંકરને નમસ્કાર કરવાથી કેટલો લાભ થાય? અનંત લાભ થાય. માટે 'નમો' માં ક્રિયાપદ વપરાયું નથી. પણ નમસ્કાર એટલી જ વાત, કેમકે કરવાના છે ત્રૈકાલિક નમસ્કાર. અનંત અરિહંતને નમસ્કાર શા માટે? અનંત સિદ્ધને નમસ્કાર શા માટે?

ડીપાર્ટમેંટલ સ્ટૉરમાં ઘણી આઇટમ રાખેલી છે. A to Z, પીન ટુ પેન બધું જ છે. પણ તમારે શું લેવું છે? ખાલી મમરા !!! જગ્યા તો મોકાની છે, પણ તમારે શું કરવું છે? મમરાની દુકાન કે હીરાની દુકાન? તમારે શું મેળવવું છે? એક જ આશય છે, રૂપિયા કમાવવા છે. તેમ ભૂત-ભાવિ-વર્તમાનના તમામ તીર્થંકરને નમસ્કાર કરી શું મેળવવું છે? માર્ગદર્શકપણું અનંત સિદ્ધને નમસ્કાર કરી શું પ્રાપ્ત કરવાનું છે? અવિનાશીપણું... આચાર્યને નમન કરી આચારસંપન્નતા. ઉપાધ્યાયને વંદન કરી વિનયધર્મ અને સાધુને નમસ્કાર કરી સહાયકપણું મેળવવાનું છે.

એકને નમસ્કાર કરો કે અનંતને? શું ફરક પડે? એકને નમસ્કાર કરવામાં જે અહોભાવ છે, તેનાથી વધુ અહોભાવ અનંતને નમસ્કાર કરવાથી આવે. હીરાની એક વીંટી જોવાથી મળતા આનંદ કરતાં ઘણી વીંટી જોવામાં વધુ આનંદ આવે. આ તો તુચ્છ - નાશવંત વસ્તુ છે. માત્ર જીવને લોભાવનારી છે. તે જો આનંદનું કારણ બને, તો

જગતની સર્વશ્રેષ્ઠ વ્યક્તિઓ - અનંત પંચ પરમેષ્ઠીને કરેલો નમસ્કાર કેટલો આનંદદાયક બને ! અહોભાવ કેવો વધે ! એમ પણ કલ્પી શકાય, એક અરિહંત પાસેથી એમને કરેલા નમસ્કાર દ્વારા એક ગુણ - એક ગુણનો એક અંશ પણ જો પ્રાપ્ત થાય, તો અનંતાનંત અરિહંતને નમસ્કાર કર્યા - એટલે બધા તરફથી એ રીતે એક-એક એ અંશ મળવાથી પણ આપણે અનંત ગુણના ધણી - એક-એક ગુણના અનંત અંશના માલિક બની જઇએ.

વળી અનંતાનંત પાંચ પરમેષ્ઠી દેખાય, તો સહેજે મનમાં થાય કે આ બધામાં હું કેમ નહી? જેમ દુનિયામાં આડોશ-પાડોશ બધા પાસે આવી ગયેલી વસ્તુ પોતાની પાસે ન આવી હોય તો અફસોસ-વસવસો થાય કે હું કેમ બાકી રહી ગયો? બધા પાસે છે, મારી પાસે કેમ નહીં? તેમ અહીં અનંતાનંત પાસે તે-તે ગુણ દેખાય, તો મનને સહજ થાય કે હું કેમ બાકી રહી ગયો? મને કેમ આ ગુણ ન મળ્યો? હું તો આ ગુણ વિનાનો છું! આ થાય, તો આ જાતમાટે નેગેટીવ ભૂમિકા... પરમેષ્ઠીઓ એ ગુણથી પોઝીટીવ, વીજળીનું કનેક્શન થઇ ગયું. વિદ્યુત પ્રવાહ વહેવાનો શરુ! હવે તમને પણ લાઇટ - ઉજાસ-પ્રકાશ-ગુણપ્રાપ્તિ થવાની! બોલો એક એક નમસ્કાર કેવો મહાન! કેવો આનંદદાયક! કલ્યાણકર!

મહાવિદેહ ક્ષેત્રમાં પુંડરિકીણી નગરીમાં જઇએ તો એક સીમંધર સ્વામીને નમસ્કાર થાય. પણ અહીં બેઠાં બેઠાં કરેલા નમસ્કારથી અનંત તીર્થંકરને મળી શકાય છે. એક સિદ્ધને નમસ્કાર કરવાના આનંદ કરતાં અનંત સિદ્ધને નમસ્કાર કરવામાં અનંતગણો વધારે આનંદ છે. કારણ બધાની સિદ્ધ થવાની પદ્ધતિ અલગ અલગ છે. અરિહંત થવાની પદ્ધતિ અલગ અલગ છે. શ્રેણિક જેવા કોઇક એક સ્થાનક પદની આરાધનાથી તીર્થંકર થયા, તો પ્રભુ વીર જેવા ૨૦ સ્થાનક પદની આરાધનાથી, સંભવનાથ ભગવાને સાધર્મિકભક્તિ કરવાથી તીર્થંકર પદ મેળવ્યું. તો કોઇ ગુરુભક્તિથી અરિહંત થયા. એમને કરેલા નમસ્કારથી તે બધાના સુકૃતની અનુમોદનાનો લાભ મળે. જેમ અંબાણીના ધનની અનુમોદના કરો તો તે જે પાપ કરે તેમાં ભાગીદાર બનીએ. અમારો ગુજરાતી મુકેશ અંબાણી ટૉપ લીસ્ટમાં છે. આવી ફાલતુ અનુમોદના શું કરો છો? એ જે કાંઇપણ પાપ કરીને આગળ વધ્યા એનું ગૌરવ લો, એટલે એમના થયેલા પાપમાં આપણી પણ ભાગીદારી.

અમારા ભારતીય ક્રિકેટમાં સર્વોપરી છે. પણ એમાં તને શું મળ્યું? આમાંનું તારા ઘરમાં કંઇ આવવાનું છે? ના. તો આવા ફાલતુ પાપના પડીકા બાંધવાના બંધ કરો. એના કરતાં અરિહંતની અનુમોદના ન કરીએ? તેમાં સીધી કમાણી છે. અરિહંતે જે

તીર્થની સ્થાપના કરી અને બધાને તારવા જે પુરુષાર્થ કર્યો. તે તમામનો લાભ મળે 'શ્રી ઋષભદેવાય નમઃ' બોલો તો ૫૦ લાખ કરોડ સાગરોપમ વર્ષ પરમાત્માનું શાસન ચાલ્યું. તેમાં જે અસંખ્ય જીવો મોક્ષે ગયા. એમની સાધનાની અનુમોદનાનો લાભ મળે. પણ 'ફલાણા છોકરાને છોકરી સારી મળી.' આવા વખાણ કરવાથી તેની આખી પેઢીના પાપના ભાગીદાર બને. કઇ પસંદગી કરશું?

ઋષભદેવ ભગવાનને વંદનથી – અનુમોદનાથી ૫૦ લાખ કરોડ સાગરોપમ તીર્થ ચાલ્યું, તેની આરાધનાનો લાભ મળે. ઋષભદેવે પૂર્વના ત્રીજા ભવે તીર્થંકર બનવા જે તપ આરાધના – સાધના કરી. તેની અનુમોદનાનો પણ લાભ મળે. પણ દરેક તીર્થંકરની આરાધના સાધના જુદી જુદી છે. ઋષભ નામથી બધાની અનુમોદના ન થાય. તમામ તીર્થંકરોની તીર્થ સ્થાપ્યા પૂર્વેની આરાધના અને તીર્થ સ્થાપ્યા પછીની આરાધના અને તીર્થસ્થાપનાના સુકૃત, આ તમામનો લાભ એક સાથે જોઇએ છે, તો 'નમો અરિહંતાણં...'

પંચસૂત્રમાં આવે છે – 'અણુમોએમિ સવ્વેસિં અરિહંતાણં અણુટ્ઠાણં' – ઉપરોક્ત ત્રણ પ્રકારના અનુષ્ઠાનોની અનુમોદના થાય છે. પરમાત્માએ પૂર્વના ત્રીજા ભવમાં કરુણાભાવની સાથે વિરક્તિથી જે સાધના કરી, ત્યાર પછી દેવલોકમાં ઔદાસીન્યભાવ. પછી તીર્થંકરના ભવમાં પાંચ કલ્યાણક – વૈરાગ્ય ભાવનાથી પુનઃ સાધના કરી કેવળજ્ઞાનની પ્રાપ્તિ અને તીર્થસ્થાપના. આ તીર્થનું આલંબન લઇને તરેલા અનેક જીવોની અનુમોદનાનો લાભ થાય. આમ અનંતા તીર્થંકર ભગવંતોની અનંતી કરૂણા, તીર્થસ્થાપના, અને તેનાથી અનંતા તર્યા. તે બધાની અનુમોદનાનું એક જ પેકેજ – 'નમો અરિહંતાણં'. આ એવું પેકેજ છે કે એક વસ્તુ ખરીદો એના પર આખી દુકાન ફ્રી. બોલો આમાં કંજૂસાઇ કેમ કરવી? એક પદમાં આટલું બધું મળતું હોય છતાં તેમાં કંટાળો આવે, ફાલતુ વિચાર આવે, તો આપણા જેવા મૂરખ કોણ?

'નમો સિદ્ધાણં...' કેટલાકે સીધી સરળ સાધના કરી, તો કેટલાકે અઘરી સાધના કરી. ભરતને અરિસાભવનમાં તો ગજસુકુમાલને સ્મશાનમાં, મરુદેવા માતાને ઋષભને જોતાં તો મેતારજને માથે વાધર સહન કરતાં કેવળજ્ઞાન થયું. તેમણે જે સહન કર્યું, સમતા સાધી, તેની અનુમોદના. અનંતકાળ જે અનંત જ્ઞાનાદિમાં રહ્યા છે, અનંતકાળ હવે કોઇ પણ જીવને તકલીફ આપવાના નથી. અનંત આનંદમાં જે રમમાણ છે. અનંતકાળ માટે અનંતા જીવોના અનંત પર્યાયોને જે જુએ છે. તેમના મોક્ષે જવાથી એક ભવ્યાત્મા નિગોદમાંથી બહાર નીકળ્યો. તે સાધના કરી મોક્ષે ગયો ને ફરી એક જીવ બહાર નીકળ્યો. ચાલુ કરેલી આ સરસ ચેનલ. અનંતકાળ પહેલા મોક્ષે ગયેલા એક

૪૮) શુભચિંતન નો પ્રભાવ એટલો જબરદસ્ત છે કે આપત્તિ-દુઃખ-કષ્ટના પ્રસંગે પણ મનમાં અતિ ઉમદા ભાવના જાગે છે. - *પરમાત્મ ભક્તિના રહસ્ય*



પં.વિમલબોધિ વિ.મ.સા.ની
ઉતરતી ૯૯-૯૮ ઓળી નિમિત્તે
વિનોદભાઇ મેઘજી દોઢીયા - મુલુંડ (વે)

૪૯) અર્હત્ દર્શન – વંદન – પૂજન દ્વારા થતી મહાન સુકૃત કમાઈ માટે આપણને આલંબન આપીને પ્રભુ જે ઉપકાર કરે છે. તેને સમજતાં નથી, એટલે જ બોર્ડ ઉપર લખવાનું મન થાય છે કે 'ફલાણાભાઇ તરફથી પ્રભુની આંગી છે'

– *પરમાત્મ ભક્તિના રહસ્ય*



શાહ એન્ડ પારેખ પરિવાર
ઘાટકોપર (પૂર્વ)

૫૦) માનવ જન્મમાં જો કોઈ મહાન કમાઈ હોય તો તે
સુસંસ્કારોની કમાઈ છે, જેના કારણે ભવિષ્યમાં
સદ્ગુણો – સદ્બુદ્ધિ – સદ્વિચાર અને
ધર્મભાવના સુલભ બને છે. – પરમાત્મ ભક્તિના રહસ્ય



શાહ એન્ડ પારેખ પરિવાર
ઘાટકોપર (પૂર્વ)

૫૧) આપણે સ્વયં તો રાગ-દ્વેષથી બચવાનું છે જ.
પણ આપણા વચન-વર્ત્તન નિમિત્તે બીજાને
રાગ-દ્વેષ ન થાય તેનું પણ ખાસ ધ્યાન
રાખવાનું છે. - નવપદ પ્રકાશ, ઉપાધ્યાય પદ



માતુશ્રી કાંતાબેન વસંતરાય દોશી,
ચિ. હિમાંશુ તથા અ.સૌ.કિરણના સિદ્ધિતપ નિમિત્તે

પર) જીવન માત્ર અંગત નથી, સામુહિક પણ છે. હવે જ્યારે સમુહમાં રહેવાનું જ છે તો સમુહમાં સ્વસ્થ કેવી રીતે રહેવું તે જ વિચારવાનું છે. – નવપદ પ્રકાશ, ઉપાધ્યાય પદ



શાહ એન્ડ પારેખ પરિવાર
ઘાટકોપર (પૂર્વ)

૫૩) અનંત પુણ્યના દામ ચૂકવીને મળેલા માનવજીવનની
પ્રત્યેકક્ષણનો ઉપયોગ પણ એટલો જ ઊંચો હોવો જોઈએ.

– ગુરુદેવના પત્રો



શાહ એન્ડ પારેખ પરિવાર
ઘાટકોપર (પૂર્વ)

૫૪) દુનિયામાં નામ કાઢવાની કિંમત કરતાં માનવતા વિકસાવવાની કિંમત લાખો ગણી છે. – ગુરુદેવના પત્રો



એક ગુરુભક્ત

૫૫) જો સજજન બનવું હોય તો પોતાને જેમાં સંદેહ નથી, એવું પરિમિત, સારયુક્ત, આત્મહિતકર બોલવું –

*યોગદષ્ટિના વ્યાખ્યાનો*



એક ગુરુભક્ત

૫૬) જેના હૃદયમાં દેવ-ગુરુ પ્રત્યે અત્યંત બહુમાન ભાવ હોય તે વ્યક્તિ દરેક વાતમાં દેવ-ગુરુને આગળ કરે, કાર્યારંભે તેમની કૃપાની યાચના કરે અને કાર્ય પૂર્ણ થયે તેમની કૃપાનો ચમત્કાર માની આભાર વ્યક્ત કરે - *ગુરુદેવના પત્રો*



એક ગુરુભક્ત

૫૭) જીવમાત્ર સાથે ભેદભાવ વિના સારો વ્યવહાર, બધાને આવકાર, કોઈનો તિરસ્કાર નહીં, આવા વિશુદ્ધ આચારથી ધર્મી સર્વપ્રિય બને છે. – *ગુરુદેવના પત્રો*



એક ગુરુભક્ત

૫૮) ખરેખર વીતરાગ ભગવાનને આપણા પ્રિયતમ બનાવીએ તો મનને એનું આકર્ષણ, એનો પ્રેમ એવો બન્યો રહે છે કે મન ભગવાનમાં જ ઠરે છે. બીજા દેવ–દેવી કે વિષયોની મજાલ નથી કે તે આપણા મનને આકર્ષી શકે, ઠારી શકે.

–ઋષભ જિનેશ્વર પ્રીતમ માહરો



એક ગુરુભક્ત

પ૯) ભગવાનના જ્ઞાનમાં આપણી યોગ્યતા દેખાય એ જ ભગવાન રીઝયા કહેવાય, એ યોગ્યતા ભગવાનનાં દર્શન–વંદન–પૂજન –સત્કાર–સન્માન વગેરેથી આવે. – ઋષભ જિનેશ્વર પ્રીતમ માહરો




માતુશ્રી હીનાબેન હસમુખભાઇ પારેખ
હસ્તે : સોનલબેન પરાગભાઇ પારેખ
૨/૭, મહેશ્વર નગર, તિલક રોડ, ઘાટકોપર (ઇ)

૬૦) પોતાનું કોઈ આગવું વ્યક્તિત્વ જ નહીં, રૂચિ-ઈચ્છા-મન-સ્વભાવ વગેરે પોતાનું કશું નહીં, બધું જ ભગવાનનું, જ્યારે ભગવાન પ્રત્યેની એવી લગન આવી જાય, ત્યારે માનવાનું કે ભગવાન આપણી પોતાની લાયકાતથી રીઝી ગયાં. ભગવાનને આપણે પ્રીતમ કર્યાં.

– ઋષભ જિનેશ્વર પ્રીતમ માહરો



શ્રી મનહરભાઇ દેવજીભાઇ સંગોઇ
શ્રી વિનોદરાય નંદલાલ મહેતા

૬૧) અવસરે ગુસ્સો – અભિમાન આદિ કર્યા ઉપર શાબાશી લેવાય તો પછી ગુણો મેળવવાનું તો દૂર છે. પરંતુ આત્મ ગુણોને ગમતાં રાખવાનું ને ગુણો પર મમતા રાખવાનું ય મુશ્કેલ દેખાય છે.

– ઋષભ જિનેશ્વર પ્રીતમ માહરો



પૂજ્ય મુનિરાજશ્રી મંત્રશેખરવિજયજી મ.સા. તથા
પૂજ્ય સાધ્વીજી અરિહંતપ્રભાશ્રીજી મ.સા.ની પ્રેરણાથી
શ્રીમતી તુલસીબેન હસ્તીમલજી જીરાવલા પરિવાર – પુના

૬૨) કર્મ તો ભોગવાઈને છુટકારો પામી જાય, પણ 'અનુબંધ' સારી નરસી બુદ્ધિ ઉભી કરીને કર્મની પરંપરા ચલાવે, એટલે મહત્ત્વ કર્મનું જેટલું નથી એટલું અનુબંધનું છે.

– સંભવ જિનવર વિનંતી



પૂજ્ય મુનિરાજશ્રી મંત્રશેખર વિજયજી મ.સા. તથા
પૂજ્ય સાધ્વીશ્રી કારુણ્ય-ભવ્ય-અર્હંપ્રભાશ્રીજી મ.સા.ની
પ્રેરણાથી સ્વ.ભુરમલ રામલાલજી લુક્કડ પરિવાર – પુના

૬૩) પરિશીલન એટલે જે કાંઇ તત્ત્વ સાંભળ્યું – ચિંતવ્યું એને વાગોળવું, એના પર જિજ્ઞાસા કરવી, એને મન–વિચાર–સ્વભાવમાં ઉતારવું અને જીવનમાં વણી લેવું.

– સંભવ જિનવર વિનંતી



પૂજ્ય મુનિરાજશ્રી મંત્રશેખરવિજયજી મ.સા. તથા
પૂજ્ય સાધ્વીજીશ્રી મૃદુપ્રભાશ્રીજી – સમ્યક્પ્રભાશ્રીજી – શાસનપ્રભાશ્રીજી મ. ની
પ્રેરણાથી શા. જેઠમલજી રામલાલજી લુક્કડ પરિવાર – પુના

સિદ્ધની પાછળ આ રીતે નિગોદથી નિર્વાણ તરફ જઇ રહેલા ભવ્યાત્માઓની એ... લાંબી શ્રેણિ દેખાય.... એ તમામની અનુમોદનાનો લાભ મળે.

આવી ભાવના આવે ને નવકાર ગણીએ તો કેવી મજા આવે? ૧૦૮ ન ગણાય તો ચાલશે. માત્ર બાર ગણાય તો પણ કેટલી કમાણી! કેળાની કેટલી લારી ચલાવો તો હીરાનો ધંધો થાય? ઘણાં ઘણાં નવકાર ગણવાથી સંસ્કાર વધુ પડે. પણ ભાવપૂર્વક કરેલો એક પણ નમસ્કાર - 'ઇક્કો વિ નમુક્કારો' મોક્ષ અપાવી શકે. તો અનંતા તીર્થંકરોને અનંતીવાર કરેલા નમસ્કાર શું ન કરાવે?

'નમો આયરિયાણં...' પાંચ આચારો જેમણે આત્મસાત્ કર્યા છે, એવા અનંતા આચાર્યોએ જુદી જુદી આરાધના કરી. તેનો લાભ મળે. પૂ. શ્રી હરિભદ્રસૂરિજીએ ૧૪૪૪ગ્રંથની રચના કરી. પૂ. શ્રી હેમચંદ્રાચાર્યે સાડા ત્રણ કરોડ નવા શ્લોકની રચના કરી. પૂ. શ્રી બપ્પભટ્ટીસૂરિને સરસ્વતી દેવી પ્રસન્ન હતી. પૂ. શ્રી દુર્બલિકા પુષ્પમિત્ર રોજ સ્વધ્યાય કરવા દ્વારા ઘીને પચાવી જતા. જે જ્ઞાનાચાર, દર્શનાચાર, ચારિત્રાચારાદિ પાળ્યા. સાવ અધમને પરમાત્મા બનાવ્યા. જૈનશાસનના દક્ષ વ્યાપારી આચાર્ય ભગવંતોએ પ્રવચનદ્વારા પત્થરને પારસ, કથીરને કંચન બનાવ્યા.

ઋષભદેવે એક લાખ પૂર્વ સુધી પોતે શાસન ચલાવ્યું. ત્યાર પછી ૫૦ લાખ કરોડ સાગરોપમ દીર્ઘકાળ શાસન કેવી રીતે ચાલ્યું? થેંક્સ ટુ આચાર્ય ભગવંત. આચાર્ય ભગવંતની આરાધના સાથે એમનાથી પામેલા દરેક જીવની આરાધનાનો લાભ મળે.

જેમ દુનિયામાં હાલ એવી સીસ્ટમ ચાલે છે કે એક માણસના હાથ નીચે બે માણસ હોય. તે બંનેના હાથ નીચે ફરી બે-બે માણસો હોય. આમ ૨૫ જણા હોય તો તેમાં સૌથી નીચેનો જે કમાય, તેમાંથી બધાને કમીશન મળે. બે રૂપિયાની વસ્તુ દસ રૂપિયામાં વેંચે: તેમાં આઠ રૂપિયા નફો થાય તેમાંથી બધાને વહેંચણી થાય. આચાર્ય ભગવંતે બેને પમાડ્યા. તેણે બેને પમાડ્યા. એમ પરંપરા ચાલે. તે બધાની આરાધનાની અનુમોદના 'નમો આયરિયાણં' થી થાય.

સીતા અને સીતોદાને ૧૪૦૦૦ નદીઓ મળે છે. પાછી એની પેટા નદીઓ પણ હોય. તેમ હે આચાર્યો ! આપના પંચાચાર પ્રવચનો દ્વારા જે આરાધનાની પરંપરા ચાલી એ બધી પેટા નદીઓ સમાન... 'નમો આયરિયાણં'થી આચાર્યને કરેલા નમસ્કારરૂપ મહાનદીમાં આ બધી નદીઓ મળી જાય. તેની અનુમોદના કરીએ છીએ. 'નમો આયરિયાણં' બોલતાં આ રીતે કલ્પના કરો. વધુ નહી બાર જ નવકાર ગણો. એક નવકાર ગણતાં અડધો કલાક લાગવો જોઇએ. એ જ રીતે સૂત્રસિદ્ધાંત પ્રરૂપક, વાચનાચાર્ય ઉપાધ્યાયજી સાધુઓને ગ્રહણ-આસેવન શિક્ષાથી સાધુ તરીકે તૈયાર-

સ્થિર, આરાધક-પ્રભાવક બનાવે છે. ઉપાધ્યાય ભગવંતોની તમામ આરાધના-એમના દ્વારા તૈયાર થયેલા સાધુઓ જે આરાધના-પ્રભાવનાદિ કરશે. એ બધાનો લાભ એક જ વારમાં મળી જાય, નમો ઉવજ્ઝાયાણં!

સાધુ એટલે જગતમાં ટૉપમોસ્ટ. વર્તમાનમાં વીસ વિહરમાન તીર્થંકરના બે હજાર કરોડ સાધુઓ છે. આ તો ૧૬૦ માંથી ૨૦ વિજયની વાત કરી. ૧૪૦ વિજયમાં પણ જે સાધુઓ છે, તે દરેકની સાધના - આરાધના જુદી જુદી હોય. દુનિયામાં કહેવાય છે કે દરેકના અંગૂઠાની છાપ સરખી નથી હોતી. તેમ દરેકની આરાધનાના અધ્યવસાય સ્થાનો એક સરખા નથી હોતા. રસ્તો અલગ એટલે ભાવો અલગ. તે બધાના સહન - સમતા - ક્ષમા - પાંચ મહાવ્રત - ૨૫ ભાવના - અષ્ટ પ્રવચનમાતાનું પાલન - ૧૪૦ ચરણ - કરણ સિત્તરી, ૧૮૦૦૦ શીલાંગનો ભાર, ૨૭ ગુણોમાં મગ્ન, તે તમામની આરાધનાનો લાભ એટલે એક જ સ્ટ્રૉક 'નમો લોએ સવ્વ સાહૂણં'...

સવ્વ સાહૂણં'માં સર્વ છે સાધુ = પવિત્ર જેમનું એમને નમસ્કાર એવો અર્થ કરીએ, તો તાત્પર્ય મળે કે જેમના મન-વચન-કાયા, જેમની પ્રત્યેક પળ, દરેક ક્રિયા, બધી જ પ્રવૃત્તિ-નિવૃત્તિ પવિત્ર છે, સ્વ-પર હિતકર છે, તે સાધુઓને નમસ્કાર, આમ અનંતા સાધુ જે જે આરાધના કરે, તે બધાની અનુમોદનાનો લાભ મળે. બે-પાંચ સાધુની પણ ભૂતકાળની આરાધના જાણો. માથુ ઝૂકી જશે. પાછો આ લાભ મફતમાં. દુનિયામાં કોઇ વસ્તુ મફતમાં મળતી નથી. આમ તો અમે ઘણાં ફાલતુ વિચાર - ગમતા વિચાર છોડી, માથાની કઢી કરી આવા સારા ચિંતન કરીએ તો અમને કાંઇ લાડવો તો મળવો જોઇએ ને? હા. એટલે જ આ પાંચ હેતુ તમને આપ્યા! નમસ્કાર આ રીતે કરો એટલે એમની વિશિષ્ટતાની તમારા આત્મામાં ફ્રી ડીલીવરી થઇ જવાની.

**તપાચાર - અભ્યંતર તપ - સ્વાધ્યાય**

સાધુને સતત જો પ્રસન્નતા રહેતી હોય તો તેનું કારણ છે સ્વાધ્યાય. ટી.વી. વગર, મોબાઇલ, એ.સી. વગર, મનભાવન રસોઇ, સુંદર ટીપટૉપ કપડા, કોઇની પ્રશંસા વગર સાધુને પ્રસન્નતા શાની? તમને તો કપડા ટીપટૉપ જોઇએ. ચાર લોકો તમને જુએ તો ખુશ ખુશ. બહેનો દાગીના પહેરીને નીકળે તો જાણે જ્વેલરી શો રૂમનું મૉડેલ, ને બીજી સ્ત્રીઓ પણ તેને તાકી તાકીને જુએ. તેનો આનંદ થાય.

એક બેનને કારની ટક્કર લાગી. પોલીસે આવીને પૂછપરછ કરી - તમે કારનો નંબર જોયો? પેલી બેન - ના. પણ અંદર ચલાવનાર બેન હતા. તેણે ગુલાબી સાડી ને ગુલાબી ચાંદલો કર્યો હતો. અને ગળામાં ડુપ્લીકેટ ગુલાબી હીરાનો નેકલેસ પહેર્યો હતો.

એમાં એ ચિબાવલી સાવ ખરાબ લાગતી હતી. આ બેનને કારનો નંબર ન દેખાયો, પણ આ બધું દેખાયું. એને અકસ્માત કરતાં પેલીની સાડી વગેરેમાં વધુ રસ હતો.

ધંધામાં સફળ થાય, કોઇક ઘરાક આવ્યો ને તેને હોંશિયારીથી પટાવીને માલ વેંચ્યો, તો તેના ગલગલિયા થાય, પરીક્ષામાં ૯૦% રિજલ્ટ આવ્યું. ચાર માણસ વચ્ચે પ્રશંસા થાય ને ગલગલિયા થાય. માણસને પ્રસન્ન થવા માટે આવા ઢગલાબંધ કારણો છે. રૂપિયા – સફળતા માણસને પ્રસન્ન કરે છે.

એક ઉચ્ચકોટિનો સાધક મહાત્મા, જેને કોઇની સાથે ઓળખાણ નથી. ખૂણામાં બેઠા છે. કોઇ વિશિષ્ટ પ્રતિભા નથી. રૂપાદિ કોઇ આકર્ષણ નથી. વિશેષ પ્રવચનશક્તિ નથી. પ્રતિષ્ઠા આદિ શાસનપ્રભાવનાની કોઇ આવડત નથી. છતાં મસ્ત રહે. what is the reason behind it? ગલગલિયા અનુભવવાનું એકે કારણ નથી. છતાં evergreen - સદા લીલોછમ રહે. તેની પાછળનું રહસ્ય શું? વ્યાખ્યાન નથી આપતા, સ્વર નથી, સાધનામાં મસ્ત છે. છતાં પ્રસન્નતા શાની? તપાસ કરો.

એક પણ દુન્યવી સાધન વગર સાધુની પ્રસન્નતાનું રહસ્ય શું? બાહ્ય બધું વિપરીત હોય, ગુરુ ખખડાવે, સહવર્તી ઠપકારે, ગોચરી ન મળે, અનુકૂળ ન મળે, છતાં પ્રસન્ન. કારણ શું છે? તમારે ખુશ રહેવા – રાજી રહેવા કેટકેટલા નાટક કરવા પડે, કેટ-કેટલા સાધનો જોઇએ. કેટકેટલાની અપેક્ષા રાખવી પડે. એવું ક્યારેય નથી લાગતું કે આ મહાત્માઓ દુઃખી છે. સંસારના ભોગ ભોગવ્યા વગર દુઃખી છે. ના. તો ચોવીસે કલાક આનંદિત કેમ? શું ચાવી છે?

ચાવી છે પ્રભુવચનોનું શ્રવણ – કથન – વાંચન – ગુણન. આ આનંદ એટલો ભરપૂર છે!! શેરડીને વારંવાર ઘાણીમાં પીલો, રસ નીકળે. અંતે રસ વિનાની બને. પણ પ્રભુવચનો તો જેટલીવાર ઘૂંટો – સ્વાધ્યાય કરો – એટલીવાર નવો નવો રસ પ્રાપ્ત થાય. એકનો એક ગ્રંથ એકવાર વાંચ્યો આનંદ. એ જ ગ્રંથ ફરી વાંચ્યો – વધુ આનંદ. ત્રીજીવાર વાંચ્યો. વધુ આનંદ. ભણવાનો આનંદ, ગુરુ મહારાજને પૂછવાનો આનંદ, તેનું રટણ – ગુણન કરવાનો આનંદ, ચિંતન – અનુપ્રેક્ષા કરવાનો આનંદ, સારતત્ત્વ પ્રાપ્ત થયું. ગમતાનો કરીએ ગુલાલ. તેથી બીજાને પણ કહેવું. તે કથન – ધર્મકથાનો આનંદ. સ્વાધ્યાયનો જે આનંદ છે તે કલ્પનાતીત – કલ્પનામાં ન બેસે તેવો આનંદ છે.

વર્તમાનમાં સંસારીઓમાં સૌથી વધુ સુખી કોણ? અનુત્તરવાસી દેવ. કેમ? સતત પરમાત્માના વચનોનું અનુપ્રેક્ષણ – ચિંતન ચાલુ છે. દુનિયાના ભોગોની એકે પ્રવૃત્તિ નથી. છતાં વિશિષ્ટ આનંદ છે. જેને સ્વાધ્યાયનો આનંદ ઊભો થાય, તેને એના જેવો એકે આનંદ બીજા કશામાં દેખાતો નથી. અને જેને સ્વાધ્યાયનો આનંદ નથી, તેને

ચોપડી હાથમાં લે ને ઉંઘ આવે.

જીંદગીમાં શાંતિ – સમાધિ – સ્વસ્થતા મેળવવી છે. બિમારી વખતે સમતા રાખવી છે. તો સ્વાધ્યાયનો ખજાનો હોવો જ જોઇએ. જીવનમાં પુણ્ય – પાપ, હેય – ઉપાદેયનો વિવેક સ્વાધ્યાયથી જ મળે છે. જ્ઞાન દીવો છે. સારાસારનો પ્રકાશ આપે છે. જ્ઞાન સહિતની આરાધનાથી સર્વઆરાધક બનાય છે. જ્ઞાન સહિતની સાધના સૂર્યપ્રકાશ જેવી છે. સંયમ–વિરતિનું કારણ જ્ઞાન છે.

પરમાત્માનો આપણા પર જબરદસ્ત કોટિનો ઉપકાર છે કે પાપની ઓળખાણ આપી અને તેનો દંડ બતાવ્યો. અનંત કાળથી આપણને ઓળખાણ હતી જ નહી. માટે આપણી એક જ કથા હતી. પાપ કરતા ગયા ને દંડ ભોગવતા જ રહ્યા. એકવાર પાપને વારંવાર દંડ દંડ દંડ... કારણ પાપની ઓળખાણ નહોતી. પાપ જરૂરી – આવશ્યક લાગતું હતું. પાપનું આકર્ષણ હતું. હવે પ્રભુએ ઓળખાણ આપી. આ પાપ છે. તેનાથી દુ:ખી જ થઇશ. Now your Choice - પાપ પકડવું કે છોડવું? ભગવાનનો આ અનહદ અનુગ્રહ છે. ભગવાનની કરુણા અંગે બોલવું જુદી વાત છે. એને અનુભવવી હોય તો સ્વાધ્યાય જ જરૂરી છે.

આપણે અત્યાર સુધી બીજાની સમૃદ્ધિ જોઇ ઈર્ષ્યાથી બળતા રહ્યા. પ્રભુએ કરુણા વરસાવી. આપણને બોધ આપ્યો. આમ ઈર્ષ્યા કરવાથી તારો દા'ડો નહીં વળે. ઉલ્ટું દુર્ધ્યાનથી ભવાંતર બગાડીશ. આના કરતાં તું મેં કહેલા તપ–જપ–દાન–શીલ આદિ અનુષ્ઠાન કર... મનમાં કશી અપેક્ષા રાખ નહીં. કોઇનું બુરું થાય એવી લાગણી પણ રાખ નહીં. પછી જો ચમત્કાર... માત્ર આ ભવ નહીં. પૂરી ભવપરંપરામાં તું સુખી થઇશ. ને છેવટે કાયમના સુખના અનંત સ્થાને પહોંચી જઇશ. અહો! પ્રભુની કેવી કરુણા!

દુનિયામાં પરમાત્માના શાસન સિવાય પાપનો આટલો સ્પષ્ટબોધ બીજે ક્યાંય નહી મળે. આ જ પ્રભુની અનંતકરુણા. બાકી એમને શું લાગે વળગે? દુનિયા કહે છે કે ભુંડા ન બનવું. બીજાની હા માં હા કરવી. કોઇ લગ્નમાં રાતે આઇસ્ક્રિમ રાખે. આપણે શું? કોઇના પાપને પાપ તરીકે ઓળખાવવાની આપણી હિંમત નથી. તે હિંમત ભગવાને કરી. પાપની ઓળખાણ કરાવી. ગ્રંથો ભણીએ – પરિશીલન કરીએ તો ખબર પડે કે ભગવાનની શી કરુણા છે? અરિહંતના સ્વરૂપની, અરિહંતના ઉપકારોની ઓળખાણ શાસ્ત્રો વિના, જિનવચન વિના કેવી રીતે મળે?

ઘણાંને પૂજામાં રસ છે પણ પ્રવચનમાં નથી. એવા ટાઇમે પૂજા ગોઠવે કે પ્રવચન પણ એ જ સમયે હોય. જો પ્રવચન પર અનન્યભક્તિ હોય તો મારો એકપણ

દિવસ ભગવાનની વાણી વગર કેમ જાય? જે દિવસે કાન તરસ્યા રહે તે દિવસે ઉપવાસ. ભગવાનના દર્શન-પૂજા ન થાય તો મોંમાં પાણી નહીં નાંખનારા ઘણાં છે. તો ભગવાનના વચન શ્રવણ નહીં થાય તો મોંમાં પાણી નહીં નાંખવું. એ નિયમ લો. કાં વચનશ્રવણ નહીં થાય તો કાનમાં બીજા શબ્દ નાંખવા નહી. એવું થાય ખરું કે શ્રવણનો યોગ નથી તો પુસ્તક લઇ સૂત્ર ગોખું. ? ગોખેલા સૂત્ર પ્રતિક્રમણમાં તો કામમાં લાગશે જ. નવકારમાં કદાચ મન ન ચોંટે તો સૂત્રોમાં મન સ્થિર થઇ શકે છે. જ્યારે મન વિહ્વળ હશે, ત્યારે સ્થિર કરવા સમાધિ લાવવા સૂત્રખજાનો જ કામ લાગશે. અહોભાવ-શ્રદ્ધાપૂર્વકનો સ્વાધ્યાય પણ નમસ્કારરૂપ જ છે. અરિહંત-ગણધરો-સૂત્રરચયિતા પૂર્વર્ષિવગેરેએ જે ગ્રંથ-સૂત્ર-અર્થ રચ્યા, તે ભાવપૂર્વક સાંભળવા-વાંચવા, એ ખરેખર તો એ પરમેષ્ઠી ભગવંતોને ભાવ નમસ્કારરૂપ જ છે. તેથી તો કહ્યું છે કે પ્રભુના વચન મુજબ ચારિત્રપાલન એ પ્રભુની ભાવપૂજા છે.

કહ્યું જ છે કે પરાવર્તનાદિ સ્વાધ્યાયથી સૂત્રાર્થ આત્મામાં પરિણમે છે. અહીં પણ પરિ+ નમ ધાતુથી શબ્દ બન્યો છે. પરિણામ-પરિણમન એનો અર્થ એમ ન કરી શકીએ કે પરિતઃ આત્માના ચારે બાજુના પ્રદેશોથી એટલે કે સર્વાત્મપ્રદેશોથી ભાવથી સૂત્રાર્થદાતા પરમેષ્ઠીઓને કરાયેલા ભાવ નમસ્કાર-વંદન બરાબર સૂત્રાર્થનું પરિણમન?

તેથી જ કહીએ છીએ, બીજું ન સૂઝે તો છેવટે પુનરાવર્તન કરો. બસની લાઇનમાં ઊભા રહી ડાફોળિયા મારો છો. તેના કરતાં સ્વાધ્યાય કરો. સ્ટેશનપર પહોંચ્યા ને જાહેરાત થાય 'આગે સે આનેવાલી ટ્રેન આધા ઘંટા લેટ હૈ' પછી અડધો કલાક શું કરવાનું? ફીલ્ડીંગ ભરવાની? કેન્ટીન, ગપ્પા, ચર્ચા, છાપા વાંચવામાં ટાઇમ પાસ કરો એના કરતાં સ્વાધ્યાયનું મન ન થાય? તમે બહુ ડાહ્યા છો. તમે પૂછશો-સાહેબ! મેલા કપડાથી સ્વાધ્યાય થાય? પણ તું ચોક્ખા કપડામાં પણ ક્યારે કરે છે? મનમાં તો થાય ને? પણ સ્વાધ્યાયની ટેવ જ પાડી નથી. છેવટે નવકાર તો ગણી શકાય ને?

પ્રભુની અનંત કરુણાને સમજવી હોય, માણવી હોય, સક્રિય અનુભવ કરવો હોય, તો સ્વાધ્યાય વિના ન ચાલે. તે જિનકલ્પીને પણ કંપલસરી છે. ને પરમશાસનપ્રભાવક ૧૪ પૂર્વીને પણ જરૂરી છે. ચંચળ બાળકની જેમ દોડતા મનને, ઉંધા ચત્તા ફાલતુ વિચાર કરતા મનને કાબૂમાં લેવાનો એકમાત્ર ઉપાય છે, સ્વાધ્યાય. 'રજની વાસર વસતિ ઉજ્જડ, ગયણ પાયાલે જાય...' સાઇબિરીયાના રણમાંથી મોસ્કો જતી રશિયાની ટ્રેન દોડ્યા જ કરે તો પણ દસમાં દિવસે પહોંચે છે, જ્યારે મન તો દોડતું દોડતું એક જ ક્ષણમાં ક્યાંને ક્યાં પહોંચી જાય છે.એને દોડતું અટકાવનારી સુંદર

બ્રેક એટલે સ્વાધ્યાય.

## પોષ સુદ - ૧૧

શા માટે નમસ્કાર કરવાનો? નમસ્કારને અલગ અલગ રીતે સમજવાથી તેના ધ્યાનમાં ચિત્ત ચોંટે છે. જેમને નમસ્કાર કરવાનો છે, તેમના ગુણો - ઉપકાર - પ્રભાવ દેખાય તો તેમાં એકાગ્ર બની જવાય. આપણને ગુણો - ઉપકાર - પ્રભાવ દેખાતા નથી. માટે ૧૦૮ નવકાર ગણીએ છીએ છતાં કોઇ અનુભૂતિ થતી નથી. આખી ગંગા ઉતરીએ પણ પગ પણ ભીનો ન થાય. પૂર્વના મહાપુરુષોએ પોતાના શ્રુતજ્ઞાનના બળ પર - ગુરુપરંપરાથી મળેલી વાચનાના બળે - શાસ્ત્રવચનોના આધારે વાતો કરી છે. માટે તે ઉપાદેય - ગ્રાહ્ય છે.

આ પાંચ પરમેષ્ઠી જ વંદનીય કેમ? જગતમાં પંચ પરમેષ્ઠી જ પરમાર્થમય છે. પરમાર્થની પરાકાષ્ઠા છે. એમના સિવાય શ્રેષ્ઠ પરમાર્થ કોઇ કરતા નથી. ચક્રવર્તી પોતાના પૂરા રાજ્યમાં દેરાસરો બંધાવે, ઉપાશ્રયો બનાવે, સુપાત્રદાન, સાધર્મિક ભક્તિ, અનુકંપાદાનાદિ કરે. બીજા પણ ધર્મના ઘણાં ઘણાં કાર્યો કરે અને બીજી બાજુ દીક્ષા લે. તો વધુ પરમાર્થનું કાર્ય કર્યું? દીક્ષાનું. કેમ? દીક્ષા લે એ વધુ શાસન પ્રભાવનાનું કાર્ય છે. કેવી રીતે? 'સવ્વભૂઅપ્પભૂઅસ્સ....' જગતના તમામ જીવોને પોતાને સમાન જોવાના છે. તે માટે પહેલા આત્માને તો જાણવો જ પડે. આત્માર્થી બન્યા વગર પરમાર્થી ન બનાય. ચૌદ રાજલોકમાં એકેન્દ્રિયથી માંડીને પંચેન્દ્રિય સુધીના તમામ જીવોને અભયદાન આપવા જેવો પરમાર્થ બીજો કોઇ નથી. માટે ઉત્કૃષ્ટથી આ પાંચ જ પરમાર્થમય છે. યોગસાધનાના પાંચ આશય છે.

૧) નમો લોએ સવ્વ સાહૂણં - સાધુ ભગવંત **પ્રણિધાન**ની ભૂમિકામાં છે. મારે મારી સાધનાથી અધિકૃત ધર્મસ્થાન પ્રાપ્ત કરવું છે. જેથી બીજાને વિનિયોગ કરી શકાય. બીજાને સહાયક બની શકું. મારી જિંદગીના પ્રત્યેક શ્વાસ જગતના જીવોના હિત માટે જ જવા જોઇએ. મારા નિમિત્તે કોઇનું અહિત ન થવું જોઇએ. આ પ્રણિધાનમય સાધુપણું એ પરમાર્થ માટેનું પ્રથમ પગથિયું છે.

૨) નમો ઉવજ્ઝાયાણં - ઉપાધ્યાય ભગવંતો પરમાર્થની **પ્રવૃત્તિ**માં પ્રવૃત્ત થયા છે. સાધુઓને વાચના દ્વારા પ્રવૃત્તિયોગમાં લાવે છે. દીક્ષા લેનાર સાધુને ટકાટક તૈયાર કરે. સૂત્રાર્થની એવી વાચના આપે કે સાધુ બાર વર્ષમાં તૈયાર થઇને શાસન પ્રભાવના કરે. સાધુને ગ્રહણ - આસેવન શિક્ષા આપે.

૩) નમો આયરિયાણં - આચાર્ય ભગવંત **વિઘ્નજય** પામેલા છે.

૧) પરમાર્થની પ્રવૃત્તિને બાહ્ય કોઇપણ વિઘ્ન અટકાવી ન શકે. તે કંટકવિઘ્નજય.

૨) શારીરિક કે માનસિક વિડંબના વચ્ચે પણ પરમાર્થ પ્રવૃત્તિ અટકે નહી. તે **જ્વર-વિઘ્નજય.** પૂ. પાદ ગુરુદેવશ્રી આ.દે. શ્રી. વિ. ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ તાવમાં પણ પ્રવચન-વાચના-લેખનકાર્યમાં વ્યસ્ત રહેતાં હતાં.

૩) દિગ્મોહવિઘ્ન તો પ્રાયઃ થાય જ નહી. દિગ્મોહ એટલે મિથ્યાત્વનો ઉદય-પરમાત્માના વચનપર ઊભી થયેલી અશ્રદ્ધા. છતાં ક્યારેક કોકને થાય. ઉત્તરાધ્યયન સૂત્રમાં આષાઢાભૂતિ આચાર્યનું દ્રષ્ટાંત છે. શિષ્યોને નિર્યામણા કરાવે ને કહે દેવલોકથી દર્શન આપવા આવજો. પણ શિષ્યો ભૂલી ગયા. કોઇ આવ્યા નહી. એક પ્રિય શિષ્યના કાળધર્મ સમયે તેને ભલામણ કરી. તું મને અવશ્ય દર્શન આપજે. દેવલોકમાં જન્મ થતાં જય જય નંદાની ઘોષણાઓ ચાલે છે અને આ શિષ્ય પણ આવ્યો નહીં. આચાર્યને દિગ્મોહ થયો. મિથ્યાત્વના ઉદયથી પ્રભુવચનપર ઊભી થયેલી અશ્રદ્ધાથી દેવલોક નથી. પરલોક નથી. એમ માનવા માંડયા. આટલા શિષ્યોને નિર્યામણા કરાવી પણ કોઇ આવ્યું નહી. મેં નકામી દીક્ષા લીધી. અત્યાર સુધી ઠગાયો. પરલોકનું સુખ તો છે નહી ને વર્તમાનમાં સંસારના સુખો પણ છોડયા. આવા વિચારોથી સંસાર માર્ગે ગયા. પણ પાછળથી શિષ્યદેવે પ્રતિબોધ કર્યા.

જૈનાચાર્યને પણ દિગ્મોહ થઇ જાય. પૂર્વતરફ જવાનું હતું ને દિશાનું ભાન ન રહેતાં પશ્ચિમ તરફ નીકળી ગયા. પ્રણિધાનપૂર્વક સ્વીકારેલી ધર્મસાધના સંબંધી શ્રદ્ધા-ઉત્સાહ નાશ પામે તે પણ દિગ્મોહ ગણાય. પણ સામાન્યથી આચાર્યને દિગ્મોહ ન હોય. ખોટું સાચું ન માને, સાચું ખોટું ન માને. ઉલ્ટુ બીજાને સીધો રસ્તો બતાવે. બીજાના દિગ્મોહને દૂર કરે. નાસ્તિક પ્રદેશી રાજાને કેશી ગણધરે આસ્તિક બનાવ્યો. આચાર્ય તો બીજાઓના પણ કંટકઆદિ વિઘ્નો દૂર કરવા પ્રેરક બને છે.

ચોવિહાર કરો છો? ના સાહેબ! ધંધો જ એવો છે કે રાતે ખાવું પડે. લગ્ન વગેરેમાં જઇએ તો રાતે ત્યાં પણ ખાઇએ ને હવે તો ભૂખ જ રાતે લાગે છે. આ બધા કંટકસમ વિઘ્નો છે. આચાર્ય ભગવંત કહે છે - જે સવારે - બપોરે બરાબર વાપરે છે. તેને સાંજે વાપરવું વધારાનું છે. ભગવાન કહે છે - જે બપોરે બરાબર વાપરે છે, તેને બાકી બધું વધારાનું છે. પેટ્રોલની ટાંકીમાં વધુ ભરો તો ઉભરાય. તેમ નકામા વિચારો - વિકારો જે ઉભરાય છે, એ વધારાના ભોજનની તકલીફ છે.

સાહેબ! સાજે માંદે તો છુટ ને? બીમારી કેમ આવી? બીમારી જ્વરસમ વિઘ્ન છે. અશાતાવેદનીયનો ઉદય છે. ગયા ભવમાં જીવદયા પાળી નહીં. ભગવાનની

આજ્ઞામુજબ વૈયાવચ્ચ ન કરી. શરીરનો કસ ન કાઢ્યો. તેથી બીમારી આવી. પણ તે માટે નિરવદ્ય ઉપાય કરવા. અન્યથા કીચડથી બગડેલા કપડાં લોહીમાં નાંખવા જેવી વાત થશે. તું જીવહિંસા કરી માંદો થયો ને ફરી જીવહિંસા કરીશ? સાધુ પણ માંદા પડે છે, તો શું રાત્રે ખાય છે? ના, વિકલ્પ બધે છે. તું મક્કમ રહે... આ જ્વરસમવિઘ્નજય.

દિગ્મોહ = શ્રદ્ધા જ ન હોય. પૂજામાં ભાવ જ નથી આવતા. પૂજા કરવી નિરર્થક છે. ઉત્તરપત્રમાં માત્ર લખવાથી પાસ થવાય કે જેવો પ્રશ્ન હોય તેવો જવાબ લખવાથી પાસ થવાય? પિકચરની સ્ટૉરી લખે તો પાસ ન થાય. તેમ તું જેની પૂજા કરે તેનો જ વિચાર કરે, તો ભાવ ચઢે. ફૂલપૂજા ચાલે છે તો વિચારવું કે બીજાઓના દુઃખ પ્રત્યે ભગવાન ફૂલ જેવા કોમળ છે. તેથી બીજાના દુઃખ જોઇ રડી પડે છે. ભગવાન પાંચ મહાવ્રતોથી – શીલ – સદાચારથી કેવા સુવાસિત છે! અને જગતને સુવાસ આપનારા છે. ૧૮૦૦૦ શીલાંગથી શોભતા પ્રભુ સૌંદર્યવાન છે ! આવા ભાવ ન લાવે તો ક્યાંથી પૂજામાં ભાવ આવે? આચાર્ય વિઘ્નજય કરાવે છે. પ્રભુશાસનમાં સ્વાર્થ એ જ પરમાર્થ છે. પરમાર્થ એ જ સ્વાર્થ છે. એક સિક્કાની બે બાજુ છે. એવો કોઇ પરમાર્થ નથી જે સ્વાર્થ બગાડે, ને એવો કોઇ સ્વાર્થ નથી જે પરમાર્થ બગાડે

૪) નમો સિદ્ધાણં – સિદ્ધ પરમાત્મા એટલે પરમાર્થની **પૂર્ણસિદ્ધિ**. આ સિદ્ધિ સિદ્ધોને પ્રાપ્ત થઇ છે. સાધુ, ઉપાધ્યાય, આચાર્યને તો હજી અશક્ય પરિહારરૂપ કેટલીક હિંસા થઇ જાય છે. (જેને અટકાવી ન શકીએ.) વિહાર કરતાં – કામળી ઓઢતાં વાયુકાયની હિંસા કરવી નથી પણ થઇ જાય છે. અશક્યપરિહારરૂપે પરમાર્થ કરવા જતાં પણ જીવહિંસા થઇ જાય છે. જ્યારે સિદ્ધ ભગવંતોને તો અશક્ય પરિહારરૂપે પણ હિંસા નથી. પૂર્ણ પરમાર્થ છે.

સિદ્ધો પ્રભુના શાસનની – જ્ઞાન– દર્શન – ચારિત્રની આરાધના કરી મોક્ષે જાય છે. માટે જ તો તીર્થંકરો તીર્થની સ્થાપના – પ્રરૂપણા કરે છે અને બધા તેને આરાધે છે. વૈદ 'આ રોગ માટે આ દવા છે' એમ નક્કી કેવી રીતે કરે? એકને દવા આપી. તેનો રોગ દૂર થયો. તે ખાતરી થઇ પછી જ બીજાને દવા આપે અને બીજા રોગી પણ એ દવા તો જ લે છે કે કો'કને આ દવાથી સારું થયું છે.

તેમ પૂર્વના તીર્થંકરે શાસન સ્થાપ્યું ને તેની આરાધના કરી કો'ક સિદ્ધ થયા. તેથી પછીના તીર્થંકરો રૂપ મહાવૈદ એમ નક્કી કરે છે કે દર્શન–જ્ઞાન–ચારિત્ર તીર્થ આરાધી મોક્ષે જવાય. તેથી જ એ દરેક તીર્થંકર કહે છે... પૂર્વના અનંતા–બધા તીર્થંકરો આ પ્રમાણે કહી ગયા છે, ને ભવિષ્યના તીર્થંકરો પણ આ રીતે જ કહેવાના છે. આમ તીર્થંકરવાણી સાંભળી–બીજાના સંસારરોગ દૂર થયાની વાત જાણી સંસારરોગ દૂર

થવાની આપણને ખાતરી થાય, તેથી આપણા જેવા રોગી પણ આરાધે છે.

૫) નમો અરિહંતાણં – અરિહંત પરમાત્મા પરમાર્થનો ઉત્કૃષ્ટ કોટિનો **વિનિયોગ** કરે છે. માટે જ આઠ ગુણોની સિદ્ધિવાળા સિદ્ધ ભગવંતો ટૉપમોસ્ટ હોવા છતાં અને અરિહંત પરમાત્માએ ચાર જ ગુણ મેળવ્યા હોવા છતાં પ્રથમ નમસ્કાર અરિહંતને થાય છે. આપણે ટોચ દોષવાળા અને સિદ્ધો ટોચ ગુણવાળા.

ટીચરે પૂછ્યું – રાવણે સીતાનું અપહરણ કેમ કર્યું? વિદ્યાર્થી કહે – એને એ વર્ષના બેસ્ટ વિલનનો એવોર્ડ જીતવો હતો. માટે... આપણે દરેક સમયે બેસ્ટ વિલન અને સિદ્ધો દરેક સમયે બેસ્ટ હીરો છે.

જગતમાં સૌથી શ્રેષ્ઠ કર્તવ્ય – તત્ત્વ પરમાર્થનો વિનિયોગ છે. એના જેવો કોઇ ગુણ નથી. જગતમાં સૌથી પ્રથમ વિનિયોગ અને શ્રેષ્ઠ વિનિયોગ અરિહંતો કરે છે. તેથી તેમને પ્રથમ નમસ્કાર કરાય છે. અરિહંતો ચાલે, વાયુકાય મરે, પણ તેમને કર્મબંધ નથી. ઈર્યાપથ બંધ છે. એક સમયે બંધાય ને બીજા સમયે છુટે.

સિદ્ધ ભગવંતનો પરમાર્થ આજે પણ ચાલુ છે. (૧) દરેક સમયે ચૌદ રાજલોકના તમામ જીવોને અભયદાન આપે છે. (૨) સિદ્ધ ભગવંતો વિદ્યમાન છે માટે સીમંધર સ્વામી વર્તમાનકાળમાં પ્રેરણા કરે છે – હે ભવ્યજીવો! દર્શન – જ્ઞાન – ચારિત્રની આરાધના કરી શુદ્ધ સ્વરૂપ પ્રાપ્ત કરો અને મોક્ષે જાઓ. એમ ક્યારે કહી શકે? સિદ્ધો છે તો કહી શકે. (૩) જગતના કોઇ જીવને આડે નથી આવતા. એકે પૂછ્યું – 'હું તારા કામમાં સાથે ઊભો રહું છું! બીજાએ કહ્યું – ઊભો નહી રહે તો ચાલશે. પણ મારા કામમાં આડે નહીં આવતો. પરમાર્થની ૧૦૦% કમાણી – સિદ્ધિ સિદ્ધ પાસે છે.

સિદ્ધશિલાપર સિદ્ધ ભગવંત છે, ત્યાં સૂક્ષ્મ જીવો પણ છે. એ સૂક્ષ્મની વિરાધના કોઇથી થતી નથી. પણ ત્યાં બાદર વાયુકાય પણ છે, પણ અરૂપી એવા સિદ્ધથી એમની પણ વિરાધના થતી નથી. તેઓ એમને કોઇ પીડા આપતા નથી. શરીર સાથે બધી વિરાધના લખાયેલી છે. શરીર છોડો તો વિરાધના છુટી જાય. સાધુ – પરમાર્થનું પ્રણિધાન, ઉપાધ્યાય – પરમાર્થની પ્રવૃત્તિ, આચાર્ય – પરમાર્થમાં વિઘ્નજય, સિદ્ધ – પરમાર્થની સિદ્ધિ. અરિહંત – પરમાર્થનો વિનિયોગ, પાંચ પરમેષ્ઠીના ધ્યાનથી આ પાંચ યોગ મળે. જે વસ્તુ પહેલીવાર વિચારો તો તે ધ્યાન બને. બાકી જુનુ થાય તો તે પણ ચાલે નવકાર પણ ચાલે ને મન બીજે પણ ચાલે. તમને નમસ્કાર એવો પ્રાપ્ત થવો જોઇએ કે હૃદયમાં જડબેસલાક બેસે.

**તપાચાર :**– મનને જીતવા માટે સંકલ્પ – વિકલ્પને દૂર કરવા માટે સાધન છે સ્વાધ્યાય. સ્વાધ્યાય સુધીના તપ પુરુષાર્થ સાધ્ય છે. ધ્યાન આવી જનાર છે. કાયોત્સર્ગ અંતિમ

સમયે થનારી આરાધના છે. વર્તમાનમાં જુદા જુદા કાઉસ્સગ્ગ થાય છે, પણ બધાનો આશય એક જ છે કે ઉપસર્ગ – પરિષહ – વિપરીત પરિસ્થિતિ આવે તેમાં શારીરિક – વાચિક – માનસિક રીતે ચલાયમાન ન થવું.

ઉસસીએણં આદિ આગારો શરીરની પ્રતિકૂળતા માટે છે. મનને પ્રતિકૂળતામાં – દુર્ભાવમાં લઇ જવાની વાત ક્યાંય નથી. શરીર ભલે ખસેડવું પડે, પણ મન તો કાયોત્સર્ગ બહાર ન જવું જોઇએ. કાઉસ્સગ્ગ ઠાણેણં, મોણેણં, ઝાણેણં થી કરવાનો છે. ક્યારેક સાપ આવે તો સ્થાન છોડવું પણ પડે. ક્યારેક બોલવું પણ પડે. બેંડવાજાના અવાજમાં હોઠેથી કાઉસ્સગ્ગ કરવો પણ પડે. પણ ઝાણેણં – પોતાના મનનું ધ્યાન જે શુભમાં મુક્યું. તેમાંથી ખસવું જોઇએ નહી. બધા આગારો શારીરિક અને વાચિક ધોરણે છે, પણ માનસિક ધોરણે નથી. આપણને આગારની જરૂર જ નથી, કારણ મન ભટક્યા જ કરે છે. મન–વચન–કાયાથી એકાગ્ર થયો તો કાઉસ્સગ્ગ પણ થયું ને ધ્યાન પણ થયું.

પૂર્વે કાયોત્સર્ગ શ્વાસોશ્વાસ પ્રમાણ હતા. એમાં દ્રવ્ય – ગુણ – પર્યાયના ચિંતનો કરાતા. પણ આપણને ધ્યાન ફાવતું નથી. શ્વાસની ગણતરી પણ ફાવતી નથી. માટે સંવત્સરીના કાઉસ્સગ્ગમાં ૧૦૦૮ શ્વાસ થયા કે ૧૦૦૭? આપણે ઉદાર છીએ. એકાદ નવકાર આઘો – પાછો થાય તો ચાલે. પણ રૂપિયા ગણતી વખતે ૯૮ થયા કે ૯૯? તો ફરીથી ગણીએ. ફરીથી નવકાર ક્યાં ગણવા? શ્વાસની ગણતરી ન ફાવી. તત્ત્વચિંતન ન ફાવ્યું. તેથી લોગસ્સનું આલંબન અપાય છે. એક પદનું ચિંતન =૧ શ્વાસ. આજે લોગસ્સ પણ ગયા. નવકારનું આલંબન આપ્યું. તે પણ ન ફાવ્યું, તો નવકારવાળી ગણવા માંડે.

મૂળ આશય એ છે કે મેં કાયાને વોસિરાવી દીધી છે. શરીર પર હવે કોઇ કાંઇપણ કરે, મારે શું? કાઉસ્સગ્ગમાં હોઠ ફફડવા ન જોઇએ. જીભ દાંતને અડે નહી. જીભ હલે નહી. માનસિક ધોરણે એકાકાર થવું. ૧૦૦ લોગસ્સ છોડો, ત્રણ લોગસ્સ તો આમ ગણો. શરુઆતમાં લાંબો કૂદકો લગાવવો નહીં.

મારા જેવો સુકલકડી ચિંટુ પહેલવાન પાસે વ્યાયામ શીખવા ગયો. તેણે ૫૦૦ ગ્રામ વજન ઉંચકવા આપ્યું. ચિંટુ – ના, પેલો ૫૦ કીલો ઉપાડે તો હું પણ ૫૦ કીલો ઉપાડીશ. પહેલવાને કહ્યું – શરુઆત આનાથી કરો. પછી શરીર સમર્થ થશે તેમ ધીમે ધીમે વધુ વજન ઉપાડતા તમે છેવટે એ પણ ઉપાડી શકશો. ચિંટુ માન્યો નહીં. હમણા જમાનો તરતનો છે. એ ઉપાડવા ગયો. એ વજન જ એના પગે પડ્યું... બિચારો બે મહીના ખાટલા ભેગો. આવો અખતરો કરે તો બે મહિના હોસ્પિટલ ભેગો થાય.

આપણો પ્રયત્ન વાસ્તવિક – પ્રામાણિક – યોગ્ય હોવો જોઇએ. સંકલ્પ પાકો

જોઇએ. સકલચંદ્રજી ઉપાધ્યાયે કાઉસ્સગ્ગમાં સત્તરભેદી પૂજા રચી. આપણને પ્રશ્ન થાય – લોગસ્સને બદલે બીજું ધ્યાન કરી શકાય? પણ એવું ન થાય કે 'કૌઆ ચલા હંસકી ચાલ, આખિર ભૂલા અપની ચાલ' મનને શુભ સ્થિર ભાવમાં રાખવા બધા પ્રયત્ન કરી શકો. પણ સામગ્રી હોવી જોઇએ. કાઉસ્સગ્ગ પારીને 'નમો અરિહંતાણં' ન બોલું ત્યાં સુધી 'અપ્પાણં વોસિરામિ' કરી કાઉસગ્ગમાં લાગી જવું.

કાઉસ્સગ્ગમાં બાર ભાવના વિચારી શકો છો. પણ જો લોગસ્સ હશે, તો પૂરા થયા કે તરત અટકાશે. પણ બાર ભાવનાને બદલે ઘરની ભાવના આવી તો કલાક ક્યાં જશે તેની ખબર નહી પડે. પ્રભુ ઋષભદેવના તીર્થવખતે કોંકણનો એક ખેડૂત દીક્ષા પછી એકવાર કાઉસ્સગ્ગ ધ્યાનમાં ઊભો હતો. ૨૫ શ્વાસોશ્વાસનો કાઉસ્સગ્ગ ને અડધો કલાક થયો. ગુરુએ પૂછ્યું – આટલી વાર કેમ થઇ? પેલો – જીવદયા ચિંતવતો હતો. વરસાદ ચાલુ થઇ ગયો છે. પુત્રો ખેતર ખેડશે નહી તો ભુખે મરશે. આ જીવદયા! ગુરુએ ઠપકો આપ્યો. એણે ક્ષમા માંગી લીધી. વાત આ છે કે આપણને શુભ ધ્યાન ફાવતા નથી, માટે આપણા માટે લોગસ્સવગેરેના આલંબન આપાયા છે. અલબત્ત વર્તમાનકાળ ભલે કાંકરાનો કાળ હશે, પણ ઘઉં પણ છે જ. આવી રીતે ધ્યાન કરનારા પણ હશે. પણ તેઓ બતાવતા નથી.

કાઉસ્સગ્ગ એ મન-વચન – કાયાને સ્થિર કરવા શ્રેષ્ઠ સાધન છે. વારંવાર દોડતી, હલતી, ધ્રુજતી કાયાને સ્થિર કરવા, બોલ બોલ કરતી જીભને મૌન કરવા, દોડતા મનને સ્થિર કરવા કાઉસ્સગ્ગ છે. પૂર્વકાળમાં જ્યારે જ્યારે વિશેષ આપત્તિ આવતી ત્યારે કાઉસ્સગ્ગ કરતાં હતા. વર્તમાનમાં એ ગૌણ થયા છે. સુદર્શન શેઠ પર અભયા રાણીએ દુરાચારનું આળ મુક્યું. ત્યારે તેની પત્ની મનોરમાને સો ટકા ખાતરી છે કે મારો પતિ નિર્દોષ છે. તેથી પ્રભુની પૂજા કરી શાસનદેવીની આરાધના નિમિત્તે કાઉસ્સગ્ગ કર્યો. શાસનદેવીના પ્રભાવથી શૂળીનું સિંહાસન થયું.

સાતમો નિહ્નવ ગોષ્ઠામાહિલ અને યુગપ્રધાન આચાર્ય દુર્બલિકા પુષ્પમિત્રના શિષ્ય વિંધ્ય વચ્ચે વિવાદ થયો. 'પચ્ચક્ખાણ યાવજ્જીવ માટે લેવું કે અમર્યાદિત?' ગોષ્ઠામાહિલ કહે – તમારે પરલોકમાં વિષયસુખની ઇચ્છા છે, માટે આજીવન પૂરતું લો છો. અમર્યાદિત જ લેવું જોઇએ. આચાર્યએ કહ્યું – પરલોકની ગતિ, પરિસ્થિતિ, સંયોગો હાથમાં નથી, તેથી એ અંગે પચ્ચખ્ખાણ લઇએ, તો પણ નિશ્ચિત ભાંગી જાય... તેથી યાવજ્જીવ જ બરાબર છે. બધાએ ગોષ્ઠામાહિલને ખૂબ સમજાવ્યો, પણ તે નહીં માન્યા. લાંબી ચર્ચા ચાલી. બધાને ખબર હતી ગોષ્ઠામાહિલ ખોટો છે. છેવટે આખો સંઘ કાઉસ્સગ્ગમાં રહ્યો. ક્યાં સુધી? શાસનદેવી નીચે ન આવે ત્યાં સુધી.

દેવી આવી. સમસ્યા કહી. દેવી કહે – હું સીમંધરસ્વામી પાસે જાઉં છું. પણ મને સૂક્ષ્મનું બળ જોઇશે. કોઇ ક્ષુદ્ર દેવ મને હેરાન ન કરે તે માટે તમે કાઉસ્સગ્ગમાં રહેજો. દેવી ગઇ અને જવાબ લઇ આવી. દુર્બલિકા પુષ્પમિત્રાચાર્ય સાચા છે. ગોષ્ઠામાહિલ સાતમો નિહ્નવ છે.

યક્ષા – યક્ષદિન્ના આદિ સાત બેન સાધ્વીજી મહારાજે શ્રીયક ભાઇ મુનિને પ્રેરણા કરી. આજે સંવત્સરી છે. રોજ નવકારશી કરો છો. આજે પોરસી કરો. પોરસી કરી. વધુ પ્રેરણા કરીને સાઢપોરસી – પુરિમઢ્ઢ – અવઢ્ઢ સુધી ખેંચાવ્યું. હવે ઉપવાસ જ કરી લો. અને ઉપવાસ કર્યો. અંદરની પીડા સાધ્વીજી આગળ વ્યકત ન કરી. ક્ષુધા વેદનીયની પીડા તીવ્રતર વધતી ગઇ. કોઇની પ્રેરણાથી સાધના મળતી હોય, ત્યારે બહાના કાઢે તે મૂરખ છે. મુનિ વિચારે છે... – મારા બેન મહારાજ મને પ્રેરણા કરે છે, તો મારાથી ના ન પડાય. તેથી એકપણ વાર ન કહ્યું કે મને તકલીફ પડે છે. મધ્યરાત્રિએ ક્ષુધાની ભયંકર પીડાથી કાળધર્મ પામ્યા. સાધ્વીજીને ખૂબ અધૃતિ થઇ. આપણે તેમના કાળધર્મમાં નિમિત્ત બન્યા. આઘાત લાગ્યો. નકામો આગ્રહ કરી ખેંચાવ્યું. એમની હત્યામાં ભાગીદાર બન્યા. આચાર્ય ભગવંતે ખૂબ આશ્વાસન આપ્યું. છતાં ન માન્યા. સાધ્વીજીની અધૃતિના સમાધાન માટે સંઘ ભેગો થઇ કાઉસ્સગ્ગ ધ્યાનમાં સ્થિર રહ્યો. શાસનદેવી હાજર થઇ. દેવી સાધ્વીજીને સીમંધર સ્વામી પાસે લઇ ગઇ. સીમંધર સ્વામીની ઋદ્ધિ જોવા મળી. પ્રભુએ કહ્યું – તમારો આશય શુભ હતો, તમારો દોષ નથી. ને ભરતક્ષેત્રના જૈનસંઘ માટે પ્રસાદી રૂપે ચાર સૂત્રો આપ્યા! ભગવાન એકવાર બોલ્યા ને સાધ્વીજી મ. ને યાદ રહી ગયું. તેમાંથી અત્યારે બે ચૂલિકા દસવૈકાલિક સૂત્રની પાછળ છે ને બે ચૂલિકા આચારાંગસૂત્રની પાછળ છે. આ ચાર અધ્યયન લઇ સાધ્વીજી ભરતક્ષેત્રમાં પાછા ફર્યા ત્યાં સુધી સકલસંઘ કાઉસ્સગ્ગમાં હતો.

આમ કાઉસ્સગ્ગની જબરદસ્ત તાકાત હતી. વિશિષ્ટ પ્રભાવ હતો. આજે કિંમત નથી. વર્તમાનમાં પણ બધા સાથે કાઉસ્સગ્ગ કરવાથી વિશિષ્ટ સૂક્ષ્મબળ ઊભું થાય છે. તમે સો લોગસ્સનો કાઉસ્સગ્ગ સાથે કરો એ સંકલ્પથી કે અમને શ્રુતજ્ઞાનનો વિશિષ્ટ ક્ષયોપશમ પ્રાપ્ત થાઓ. તથા જિનશાસનને વિશિષ્ટ શ્રુતજ્ઞાની પ્રાપ્ત થાઓ. જે જિનશાસનના બધા પ્રશ્નો ઉકેલી દે તો એનો વિશિષ્ટ પ્રભાવ ઊભો થાય.

## <u>પોષ સુદ – ૧૪</u>

પરમાત્માના શાસનમાં દરેક અર્થના પર્યાયો અનંતા છે ને દરેક સૂત્રના અર્થ અનંતા છે. કલ્પસૂત્રના અર્થ કેટલા? તમામ નદીની રેતી અને પાણી ભેગા કરવામાં

આવે તેટલા અર્થો છે. અમુક અર્થ બતાવવામાં આવે. બાકી પોતાની બુદ્ધિથી સમજી લેવા. એક પૂર્વધરને જે સૂત્રનાં જેટલા અર્થનું જ્ઞાન હોય, બીજા પૂર્વધરને તે જ સૂત્રનાં અનંતમા ભાગના અર્થનો બોધ થાય. અર્થાત્ ઓછો હોય. બધા ચૌદ પૂર્વધરોને સૂત્રનો બોધ સમાન હોય પણ અર્થના વિષયમાં અનંતા ભેદ છે. કારણ બધાનો ક્ષયોપશમ જુદો જુદો છે. માટે મહાપુરુષો જુદા જુદા આશયથી જુદા જુદા હેતુઓ બતાવે છે. પૂ. ભદ્રબાહુસ્વામી એક હેતુ બતાવે છે કે આ રીતે જુદા જુદા હેતુ શોધવા જોઇએ, જેમ કે કેટલાક ચિંતકો કહે છે –

'નમો લોએ સવ્વ સાહૂણં' થી ભગવાનના ચ્યવન કલ્યાણકનું ધ્યાન થાય છે.

'નમો ઉવજ્ઝાયાણં' થી ભગવાનના જન્મ કલ્યાણકનું ધ્યાન થાય છે.

'નમો આયરિયાણં' થી ભગવાનના દીક્ષા કલ્યાણકનું ધ્યાન થાય છે.

'નમો સિદ્ધાણં' થી ભગવાનના મોક્ષ કલ્યાણકનું ધ્યાન થાય છે.

'નમો અરિહંતાણં' થી ભગવાનના કેવળજ્ઞાન કલ્યાણકનું ધ્યાન થાય છે.

જેને કાનના વિષય સતાવે છે, નિંદા – કુથલી સાંભળવાનું મન થાય છે. તેણે 'નમો અરિહંતાણં' પદનું ધ્યાન ધરવું. ભગવાનની વાણી જેવું શ્રવણ યોગ્ય કશું નથી. જેને આંખના વિકારો સતાવે છે, તેણે અરૂપી એવા સિદ્ધ સ્વરૂપનું ધ્યાન કરવું. જેને નાકના વિષયો સતાવે તેણે શીલથી સુવાસિત એવા આચાર્યપદનું ધ્યાન કરવું. જેને જીભના સ્વાદના વિષયો સતાવે, તેણે વિનયી અને જીભથી સતત સૂત્રદાતા ઉપાધ્યાય પદનું ધ્યાન કરવું. જેને સ્પર્શના વિષયો સતાવે તેણે શરીરનો રસકસ કાઢનારા સાધુ પદનું ધ્યાન ધરવું. કેમકે સાધુ બધા પ્રકારના સ્પર્શોને સહી લે છે.

કયા કયા ભાવથી નમસ્કાર કરવાનો એ જાણી શકીએ એ માટે ચિંતન કરવાની પ્રેક્ટીસ કરો તો અનેક હેતુઓ મળે. જેમ એક યુવક સારો કાર્યકર છે. તેણે વિચાર કર્યો... પ્રભુને પૂજામાં કેવું ફળ ચઢાવવું? કાચું? ના. કોહવાયેલું? ના. બરાબર તાજું પાકેલું ફળ ચઢાવવું જોઇએ. તો મારે જિન-શાસનમાં ક્યારે સમય આપવો? બાળપણનો કાળ? ના. એ કાચું છે, તો વૃદ્ધાવસ્થાનો સમય? ના. તે કોહવાઇ ગયેલો કાલ છે. યુવાનીનો પાકેલો – તાજા પાકેલા મધુર રસથી ભરપુર ફળ જેવો કાળ જ શાસનને સમર્પિત કરવાનો કાળ છે. અને નક્કી કર્યું. હવે શાસનનું કામ કરવું છે. લગ્ન નહીં કરવાનો નિર્ધાર કરી એ શાસનના કામમાં લાગી ગયો છે. તેણે ચિંતન કર્યું તો નવો પ્રકાશ મળ્યો. ટાંકીનું પાણી મોંઘુ પડે. પોતાની પાસે પાતાળકૂવો છે, તો રોજ પાણી anytime. બીજાનો ઉપદેશ અહીં સુધી જ. ઘરે જઇશું પછી શું? તમે અંદરથી ચિંતનશક્તિ મેળવો, તો ગમે ત્યારે ચિંતન કરી શકો. કાયમ લીલાછમ રહી શકો.

પૂજ્ય ભદ્રબાહુ સ્વામીએ આપણા દોષ સામે પરમેષ્ઠી નમસ્કારના પાંચ હેતુ બતાવ્યા. સ્વાર્થીપણું કાઢવા સહાયકભાવ. ઉદ્ધતાઇને કાઢવા – વિનયભાવ. દુરાચાર અને અનાચારને દૂર કરવા આચાર. નાશવંતને વળગીએ છીએ, તેનાથી છુટવા અવિનાશીપણાની આરાધના. આપણે ઉન્માર્ગે દોડીએ છીએ ને બીજાને ઉન્માર્ગે દોરીએ છીએ. તે દોષને કાઢવા માર્ગ ઉપદેશકપણું.

જ્ઞાનાચારથી વિવેકની પ્રાપ્તિ. દર્શનાચાર એટલે ભગવાન પ્રત્યે અહોભાવ અહોભાવ. ભગવાન તારો આભાર. શરીર નબળુ હોય, શ્રદ્ધા ન હોય, રસ ન હોય, સમય ને સંજોગ ન હોય તો ઉપધાન ન થાય. અમને આ બધી વિચિત્રતા વચ્ચે ઉપધાન કરવા મળ્યું. ભગવાન તારો અનન્ય ઉપકાર ! આ દર્શનાચારથી વૈરાગ્ય મળો... ચારિત્રાચારથી વિરતિની પ્રાપ્તિ થાઓ. જેમાં પાપ માનો તેમાં અટકો. પાપ દેખાય ને બ્રેક લાગે. આ ત્રણેયની વિશુદ્ધિ માટે છે તપાચાર. આહારસંજ્ઞા ને શરીરની મમતા તોડવા માટે બાહ્યતપ. ચંચળ મન અને સ્વાર્થી બુદ્ધિ માટે છે અભ્યંતર તપ.

ધ્યાન એટલે ચૂલો સળગાવવો. હવે તો પાઇપલાઇન ને ગેસ આવી ગયા. પૂર્વે ચૂલો સળગાવવા માટે (૧) પ્રથમ જુની રાખ કાઢી ચૂલાને સાફ કરે. (૨) લાકડા ગોઠવાય. (૩) દિવાસળી સળગાવે. (૪) લાકડામાં આગ લાગી. હવે બરાબર ફેલાય (૫) તે માટે ફૂંકણીથી ફુંકે. (૬) પછી આગ પ્રજ્વલિત થાય પછી રસોઇ થાય.

કર્મક્ષય કરવા માટે આ છ પ્રક્રિયા છે (૧) પ્રાયશ્ચિતથી જુની રાખ કાઢી (૨) વિનયથી લાકડા ગોઠવ્યા. (૩) વૈયાવચ્ચથી દિવાસળી સળગાવી. (૪) સ્વાધ્યાયથી ફૂંક મારી (૫) કાઉસ્સગ્ગથી અગ્નિ પ્રગટ્યો. (૬) ધ્યાન એટલે એવી જબરદસ્ત આગ લાગી કે જેથી માત્ર પોતાના જ નહી તમામ જીવના તમામ કર્મ ખપી જાય. એવી તાકાત પ્રગટી પ્રભુ વીરને વૈશાખ સુદ ૧૦ના. તે વખતે શુક્લધ્યાનની એવી આગ પ્રગટી કે જો બીજા જીવના કર્મો ટ્રાન્સફર થઇ શકતા હોત, તો તમામ જીવના કર્મ ખતમ થઇ જાત.

અસંખ્યભવના અનંતકર્મો માત્ર અંતર્મુહૂર્તમાં ભસ્મ થઇ જાય. તે અંતર્મુહૂર્ત કેટલું? ૭૭ લવ = ૪૮ મિનિટ. ૭ લવ = સાડા ચાર મિનિટ (લગભગ). લવસત્તમ સુરા :- અનુત્તરવાસી દેવને માત્ર સાત લવ અર્થાત્ સાડાચાર મિનિટ આયુષ્ય ઓછું પડ્યું. એના કારણે મોક્ષે જવાને બદલે અનુત્તરમાં ગયા. એ સાડા ચાર મિનિટમાં એ શું કરત કે મોક્ષે જાત? ઉપશમશ્રેણી માંડી હતી. આયુષ્ય પૂર્ણ થયું અને અગ્યારમાં ગુણઠાણે કાળધર્મ પામ્યા. તેથી અનુત્તરે ગયા. જો સાડાચાર મિનિટ વધુ હોત, તો અગ્યારમેથી દસમે – નવમેં – આઠમેં – સાતમેં – છઠ્ઠે પછી છઠ્ઠે – સાતમે, છઠ્ઠે – સાતમે કેટલીકવાર કરી પછી ક્ષપકશ્રેણી માંડી, ફરી પાછા ઉપર ચઢી આઠ – નવ–દસ

– બાર–તેરમે ગુણઠાણે આવી છેવટે શુકલધ્યાનના છેલ્લા બે પાયા, ચૌદમું ગુણસ્થાનક ને પછી મોક્ષે જાત. આ આખી પ્રક્રિયા સાડાચાર મિનિટમાં કરી લીધી હોત.

ઋષભદેવ પ્રભુને કેવળજ્ઞાન થયું પછી તીર્થસ્થાપના કરી, તેની વચ્ચે કેટલી બધી પ્રક્રિયા થઇ! ભરત મહારાજા હાથીની અંબાડી પર મરૂદેવા માતાને લઇ આવ્યા. ઋષભદેવની ઋદ્ધિના વર્ણન કર્યા. મરૂદેવા માતાને હર્ષના આંસુ આવ્યા અને આંખના પડલ ગયા. ઋદ્ધિ જોઇને આનંદ આનંદ થઇ ગયો. અન્યત્વભાવનામાં ચઢચા. મિથ્યાત્વમાં હતા. સમ્યક્ત્વ પામી છેક ચૌદમે ગુણઠાણે –મોક્ષે ગયા. હજુ પ્રભુને કેવળજ્ઞાન થયા ને મુહૂર્ત પૂરું થયું નહોતું.

એક નાનકડા પણ ધ્યાનની તાકાત અવર્ણનીય છે. અસંખ્યભવના અંનતાકર્મોને ખપાવી દે. જે ધ્યાનનો વિષય હોય તેમાં એવા એકાકાર ને તદાકાર થઇ જાય કે બહાર કોઇ ચામડી ઉતારે તો ય ખબર ન પડે. તીવ્રતમ વેદના ને કષ્ટને સહન કરવાનો ઉપાય છે – મનને ધ્યાનમાં એકાકાર – તન્મય કરી દો.

જેવી તાકાત ધર્મધ્યાન – શુક્લધ્યાનની છે, તેવી તાકાત આર્તધ્યાન – રૌદ્રધ્યાનની પણ છે. તંદુલીયા મત્સ્યનું આયુષ્ય ઘણું નાનું. મીનીટોમાં ગણી શકાય એટલું. આટલા સમયમાં તે ઉત્પન્ન થાય. ૬ પર્યાપ્તિ પૂર્ણ કરે. મૃત્યુ પૂર્વે આવતા ભવનું આયુષ્ય બાંધે તે વખતે એક ક્ષણનું રૌદ્રધ્યાન કરે – મોટા માછલાના મોંમાં કેટલાય માછલા જાય ને બહાર નીકળે. આ દૃશ્ય જુએ ને તીવ્રતર રૌદ્રધ્યાનમાં પહોંચી જાય. હું હોઉં તો એકને ન છોડું. આ લેશ્યામાં નરકનું આયુષ્ય બાંધી લે.

ધ્યાનની આ તાકાત છે. ધ્યાન એ એક એવું શસ્ત્ર છે, જો વાપરતાં આવડ્યું તો તમારા મોટા મોટા શત્રુને ખતમ કરે. જો વાપરતા ન આવડ્યું, તો તમને ખતમ કરે. રામ – લક્ષ્મણ – સીતા જંગલમાં વનવાસમાં હતાં. લક્ષ્મણ એકવાર ત્યાં જંગલમાં ફરી રહ્યા છે. ત્યારે એક સૂર્યહાસ ખડ્ગ આકાશમાંથી નીચે ઉતરી રહ્યું છે તે જોયું. લક્ષ્મણને આશ્ચર્ય થયું. માત્ર તલવાર આવે છે. એણે વિચારવું જોઇતું હતું કે સૂર્યહાસ તલવાર સૂર્ય અર્પણ કરે છે. અર્થાત્ આનો કોઇ સાધક હોવો જોઇએ. પણ લાંબો વિચાર ન કર્યો. વિચાર્યું હોત તો રામાયણ જ ન થાત. કૂદકો મારીને તલવાર લઇ લીધી. દુનિયાના ક્ષેત્રની આ ભૂમિકા છે. વિચાર્યા વગર ખોટા કૂદકા – માત્ર સાહસ કરે છે. પછી વિચાર કરે મેં બરાબર કર્યું કે નહી? બધે રાંડ્યા પછીનું ડહાપણ છે. દુનિયાના ક્ષેત્રમાં – શેરબજારમાં માણસ વિચાર્યા વગર ખોટા પગલા ભરે છે, ને જીંદગીભર પસ્તાવો કરે છે.

લક્ષ્મણે પણ લોભથી કૂદકો મારી તલવાર પકડી, ચલો, તે તો સમજ્યા, પણ તેની ધાર જોવાનું કુતુહલ થયું. તલવાર ફેરવી ખટાખટ કરતાં બધા વૃક્ષો કપાઇ ગયા.

તલવાર એની પાસે પાછી આવી ત્યારે લોહીથી ખરડાયેલી હતી. જોયું તો કોક પુરુષનું મૃત્યુ થયું છે. તપાસ કરી. રાવણની બહેન શૂર્પણખાનો પુત્ર શંબુક જે સાધક હતો, તે કપાઇ ગયો ને રામાયણ શરુ થયું.

આ સૂર્યહાસ ખડ્ગ કરતાં પણ ધ્યાન વધુ પાવરફૂલ છે. તેની એવી તાકાત છે કે તમારા શુભ કે અશુભ પરિણામોના વૃક્ષોને કાપી નાંખે. શંબુક ઉંધે મસ્તકે લટકીને જાપ કરવાની મહિનાથી તપસ્યા કરતો હતો. એમ કરીને જે મેળવવું હતું, તે જ તલવાર મોતનું કારણ બની. ને મરીને ચોથી નરકે ગયો. ધ્યાન આ તલવાર જેવું છે. વાપરતાં આવડ્યું તો કર્મસત્તા ખતમ. વાપરતાં ન આવડ્યું તો શુભપરિણામ ખતમ.

ધ્યાનના કોઇ કલાસ કરવા પડતા નથી. એ તો જેમાં એકાકારતા આવે તે ધ્યાન છે. તેના શુભ-અશુભ ભાગ કરી લેવા. આજનો માનવ જેટલો વધુ ભણે તેટલો વધુ મૂર્ખ બને છે. કેળાવાળા પાસે બે રૂપિયા માટે મારામારી કરશે અને ડીપાર્ટમેંટલ સ્ટૉરમાં ફાલતુ ચીજ માટે દસ હજાર રૂપિયા આપશે. ૩ દિવસના મેનેજમેંટ કોર્સના નામે ૩૦ હજાર રૂપિયા વેડફી દે. ત્યાં આપણા યુવાનો સવારે પાંચ વાગે પહોંચી જાય. પછી પૂછો - હવે તમે પોઝિટીવ થીંકીંગમાં આવ્યા? હવે નાક કપાયું તો હા જ પાડવી પડે ને?

એવા કહેવાતા મેનેજમેન્ટ ગુરુઓ પાછળ માણસો પાગલની જેમ દોડે છે. મીડિયા ગમે તેને લાઇટમાં લાવે ને લોકો દોડે. ધ્યાન રૂપિયા ઉડાવવાથી નથી આવતું. અંદરથી જ ઉત્પન્ન થાય છે. તે વખતે જાતને સાવધાન રાખવાની કે આ શુભ છે કે અશુભ? બચવું કેવી રીતે? આવશ્યક ગ્રંથના ધ્યાનશતકવિભાગમાં આર્તાદિ ચાર ધ્યાનનું વિવેચન છે. ત્યાં તમારા જેવું ધ્યાન કહ્યું નથી. જે ક્ષણે તમે એકાકાર બનો, તે ક્ષણે તમે ધ્યાનમાં છો. પછી ભલેને તે ક્રિયા મુહપત્તી પડિલેહણની હોય.

ગુણસાગર લગ્નની ચોરીમાં આઠ કન્યા સાથે લગ્નના ફેરા ફરે છે ને ધ્યાનમાં ચઢ્યા. પંડિત સ્વાહા - સ્વાહા બોલે છે. પોતે ભાવનામાં છે - કાલે દીક્ષા લઇશ. ગુરુસેવા - વૈયાવચ્ચ - સ્વાધ્યાય કરીશ. પૂર્વના વીસ ભવોની સાધના છે. શુકલધ્યાનમાં ચઢ્યા ને કેવળજ્ઞાન થયું. એક બાજુ લગ્નની શરણાઇ વાગે છે ને બીજી બાજુ દેવદુંદુભિ વાગે છે. આઠ કન્યાઓ પણ ભાવનામાં ચઢી. તેમને પણ કેવળજ્ઞાન થયું. બીજા નગરમાં સુધન આ પ્રસંગનું વર્ણન પૃથ્વીચંદ્રરાજા આગળ કરે છે. ને ત્યાં દેવદુંદુભિ વાગી, કેમકે પૃથ્વીચંદ્ર રાજા આ સાંભળતા સાંભળતા ધ્યાનમાં ચઢ્યા ને કેવળજ્ઞાન થયું.

ધ્યાન માટે કલાસ ભરવાની કે શ્વાસ જોવાની પણ જરૂર નથી. સતત ઉપયોગપર ઉપયોગ રાખો તો ધ્યાન પ્રાપ્ત થાય. મારો ઉપયોગ ક્યાં જાય છે, તે સતત

નિરીક્ષણ કરો. કેવળજ્ઞાનને પ્રાપ્ત કરાવનારું શુકલધ્યાન તો વર્તમાનમાં આપણને નથી. પણ ધર્મધ્યાન પામી શકાય છે. શુભભાવનામાં સ્થિર થવા માટે જબરદસ્ત પુરુષાર્થ કરવાનો છે. 'મન સ્થિર થતું નથી' એ ફરિયાદ પછી કરો. પહેલા એ ફરિયાદ કરો કે 'મારું મન નિર્મળ થતું નથી'. ક્રોધ-માન-માયા-લોભ-ઈર્ષ્યા - દ્વેષ - રાગ-મમતા મને સતાવે છે. પ્રભુ! મારું મન નિર્મળ કરો. વિમલનાથ ભગવાનની સ્તુતિ છે - જગતના જીવોના ચિત્તરૂપી પાણીને નિર્મળ કરવા ફટકડીના ચૂર્ણ સમાન વિમલનાથ ભગવાનની વાણી છે.

એમ તો બિલાડી પણ તન્મય થાય, ઉંદર પર તરાપ મારવા એવી એકાકાર - સ્થિર થાય કે જેવો ઉંદર આવે ને તરાપ મારું. આ એકાકારતા કામની છે? ના. મનની નિર્મળતા નથી તો સ્થિરતા શું કામની? મન નિર્મલ થશે પછી સ્થિર થઇ જ જશે.

અનાદિકાળથી મન મળ્યું તે ગંદુ ગોબરું, ઉકરડા જેવું, મસોતા જેવું, લસણ જેવું, દુર્ગંધવાળુ, મેલું ઘાણ હતું જ, અને આ ભવે પણ હજી વધારે મેલું -મસોતું કરીએ છીએ. જાણે મુંબઇની વિષ્ટાથી ઉભરાતી ગટર. કષાય - વિષય - દુર્ભાવ - દુષ્ટતાથી બિભત્સ આપણું મન છે. માટે ભગવન્! પ્રથમ મારું મન નિર્મળ કરો. કેમ મારું મન ખોટી કલ્પના - વાસના - સંજ્ઞામાં દોડે છે? મારે એકાકાર નથી થવું - સ્થિર નથી થવું. પહેલાં તું મારા મનને નિર્મળ કર. સાફ કર.

મેદાનમાં મકાન બનાવવું હોય, તો મેદાનને સાફ કરવું પડે. સમતલ બનાવવું પડે. ડમ્પીંગ ગ્રાઉન્ડમાં બગીચો બનાવવો છે, તો પહેલા સાફ તો કરો. જેમાં દુનિયાનો હજારો ટન કચરો ઠલવાય, મચ્છરો બણબણ કરતા હોય, ઉંદરડા દોડી રહ્યા હોય, ભૂંડો આળોટી રહ્યા હોય, કૂતરા ભસતા હોય, તેમાં પાછો વરસાદથી કાદવ - કીચડ થાય. અનેક કીડાઓ ખદબદે, દુર્ગંધ તો એવી આવે કે માથુ ફાટફાટ થાય. મને થયું - અહીં બગીચો બનાવું તો? બની શકે. પણ પહેલાં ડમ્પીંગ ગ્રાઉન્ડ સાફ કરવું પડે.

ટી.વી. જોઇને, ન્યુઝ પેપર વાંચીને, વાતો સાંભળીને કચરો મનમાં જ ઠાલવતા ગયા. બીજો માણસ પોતાની સારી વાત કે રૂપિયાની વાત તમને નથી કહેવાનો. કચરો વાત જ કહેશે. દુનિયાનો કોઇપણ ગાંડો કે ડાહ્યો માણસ બીજાને ત્યાં ઠાલવે તે પ્રાયઃ કચરો જ હોય. રસ કે શાક ન હોય. ગોટલી કે છાલ જ હોય. લોકો ચારે બાજુથી કચરો ઠાલવે છે ને આપણે પણ રિસિવિંગ સેન્ટર છીએ કે 'આને દો - આને દો'

વેદનું વાક્ય છે - અમને ચારે બાજુથી શુભવિચાર પ્રાપ્ત થાઓ ને વેદનાથી ઉત્પન્ન થયેલું આપણું વાક્ય છે - અમને ચારે બાજુથી ઉંધાચત્તા - દુર્ભાવો પ્રાપ્ત થાઓ. આ ઉકરડામાં છે - ચિંતાઓના મચ્છર, સંકલ્પ - વિકલ્પના ઉંદરડા, વિષયવાસનાના

ભૂંડો, નકરા સ્વાર્થની દુર્ગંધ, એમાં ચારેબાજુથી કર્મોનો વરસાદ પડી રહ્યો છે ને અંદર વિકારોના અળસિયા ખદબદે છે. આપણે આ ડંપીંગ ગ્રાઉન્ડ પર બગીચો બનાવવો છે. ચાન્સ છે? પોસીબલ છે? હા. એક ભાઇએ સિસ્ટમ કરી રણમાં સરોવર બનાવ્યા. સાઉથમાં એક ભાઇએ ઉકરડામાં બગીચો કર્યો. તેના ફૂલ ફોરેન જાય છે. તો શું આપણું ડમ્પીંગ ગ્રાઉન્ડ બગીચો ન બની શકે?

છે ડમ્પીંગ ગ્રાઉન્ડ, છતાં ક્યારેક સુકૃત કર્યુ ને કમળ ઉગ્યુ. આપણે વિચાર્યુ - આ ઉકરડામાં કમળ શોભતું નથી. તેથી ઉખેડીને ફેંકી દીધું. દાનધર્મનું સુકૃત કર્યુ. ઉકરડામાં કમળ ખીલ્યું. પણ પાપાચારમય જીવનમાં જાણે કે એ શોભતું નથી. તેથી હવે ઉખેડો-અમે આટલા રૂપિયા આપ્યા છે, અમારી આ- આ શરતો છે. કમળ ઉખેડીને ફેંકી દીધું. શીલ - બ્રહ્મચર્ય, ચોવિહારનો નિયમ લીધો. કમળ ઉગ્યુ. પણ શોભતું નથી. માટે ક્યારે પૂરું થાય. એના વિચાર. હવે નિયમ લેવો જ નહીં. કમળ ફેંકી દીધું. તપસ્યા કરે. ઉપવાસ પર આયંબિલ, આયંબિલ પર ફરી ઉપવાસ. ખીલેલું કમળ, તોડવાનો પ્રયત્ન ચાલુ. મન વિચારે - ખૂબ અઘરું પડે છે. ના કર્યુ હોત તો સારું થાત. વ્યાખ્યાન સાંભળીને થયું. ક્ષમા રાખીએ. પણ પછી લાગે કે પેલો તો સુધર્યો જ નહી. ક્ષમાને ફેંકી દીધી.

આપણી પરિસ્થિતિ શું છે? ઉકરડામાં પાવડે પાવડે કચરો ફેંકીએ છીએ ને એમાં ઉગેલા કોક સુકૃતના કમળને અપેક્ષા, શરતો, નામનાની કામના, પસ્તાવોવગેરે દ્વારા ઉખેડીએ છીએ. આ ઉકરડામાંથી બગીચો બનાવવાનો છે. પહેલા ઉકરડો ખાલી કરો. જમીન ચોકખી કરો. પછી જ બગીચો બનશે. આપણી ફરિયાદ સ્થિરતાની નહી નિર્મળતાની જોઇએ. ભગવન્! એવી કૃપા કર કે મારું મન નિર્મળ થાય. મને આ - આ - આ દોષ સતાવે છે. કેટલાક પ્રગટ છે. કેટલાક અપ્રગટ છે.

જેમ પ્રાયમસમાં આગ દેખાય છે. કેરોસીન નહી. પણ કેરોસીનના કારણે આગ છે. તેમ આપણો ક્રોધ દેખાય છે. અંદર રહેલો અહંકાર નહી. પણ એ જ ક્રોધ પ્રગટાવે છે. જાતને પૂછો-પ્રાયોરિટી લીસ્ટ બનાવો-મને સૌથી વધુ કયો દોષ સતાવે છે?

એક ભાઇ કહે - માણિભદ્રવીર પ્રસન્ન થાય તો હું માંગીશ 'મારી હવેલીના સાતમા માળે સોનાના છાપરા નીચે મારા દીકરાના દીકરાના દીકરાને રમાડતો જોઉં' માણિભદ્ર પાસે ભલે આ લીસ્ટ ધરજો. પણ ભગવાન પાસે દોષોનું લીસ્ટ ધરજો. મારા આ-આ દોષ કાપો. નિર્મળ થયા વિના સ્થિરતા નથી મળવાની. નિર્મળ બન્યા પછી સ્થિરતા માટે પ્રયત્ન કરવાનો નથી. જાતે જ થઇ જશે. નિર્મળ થયા વિના સ્થિર થવા જશો તો આર્ત - રૌદ્રધ્યાન જ થવાનું છે.

મહાપુરુષો વારંવાર કહે છે, આત્મનિરીક્ષણ કરો. સુકૃતોનું લીસ્ટ નહી. દોષોનું લીસ્ટ બનાવો. પણ આપણે જુદું જ કરીએ છીએ. મેં કેવા કેવા સુકૃત કર્યા? કઇ કઇ હોંશિયારી કરી! દર્પણ સામે ભલે ઊભા રહો પણ આત્મનિરીક્ષણ કરો. એ પણ આત્મશુદ્ધિ માટે કરવાનું છે, અહંકાર માટે નહી. પ્રથમ પ્રાર્થના પછી પ્રયત્ન. પ્રાર્થનાના ૯૯ પગથિયા + પ્રયત્નનો એક પગથિયો. = સો ટકા સફળતા.

જાપ કરવા પૂર્વે શિવમસ્તુ.... થી વિશ્વહિતની કામના. ખામેમિ... થી ક્ષમાપના – જીવમૈત્રી. જં જં મણેણં.... થી આત્મશુદ્ધિ... પહેલા જાતનું સંશોધન કરો.

## <u>પોષ સુદ – ૧૫</u>

**અરિહંત** – જેમણે અંતરંગ શત્રુને જીતી લીધા છે. **અરહંત** – જેઓ અષ્ટ પ્રાતિહાર્યઆદિ પૂજાને યોગ્ય છે. **અરુહંત** – જે સંસારમાં ફરી ઉગવાના– જનમવાના નથી. જેમણે કામ ક્રોધાદિ છ શત્રુઓને જીતવા પ્રચંડ સફળ પુરુષાર્થ કર્યો છે તે અરિહંત. જૈનશાસન ઈશ્વરને માને છે. પણ નિત્ય ઈશ્વરને નહી. કોઇ વ્યક્તિ અનાદિથી શુદ્ધ નથી. પુરુષાર્થથી શુદ્ધ બને છે. તેમાં અરિહંતનો માર્ગ બતાવવા રૂપ અનુગ્રહ અનન્ય સાધારણ કામ કરે છે. પણ પોતાનો પુરુષાર્થ પણ જોઇએ છે. પોતાની અંતરંગ પરિણતિદ્વારા – વૈરાગ્યદ્વારા શુદ્ધ થવામાટે બાહ્ય અનુષ્ઠાનો નિમિત્ત છે. જે અરિહંતે પોતાના દોષો પ્રચંડ પુરુષાર્થ કરી જીત્યા. તેમને નમી હું પણ દોષોને પ્રચંડ પુરુષાર્થ કરી જીતું.

અર્હત્ – પૂજાને યોગ્ય – બીજા પાસે પૂજા માંગવી તે વાત જુદી છે, ને બીજો તમારા ગુણ – મહાનતા – ઉપકાર જોઇ પૂજા કરે તે વાત જુદી છે. પોતે એવા ગુણવાન બનો કે બીજા સહજ નમે. પરમાત્મા અરિહંત થયા, તેથી અર્હન્ બન્યા. પોતાના દોષોને જીત્યા માટે જ પૂજાને યોગ્ય બન્યા. સંપત્તિથી થતી પૂજા દેખાવની છે. આગળ કંકુના થાપા ને પાછળ રાખના થાપા થાય. આગળ પ્રશંસા પાછળ નિંદા, આગળ આવકાર પાછળ તિરસ્કાર. સત્તાધારી માટે આગળ નારાઓ બોલાય. પાછળ ગાળો આપે.

ચૂંટણીના સમયમાં નેતાજી પ્રચાર કરવા નીકળ્યા. ઝૂંપડી બહાર એક છોકરીને પૂછપરછ કરે છે. ઘરે કેટલા જણ છે? કઇ પાર્ટીને મત આપે છે? અંદરથી મમ્મીએ પૂછ્યું – કોની સાથે વાત કરે છે? અંદર આવી જા. દીકરી કહે – કોઇ નેતાજી લાગે છે. મમ્મી કહે – તો ગાયને પણ અંદર લઇ લે. નેતાજી ગાય પણ ઉપાડી જાય.

દુનિયાના લોકો સત્તા – શક્તિ – સંપત્તિ – અભિનય – કલા – કારીગરીથી પૂજાય છે, પણ આ પૂજા ટેમ્પરરી છે. તમારા અંતરંગ ગુણો એવા વિશિષ્ટ બનાવો કે જે

બીજાને અઘરા છે. તે ગુણો આપણને સહજ બને. અમને તો વાતવાતમાં ક્રોધ થાય છે. તમે કેવી રીતે ક્ષમા રાખી શકો છો? અમને તો દરેક પદાર્થમાં આકર્ષણ થાય છે. તમે કેવી રીતે સંતોષ ધારણ કરી શકો છો? આમ બીજા તમારા ગુણ તરફ ખેંચાય ને તમે પૂજાને યોગ્ય બનો તે જ ખરેખરી પૂજા છે. અર્હત્ બન્યા પછી અરુહન્ત બને છે. સંસારમાં જનમતા નથી.

"સિતં ધ્યાનં - સિદ્ધા : " તમામ કર્મો બાળી દીધા તે સિદ્ધ. સંસારમાં કેટલાકને જાતજાતની સિદ્ધિ મળે છે. પણ તે કાયમી નથી. કર્મક્ષયથી પ્રાપ્ત થતી સિદ્ધિ જ કાયમી છે.બગીચામાં રથકારે બાણાવલી કરી કેરી લાવીને કોશાને બાણવિદ્યાસિદ્ધિ બતાવી. તો કોશાએ પોતાની સિદ્ધિ બતાવી. રાઇનો ઢગલો કર્યો. ઉપર સોય ગોઠવી. તેની ઉપર કમળ અને તે કમળ પર ચઢી નૃત્ય કર્યું. પછી કહ્યું – આ બંને સિદ્ધિ નકામી છે. કદાચ અભ્યાસથી પ્રાપ્ત થાય. પણ ભવિષ્યમાં કલ્યાણ – સદ્ગતિ જ થાય તેવો નિયમ નથી. શ્રી સ્થૂલિભદ્રની બ્રહ્મચર્યની સિદ્ધિ જ સાર્થક છે. એમ સિદ્ધિ તો માત્ર સિદ્ધોની જ છે. અમારે પણ આઠ કર્મોના ક્ષયથી આઠ સિદ્ધિ પ્રાપ્ત કરવી છે. માટે 'નમો સિદ્ધાણં'.

આચાર્ય આચારથી સંપન્ન છે. ઉપ+અધ્યાય – જે અધ્યયનની સમીપમાં રહે છે તે ઉપાધ્યાય. સાધુ = સારું. જેના મન-વચન – કાયાના તમામ વ્યવહારો સારા જ હોય તે સાધુ. જેની એક પણ ચેષ્ટા અયોગ્ય ન હોય, યોગ્ય જ હોય તે યોગી. જે જગતના તત્ત્વને જાણે તે મુનિ. છ જીવનિકાયનું સંયમ પાળે તે સંયમી. છ કાયની યતના માટે યતિ. અગાર – ઘર છોડ્યું તે અણગાર. દરેક વિશેષણ સાર્થક છે. નકામા નથી. દેવાધિદેવ – કરુણાનિધાન – વીતરાગ આવા વિશેષણો શોભાના ગાંઠિયા કે લગાડવા પૂરતા નથી. પણ ગુણનિષ્પન્ન છે. બાકી છોકરાનું નામ વીતરાગ રાખે ને તે સામાન્ય બોલપેન જોઇ આકર્ષાઇ જાય તે નામ માત્રથી વીતરાગ છે.

અરિહંતને બધા વિશેષણોથી યાદ કરવા જોઇએ. 'નમો અરિહંતાણં દેવાધિદેવાય....' 'નમો અરિહંતાણં કરુણા નિધાનાય' કરુણા એટલે શું? જ્યાં બીજું કાંઇ વરસાવી ન શકાય. ત્યાં કરુણા વરસાવી શકાય. જે સત્યવાદી નથી, ન્યાયી નથી, અપરાધી છે. દોષોથી ભરેલો છે. તેના માટે શું વરસાવી શકાય? ક્રોધની આગ? દ્વેષ? ના. એના પર કરુણા જ વરસાવાય. જો ભગવાન કરુણાનિધાન ન હોત તો આપણું શું થાત? જો ભગવાન સત્યપક્ષી જ હોત, તો આપણને તો જુઠું જ ગમે છે. જો ભગવાન ન્યાયનિષ્ઠ જ હોત, તો આપણને તો અન્યાય કરવો ગમે છે. જો ભગવાનને પ્રામાણિક જ માન્ય હોત, તો આપણને તો અનીતિ જ ગમે છે. આમાં એક પણ પક્ષે ભગવાન આપણામાં ન બેસત. પણ ભગવાન આ બધાથી પર કરુણાનિધાન છે.

આ ભલે તમામ દોષોથી ભરેલો છે. પણ જીવ છે ને? કરુણા વરસાવ! જેનામાં ગુણો નથી તેના પર કરુણા! સાવ ફેંકી દેવા યોગ્ય જીવ પર પણ કરુણા વરસાવી! સંગમ પર પણ ભગવાને કરુણા વરસાવી તો મારા પર કેમ નહી? જ્યારે કોઇ તદ્દન નાલાયક લાગે, ત્યારે 'નમો અરિહંતાણં' મંત્ર બોલજો.... એ મંત્રથી તમારા પ્રાણમાં એક તાકાત પૂરાશે કે જે તમને એના પ્રત્યે કરુણા તરફ લઇ જશે નહીં કે કઠોરતા તરફ. એનો અતિ મહત્ત્વનો ફાયદો એ થશે કે અરિહંતની અનંત કરુણા તમારા પર વધુ સક્રિય થશે. કેમકે બંધિયાર કરુણા કરતાં વહેતી કરુણા વધુ આકર્ષક, નિર્મળ, આદર્શ છે. તમે અરિહંતની કરુણા ઝીલી બીજા તરફ એને વહેતી રાખો છો, તો આપનારો માત્ર સવાયું નહીં, મીનીમમ દસ ગણું મેળવવાનો અધિકારી ગણાય છે. ભૂમિમાં વાવો એ જ ભલે ઉગે છે, પણ જેટલું વાવો એટલું જ નથી ઉગતું, તેથી કંઇક ગણું વધારે ઉગે છે.

ભગવાન વીતરાગ છે. કોઇ પગ વચ્ચે ચૂલો બનાવી ખીર રાંધે તો પણ દ્વેષ નહી. ને કોઇ પગ નીચે સુવર્ણકમલ રચે તો ય રાગ નહી. બંને પ્રસંગે ચહેરા પર કોઇ ફરક નહી.

સિદ્ધના વિશેષણ છે. અજ, અમર, અનંત, નિરાકાર, નિર્લેપ. જેને ફરી જન્મવાનું નથી. જેને મરવાનું નથી. કેમ? જનમવું એ ગુનો છે. મરવું એ દંડ છે. સિદ્ધો અવિનાશી છે. સંસારી બધા જ જીવો કલંકિત છે. સિદ્ધો જ અકલંકિત છે. આપણને કલંક લાગ્યું છે – આ અજ્ઞાની છે. સંપૂર્ણ જ્ઞાનીને અજ્ઞાની કહેવું એ કલંક લાગ્યું કહેવાય. આ દુ:ખી છે. આનંદીને દુ:ખી કહેવું એ કલંક લાગ્યું કહેવાય. આ ક્રોધી છે. ક્ષમાવાનને ક્રોધી કહેવો એ કલંક છે.

આચાર્યના વિશેષણ – તીર્થંકર સમાન, ગચ્છનાયક. ઉપાધ્યાયના વિશેષણ – વાચક, પાઠક. સાધુના વિશેષણ – યતિ, અણગાર, સંયમી... આચારાંગમાં ઢગલાબંધ વિશેષણો કહ્યા છે. તે તે ગુણો તેઓમાં રહેલા છે, માટે તે તે વિશેષણો છે. એકે વિશેષણ નકામા નથી. એ અર્થમુજબ જાપ કરીએ તો ભાવ વધે જ.

'નમુત્થુણં અરિહંતાણં.... નમુત્થુણં ભગવંતાણં.... નમુત્થુણં આઇગરાણં...' દરેક વિશેષણ ભગવાન સાથે સંગત છે. માટે બધે જ ભગવાનને નમસ્કાર. એક 'નમો અરિહંતાણં' પદમાં ૧૦૮ વિશેષણ થઇ શકે. પણ તેવી ભૂમિકા – રસ જોઇએ. આવું કાંઇ નવું નવું કરો તો જાપમાં મજા આવશે. એ જ રીતે નમો સિદ્ધાણં... નમો અજાણં.... નમો અમરાણં... અથવા નમો સિદ્ધાણં અજાણ... ઇત્યાદિ.... એમ છેવટે નમો લોએ સવ્વ અણગારાણં.... એમ તે-તે પરમેષ્ઠીના તે તે ગુણ-નામ યાદ કરી નમસ્કાર કરતા જાવ... પછી જુઓ કેવો આનંદ આવે છે ને એ આનંદ કેવા પુણ્યના નઝરાણા લાવે છે!

નમો આયરિયાણં – તપાચાર – **ધ્યાન** :– સૌથી અલ્પકાલીન પણ સૌથી પ્રબળ સાધન છે ધ્યાન એમ કહીએ તો ચાલે. જીવને સમ્યક્ત્વ પામવાના ભવો કેટલા? જીવ ક્ષેત્રપલ્યોપમના અસંખ્યભાગ જેટલા ભવોમાં સમ્યક્ત્વ પામી શકે છે. એક યોજન = આઠ માઇલ લાંબા, પહોળા, ઉંડા કૂવામાં કેટલા આકાશ પ્રદેશો છે? અસંખ્ય. અંગૂઠાની એક લાઇનમાં અનેક અવસર્પિણી – ઉત્સર્પિણીના તમામ સમયો પૂરા થઇ જાય તેટલા અસંખ્ય સમયો છે. એક આંખના પલકારામાં અસંખ્ય સમય થઇ જાય છે. આટલા અસંખ્યભવોમાં જીવ સમ્યક્ત્વ પામી શકે. સમ્યક્ત્વ પામ્યા પછી અસંખ્યભવોમાં દેશવિરતિ પણ પામી શકે અને ચારિત્રને પામવાના ૭–૮ ભવ. આ બધી આરાધનાનો સાર શું? માત્ર અંતર્મુહૂર્ત. સાત લવ = સાડાચાર મિનિટ કરતાં ઓછો સમય. તે પ્રાપ્ત કરવા આટલી બધી આરાધના છે. તે તમામ આરાધના ક્ષપકશ્રેણીના ધ્યાન માટે છે. જે અસંખ્યભવોના અનંતા કર્મ ખપાવી દે તે ધ્યાન કરવાથી નથી આવતું. સ્વાધ્યાય કરતાં, અનુપ્રેક્ષા કરતાં કરતાં કાયાથી સ્થિર થઇ તદાકાર થઇ ગયા તે ધ્યાન છે. બાકી અચાનક ધ્યાન ટપકતું નથી. મરુદેવામાતા તેમાં અપવાદ પદે છે. માટે સતત સ્વાધ્યાયમાં લીન રહેવું.

ધર્મધ્યાન આવે તે પહેલા આર્ત – રૌદ્ર ધ્યાનને સમજીને કાઢવા પડે. આપણું મન ડમ્પીંગ ગ્રાઉન્ડ છે. કચરામાં – ઉંદરડા ને ભુંડ આળોટે તેમ મનમાં આર્ત – રૌદ્રધ્યાન, કૃષ્ણ – નીલ – કાપોત લેશ્યા આળોટી રહી છે. વારંવાર વ્યક્તિ પર દ્વેષ ને વસ્તુ પર રાગ થયા કરે છે. વ્યક્તિ પર રાગ થાય તો પણ લૌકિક સ્વાર્થથી થાય. પુત્ર પર રાગ થાય છે. કારણ લોહીનો સંબંધ છે. બાકી અનાદિથી એક જ ગણિત છે. 'જીવમાત્ર દ્વેષને પાત્ર' કદાચ જીવ પર તાત્કાલિક રાગ હોય તો તે પૌદ્ગલિક છે. તે પૌદ્ગલિક લાભ જતાં રાગ જાય. માતા પર રાગ છે. વૃદ્ધ થતાં વૃદ્ધાશ્રમમાં મૂકી આવે. પત્ની પર રાગ છે. રૂપ ગયું. પત્નીને તરછોડી દે. પુત્ર પર રાગ છે. ઉદ્ધત પાક્યો તો ઘર બહાર કાઢી મૂકે. મિત્ર પર રાગ છે. તેણે ધાર્યુ ન કર્યુ તો સંબંધ પૂરો.

તમામ રાગ હળદરિયા રંગ જેવા છે. તડકો પડે ને રંગ ગાયબ. આપણા સ્વાર્થ – અપેક્ષા – ઇચ્છા પૂર્ણ થાય ત્યાં સુધી સંબંધ. બાકી વાત – સંબંધ પૂરો. બાકી જીવો પ્રત્યેનો દ્વેષ ચોળમજીઠના રંગ જેવો છે. કપડું ફાટે પણ રંગ ન જાય.

ઘરાક કપડું લેવા આવ્યો. શેઠ કહે – સરસ રંગદાર છે. કપડુ ફાટે પણ રંગ ન જાય. બે દિવસમાં જ કપડું ફાટી ગયું. ઘરાક પાછો દુકાને આવ્યો. વેપારી કહે – મેં કહ્યું જ હતું ને? કપડું ફાટેપણ રંગ ન જાય.

તેમ આપણો જીવો પ્રત્યેનો દ્વેષ કેવો? પોતે દુર્ભાવમાં જશે. સાતમી નરકે જશે.

અજંપો - અશાંતિ - સંક્લેશમાં રહેશે, પણ દ્વેષ નહી છોડે. જીવો પ્રત્યેનો રાગ તકલાદી છે ને દ્વેષ મજબૂત છે. રાગ થાય તે વ્યક્તિ વિશે કોઇ ઉંધુ - ચત્તુ કહે તો રાગ ઉડી જાય. પણ દ્વેષ થયા પછી એ વ્યક્તિના કોઇ ગુણ ગાવે - પ્રશંસા કરે, તો પણ દ્વેષ ન ઉતરે. તે વખતે કહીશું - રહેવા દો - રહેવા દો. હું એને બરાબર ઓળખું છું. પૂરેપૂરો જાણું છું. જો કે આ વાત ખોટી છે, કેમકે તેવું ન કહેવાય. કેવળી સિવાય પૂરેપૂરો કોઇ ન ઓળખી શકે.

કોઇની સારી છબી એકાદ પ્રસંગથી તૂટી જાય છે. કોઇ ધડાધડ ચઢાવા બોલતો હોય, ત્યારે મનમાં થાય કે આ ભાઇ કેવા ઉદાર! જબરદસ્ત! ત્યાં જ મિત્ર કહે - રહેવા દે. તું ઓળખતો નથી. એ તો સ્મગલર છે. પોતે પાપ કરે છે, તે અહીં ધોવા આવ્યો છે. બોલો, એ છબી તરત તુટી જાય ને? કોઇ સરસ તપ કરે. બીજો કોઇ ઓળખીતો એની પ્રશંસા કરી જાય, ત્યારે પેલો કહે - રહેવા દે, બોલવા જેવું નથી. આ તો મહોરું છે. એનો અસલી ચહેરો ઘરે જોવા જેવો છે. એમ? આવો છે? વાત પૂરી. કોકને ખરાબ માનવો ઇઝી છે. પણ કોકની ખરાબ વાત ઘુસી ગયા પછી તેની સારી વાતોથી તેને સારો માનવો અઘરું છે. કારણ જીવો પ્રત્યે અનાદિથી દ્વેષ ઘુંટ ઘુંટ કર્યા કર્યો છે.

કોઇપણ રૂપ-રસ - ગંધ - સ્પર્શ - શબ્દ સારા દેખાય ને આકર્ષણ થાય. શબ્દ - સ્વર માટે આકર્ષણ, પતંગિયાની જેમ કોકને રૂપનું આકર્ષણ, અત્તરનું આકર્ષણ ગંધ માટે, તો કોકને સ્વાદ આકર્ષે છે. દ્રાક્ષ કાળી છે પણ મીઠી છે માટે ભાવે છે. કોકને સ્પર્શ આકર્ષે છે. આ પાંચે ઇન્દ્રિયોના વિષયો જડ છે. છતાં રાગ થાય છે. અનાદિથી મોકો મળે ને તરત જીવો પર દ્વેષ અને વિષયો પર રાગ ઘુંટ્યો છે. તેના કારણે જ આર્ત - રૌદ્રધ્યાન થાય છે.

વસ્તુનું આકર્ષણ આપણને આર્તધ્યાનમાં લઇ જાય અને વ્યક્તિપરનો દ્વેષ આપણને રૌદ્રધ્યાનમાં લઇ જાય. જમણવારનું - નીવિનું મેનુ વાંચ્યુ - ગુલાબજાંબુ છે. જમવા બેસ્યા. બધું પીરસાયું પણ ગુલાબજાંબુ આવ્યા જ નહી. તરત મનમાં આર્તધ્યાન ચાલુ. શું ખુટી ગયા? ઓછા પડ્યા? કે આગળવાળા બધા વાપરી ગયા? મને જ ન મળ્યા? વસ્તુનું આકર્ષણ આર્તધ્યાનમાં લઇ જાય. તેમાં જે અંતરાયભૂત બને તેનાપર રૌદ્રધ્યાન થાય. બાજુવાળો કહે - ગુલાબજાંબુ બનાવવાના જ હતા. પણ મહારાજ સાહેબે ના પાડી, તો મહારાજ સાહેબપર દ્વેષ. ના કેમ પાડી?

વસ્તુ પ્રત્યેનું આર્તધ્યાન જીવો પ્રત્યેના રૌદ્રધ્યાનનું કારણ બને છે. એમ જ લાગે છે કે મારા સુખમાં અંતરાય કરનારા આ જીવો જ છે. આ ઠાંસી ઠાંસીને દ્વેષ ભર્યો છે. આપણે કર્મથીઅરી માનીએ છીએ ખરા. પણ પ્રસંગ બને ત્યારે કર્મ હૈયે યાદ નથી

આવતા. સામેની વ્યક્તિ પર દ્વેષ ઉભરાઇ જ જાય છે. કર્મની વાત હોંઠે જેટલી શોભે છે, તેટલી હૈયે જડાયેલી નથી.

કોઇ બેફામ સંભળાવી જાય ને તમને ગુસ્સો આવે ત્યારે મારા જેવો કહે -તેં પૂર્વભવે તેવું કર્મ કર્યું હતું. તમે કહો – સાહેબ! માત્ર કર્મની વાત નથી. તેણે વિચારવું તો જોઇએ ને – સાચું શું છે? હું કર્મમાં માનું, પણ બીજાને દુઃખ આવે છે ત્યારે માનું છું. મને દુઃખ આવે તેમાં તો જે અપરાધી છે તેને ફાંસીએ જ ચઢાવું.

વસ્તુની નાશવંતતા – અનિત્યતા સમજાતી નથી માટે રાગ છે. હું મારા પુણ્યથી – પૈસાથી મજા કરું તો કોઇને તકલીફ શું કામ હોય? હું કરોડપતિ છું તો મોટું ટી.વી રાખું, દસ મોબાઇલ રાખુ, તો બીજાને શું તકલીફ? મારા રૂપિયાથી ૨૫૦૦૦નો સૂટ પહેરું તો બીજાને શું તકલીફ? મેં ચોરી થોડી કરી છે? હું મારા રૂપિયાથી કે પુણ્યથી મજા કરુ. તેમાં બીજાના પેટમાં તેલ કેમ રેડાય? બીજાને તકલીફ થાય કે ન થાય. તેલ રેડાય કે ન રેડાય પણ તમને તકલીફ ઊભી થવાની છે. કારણ વિષય સાથે સંબંધ જોડ્યો છે. આર્ત્તધ્યાનના નિમિત્ત ઊભા કર્યા છે. આર્ત્તધ્યાન ચાર પ્રકારે...

૧) ઇષ્ટવિયોગ – ગમતું છે તે જતું રહે અથવા ન મળે.

૨) અનિષ્ટ સંયોગ – ન ગમતું વળગી જાય અથવા આવ્યા પછી ન જાય.

૩) નિદાનાનુબંધી – બળતરા. બીજાનું જોઇ ઈર્ષ્યા થાય ને પછી પરલોકમાં કે આલોકમાં એવું મેળવી લેવાના સંકલ્પ થાય.

૪) વેદના – રોગની ચિંતા – ચિકિત્સા.

રૌદ્રધ્યાનના ચાર પાયા છે.

૧) હિંસાનુબંધી – મારા ભોગમાં – સામગ્રીમાં જે વચ્ચે આવે તેને ખતમ કરું.

૨) મૃષાનુબંધી – બીજા પાસેથી ચીજ મેળવવા કે પોતાનું છુપાવવા જુઠુ બોલાય.

૩) સ્તેયાનુબંધી – બીજાની ચીજ ઝૂંટવી લેવી – ચોરી કરવી.

૪) સંરક્ષણાનુબંધી – મારી ચીજને કોઇ હાથ લગાડે તો તેના હાથ કાપી નાખું.

આ ચાર – ચાર બાહ્ય કારણો છે. તેની અંતર્ગત વિષયનો રાગ અને વ્યક્તિ પ્રત્યેનો દ્વેષ મુખ્ય કારણ છે. કપ રકાબી ફૂટે તો દુઃખ થાય, પણ કોઇ ફોડે તો દ્વેષ થાય. દૂધ ચૂલે મૂક્યું ને ફાટી ગયું તો દુઃખ થાય. પણ તમારી ગેરહાજરીમાં નોકર પી જાય તો દ્વેષ થાય. ૨૬ જુલાઇ જેવો વરસાદ પડે ને ટી.વી., પલંગ બધું તણાઇ જાય તો દુઃખ થાય. પણ બે ભાઇ છુટા પડે ત્યારે મોટો ભાઇ ટી.વી. પલંગ ન આપે, તો દ્વેષ થાય. વસ્તુ નાશ થાય તો તેમાં દુઃખ છે. પણ વસ્તુના નાશમાં કોઇ વ્યક્તિનો હાથ છે, તો

નાશ ન દેખાય, હાથ જ દેખાય.

વસ્તુના રાગ કરતાં જીવનો દ્વેષ વધુ ગમે છે. ચટણી સારી બની તો ચટણીના વખાણ થાય. ને ખરાબ બને તો બનાવનારીની નિંદા થાય. મીઠાઇ સારી બની તો રસોઇયાના વખાણ ન થાય. પણ મીઠાઇ બગડી તો રસોઇયાની નિંદા થાય. આર્ત - રૌદ્રધ્યાનથી બચવું હોય, તો જીવો પ્રત્યે મૈત્રી ને વિષયો-જડપર વૈરાગ્ય વિના નહી ચાલે. જો આર્તધ્યાનમાં આયુષ્ય બંધાય તો તિર્યંચગતિનું ને જો રૌદ્રધ્યાનમાં આયુષ્ય બંધાય તો નરકગતિનું બંધાય. ત્યાં કોણ ઉપદેશ આપવા આવશે?

તિર્યંચગતિમાં ઘોડાને ઉપદેશ આપવા મુનિસુવ્રતસ્વામી ગયા, ચંડકૌશિકને પ્રતિબોધવા મહાવીરસ્વામી ગયા. મરુભૂતિમાંથી બનેલા હાથીને, નવકારવાળીના રાગના કારણે સાધ્વીમાંથી ગરોલી બનેલા ગુરુણીને હજી કદાચ પ્રતિબોધ થશે. અર્થાત્ તિર્યંચગતિમાં પ્રતિબોધ પામવાના હજી ચાન્સ છે. પણ નરકમાં જશો તો કોણ પ્રતિબોધ કરશે?

વિષયના રાગથી - વસ્તુના આકર્ષણથી તિર્યંચગતિ અને વ્યક્તિ પ્રત્યેના દ્વેષથી નરકગતિ. વસ્તુના આકર્ષણથી હજી બચી શકાશે. પણ જીવો પરના દ્વેષથી બચવું ખૂબ મુશ્કેલ છે. જરાક મનગમતી વસ્તુ તૂટે - બગડે - ફૂટે ને મન બગડે - આર્તધ્યાન. સરસ શુટ પહેરીને નીકળ્યા હો ને કાદવ ઉડે કે ચા ઢોળાય તો જીવ બળે તે આર્તધ્યાનની પૂર્વભૂમિકા અથવા આર્તધ્યાન છે. નવી કાર લઇને રોજ ધોવડાવે ને જરાક ક્યાંક ઘસારો લાગે, તો જીવ બળે. તો It may be possible તમે આર્તધ્યાનમાં છો. શરીર પર બહુ રાગ છે ને જરાક ડાઘા જેવું દેખાય, તો ચિંતા થઇ જાય. શક્ય છે તે સમયે તમે આર્તધ્યાનમાં છો.

અલ્યા! એના પર ડાઘ તો હમણાં પડ્યો. આત્મા પર કેટલા ડાઘ પડ્યા તે તો જો, પણ તે દેખાતું નથી. શરીરના ડાઘા માટે જાતજાતના ડૉક્ટર પાસે દોડે. જાત જાતની દવા લે. આર્તધ્યાન... એક સળી ખોવાય ને આર્તધ્યાન.... ક્યાં ગઇ સળી? જરાક મનગમતી વ્યક્તિ આડી અવળી થાય ને જીવ રઘવાટ કરે તે આર્તધ્યાન છે. કાં તેની ભૂમિકા છે. તે વખતે જીવને પૂછવું - તારે ક્યાં જવું છે? તારે કઇ ગતિનું રિઝર્વેશન કરાવવું છે?

વસ્તુમાટે મનગમતી, વ્હાલી, સારી, સુંદર, આકર્ષક, ઉપયોગી, કામની, મારી... આવા વિશેષણો યાદ છે. પણ તીર્થંકરના એકે વિશેષણ યાદ નથી. આવા વિશેષણોથી વસ્તુને ઓળખીએ છીએ માટે તેમાં જરાક કાંઇ થાય ને બાપુ ઉંચા નીચા થઇ જાય. તેનાથી Beware..... પહેલાં આંગણે 'Welcome' લખાતું. પછી 'ભલે

પધાર્યા' લખાતું, પછી 'No admission without permission', પછી 'Beware from the dogs'. ને હવે તો 'Danger'.

છગન કહે – આવ, આવ, મગન કહે – કેવી રીતે આવું? આ કૂતરો ભસે છે. કરડશે તો? છગન કહે – એટલે જ કહું છું. આવ. મારે પણ એ જ જોવું છે. તે કરડે છે કે નહી?

સાવધાનીના આ બધા બોર્ડ મનપર લગાવવાના છે. તું આર્તધ્યાન કરે છે – Beware. એક મિનિટનું આર્તધ્યાન તિર્યંચગતિમાં લઇ જશે – સાવધાન. એકવાર નરકે ગયેલાનો ૩૩ સાગરોપમે ઉદ્ધાર છે. પણ એક વાર તિર્યંચગતિમાં ગયેલાનો ઉત્કૃષ્ટથી અસંખ્ય પુદ્‌ગલ પરાવર્તે ઉદ્ધાર છે. એક પુદ્‌ગલ પરાવર્ત એટલે અનંત કાલચક્ર.

પળભરનું આર્તધ્યાન જીંદગીભરની સાધનાને બાળી નાંખનાર છે. ઉત્કૃષ્ટ શ્રાવક મરુભૂતિએ થોડી પળ માટે આર્તધ્યાન કર્યુ ને હાથી બની ગયો. એક પળનું આર્તધ્યાન ભલભલાની આરાધના પર પાણી ફેરવવા સમર્થ છે.

## પોષ વદ – ૧

કેટલીકવાર જે કાર્ય પુરુષાર્થથી સિદ્ધ ન થાય તે પંચપરમેષ્ઠીને નમસ્કાર કરવાથી સિદ્ધ થાય છે. જ્યાં પુરુષાર્થ ઓછો પડે ત્યાં પ્રાર્થના કામ પૂર્ણ કરે છે. જ્યાં શક્તિ નથી પહોંચતી, ત્યાં શ્રદ્ધા પહોંચે છે. વિઘ્નોથી, શારીરિક તકલીફોથી, સંયોગની પ્રતિકૂળતાથી, પ્રમાદાદિથી જ્યારે પુરુષાર્થ હારી જાય છે. ત્યારે કાર્યસિદ્ધ કરવા માત્ર પ્રાર્થના જ સમર્થ છે. તે જ અંતરાય – વિઘ્ન દૂર કરે છે. જ્યારે લાગે કે હવે નિષ્ફળતા જ મળવાની છે, ત્યારે હતાશ – નિરાશ થયા વગર પ્રભુ પ્રાર્થના કરવી. પ્રભુશરણે જતા રહેવું.

ખરેખર વર્તમાનમાં આપણી પરિસ્થિતિ એવી છે કે આપણો પુરુષાર્થ એટલો નબળો છે કે જ્યાં સો ડગલા ચાલવાનું છે. ત્યાં એક ડગલું પણ માંડ ભરાય છે. ને તે પણ આડુ અવળું. તો ૯૯ ડગલા કોણ ચલાવશે? બાળક નવું નવું ચાલતા શીખે, એક ડગલું ભરે ને પડે. તો મમ્મી તરત તેડી લે. અથવા ન જુએ તો રડે એટલે મમ્મી દોડતી આવીને ત્યાં પહોંચાડી દે. તેમ આપણી પાસે પુરુષાર્થ ખૂબ ઓછો છે, પણ પ્રભુ પર શ્રદ્ધા છે તો ચિંતા નથી.

૨૦ km ચાલીને થાકી જનાર પિતાએ કહ્યું – મને તો ખૂબ થાક લાગ્યો છે. દીકરો કહે – હું પણ ૨૦ km આવ્યો. પણ મને થાક ન લાગ્યો. બાપા કહે – તને શાનો

થાક લાગે? તને તો મેં ઉંચકી લીધો હતો. બંને પહોંચ્યા. એક ચાલીને, એક ઉંચકાઇને. બંને તીર્થંકર થવાના. મહાવીર સ્વામી અને પદ્મનાભ. વીર કહે – મારામાં પુરુષાર્થ છે તો હું માસખમણના પારણે માસખમણ કરીશ. શ્રેણિક કહે –હું નવકારશી ય કરી શકતો નથી. કાંઇ ચિંતા નહી. પ્રભુને સમર્પિત થઇ જાઓ.

પુરુષાર્થ ન પહોંચે, ત્યાં પ્રાર્થના પહોંચે છે. શક્તિ ન પહોંચે, ત્યાં શ્રદ્ધા કામ કરે છે. આપણી ભક્તિ વિધિપૂર્વકની નથી. સ્ખલનાવાળી – બીજા ત્રીજા વિચારોથી ભરેલી છે. તે ભક્તિ મુક્તિને ખેંચશે ખરી? લોહચુંબક નાનું છે. ઘસાયેલું છે અને લોખંડનો ગોળો ૫૦૦ ટનનો છે. તો તે લોહચુંબક લોખંડના ગોળાને ખેંચી શકે? ના. તો આપણી ભક્તિ મુક્તિને ખેંચશે તે માનવા તૈયાર ખરા? ના, મુક્તિ તો છોડો આપણી ભક્તિથી વિરક્તિ પણ નથી આવતી.

છગન લીલીને કહે – તારી સખી રસ્તે મળી હતી. કેવી લોહચુંબક જેવી છે. ચોંટી જ ગઇ. પત્ની કહે – એ ભલે લોહચુંબક હોય, તમે લોખંડ કેમ બન્યા?

સંસારના આકર્ષણો – વિષયો લોહચુંબક જેવા છે. આપણે એમાં ખેંચાઇ જનારા લોખંડ છીએ, તેથી એ આપણને ખેંચી જાય છે. તેથી જ આપણો પુરુષાર્થ – ભક્તિ નબળી છે. ત્યાં શ્રદ્ધા અખૂટ – અનંત જોઇએ. મારી ભક્તિમાં કોઇ વિશેષતા નથી. મને તો સમર્પિત થતાં ય નથી આવડતું. હું તારી પાસે આવું છું. છતાં મારી દૃષ્ટિ બીજે ત્રીજે જ ભટકતી હોય છે.

તાર્કિક શિરોમણિ રત્નાકરસૂરિજી મહારાજ. જે 'દોસસયમૂલ જાલ – અર્થ અનર્થનું મૂળ છે.' ઉપદેશમાળાના આ શ્લોક પર છ મહિના સુધી રોજ નવા નવા હેતુ–તર્ક–દ્રષ્ટાંતોથી સુધન શ્રેષ્ઠીને સમજાવે. આવા વિશિષ્ટ ક્ષયોપશમવાળા આચાર્ય ભગવંતને એકવાર પોતાનો દોષ દેખાયો. રત્નની માળા પર આસક્તિ હતી. માળા તો ફેંકી પણ પછી પોતાના દોષોનું જે આત્મસંવેદન કર્યું. ને રત્નાકર પંચવિંશતિકાની રચના થઇ. અત્યાર સુધીના ભવો માત્ર સંસારના ખાડા પૂર્ણ કરવા જ ગયા. જે સ્ખલના કબૂલ કરી તે બધી એમની નથી. એમની કદાચ એકાદ હશે. બાકી આપણી વાત રજુ કરી છે. એની ગુજરાતી રચનામાં પંક્તિ છે.

'આવેલ દૃષ્ટિમાર્ગમાં મૂકી મહાવીર આપને...' જેમનું રૂપ અનુત્તરવાસી દેવોથી પણ ચઢિયાતુ છે. 'કોડી દેવ મિલકે ન કર સકે, એક અંગૂષ્ઠ રૂપ પ્રતિછંદ'.... પણ આ જાત એવી છે કે તે પ્રભુ વીરને જોવાને બદલે સ્ત્રીનું રૂપ જોવા દોડે છે. પ્રભો!અમે તારી શું ભક્તિ કરી શકવાના? દરેક આત્મપ્રદેશો અનંતા દોષોથી ખરડાયેલા છીએ. કપડા ચોક્ખા છે, પણ મન કાળુ છે. માથુ કાળુ હોય ત્યારે તો હૈયું ધોળું નથી, પણ માથુ

ધોળું થાય ત્યારેય હૈયું કાળુ છે. એકે દોષમાં ડંખ – પીડા નથી. ગલગલિયા થાય છે. જીવનની આ જ સાર્થકતા લાગે છે. મળેલાં મન ઇન્દ્રિય, સંપત્તિ, શક્તિની આ જ સફળતા લાગે છે. રૂપ – મીઠાઇ આદિ મળે ને મહોત્સવ લાગે. ભગવાન! આ અમારી હાલત છે. અમારી ભક્તિની કોઇ વાત થાય એમ નથી. તેમાં કાંઇ દમ નથી. ભગવાન ! હવે અમારે તરવું છે.

હું ક્યાં ઊભો છું? પોતાની પોઝીશન – જાતને ઓળખો. કેવા વિચાર – સંજ્ઞા – વાસના – ઈર્ષ્યાઓ છલકાય છે! મોટામાં મોટી તકલીફ એ છે કે બીજાના નાનામાં નાના દોષો ઑન ધ સ્પૉટ દેખાય છે. આપણા મોટા દોષ દેખાતા નથી. કોઇ દેખાડે તો પહેલા તો સ્વીકારતા જ નથી. સ્વીકારીએ તો પણ બચાવ છે. કરેલી ભક્તિના વખાણ કરતાં પહેલાં જાતને પૂછો – મારી ભક્તિની તાકાત શું? રચયિતા કોક! ગાનાર કોક! સાંભળનાર આપણે. તેમાં પણ મન ઠેકાણે નથી. આવી પરિસ્થિતિમાં વિકાસ કેવી રીતે કરવો? જ્યાં ભક્તિ નથી પહોંચતી, ત્યાં શ્રદ્ધા પહોંચાડો. શ્રદ્ધા નથી ત્યાં ભક્તિ નથી જ. પણ ઘણીવાર એવી પરિસ્થિતિ થાય કે ભગવાન પ્રત્યે શ્રદ્ધા – અહોભાવ છે, પણ આપણા દોષો – મમતા – આસક્તિ – પ્રમાદ આપણી ભક્તિના દૂધપાકમાં કાંકરા નાંખે છે. શ્રદ્ધા નથી તેની તો વાત જ નથી. શ્રદ્ધા છે, પણ મમતા આદિથી ભક્તિ ન થાય, તો શ્રદ્ધા દૃઢ કરો.

આકર્ષણ સંસારનું છે. છતાં 'સાધુપણું શ્રેષ્ઠ છે' એમ માનીએ એ શ્રદ્ધા છે. ભગવાન! જ્યાં હું ભક્તિથી નહી પહોંચું, ત્યાં શ્રદ્ધાથી પહોંચીશ. છોકરાને શ્રદ્ધા છે કે હું મારું હોમવર્ક નહી કરી શકું તો મમ્મી – પપ્પા કરી આપશે.

ચિંટુ પીંટુને કહે – આઠ વાગ્યા, મારે ઘરે જવાનું છે. કેમ? મારું હોમવર્ક કરવા મારે પપ્પાને મદદ કરવાની છે. મારું ઘરકામ પણ કરવાના તો પપ્પા જ છે. મારે તો એમાં માત્ર હાજરી આદિરૂપે મદદગાર જ બનવાનું છે.

પ્રભુ! મારા હિત–મારું કલ્યાણ – મારા ગુણોની પ્રાપ્તિરૂપ ઘરકામ મારું હોવા છતાં, મને શ્રદ્ધા છે કે એ બધું તમારો અનુગ્રહ–તમારી કૃપાથી જ થઇ જશે. મારે તો એમાં શ્રદ્ધા રાખવા રૂપે માત્ર મદદગાર જ બનવાનું છે. છોકરો હોમવર્ક કરવા જેવું છે તે માને છે, પણ થોડું ઘણું કરે. પછી થાકે, રમે, ઉંઘે, છતાં શ્રદ્ધા છે કે મમ્મી કરી આપશે અથવા કાલે ટીચર નહી મારે. તેમ ભલે ભગવાન મારી ભક્તિમાં ખામી છે. પણ તારાપર અખૂટ શ્રદ્ધા છે, કે તારી કૃપા જ મને તારશે.

કલાક ભક્તિ કરી, પણ તેમાં ઠેકાણા કેટલા? આપણી ભક્તિ હતી તો ઘણા છિદ્રોવાળી જાણે કે મચ્છરદાની ને તેમાં ય વળી બાકોરાં કેટલા? ભગવાન આટલી પણ

ભક્તિ તારી જ કૃપાના બળે છે. જ્યાં ભક્તિ નથી પહોંચતી, ત્યાં શ્રદ્ધા પહોંચાડવી છે. પાંચ પરમેષ્ઠીને નમસ્કાર કેમ? તેઓએ જે ગુણો પ્રાપ્ત કર્યા, તે હું પ્રાપ્ત કરી શકું, તેવી મારી ભૂમિકા – હેસિયત – લાયકાત – યોગ્યતા નથી. જે ચઢી શકતો નથી. તેના માટે લીફ્ટ રાખવામાં આવે છે. હું તો દમનો દર્દી છું. પ્રભુ ટોચપર છે. આપણે સાધનાના ક્ષેત્રે હાંફી જઇએ છીએ. બધાને દમનો રોગ છે. જરાક સાધના કરતાં કરતાં ફેં ફેં થઇ જાય છે. શત્રુંજય ચઢી ન શકે તેના માટે ડોળી રખાય છે. પ્રભુના સમવસરણમાં ૨૦ હજાર પગથિયા હોય. દસ હજાર ચઢ્યા પછી રજતગઢ, પછી ૫ હજાર ચઢ્યા પછી સુવર્ણગઢ, બીજા ૫ હજાર ચઢ્યા પછી રત્નનો ગઢ. તેમાં એક હાથનું એક એક પગથિયું એટલે છ ઇંચ નહી ૧૮ ઇંચનું એક એક પગથિયું. આવા ૨૦ હજાર ચઢો, પછી ભગવાન પાસે પહોંચી શકો. શત્રુંજયના ૩૫૦૦ ચઢતાં ફેં ફેં થાય છે. તો ૨૦ હજાર કેવી રીતે ચઢી શકવાના? નીચેથી નીકળી જાઓ? ના. તેની વિશેષતા છે. ૯૦ વર્ષની ડોશીમા ને ૨૦ વર્ષનો યુવક સાથે પહોંચે. ૨૦ હજાર પગથિયા ચઢતાં ૨૦ હજાર સેકંડ માનો, તો પણ દેશના પૂરી થઇ જાય. પાંચ કલાકમાં તો બધું પૂરું. એમ ન પહોંચાય, પ્રભુનો વિશેષ અતિશય છે. પહેલા પગથિયે પગ મુકો ને ધડધડ ઉપર પહોંચી જાઓ. પણ પહેલા પગથિયે પગ તો આપણે જ મુકવો પડે. નીચેથી જતાં રહો તો કાંઇ ન વળે.

પ્રભુ કહે છે – તું 'નમો' નવકારનું પહેલું પગથિયું ચઢ. પ્રભુભક્તિ પહેલું પગથિયું છે. દોષોને જીતવા પહેલું પગથિયું ચઢ. બાકીના ૧૯,૯૯૯ પગથિયા તું મારા અતિશયથી ચઢી જઇશ. છતાં તને ભાર – થાક નહી લાગે. પ્રભુના આ અનુગ્રહની જબરદસ્ત તાકાત છે. ભગવાન! મારી ભક્તિમાં ખામી છે. હું જે 'નમો' મન–વચન–કાયાથી કરું છું, તે શ્રદ્ધા છે. બાકીના કામ તું પૂરા કરીશ. મારામાં દોષોના ઢગલા છે. તું મારા દોષોને દુર કરી ગુણ ટોચે ચઢાવીશ. મને 'નમો' માં શ્રદ્ધા છે. તેથી જ મારો નમસ્કાર ઇચ્છાયોગનો છે. ઇચ્છા–શ્રદ્ધા ખરી, પણ પ્રભુવચન મુજબની વિધિ નથી.

પંચપરમેષ્ઠીની ઉંચાઇ એવરેસ્ટનું શિખર છે. જ્યાં પહોંચાય તેમ નથી. તો ઉપાય છે –સાચા હૃદયથી – લાગણીપૂર્વક – દોષ નિવેદન પૂર્વક પરમેષ્ઠીની વિશેષતા સામે લાવી 'નમો' કર. તું ઉપર પહોંચી જઇશ. **પોતાની ખામી ને સામેવાળાની ખૂબી દેખાય તો નમસ્કાર સાર્થક થાય. પોતાની ખૂબી ને સામેવાળાની ખામી દેખાય તો ક્યાંથી મેળ જામે?** સાધુની ખામી ને આપણી ખૂબી દેખાય, તો મેળ કેમ થાય? 'નમો ' ફળે ક્યાંથી? પરમેષ્ઠીની ખૂબી ને આપણી ખામી જુઓ. આપ ઉંચાઈએ છો, હું તળિયે છું. આપની કરુણા વહેતી વહેતી મારાપર આવો, આ શ્રદ્ધા લાવો તો 'નમો' ફળે.

**આચાર્યપદ – તપાચાર – ધ્યાન :–** તમને ધ્યાન સહજ સિદ્ધ છે. તમારે ફરિયાદ કરવી જ ન જોઇએ કે અમારું મન સ્થિર નથી રહેતું. એ તો એવું સ્થિર થાય છે કે

છગન પોલીસ પાસે ફરિયાદ કરવા ગયો. મારા ઘરેથી ટી.વી. સિવાય ફ્રીજ – પલંગ બધું ચોરાઇ ગયું. પોલીસે પૂછયું – ટી.વી. કેમ ન ચોરાયું? છગન– એ કેવી રીતે ચોરાય? એ તો હું જોતો હતો. છગનની વાત એ છે કે હુ ટી.વી. જોવામાં એવો તલ્લીન હતો કે મારા ઘરનું બધું ચોરાઇ ગયું છતાં મને ખબર પણ ન પડી.

કોણ કહે છે મન સ્થિર નથી થતું? ટી.વી. જોવામાં, રૂપિયા ગણવામાં એકપણ ભૂલ પડતી નથી. ભલેને સામેથી ગણપતિ – તાજીયા નીકળે. મન તન્મય – એકાકાર તો થાય છે. પણ વિપરીતમાં, આવું કેમ? જ્યાં સ્થિર નથી કરવાનું, ત્યાં મન સ્થિર થઇ જાય છે. આવું કેમ? અનંતકાળની પ્રેક્ટીસ છે. અનુપ્રેક્ષા કર્યા વિના ધ્યાન આવી જાય છે. વગર ક્લાસે ધ્યાન આવે છે. અધ્યાત્મક્ષેત્રે ભાવના ભાવો પછી ધ્યાન આવે. સંસારક્ષેત્રે વગર ભાવનાએ ધ્યાન છે.

ક્યાં સ્થિર નથી થતાં? મોબાઇલ પર વાત કરતાં કરતાં ખબર ન પડી કે ગટરનું ઢાંકણું ખુલ્લું છે ને સીધો ગયો ગટરમાં. પ્રોફેસર રાતે બતાવે છે કે આ શુક્ર, ગુરુ, બુધ. એકે હાથ પકડ્યો. ભાઇ! ઉપર પછી જોજો. નીચે જુઓ. નીચે ખાડો છે. આપણે તદાકાર નથી થતાં? લગ્નમાં બસો – પાંચસો જણની વચ્ચે કોઇની સાડી ગમી જાય ને બધું ભૂલી જાય. આપણી સ્થિરતા તો જાહેરમાં ફજેતો કરાવે તેવી છે. છોકરી છોકરા પર સ્થિર થઇ જાય ને છોકરો છોકરી પર. આવી સ્થિરતા તો ડગલે ને પગલે છે. આવી સ્થિરતાથી જ આપણો સંસાર લીલોછમ રહ્યો છે. આવી સ્થિરતા દસ – વીસ સેકન્ડની હતી. પણ સંસાર અનંતકાળ વધી ગયો.

હવે તે ચેન્જ કરવું છે. આર્ત – રૌદ્રધ્યાનના કારણો ઓળખી લેવા છે. મન પૌદ્ગલિક પદાર્થપર ચોંટે છે, એમાં કારણ જો આકર્ષણ છે, આસક્તિ છે, તો મન આર્તધ્યાનમાં. કોઇના પ્રત્યે દ્વેષ – દુર્ભાવ – ક્રોધમાં સ્થિર થાય તો રૌદ્રધ્યાનમાં.... વસ્તુના આકર્ષણમાં સ્થિરતા – આર્તધ્યાન. વ્યક્તિના ગુના – દોષમાં સ્થિરતા – રૌદ્રધ્યાન. આમ તો દુર્ધ્યાનના ૬૩ નિમિત્તો બતાવ્યા છે. પછી શાસ્ત્રકાર કહે છે. વગેરે વગેરે વગેરે.... આ તો સેમ્પલ બતાવ્યા. આવા તો બીજા ઢગલાબંધ છે.

પાંચ ઇન્દ્રિયોના કો'ક એક વિષયપર મન એકાકાર થયું, તે આર્તધ્યાન. પુદ્ગલ, શરીર, વ્યક્તિ, પ્રસંગ પર મન એકાકાર તે આર્તધ્યાન. કોઇ જીવપર દુર્ભાવથી એકાકાર તે રૌદ્રધ્યાન. આ શોર્ટ વ્યાખ્યા છે. બાકી બધી વ્યાખ્યાઓ તેનો વિસ્તાર છે. (૧) મનગમતું મેળવવામાં (૨) તે મળ્યા પછી તેને ભોગવવામાં (૩) આ હવે ચાલ્યું

જશે તો મારું શું થશે? એની ચિંતામાં એકાકાર તે આર્તધ્યાન છે.

આવે પહેલા, આવે ત્યારે, ને જાય ત્યારે આર્તધ્યાન કરાવે તેવી સામગ્રી તમે રોજે રોજ વધારો, તમને કેટલી શાબશી આપવાની? ત્રણે ભૂમિકામાં તમને આર્તધ્યાન કરાવે તેવી વસ્તુ – સંબંધ – સામગ્રી વધારવામાં તમે આધુનિકતા માનો, તો કેટલા મેડલ આપવાના? ત્રણે તબક્કે આર્તધ્યાન કરાવે તે સંબંધ – વસ્તુ વધારવા છતાં કોઇ ડંખ નથી, પણ માનો છો કે બધાની સાથે રહેવું છે. બધા સાથે સમાનભૂમિકાએ રહેવું છે. આમ વારંવાર આર્તધ્યાનના નિમિત્તોમાં ગરબા ગાવા ને પછી કહો કે આર્તધ્યાન પરિહરું – દૂર કરું, તે બોલવાથી દૂર નહીં થાય. જે મનને રતિ કરાવે, ગલગલિયા કરાવે, તે દરેક સામગ્રી પર ત્રણ તબક્કે આર્તધ્યાન છે.

તેવું જ અનિષ્ટના વિષયમાં છે. જે નથી ગમતું, જેના પર જરા પણ લાગણી નથી, જેના પ્રત્યે સદ્ભાવ નથી. તેવી વ્યક્તિ – વસ્તુ – પ્રસંગ – સામગ્રી – સંબંધમાં ત્રણે તબક્કે આર્તધ્યાન. (૧) એ આવી જશે તો? (૨) આવ્યા પછી ક્યારે જશે? (૩) ગયા પછી ફરી પાછું આવશે તો?

છગનને ટ્રકનો એક્સીડંટ થયો. હોસ્પીટલમાં ત્રણ મહિના પસાર કર્યા બાદ ડીસ્ચાર્જ આપવામાં આવ્યો. પણ છગન ડરતો ડરતો બહાર નીકળે છે. ડૉક્ટર કહે – હવે તો હાથ-પગ સાજા થયા. ડરે છે કેમ? છગન કહે – તે ટ્રક પાછળ લખેલું હતું – ફીર મિલેંગે. આમ ઇષ્ટ અને અનિષ્ટના ત્રણે તબક્કે આર્તધ્યાનના લીસ્ટ બનાવો. તમને શું ગમે છે? પાંચ ઇન્દ્રિય અને મનના વિષયમાં શું ગમે છે? સામગ્રી – સંબંધો – પ્રસંગો... વ્યક્તિઓ...

કમ સે કમ જાતને છેતરવાનું તો બંધ કરો. We are the greatest cheaters in the world. આપણા જેવા ઠગારા બીજા કોઇ નથી. બીજા તો બીજાને ઠગે છે. આપણે તો આપણા આત્માને ઠગીએ છીએ. હવે જાતને ઠગતા નહી. જે જે ગમે છે, તેનું હવે પ્રામાણિકપણે લીસ્ટ બનાવો ને માર્ક આપતા જાઓ. આની હાજરી મને કેટલો આનંદ આપે છે? ને આની ગેરહાજરી મને કેટલું દુઃખ – પીડા આપે છે? તેમ અનિષ્ટ માટે આની હાજરી મને કેટલું દુઃખ– પીડા આપે છે ને આની ગેરહાજરી મને કેટલો આનંદ આપે છે? ટી.વી., મોબાઇલ, વ્યક્તિ – પ્રસંગ – સંબંધ – બધાનું લીસ્ટ બનાવ્યા પછી માર્ક આપો. તો ખબર પડશે કે મને આ વિષયમાં આર્તધ્યાનના ચાન્સ કેટલા છે? મને આર્તધ્યાનના પાવરફુલ નિમિત્તો કેટલા છે? હું ક્યાં ઊભો છું? તે તો મને ખબર પડશે.

તેવું જ લીસ્ટ અનિષ્ટ માટે પણ બનાવો. અનિષ્ટના વિષયમાં ૨–૪–૫–

હશે. કોઇક વ્યક્તિ ન ગમે, કોઇ જુની વસ્તુ ન ગમે. કારેલાનું શાક કે જુના કપડા ન ગમે. જુનો મોબાઇલ કે જુની કાર ન ગમે તે અનિષ્ટ. કેટલુંક એવું છે 'ગમતું પણ નથી ને છુટતું પણ નથી' જુના પેંટશર્ટ ગમતાં નથી, પણ તો છુટતા પણ નથી. નાનાભાઇનો મિત્ર આવ્યો હોવાથી તે મારુતિમાં નીકળી ગયો ને મોટાભાઇને મારુતીના બદલે એમ્બેસેડર મળી. તરત આઘાત લાગી ગયો. આમાં કેવી રીતે જવાય? મારા સ્ટેટસનું શું? મારો મિત્ર જોશે તો શું કહેશે? ડીપ્રેસ્ડ થઇ ગયો ને દરિયામાં કૂદી પડ્યો.

ગમતી નથી તેવી કેટલીક વસ્તુ એવી છે કે તેને છોડીએ તો બીજા પાછી વળગાડી દે. કથા આવે છે – અબ્દુલ્લાના જાડા બુટ ઘસાય જ નહી. ફાટે જ નહી. તે તેનાથી કંટાળી ગયો. આ જાય તો સારું. બહાર ફેંકી દીધા. થોડીવારમાં એક ભાઇએ બેલ વગાડી. અબ્દુલ્લાભાઇ! આપકે બુટ! અબ્દુલ્લાને ગુસ્સો આવ્યો. તે જઇને તળાવમાં નાંખી દીધા. બીજા દિવસે માછીમાર આવ્યો – ગઇકાલે મોટી માછલી પકડી. તેના પેટમાં આ તમારા બુટ હતા. અબ્દુલ્લાએ માથાના વાળ ખેંચી લીધા. જંગલમાં દૂર જઇને નાંખ્યા. ચાર-પાંચ દિવસે એક મુસાફર આવ્યો. આ તમારા બુટ છે ને! અનિષ્ટનો સંયોગ. એ આર્તધ્યાનનો બીજો પ્રકાર.

બાપાને મોટો પસંદ, નાનો ન ગમે તે અનિષ્ટ. સાસુને જેઠાણી પસંદ, દેરાણી નહી. તે અનિષ્ટ. વહુને સાસુ અનિષ્ટ લાગે. માટે સતત આર્તધ્યાન ચાલુ. બાપાને એક દીકરો ઉડાઉ લાગે તેથી તે જ્યારે જ્યારે આવે, ત્યારે ત્યારે આર્તધ્યાન – હમણાં રૂપિયા માંગશે. ક્યારે જાય, ક્યારે આનાથી છુટકારો થાય!

આમાં પણ ત્રણ તબક્કા છે. નરકમાં જીવો પરમાધામીની પીડાથી જેટલા દુ:ખી છે, તેનાથી વધુ દુ:ખી પરમાધામીની કલ્પનાથી થાય છે. અવધિજ્ઞાનથી પરમાધામીને આવતા જુએ ને કલ્પનાથી જ પીડા પામે. એમ અનિષ્ટના ૩ તબક્કે આર્તધ્યાન છે. જાતને પૂછો –કોણ કોણ અનિષ્ટ? કઇ કઇ વસ્તુ, કયા કયા પ્રસંગ અનિષ્ટ? દુનિયામાં પ્રસંગ એકવાર બને. મનમાં કેટલીવાર બને? દુર્યોધનને પૂછો – 'આંધળાના દીકરા આંધળા' આ પ્રસંગ બહાર કેટલીવાર બન્યો ને મનમાં કેટલીવાર? સાસુ વહુની એક ભૂલ કાઢે. અંદર મનમાં કેટલીવાર ઘુંટાયા કરે? મન તેમાં ને તેમાં જ સતત આર્તધ્યાન કરતું રહે. એ અનિષ્ટનું આર્તધ્યાન જલ્દી રૌદ્રધ્યાન તરફ લઇ જાય છે. જાતને પૂછો – આત્મનિરીક્ષણ કરો. લીસ્ટ બનાવો. દિવસમાં હું કેટલીવાર આર્તધ્યાન કરું છું? તિર્યંચગતિમાં જવા માટેના મારા જીવનમાં કેટલા નિમિત્તો આવી રહ્યા છે?


૬૪) અધર્મી જીવોનો પણ તિરસ્કાર ન કરશો.
એ કરવા જશો તો તમારું જ બગડશે.
– સંભવ જિનવર વિનંતી
પૂ.આચાર્યશ્રી અજિતશેખરસૂરિ મ.સા.ની પ્રેરણાથી
મિહિર જયેશભાઇ અજમેરા

૬૫) શાસ્ત્રનું વાંચન નહીં પણ ગુરુગમથી શ્રવણ થાય
તો જ સાચું જ્ઞાન મળે – *સંભવ જિનવર વિનંતી*



કાંતિલાલ સુખલાલ શાહ
(મોરબીવાળા, ઘાટકોપર)

૬૬) વૈરાગ્ય એટલે રાગનો અભાવ નહીં.
પણ ઈન્દ્રિયોના વિષયોમાં વિરસતા–
રસરહિતપણું – *અજિત જિણંદ શું પ્રીતડી*



પૂજ્ય મુનિરાજશ્રી મંત્રશેખરવિજયજી મ.સા. તથા
પૂજ્ય સાધ્વીજીજશ્રી અરિહંતપ્રભાશ્રીજી મ. – સિદ્ધપ્રભાશ્રીજી મ.ની પ્રેરણાથી
શા. પ્રવિણકુમાર વાઘમલજી કંકુચોપડા પરિવાર – પુના

૬૭) પાપ પહેલાં મનમાં પેસે, પછી જ વચન અને કાયાથી થાય, માટે મનમાંજ એને નો એડમીશન કરો. જેથી પાપનો વિચાર જ ન આવે. – *અજિત જિણંદ શું પ્રીતલડી*



પૂજ્ય મુનિરાજશ્રી મંત્રશેખરવિજયજી મ.સા. તથા

પૂજ્ય સાધ્વીજી શ્રી અરિહંતપ્રભાશ્રીજી – સિદ્ધપ્રભાશ્રીજી મ.ની પ્રેરણાથી

**શાહ નિલેશકુમાર લલિતભાઈ પુના**

૬૮) શુભ ક્રિયાનો પ્રત્યેક અંશ ચિત્તમાં શુભ અધ્યવસાય જગાડે છે. જેને આ શુભ અધ્યવસાયથી પાપક્ષય અને પુણ્યાનુબંધી પુણ્યની કમાણીનો ઊંચો લાભ દેખાય. તે સ્વયં ક્રિયામાં સારો ઓત-પ્રોત થાય - *અજિત જિણંદ શું પ્રીતલડી*



શ્રી હસમુખ ચીમનલાલ સંઘવી તથા
અ.સૌ.નીતાબેન હસમુખલાલ સંઘવીના સિદ્ધિતપની અનુમોદનાર્થે
મુનશી મેનોર, સર્વોદય નગર, મુલુંડ (વેસ્ટ)

૬૯) પ્રભુનું દર્શન મળે. પણ તેનો અપરંપાર આનંદ ન હોય
તો દર્શન ફળે નહીં – અભિનંદન સ્વામી અમારા



ત્રણ સદ્ગૃહસ્થ – હસ્તે નીતિનભાઇ કુરિયા

૭૦) જેને ધર્મમાં સુખનો અનુભવ નહીં તેને
ધર્મમાં તેવો ઉલ્લાસ નહીં

– અભિનંદન સ્વામી અમારા



અ.સૌ. રેખાબેન અશ્વિનભાઇ દોશીના વીશસ્થાનકતપની પૂર્ણાહૂતિ નિમિત્તે
હસ્તે પાર્થ કાર્તિક અશ્વિનભાઇ દોશી, સુભાનપુરા – વડોદરા


૭૧) ઇશ્વરની દયા – કૃપા માત્ર રૂપિયા જ આપવામાં નથી,
સદ્‌ગુણો – શક્તિ – સત્ત્વ વગેરે ઘણું ઘણું આપવામાં છે.
– અભિનંદન સ્વામી અમારા
માતુશ્રી બાલુબા ખુશાલદાસ શાહ,
અ.સૌ. પુષ્પાબેન વિનુભાઇ શાહ
સુભાનપુરા – વડોદરા

## પોષ વદ – ૨

• અરિહંત પરમાત્મા જગતને કેવી રીતે માર્ગદર્શક બને છે? ભગવાનની ચાર વિશિષ્ટતા છે. તેનો પ્રયોગ ગોશાળાએ પ્રભુ વીર માટે કર્યો. પૂર્વે ગોશાળાનો ભક્ત સદ્દાલપુત્ર પ્રભુ વીરનો ભક્ત બન્યો એ સાંભળી ગોશાળો સદ્દાલપુત્રને મળવા આવે છે. પ્રભુ વીરે નિયતિવાદનું ખંડન કરવાદ્વારા પુરુષાર્થનું પ્રાધાન્ય બતાવવાદ્વારા સદ્દાલપુત્રને સમ્યક્ત્વ આપ્યું.

જે ઘટના – પ્રસંગો આપણે સુધારી શકતા નથી, જ્યારે કોઇને – પ્રસંગને સુધારવાના પ્રયત્ન નિષ્ફળ જાય છે, ત્યારે હતાશા – નિરાશા – દુર્ભાવ કરવાના બદલે ભવિતવ્યતાને આગળ લાવી મનને સમાધાનમાં લાવવું. પણ જ્યાં પુરુષાર્થથી કામ થતું હોય, ત્યાં પુરુષાર્થ કરવાનો.

ભસ્મરાશિગ્રહ ભગવાનના જન્મનક્ષત્રમાં સંક્રાંત થતો હતો, ત્યારે ઇન્દ્રે આયુષ્ય વધારવાની વિનંતિ કરી, પણ ભગવાને કહ્યું – આયુષ્ય વધારી શકાતું નથી. આ ગ્રહની સંક્રાતિથી જે નુકસાન થવાનું છે તે નિશ્ચિત છે. કેમકે ભવિતવ્યતા એવી જ છે. પણ તમને કહીએ કે સામાયિક કરશો? ત્યારે ભવિતવ્યતા હશે તો થશે તેમ નહીં કહેવાનું. પુરુષાર્થથી કામ ચાલે ત્યાં ભવિતવ્યતા ન લગાડવી. આમ સદ્દાલપુત્રને પ્રતિબોધ કર્યો. દસ શ્રાવકમાં તેમનું નામ ગણાય છે.

એ પૂર્વે ગોશાળાનો ભક્ત હતો, તેથી ગોશાળાને લાગ્યું, મારો ભક્ત ઝૂંટવાઇ ગયો. તેથી ફરી પોતાનો ભક્ત બનાવવા સદ્દાલપુત્રના આંગણે આવ્યો છે. છતાં તે ગોશાળાને આવકાર નથી આપતો. ગોશાળાને ખબર છે, સદ્દાલના મનમાં પ્રભુ વીરપર પ્રેમ છે. તેથી ગોશાળો પ્રભુના વખાણ કરે છે 'મહાગોવો, મહાસત્થવાહો, મહાનિજ્જામકો, મહામાહણો.' આ વાત ઉપાશકદશાંગમાં આવે છે. એ જ વાત ભદ્રબાહુસ્વામી કહે છે.

પ્રભુ કેવા? મહાસાર્થવાહ – સાર્થવાહ સાર્થને = પોતાની સાથે આવેલા જન સમુદાયને એક નગરથી બીજા નગરે પહોંચાડે છે. પ્રભુ આદિનાથે ધનસાર્થવાહના ભવમાં ઉદ્‌ઘોષણા કરાવી... ગરીબ હોય કે શ્રીમંત, જે કોઇ મારી સાથે આવશે, તેમને મારા ખર્ચે લઇ જઇશ. બધાને ભોજનની વ્યવસ્થા કરીશ. જંગલી પશુઓથી સંરક્ષણ આપીશ. ધંધાની સામગ્રી આપીશ. ધંધો શીખવાડીશ, વસંતપુર પહોંચાડીશ. તેમાં આચાર્યાદિ જોડાયા. ધનસાર્થવાહ એક નગરથી બીજા નગરે પહોંચાડે. ભગવાન મહાસાર્થવાહ સંસાર નગરથી મોક્ષનગરે પહોંચાડે. જે સાધનામાં ઢીલો છે તે ગરીબ.

સાધનામાં મજબૂત છે તે શ્રીમંત. કોઇ નવકારશી કરે તે ગરીબ ને કોઇ માસખમણ કરે તે શ્રીમંત, ભલે કોઇપણ હોય.

રૂપિયા હોય ને મેલા કપડાં પહેરે તે ગરીબ કહેવાય કે કંજૂસ? કંજૂસ. રૂપિયા ન હોય ને મેલા કપડાં પહેરે તે ગરીબ કહેવાય. તેમ શક્તિ નથી ને નવકારશી કરે તે ગરીબ કહેવાય, પણ શક્તિ હોવા છતાં નવકારશી કરે તે પ્રમાદી કહેવાય. ભગવાન કહે - ગરીબ - શ્રીમંત બધાને લઇ જઇશ. પણ કંજૂસ - પ્રમાદીને નહી. શક્તિ ઓછી હોવાથી બાહ્યદ્રષ્ટિએ નવકારશી કરે, શક્તિ વધુ હોવાથી બાહ્યદ્રષ્ટિએ માસક્ષમણ કરે. તે બંનેને ભગવાન મોક્ષે લઇ જાય. પણ શ્રીમંતાઇ હોવા છતાં કંજુસાઇ કરે તે માયા છે.

શક્તિમુજબ આરાધના ન કરે તે માયાવી છે. ભગવાન તેને તારી શકતા નથી. શક્તિ નથી ને તમે બેઠાં બેઠાં ખમાસમણા આપો છો, શક્તિ હોય તો તમે ઊભા ઊભા ખમાસમણા આપો. બંનેને લઇ જઇશ. પણ શક્તિ હોવા છતાં બેઠાં બેઠાં ખમાસમણા આપો તો તે માયા કરે છે, તેને નહી. અલબત્ત ભગવાન તો તેને પણ લઇ જવા તૈયાર. પણ માયાવી તો ભગવાનને પણ છેતરવા ઇચ્છે. કહે એમ કે હું આપની સાથે મોક્ષે આવવા તૈયાર. પણ વળી જાય સંસારના રસ્તે. પ્રમાદી એટલે જે ચાલવાનું તો છોડો, જે પ્રમાદમાં પડ્યો છે, ત્યાંથી ઉઠવા પણ તૈયાર નથી. કોઇ ઉઠાડવા... કાઢવા આવે, તો પણ તૈયાર નથી... એને ભગવાન કેવી રીતે મોક્ષે લઇ જઇ શકે?

ગરીબ કે શ્રીમંત, નાનો કે મોટો, ચારિત્ર પર્યાયથી નાનો કે મોટો, મને જે સમર્પિત છે, તેને મોક્ષે લઇ જઇશ. કોઇ ભેદભાવ નહી. બધા સાથેનો વ્યવહાર સમાન રહેશે. આપણા તો સામાન્ય વ્યવહારમાં પણ ભેદ પડે. સાધુ ભગવંત તમારા ઘરે કોઇ સાધર્મિકને જમવા મોકલે, પણ તમને ખબર પડે કે શ્રીમંત છે, તો મીઠાઇ સરસ મંગાવો ને ખબર પડે કે ગરીબ છે, તો ઘઉંનો શીરો ચાલશે.

ભગવાનપર ઓવારી જાઓ... હે ભગવાન્! અમે અમારા સામાન્ય વ્યવહારમાં પણ શ્રીમંતને આવકારીએ છીએ ને ગરીબને તુચ્છકારીએ છીએ. ભગવાન! અમે તારા સાધર્મિકના વ્યવહારમાં પણ ભેદભાવ કરીએ છીએ. અમે આવા સાવ નીચલી કક્ષાના છીએ, છતાં તારી કરુણામાં કોઇ ભેદભાવ નથી. જે કરુણા ગૌતમ પર વરસાવી તે જ કરુણા મારા પર! અદ્ભુત! ભગવાન! તું જો અમારા જેવો વ્યવહાર લઇને બેસત તો અમારું શું થાત?

ભગવાનની ભૂમિકામાં કોઇ ભેદભાવ નથી. ગરીબ કે શ્રીમંત, નાનો કે મોટો, ભિખારી કે ઉદ્યોગપતિ. નથી ક્ષમા, નથી સરળતા, નથી નમ્રતા. તે ગુણોથી દરિદ્ર છે. જે ગુણોથી સમૃદ્ધ છે - ક્ષમા, નમ્રતા, સરળતાદિથી ભરેલો છે, તે ઉદ્યોગપતિ. બધા

સમાન. દેવદુંદુભિ કહે છે –'ભો ભો પ્રમાદમવધૂય ભજધ્વમેનં' – હે ભવ્યજીવો! મોક્ષનગરનો સાર્થ નીકળ્યો છે. પ્રમાદ છોડો ને જોડાઇ જાઓ. ભગવાન બધાને લઇ જશે. ભગવાનના શરણે આવ્યા તે બધાને ભગવાને તાર્યા.

ભગવાન કહે છે – વચ્ચે જંગલ આવશે. જ્યાં ત્રાસ આપનારા તત્ત્વ હોય તે જંગલ. જ્યાં ભીલ – ચોર –પશુઓ વગેરે હોય તે જંગલ. જ્યાં હિંસક પશુઓ નથી. જ્યાં ચોર – ભીલ નથી. જ્યાં રાજાનું શાસન ચાલે છે. જ્યાં જીવાતો કરડી જવાનો ડર નથી, તે શહેર. જ્યાં મોટી મોટી કીડી, કાનખજૂરા આવે, સિંહ – ચોર – લુંટારા – ભીલનો ડર હોય, જે રસ્તે જાઓ તો ભૂલા પડી જાઓ. તે જંગલ. ભગવાન કહે છે – સંસાર એ શહેર નથી, જંગલ છે. તો તમે જંગલી કે નાગરિક? જંગલમાં રહે તે જંગલી ને નગરમાં રહે તે નાગરિક. તમે કોણ?

સંસાર જંગલ છે 'નિરન્ધ્રે ભવકાનને...' અહીં આપણા સદ્ભાવને – સુકૃતને–પુણ્યને ચોરી જનારા સ્વજનોરૂપ ભીલ – લુંટારા–ડાકુઓ વસે છે. પડોશીએ મમ્મણશેઠનો સુકૃતનો લાડવો ચોરી લીધો – 'હાય હાય! આટલો મોટો લાડવો આપી દીધો!' સ્વજનો સલાહ આપે છે – લાભ લીધો તો તકતી નહી? આવા સ્વજનો સુકૃતમાટે ચોર જેવા છે. આપણા સુકૃતને ચોરી લે છે... આપણને નવી–નવી સામગ્રી વસાવવા ઉશ્કેરી એ સામગ્રીની મજા તેઓ લે છે. સામગ્રી આવવામાં આપણું પુણ્ય વપરાઇ જાય છે. આમ તેઓ આપણા પુણ્યની ચોરી કરે છે. આવા ઘણા આપણી આજુબાજુ છે, જે સુકૃતની અનુમોદનાને બદલે અપેક્ષા ઊભી કરાવે. તમે આટલો મોટો તપ કર્યો ને જમાઇ શાતા પૂછવા ય ન આવ્યા ! પતી ગયું. હવે તપના શુભ ભાવ ખતમ. જંગલમાં ચોરી થાય છે, તેમ આ બધા શુભભાવના ચોરો છે.

અહીં રાગ– દ્વેષરૂપી સિંહ – હાથી ખુલ્લે આમ ફરનારા પશુઓ પણ છે. રાગ કેસરી ને દ્વેષગજેન્દ્ર.જેમ જંગલમાં હિંસક પશુઓ ખુલ્લે આમ ફરે છે, તેમ સંસારમાં રાગ– દ્વેષ – મોહના બેફામ હુમલા થાય છે. તેનાથી અટકાવનાર – બચાવનાર કોઇ નથી. રતિ – અરતિ, હાસ્ય – શોકના કીડાઓ અહીં ફરે છે. જરાક સારું મળ્યું – રતિ, જરાક ખરાબ મળ્યું–અરતિ. ચહેરો ખીલે ને પળમાં તો મુરઝાય જાય. વળી પાછી સંસારની વિશિષ્ટતા છે કે જે કેડી પકડો તે ઉંધે રસ્તે જ લઇ જાય. શહેરની જેમ જંગલમાં કોઇ રસ્તા – બોર્ડ કે માઈલસ્ટૉન ન હોય. તેમ સંસારમાં સુખી થવા જે માર્ગ પકડો, તે વધુ દુઃખના માર્ગે ભૂલા પાડે. સંપત્તિ માટે દોડ્યો.એ ભેગી થઇ. પણ ભોગવતા પહેલા જ જીવન પૂરું. આ ભૂલા પડ્યા. સાધનોથી સુખ મળે તેથી સાધનોની કેડીએ દોડ્યો, પણ દુઃખ જ મળ્યું.

'ભિખારીના હાથમાં મોબાઇલ' વાક્ય બદલો – 'મોબાઈલના કારણે ભિખારી.' રેડીઓ વસાવનારને ક્યાં ખબર હતી કે ટેપ રેકોર્ડર, બ્લેક એન્ડ વ્હાઇટ ટી.વી. કલર ટી.વી. ફ્લેટ ટી.વી. આવશે... પણ બધું આવતું ગયું. આ સાધનોમાં ભૂલા પડ્યા.

સ્વજન – પરિવારનો માર્ગ પણ ભૂલા પાડે છે. તેમની આરતી મંગલદીવા કરવામાં, પ્રસંગ સાચવવામાં, પળોજણમાં જ જિંદગી પૂરી થાય ને મર્યા પછી વીલ ખુલે ત્યારે દીકરો કે જમાઇ કહે – દગો કર્યો.

આવા સંસારજંગલમાંથી મોક્ષનગરમાં લઇ જવા પ્રભુ સાર્થવાહ છે. – come with me. ગરીબ – શ્રીમંત, નાના – મોટા, ભિખારી – ઉદ્યોગપતિ, બધાને એકસાથે એક વ્યવહારથી લઇ જઇશ. જંગલમાં કીડા–ચોર–પશુ ન સતાવે ને સાચા માર્ગે પહોંચો તે ગેરેંટી મારી. ત્યાં પહોંચી ઠરી ઠામ થાઓ. તેની જવાબદારી મારી. તે માટે સામગ્રી મારી ને નફો તારો. દર્શન–જ્ઞાન–ચારિત્રની સામગ્રી મારી. મોક્ષસુખની કમાણી ને તે પહેલા સદ્‌ગતિના લાભ તમારા.

ધનસાર્થવાહ દ્રવ્ય સાર્થવાહ છે. મોક્ષસુધી પહોંચાડનાર પ્રભુ ભાવસાર્થવાહ છે. પ્રભુ કહે છે – મારા પગલે પગલે આવો. ભગવાન જેવા સાર્થવાહ મળ્યા છતાં આપણને બીજા સંસારતરફ લઇ જનારા આકર્ષક સાર્થવાહ ગમે છે.

એક કાઠિયાવાડી કાકા ગામમાંથી મુંબઇ આવ્યા. બસની લાઇનમાં ઊભા હતા. બસ આવી. લાઇન છોડીને બધા ભાગાભાગી કરવા માંડ્યા. એટલે કાકાએ પણ કૂદકો માર્યો ને દાંડો પકડ્યો. પણ નીચે પડી ગયા. એક મરાઠીએ પૂછ્યું – કાય ઝાલા? કાકા કહે – ઝાલ્યું હોત તો પડત ક્યાંથી?

આપણી હાલત પણ આ કાકા જેવી છે. ભગવાનને પકડીએ તો છીએ, પણ ઝાલી રાખ્યા નહી. માટે દુર્ભાવ – દુર્ધ્યાનમાં પટકાઇએ છીએ. ભગવાનને પકડીએ, પણ જેવો સંસારભાવોનો ધક્કો લાગે ને ભગવાનની શ્રદ્ધા – વચનો છુટી જાય છે ને દુઃખી થઇએ છીએ. સંસારીઓ –સ્વજનો પૂછે છે. કેમ શું થયું? વૉટ હેપન? ક્યા હુઆ? કિં જાતં? કાય ઝાલા? કહો–ઝાલ્યું હોત તો પડત નહી. જો મેં ભગવાનની આજ્ઞાને પકડી રાખી હોત, તો દુઃખી ન થાત. પ્રભુઆલંબન મજબૂત પકડી રાખીએ તો વાંધો ન આવે. ભગવાને જે ધર્મ–આરાધના – સ્વસ્થ રહેવાના માર્ગ બતાવ્યા તે છોડીએ છીએ માટે જ દુઃખી થઇએ છીએ.

**આચાર્યપદ – તપાચાર – ધ્યાન :–** મનની ચંચળતા રોકવા સ્વાધ્યાય, કાઉસ્સગ્ગ, ધ્યાન છે. જે કોમન ધ્યાન છે તેની વાત પહેલા. વતાવાતમાં આર્તધ્યાન. કોઇપણ

પ્રકારના પુદ્ગલ – વસ્તુ – સંબંધ – ઘટનારૂપ હોય, તેના વિચારમાં એકાગ્રતા તે આર્તધ્યાન. અનિષ્ટ કે ઇષ્ટરૂપે એકાકાર થાઓ તો આર્તધ્યાન શરુ. **આપણી તકલીફ એ છે કે વસ્તુ ઘરમાં આવ્યા પહેલાં મનમાં આવે છે ને ઘરમાંથી નીકળ્યા પછી પણ મનમાંથી નીકળતી નથી.** પહેલાં મનમાં આવ્યું કે ઘડિયાળ લેવા જેવી છે. પછી રૂપિયા ખર્ચી ઘરમાં લાવ્યા. છોકરા કે નોકરના કારણે તૂટી. ઘરમાંથી નીકળી પણ મનમાંથી નીકળતી નથી. માટે મનમાં તોફાન ચાલુ થાય. ઘડિયાળ કેમ તૂટી? કેવી સારી હતી? એની તો ગેરેંટી હતી. કેટલી ઉપયોગી હતી? મનમાંથી જતું જ નથી.

કપરકાબી તૂટ્યા. ભેગા કરીને ફેંક્યા. તેની સાથે મનમાંથી પણ ફેંદી દો. હાથમાંથી – ઘરમાંથી જાય છે, પણ મનમાંથી જતું નથી. માટે આર્તધ્યાન થાય છે. How? આ બન્યું જ કેવી રીતે? કોકનો વાંક – આમાં કોઇનો વાંક છે તો તેના પર દ્વેષ. તેથી આર્તધ્યાન પછી આવે રૌદ્રધ્યાન. આર્તધ્યાન પાયલોટ કાર છે ને રૌદ્રધ્યાન એ પછી આવનાર મહાનુભાવ છે. અનિષ્ટના વિષયમાં પણ ૩-૩ પ્રકારે આર્તધ્યાન. આવે તે પહેલા ચિંતા. આવે ત્યારે ટેન્શન. ગયા પછી ફરી આવશે તો? તેની કલ્પના – ભયથી આર્તધ્યાન. આવી ગયું તો એના કારણે થતાં નુકસાનથી આર્તધ્યાન. ગયા પછી ફીર મીલેંગે – મને કેવું હેરાન કરી ગયું! ફરી આવશે તો?

**૩) નિદાન** – બીજાનું જોઇને બળતરા. ઉપભોગની ખરીદેલી કોઇપણ ચીજના પૈસા તો જ વસુલ થાય, જો એ જોઇને બીજાને ઈર્ષ્યા થાય. ટી.વી., કાર, ફર્નીચર, મોબાઇલ, કપડા, દાગીના જે ખરીદ્યા તેના પૈસા વસુલ ક્યારે? એ જોઇ બીજાને અંદર બળતરા થાય તો પૈસા વસુલ લાગે. તમારી ચીજને કોઇ આંખ ફાડી ફાડીને જુએ તો તમને લાગે પૈસા વસુલ! વાપરવાથી પૈસા વસુલ નથી માનતા, કોઇને બાળવામાં માનો છો. માટે જ વાપરવાના રસ કરતાં બતાવવાનો રસ વધુ હોય છે.

ઘરમાં ઘઉંનો લોટ લાવો તો બીજાને બતાવો? ના. એ થોડા બતાવાય! પણ કોઇ ૫૦ હજાર – લાખની લેટેસ્ટ ચીજ લાવ્યા હો, તો તે બતાવાય. એક ઘરડી ડોશીમાને તેના દીકરાએ ગીલેટવાળી સોનાની બંગડી મોકલી. તે ડોશીમા જ્યારે તેની સખીને મળે ત્યારે હાથ આમ આમ ફેરવે. પણ કોઇ જુએ જ નહી. છેવટે ગુસ્સો આવ્યો. હવે તો બતાવવું જ છે. રાતે ઝુંપડીને આગ લગાવીને બુમાબુમ કરી મૂકી. તે આગના પ્રકાશમાં સોનાની બંગડી ચમકે છે. પડોશી કહે – અરે! તારી બંગડી તો સોનાની છે! ડોશી કહે – પહેલા બોલવું હતું ને તો ઝુંપડી તો બાળત નહી. જેટલો વાપરવામાં આનંદ નથી. તેટલો બતાવવામાં છે.

બીજાની સામગ્રીની વિશિષ્ટતાનું આકર્ષણ આર્તધ્યાનમાં લઇ જાય છે.

ઇષ્ટવિયોગ અને અનિષ્ટ-સંયોગ કરતા આ નિદાનાનુબંધી આર્તધ્યાન વધુ ભયંકર છે. કારણ આમાં જીવ પોતાની મૂલ્યવાન ચીજને વેડફી નાંખવા જેટલો પાગલ બની જાય છે. પોતાની પાસે નથી ને બીજા પાસે વિશેષ જોઇ લઘુતાગ્રંથી અનુભવી, પોતાને નીચો માનીને આર્તધ્યાન કરે. આનો નવો ફ્લેટ થયો. મારો ક્યારે થશે? આની નવી કાર આવી. મારી ક્યારે આવશે? પેલા યુરોપ ગયા, આપણે ક્યારે જઇશું? બધા નકરી દેખાદેખીથી જ જાય છે. અમે જઇ આવ્યા. પણ શું જોઇ આવ્યા? તે ન પૂછતા. માત્ર બીજા આગળ કહી શકીએ અમે યુરોપ જઇ આવ્યા. અમે મોટી પાર્ટી છીએ. મહાબળેશ્વર કે માથેરાન ન જઇએ. બીજા આગળ વટ પાડવાની માત્ર વાસના છે. જેને પાલીતાણાના એક એક દેરી કે કુંડનો ઇતિહાસ જાણવાનો રસ નથી. તેને પેરીસના એફીલ ટૉવરના ખીલા જોવામાં શું રસ હોય? ઝુલતો પુલ જોઇને કહેશે આ તો એન્જીનીયરે બરાબર બનાવ્યું નથી. માટે હલે છે. ઇજિપ્તના પત્થર શું જોવાના? એને આ બધામાં રસ નથી. માત્ર વટ લગાવવામાં રસ છે.

ચંપા બોલી – અમે યુરોપ જઇ આવ્યા. એટલે રમા કહે – અમે કાંઇ ઓછા છીએ? પતિને કહે – ચલો, હમણાં જ બુકીંગ કરાવો. બીજાનું જોઇને તેની દયા ખાવાના બદલે ઈર્ષ્યા કરીએ તે મોટામાં મોટી ભૂલ છે. તમે યુરોપ ગયા. તમને ૧૫ દિવસ પૂજા કરવા મળી? સામાયિક કેટલા કર્યા? ખરેખર દયા ખાઓ જે યુરોપ ગયા તે પૂજાથી વંચિત રહ્યા.

જે જે ચીજ જોઇ તેમાં રાગ થયો, તે તે ચીજ બનાવવામાં જે પાપ થયા, તેમાં ફોગટના ભાગીદાર થયા. રૂપિયા ખર્ચી પાપ ભેગું કરે તેની દયા ન આવે? ૫૦ હજારનો મોબાઇલ રમાડતો હોય તેને જોઇને ઈર્ષ્યા નહી, દયા ખાઓ. તુચ્છ મોબાઇલને ખાતર માનવભવના મૂલ્યવાન સમય બગાડે છે. બિચારો મોબાઇલમાં પાગલ બની ગયો. આનાથી વધુ લેટેસ્ટ આવતા એ જ પછી ઈર્ષ્યાથી દુઃખી થશે.

ઈર્ષ્યા થયા પછી સંકલ્પ કરે – (૧) આપણે પણ રૂપિયા ખર્ચી આવું લાવશું. (૨) ભવિષ્યમાં પરભવમાં મારા તપ-સંયમ- બ્રહ્મચર્યના બળથી મને આ પ્રાપ્ત થાઓ. આ બધું આર્તધ્યાન છે. આમાં કાં તો રૂપિયાનો કાં તો સાધનાનો બગાડો છે. જે રૂપિયાથી તમે સુકૃત કરી શકતા હતા તે રૂપિયા ફર્નીચરમાં બગાડ્યા. જે રૂપિયાથી તમે સુકૃત કરી શકતા હતા. તે રૂપિયાથી બીજાની ઈર્ષ્યાથી બળી મરેલા તમે પાપના સાધનો ભેગા કરો છો. જે સાધનાથી તમે મોક્ષ પામી શકતા હતા. તેને સાવ ફાલતુ ચીજ માંગીને ફેંકી દો છો.

ઐરાવણહાથી આપી ગધેડો લેવાય ખરો? ચિંતામણી ફેંકી કાગડો કોણ ઉડાડે?

ચંદનના લાકડા સળગાવી રસોઇ કોણ બનાવે? સોનુ આપી ચણોઠી કોણ લે? પાગલ પાગલને અનુસરે, વાંધો નથી. પણ જે દુનિયાદારીમાં પાગલ બન્યો છે. ભોગસુખ મોજમજામાં પાગલ બન્યો છે. તેને જોઇને ડાહ્યો – પુણ્યવાન શ્રાવક – સુકૃત કરનાર – ધર્મને જાણનારો તેમાં ખેંચાય તો હાહાકાર થાય છે. ડાહ્યો પાગલને અનુસરે છે.

આપણી વાત છોડો. પ્રભુ વીર સોળમાં ભવે વિશ્વભૂતિ હતા. વિશાખાનંદીના ટોણાથી નિયાણું કર્યુ. આજે તે સત્તાધારી છે, માટે પરાભવ કરે છે. મારા તપસંયમના બળે એવી શક્તિ મળો...કે ભવાંતરમાં હું આનો મારનારો થાઉં ને મને એવું બળ મળો કે કોઇ મારો પરાભવ કરી ન શકે.

ઇષ્ટનો વિયોગ કે અનિષ્ટનો સંયોગ થાય ત્યારે આર્તધ્યાન થાય. પણ આમાં તો રૂપિયા ખર્ચી, મૂલ્યવાન સાધના વેચીને આર્તધ્યાન ખરીદવાનું છે. કેટલા કષ્ટ સહન કરી અમૂલ્ય માનવભવના સમય મળ્યા. તે ખર્ચી આર્તધ્યાન ખરીદવું છે. સોળમાં ભવે નિદાન થયું. પછી પ્રભુનું જે પતન થયું, તેમાં છેક બાવીસમા ભવે ઉદ્ધાર થયો. તેમાં વચ્ચે બે વાર નરક મળી ને અસંખ્યભવ એકેન્દ્રિયના કર્યા. એકવાર ભૂલો પડેલો જીવ ક્યાં ને ક્યાં અટવાઇ ગયો.!!

## પોષ વદ – ૩

(૧) અરિહંત પરમાત્મા મહાસાર્થવાહ છે. દુઃખમય સંસારમાંથી કાઢી કાયમી સુખના સ્થાનરૂપ મોક્ષમાં લઇ જનાર છે. જેમ દુનિયાથી થાકેલો ઘરે ઠરીઠામ થાય, તેમ સંસારથી થાકેલો મોક્ષે ઠરીઠામ થાય છે.

૨) **મહાગોપ** = ગો એટલે સૂર્યના કિરણ. જેમ સૂર્ય પોતાના કિરણોથી જગતને પ્રકાશે છે. તેમ ભગવાન પોતાના જ્ઞાનથી ત્રણે લોકના અનંત દ્રવ્યો અને પર્યાયોનો બોધ આપે છે. સૂર્ય અસ્ત થાય છે. પ્રભુ અસ્ત થતા નથી. સૂર્યને વાદળોનો – રાહુનો ડર છે. પ્રભુને નથી. સૂર્યને ગતિ કરવી પડે છે. જ્યારે પ્રભુને સતત કેવળજ્ઞાન ને કેવળદર્શન સાથે જ છે.

ગો એટલે ગાય અને પાંચ ઇન્દ્રિય. પાંચ ઇન્દ્રિયરૂપી ગાયોના ટોળાનું રક્ષણ કરે છે, માટે મહાગોપ. ભગવાને પોતાની પાંચેય ઇન્દ્રિયોનું તો રક્ષણ કર્યું જ છે. ભગવાનને પોતાની એકપણ ઇન્દ્રિયને જીતવા પ્રયત્ન કરવો પડતો નથી. છતાં તે ઉચ્છૃંખલ પણ નથી બનતી. સ્વયમેવ સહજ વર્તતી હોય.

પ્રભુની સામે પાંચે ઇન્દ્રિયોના ઉત્કૃષ્ટ વિષયો હોય, છતાં 'ચિત્રં કિમત્ર યદિ...' ગાંધર્વના અદ્ભુત સંગીત – સ્વર ચાલુ હોય, અપ્સરાઓ નૃત્ય કરતી હોય, ઇન્દ્રાણી ભમરાની જેમ આંખો ફેરવતી હોય, છતાં ભગવાન નિર્વિકાર છે. છ ઋતુના

પાંચ વર્ણના સુગંધમય પુષ્પો ઝરમર વરસ્યા જ કરે. લાગે કે જાણે આ ગંધ ઉંડો શ્વાસ લઇ અંદર ભરી દઉં. ભગવાનને ગોચરીમાં શું ન મળે? જીભના ઉત્કૃષ્ટ રસો મળી શકે તેમ છે. સુસ્વર છે. એવી માલકોશ વાણી નીકળે કે છ મહિનાના ભુખ-તરસ મટી જાય. સ્પર્શ - રત્નના સિંહાસનપર બેસવાનું. નવ કનકકમલ પર ચાલવાનું. સમવસરણની અદ્ભુત શોભા. ચામર વીંઝાઇને મંદમંદ પવન સ્પર્શે. જે રસ્તે ચાલે ત્યાં સુગંધી પાણીના છંટકાવ થાય, પુષ્પો વરસે, તે પવન કેવા હશે? ઉંઘ આવી જાય. છતાં ભગવાનને પાંચે ઇન્દ્રિયોને કાબુમાં લેવા પ્રયત્ન કરવો પડચો નથી. સહજરૂપે આત્મહિતકર પ્રવૃત્તિમાં ઇન્દ્રિયો લાગેલી છે. અહિતકર પ્રવૃત્તિમાં જતી જ નથી. અર્થાત્ ભગવાને પોતાની ઇન્દ્રિયોને તો ગોપવી જ છે. તેના ગોપ તો છે જ. પણ મહાગોપ પણ છે. એ કેવી રીતે?

જે ભગવાનના ચરિત્રનું - કલ્યાણકનું -નિર્વિકારતાનું - નિર્લેપતાનું ધ્યાન ધરે છે. તેને પાંચ ઇન્દ્રિયોના વિષયો સતાવે નહી.

- ચ્યવન કલ્યાણક. માત્ર સાંભળવાનું છે. તેના ધ્યાનથી કાનના વિષયો ટળે.
- જન્મ કલ્યાણક. પરમાત્માનું પ્રથમ દર્શન, માટે તેના ધ્યાનથી રૂપના વિષયો ટળે.
- દીક્ષા કલ્યાણક. શીલધર્મની સુવાસ. તેથી તેના ધ્યાનથી નાકના વિષયો ટળે.
- કેવળજ્ઞાન કલ્યાણક. તીર્થ પ્રવર્તાવે, દેશના આપે તેના ધ્યાનથી જીભના વિષયો ટળે.
- નિર્વાણ કલ્યાણક. હવે કાયયોગ પણ ગયો. માટે તેના ધ્યાનથી સ્પર્શના વિષયો ટળે.

કાનના વિષયો બહુ સતાવે છે. પરમાત્માની ધર્મદેશનાનું ધ્યાન ધરો. આંખના વિષયો સતાવે છે, તો પ્રભુના અલૌકિક રૂપને નિહાળો. 'કોડી દેવ મિલકે ન કર શકે એક અંગુષ્ઠ રૂપ પ્રતિછંદ'... અનુત્તરવાસી દેવ કરતાં ય વિશિષ્ટરૂપ. પ્રભુની દેહરચના માટે જે ઔદારિક પુદ્ગલો વપરાય, તે ઘણા ઓછા છે. બીજાને એ ન મળે. સ્નાન વિના સ્વચ્છ, અલંકાર વિના સુશોભિત, મેકપ વગર સૌંદર્યવાળુ. એવું પવિત્ર રૂપ છે કે અનિમેષ નજરે આંખ ફાડી ફાડીને જોવાનું મન થાય, પણ વિકાર ન જાગે. પ્રભુની અંદર વીતરાગતા પડી છે. તેથી એ નિર્વિકારરૂપ બીજાને પણ નિર્વિકારી બનાવે. દુનિયાનું દરેક રૂપ કરમાઇ જવા માટે છે. શરુઆતમાં એટ્રેક્ટીવ અને વૃદ્ધ થતાં કરમાઇ જાય છે. ભગવાન ઉંમરથી ઘરડા થાય પણ શરીરે કોઇ ચિહ્નો ન હોય. ૭૨ વર્ષે પણ યુવાન. ઢળતી યુવાની નહી. વર્તમાનકાળની યુવાનીનો કાળ ઘડપણ કહેવાય. ૩૦ વર્ષે જ વાળ ખરવા લાગે. ટાલ વધે. વાળ કપાવવા જાય ત્યારે કપાવવાના નહી, શોધવાના પૈસા લાગે. ભગવાન ૭૨ વર્ષે પણ નવયુવાન લાગે. આવું રૂપ હોવા છતાં જબરદસ્ત નિર્વિકાર દશા. તેમના ધ્યાનથી દુનિયાના તમામ રૂપનું આકર્ષણ ખતમ થઇ જાય.

આંખના વિકારો દૂર થાય.

ભગવાનના શ્વાસોશ્વાસ -શરીરની સુગંધનું ધ્યાન કરવું. એકબાજુ કમળ, ચંપો, મોગરો હોય. અને બીજી બાજુ ભગવાન વિહાર કરતા હોય. તો એ ફૂલો પર બેસેલા ભમરાઓ પણ પુષ્પ છોડીને ભગવાનની સુગંધમાં આસક્ત બને. ભગવાનની પાછળ દોડે. તે સુગંધ અત્તરની નથી. તમે તો અત્તર લગાડો. કોઇ તો પેટ બગડે તો પણ અત્તર લગાડે. પૂર્વભવથી ભગવાન જે શીલમય પવિત્ર જીવન જીવ્યા છે. તે શીલધર્મની અસર આ ભવ સુધી વર્તાય છે. ઘરડું શરીર યુવાન બનાવવા, દુર્ગંધી શરીર સુગંધી બનાવવા તમારે જાતજાતના સાધનો વાપરવા પડે છે. તેના કરતાં પરમાત્માનું ધ્યાન ધરો. બાહ્ય પદાર્થોની જરૂર નથી. પ્રભુ ધ્યાનથી જ બધા વિકારો – વિચારો દૂર થાય છે.

માગસર વદ એકમથી ચાલુ થયેલ ભગવાનના અભિગ્રહપૂર્વકના ઉપવાસો પાંચ મહિના પચ્ચીસ દિવસ ચાલ્યા ને પારણે અડદના બાકુળા. જેને જીભના સ્વાદ સતાવે, તેણે પરમાત્માની જીભનું ધ્યાન ધરવું. જેને બહુ ચટાકા ને ફટાકા જોઇએ. રોજે રોજ જાતજાતની નવી આઇટમ જોઇએ. નીવિમાં પણ જુની ન ચાલે. જૈનોના અભક્ષ્યનું લીસ્ટ મોટું છે. કંદમૂળ નહી. દ્વિદળ નહી. માંસાહાર નહી. તેમ ભક્ષ્યનું લીસ્ટ પણ ખૂબ મોટું થઇ ગયું છે.

જૈનોના બે શોખ ભારે છે (૧) ફરવાનો (૨) સાથે સાથે સ્વાદનો રસ પણ એટલો જ પોષવાનો. ખાવાની વસ્તુ પર પૂરેપૂરા તુટી પડીએ છીએ. નવી નવી આઇટમ જોઇએ. રોમમાં રસ ને પેરિસમાં પાતરા... વર્ષોથી દાળ-ભાત -રોટલી- શાકથી ચાલતું હતું, પણ અહીં નીવિમાં – હોટલ – લગ્નપ્રસંગે – સિદ્ધચક્રપૂજનમાં વેરાયટી જોઇએ છે.

જે અતિ બોલે તે મૃષાવાદ બોલવાનો. આત્મપ્રશંસા, પરનિંદા, મર્મઘાતક, જુઠું બોલવાનો. જે ધંધામાં અતિલોભ રાખી દોડે તે અનીતિ, દગો, વિશ્વાસઘાત, લાંચ ભ્રષ્ટાચારમાં લપટાવાનો. તેમ જે અતિ ખાય તે અભક્ષ્ય પણ ખાય. સંઘમાં પણ બે કાઉન્ટર રખાવે. સાધુનું કાઉંટર અને શ્રાવકનું કાઉન્ટર – હકીકતમાં સાધુના કાઉન્ટરનું અમને ખપે જ નહી. કારણ અભ્યાહૃત થાય. કેવી રીતે લાવ્યા તે અમે ક્યાં જોયું? જ્યાં બનતું હોય ત્યાંથી જ વહોરવું જોઇએ. પણ તમે અમને ત્યાં લઇને ન જાઓ. બાંધી મુઠી લાખની. તમે તો ભક્ષ્યને પણ અભક્ષ્ય બનાવી દીધા. ગુલાબજાંબુ ભક્ષ્ય કે અભક્ષ્ય? ભક્ષ્ય. પણ આગલા દિવસે બનાવવાના ચાલુ કર્યા, તેથી અભક્ષ્ય બનાવી દીધા.

જીભના ચટાકાવાળાએ પ્રભુના તપનું ધ્યાન કરવું. રાતે બાર વાગે ફ્રીજના ઠંડા પાણી પીનારાઓ! ભગવાને સાડાબાર વર્ષના સાધનાકાળમાં એક ટીપું પણ પાણી પીધું

નથી. ખીર આદિ આવે તે જ લીકવીડ. ચંદનબાળાએ અડદના બાકળા સાથે પાણી વહોરાવ્યું હતું? ઉપવાસ તો બધા ચોવિહારા હતા જ. એકાસણા પણ ઠામ ચોવિહાર. નિર્દોષ, એષણીય પાણી પણ નથી વાપર્યું. એમના અનુયાયી એવા આપણને જાતજાતના ડ્રીંક – પીણાં ગમે છે. ભગવાનના તપસ્વરૂપનું ધ્યાન ધરીએ તો જીભડી ઉપર કાબુ આવે. જેમ આસ્વાદમાં તેમ વાદમાં....

જ્યાં કહેવા જેવું ન લાગ્યું ત્યાં સાચી વાતમાં પણ પ્રભુ મૌન રહ્યા. ખુલાસા તો કરવા પડે ને? તેની ભ્રમણા તો દૂર કરવી પડે ને? તે ખોટું ધારીને જાય તો? ના કોઇ ખુલાસા નહી. મૌન. ગોશાળો ગોચરી વહોરવા જાય. ધારેલી ગોચરી ન મળે તો ગુસ્સે થઇને શ્રાપ આપે. 'મારા ધર્માચાર્યના તપ–સંયમનું બળ હોય તો આ ઘર બળી જાઓ.' ત્યાં ભગવાન ખુલાસા માટે નથી રોકાયા કે આ મારો શિષ્ય નથી. ગુપ્તચરોએ ભગવાનને ચોર માની કૂવામાં નાંખ્યા છતાં ખુલાસો નહી કે હું સિદ્ધાર્થનો પુત્ર છું. સાધક છું. દુનિયા છોડીને બેઠો છું. બસ માત્ર મૌન. જેને વાતવાતમાં ડબકા મૂકવા જોઇએ છે, બોલીને બગાડવા જોઇએ છે, તેણે ભગવાનના મૌનનું ધ્યાન ધરવું જોઇએ.

આપણને સ્પર્શની આસક્તિ છે. પફ, પાવડર, સ્પ્રે, અત્તર બધું જોઇએ છે. જીંદગી જીવવી તો મજાથી – with enjoy જીવવી. આપણા જેવી જ આદત મુસાફરોની હતી. આપણે ધર્મશાળામાં આવીએ એટલે ફરિયાદ હોય – પંખા નથી, બારી નથી, નળમાં પાણી નથી, લાઇટ નથી. પણ જતી વખતે કશું ધ્યાન રાખવું નથી. પંખા બંધ કર્યા? પિચકારી સાફ કરી? ગંદા ગાદલા ધોવા પૈસા આપ્યા? જાતજાતની ફરિયાદના લીસ્ટ છે, પણ મારી જવાબદારી કેટલી? તે જોતા આવડતું નથી. પ્રાયઃ બધી ધર્મશાળાની આ હાલત છે. બધા જ માલિક છે. કોઇ નોકર નથી. ધર્મશાળાની રૂમમાં આવે કે તરત પંખા–લાઇટ ચાલુ કરી દે. પણ જતી વખતે એવી જવાબદારી નથી કે બધું બંધ કરીને જઇએ. આ ટેવ અત્યારની નથી. ૨૫૦૦ વર્ષ પૂર્વની છે.

ભગવાન કાઉસ્સગ્ગ ધ્યાનમાં ઊભા હતા. મુસાફરોએ ઠંડીની સીઝનમાં નજીકમાં જ તાપણું કર્યું. અને સવારે આગ ઓલવ્યા વિના જ હાલતા થયા. ભગવાનની ચારેબાજુ આગ વીંટળાઇ ગઇ. ગોશાળો ભાગી ગયો. ભગવાનની ચામડી દાઝી ગઇ. ફરિયાદ કરતાં પહેલા જવાબદારી યાદ કરો. ભગવાનનું પગ સુધી બધું દાઝી ગયું. પ્રભુએ કેટલું સહન કર્યું! એ તો જબરદસ્ત સત્ત્વ ને વિશિષ્ટ અતિશયથી ભગવાનની પાછી સુવર્ણકાંતિ થઇ. આ કાંઇ માત્ર પરીક્ષામાટેનો ઉપસર્ગ નહોતો, પણ મુસાફરોની જવાબદારીના અભાવે – બેદરકારીથી ભગવાનને સહન કરવું પડ્યું.

આવા તો જાતજાતના અનેક ઉપસર્ગો શરીરે આવ્યા છે. દીક્ષા વખતે દેવોએ

શરીરે ચંદનના લેપ કર્યા. તેના કારણે ભમરા અને સ્ત્રીઓનો ઉપસર્ગ. એક જ રાતમાં સંગમના ૨૦-૨૦ ઉપસર્ગ. શૂલપાણિનો ઉપસર્ગ. કટપૂતનાએ કરેલ મહામહીનાની કડકડતી ઠંડીમાં ઠંડાપાણીનો ઉપસર્ગ. આપણું તો લોહી જ થીજી જાય. શરીરની આસક્તિ - મોહદશાને તોડવા ભગવાનના આ સ્વરૂપનું ધ્યાન ધરો. ભગવાને પોતાની પાંચેય ઇન્દ્રિયોને કાબુમાં લીધી. તેમના ધ્યાને આપણી પાંચે ઇન્દ્રિયો કાબુમાં આવ્યા વગર રહેતી નથી.

ગો= વાણી. ભગવાન પોતાની વાણીથી જગતનું રક્ષણ કરે છે. કેટલાકની વાણી વર્તમાનમાં બીજાનું રક્ષણ કરે છે. પ્રભુ જગતનું ભવો ભવ રક્ષણ કરે છે. હેય - ઉપાદેય, ભક્ષ્ય - અભક્ષ્ય, પેય - અપેયનું સ્પષ્ટ માર્ગદર્શન આપવા દ્વારા ભગવાન મહાગોપ છે. સ્યાદ્વાદમંજરીમાં અન્યયોગવ્યવચ્છેદમાં છેલ્લો શ્લોક છે. અન્યોએ ગોળ ગોળ વાતો કરી જ્યારે આખા જગતને ખોટું બતાવીને મોહના અંધકારમાં ડૂબાડી દીધું છે, ત્યારે સત્યવાદિતા - યથાર્થવાદિતાથી એ જીવોને પ્રકાશમાં લાવવા પ્રભુ આપ જ સમર્થ છો.

ભગવાનના ચાર અતિશયમાં મુખ્ય અતિશય કયો? વચનાતિશય. પ્રભુની વાણીના ૩૫ ગુણો તો છે જ. એ વાણીના પ્રભાવે જાતિ વેરવાળા પણ વેરઝેર ભૂલી જાય. ભૂખ - તરસ શમી જાય. બધા પોતપોતાની ભાષામાં સમજી જાય. એકની શંકાના સમાધાનમાં બધાની શંકાઓ શમે. તે વિશેષતા તો છે જ.

પણ સૌથી મોટી વિશેષતા છે કે જે પદાર્થ જે રૂપે છે, તે સ્યાદ્વાદ દ્વારા તે રીતે બતાવ્યા. જરા પણ શંકા ન રહે. આમ ભગવાનની વાણી નિઃશંક છે. માટે પૂર્વપુરુષો પ્રભુની વાણીની સ્તુતિ કરતા હતા - હે ભગવાન! તારા અનંત ગુણોની સ્તુતિ કરવાની શક્તિ અત્યારે મારી નથી. મુખ્ય યથાર્થવાદિતા ગુણની સ્તુતિ કરી લઉં છું. મુખ્ય ઉપકાર આ જ છે કે ભગવાને પોતાની વાણી દ્વારા સંતાપ - સંક્લેશ - અરતિ - ભય - દુઃખ અને શોકથી પીડાતા જગતનું રક્ષણ કર્યુ.

મેઘકુમારની દીક્ષાની પહેલી રાત - આખી રાત સંકલ્પ વિકલ્પમાં ગઇ. તમારી ઉપધાનની પહેલી રાત કેવી ગઇ? એ.સી. - પંખો નહી, મચ્છરોનો ત્રાસ ચિક્કાર, આખી રાત ઉંઘ ન આવે. તે વખતે કેવા કેવા વિચારો આવ્યા? નીકળી જઇએ. મેઘકુમારની પણ આ જ હાલત હતી. વૈરાગ્યથી દીક્ષા લીધી, પણ ઉંઘ નહીં આવવા પર વિકલ્પોમાં ચઢ્યા. શો કેસનો માલ જુદો હતો ને ગોડાઉનનો માલ જુદો. દીક્ષા પહેલા તો બધી સારી સારી વાત કરી હતી. પણ ઉપસર્ગ - પરીષહની વાત ક્યાં કરી હતી? મેઘકુમારે દીક્ષા છોડી દેવા સુધી વિચારી લીધું. ભગવાન તે વખતે ધર્મના સારથી બન્યા.

મેઘકુમારને મધુર વાણીથી કહ્યું – હે મેઘકુમાર! તેં હાથીના ભવમાં એક સસલાનો જીવ બચાવવા પગ ઉંચો રાખ્યો હતો. એ નિમિત્તે તેં ઘણી પીડા સહન કરી. છેવટે મૃત્યુને ભેટ્યો. આવું કષ્ટ સહન કરી તું શ્રેણિકપુત્ર બન્યો ને હવે તું સાધુના પગની ધૂળ – ઠોકરથી હારી જાય છે? મેઘકુમાર સ્વસ્થ-સ્થિર થયા. ભગવાને પોતાની વાણીથી જગતના જીવોનું રક્ષણ કર્યું.

(૧) ગો = સૂર્યના કિરણ. (૨) ગો = ઇન્દ્રિય. (૩) ગો = વાણી. (૪) ગો = ગાય. તેનું રક્ષણ કરે તે ગોપ. ગોવાળ જેમ ગાયોનું રક્ષણ કરે તેમ ભવ્યજીવો રૂપી ગાયોનું દુર્ભાવોરૂપી સિંહ – વાઘ સામે રક્ષણ કરનાર ભગવાન મહાગોપ છે. કોઇ કડવાવેણથી કોપાનલ પ્રગટાવે છે, ત્યારે પ્રભુના નામનું સ્મરણ મેઘધારા બનીને એ અનલ-આગને શાંત કરે છે.

પ્રભુના દર્શનમાત્રથી દુઃખ, દૌર્ભાગ્ય, દારિદ્રય, અઘ=પાપ અને દંડ=દુર્ગતિઓની પરંપરાનો અંત આવી જાય છે. સ્તવના પાપનિકંદના બને છે, ધ્યાન ધરવાથી ભવભયભાવઠ હટી જાય છે. પૂજતા સઘળા પાતક ટળે છે. અને જ્યારે પ્રભુમાં લય લાગી જાય છે, તદાકારતા આવી જાય છે, ત્યારે જીવની પ્રભુતા પ્રગટ થાય છે. આમ પ્રભુસાથે નામ-જાપ આદિ કોઇ રીતે થયેલું જોડાણ જીવના દુઃખ આદિ તમામના જોડાણને તોડી નાખે છે. ખરેખર પ્રભુ મહાગોપ છે.

**તપાચાર – ધ્યાન – મનની એકાગ્રતા માટેનું શ્રેષ્ઠ સાધન.**

આર્તધ્યાન – (૧) ઇષ્ટ સંયોગ વિયોગ. (૨) અનિષ્ટ સંયોગ વિયોગ. અનિષ્ટ નથી આવ્યું તો ન આવે તેનું આર્તધ્યાન. અનિષ્ટ આવે તો ક્યારે જાય તેનું આર્તધ્યાન. (૩) નિદાન – કાંઇક જોયું, સાંભળ્યું, તે મેળવવાની ઇચ્છા થાય. તે નિદાનાનુબંધી આર્તધ્યાન.

સંભૂતિમુનિને ચક્રવર્તીના સ્ત્રીરત્નની વાળની એક લટ અડી ને નિયાણું કર્યું. બીજાને જે મળ્યું તે મને મળો. નીકળ્યો હતો મોક્ષમાર્ગે જવા ને પહોંચ્યો સંસારે. માનવભવમાં આપણે આવ્યા હતા સંત બનવા ને બની ગયા કોઇના કંત. બનવાનું હતું યતિ, પણ થયા પતિ. શા માટે આવ્યા હતા? ક્યાંય ફંટાઇ ગયા. કારણ કોઇ સાચું માર્ગદર્શન આપનાર ન મળ્યું. કોઇ હાથ પકડનાર ન મળ્યું. દુનિયાની નક્કી થયેલી ફ્રેમ મુજબ કરવા જ બધા પ્રેરણા કરે. દરેક ચિત્ર જેમ ફ્રેમમાં જડાઇ જાય છે. તેમ જગતના જીવો જન્મે – કે.જી. ભણો, લગ્ન કરો – નોકરી કરો – પુત્રને પરણાવો – ઘરડા થાઓ ને મરી જાઓ – આ પરિસ્થિતિ છે. આ જ ફ્રેમમાં ફીટ થવા દોડવું છે. આમાં જ સતત જીંદગી વહી જાય છે. પાછી એમાં જ જીંદગીની સાર્થકતા માનો છો. તેથી આપણે માર્ગ

ભૂલી ગયા છીએ.

જેમ સમાજની ફ્રેમ છે. તેમ ભગવાનની પણ ફ્રેમ છે. જન્મ – આઠવર્ષની વચ્ચે દીક્ષા – દર્શન જ્ઞાન ચારિત્રની સાધના – સમાધિ – મહાવિદેહમાં સુકુલમાં જન્મ – દીક્ષા – મોક્ષ. આપણને કઇ ફ્રેમ ફાવે? મોક્ષમાટેની સાધના માટે નીકળેલા સંભૂતિને લટ અડી ને માર્ગ ફંટાયો. નિદાન કર્યું. જે જોયું તે મેળવવા મનમાં આર્તધ્યાન. પરિણામે બ્રહ્મદત્ત નામે અંતિમ ચક્રવર્ત્તી થઇ છેવટે રૌદ્રધ્યાનથી મરી સાતમી નરકે ગયા.

**(૪) ચિકિત્સા** :– શરીર છે માટે રોગો તો આવવાના જ. કાં દેવોનું વૈક્રિય શરીર ધારણ કરો. કાં તીર્થંકર કે ગૌતમસ્વામી જેવું શરીર હોય, કાં યુગલિક કાળમાં જન્મ લો તો રોગ ન આવે. ત્યાં મરવા માટે પણ રોગની જરુર નહી. કાં જે શરીર મળ્યું છે, તેનાથી સુંદર જીવદયા પાળો. રૂપિયાથી જીવદયા પાળો તે વસ્તુ જુદી છે, ને શરીરથી જીવદયા પાળો તે વસ્તુ જુદી છે. રૂપિયાથી જીવદયા પંચેન્દ્રિય જીવની જ પળાય. શરીરથી પળાય તે વિકલેન્દ્રિયની પણ પળાય. રૂપિયાથી જીવદયા પાળો તેનાથી પરભવે સમૃદ્ધિ સારી મળે, પણ શરીર નિરોગી મળે તેવો નિયમ નથી.

સિદ્ધચક્ર પૂજનમાં ૫૦૦ રૂપિયા જીવદયામાં લખાવ્યા. પછી જમવા ગયા. ત્યાં દહીંવડા ખાધા. ભગવાને કહ્યું છે કે – કાચા ગોરસ સાથે કોઇપણ કઠોળ ભેગા થતાં અસંખ્ય બેઇન્દ્રિય જીવોની ઉત્પત્તિ થાય છે. માટે દ્વિદળ અભક્ષ્ય.પણ ખાધા. રૂપિયાથી જીવદયા પાળી. શરીરથી ક્યાં પાળી? પાછા કારમાં જ ઘરે ગયા. તેનાથી વચ્ચે કૂતરા –બિલાડા – ઉંદર મરે, તેનું શું? રૂપિયાથી જીવદયા પળાય તે અલગ ને શરીરથી પળાય તે અલગ.

જો રોગ વિનાનું શરીર જોઇએ છે, તો નક્કી કરો– અમે પૂરેપૂરી જીવદયા પાળીશું. તેથી જ કહીએ છીએ. come with us. અમારી સાથે આવો... બાકી સંસારમાં પૂરેપૂરી જીવદયા પાળવી મુશ્કેલ છે. કેટલીક જીવહિંસા તો સહજ થાય છે. પાણીનો બગાડ, ચૂલા, વનસ્પતિ તો જનરલ કહેવાય. ઉપરાંત ઉધઇ થઇ તો પેસ્ટીસાઇડ કરાવો. વિકલેન્દ્રિયની ભરપૂર વિરાધના...! આ ઉંધા ચત્તા કરી કહો – સાહેબ! અમને એક પણ રોગ ન થવો જોઇએ.

જીવદયા તો નથી પાળી, વળી કોઇ બીમારની સેવા પણ નથી કરી. તેમને શાતા ય ન આપી. બીમાર તો નર્સને સોંપાય. છોકરાને પૂછવામાં આવ્યું – તેં બીમાર મમ્મી નર્સને કેમ સોંપી છે? છોકરો કહે – મમ્મીએ મને આયાને સોંપ્યો હતો માટે....

એક રોમ દીઠ પોણા બે રોગ. અર્થાત્ ૬ કરોડ ૧૪ લાખ. મતાંતરે ૫ કરોડ ૮૦ લાખ રોગ છે. આપણે પુણ્યશાળી છીએ કે એક–બે રોગ ઉત્પન્ન થાય છે. નરકમાં

તો બધા રોગ ભડકે બળે છે. તિર્યંચો તો બતાવી પણ શકતા નથી. આપણે તો ડૉક્ટરને બતાવીએ, દવા કરીએ. જોકે આજે તો કદાચ મલ્ટીનેશનલ દવા કંપનીઓના લાભાર્થે કે એમના જ કારનામાથી નવા નવા રોગ નીકળે છે. પૂર્વે મોબાઈલ – સેલ નહોતા. આજે વેરાઇટીનો જમાનો છે. તો રોગો પણ નવા નવા જોઇએ. ડેંગ્યુ – સ્વાઇન ફ્લુ – એઇડ્સ – કેન્સર... શરીર છે, એટલે રોગો થવાના. તે વખતે મનની ભૂમિકા શું? માણસ રોગોના કારણોને ધમધોકાર સેવે છે. પછી જ્યારે રોગની વાત આવે ત્યારે ઉંચો નીચો થઇ જાય છે. રોગની સંભાવના લાગે તો પણ શિયાવીયાં થઇ જાય. પછી ડૂબતો માણસ તરણું ઝાલે, તેમ ડૉક્ટર જે કહે તે તહત્તિ. વર્ષોથી કંદમૂળ નહોતા ખાધા. પણ ડૉક્ટર કહે – ગાજરનો રસ લેવો પડશે. તહત્તિ.

રોગ જોઇતા નથી ને જીવવું છે હજાર વર્ષ. કોઇ જન્મદિવસે કહેતું નથી કે કેક – મીણબત્તી કેમ સળગાવે છે? યમરાજા નજીક આવ્યા. જિંદગીનું એક વર્ષ ઓછું થયું. જા ભગવાનને પ્રાર્થના કર. ૨૫ વર્ષ તો નકામા ગયા. હવે જાગૃતિ પામું. ઉલ્ટુ એમ કહે કે – તુમ જીઓ હજારો સાલ. હર સાલકે દિન હો પચાસ હજાર. પેલો મીણબત્તીને ફુંક લગાવી જાણે કે કહે – પ્રકાશમય ૨૫વર્ષ ને ફુંક મારી બુઝાવી દીધા. પણ આજુબાજુવાળા કહે – હેપ્પી બર્થડે ટુ યુ.

આજે સૌથી વધુ નફાવાળો ધંધો મેડીકલનો છે, ને ભયંકર ભ્રષ્ટાચાર પણ મેડીકલ સાયન્સમાં છે. માણસ જીવવા માટે આવ્યો છે ને ડૉક્ટરો એની લાચારીનો લાભ ઉઠાવે છે. એન્જૉયગ્રાફી કરાવી ડૉક્ટર કહે – બે નસ બ્લોક છે. ચાર લાખ ભરો. પછી ઓપરેશન થશે. પાછા અડધા ઓપરેશને ડૉક્ટરો બહાર આવે. ચાર નસ બ્લૉક છે. બીજા ચાર લાખ આપવા જ પડશે. લેબોરેટરી સાથે ડૉક્ટરોના જે કમીશન ચાલે. ૨ રૂા.ની ચીજના ૨૦૦ રૂા. લે. ને કહેવાય એમ.આર.પી. એને માર અને લોહી પી. તે એમ.આર.પી. અબજોના કૌભાંડ ચાલે છે. કહેવાય છે કે સ્વાઇનફ્લુ ઉત્પન્ન થયેલો રોગ નથી. પ્રસાર કરાયેલો રોગ છે. કંપની ધમધોકાર ચાલે તે માટે.

જિજીવિષા - શરીર પ્રત્યેની આસક્તિ = આવેલા રોગોમાં ભયંકર અકળામણ રોગો પાછળ કરોડો રૂપિયા ખર્ચાવે છે. ભયંકર આર્તધ્યાન કરાવે છે. ઠાકરેનો ફેમિલી હાર્ટસ્પેશિયાલીસ્ટ ડૉક્ટર નીતિન માંકડે ૪૭ વર્ષે મર્યો. તેના કબાટમાંથી હજારોની નોટો નીકળી. શું કામમાં આવ્યા એ રૂપીયા ?

## પોષ વદ – ૪

પંચ પરમેષ્ઠીને કરેલો નમસ્કાર અભ્યંતર વિશુદ્ધિનું કારણ કેવી રીતે બને?

જેમ ફટકડીને ફેરવવાથી ડહોળું પાણી સ્વચ્છ થાય છે. તેમ પંચપરમેષ્ઠીને કરેલો નમસ્કાર આપણા ચિત્તને વિશુદ્ધ કરે છે. પરંતુ લક્ષ્ય હોવું જોઇએ કે મારા ચિત્તની વિશુદ્ધિ માટે નમસ્કાર કરું છું. પ્રણિધાન વગરની ક્રિયા તુચ્છ કહી છે 'દ્રવ્યક્રિયા તુચ્છા'. આ પંચ પરમેષ્ઠીના અનંતગુણ મારે પ્રાપ્ત કરવા છે. ચિત્તની અશુદ્ધિ દૂર કરવી છે. તે સંકલ્પથી નમસ્કાર કરવાનો છે.

અરિહંત કેવા છે? વિશેષણો એટલા માટે છે કે તે વિશેષણોથી વિશિષ્ટ વ્યક્તિના કેટલાક ગુણોની જાણકારી આપણને મળે. ભગવાનને ગમે તેટલા વિશેષણો આપો, એ પૂરેપૂરા ગુણો કહી શક્તા નથી. કારણ વિશેષણ એ શબ્દરૂપ છે અને શબ્દશક્તિ મર્યાદિત છે. ભગવાનના અનંત ગુણો છે. તેમાં મોટે ભાગે અનભિલાપ્ય ગુણો છે. જે બોલી શકાતા નથી. માત્ર અનુભવી જ શકાય. માટે વિશેષણો પણ પૂર્ણ નથી. બધા વિશેષણોથી પણ પૂર્ણતા નથી. માત્ર થોડી ઓળખાણ આપે છે.

શબ્દબ્રહ્મથી વિશુદ્ધ બ્રહ્મની કાંઇક ઓળખાણ થાય છે. જેમ સમુદ્રમાંથી ચમચીથી લીધેલું પાણી તે સમુદ્રની ઉંડાઇ – વિશાળતા – ગંભીરતા ન કહી શકે, પણ થોડી ઓળખાણ થાય કે ખારું પાણી છે. તેમ વિશેષણોથી પ્રભુના અનંતગુણોની વિશાળતા સમજી ન શકાય, પણ એ ગુણો કેવા વિશિષ્ટ કોટિના છે તે જાણી શકાય. જે પકડીને આગળ વધી શકાય.

અરિહંત પરમાત્મા ધર્મકાય કહેવાય. સિદ્ધો તત્ત્વકાય કહેવાય. સાધુ – સાધકો કર્મકાય કહેવાય. જે આત્મહિતની પ્રવૃત્તિમાં પુરુષાર્થ કરે તે કર્મકાય. તીર્થંકર સાક્ષાત્ ધર્મમૂર્તિ છે. ધર્મની જ દેશના આપે. કેવળજ્ઞાન પછી એમને આત્મહિત સાધવા કોઇ ક્રિયા પ્રાયઃ કરવાની નથી, માટે ધર્મકાય. સિદ્ધો વિશુદ્ધિરૂપ– નિર્મલતારૂપ તત્ત્વને પામી ગયા છે માટે તત્ત્વકાય. આ ત્રણ સિવાયની કાયા પાપકાયા છે. સંસારમાં ગયા ને પાપ ચાલુ.

અરિહંત પરમાત્મા મહાનિર્યામક – નૌકાના કુશળ સુકાની છે. કેપ્ટન – નાવિક કુશળ હોય, તો જહાજ આ પારથી પેલે પાર સલામત પહોંચે. વચ્ચે મગરમચ્છ, વ્હેલ, વાવાઝોડા, વિજળીના ચમકારા, મોજા–વમળ વગેરે પણ આવે, છતાં જહાજ હેમખેમ પેલે પાર લઇ જાય. તે કુશળ સુકાની – નિર્યામક કહેવાય. પવન ફૂંકાય તો સઢ કેવી રીતે બદલવું, વ્હેલ કે મગરમચ્છને કેવી રીતે ઓવરટેક કરવા, વમળથી કેવી રીતે બચવું, ખડકોને – હિમશિલાને કેમ ન અથડાય તે ધ્યાન રાખવું. આ બધું જે કુશળતાથી કરે, એ સફળ સુકાની છે. ટાયટેનીક જહાજ ક્યારેય ન ડૂબનારું કહેવાતું જહાજ પોતાની પ્રથમ સફરમાં જ હિમશિલા સાથે અથડાઇને તૂટી ને ડૂબી ગયું. વમળમાં જો

ફસાય તો ગોળ ગોળ ફર્યા કરે. સરોવરમાં કમળ હોય ને સાગરમાં વમળ. સાગરના સુકાની દ્રવ્યસુકાની છે. પ્રભુ મહાસુકાની છે.

દ્રવ્યસાગરમાં શું તોફાન આવવાના? સંસારસાગરમાં ભયંકર તોફાન આવે છે. એને થાય કે મરી જાઉં, ઝેર પી લઉં, ફાંસો ખાઉં, બળી જાઉં. મા-બાપ સાથે બને નહીં, ઘરવાળી માથાભારે, દીકરી કુંવારી ગર્ભવતી, દીકરો દેવાળું ફૂંકે, લેણદારોની લાઇન હોય. આ ભયંકર વાવાઝોડામાં લાગે કે મરી જાઉં. ત્યાં ભગવાન મહાનિર્યામક છે. 'મેરે દુઃખ કે દિનોમેં વો બડે યાદ આતે હૈં' 'સુખમાં સમરે સોની દુઃખમાં સમરે રામ' પીડામાં માતા યાદ આવે, ફરવા જતા પત્ની યાદ આવે. ઠોકર લાગે ત્યારે માતા યાદ આવે. દાગીના લેવા જતાં પત્ની યાદ આવે.

દુઃખમાં યાદ કરો છતાં માતા ખુશ છે, તેં મને યાદ કર્યો. મારે તારું કામ કરવું. તેવી જ ભગવાનની પણ ભૂમિકા છે. દુઃખમાં યાદ કરો, છતાં પ્રભુ ખુશ છે. જ્યાં સુધી બીજા સાથે હોય ત્યાં સુધી ભગવાન યાદ નથી આવતા. દુઃખમાં બધા ધીમે ધીમે ખસી જાય પછી ભગવાન યાદ આવે. દ્રૌપદીને કૃષ્ણ છેલ્લે યાદ આવ્યા. જે દિવસે લાગે કે કોઇ જ મારું નથી. ભગવાન જ મારા છે. તે જ ક્ષણે ભગવાનનો વિશેષ અનુગ્રહ પામવાની ભૂમિકા શરુ થાય છે. પ્રભુભક્તિ-નામસ્મરણ-પૂજન-વંદન - આશરો - શરણની તાકાત છે કે આપણા ચિત્તને સ્વસ્થ અને મસ્ત રાખે છે. કોઇપણ પરિસ્થિતિમાં સમાધિમાં રાખે છે.

કોઇ ખડક સાથે જહાજ અથડાશે તો પ્રભુ બચાવશે. ખડક એટલે ભયંકર નુકસાન - આઘાત વખતે પ્રભુના શરણે ગયા તો બચશો. દુનિયાના શરણે ગયા તો ડૂબશો. તે સમયે લેવાતું પ્રભુનું નામ આપણને કેવી રીતે બચાવી લે છે, તે કલ્પી પણ નથી શકતા. જ્યાં લાખો કરોડોના ખાડે પડવાની સંભાવના હોય, ત્યાં પ્રભુશરણ જ બચાવશે. બીજું કોઇ નહી.

તેજીનો સમય હતો, એક ભાઇને વિચાર આવ્યો - ફીક્સ ડીપોઝીટ વગેરે બધું શેરમાં નાંખુ તો સારી રકમ મળશે. નક્કી પણ કરી લીધું. બધા દાગીના - ડીપોઝીટ બધું વેચવા તૈયાર થયો હતો. જાણે કે મોટી કમાણી કરી પછી શાંતિથી જીવીશ.પણ પરમાત્માની પૂજા કરી ને મન પલટાયું - જવા દે. કાંઇ નથી કરવું. અત્યારે ક્યાં ઓછુ છે? ને ચાર - પાંચ દિવસે જ શેરબજાર તૂટ્યું. પ્રભુ કુશળ નાવિક છે. ખડકથી અથડાતા બચાવે.

પ્રભુ કમળમાંથી વમળમાં જતાં બચાવે છે. અનંતકાળની અપેક્ષાએ ૮૪ લાખ યોનિના ચક્કર એ વમળ છે. માનવભવમાં પણ બાળક - બાપા - બાસા ના

ચક્કરો ચાલુ છે. જીવનમાં રૂપિયા લીધા ને ડૂબે. પાછા લીધા ને ડૂબે. સાસુ વહુને ત્રાસ આપે એટલે ચક્કર ચાલુ – પાસ ઑન કરે. મને ત્રાસ મળ્યો તેથી મારી વહુને પણ ત્રાસ આપીશ.

લલ્લુને બીજા ભાઇએ પૂછ્યું – તમે દાઢી કેમ નથી કરાવતા ? લલ્લુએ કહ્યું– મારા દાદા નહોતા કરાવતા, મારા પિતા નહોતા કરાવતા, માટે હું પણ નથી કરાવતો. પાછો પ્રશ્ન – તમે આ જુનો કોટ કેમ પહેરો છો? લલ્લુ – મારા દાદાએ આ જ કોટ પહેરેલો. મારા બાપાએ પણ આ જ કોટ પહેરેલો. માટે હું પણ આ જ કોટ પહેરું છું. તમે આ જુની સાયકલ કેમ ચલાવો છો? લલ્લુ – મારા દાદા ચલાવતા હતા, મારા બાપા ચલાવતા હતા માટે.પ્રશ્ન – તમે હજી લગ્ન કેમ નથી કર્યા? લલ્લુ – મારા દાદાએ નહોતા કર્યા, મારા બાપાએ નહોતા કર્યા. માટે! વાત આ છે કે આગળથી ચાલી આવતી ખોટી પરંપરા આગળ વધારવી એ પણ વમળ છે. એકથી મળેલો અનુભવ બીજાને કરાવવો એ પણ વમળ છે. આવા બધા વમળોમાં આપણે ફસાઇ જઇએ છીએ.

શ્રેષ્ઠ સાધના કરી પુણ્ય ભેગુ થયું. માનવભવ મળ્યો. ભોગ-મજામાં પૂરો કર્યો. પુનઃ દુર્ગતિ મળી. ફરી કષ્ટ સહન કરી માનવભવ મળ્યો ને એ જ ચક્કર ચાલુ, જ્યારે જ્યારે માનવભવ આવે, ત્યારે ત્યારે અનંતકાલ બગાડવાની ભૂમિકા ઊભી થાય. ક્યાંક જવાબદારીનું નામ ને ક્યાંક આકર્ષણ. આ બધા વમળો છે ને આપણી જીવનનૈયા આ બધા વમળોમાં ફસાઇ જાય છે. એમાંથી બહાર નીકળતી જ નથી. આઠ વર્ષના છોકરાને દીક્ષા માટે રજા મળતી નથી. બાર વર્ષનો થયો રજા ન મળી. વીસ વર્ષનો થયો, રજા ન આપી. પિતા ગુજરી ગયા. લગ્ન કર્યા. જિંદગીના વમળ ચાલુ. આ વમળમાંથી બચાવનાર – બહાર કાઢનાર તીર્થંકર જ છે.

તીર્થંકરના શરણથી હવે વમળમાં ફસાવાનું બંધ થયું. સીધા ચાલવાનું શરુ થયું. અત્યારસુધી આપણે થાળીમાં રહેલી કીડીની જેમ ગોળ ગોળ ફરતા હતા. હવે પ્રભુનું શરણ સ્વીકાર્યુ. મોક્ષતરફની સીધી ગતિ શરુ. અનંતકાળનો માર્ગ છોડ. દર્શન-જ્ઞાન - ચારિત્રનો માર્ગ પકડ. સીધો સડસડાટ ચાલ. અનંતકાળથી દુર્લભ માનવભવના સમયને માત્ર પુણ્ય વાપરી નાખવામાં જ પૂરો કર્યો. એમાં સમય અને પુણ્ય બંને વેડફાયા. હવે પ્રભુ કહે છે – પુણ્યનું રોકાણ કર. તને સંપત્તિ મળી-દાનમાં વાપર. તને શક્તિ મળી છે – નિયમમાં જોડી દે. તને શરીર સારું મળ્યું-તપમાં લગાડી દે. મન સારું મળ્યુ- ભાવમાં લાગી જા. કાન – પ્રવચન શ્રવણમાં, આંખ – પ્રભુદર્શનમાં, જીભ – સ્તુતિ સ્તવનમાં, શરીર – પૂજા આદિ શુભ પ્રવૃત્તિમાં જોડી દે.

પ્રભુ મમતા – રાગ – દ્વેષ – આસક્તિ – તિરસ્કાર – લાગણી-જુગુપ્સા રૂપ

જાતજાતના માછલા – મગરમચ્છોથી બચાવે છે. આ બધાથી ભગવાન રક્ષણ કરે છે. આ બધી મોહનીયની પ્રકૃતિ છે. તને દુર્ગતિમાં લઇ જવા સક્ષમ છે. અનંતકાલ રખડાવે છે. પણ નક્કી કરો મોહનીયની કોઇપણ લાગણીને મારે આ ભવમાં વશ ન થવું. કોઇપર તિરસ્કાર થાય. તરત લાગવું જોઇએ – આ મોહનીયની રમત છે. તેની સામે મૈત્રી – પ્રમોદ ને કરુણા ભાવના ભાવવી.

રાગ થાય તો દુઃખી થવું પડશે. તેની સામે અનિત્ય – અશરણભાવના. રતિ થાય – ગમી જાય, અરતિ થાય – ન ગમે. રતિ આવે એટલે અરતિ આવવાની જ. એંજિન એક ને ડબ્બા ઘણાં. સંસારમાં જે સારું આવે તે પાયલોટ કાર છે, પાછળ દુઃખનો મોટો રસાલો છે. દુર્ભાવ–દુર્ભવરૂપ મુખ્ય પ્રધાન. પહેલા વર્તમાન દુઃખો મોટા રસાલારૂપ છે. સુખ – રતિ – રાગ ખૂબ થોડા છે. પણ તે ગમી ગયા, તો તેની પાછળ દુઃખનો રસાલો ખૂબ મોટો છે.

બ્રહ્મદત્ત ચક્રીને ૭૦૦ વર્ષનું ચક્રીપણું ૩૩ સાગરોપમ નરકમાં દુઃખી કરી શકે છે. તમે પાપ કેટલા વર્ષ કરો છો, તેની સાથે મતલબ પછી છે, કેટલી તીવ્રતાથી કરો છો, તે પ્રથમ છે. કોક પૂર્વ કરોડ વર્ષ પાપ કરે. કોક સાતસો વર્ષ, કોક અંતર્મુહૂર્ત. પણ ત્રણેને ૩૩ સાગરોપમવાળી નરક મળી શકે. કાલસૌકરિક કસાઇ રોજ ૫૦૦ પાડા મારે, શ્રેણિકે પૂછ્યું – એક દિવસ બંધ ન કરી શકે? તું ભગવાનના વ્યાખ્યાન સાંભળે છે તો... કસાઇ કહે–એ વાત જુદી. ધર્મ દેરાસર ઉપાશ્રયમાં હોય. ધંધામાં ધર્મને ભેળસેળ ન કરવો. રોજ પાડા મારનાર કાલસૌકરિક સાતમી નરકે. એકે પાડો ન મારનાર મમ્મણ સાતમી નરકે, એક નાનો માછલો એકે ય માછલાને મારતો નથી, છતાં સાતમી નરકે.

તમે કેટલા વર્ષ પાપ કરો છો? તેની વાત પછી. કેવા ભાવથી પાપ કરો છો? વાત પહેલી છે. તેમ તમે કેટલા વર્ષ ધર્મ કરો છો? તે પછી વાત. કેવા ભાવથી ધર્મ કરો છો? તે પ્રથમ વાત છે. ભગવાન આ બધામાં મહાનિર્યામક છે. પરિષહ, ઉપસર્ગ, અંદરના દોષો, સંજ્ઞા, કર્મોના તમામ તોફાનો વચ્ચે વિજય પમાડતા પમાડતા મોક્ષ કિનારે આપણી જીવન નૈયાને પહોંચાડે છે. માટે સંસારના વમળે ચઢી ગયેલી નૌકાને પાર પમાડવા ભગવાન પાસે જ જાઓ.

દર્દ–રોગ થયો હોય તો ડૉક્ટર પાસે જાવ છો, કેસ કરવો હોય તો વકીલ પાસે જાવ છો. હિસાબમાં ગરબડ થઇ તો સી.એ. પાસે જાવ છો. સમાજમાં પૂછવું છે તો વડીલ પાસે જાવ છો.

એક વકીલને ત્યાં બહાર બોર્ડ લગાડેલું હતું – '૩ પ્રશ્ન પૂછવાના ૩૦૦૦ રૂપિયા'. પ્રશ્ન પૂછવા પહેલાં જ પૈસા આપવાના. પૈસા ચૂકવી છગને પૂછ્યું – આ વધારે

ન કહેવાય? વકીલ કહે – હા. વધારે કહેવાય. છગને ફરી પૂછ્યું – તો ઓછા ન કરવા જોઇએ? વકીલ કહે – હા. હવે ત્રીજો પ્રશ્ન પૂછો.

દુનિયામાં ક્યાંય પણ પ્રોબ્લેમ આવે તો કન્સલટંટ છે. એમાં તમારો પ્રોબ્લેમ સોલ્વ થાય કે નહી પણ એમની ફી નક્કી. ભગવાન એવા સરસ કન્સલટંટ – ગાઇડ – નિર્યામક છે. જે આપણા પ્રોબ્લેમ વગર ફીએ સોલ્વ કરે છે. શરણે જવામાત્રથી આપણું હિત કરે છે. પણ શરણે કેવી રીતે જવું?

ટાઇટેનીક ડૂબી તે પૂર્વે જ્યારે તે ન્યુયોર્ક જવા નીકળી, ત્યારે એટલો ભરોસો કે તે ડૂબશે જ નહી. માટે લાઇફ બોટ ઘણી હતી નહી. પણ હવે ડુબી રહી છે. ૧૫૦૦ પેસેન્જર અને બોટોમાં તો ૨૫૦–૩૦૦ જ બેસી શકે. લાઇન લાગી. કોણ બેસે? કેપ્ટન તો જહાજ છોડી જ ન શકે. તે કહે તે જ બેસી શકે. અબજોપતિઓ તેને આજીજી કરે છે. અમને બચાવ... અમને બચાવ.... મારા દીકરાનું શું થશે? મારી માતાનું શું થશે? રડે, કકળે – મારી પાછળ આટલું નુકસાન થશે. સામે મોત દેખાય છે ને જે આજીજીઓ કરે છે, તેનું વર્ણન આવે છે. આ વર્ણન મળે તો વાંચજો. કેપ્ટનની જગ્યાએ પ્રભુને અને સામે કરગરતી આપણી જાતને મૂકો.

ભગવાન! જો તું મને નહી બચાવે, તો દુર્ગતિમાં મારું શું થશે? કઇ કઇ ગતિમાં કેવા કેવા દુઃખો આવશે? કેપ્ટન પાસે વ્યવસ્થા ઓછી હતી. ભગવાન પાસે કેપેસીટી એટલી છે કે અનંતા મોકલ્યા ને હજી અનંતા આવે તોય ફરક પડવાનો નથી. કેપ્ટનને બચાવવાનો ક્રમ હતો. પહેલા છોકરાઓ, પછી સ્ત્રીઓ, પછી જ પુરુષો. બીજો ક્રમ નહોતો. ભગવાન પાસે ક્રમ છે. જે હૃદયપૂર્વક આજીજી કરે છે તે પાસ. આ રીતે શરણું સ્વીકારો તો ભગવાન શ્રેષ્ઠ નિર્યામક છે.

પણ શરત એ છે કે પહેલા એમ લાગવું જોઇએ કે સતત રાગ–દ્વેષ–ક્રોધ–માન આદિ કષાયો, વિષયો, વાસનાઓ, સંજ્ઞાઓથી ઢગલાબંધ પાપ કરનારો, પાપની વૃત્તિને દૃઢ કરનારો હું પતિત છું, સંસાર સાગરમાં ડુબી જનારો છું. મારો હવે પછીના ભવોમાં સતત–સખત–અખંડ દુઃખ–પીડા–કષ્ટ વગેરેમાંથી અનંતકાળ સુધી છુટકારો નહીં થાય. એમાંથી છુટવાનો–બચવાનો એક જ ઉપાય છે, જેમ કે સૌધર્મેન્દ્રના વજ્રના પ્રહારથી બચવા ચમરેંદ્ર પાસે પ્રભુ ચરણના શરણ સિવાય બીજો કોઇ ઉપાય હતો નહીં, તેમ મારામાટે પણ પ્રભુચરણનું શરણ એ જ ઉપાય છે. એ જ મને તારશે, ઉગારશે, બચાવશે, ઉદ્ધારશે, એમાંથી બહાર કાઢશે, એ વમળમાંથી ખેંચશે. આવી હૃદયગત જ નહીં, નાભિથી, રોમે રોમથી, આત્મપ્રદેશ પ્રદેશથી પોકાર ઉઠવો જોઇએ. પછી તો પ્રભુના ચરણનું શરણ–પ્રભુનું નામસ્મરણ એનું કામ કરશે જ.... પ્રભુની નિર્યામકતા

ખરેખર અનુભવવા યોગ્ય અનુભવ છે. એ કાંક અનેરો રોમાંચ કરાવશે.

**તપાચાર - આર્તધ્યાન** - આચાર્યો તો સતત ધર્મધ્યાનમાં જ હોય. અનુપ્રેક્ષા -ભાવના - સદ્‌વિચાર છેવટે શુભપરિણામમાં તો હોય જ. તેમને કહેવું છે... અમને આર્ત-રૌદ્રધ્યાનથી બચાવો. ઇષ્ટ - અનિષ્ટ - નિદાન - વેદના. આ બધા પાછળ જે 'અનુબંધી' શબ્દ લાગ્યા છે. તે બહુ માર્મિક છે. 'બંધસ્ય પશ્ચાત્ બંધઃ અનુબંધઃ' બંધનું કારણ તે અનુબંધ. એકવાર તમે ઇષ્ટવિયોગ સંબંધી આર્તધ્યાન કર્યુ. તો તે માત્ર પશુગતિ આપીને પૂરું નથી થતું. તેના ઉદયે ફરી ઇષ્ટવિયોગ અંગે આર્તધ્યાન થશે. પરંપરા ચાલે.

અનુબંધ એટલે એકવખત જે રસ્તે ગયા, તે રસ્તે પછી વારંવાર જવું પડે. એકવાર આર્તધ્યાન કરો તે એકવાર સહન કરવામાં પતશે નહી. વારંવાર આર્તધ્યાન કરાવે. ફરી ઉદય. ફરી ઇષ્ટવિયોગ, ફરી આર્તધ્યાન ને ફરી કર્મબંધ....

**૩) નિદાન** - બીજાનું સારું જોયુ કે સાંભળ્યું એટલે આપણા પુણ્યને ખર્ચી નાંખવાનું મન થાય. લાંબો વિચાર કર્યા વિના કૂદી પડવાનું. કોકનું જોયું ને તમે લાવ્યા. એમાં તો લાખો રૂપિયા ખર્ચાઇ ગયા. બીજાનું જોઇને વસાવવાનું મન થાય તો **આપણે તો જૈન છીએ. બીજાની સાધના જોઇને વસાવવાનું મન થાય, સાધનો જોઇને નહી.** પેલો સામાયિક કરે છે તો હું પણ કરીશ. પેલો અષ્ટપ્રકારી પૂજા કરે છે તો હું પણ કરીશ. તેવું મન કેમ નથી થતું? થાય તો ધર્મધ્યાન - પુણ્યની કમાણી છે. અન્યથા નિદાનાનુબંધી આર્તધ્યાન છે. - પુણ્યનો ખર્ચ છે.

(૪) રોગાનુબંધી - રોગ આવે ને ઉંચો-નીચો થઇ જાય. ક્યારે જશે? તે માટે મોંમાં અભક્ષ્ય મૂકવા પણ તૈયાર. કેટલાક શરૂઆતમાં રાત્રે ખાતા હતા, પણ પાછલી જીંદગીમાં ધર્મ પામ્યા એટલે ચોવિહાર કરવા માંડ્યા. કેટલાક શરૂઆતમાં ચોવિહાર કરતા હતા. પછી શરીર માંદુ પડ્યું ને રાત્રિભોજન ચાલુ. શરીરની આસક્તિ....

પેલા મુખીને કો'કે પૂછ્યું - તમારા ગામમાં મરણ પ્રમાણ શું છે? મુખીએ કહ્યું - બધે હોય છે, એમ જ...એક વ્યક્તિદીઠ એક.

મારે પણ કહેવું છે કે એક જીવનમાં કોઇ એકથી વધારે વાર મરવાનું નથી. તો કોઇ એકે વાર મરવાનો નથી એમ પણ નથી. ક્યારે મરવું? તે ઈમ્પોર્ટન્ટ નથી. કેવી રીતે મરવું? તે ઈમ્પોર્ટન્ટ છે. આમે ય લાંબુ જીવી દુઃખી થવા જેવું નથી. ૬૦ વર્ષે રીટાયર્ડ થવાની ઉંમર ફીક્સ છે, પણ મરવાની ઉંમર ફીક્સ નથી. આ જેવો રીટાયર્ડ થવાનો તે દિવસથી તેના ઘરે ભારે પડવાનો. એટલે બધાના વધુ અપમાન સહન કરવા પડે.

પહેલા એને બાથરૂમમાં જવા માટે બધા સગવડ કરી આપતા. હવે બધા જાય

પછી તેનો નંબર. પહેલા તેના સમયે ચા મૂકાતી. હવે બધાના સમયે તેણે ચા પી લેવાની. પહેલા રિમોટ તેના હાથમાં રહેતું. હવે તેણે ચૂપ રહેવાનું. પહેલા દિવાનખંડમાં મુખ્ય તે હતો. હવે તેણે ખૂણામાં બેસવાનું. સજ્જન દીકરો પણ રિટાયર બાપા માટે માને કે કામ - ધંધા વગરના થયા. માથે પડશે. ૬૦ વર્ષે રિટાયર ને૧૦૦ વર્ષનું આયુષ્ય હોય તો થાય શું? ૪૦ વર્ષનું વધારે લાંબુ ઘડપણ,વધારે લાંબી નિવૃત્તિ, વધારે લાંબા સમય બીજાની સેવા લેવાની, બીજાના આશરે રહેવાનું. બધાને વધુ ભારે પડવાનું.

સંસારમાં માણસ જેટલું વધારે જીવે તેટલો વધુ બીજાની અડફેટમાં આવે. જ્યારે ચારિત્રપર્યાયમાં જેટલો મોટો થાય, તેટલો વધુ પૂજનીય બને. દીકરા બાપાને કહે - મરતા ય નથી ને દવાખાનાના બીલ લાંબા લાંબા આવ્યા કરે છે. યુવાનીમાં આવેલી બીમારી એ ઘડપણમાં આવનારી બીમારીની નેટ પ્રેક્ટીસ છે. કેવી રીતે ઘડપણ વિતાવીશ? તે વિચાર કરવા મળે.

યુવાનવયે માત્ર દોડધામ જ કરતા હતા. ધર્મ-જાપ કરવાનો સમય ન હતો. બીમાર પડ્યા તો જાપ કરવા સમય મળ્યો. સાજા છો ને ઓફીસે જવાની ઇચ્છા ન હોય તો ય સામે ચાલીને ધક્કો મારીને ઓફીસે મોકલે. પણ તમને ચાર ડીગ્રી તાવ આવતો હોય ને તમે ઓફીસે જવાની વાત કરો તો સામેથી આરામ કરવાનું કહેશે.

આખો દિવસ દોડધામ-ધમાચકડી-ઘર-પરિવાર માટે નીચોવાઇ જાઓ છો. પૂર્વે માણસ કમાતો હતો ત્યાં સુધી તો તેની ઇજ્જત હતી. આજે તો કમાતા બાપને પણ દીકરો ટોણાં મારે છે. એકનો એક છું. છતાં તમે મારી ઇચ્છા પૂરી નથી કરતા... કમાતા માણસને ય સન્માન નથી. અપમાન છે. પણ તમે ધિઠ્ઠા થઇ ગયા છો. જો અમે અપમાન કરીએ તો તરત અસર થાય, પણ ઘરવાળા અપમાન કરે તો વધુ સ્વાદિષ્ટ લાગે છે.

વાત આ છે કે સામાન્ય સંજોગોમાં ઘર - પરિવાર માટે નીચોવાઇ જતા હતા. સામાયિક - જાપ કશું થતું નહોતુ. બે - ચાર દિવસ બીમાર પડ્યા, તો જાપ થશે. નવકાર ગણું. કોઇ ખટપટ-ટેન્શન-ચિંતા નહી. યુવાનીમાં બીમારીનો સમય આત્મચિંતામાટે -આત્મકલ્યાણમાટે ગોલ્ડન પીરિયડ છે. અત્યાર સુધી આત્માની કોઇ ચિંતા ન કરી. હવે તો કરું. એમાં ટેવાઇ જશો તો ઘડપણમાં આકરું નહી લાગે.

વળી, કોઇપણ બીમારી આવે તે પૂર્વના કર્મોનો નિકાલ છે. સનતકુમાર ચક્રીએ સાતસો વર્ષ સોળ સોળ મહારોગો સહન કર્યા. દેવ આવીને ઉપાય બતાવે છે, છતાં કહે છે - આ તો મારા મિત્ર છે. સહન કરીશ તો જ મારા કર્મો જશે. આમ બીમારી તો અપેક્ષાએ આશીર્વાદ છે, પણ સહન થતી નથી ને આર્તધ્યાન આવે છે, તેનું કારણ છે શરીર પરની મમતા. શરીરને એવું સુખશીલ બનાવ્યું છે કે જરા પણ પીડા સહન થતી

નથી. આપણને દુઃખ ફાવતું નથી, કારણ સહન કરવાનું સત્ત્વ નથી. પછી ડૉક્ટર - હકીમ જે કહે તે કરવા તૈયાર. અરે ભાઇ! તું જૈન છે. તારાથી આ ન કરાય. તો કહેશો - સાહેબ એ વાત પછી કરજો. હમણાં નહીં.

આ ચાર આર્તધ્યાન જીવને સતત ગોળ ગોળ ફેરવે છે. પ્રથમના બે ઇષ્ટવિયોગ અને અનિષ્ટ સંયોગ આર્તધ્યાન સતત ચાલે છે. આર્ત એટલે પીડા. અર્થાત્ પીડિત વ્યક્તિને થતું ધ્યાન તે આર્તધ્યાન. તે પીડા કઇ? શરીરની અને મનની. રોગ એ શરીરની પીડા છે. બાકીના ત્રણ એ મનની પીડા છે. (૧) મને ઇચ્છિત કેમ ન મળ્યું? (૨) નહીં ગમતું આવશે તો? (૩) તેને મળ્યું તે મને કેમ ન મળ્યું?

ગૃહસ્થ તરીકે તમને સતત આર્તધ્યાન થયા કરે છે. દુકાને બેઠા. ઘરાક બાજુની દુકાને જાય - આર્તધ્યાન. ઘરે બેઠા. દીકરો પાણીનો ગ્લાસ ન આપે - આર્તધ્યાન. જુની પેન ન મળે કે ખોવાઇ જાય-આર્તધ્યાન. આપણે આપણી જાતે એવી મોટામાં મોટી કુટેવ પાડી છે કે નાની નાની બાબતને પણ સતત પીંજ્યા જ કરવી. ઘણીવાર તો ગમતી પેન ગોતવામાં મહત્ત્વનું કાર્ય જ રહી જાય.

પેલો પ્રોફેસર ટેક્સી પકડવામાં ભૂલી ગયો કે મારે ક્યાં જવું છે? કાગળ લખવો હતો ત્યારે પેન નહોતી મળતી. પેન મળી તો ભૂલી ગયા કે પેનનું શું કામ હતું? એમ ઘણા જીવનની નાની બાબતોને પકડવામાં એવા અટવાઇ જાય છે કે એમાં એ ભૂલી જાય છે કે પોતે માનવભવમાં શા માટે આવ્યો?

એક આર્તધ્યાન અંતર્મુહૂર્તથી વધારે ન ચાલે. પણ એક પૂરું થાય ને બીજું શરુ. બીજુ પૂરું થાય ને ત્રીજું શરુ. તેની પરંપરા ચાલે છે અને આપણને ખબર પણ પડતી નથી. જે આર્તધ્યાન તીવ્રતર આકરા થાય છે, તે રૌદ્રધ્યાન બને છે. આર્તધ્યાન શરુઆત છે. રૌદ્રધ્યાન અંત છે. પ્રાય : દરેક આર્તધ્યાન રૌદ્રધ્યાન તરફ લઇ જાય છે. જેમ વસ્તુની ગેરહાજરી - અભાવ - ગુમ થવું તે માણસને ગમતું નથી. તેમ કોઇપણ બાબતમાં જીવનો અપરાધ જોવો ખૂબ ગમે છે. જેમ બોંબધડાકામાં દર વખતે ભારત કહે કે પાકિસ્તાનનો હાથ છે. એટલે વિદેશીનો હાથ દેખાય છે. તેમ કોઇપણ ગરબડ થઇ તો વ્યક્તિનો અપરાધ શોધીએ છીએ. વસ્તુની ગેરહાજરી નથી ગમતી માટે આર્તધ્યાન. વ્યક્તિનો અપરાધ જોવો ગમે છે, માટે રૌદ્રધ્યાન.

## પોષ વદ - ૫

સતત અરિહંતનું સ્મરણ નમસ્કાર દ્વારા થઇ શકે છે. નમસ્કારનો તાત્પર્યાર્થ છે પૂજા. પંચ પરમેષ્ઠીના ગુણોનું સતત ચિંતન - સતત અહોભાવ છલકતો રાખવો -

એમની અનંત કરુણા – અનુગ્રહથી જીવનમાં બધું સારું થયું છે. એ સતત અનુભવતા રહી વિચારવું – કેવી રીતે હું એમના અનુગ્રહ – કૃપાપાત્ર બનું? મારી સ્ખલનાઓ એમના શરણ વિના કેવી રીતે દૂર થાય? આ બધી નમસ્કારની ભૂમિકા છે. આ હેતુઓથી નમસ્કાર કરાય છે. આ રીતે કોઇને કોઇ હેતુથી પરમાત્મા સાથે નાતો જોડાયેલો હોવો જરૂરી છે. તે માટે જ પૂર્વ મહાપુરુષોએ જાતજાતની વિધિઓ બતાવી છે. જેમકે કલ્યાણકોની આરાધના કરવી. પ્રભુના ચ્યવન કલ્યાણકને યાદ કરી – હે પ્રભો! આપ માતાની કુક્ષીએ પધાર્યા. આપે જે સાધના કરી તે અમારા જીવનમાં આવો. આપ દેવલોકના સુખ છોડી, આજે જગતમાં પરમાર્થ માટે પધાર્યા. આપ માતાની કુક્ષીએ આવ્યા ને આપ પરમેષ્ઠી બન્યા. આપ જનમ્યા ત્યારથી આપ પૂજ્ય બન્યા. આવી ભાવનાથી આરાધના કરવી.

ચોવીસ તીર્થંકર પરમાત્માની કલ્યાણક તિથિઓ ફીક્સ છે. દરેક ઉત્સર્પિણી અને અવસર્પિણીમાં આ જ તિથિએ આ જ કલ્યાણક હોય છે. માટે એક ભગવાનના કલ્યાણકની આરાધનાથી ભૂત – ભાવિના અનંતા તીર્થંકરોના કલ્યાણકની આરાધનાનું ફળ મળે છે. આ દિવસ તેમાં નિમિત્ત છે. શ્રાદ્ધવિધિ પ્રકરણમાં કહ્યું છે કે પરમાત્માના તે તે કલ્યાણકના દિવસે વિશેષ આંગી –ભક્તિ – સ્તવનાદિ કરવા. પોષ દસમની આરાધના કેમ? મારે તેમની કૃપા ઝીલવી છે. મૌન એકાદશી વગેરે કલ્યાણક દિવસોમાં તે-તે આરાધના વિધિ – જાપ કરવાથી પ્રભુ સાથે નાતો જોડાય. આવા હેતુઓથી મહાપુરુષો પરમાત્મા સાથે જોડાવા વિવિધ વિધિઓ બતાવી ગયા.

કોઇકની સાથે સમ્યગ્ થયેલું બંધન તે સંબંધ. આખરે તે બંધન જ છે. કારણ તે કાં રાગ કરાવે. કાં દ્વેષ કરાવે. માટે છેવટે ભારે પડવાનું. પણ પ્રભુનો મૈત્રીભાવ સર્વવ્યાપી છે, તે સંબંધ ન કહેવાય. થોડા સાથે હોય તે સંબંધ ને બધા સાથે હોય તે મૈત્રીભાવ. દરેક જીવ સાથે મૈત્રીભાવ રાખવો, સંબંધ નહી.

જે ભગવાનની રોજ પૂજા કરાય, તેમની સાથે વિશેષ લાગણીનો સંબંધ જોડાય, તો પણ બાકીના ભગવાન સાથે પણ સંબંધ તો છે જ. તો પછી 'મારે તો પ્રભુ તું એક. તારે મારા જેવા અનેક' આમ કેમ કહેવાય? વ્યક્તિરૂપે તીર્થંકર અનંતા છે. પણ અરિહંતપણું, તીર્થંકરપણુ, વીતરાગપણું, જગતપર પરમઉપકારીપણું... તે રૂપે એક છે.

રોજ જે ભગવાનની પૂજા કરીએ, તેની સાથે નાતો જોડાય, લાગણી જોડાય, તે માન્ય જ છે. ચાર થોયમાં પણ પ્રથમ થોય કોની? નિકટના ભગવાનની. પછી બીજી થોય સમસ્ત તીર્થંકર પરમાત્માની. પણ પછી એવી ભૂમિકા ન જોઇએ કે આ જ ભગવાન છે. બીજા નહી. આ એક જ ગુરુ, બીજા નહી. આ સામાયિક જ ધર્મ, બીજા ધર્મ

ન કરવા. એક સાધર્મિક મિત્ર. બીજા સાધર્મિકો નહી. તેમ ન ચાલે. જેમની આગળ સુકૃત – દુષ્કૃત બધું કહી શકાય, દિલ ખાલી કરી શકાય તેવા એક દેવ – ગુરુ – ધર્મમિત્ર જોઇએ.

પણ જૈનશાસન વ્યક્તિગતને માનતું નથી. માટે જ 'નમો ઋષભાય' નહી, 'નમો અરિહંતાણં.' ૧૮ કોડાકોડી સાગરોપમ પછી ઋષભદેવે નવકાર ઉત્પન્ન નથી કર્યો. માત્ર પ્રગટ કર્યો છે. બાકી શાશ્વત છે. ઋષભ – ચંદ્રાનન – વર્ધમાન – વારિષેણ એ નામ શાશ્વત છે, વ્યક્તિ નહી. કયા અરિહંતને નમસ્કાર? બધા. કયા સિદ્ધને નમસ્કાર? બધા. વ્યક્તિગત આરાધના કરવા ભલે કોકની વિશેષ ઉપાસના કરીએ. પણ મનમાં તો હોય જ કે દરેક દેવ–ગુર્વાદિ ઉપાસનીય છે. કારણ તીર્થંકર પ્રભુ જ જગતના પરમકલ્યાણરૂપ મિત્ર છે. હિતકર છે. સહાયક છે. તેથી એમની સતત નિકટમાં રહેવા માટે જ મહાપુરુષોએ આ આરાધના બતાવી.

મૌન એકાદશી, પોષદસમી વગેરે કોઇપણ રીતે આરાધના કરો. પણ પ્રભુ સાથે નાતો જોડાયેલો રહેવો જોઇએ. કારણ પ્રભુ જ મહાસાર્થવાહ, મહાગોપ, મહાનિર્યામક ને મહામાહણ છે. માહણના બે અર્થ થાય છે (૧) બ્રાહ્મણ (૨) તું કોઇની હિંસા ન કર. જે બ્રહ્મ – સ્વરૂપની સાધનામાં છે, અથવા બ્રહ્મસ્વરૂપને પામ્યા છે, તે બ્રાહ્મણ. જે સાધનાને સિદ્ધ કરી બીજાને બ્રહ્મસિદ્ધિની સાધનામાં જોડે છે, તે મહામાહણ.

સાધનાના ક્ષેત્રે જન્મથી કે જાતિથી મળેલા લેબલો નકામા છે. જન્મથી જૈનો જીવનથી એવા કામ કરે કે અજૈનોને પણ ન શોભે. જેને જૈનત્વથી જીવવું જ નથી, તેણે છાપામાં જાહેરાત આપી દેવી કે હું જૈન નથી. પછી ભલે રાતે ખાય, કંદમૂળ ખાય. લોકોને તો ખબર પડે આ જૈન નથી. આપણે તો જૈન પણ રહેવું છે, ને ગોટાળા પણ કરવા છે. તમારા ઘરની કોઇપણ ચીજ વહોરીએ તો તે ભક્ષ્ય જ હોય ને? કે અભક્ષ્ય પણ હોય? જૈન જાતિથી વિશેષ કાંઇ મતલબ નથી જો જીવનથી જૈન નથી તો.

જે પોતાના આત્માના શુદ્ધસ્વરૂપની શોધમાં લાગ્યો છે તે બ્રાહ્મણ. ચોવીસ કલાક બધી બાબતમાં આત્માનું પ્રતિબિંબ પડે છે. હું સુખી, હું દુઃખી, હું આવો. પણ who am I? 'હું' એટલે કોણ? આત્મા. શરીર નહી. 'હું બગડી ગયો' – એ ભાષા જુદી અને 'શરીર બગડી ગયું.' – એ ભાષા જુદી છે. 'હું બગડી ગયો' તો ગુરુ પાસે જવાય. શરીર બગડી ગયું તો ડૉક્ટર પાસે જવાય. 'હું દુઃખી છું' એવું સતત સંવેદન – ફીલીંગ્સ થવા છતાં આત્મા આપણાથી અજાણ્યો છે. એ આત્માને શોધવાનો – જાણવાનો – ફંફોળવાનો પ્રયત્ન આપણને ગમતો નથી, ફાવતો નથી. આખા જગતને

ઓળખી લઇએ છીએ.

શેઠ પોલીસચોકીમાં ફરિયાદ નોંધાવવા ગયા. છોકરો અને કૂતરો બંને ખોવાયા છે. પોલીસે પૂછ્યું – છોકરો કેટલી ઉંમરનો છે? તેર – ચૌદનો હોઇ શકે. હાઇટ? લાંબી – ટુંકી, કદાચ મિડીયમ. એ કાળો છે કે ગોરો? યાદ નથી. ચશ્મા પહેરે છે? ખ્યાલ નથી. એની મમ્મીને પૂછવું પડશે. કૂતરો કેવો છે? ચોકલેટી રંગનો, વચ્ચે વચ્ચે સફેદ સ્પૉટ છે. ૨૫ રતલ વજન છે. કાન સીધા ને પૂંછડી વાંકી છે. બે વર્ષનો છે. તેને આ બિસ્કીટ ભાવે છે.... છોકરાના વિષયમાં કશું ખબર નથી ને કૂતરાના વિષયમાં બધું ફટાફટ જણાવ્યું. પોલીસે પૂછયું – તમને કયું મળશે તો ગમશે? શેમાં વધુ રસ છે? છોકરામાં કે કૂતરામાં?

તેમ ગુરુ મ.સા. નો તમને પ્રશ્ન છે... તમને શામાં રસ છે? આત્મામાં કે શરીરમાં? શરીર વિશે તમે પૂરેપૂરી માહિતી આપી શકો છો. બી.પી, રેડ સેલ આટલા, હિમોગ્લોબીન આટલું, વગેરે... જ્યારે આત્મા વિષે કાંઇ ખબર નથી. કદાચ ગુરુ મહારાજ કહે છે તેમ અરૂપી હશે, અવિનાશી હશે, તમને શેમાં રસ છે? જે આપણું પોતાનું સ્વરૂપ છે. ૨૪ કલાક સાથે છે, જે સતત સુખ – દુઃખરૂપે સંવેદિત છે, તેને જાણવામાં રસ જ નથી. કોઇ જિજ્ઞાસા નથી.

શરીરના ધર્મ જુદા અને આત્માના જુદા, શરીરની પીડા જુદી અને આત્માની જુદી, શરીરની માંગણી જુદી અને આત્માની જુદી. શરીરની અનુકૂળતા જુદી અને આત્માની જુદી. અહીં જ જરુર પડી બ્રાહ્મણની. જે પોતાના આત્મ સ્વરૂપને શોધવા દિવસ–રાત મથી રહ્યો છે, ઝંખી રહ્યો છે, તે પછી ઝાંખી કરે, અનુભૂતિ કરે, સાક્ષાત્કાર કરે તે બ્રાહ્મણ. ભગવાન મહાબ્રાહ્મણ છે.

એક ઇંગ્લીશ લેખકનું 'animal farms' નામનું પ્રસિદ્ધ થયેલું પુસ્તક છે. એમાં સામ્યવાદ પર કટાક્ષ છે. રાજશાહીને દૂર કરવા સિદ્ધાંત રાખ્યો... બધા જ સરખા છે. સમાન છે. પછી કેટલાક જે આગેવાન હતા, એમણે પોતાના વિશિષ્ટ મોભાને સાર્થક ઠેરવવા માંડ્યો. તેથી એ પુસ્તકમાં આ વાક્ય છે– પહેલા વાક્ય હતું – all are equals. પછી ઉમેરો થયો... but some are more than equals.

પણ અહીં આપણે પ્રભુને કહેવું છે. ભગવન! જે બ્રહ્મસાધક કે બ્રહ્મસિદ્ધ છે, એ બ્રાહ્મણ છે, પણ આપ તો એથી ય વધીને આપના શરણે આવેલા અમનેય બ્રહ્મસાધક–બ્રહ્મસિદ્ધ બનાવો છો, જેમકે સુવર્ણરસના સંપર્કથી તાંબુ પણ સુવર્ણ બની જાય છે. તેથી આપ મહા બ્રાહ્મણ છો. બાકીના બધા બ્રાહ્મણ પણ ભગવાન મહાબ્રાહ્મણ, કેમ? જે પોતાના બ્રહ્મસ્વરૂપને પામવા પ્રયત્નશીલ છે તે બ્રાહ્મણ. પ્રભુ બ્રહ્મસ્વરૂપ

પામી ચૂક્યા છે. એમના પ્રભાવથી – અનુગ્રહથી – વચનથી – ઉપદેશથી – પ્રેરણાથી બીજા બ્રહ્મ – આત્મસ્વરૂપ પામે છે, માટે પ્રભુ મહાબ્રાહ્મણ.

આત્મા કરતાં શરીર જુદું છે. જ્યારે જ્યારે શરીરની ચિંતા થાય, ત્યારે ત્યારે આત્મા સાથે એનો વિચાર જોડો. માથુ દુઃખે તેમાં આત્માને પીડા છે? સહન કરવામાં આત્માને ફાયદો છે કે ગોળી લેવામાં? સરસ ભોજન થાળી વાપરવી છે. તેમાં શરીરને લાભ કે આત્માને? સરસ દાગીના પહેર્યા. તરત પૂછવું – શરીર શોભ્યું કે આત્મા? દાગીના કોને પહેરાવાય? શરીરને કે આત્માને? આત્માના દાગીના કયા? તે માટે એક સરસ શ્લોક આવે છે. તે શરીરને શોભે નહી. **જ્યાં જ્યાં શરીર આગળ થાય, ત્યાં શરીર હડસેલી આત્માને આગળ કરવો. તો બ્રાહ્મણ થવાની પ્રક્રિયા શરુ થઇ.** પ્રભુના માર્ગદર્શનથી આ પ્રક્રિયા શરુ થઇ, તો બ્રાહ્મણ થશું.

'મા હણ' – મારે કોઇની હિંસા કરવી નહી. **જે જાતે હિંસાથી અટકેલો છે, તે માહણ. જે જગતને હિંસા ત્યાગનો ઉપદેશ આપે તે મહામાહણ. એનું સ્પષ્ટ અને સૂક્ષ્મ માર્ગદર્શન જિનશાસન સિવાય બીજે ક્યાંય નથી.** બૌદ્ધ ધર્મના ગુરુ દલાઇ લામા પાલીતાણામાં પૂજાઆદિ જોવા આવેલા. જૈનાચાર્ય જૈનોના પ્રતિનિધિ કહેવાય. ફરક ક્યાં પડ્યો? તે પ્લેનમાં આવ્યા. તેમને માંસાહાર વર્જ્ય નથી. ૯ કોટી શુદ્ધ ગોચરીના નિયમ તેમને નથી. આપણે એમની ટીકા નથી કરવી. પણ વાત આ છે કે કેમકે એ પણ ધર્મગુરુ ગણાતા હોવા છતાં આટલો ફરક પડ્યો ? કહો માત્ર ભગવાને જ માહણનો માર્ગ બતાવ્યો છે. જીવનની પ્રત્યેક ક્ષણ જીવોને અભયદાન આપનારી હોવી જોઇએ. એક પણ ક્ષણ હિંસા ન થવી જોઇએ. આવું સૂક્ષ્મ માર્ગદર્શન પ્રભુએ જ આપ્યું છે. આપણો અનંતકાળ જીવો પ્રત્યે હિંસા–દ્વેષ–કઠોરતામાં જ ગયો છે. આપણા તરફથી જીવોને સતત ભય–દ્વેષ–ખેદ જ મળ્યા છે. પ્રભુ આ જાણે છે. તેથી જ પ્રભુએ આ ભવમાં આપણા તરફથી જીવોને અભય–અદ્વેષ–અખેદ જ મળે, એ વાત પર ભાર મુક્યો છે. આ ભવમાં જ આપણે જૈન છીએ, માટે આ ભવમાં જ આ સંસ્કાર ઊભા કરવાના છે.

હિંસા ત્રણ પ્રકારની છે (૧) પર્યાયનાશ. (૨) દુઃખોત્પાદન. (૩) સંક્લેશ. ૧) પર્યાયનાશ : જીવિતનાશ. એકેન્દ્રિય જીવોના પર્યાયનો નાશ કરીએ. શાક ચૂલે ચઢાવ્યું–ફળ સમાર્યું વગેરેથી તે જીવના તે ભવરૂપ પર્યાયનો નાશ કર્યો. તે રૂપે ભવ ખતમ કરવો. (૨) દુઃખોત્પાદ : ઇજા પહોંચાડવી. વિકલેન્દ્રિય જીવોમાં વિશેષથી થાય છે. કાજો લેતાં લેતાં કીડી આવી, ઘસડી, ટાંગ તૂટી, મરી નહી પણ તેના અંગ તૂટવા – પીડા આપવી તે... (૩) સંક્લેશ = મુખ્યતયા પંચેન્દ્રિય મનુષ્ય અંગે.

ઘણાં એકેન્દ્રિયની સારી રક્ષા કરે. બેઇન્દ્રિયાદિ વિશે ખૂબ સાવધાની રાખે, પણ પંચેન્દ્રિયને - મનુષ્યને ટોણા મેણાં મારી માનસિક ત્રાસ ખૂબ આપે. ભગવાને ત્રણે હિંસા વર્જ્ય કહી છે. માટે ભગવાન મહામાહણ છે. તે ભગવાનની ઉપાસના કઇ? પુષ્પપૂજાદિ? ના. તેમણે બતાવેલો માર્ગ અપનાવવો, તે શ્રેષ્ઠ ઉપાસના. જ્યારે આકરું બોલવાનું મન થયું ને અટકી ગયા, તે ક્ષણે ભલે કપડાં મેલાં છે, પણ આત્મા ચોક્ખો છે. ભગવાનની પૂજા થઇ ગઇ. તમે સાવધાની રાખી ને કોઇ જીવ બચ્યો, તો તે પૂજા છે. માટે સાધુને તમારી જેમ કેશરાદિથી પૂજા કરવાની નથી, છતાં ખરેખરી પૂજા સાધુ જ કરે છે, કારણ **જેટલા પગલાં જીવદયાના ઉપયોગથી ચાલે, તે દરેક પગલું ભગવાનની પૂજારૂપ છે.**

આપણે ત્રણે હિંસા છોડી માહણ બનશું. ભગવાન તે માર્ગ બતાવી મહામાહણ થયા છે. પરમાત્માની ભાવના છે કે દરેક જીવ માટે મહામાહણ બનું, પણ તેમ થતું નથી. ઇચ્છા થાય કે બધી દુકાનો લઇ લઉં. પણ તેટલા માત્રથી માલિક ન બની જવાય. એ માટે કરાર કરવો પડે. સહી સિક્કા કરવા પડે. અરે સહુ પ્રથમ તો પેલો માલિક વેંચવા તૈયાર હોવો જોઇએ. તો જ દુકાન તમારી બને.

તેમ ભગવાનને પણ ભાવના થાય કે બધા માટે મહામાહણ બનું. પણ જે ભગવાન સાથે આજ્ઞા સ્વીકારરૂપે કરાર કરે કે ભગવાનના માર્ગે જવું છે, પછી ભગવાનના વચનને આગળ કરી હિંસાથી અટકે, તો ભગવાન એના માટે મહામાહણ છે. વચનને ઘોળીને પી જનારા માટે નહી. ભગવાન મહાનિર્યામક ખરા, પણ જે જહાજમાં બેસે તેનામાટે. જહાજમાંથી સાગરમાં કૂદકો મારે એના માટે નહી. ભગવાન મહાસાર્થવાહ ખરા, પણ જે સાર્થમાં જોડાય તેના માટે. નીકળી જાય તેના માટે નહી. ભગવાન મહાગોપ ખરા, પણ જે ગાય ગોવાળની પ્રેરણા મુજબ ગાયના ટોળામાં રહે તેના માટે. તેમ ભગવાનનું આ સ્વરૂપ સ્વીકારી તે માર્ગે ચાલે તેમના માટે મહામાહણ. અન્યથા પ્રભુ રસ્તે રખડતા જીવોમાટે આ ચારરૂપ બનતા નથી.

તાત્પર્ય એ કે જો આપણે ભગવાનને મહાસાર્થવાહ વગેરેરૂપે જોવા ઇચ્છીએ છીએ ને તેથી તેવા વિશેષણથી નવાજીએ છીએ, તો પછી આપણું કર્ત્તવ્ય છે કે એમના સાર્થમાં જોડાઇ જવું, એમના જહાજમાં બેસી જવું, એમના શરણે ગાય બનીને જતાં રહેવું ને એમના બતાવેલા માર્ગે બ્રહ્મ સાધનામાં લાગી જવું. નહિંતર આપણે પેલા ગોશાળા જેવા થઇશું. ગોશાળાએ સદ્દાલપુત્ર આગળ ભગવાનના આ રીતે શબ્દથી વખાણ કર્યા, પણ એ વિચાર-વાણી જીવનથી તદ્દન વિપરીત રીતે વર્ત્તતો હતો. બોલો, શું થવાની ઇચ્છા છે? ગૌતમ કે ગોશાળો?

**રૌદ્રધ્યાન :** – વસ્તુ પર રાગનો અનુબંધ આવે ત્યારે આર્તધ્યાન સુલભ થાય છે, અને એક પણ જીવ પર દ્વેષનો – વૈરનો અનુબંધ આવે, તો રૌદ્રધ્યાન ખૂબ સુલભ થાય છે. માટે કહ્યું છે કે બધા સાથે પ્રેમ છે પણ એક સાથે નથી તો ન ચાલે. I Love all except one. –આ ન ચાલે. એકપણ જીવ પ્રત્યે દ્વેષ – વેર છે, તો સદ્ગતિ નથી. અગ્નિશર્માને માત્ર ગુણસેનપર જ દ્વેષ હતો, માટે દરેક ભવે દુર્ગતિ. કમઠને પાર્શ્વપ્રભુ સિવાય કોઇના પર દ્વેષ નથી. પાર્શ્વ પ્રભુના દરેક ભવ મનુષ્ય – દેવગતિના, કમઠના દરેક ભવ તિર્યંચ–દરિદ્ર મનુષ્ય – નરકના. એક જીવ પર સામાન્ય દુર્ભાવ પણ ન ચાલે.

નાનકડો રહી ગયેલો દુર્ભાવ પણ કેવો અનર્થ સર્જી શકે છે? પ્રભુ વીર પાસે છેલ્લા દીક્ષા લેનાર રાજા ઉદયન. તેમણે વિચાર્યુ. રાજગાદી કોને સોંપવી? પુત્ર અભિચીને કે ભાણેજ કેશીને? સામાન્યથી પુત્ર અધિકારી કહેવાય. પણ ઉદયને વિચાર્યુ, રાજેશ્વરી તે નરકેશ્વરી. મારા ઘરમાં આવેલું સંતાન દુર્ગતિમાં જાય તે કેમ ચાલે? દુનિયાની તમામ સત્તા – શક્તિ – સંપત્તિ – રૂપ – યૌવનાદિ મૂળભૂત રીતે દુર્ગતિના કારણો છે. તેમાં તમે વિવેક ઉમેરો તો અપવાદ છે કે સદ્ગતિ અપાવી શકે. જેમ કે બ્રેક ન હોય, તો કારના એકસીલેટર વગેરે દરેક અવયવ અકસ્માતના કારણ છે.

સત્તા મૂળભૂત રીતે દુર્ગતિનું કારણ છે. તેમાં વિવેક રાખો તો વાત જુદી. શક્તિ મૂળભૂત રીતે વિકારનું કારણ છે. તેમાં વિવેક રાખો તો વાત જુદી. સંપત્તિ મૂળભૂત રીતે અનર્થનું કારણ છે. તેમાં વિવેક રાખો તો વાત જુદી. અમુક વસ્તુ મૂળભૂત રીતે ખરાબ હોય ને અમુક વસ્તુ મૂળભૂત રીતે સારી હોય. પણ પછી વ્યક્તિ પ્રમાણે તેના ગુણ બદલાય છે. જેમ ચારિત્ર સ્વરૂપથી સારું છે, પણ એને આદરી કોઇ દુર્ગતિમાં જાય તો તેમાં વાંક વ્યક્તિનો છે, નહી કે ચારિત્રનો. તેમ સંસારના રૂપાદિ મૂળભૂત તો દુર્ગતિના કારણ છે, પણ સારી વ્યક્તિના હાથમાં આવે તો અપવાદ. પેથડશા – જગડુશા ના હાથમાં સંપત્તિ આવે ને સુકૃત કરે તે અપવાદ. એટલા માત્રથી સંપત્તિના વખાણ ન કરાય.

ઉદયન વિચારે છે – પુત્રને સત્તા કરતાં સંસ્કાર આપવામાં એનું કલ્યાણ છે. સામાન્યથી દરેક પિતા દીકરાને સંપત્તિ આપવાનું વિચારે. સંસ્કાર કોક જ આપે છે. ઉદયન વિચારે છે –મને ભગવાનના વચન મળ્યા છે. વિવેકી છું. મારો દીકરો દુર્ગતિમાં ન જાય, તે માટે તેના હિતનો વિચાર કરવો, એ મારી જવાબદારી છે. માટે રાજ્ય અભિચીને ન આપ્યું ને કેશીને આપ્યું. અભિચીને ખોટું લાગી ગયું. મગધમાં ગયો, કોણીકની સેવા કરવામાં લાગ્યો. પ્રભુ વીરનો અનન્ય શ્રાવક બન્યો. જીંદગીભર શ્રાવકપણું પાળ્યું. કાળધર્મ પામ્યો ત્યારે ગૌતમે પ્રશ્ન કર્યો – ભગવન્! તે ઉત્તમ શ્રાવક કાળ કરી ક્યાં ગયો?સાધુ કે શ્રાવક, સાધુપણામાં કે શ્રાવકપણામાં મરી ક્યાં જાય?

દેવલોકે? ના. વૈમાનિક દેવલોકમાં જાય. બાકી પરમાધામી પણ દેવ કહેવાય. પણ સાધુ–શ્રાવક આવા તુચ્છ–ક્રુર દેવ ન બને. વૈમાનિક દેવલોકમાં પણ ઇન્દ્ર કે ઇન્દ્ર ને સમકક્ષ સામાનિક દેવ જ થાય.

જેના પિતા રાજર્ષિ ઉદયન કેવલ પામી મોક્ષે ગયા, તે મહાશ્રાવક અભિચી કાળ પામી ક્યાં ગયો? આમ પૂછવાનો ગૌતમસ્વામીનો આશય જુદો હતો કે વૈમાનિકમાં કયા દેવલોકમાં ગયા? પણ પ્રભુએ જવાબ જુદો જ આપ્યો – સામાન્ય ભવનપતિ નિકાયમાં ગયો છે. સાંભળી ગૌતમસ્વામીને આંચકો લાગ્યો. પોતે દ્વાદશાંગીના જ્ઞાતા હતા. શ્રાવક કે સાધુ કાળ કરીને વૈમાનિકમાં જાય એમ જાણતા હતા. છતાં અભિચી ભવનપતિમાં કેમ ગયા? કારણ પૂછ્યું. ભગવાન કહે – તેના મનમાં પિતા પ્રત્યે સામાન્ય દુર્ભાવ હતો કે રાજ્ય પર મારો અધિકાર હોવા છતાં મને પૂછ્યા વગર કેશીને રાજ્ય કેમ આપ્યું? શ્રાવકની આટલી ઉંચી આરાધના હોવા છતાં આ સામાન્ય દુર્ભાવ તેને વૈમાનિક દેવના ઇન્દ્ર કે નોકર દેવ તો છોડો, ભવનપતિમાં લઇ ગયો.

એક પણ વ્યક્તિ પ્રત્યેનો દ્વેષ – વેરભાવ તમને રૌદ્રધ્યાનમાં લઇ જાય. દુર્ગતિમાં લઇ જાય. કોણીક કહે – છઠ્ઠી નરકમાં તો સ્ત્રી જાય. હું તો મરદનો બચ્ચો છું. સાતમીમાં જઇશ. તેમ દ્વેષ કે વેર કહે છે તમને સામાન્ય ગતિ ન મળે. દુર્ગતિ – નરક જ મળે. દુર્ભાવને ઘુંટવામાં આવે તો દ્વેષ બને, વધુ ઘુંટો તો વેર બને. જેમ દુધને લસોટો તો રબડી બને. વધુ લસોટો તો માવો બને. બીજા પ્રત્યે સામાન્ય અરુચિભાવ તે દુર્ભાવ છે. તે તીવ્ર કોટીનો બને તો દ્વેષ અને તીવ્રતર બને તો વેર. તત્કાલમાં શું આપે? રૌદ્રધ્યાન. ભવિષ્યની ભેટ નરક. પૂર આવે તો તત્કાલ રાહત ફુડ પેકેટ આપે. પૂર ઓસર્યા પછી ઘરવખરી આપે. તેમ દુર્ભાવમાં તત્કાલ રૌદ્રધ્યાન. પરંપરાએ નરક.

રૌદ્રધ્યાનના બાહ્ય કારણ ચાર છે. પણ અંતર્ગત કારણ એક જ – જીવપર ઘુંટાતો વારંવારનો દુર્ભાવ –દ્વેષ – વેર જ છે. જેટલા સંબંધ વધારે તેટલા દ્વેષના નિમિત્ત વધારે. અંગત – નજીકના સ્વજન પ્રત્યે જ દ્વેષ ઘુંટાયા કરે. નજીકના મચ્છર પર દ્વેષ થાય, આફ્રીકાના સિંહ પ્રત્યે નહી. નજીકના ભાઇ – ભાભી – કાકા – બાપા પ્રત્યે જ દ્વેષ જાગે. પાછું દરેક પ્રસંગમાં 'હું તો નિર્દોષ જ છું.' આ તો માની જ લેવાનું. હું જ સૌથી નિર્દોષ છું.

જેમ સમ્યક્ત્વના છ સ્થાનો નિશ્ચે માની લેવાના હોય છે. તેમ (૧) હું તો નિર્દોષ જ છું. (૨) બીજાનો જ વાંક છે. (૩) કેટલીવાર માફ કરવાના? (૪) ક્યાં સુધી સહન કરવાનું? (૫) એમ જો દંડ નહી આપીએ તો માથાભારે થઇ જાય. (૬) દંડ કરશું તો જ સુધરશે. તમારા સમ્યક્ત્વના આ છ સ્થાનો છે. ભગવાનનું સમ્યક્ત્વ જુદું

ને તમારું જુદું. પ્રભુના સમ્યક્ત્વમાં (૧) આત્મા છે (૨) એ પરિણામી નિત્ય છે (૩) કર્મનો કર્ત્તા છે (૪) એના ફળનો ભોક્તા છે (૫) એનો મોક્ષ છે ને (૬) એ મોક્ષના સમ્યગ્દર્શનાદિ ઉપાય છે... આ છ વાક્ય છે.

હું તો નિર્દોષ જ છું. મારા વિષે તો કાંઇ કહેવાનું જ નથી. મારા વિષે તો ચેપ્ટર જ પૂરું થાય છે. હું આમ કેમ બોલ્યો? તેની વાત જ ન કર. તારી વાત કર. દરેક જણ અરિસા આગળ ઊભા રહી જજો. છમાંથી કયું વાક્ય ફીટ થાય છે. જેને પહેલું ફીટ થાય તેને છએ ફીટ થાય જ. એકલી વાટકી છુટી ન મળે. થાળી – ચમચી – ગ્લાસ વગેરે આખો સેટ જ મળે. નોકરીમાં પૈકેજ મળે, તેમ 'હું નિર્દોષ છું' આ વાત આવે ને છએ પેકેજમાં મળે જ.

ઉંધા છ સેન્ટેન્સ ન બને? બને. 'હું નિર્દોષ છું' અને 'મારી પણ ભૂલ હોઇ શકે'. તેમાં શું તાત્ત્વિક ફરક છે? તાત્ત્વિક ફરક નથી. હું તો માનતો જ નથી કે મારી ભૂલ છે. પણ તું બહુ કચકચ કરે છે, માટે કહું છું – જા, મારી પણ ભૂલ હોઇ શકે છે – કેવી ઉદારતા!

'હું નિર્દોષ છું' તે તો ન જ ચાલે, 'મારી પણ ભૂલ હોઇ શકે' 'પણ' એટલે તારી તો સો ટકા છે જ. તારું મન રાખવા મારી કબૂલ કરું છું. 'મારી ભૂલ હોઇ શકે'. આ થોડું પ્યોરીફાઇડ. 'મારી જ ભૂલ છે' આ બરાબર ઉલ્ટુ થાય. એ જ સાચો સ્વીકાર છે.

'મારી ભૂલ જ નથી' અને 'મારી જ ભૂલ છે' આ બે વાકયમાં જમીન આસમાનનો ફરક છે. આ સ્ટેપ બદલતાં અનંતકાળ વીતી ગયો. હજી જીવડો આ વાક્ય બદલી શક્યો નથી. પહેલાં મનની માન્યતા બદલવી પડશે. મગજની રાઇ કાઢવી પડશે. વાયુ કાઢવા સૂંઠ જરૂરી છે. સૌથી વધુ વાયુ મગજમાં ભરાયો છે. રોજ મગજ ઉપર થોડી થોડી સૂંઠ લગાડજો. જેથી વાયુ નીકળે.

રત્નપ્રભા નારકીની નીચે ઘનોદધિ અને ઘનવાત છે. તે વાયુ એવો ઘન છે કે એની ઉપરનું પાણી નીચે ન જઇ શકે. તેમ આપણા મગજમાં પણ અહંકારનો ઘનવાત છે. થીજી ગયેલો છે. કેટલીય વાર પ્રવચનો સાંભળ્યા પછી, ઠોકરો ખાધા પછી, અનુભવો પછી ય તે વાયુ પીગળતો નથી. બીજા વાક્યપર પહોંચવું સહેલું છે. અંતર્મુહૂર્તમાં પહોંચી શકાય. અને ન પહોંચે તો અનંતકાલ પણ લાગે. બીજા પગથિયા પરથી ત્રીજા પર જવું હોય તો એક જ પગથિયુ ચઢવું પડે. પણ ઉંધો રસ્તો પકડે તો શું થાય? ૨ – ૧ = ૧ – ૧ = ૦ – ૧, = – ૧, – ૨, – ૪.... તેમ સાધના અંતર્મુહૂર્તની પણ માર્ગ બરાબર પકડો તો.

'મારો વાંક છે જ નહી' તેમાંથી 'નહી' કાઢી નાંખો 'મારો જ વાંક છે' સરળ

રસ્તો થશે. પણ આપણને તે ફાવતો નથી. 'મારો વાંક છે જ નહી' આ પ્રથમ વાક્ય ખોટુ પકડ્યુ. તો વાંક કોનો શોધવો? ફાંસીએ કોને ચઢાવવા? છગનભાઇને. તેમના પ્રત્યે બીજા પાંચ વાક્ય ઘુંટાય. પછી વાંક જોનાર મગનભાઇ નરકે પહોંચી જાય ને છગનભાઇ ત્યાં જ રહે.

## પોષ વદ – ૬

અરિહંતપદની આરાધના જીવનમાં વણી લેવા જેવી છે. અરિહંતમય બનવા જ્યારે જ્યારે અવસર મળે – મોકો મળે ત્યારે આરાધી લેવાની છે. દુનિયાના ક્ષેત્રમાં આપણી શક્તિ છે. પણ ધર્મના ક્ષેત્રમાં નથી. 'મારી શક્તિ છે માટે કરું છું' એમ નહી, પણ 'મારા ભગવાને કહ્યું છે માટે કરું છું.' સાધનાના ક્ષેત્રે આપણી શક્તિ ઓછી જ લાગે છે, માટે એક ચોવિહાર કરવો પણ ભારે લાગે છે. હું તપ કેવી રીતે કરીશ? એમ નહી. મારી શક્તિથી તપ કરવો છે, તો થાય જ નહી. અરિહંત પ્રભુની આજ્ઞા છે અને એમના અનુગ્રહથી જ થશે. તો જ તપ થાય. તમારાથી તો ચોવિહારે થઇ શકતો નથી. જે પણ થાય છે ને થશે તે ભગવાનના અનુગ્રહથી જ થાય છે. તે લક્ષ્ય હશે તો થશે જ. બાકી નહી.

ભગવાનનો અનુગ્રહ વરસે છે, તે ઝીલવા માટેની આપણી ભૂમિકા શું? અત્યારસુધી પાત્ર ઉંધુ હતું, તેને ચત્તુ કરવાનું છે. તળીયા વગરનું હતું. તળીયાવાળું કરો. કાણાંવાળું – છિદ્રવાળું હતુ. તો છિદ્ર પૂરી દો. આપણું પાત્ર દોષવાળું છે. જ્યાં સુધી મિથ્યાભાવમાં છીએ, ત્યાં સુધી અરિહંતના અનુગ્રહને ઝીલવા આપણું પાત્ર ઉંધુ છે. ચરમાવર્તમાં આવ્યા પછી સાધનાની સાથે સંસારનું આકર્ષણ રહે, ઇચ્છાઓ – અપેક્ષાઓ–ભયો વધતા રહે, તે તળિયા વિનાનું પાત્ર છે. ક્રિયામાં અવિધિ – આશાતના – પ્રમાદ થાય તો પાત્ર કાણાવાળું છે. ત્રણેય નકામા.

(૧) મારા ભગવાને શું કહ્યું છે?તે જાણવાની ઇચ્છા – જિજ્ઞાસા એટલે પાત્રને ચત્તુ કરવું. (૨) દુનિયાના આકર્ષણોમાં શું વિશેષતા છે? એ જ ખાંડણી – દસ્તો છે. એ જ ભોગો છે. નવું કશું નથી. નવું જે છે તે મારા ભગવાનના વચનો જ છે, તે પાત્ર તળિયાવાળું કર્યુ. (૩) ભગવાને જે કહ્યું, જેવું કહ્યુ, જે માટે કહ્યું, જે રીતે કહ્યું, તે જ, તે રીતે, તે માટે, તેવું જ કરવાનું છે. એટલે કાણાં પુરાઇ ગયા.

આરાધના ખૂબ કરવાની. બેસણાદિ કરવા કેમ? આપણી શક્તિ નથી. આપણાથી કાંઇ થતું નથી. પરમાત્માનો અનુગ્રહ જ કરાવે છે. તેને ઝીલવો છે. ફુવારા પાસે જઇએ ને ભીના ન થઇએ તો મૂરખ કહેવાઇએ. ભગવાનનો સાક્ષાત્ અનુગ્રહ

વરસતો હોય ને આપણે દૂર જઇને ઊભા રહીએ તો આપણા જેવા મૂરખ કોણ? યથાશક્તિ તો બોલવા માટે છે. પ્રયત્ન જ કરવાનો છે.

બાળકને ઉપર ઉછાળે તો એ હસે કે રડે? હસે. કારણ તે નિશ્ચિત છે કે મને ઝાલનાર માતા – પિતા છે. તો ડર શાનો? તેમ પ્રભુની આજ્ઞામાં ઉછળો. સાધનામાં ઉંચાઇ પર જાઓ. ઝીલનારા દેવ-ગુરુ છે. તો ડર શાનો? ભગવાનના અનુગ્રહને ઝીલવા માટે આરાધના કરો. હું કરી શકું છું, મારાથી થાય છે, તે માટે નહી. પણ મારા ભગવાને કહ્યું છે. તો અનુગ્રહ મળશે જ. તેમનો અચિંત્ય પ્રભાવ છે.

ભગવાન જગતના જીવો માટે વિશિષ્ટ ભોમિયા છે. ભોમિયા એટલે જંગલમાં ભૂલા પડેલાને સાચી કેડી બતાવનાર, જ્યાં જવું છે, તે સ્થાન ન જાણતા હોય તેને સ્થાન બતાવે તે. ફોરેનરને ભારતના જુદા જુદા સ્થાન જોવા ટુરીસ્ટ ગાઇડને સાથે લેવો પડે. તે ભોમિયો પણ વર્ષોથી તે જ કામ કરતો હોય, તેથી તે વિષે ધડાધડ બોલવા માંડે.

ટુરીસ્ટ જયપુર આવ્યો. ગાઇડ ધડાધડ બોલે છે. આ રાજાનો મહેલ, આ ડાયનીંગ હૉલ, આ બેડરૂમ, ટુરીસ્ટ કહે – હું અહીં બીજીવાર આવ્યો છું. પહેલા આ બેડરૂમ હતો. હવે આ કેમ? ગાઇડ કહે – હા એ જ છે, પણ હમણાં એ રીપેરીંગમાં છે ને એટલે...

ભગવાન મહાભોમિયા છે. જગતમાં જીવ અનંતીવાર અનંતા માર્ગે જુદી જુદી રીતે સુખી થવા ભમ્યો. પ્રોબ્લેમ દૂર કરવા અનંતા પ્રયત્ન કર્યા. તે વખતે તેને અનુરૂપ ખોટા ગાઇડ મળ્યા. ત્યારે કરવા ગયા સુલઝન ને બની ગઇ ઉલઝન. ગાઇડ ખોટા મળ્યા, જે રસ્તો પકડાવ્યો, પ્રયત્ન કરાવ્યા તે ઉંધા પડ્યા. કારણ તેઓ પણ ભૂલા પડેલા હતા. માટે પ્રશ્નો વધ્યા. ભૂલો પડેલો જો માર્ગદર્શક બને, તો બીજાને પણ ખોટા માર્ગે ચઢાવે. અત્યારસુધી મુશ્કેલી એ થઇ કે આપણને સાચું માર્ગદર્શન કોઇએ આપ્યું નહી. અનંતો કાળ આવા ઉંધા માર્ગે જ પસાર થયો.

માણસને એકલા રહેવું ન ગમે. એટલે બે ભેગા થાય ને બે ભેગા થાય એટલે ઝઘડ્યા વિના ન ચાલે. આમ તો રૂપિયા વિના ન ચાલે ને રૂપિયા વધે તો ય ટેન્શન. લગ્ન ય કરવા છે ને ઝઘડા ય થાય છે તે ત્રાસ લાગે છે. છોકરો પણ જોઇએ છે ને ઉદ્ધત મળે તો દુઃખી પણ થવું છે. નોકરી ન મળે, મળે તો શેઠ માથાભારે હોય, ધંધો ન જામે, ધંધો થાય તો ઉધાર જ જાય. આ બધી બાહ્ય આધિઓ.

બહારની આધિ, શરીરની વ્યાધિ, મનની ઉપાધિમાં સાચો માર્ગદર્શક કોઇ ન મળ્યો. જાતે માર્ગ જોતાં ય ભૂલા પડ્યા. ને બીજાને પૂછ્યું – તો તે પણ ભૂલો પડેલો હતો.

સરદારજીને દિલ્હી જવું હતું. મુંબઇથી દિલ્હીની ટ્રેનમાં બેઠો. જયપુર સ્ટેશને

૭૨) કષ્ટ ખુશીથી વધાવીને સહેવાથી સત્ત્વ કેળવાય છે,
આવી સાત્ત્વિક્તા વધાર્યે જવાનો દીર્ઘકાળ અભ્યાસ હોય
એ જ સમાધિ કેળવી શકે છે. – *અભિનંદન સ્વામી અમારા*



શ્રીમતી ભાનુમતીબેન કરમચંદ આણંદજી વિકમશી
પ૬૮/૧, વિકમશી, અક્ષય કોલોની, હુબલી

૭૩) જીવન એક બાજી છે. તેમાં જીત કુણા–શુભ પરિણામથી
થાય છે. અને હાર ચિત્તના રાગાદિ સંકલેશ થી થાય છે.

– અભિનંદન સ્વામી અમારા



શ્રીમતી વિજયાબેન દામજી જાદવજી છેડા
C/o વિરેન્દ્ર દામજી જાદવજી છેડા, કેશવાપુર, હુબલી

૭૪) શુભ પરિણામથી કર્મબંધનો વિચ્છેદ, કષાય નિગ્રહથી ઉદયનો વિચ્છેદ, દુનિયાના કાર્યોમાં બહુ દોડધામ, બોલ-બોલ, ધરખમ વિચારોની હારમાળા બંધ કરવાથી ઉદીરણાનો વિચ્છેદ અને વેદના-કષ્ટ-પરિષહોને સમતાપૂર્વક શુભભાવથી ભોગવવાથી કર્મસત્તાનો વિચ્છેદ થાય.

– પદ્મપ્રભ પ્રાણસે પ્યારા



શ્રીમતી લીલબાઇ નારાણજી શામજી
૯૩, સેંટ માઇકલ સ્કુલ રોડ, કેશવાપુર, હુબલી

૭૫) કષાય ઉદયમાં આવે એ પહેલાં એનો નિગ્રહ કરો અને ઉદયમાં આવી જાય તો એને નિષ્ફળ કરો, કષાયની સફળતા એને યોગ્ય વાણી – વિચાર – વર્ત્તાવથી છે.

– પદ્મપ્રભ પ્રાણસે પ્યારા



સુપૌત્રી દિવ્યાની અઠ્ઠાઇ નિમિત્તે
સ્વ. શ્રીમતી રતનબાઇ હેમરાજ કાનજી મોમાયા
અરિહંત સોસાયટી, કેશવાપુર, હુબલી

૭૬) જરૂર પડે ત્યારે સંસારી ચીજ વસ્તુ માંગવી એ ગુનો નથી, પણ ધર્મ આરાધનાના બદલારૂપે, મોક્ષ પ્રત્યેની અરુચિથી માંગવી એ ગુનો છે – *પદ્મપ્રભ પ્રાણસે પ્યારા*



શા.મણીલાલ હંસરાજ મહેશ્વરી
કેતન મણીલાલ મહેશ્વરી
દેશપાંડે નગર, હુબલી

૭૭) ભગવાન અને આપણા વચ્ચેનું અંતર (આંતરું) જો કોઈ ભાંગી શકે એમ હોય તો તે આપણું અંતર (અંતઃકરણ મન) જ છે. – પદ્મપ્રભ પ્રાણસે પ્યારા



શા.પૂનમચંદ લક્ષ્મીચંદ ધરમશી
કલ્યાણી ક્લાસિક, કુસુગલ ક્રોસ રોડ, હુબલી

૭૮) નવકારનું સ્મરણ રટણ વારંવાર મન લગાડીને કરીએ
તો જગતનું વિસ્મરણ થાય એ નવકારનું રહસ્ય છે

– પદ્મપ્રભ પ્રાણસે પ્યારા



શા. ખીમજી હીરજી મોમાયા,
શ્રીમતી જવેરીબાઇ ખીમજી મોમાયા
બી–૮, કચ્છી હાઉસ, હુબલી

૭૯) પાપને વિચારનાર, પાપનું બોલનાર,
પાપને આચરનાર અને પાપને ફેલાવનાર
પાપરૂપ છે.
એવાની છાયા પણ ખોટી. જે એની પડખે બેઠો
એ પાપથી રંગાવાનો.

– સુમતિ સુમતિદાયી



પ.પૂ. અચલગચ્છાધિપતિશ્રીના આજ્ઞાધારિણી
પ.પૂ.શ્રી હંસાવલીશ્રીજી મ.સા.ના ૫૩ વર્ષના સંયમ પર્યાય નિમિત્તે
હ. માતુશ્રી મોંઘીબાઇ ડુંગરશી ધાનજી દંડ / કચ્છ-તેરા

રેડિયોમાંથી અવાજ સાંભળ્યો. This is delhi station. અને સરદારજી ઉતરી ગયા. હવે લાલ કિલ્લો શોધે છે. ત્યાં બીજો સરદારજી મળ્યો. તે કહે – દોસ્ત! સાત દિનસે લાલ કિલ્લા ઢૂંઢ રહા હું. મિલા તુઝે? નહી મૈં ભી દિનભર સે ઢૂંઢ રહા હું. ચલ દોંનો મિલકર ઢૂંઢતે હૈં....

અત્યારસુધી જે મળ્યા તે ભૂલા પાડનારા જ મળ્યા. નયસારે સાધુને જંગલમાંથી બહાર નીકળવાનો માર્ગ બતાવ્યો તે દ્રવ્યભોમિયો. સાધુએ સંસારમાંથી બહાર નીકળવાનો માર્ગ બતાવ્યો. તે ભાવ ભોમિયા. સાધુને પણ માર્ગ બતાવનાર તીર્થંકર છે. તે મહાભોમિયા. પ્રભુ જ સંસારમાંથી કાઢનાર સાચા માર્ગદર્શક રાહ બતાવનાર ભોમિયા = ગાઇડ છે. તેમણે સાવધાની – પ્રયત્ન – માર્ગ બધું માર્ગદર્શન સ્પષ્ટ આપ્યું છે.

ભગવાનની આજ્ઞાને જાણવી એનો અર્થ શું? ભગવાને શું શું કરવાનું કહ્યું? શેની ના પાડી? કેવી રીતે કરવાનું કહ્યું? કયા અવસરે શું કરવા જેવું છે? શું કરવા જેવું નથી? તે જાણવું તે ભગવાનની આજ્ઞા છે. ઉપધાન કરવા, કાઉસ્સગ્ગ, ખમાસમણા આપવા એ પ્રભુની આજ્ઞા છે. તો કોઇનો વ્યવહાર બગડે–નીવિ ન મળે તો પણ શાંત રહેવું. એ પણ પ્રભુની આજ્ઞા છે. તપાદિ કરવા એ પ્રભુની આજ્ઞા છે. તેમ સંક્લેશ ન કરવો, ક્રોધાદિના નિમિત્તો ઊભા ન કરવા. એ પણ પ્રભુની આજ્ઞા છે.

પ્રભુ કહે છે – શરીરને આસક્તિઓથી બચાવવા સ્વાદ છોડી ભોજન કરો. અનુકૂળતાથી દૂર જાઓ અને મનને સંક્લેશથી બચાવવા કષાયના નિમિત્તોથી દૂર રહો. બીજી રીતે કહીએ તો શરીરને સ્વસ્થ રાખવા માટે જે આવે તે ભોજન પ્રસન્નતાથી વાપરો. – વૈજ્ઞાનિકો પણ કહે છે પ્રસન્નતાથી વાપરો તો લોહી બને, અન્યથા ઝેર...

અને મનને સ્વસ્થ રાખવા માટે જે પ્રસંગ બને તે સમભાવે પ્રસન્નતાથી સ્વીકારી લો. આ ભગવાનની આજ્ઞા છે. જેઓ ભગવાનની આજ્ઞાને પીઠ કરે છે આજ્ઞા બાહ્ય છે, તેઓ પ્રભુ માટે કરુણાપાત્ર છે... જેઓ આજ્ઞાસન્મુખ થયા છે, તેઓ પ્રભુના અનુગ્રહપાત્ર છે ને જેઓ આજ્ઞામય થયા છે, તેઓ પ્રભુના કૃપાપાત્ર છે. પૂછો આત્માને – તારો નંબર શેમાં છે?

આ ભવે શરીર – મન બંને સ્વસ્થ રહેશે, તો છેવટે એવી ભૂમિકા આવશે કે સંસાર – મોક્ષ બંને સમાન. શ્રીમંત કે ગરીબ, કોઇ આવકારે કે અપમાન કરે, કાંઇ ફરક પડતો નથી. પણ તે સાધનાની શરૂઆત આ છે કે જે ભોજન આવે તે પ્રસન્નતાથી વાપરો. જે પ્રસંગ બને તે સ્વસ્થતાથી સ્વીકારો. જે ભોજન આવે તે મારા શરીર માટે પોષક જ બનવાનું છે. જે પ્રસંગ બને તે મારા કર્મની નિર્જરા જ કરાવનારો છે. આ માર્ગદર્શન

આપનાર ભગવાન મહાભોમિયા છે.

**રૌદ્રધ્યાન** – આપણા જીવનમાં આર્ત–રૌદ્રધ્યાન બહુ સહજ થઇ ગયા છે. આ ભવના જૈન આપણે આવતા ભવે માનવ બનશું કે નહી? તે સવાલ છે. પરમાત્માનું શાસન મળે તેને સદ્ગતિ હાથમાં કહેવાય, પણ આપણે તેને ફેંકી દીધી. તેનું મુખ્ય કારણ છે... સતત માનસિક ધોરણે દુર્ભાવો – સંક્લેશો. દરેક – ઘટનાને વાગોળ્યા કરીએ છીએ. સાપ દૂધ પીને ઝેર ઓકે, તેમ આપણે કોઇ પ્રસંગને વાગોળી વાગોળી દુર્ભાવો – દુર્વિચારો – દુર્વાસિનારૂપ ઝેરને ઓકીએ છીએ. આ દુર્ભાવ દૂર નહી થાય, તો કરેલી ક્રિયાથી માત્ર એકાદ ભવ દેવલોક મળશે. ક્રિયાથી મળનારી સદ્ગતિ ટેમ્પરરી – એક જ ભવની હોય છે. મન–વચન–કાયાથી ઉત્કૃષ્ટ ક્રિયા કરે, તો એ સત્ક્રિયાના આધારે ૯માં ગ્રૈવેયક સુધી પહોંચે. પણ પછી શું? લેશ્યાના–અધ્યવસાયના ધોરણ – પરિણતિ ન બદલાય, ત્યાં સુધી મોક્ષની કાયમી સીટ મળવાની નથી. મનના ધોરણ બદલવાના છે. તે જ ખરી સાધના છે. એ જ કર્ત્તવ્ય છે.

રૌદ્રધ્યાનના ચાર બાહ્ય કારણ છે –હિંસા, જુઠ, ચોરી, સંરક્ષણ. આ ચારની પાછળ 'અનુબંધી' શબ્દ મૂકી દેવો. એટલે કે એકવારમાં છુટકારો નહી. એકવાર હિંસાના ક્રૂર વિચાર આવે તેનાથી નરક તો મળે જ. પાછી હિંસા ચાલુ. ત્રિપૃષ્ઠ વાસુદેવે સિંહને ફાડ્યો, દૂતને માર્યો, પ્રતિવાસુદેવને માર્યો. સતત હિંસાના વિચાર. તેથી મરીને સાતમી નરકે ગયા. ચક્રવર્તી સાતમી નરકે જાય પણ વાસુદેવ સાતમી નરકે જ જાય તેવો નિયમ નથી. કોઇપણ નરકે જાય. શાંતિનાથ ભગવાન બળદેવ બન્યા ત્યારે પૂર્વભવની અભિનંદિતા રાણી વાસુદેવ બની. ત્રિપૃષ્ઠવાસુદેવની સમૃદ્ધિ જોઇ નિયાણું કર્યુ હતું. શાંતિનાથ ભગવાન અને ત્રિપૃષ્ઠવાસુદેવનો સંબંધ ભત્રીજા–ફુવા જમાઇ–સસરાનો હતો. તે અભિનંદિતા વાસુદેવ બની, પહેલી નરકે ગયા. ૪૪ હજાર વર્ષનું આયુષ્ય હતું. પાછા બહાર નીકળી સાધના કરી, શાંતિનાથ ભગવાન હતા ત્યાં બારમાં દેવલોકે પહોંચી ગયા. પિતા તીર્થંકર ને દીકરો ગણધર કોણ? શાંતિનાથ ભગવાન ને ચક્રાયુધ કે જે પહેલા ભવે અભિનંદિતા હતા. કૃષ્ણ ત્રીજી નરકે છે. માટે વાસુદેવ માટે સાતમી નરક કંપલસરી નથી. છતાં ત્રિપૃષ્ઠ વાસુદેવ સાતમી નરકે ગયા. કેવા પરિણામ! હિંસાનુબંધી રૌદ્રધ્યાન! પછી છુટ્યા? તો કહો, ના. હજી પૂરું ન થયું. નરકમાંથી નીકળી સિંહ બન્યા. ફરી પાછા એ જ હિંસાના અનુબંધ અને મરીને ચોથી નરકે ગયા. સિંહ માટે ઉત્કૃષ્ટ નરક છે ચોથી નરક. પણ બધા જ સિંહ ચોથી નરકે ન જાય. પણ પ્રભુ વીરનું બધું વિશિષ્ટ હતું. મનુષ્યરૂપે સાતમી નરકે, સિંહરૂપે ચોથી નરકે...

મારવાના વિચાર – મરાવવાના વિચાર– મારતાને જોઇ ખુશ થાઓ તો પણ

રૌદ્રધ્યાનમાં છો. રૌદ્રધ્યાન કરવા કૃષ્ણલેશ્યા જરૂરી ખરી, પણ કૃષ્ણલેશ્યા હોય તો રૌદ્રધ્યાન જ હોય તેવો નિયમ નથી. કૃષ્ણ – નીલ – કાપોત એ ત્રણે લેશ્યાથી રૌદ્રધ્યાન આવે. પણ રૌદ્રધ્યાન હોય જ તેવું જરૂરી નથી. પણ રૌદ્રધ્યાન વખતે આ ત્રણે લેશ્યામાંથી એકમાં હોય જ.

કોમી રમખાણ, આતંકવાદી – ત્રાસવાદીઓના હુમલામાં રૌદ્રધ્યાનના વિચાર સહજ છે. મારનાર મારે ત્યારે તે રૌદ્રધ્યાનમાં ન પણ હોય. પણ મારતાને કહીએ કે 'બરાબર ઠોક, ઠોક. માર... માર....' ત્યારે પ્રાયઃ રૌદ્રધ્યાન હોય, જેમાં તમારે કાંઇ લેવાદેવા નથી, પણ મારામારી જોઇને મજા માણવી છે. 'યુદ્ધસ્ય કથા રમ્યા.' કરવું, કરાવવું, અનુમોદવું ત્રણે અવસ્થામાં રૌદ્રધ્યાન આવી શકે છે. મોટેભાગે રૌદ્રધ્યાનનું મુખ્ય કારણ હિંસા છે. જગતમાં હિંસા એટલી વ્યાપક બની છે. તેમાં પણ તેનો જે પ્રચાર થાય છે, તેના કારણે રૌદ્રધ્યાન સહજ બન્યું છે.

ટી.વી. ન હોવાનો ફાયદો છે કે નરકે જતા બચી જાઓ. ત્રાસવાદીનો હુમલો ટી.વી. માં સતત દેખાડતા જ જાય. પૂરું કવરેજ આપે, તે વખતે સમગ્ર ભારત કઇ લેશ્યામાં હશે? સો કરોડ ભારતીયોની ત્યારે શું ગતિ થાય? તે સીમંધરદાદાને પૂછ્યું હોત તો ખબર પડત. નરકમાં ઘણી જગ્યા છે. મીડીયા દ્વારા હિંસાને ફૂલ કવરેજ મળી રહ્યું છે. આપણને પણ ચાની ચુસ્કી લેતાં લેતાં, એ.સી. માં બેઠાં બેઠાં જોવાનો રસ છે. આનંદ છે. વાંદો આવે તો ભાગી જનારા, ઘરે બેઠાં બેઠાં શાંતિથી હિંસાના વિચારો કરીએ છીએ કે બધાને શૂટ કરી દઉં, સાવ નબળી સરકાર છે. કેવા રૌદ્રવિચારો! ખરેખર જેના ઘરે ટી.વી. નથી તે બચી જાય છે.

હિંસાનુબંધી રૌદ્રધ્યાન – ટી.વી. જોઇને, ચંપલ ચોર અંગે, રીક્ષાવાળો બે રૂપિયા વધારે લઇ ભાગી જાય તે વખતે, પડોશી કચરો નાંખે તે વખતે જે ગુસ્સો આવે તે રૌદ્રધ્યાન અથવા તેની પૂર્વભૂમિકા છે. બસની લાઇનમાં તમે ઊભા હો, બસ ૨૫ મિનિટ લેટ થવાથી ગર્દી ખૂબ હોય, એમાં ય ભરચક બસ આવે ને લાઇન તૂટે, વધારે તાકાતવાળો તમને ધક્કો મારીને અંદર ઘુસે તે વખતે કયું ધ્યાન આવે? રૌદ્રધ્યાનના નિમિત્તો ઘણાં ઘણાં સહજ થઇ ગયા છે. નાની નાની બાબતો હિંસાત્મક વિચારમાં લઇ જાય છે. આપણે એટલા બધા અસહનશીલ - too much sensitive બની ગયા છીએ. આપણને જરાક અન્યાય થતો દેખાય, ઓછું મળતું દેખાય, બગડતું દેખાય, ધાર્યુ થતું ન દેખાય, એવી નાની બાબતોમાં જે ભયંકર વિચારોના તોફાન ઉઠે ને વધતાં વધતાં રૌદ્રધ્યાનમાં ક્યાં પહોંચે ખબર ન પડે.

લગ્નની પહેલી રાતે પતિ–પત્ની વાત કરે છે. હવે આપણી નવી જીંદગી શરૂ

થાય છે. તેમાં No private life. હવે કોઇ વાત છાની રાખવાની નથી. શરીર બે - આત્મા એક. ભૂતકાળ પણ ક્લીઅર કરી દઇએ. પતિએ કહ્યું - કોલેજ લાઇફમાં મને એક છોકરી સાથે લવ હતો. પણ પછી વાત પૂરી થઇ ગઇ. હવે કાંઇ નથી. પત્નીએ આ વાત લાઇટલી લીધી. પછી પત્નીએ કહ્યું. આમ તો અત્યારસુધી કોઇ પુરુષ સાથે લવ કે આકર્ષણ થયું નથી. પરંતુ એકવાર મારા પડોશીએ એકાંતમાં છેડછાડનો પ્રયત્ન કર્યો હતો. મેં તેને ધક્કો મારીને કાઢી મૂક્યો. આમ કહી પછી પત્ની ઉંઘી ગઇ. પણ પતિના મનમાં વિચારોનો વાયુ ભરાયો. મન તોફાને ચડ્યું. તે છેડછાડ હતી કે બલાત્કાર? બલાત્કાર કે with intrest? માત્ર સમ્મતિ કે પ્રેમ? પ્રેમ કે બાલપણથી ચાલતું હશે?

મન ખોટામાં સૌથી હલકામાં હલકા વિચારો સુધી પહોંચી જાય છે. ને સારામાં નબળી ભૂમિકા સુધી પહોંચી જાય છે. ઉપવાસ કરવો છે? ના... નીચે ઉતરતાં નવકારશી સુધી પહોંચી જાય. પતિ વિચારે છે. આ પત્ની? ચીટેડ મી. એણે મને પહેલાં કેમ ન કહ્યું? આની સાથે કેમ રહેવાય? અને ગળચું દબાવી દીધું. તે તરફડીને મરી ગઇ. પછી ભાન આવ્યું. મેં આ શું કર્યું.? પોલીસ પાસે જઇ આત્મ સમર્પણ કર્યુ. કેમ ખૂન કર્યુ? તેની સ્ટોરી કહી.

નાનકડી વાતને વાગોળી વાગોળીને મન ક્યાં સુધી પહોંચે છે? કેટલી ભયંકર આગ લગાડે? આપણા માટે હિંસાનુબંધી રૌદ્રધ્યાન સુલભ છે. પૂજ્ય ધર્મજિત્ સૂરિ મ. એક ભાઇની વાતો અંગે કહેતા - આની વાતમાં ૯૦% ડીસ્કાઉંટ, ૧૦% જ સાચી હોય, રૌદ્રધ્યાનથી બચવા નક્કી કરો - કોઇની પણ વાતમાં ખૂબ ડીસ્કાઉંટ આપો. પેલાએ ખરેખર લાખો રૂપિયાનું નુકસાન કર્યું છે. પણ ડીસ્કાઉન્ટ. તેણે તો દસ ટકા જ કર્યું છે. બાકી ૯૦% મારી ભૂલ છે. તેની ભૂલ પણ પ્રસંગવશ હતી, બાકી મારા કર્મ એવા હતા.

આપણે ડીસ્કાઉંટ શેરને પ્રીમીયમ શેર બનાવીએ છીએ. હવે પ્રીમીયમ શેરને ડીસ્કાઉંટ બનાવીએ. પહેલાં જે નાની નાની વાતને મોટી બનાવતા હતા. હવે મોટી મોટી વાતને નાની બનાવવાની છે. ૫૦% મીનીમમ ડીસ્કાઉંટ રાખવું. ત્યારથી માંડી લાખ % સુધી જવું. અર્થાત્ બીજાના વિષયમાં આપણું મન જે ખરાબ વિચાર કરે છે. તેમાં મૈત્રીભાવનું - ક્ષમાભાવનું - પ્રમોદ - નિર્દોષભાવ - ભવિતવ્યતા - કર્મોદય - સંજોગ - પ્રસંગનું જેટલું પાણી નંખાય તેટલું નાંખી દેવું. પરિસ્થિતિ જ એવી હતી, એને કાંઇ ખબર જ નહોતી, એનો કાંઇ વાંક નથી. પાણી નાંખતા જ જાઓ. આપણું મન એટલું બધું નબળું છે કે જે માવો, રબડી, દૂધ કે ઉકાળો પણ પચાવી શકે તેમ નથી. માત્ર પાણી જ પચાવી શકે તેમ છે, જેમાં બે ચમચી દૂધ હતું. બાકી જો વાતને હળવી નહીં કરી શકો,

તો એક વાત પર પણ વારંવાર મન રૌદ્રધ્યાનમાં જશે જેમકે સંગ્રહણિવાળો એક વાર પણ માવો ખાવા પર વારંવાર લેટ્રીન જાય છે.

સમ્યક્ત્વની હાજરીમાં કૃષ્ણ, નીલ, કાપોત લેશ્યા હોઇ શકે. પણ રૌદ્રધ્યાન ન હોય. જો રૌદ્રધ્યાન આવ્યું, તો સમજો સમ્યક્ત્વ ગયું. સામાન્ય અશુભવિચાર અશુભલેશ્યા કહેવાય, પણ રૌદ્રધ્યાન ન કહેવાય. તેમાં એકાકાર - તન્મય થાઓ તો રૌદ્રધ્યાન કહેવાય. પેલો હરામખોર બુટ ચોરી ગયો, તે અશુભલેશ્યા. પણ તેને પકડીને મારું, જેલમાં નાંખુ તે રૌદ્રધ્યાન. રૌદ્રધ્યાનથી જ નરકે જવાય તેમ નથી. અશુભ લેશ્યાથી પણ નરકે જવાય. શ્રેણિક મહારાજા રૌદ્રધ્યાનથી નહી, અશુભ લેશ્યાથી નરકે ગયા. માટે એમ કહેવાય છે કે છેલ્લે લેશ્યા લેવા આવે. ધ્યાન લેવા આવે એમ નહી.

લેશ્યાને પણ તોડવાની છે. પહેલાં લેશ્યા આવી પછી ધ્યાન આવે. ધ્યાન જાય એટલે પાછી લેશ્યા આવે. તળેટીથી ટોચ અને ટોચથી પાછા તળેટી પર. (૧) મને એકપણ ખોટો વિચાર આવવો જ ન જોઇએ - (લેશ્યા) (૨) કદાચ ખોટો વિચાર આવી જાય તો કેન્દ્રિત તો નહી જ થાઉં! (રૌદ્રધ્યાન)

૨) મૃષાનુબંધી રૌદ્રધ્યાન :- એવું ગોઠવીને જુઠું બોલવું કે પેલો ઉંધા રસ્તે ચઢી જાય. તેને મરવાનો વારો આવે, ફસાઇ જાય ને હું ગ્રેટ દેખાઉં. સજ્જન દેખાઉં. એક ભાઇ બીજાને હલકો ચીતરવા પોતાની ભૂલ ભાઇના માથે નાંખે, જાતે દોષી હોવા છતાં નિર્દોષ ઠેરવવા અને બીજા નિર્દોષને દોષી ઠેરવવા જે પ્લાનો કરાય કે પેલો ફસાય, ભાગીદાર - ભાગીદાર, સાસુ-વહુ, પિતા - પુત્ર, ભાઇ-ભાઇ વચ્ચે રમતો ચાલે, તે વખતના વિચાર તે મૃષાનુબંધી રૌદ્રધ્યાન. ગોઠવણી - સમજણપૂર્વક પોતે દોષમાંથી છુટવા ને નિર્દોષને જાળમાં ફસાવવાના પ્લાનીંગ થાય, તે મૃષાનુબંધી રૌદ્રધ્યાન નરકે લઇ જવા સમર્થ છે.

'અજૈઃ યષ્ટવ્યમ્' અંગે પર્વતક અને નારદમાં વિવાદ થયો. વસુરાજા જજ હતા. નારદ કહે - ગુરુ અહિંસાવાદી હતા એટલે અજનો અર્થ 'ચોખાથી યજ્ઞ કરવો' એમ કર્યો હતો. ગુરુપુત્ર પર્વતક કહે - પિતાએ અજનો અર્થ બકરો કહ્યો હતો. વસુરાજા ત્રીજા વિદ્યાર્થી હતા. તેમણે ન્યાય આપવાનો હતો. ગુરુમાતા નૈતિક દબાણ કરવા આવ્યા. વસુએ કહ્યું - પર્વતક ક્ષીરકદંબક ગુરુનો પુત્ર છે ને તમે ગુરુમાતા છો, તો પર્વતકને બચાવવો પડશે. પોતે સત્યવાદી હોવા છતાં જુઠુ બોલવાના પ્લાનીંગ કરે છે. મૃષાનુબંધી રૌદ્રધ્યાનમાં આવ્યો. પર્વતકને બચાવવા ને નારદને ખોટા ઠેરવવા જેવું જુઠું બોલ્યા કે તરત જ સ્ફટિકના સિંહાસન પરથી નીચે પછડાયા. સીધા સાતમી નરકમાં... આવા પ્રસંગે જુઠું બોલવાના પ્લાનીંગ ચાલે ત્યારે તમે મૃષાનુબંધી રૌદ્રધ્યાનમાં છો.

લેણદારને ટાળવા જાતજાતનાવિચારો - બહાનાઓ, કેવી રીતે છેતરું? ખોટો જવાબ આપું અથવા કોઇની પાસેથી રૂપિયા કઢાવવા માટે કહે - મારા ઘરે પ્રસંગ છે, બિમારી છે.. આમ જુઠું બોલવા માટે જે પ્લાનીંગ -સેટીંગ - ગોઠવણી કરવી, તે મૃષાનુબંધી રૌદ્રધ્યાન.

## પોષ વદ – ૮

અનાદિકાળથી અલભ્ય એવો ભાવનમસ્કાર મહામંત્ર ચરમાવર્તમાં પણ અર્ધ પુદ્ગલપરાવર્તમાં આવ્યા પછી જ વાસ્તવિક રીતે પ્રાપ્ત થાય. મતિજ્ઞાનાવરણીય, શ્રુતજ્ઞાનાવરણીય અને દર્શનમોહનીયના સર્વોપઘાતી સ્પર્ધકો નાશ પામી જાય અને દેશઘાતી સ્પર્ધકોનો પણ નાશ થતો, જાય ત્યારે નવકારનો 'ન' મળે છે, અને દેશઘાતી સ્પર્ધકો દરેક સમયે અનંતગુણ નાશ થતા જાય, ત્યારે આખો નવકાર પ્રાપ્ત થાય છે. અનંતકાળમાં દીક્ષા લીધી, તો ય નવકાર ન મળ્યો? મળ્યો, પણ તે મિથ્યાત્વના ઘરનો હતો. આત્મહિતકર નહોતો. જે નમસ્કારથી ૫૦૦ સાગરોપમના પાપ તૂટે, એટલું જ નહી, પાપની વૃત્તિઓ પણ નાશ પામે, પાપનું આકર્ષણ પણ ન જાગે. તે સમ્યક્ત્વના ઘરનો નવકાર કહેવાય.

અમેરિકામાં એક ભાઇને ત્યાં ટ્વીન્સ જનમ્યાં. દોસ્તને નામ પૂછ્યું. દોસ્તે કહ્યું, પહેલાનું નામ રાખ પીટર અને બીજાનું રાખ રીપીટર. આપણે અનાદિકાળથી આ જોડિયાભાઇ જેવું જ કર્યુ છે. એકની એક વૃત્તિ - પ્રવૃત્તિ - કાર્ય રીપીટ જ કરતાં આવ્યા છીએ. છેલ્લા અર્ધપુદ્ગલ પરાવર્તમાં જે સાચો નવકાર મળે, તેવો દુર્લભ નવકાર આપણને મળ્યો છે.

માણસ શ્રીમંત છે કે ગરીબ તેનો ભેદ કેવી રીતે પડે? તેની ઓળખાણ શું? શ્રીમંત તરીકે પોતાની જાતને બતાવવા માટે ફાલતુ ચીજ માટે લાખો રૂપિયા ઉડાવે તે શ્રીમંત. બીયરબારમાં જાય ને ૧૦૦ - ૫૦૦ ની નોટો ઉડાવે તેને શ્રીમંતનું સર્ટીફીકેટ. રૂપિયાની કોઇ કિંમત નથી. ફાલતુ ચીજો ઘણી હોય છતાં નવી નવી લે. ત્રણ - ત્રણ મોબાઇલ, રૂમે રૂમે ટી.વી., ગરીબ - મળેલા રૂપિયાનો પૂરેપૂરો કસ કાઢે, એક પણ રૂપિયો મારામાટે નકામો નથી. એક રૂપિયાથી અડધો કપ ચા પીવે તો તેનાથી છ કલાકનું કામ લેવાનું છે. પાઇ પાઇની કિંમત સમજે. શ્રીમંત કરોડો રૂપિયા ફેંકે.

તેમ અર્ધપુદ્ગલ પરાવર્તમાં આવ્યા પછી - અનંતકાળે સમ્યક્ત્વના ઘરનો અમૂલ્ય નવકાર મળ્યો. હવે આપણી ભૂમિકા કઇ? આપણે ગરીબ કે શ્રીમંત? મળ્યો નવકાર, તેમાં શું? ઉડાવી દો, બહુ બહુ તો તિજોરીમાં સલામત રાખી દો. નવકારનો

રાઇટ મળી ગયો. તેનું શું કરવાનું? સર્ટીફીકેટ મળ્યા પછી માણસ શોકેસમાં કે તિજોરીમાં મૂકી દે. તેમ તમને નમસ્કાર મહામંત્રનું સર્ટીફીકેટ મળ્યું. હવે શું કરવાનું? જે કિંમતી હોય, પણ હાલ જરુરી ન લાગે, તે તિજોરીમાં રખાય છે. શ્રીમંતના રૂા. એ રીતે તિજોરીમાં જાય છે. ગરીબને દરેક રૂા. જરુરી લાગે છે, તેથી તિજોરીમાં રાખવા પરવડતા નથી. હાથમાં જ હોય. નવકાર કિંમતી છે, પણ તમને લાગે છે કે હાલ જરુરી નથી, માંદગી–મોત વખતે જોઇશે. હાલ મગજની તિજોરીમાં છે, પણ હૃદયમાં–હોઠ પર નથી.

એ જ રીતે ઘણા સમય માટે શ્રીમંત છે, તેથી ફાલતુમાં બેફામ ઉડાવે છે. આપણે એ માટે ગરીબ બનવાનું છે. આપણા માટે પ્રત્યેક સેકંડ ઘણા વખતથી ભૂખ્યા બાળકોવાળા પિતાને મળેલા સો રૂા. કરતાં પણ વધુ મૂલ્યવાળી લાગવી જોઇએ. કેમકે આપણો આત્મા અનંતકાળથી શુભ–પુણ્ય–વિના ટળવળે છે. તેથી હવે આ સેકંડરૂપી રૂા. વટાવી નવકાર રટી લઇએ ને તેથી શુભ–પુણ્યની ભૂખ ભાંગીએ.

વાપરવામાં ગરીબ બનો. કમાવવામાં શ્રીમંત બનો. શ્રીમંત કરોડો કમાય. ગરીબ થોડું કમાય. આપણે સાધના આરાધના કરવી છે, તો ભાવપૂર્વક – રસપૂર્વક – સાવધાની – ઉપયોગપૂર્વક કરવાની. એકે આરાધના ફીક્કી ન થવી જોઇએ. ઘરમાં આવેલી નવી વહુ બે રોટલી બાળે, બે રોટલી કાચી રાખે ને ચાર બરાબર બનાવે તો ચલાવો? ના. તો આપણા કેટલા નવકાર કાચા–બળેલા–ચાલે? આપણી સાચી અને પાકી આરાધના કેટલી? આરાધનાના સમયે શ્રીમંત બનો. ઓછી કમાણી ચાલે જ નહી,

પણ જ્યારે સમય, શક્તિ, સંપત્તિનો વ્યય કરવાનો હોય, ત્યારે ગરીબ બનો. આ જનારા સમયાદિ પૂરેપૂરું વળતર આપે છે કે નહી? ગરીબના રૂા. હાથમાં હોય, એમ આપણને નવકાર સતત હોઠે હોવો જોઇએ. ગણેલા નવકારથી કમાણી હીરાના વેપારીને એક પડીકાથી જે થાય, તેવી વિશિષ્ટ હોવી જોઇએ. એટલે કે નવકાર ભાવપૂર્વક ગણવો જોઇએ.

ભગવાન કહે છે – ભાવનમસ્કાર વિના ભાવ સમ્યક્ત્વ આવતું નથી. સમ્યક્ત્વનો આધાર નમસ્કાર છે. સમ્યક્ત્વને લાવવા, ટકાવવા, સ્થિર કરવા, શુદ્ધ કરવા, દૃઢ બનાવવા પંચપરમેષ્ઠી પર અહોભાવ – બહુમાનભાવ ખૂબ જરુરી છે. સતત ભાવનમસ્કાર ચાલુ રાખશો તો જ સમ્યક્ત્વ ટકશે. પહેલા બિનઅધિકારે ઘણાં નવકાર ગણ્યા, તો હવે અધિકાર મળ્યો છે, તો કેમ છોડું?

જગતમાં પંચપરમેષ્ઠી સાથે જ અનંત પુણ્યની રાશિ જોડાયેલી છે. અનંત ગુણોના આગર, સાગર, અનંત ઉપકારોના ભંડાર આ પાંચ જ છે. એમને કરેલો નમસ્કાર જ અનંત ગુણ – ઉપકાર – પુણ્યનું સ્થાન છે. એ જ કર્મબંધના પાંચ

કારણોનો ભુક્કો બોલાવવા સમર્થ છે. એક એક નમસ્કારથી એક એક કારણ દૂર થાય.

૧) 'નમો અરિહંતાણં' બોલો ને મિથ્યાત્વ દૂર જાય, અથવા કાયાના યોગો પવિત્ર થાય.

૨) 'નમો સિદ્ધાણં' બોલો ને જેઓએ જગતના તમામ પાપોથી વિરતિ લીધી છે. તેવા સિદ્ધભગવાનને નમવાથી અવિરતિ જાય. મિથ્યાત્વ એ પાપનો બાપ છે. અને અવિરતિ પાપની માતા છે. પાપમાંથી ક્યાંય અટકવાનું નહી. જે ધાર્યુ તે કરી જ લેવાનું. પીક્ચર જોવું છે. જોઇ જ લેવાનું. હોટલમાં? જવાનું જ. ધમધોકાર પાપો ચાલે. હવે સિદ્ધ પદનો જાપ કરો – સિદ્ધને એકે પાપ ક્યારેય કરવાના નથી. તો તેમની ભૂમિકાવાળો હું પાપ કેમ કરું? પાપમાં સૂગ ઊભી કરશે.

૩) 'નમો આયરિયાણં' – પંચાચારના અપ્રમત્ત સાધક આચાર્યને નમસ્કાર કરવાથી પ્રમાદ જાય. ઉપધાનમાં પણ પ્રમાદ સતાવે છે. તો સંસારમાં જઇ શું હાલત થશે? ઊભા ઊભા ખમાસમણા આપવાની શી જરૂર છે? બધું ઉત્સર્ગથી જ કરીશું તો અપવાદ ક્યારે કામમાં આવશે? સો ખમાસમણા ઊભા થઇને આપવાના છે તો દસ-બાર બેસીને આપી દો. પ્રમાદ એવો ઘુસ્યો છે કે અપ્રમત્ત સાધનામાં પણ સેવાઇ જાય.

સંસારમાં ગયા પછી સંસારના કોઇપણ કાર્ય ઢીલા ન ચાલે, વેઠ ઉતારો તે ન ચાલે, ગફલત ન ચાલે, ટીપટૉપ – ટકાટક જ થવાં જોઇએ. તે વખતે ખૂબ સાવધાની રાખો. નહી તો કાં નુકસાન થાય કાં ઠપકો સાંભળવો પડે. એટલે સંસારના કામો અપ્રમત્તપણે કરો તો પ્રમાદ ક્યાં જાય? સાધનામાં આવે. રસોઇ કરતાં જરાક મીઠું ઓછું વધુ પડે તો ના ચાલે અને સામાયિક કરતાં એકાદ ખમાસમણું ઓછું વત્તુ ચાલે! મુહપત્તિ પડીલેહણમાં ગરબડ કરો તો ચાલે, દુકાનમાં ઘરાક પાસેથી રૂા.નું પડીકું લેવામાં ગફલત ચાલે? વાળેલી નોટ હતી મને ખ્યાલ ન રહ્યો. મને લાગ્યું બે નોટ હતી ને એક જ નીકળી. ચાલે? ના. દુનિયાના કોઇપણ ક્ષેત્રે જરાય ઢીલાપણું ચાલતું નથી.

તો ક્યાં ચાલે? ધર્મમાં. કરીએ, ન કરીએ, વેઠ ઉતારીએ, પતાવીએ. આ પ્રમાદ કર્મબંધનું કારણ છે. સાધક મહાત્માને ઉપરનું ગુણસ્થાનક પ્રાપ્ત કરતાં અટકાવે છે પ્રમાદ. ચઢે તો તેને નીચે ઉતારે પ્રમાદ. આચાર્ય ભગવંતને નમસ્કાર કરવાથી પ્રમાદ દૂર થાય છે ને અપ્રમત્ત સાધક બનાવે છે.

(૪) 'નમો ઉવજ્ઝાયાણં' – કષાય જાય. કષાયની એકલાની પણ ઘણી તાકાત છે, એક પણ કષાય રહી ગયો, તો ઉપરના મિથ્યાત્વ – અવિરતિ – પ્રમાદ આ ત્રણેય વડીલોને ખેંચી લાવે.

એક જગ્યાએ બોર્ડ લગાવેલું હતું– આ ઘર ભાડે આપવાનું છે. પણ છોકરા-છૈયાવાળાને નહી. ઘંટડી વાગી, બારણું ખુલ્યું. દસ વર્ષનો એક છોકરો કહે – મારે ઘર

લેવું છે. તારે? હા. તમને તો છોકરા – છૈયાવાલાને ઘર આપવાનો વાંધો છે ને! પણ મા-બાપવાળાને તો ઘર આપો છો ને? પેલો છોકરો મા-બાપને સાથે લાવે છે, ને કષાય મિથ્યાત્વાદિ ૩ વડીલને ખેંચી લાવે. કષાયનો ઉદય થવો એ દોષરૂપ નથી. એ તો નવમા – દસમાં ગુણઠાણા સુધી હોય. પણ એ ઉદયમાં તણાઇ જવું એ દોષરૂપ છે. કર્મબંધનું કારણ છે.

કષાય છે, ત્યાં સુધી સામાન્ય સંજોગોમાં કર્મબંધ અસંખ્યવર્ષના જ થાય. સાવ નિગોદ જેવી અવસ્થામાં કાયયોગ તો સાવ મંદ છે, છતાં તેને અસંખ્યવર્ષનો બંધ. કેમ કે કષાય છે, મિથ્યાત્વ છે, અવિરતિ છે. કષાય છે ત્યાં સુધી સંસાર છે. તે કષાયને કાઢવા માટે 'નમો ઉવજ્ઝાયાણં'. ઉપાધ્યાય ભગવંત કષાયના અવસરે પણ ઉપશાંત છે. ભણવા આવેલો સાધુ ભણે કે ન ભણે, વિનય કરે કે ન કરે, સમજાવવા છતાં ન સમજે, તો પણ ઉપાધ્યાય ભગવંત કષાય ન કરે, પોતાનો માતૃત્વભાવ ન છોડે, ધીરતાપૂર્વક સાધુઓને તૈયાર કરે.

૫) 'નમો લોએ સવ્વ સાહૂણં' – યોગોની પવિત્રતા. જેમના મન-વચન – કાયાના યોગો પ્રશસ્ત છે. ક્યાંય અશુભ વિચાર – વચન – ચેષ્ટાને સ્થાન નથી. મનમાં વિશિષ્ટ સાધનાના જ વિચાર છે. આ તપ કરું, આ ગ્રંથ ભણું, આ કાઉસ્સગ્ગ કરું, આ ધ્યાન ધરું, ભગવાનની જેમ જંગલમાં કલાકો કાઉસ્સગ્ગમાં રહું.

વચનમાં ક્યાંય સાવદ્યતા નથી. તમે પ્રશ્ન કરો – સામાયિક પારું? હા પાડીએ તો સંસારમાં સાવદ્યની અનુમોદનાનો દોષ લાગે. ના પાડીએ તો તમે અકળાઇ જાઓ ને ઉપરવટ થઇને તમે સામાયિક પારો, તો સાધુની આશાતનાનો દોષ લાગે. વળી મૌન પણ ન રહેવાય. શિષ્ટ પુરુષોને જવાબ આપવો જ પડે. શ્રાવક શિષ્ટ પુરુષ કહેવાય. તો શું કરવાનું? 'પુણરવિ કાયવ્વં' –ફરીથી કરવાં જ જેવું છે. કરવું, ન કરવું તમારી ઇચ્છા. પછી તમે બોલો 'યથાશક્તિ' – શક્તિ મુજબ કરીશું. હા, ના કે મૌન પણ નહી. વિધ્યર્થ પ્રયોગ કરવો. જવાબ એવો આપવો કે સામાને સમાધાન થાય અને પોતાને પાપ પણ ન લાગે.

સાધુના શબ્દ સાવદ્ય ન હોય અને સાવદ્યની અનુમતિવાળા પણ ન હોય – ટેકો આપનાર ન હોય. તમે અમારા ઘરે ગોચરી પધારશો? હા પાડીએ તો ઘરે જઇને બધી રસોઇની તૈયારી કરાવો. ના પાડીએ તો માનો કે મ.સા. ને ખોટું લાગ્યું છે, તો પછી મૌન રહેવાનું? પ્રશ્ન પૂછ્યા પછી તમે જવાબની રાહ તો જુઓ. ઘણા તો 'સ્વામી શાતા છે જી?' એમ પૂછી રાહ જોયા વિના જ 'ભાત-પાણીનો લાભ દેજોજી.' કહી દે.

તમે પ્રશ્ન પૂછો તો સાધુ વિશેષ કારણ વિના જવાબ આપે જ. તમે શ્રાવક છો.

તમને જવાબ આપવો એ અમારી ફરજ છે. તો એમાં સાવદ્યની અનુમતિ ન થાય તેની સાવધાની રાખવી. એ ડબલ ફરજ છે. બોલવાનું ખરું પણ અનુમતિ ન થાય તેમ. માટે જ 'જેવી ક્ષેત્ર સ્પર્શના' 'વર્તમાન જોગ' એમ કહેવાય. તેમાં વિવેકી હોય તો સમજી જાય. પણ અવિવેકી ન સમજે. 'ના સાહેબ! તમે પાકું કહો.' સાધુની એક જ વાત હોય – જેવી તે વખતની પરિસ્થિતિ. સાધુના વચન પણ પવિત્ર છે. ભગવાનનો ઉપદેશ છે. પ્રભુવાણીનો ટંકાર છે.

મનમાં પવિત્ર વિચારો છે. તેમની કાયા ૧૮૦૦૦ શીલાંગના રથને વહન કરી રહી છે. પાંચ મહાવ્રતના ભારથી, પંચાચારથી નિર્મલ બની છે. મન-વચન-કાયાના યોગો માત્ર શુભમાં જ પ્રવૃત્ત છે. નમો ના ઉચ્ચાર વખતે આપણું મન પવિત્ર થાય. નમસ્કારનો ભાવ આવે, આપ મહાન છો. હું અધમ છું, હું આપના ગુણોનો સ્વીકાર કરું છું 'નમો લોએ સવ્વ સાહૂણં' પદ બોલવાથી આપણા વચન પવિત્ર બને અને હાથ જોડયા, માથું નમાવ્યું એટલે કાયા પણ પવિત્ર બને. તેરમા ગુણઠાણાના અંત સુધી યોગ છે, માટે કર્મબંધ પણ છે. પણ શુભ કે અશુભ કયા કર્મ બાંધવા? તે આપણા હાથમાં છે.

અશુભમાંથી શુભમાં લઇ જવા, પાપની આવકમાંથી પુણ્યની આવકમાં લઇ જવા, પાપાનુબંધીમાંથી પુણ્યાનુબંધીમાં લઇ જવા નમો લોએ સવ્વ સાહૂણં. કર્મબંધના પાંચ કારણથી બચવા પંચ પરમેષ્ઠીને નમસ્કાર છે. આમ તો એક એક પદ પણ પાંચે કારણોને કાઢવા સક્ષમ છે, પણ વિશેષતાએ આ વિભાગીકરણ કર્યુ છે. આવો આ નવકાર પ્રાપ્ત થયો. હવે ગરીબ બનજો. શ્રીમંત નહી. આરાધના કરવામાં ભલે શ્રીમંત બનો, શ્રીમંતને કશું નબળું ચાલે નહીં, ને કમાણી જોરદાર હોય, એમ આપણી એક પણ આરાધના નબળી નહીં ને પુણ્યની કમાણી એ દરેકમાંથી જોરદાર કરવાની. પણ સમય, શક્તિ, સંપત્તિ વાપરવામાં ગરીબ બનો. એટલે ઓછા વાપરવા એમ નહી. પણ ખોટામાં કે વ્યર્થમાં સમયાદિ વેડફાવા ન જોઇએ.

તપાચાર – રૌદ્રધ્યાન – ૧) **હિંસાનુબંધી** :- મારો – કાપોના હિંસાના સંસ્કાર અનાદિકાળના છે. જીવ જીવને જુએ ને લોહી તરસ્યો બને છે. પછાડવાની વૃત્તિ, મારો હરીફ છે. આ વિચારો ચાલે. ક્ષમા કરવી, જતું કરવું, પંચાત મૂકો, તે તો છે જ નહી. સગાભાઇ માટે પણ ઉદારતા નથી. જરાક નિમિત્ત મળે ને હિંસા...

**૨) મૃષાનુબંધી** – પોતાનો લાભ કઢાવવા અને બીજાને ખાડે ઉતારવા જુઠું અને પ્રપંચનો સહારો લે. ખોટી સાક્ષી, ખોટા લેખ આપે. તે માટે જે પ્લાનીંગ – ગોઠવણી ચાલે તે ધ્યાન મૃષાનુબંધી છે. તેની તાકાત પણ નરકમાં મોકલવાની છે.

જ્યારે પણ જુઠ્ઠુ બોલવાનું થાય ત્યારે વિચારવું કે આનાથી કોઇનું સારું થાય છે તો માફ. પણ કોઇનું એટલે પોતાનું નહી. એક દુકાનદાર કહે – આ માલ લઇ જાઓ. ઘણો ફાયદો થશે. એક ભાઇ લઇ ગયો. બે દિવસમાં માલ બગડી ગયો. ધમ ધમ કરતો પાછો આવ્યો. ક્યાં ફાયદો થયો? દુકાનદાર કહે – મારે તો થયોને? જે જુઠું બોલવાથી બીજાનું સારું થાય, તો તે સત્ય છે.

નિશ્ચય નય કહે છે – જે બોલવાથી સ્વ-પર હિત થાય તે જ સત્ય છે અને જે બોલવાથી સ્વપર હિત ન થાય તો તે અસત્ય છે. જ્યારે વ્યવહાર નયથી ૪ ભાષા છે :- (૧) સત્ય (૨) અસત્ય (૩) મિશ્ર – અડધું સત્ય અડધું અસત્ય. કોઇ પૂછે તમારા ઉપધાનમાં સંખ્યા હતી? તમે જવાબ આપો – હા, હતી. ૨૦૦ જણ હતા. અડધુ સાચું, અડધું ખોટું. (૪) વ્યવહાર – અસત્યામૃષા – ઊભા થાઓ, ખમાસમણા આપો. આમાં સત્ય – અસત્ય કાંઇ જ નથી.

નિશ્ચયનયથી બે જ ભાષા છે. ત્રીજી નથી. 'તમે અહીં આવો' આ ભાષા સત્ય કે અસત્ય? બંને છે. 'તમે અહીં આવો, હું તમને ખમાસમણા અપાવું. આરાધનામાં જોડું' તો સત્યભાષા. અને 'તમે અહીં આવો, મારી આ વસ્તુ અહીં મૂકો. મારું આટલું કામ કરો' તો અસત્યભાષા. કારણ સાધુએ ગૃહસ્થને કામ સોંપ્યુ. તેમાં તે જે પાપ કરશે. તે કરાવવા-અનુમોદનાનો દોષ છે.

કોઇ પૂછે – પેલા ભાઇ આવીને તમને મારા માટે શું કહી ગયા? હકીકતમાં નિંદા કરી હોય ને હું પણ એમ જ કહી દઉં કે તમને ૪૨૦, જુઠા, ચોર કહી ગયા. તો તે વ્યવહારથી સત્ય છે. પણ નિશ્ચયથી અસત્ય. પણ જો ખોટું બોલું કે કાંઇ નહી. એ તો જનરલ વાત કરી ગયા. તમારા માટે કાંઇ નહોતું. તો વ્યવહારથી ખોટું છે. નિશ્ચયથી સાચું. જાતને પૂછી લો 'મારા આ બોલવાથી કોઇનું સારું થાય છે?' કોઇનું બગડતું નથી ને? અથવા બગડતું સુધરે છે? તો જ બોલી શકાય.

૩) **સ્તેયાનુબંધી** :- દુનિયામાં બે પાપ એવા છે જેને બધા પાપ તરીકે સ્વીકારે છે, માને છે. અમે કહીએ – સંપૂર્ણ અહિંસા પાળવાની. તો કહે – ના – ના. એમ કેવી રીતે જીવાય? સંપૂર્ણ સત્ય જ બોલવાનું. ના. ના. આમ તો ધંધો ચાલે જ નહી. પણ બે વસ્તુમાં તો ખોટુ માને જ. તે છે – યારી અને ચોરી. ગમે તે પુરુષનો ગમે તે સ્ત્રી સાથે સંબંધ તે યારી. અને કેવી રીતે ઇન્કમટેક્સ બચાવું? સેલ્સટેક્સ બચાવું? ભેળસેળ કરી નફો કમાવું? માલ ભેગો કરી પાછળથી કમાવું? આ બધી ચોરી. ઘરમાં પણ ચોરી ચાલે. પત્ની પતિના ખીસામાંથી પૈસા કાઢી લે. પત્ની દાગીના છુપાવી રાખે તો પતિ રૂપિયા છુપાવી રાખે. જો કે આજે તો આવી યારી-દુરાચાર સુખની વ્યાખ્યા ગણાય છે. ને રૂા. મળતા

હોય, તો કોઇપણ પ્રકારની ચોરી, લાંચ, રૂશ્વત, વિશ્વાસઘાત, દેવાળું ફુંકવું... કશું ખોટું ગણાતું નથી. આ બધાના પ્લાનીંગ ચાલે, તે ત્રીજા નંબરનું રૌદ્રધ્યાન.

ચોરીના પ્લાનીંગ કરતાં સમજી લેવું જોઇએ કે સજા ભારી મળશે. દેવાનંદાને ચોરીની સજા સૌથી મોટી મળી. કેટલી? દસ –વીસ વર્ષની? ના. ગયા ભવમાં ઈર્ષ્યાના ભાવથી ઘરેણાંનો ડબ્બો ચોર્યો. પછી પાછો આપ્યો. પણ તેનું પરિણામ શું આવ્યું? ૨૪ તીર્થંકર માતામાંથી અંતિમ માતા બનવાનું સૌભાગ્ય ચોરાઇ ગયું. આવેલા ચૌદ સ્વપ્ન પાછા ગયા. તીર્થંકરની માતા તરીકે જે પરમસૌભાગ્ય મળવાનુ હતું, તે છીનવાઇ ગયું. નંદાવર્તપૂજનમાં તીર્થંકરની માતાનું પણ પૂજન થાય છે. તેમના નામથી પણ આધિ – વ્યાધિ – ઉપાધિ ટળે છે. ચોરી કરતાં પહેલા આ દેવાનંદાને યાદ કરો. તેમને હવે તીર્થંકરની માતા બનવાનો ચાન્સ ક્યારે મળશે? હવે તો નહી જ મળે. કારણ તેઓ મોક્ષે ગયા.

**૪) સંરક્ષણાનુબંધી** – મારી ચીજ – મારી વસ્તુ – મારા પૈસા! કોઇ હાથ તો લગાવે! હાથ કાપી નાંખુ. મારી વસ્તુને કોઇ લઇ લે તો સુપારી અપાવી તેને મરાવી દઉં. મમ્મણશેઠ સાતમી નરકે ગયા. તેમાં આ ધ્યાન હતું. તમારા કરતાં મમ્મણ ઘણો સારો હતો. કોઇ ધંધામાં મિલાવટ નહી. જુઠું નહી, હિંસાચાર નહી. અબ્રહ્મસેવન નહી, ઉલ્ટું કેવો ત્યાગી હતો! એક જ જોડ કપડું. તે ય થીંગડા પર થીંગડા લગાવીને વાપરતો. જીભ પર કેવો કાબુ! તેલને ચોળા ખાતો. તો પછી શા માટે સાતમી નરકમાં ગયો?પોતાના પરિગ્રહથી. રત્નના બે બળદ પર ગાઢ આસક્તિ – મૂર્છાજન્ય રૌદ્રધ્યાને તેને સાતમી નરકે મોકલ્યો. કાલસૌકરિક કસાઇ હિંસાથી સાતમી નરકે ગયો. વસુરાજા મૃષાવાદથી સાતમી નરકે ગયો. મમ્મણશેઠ પરિગ્રહથી – મમતાથી સાતમી નરકે ગયો.

જેના પ્રત્યે મમતા – આસક્તિ હોય તે ચીજ કે વ્યક્તિ વારંવાર રૌદ્રધ્યાનનું નિમિત્ત બને છે. ઘડિયાળ ખૂબ ગમે છે. તેને સગો દીકરો પણ જો હાથ લગાડે તો ક્રોધ આવી જાય. માટે ભગવાન કહે છે – કોઇપણ વ્યક્તિ પ્રત્યે ગાઢ દ્વેષ ઊભો ન કરો અને કોઇપણ વસ્તુ પ્રત્યે ગાઢ આસક્તિ ઊભી ન કરો.

એક વ્યક્તિને તેની પત્ની પર ગાઢ આસક્તિ હતી. તેને સાપ કરડી ગયો. તો પતિએ તે જીવતો સાપ શોધ્યો. તેના ટુકડે ટુકડા કર્યા ને ઘોષણા કરી – જે જીવતો સાપ લાવે તેને ૧૦૦ પાઉંડ ઇનામ. આવું તીવ્ર રૌદ્રધ્યાન ન જોઇએ.

પોતાના શરીર, ધન, સાધન, વ્યક્તિના સંરક્ષણ માટે જે વિચાર ચાલે, તે રૌદ્રધ્યાન તરફ લઇ જાય. રાજાની કાચની સરસ પચીશ બરણીઓ હતી. ઝાપટ – ઝૂંપટ કરતાં નોકરના હાથે એક બરણી પડી. તૂટી ગઇ. રાજાનો મગજ ગયો. બાપ–દાદાના

વખતની બરણી તોડી? ચાલ, તને ફાંસીની સજા. નોકર તત્ત્વજ્ઞાની હતો. રાજાને વિનંતી કરી – બે મિનિટની રજા આપો. અને એક દાંડો આપો. રાજાએ લાકડી આપી. બીજી ૨૪ બરણી પણ ફોડી દીધી. રાજા કહે – તેં આ શું કર્યું? નોકર કહે – એક તોડું કે પચીશ બરણી તોડું, સજા ફાંસી જ છે. જો પચીશ જણા અલગ અલગ ફોડત તો પચીશ ને ફાંસી મળત. મેં એકલાએ બધી ફોડીને ૨૪ જણને બચાવી લીધા. રાજાની આંખ ઉઘડી ગઇ.

ભયંકર આસક્તિ માણસને પાગલ બનાવે છે. જે વસ્તુ પ્રત્યે ગાઢ આસક્તિ ઊભી થાય, તેના પર લખી દેવું કે આ મારી નરક કે તિર્યંચગતિ માટે આવેલી છે. બહેનો માટે – દાગીના કોઇ નોકરાણી ચોરી જાય તો કેવા તીવ્ર રૌદ્રધ્યાન થાય? લોકર પર લખી દો. આ મારું નરકગતિનું સાધન છે. તેને કોઇએ હાથ લગાડવો નહી. તેમ ભાઇઓએ તિજોરી પર લખી દેવું. મારા ભગવાન કોણ ઉપાડી ગયું? એના પર ગુસ્સો આવ્યો તો રૌદ્રધ્યાન જ છે. મને ભગવાનની ભક્તિ વગર નહી ફાવે. ભગવાનની આશાતના ન થાય, તે માટે શોધો એ વાત જુદી છે.

ગુરુ શિષ્ય પર ગુસ્સો કરે તો પ્રશસ્ત. તેમાં ગુરુનું કલ્યાણ થાય? હિત માટે ગુસ્સો કરે ને પછી મૂકી દે તો કલ્યાણ ને પકડી રાખે તો અકલ્યાણ. પ્રશસ્ત રાગ કે દ્વેષ ક્યારે અપ્રશસ્ત બને, તે કહેવાય નહી. એ જોખમી માલ છે. ઉપયોગમાં લઇ તરત મૂકી દેવો. દેરાસરમાં ય ઝઘડા થાય – મેં અષ્ટપ્રકારી પૂજા કરવા ભગવાન લીધા હતા. ને તમે કેમ લઇ લીધા? સ્તવન લલકારતાં બોલીએ – 'હું ક્રોધ કષાયનો ભરિયો, તું ઉપશરમરસનો દરિયો.' ત્યાં કોઇ પાટલો લઇ જાય તો તરત જ – અરે! મારો પાટલો કેમ લીધો? મારું હજી ચૈત્યવંદન બાકી છે. ભગવાનને જાણે સાક્ષાત બતાવી દે કે જોયું ભગવાન! હું ક્રોધ કષાયથી કેવો ભરિયો છું! આ સ્તવન બોલતા પણ મારો ક્રોધ શાંત નથી થતો.

બીજાનું હિત કરવું છે, તો દ્વેષ દેખાડે, પણ મનમાં દ્વેષભાવ નથી રાખતો તો પ્રશસ્ત. બીજો આગળ વધે તે માટે રાગ દેખાડે, તો પ્રશસ્ત. પણ તેમાં જો રાગી બન્યા, આસક્તિ ઊભી થઇ, તો અપ્રશસ્ત. માટે ગમે તેટલા પ્રશસ્ત સંક્લેશથી પણ જો દાઝી જવાય, તો ન પકડાય. ગમે તેટલો સારો દૂધપાક પણ બળેલો હોય તો મોંમા ન મૂકાય. શ્રી ચંડરુદ્રાચાર્યે આ વિચારી જ કેવળજ્ઞાન મેળવ્યું. મેં શિષ્યને સુધારવા ક્રોધ કર્યો, મને શું મળ્યું? શિષ્ય ક્ષમાભાવથી કેવળજ્ઞાન પામી ગયો. વાત એ છે કે સ્થવિરકલ્પમાં ગુરુને પણ પ્રશસ્ત રાગ-દ્વેષ હોય છે, પણ તે પકડી રાખવાથી કે એના પરથી અપ્રશસ્ત પર જવાથી કલ્યાણ નથી.

## પોષ વદ – ૯

અનાદિથી આર્ત–રૌદ્રધ્યાન આપણને સહજ છે. સુલભ છે. તેના કોઇ ક્લાસ ભરવાની જરૂર નથી. આ બે ધ્યાન છોડી શું કરવાનું? ધર્મધ્યાન. શુક્લધ્યાન તો બહુ ઉંચી ભૂમિકાએ હોય. એક મતે ૧૪ પૂર્વીને જ શુક્લધ્યાન હોય. બાકી બધા ધર્મધ્યાનથી શ્રેણી માંડે. શુક્લ ધ્યાનમાં દ્રવ્ય – ગુણ – પર્યાયનું ચિંતન છે. કેવળજ્ઞાન અપાવતું શુક્લધ્યાન એ આપણા માટે આદર્શ છે. પણ ધર્મધ્યાન એ વર્તમાનમાં જરૂરી છે. સંતાપ – સંક્લેશમાંથી સ્વસ્થતામાં લઇ જવા, કર્મબંધમાંથી નિર્જરામાં લઇ જવા, દ્વેષ – વેરમાંથી મૈત્રી – પ્રમોદભાવમાં લઇ જવા ધર્મધ્યાન સમર્થ છે.

બનનારી દરેક ઘટના કાંઇને કાંઇ બોધ – સમજણ આપવા માટે છે. કોઇક આપણને કડવું સંભળાવે તે પણ ધર્મધ્યાનનું નિમિત્ત છે. કોઇ આપણું નુકસાન કરે તે પણ ધર્મધ્યાનનું કારણ છે. શરીરમાં રોગો થાય, તે વખતે ધર્મધ્યાનનો અવસર છે. પ્રત્યેકબુદ્ધ કેવી રીતે થવાય? દુનિયામાં જેટલા પણ પ્રત્યેક બુદ્ધ થયા, તેમણે બનનારી ઘટનાને જોવાની દ્રષ્ટિ જુદી રાખી. માટે પ્રત્યેકબુદ્ધ થયા. આપણને તો એવો વિચારે ન આવે.

પસાર થતાં રાજાએ એક દિવસ જોયું કે એક ધ્વજદંડની બધા પૂજા કરે છે. ફલ–ફૂલ ચઢાવે છે. વંદન કરે છે. થોડા દિવસ પછી રાજા ફરી પસાર થયો ત્યારે તે જ ધ્વજદંડ આડો પડેલો હતો. છોકરાઓ રમતા હતા. તેના પર પેશાબ–મસ્તી–તોફાન કરતા હતા. આ સામાન્ય વાત પરથી જાગી ગયા. પ્રત્યેકબુદ્ધ થઇ ગયા. એમાં શું ચિંતન કર્યું? યુવાનવયે આવવાની રાહ જોવાય છે. ઘડપણમાં નીકળવાની રાહ જોવાય છે. તેમણે ચિંતન કર્યું – દુનિયામાં દરેક જણનો પૂજાવાનો એક સમય હોય છે, ત્યારે પૂજાય છે. પછી બીજા સમયે લોકો ઠોકરે ચઢાવે છે. ડાહ્યો માણસ એ છે કે જે દિવસે પૂજા થઇ, તે દિવસે નીકળી જાય, તો ઠોકર ખાવાથી બચી જાય.

**मधुरेण समापयेत्** ! બધા સાથે મીઠાં સંબંધ રાખી જાઓ, તો લોકો પૂછે –કેમ જાઓ છો? બધા સાથે કડવા સંબંધ રાખી જાઓ તો લોકો કહે – ક્યારે જાવ છો? 'ક્યારે જાઓ છો? ને કેમ જાઓ છો?' બંનેમાં ઘણો તફાવત છે.

બીજા ઠોકર મારે, કાઢી મૂકે, તેની કોઇ કિંમત નથી. માણસ દીક્ષા લે તો વરઘોડો નીકળે. ઘરે ચોંટી રહે તો ઠાઠડી નીકળે. ચોવીસ કલાક પણ નહી રાખવાના, વાસ મારે.... દીક્ષા લે તેના બેંડવાજા વાગે. આંખમાં આંસુ આવે... કેમ જાઓ છો? સનતકુમારે દીક્ષા લીધી. છ મહિના સુધી રાણીઓ – સૈનિકો – મંત્રી પાછળ ને પાછળ,

કેમ જાઓ છો? આંખમાં આંસુ.

પણ, મારા પર બધાને પ્રેમ છે એમ સમજી વળગી રહો, તો બધાને થાય કે જાય તો સારું. મિત્ર ઘણાં વખતે મળ્યો, ભેટી પડ્યો. હવે વળગીને જ રહે તો? ના, હવે તો છોડ. ભેટવામાં પણ મર્યાદા છે. તમારું પુણ્ય હોય, ત્યાં સુધી પૂજા છે. પુણ્ય ખતમ થયા પછી ઠોકરે ચઢાવે. પુણ્ય પૂરું થાય અને લોકો ઠોકરો મારે તે પૂર્વે સાધનામાં લાગી જાઓ એ ડહાપણ છે. આ પ્રસંગને જોઇ ધર્મધ્યાનથી એ રાજાને જાતિસ્મરણજ્ઞાન થયું.

હૃષ્ટ – પુષ્ટ માનીતો બળદ, બુલફાઇટમાં વિજેતા થયેલો એવો તગડો બળદ ઘરડો થયો. કોઇ નાનું વાછરડું પણ શિંગડા મારે, માખી બણબણે છતાં ઉડાવી ન શકે. શરીર મોટું છે, પણ તાકાત રહી નથી. આ જોઇ કરકંડુને વૈરાગ્ય થયો. ઘડપણ આવે એટલે લોકો ધક્કા મારે. જેની કોઇ હેસિયત નથી, તે પણ આવીને કહી જાય તે પહેલાં નીકળી જાઉં. યુવાની છે-તાકાત છે. ત્યાં સુધી બધું કરવા સમર્થ છે. પછીની પરિસ્થિતિ કેવી પરાધીન!

દુનિયામાં બનનારો દરેક પ્રસંગ આપણને ધર્મધ્યાનનું નિમિત્ત આપે છે જો વિચારવાની શકિત હોય, પોઝીટીવ થીંકીંગ હોય, કોઇ પણ પ્રસંગમાં મારા આત્માને સંક્લેશમાં લઇ જવો નથી એવી ભૂમિકા હોય. બહારના કોઇપણ પ્રસંગ ચાર આના, મારા ચિત્તની પ્રસન્નતા કરોડ રૂપિયા. દુનિયામાં સૌથી મોટામાં મોટી મૂડી, રોકાણ, ફાયદો, લાભ છે મારા ચિત્તની પ્રસન્નતા. અને મારા સંકલેશ, સંતાપ, દુર્ભાવ એ મોટામાં મોટુ અનંત રૂપિયાનું નુકસાન છે. માટે કોઇપણ હિસાબે ચિત્તની પ્રસન્નતા જવી જોઇએ નહી. ચિત્ત જરાપણ વિહ્વળ થયું તો નુકસાન છે. આ વાત ધ્યાનમાં હોય તો ધર્મધ્યાન સુલભ છે.

બાકી મન બગડે તો બગડે પણ મારા કપડા બગડવા ન જોઇએ. મારી દાંતની સળી ખોવાવી ન જોઇએ. એવા વિચારવાળાને વારંવાર દુર્ધ્યાન છે. **જેને પોતાનું મન બગડે તેમાં વાંધો નથી. તે ધર્મધ્યાન ન કરી શકે.** કોઇ મારું મન ન બગાડે તો હું છાપું વાંચી મન બગાડીશ. મને આ ભવમાં મન મળ્યું. મહારાજ કહે છે – મન જ મોટું દુશ્મન છે. માટે મન જોઇએ જ નહીં.

અનંતકાળ મન વિનાની ભૂમિકામાં રહેવું હોય તો બે જ સ્થાન છે. કાં મોક્ષ. કાં એકેન્દ્રિયના ભવો. મોક્ષે તો જવાય તેમ નથી. મોક્ષે જવું અઘરું છે. એકેન્દ્રિયમાં જવું સરળ છે. મોક્ષે જવા માટે માત્ર ચોથો આરો. જ્યારે એકેન્દ્રિયમાં જવા માટે ૪ – ૫ – ૬ ત્રણે આરા ખુલ્લા છે. સરળ રસ્તો છે. આ વખતે મન મળ્યું છે. પણ મને અનંતકાળ મન જોઇતું નથી. તો બે રસ્તા છે. કાં તીવ્રતમ સાધના કરી મોક્ષ મેળવો. કાં મનને વાત

વાતમાં બગાડો.

કોઇ કાંઇ બોલે તો ખોટું લાગે, અજંપો થાય. કોઇ ન બગાડે તો જાતે બગાડીશ. નોકર કપ-રકાબી તોડે, દીકરો રૂપિયા લે, પત્ની ચા ઠંડી આપે તો મન બગડે એ સમજ્યા. પણ અમેરિકા કે આફ્રીકામાં ધમાલ થાય ને હું મન બગાડું. વન પોઇંટ પ્રોગ્રામ - એક મુદ્દાનો કાર્યક્રમ. જેટલું મન બગાડાય તેટલું બગાડો. બાહ્ય કોઇ પ્રસંગ નથી તો ટી.વી. માં ન્યુઝ જોઇને બગાડો. રાતે ઉંઘ ઉડે તો ઉંધા - ચત્તા વિચારો કરીને મન બગાડો. ભૂતકાળના પ્રસંગો યાદ કરીને મન બગાડો. અથવા તો ભાવિની ચિંતા કરીને મન બગાડો. એક જ લક્ષ્ય છે 'મારે મન જોઇતું નથી' મોક્ષે જવાય તેમ નથી. તો એકેન્દ્રિયમાં જઇશ. વિકલેન્દ્રિયમાં હેતુવાદોપદેશિકી જેટલું - કાંક પણ ચૈતન્ય વ્યક્ત કરતું મન છે.

જેમ તમામ ધર્મ કરતાં સાધર્મિક ભક્તિ વધુ બળવાન છે. તેમ એક બાજુ દુનિયામાં બાકીનું બધું બગડે તેનાં કરતાં મન બગડે તેમાં વધુ નુકસાન છે. અબજો રૂપિયાનું નુકસાન થાય, ઘરબાર વેંચાઇ જાય, રસ્તે રખડતા થાય, એકનો એક જુવાનજોધ દીકરો જ પચ્ચીસ વર્ષની વયે મરી પડે, શરીર તંદુરસ્ત હતું. નખમાંય રોગ નહોતો. હજી ઘણા કામ બાકી હતા અને વય પણ હજી યુવાન છે ને ડૉક્ટર કહી દે કે તમને થર્ડ સ્ટેજનો કેન્સર છે, સતત રીંગ-ફોન આવે, સુપારીની ધમકી અપાય, મકાનમાલિકે કે લેણદારોએ પૂછ્યા વિના ઘર ખાલી કરી દીધું. આ તમામ નુકસાનો એક બાજુ ને મનને બગાડવું બીજી બાજું. વજન કોનું વધારે?

આટલા ભયંકર નુકસાન થવા છતાં મનને ન બગાડવું. આ બધા કરતાં મનનો બગાડ વધુ નુકસાનકર છે, તે વાત મનમાં બેસે નહીં ત્યાં સુધી ધર્મધ્યાન આવે નહી. **ધર્મધ્યાનનો પહેલો પાયો છે દુનિયામાં બધું ભલે બગડે, મન બગડવું ન જોઇએ. તો બીજો પાયો છે - દુનિયામાં ટૉપમોસ્ટ લાભ કરતાં મનની પ્રસન્નતા વધુ કિંમતી છે.** દુનિયામાં ટૉપમોસ્ટ પોસ્ટ મળે, P.M. ની ઓફર આવે, દીકરો નહોતો થતો ને સાત વર્ષે દીકરો થયો, દીકરો અમેરિકા ગયો ને મોટી પોસ્ટ મળ્યાના ન્યુઝ આવે. સતત માથું દુઃખતું હતું. એક ડૉક્ટરે કહ્યું - બ્રેઇન હેમરેજનો પ્રોબ્લેમ લાગે છે. બીજા ડૉક્ટરે કહ્યું - સીટીસ્કૅન કરાવવું પડશે. કાંઇક ગરબડ છે. ત્રીજા કોઇ મોટા ડૉક્ટરે જોયું ને કહ્યું - કાંઇ નથી. પવન ભરાયો છે. આવા વિશેષ આનંદદાયક પ્રસંગો કરતાં ચિત્તની સહજ પ્રસન્નતા વધુ કિંમતી છે.

મોટામાં મોટું નુકસાન કયું? મન બગડે તે. મોટામાં મોટો લાભ કયો? ગ્રેટેસ્ટ ગુડ ન્યુઝ - મારું મન પ્રસન્ન છે. આ સમજાય તો ધર્મધ્યાનમાં જઇ શકીશું. જેને મન બગડે તેની કોઇ ચિંતા નથી, તેણે ધર્મધ્યાનની વાત ભૂલી જવાની. જેવી ઉંચી પદવી

જોઇએ, તેવા ઉંચા ક્વોલીફીકેશન જરૂરી છે. ટૉપ પોઝિશન, ટૉપ પોસ્ટ, બધું ટૉપ જોઇએ છે, તો યુ શુડ હેવ ટૉપ ક્વોલિફીકેશન.

આર્ત-રૌદ્રધ્યાન એ એવો કચરો છે કે જે તમને ગમે ત્યાં મળશે. ગટર આગળ ઘર તો ભિખારીને પણ મળે. ટૉપમોસ્ટ ફ્લેટ કે ટૉપમોસ્ટ ઘર માટે રૂપિયા ચૂકવવા પડે. અંગૂઠાછાપને મેનેજર ન બનાવાય. મેનેજર બનવા તમારી ડીગ્રીઓ બોલો. ધર્મધ્યાન જોઇએ છે તમારે? તો તે માટે તમારા ક્વોલીફીકેશન બતાવો. દુન્યવી નહી.

શેઠ પાસે બે જણ ઇન્ટરવ્યુ આપવા આવ્યા. પહેલાં પાસે ભલામણપત્ર અને ડીગ્રીઓના પ્રમાણપત્ર હતા. બીજા પાસે કોઇ ભલામણપત્ર નહીં. પહેલાને અંદર બોલાવ્યો. તેણે દરવાજાને ધક્કો માર્યો. દરવાજો જોરથી પછડાયો. વચ્ચે પુસ્તક હતા. તેને પગથી હડસેલી શેઠની સામેની ખુરશી પર સીધો બેસી ગયો. શેઠે કહ્યું – યુ કેન ગો. તમે જઇ શકો છો. ઇન્ટરવ્યુ લેવો નથી. પછી બીજાને બોલાવ્યો. એ પૂછીને અંદર આવ્યો. ધીમેથી દરવાજો બંધ કર્યો. વચ્ચે પુસ્તકો જોઇને પૂછ્યું – આપની રજા હોય તો પુસ્તકો સાઇડમાં મૂકી દઉં? શેઠની રજાપર પુસ્તકો બાજુપર વ્યવસ્થિત ગોઠવ્યા. પછી ઊભો રહ્યો. શેઠે કહ્યું – બેસો, પછી બેઠો. પાસ થઇ ગયો. ભલામણપત્રવાળો ફેઇલ. ત્યારે એક ભાઇએ પૂછ્યું – પહેલા માટે મારી ભલામણ હતી, છતાં એને પાસ કેમ ન કર્યો? શેઠે કહ્યું – કાગળના ભલામણપત્ર કરતાં લાયકાતનું ભલામણપત્ર કામ કરે છે. જેને બારણા પર ક્રોધ છે, તે કાલે મારો ઓર્ડર ન ગમતાં મારા પર ક્રોધ કરશે. જે પુસ્તકને ઠોકર મારે, તે કાલે મને ઠોકર મારશે. આજે પૂછ્યા વગર બેસી ગયો. કાલે પૂછ્યા વગર કામ કરશે. આ નોકર તરીકે નાલાયક છે.

મારે પણ તમને દેવલોકમાં મોકલવાના છે. એનું ભલામણપત્ર લખું છું. આ છગનભાઇ મારા ભગત. તેમણે ઉપધાન કર્યા છે. કાઉસ્સગ્ગ- ખમાસમણા પણ આપ્યા છે. કર્મસત્તા! એમને નરકે નહી, દેવલોકે મોકલજો. તે પણ સામાન્ય વ્યંતર – ભવનપતિ દેવ નહી, પણ ઉંચો વૈમાનિક દેવ બનાવજો.

એક માણસ પેરેશૂટવાળાની દુકાને ગયો. દુકાનદારે કહ્યું – તમે બે હજાર ફૂટ ઉપર જાઓ પછી પેરેશૂટ ખોલજો. ન ખુલે તો બદલાવી જજો. પેલો બદલવા આવી શકે ખરો? તમને ભલામણપત્ર આપું છું. બધાને વૈમાનિક દેવલોકમાં સામાનિક દેવ બનાવજો. પરચુરણ દેવ નહી. હવે જો કર્મસત્તા દેવલોક ન આપે તો મારી પાસે આવી જજો. આવા ભલામણપત્રથી ચાલે ખરું?

ભલામણપત્ર પોતાની ભૂમિકા લાયકાત-યોગ્યતાનું જોઇએ. ધર્મધ્યાન એ દેવલોકનું ભલામણપત્ર છે. આર્તધ્યાન – તિર્યંચગતિમાં, રૌદ્રધ્યાન – નરકગતિમાં,

ધર્મધ્યાન - દેવગતિમાં અને શુક્લધ્યાન મોક્ષે લઇ જાય. દેવલોકમાં જવા માટે ધર્મધ્યાન નામનું પ્રમાણપત્ર માંગે છે. કર્મ કહે છે- મને તમારું ક્વોલીફીકેશન બતાવો. લાયકાત બતાવો. કઇ? બે ચીજ. પોઝિટીવ અને નેગેટીવ. હકારાત્મક અને નકારાત્મક. દુનિયાની કોઇપણ કમાણી - લાભ કરતાં મનની પ્રસન્નતા મોટી કમાણી છે ને દુનિયાના કોઇપણ નુકસાન કરતાં ચિત્તની અપ્રસન્નતા મોટું નુકસાન છે. આર્ત - રૌદ્રધ્યાનમાં કોઇ પાયાની જરુર નથી. તેની તો અનંતકાળથી પ્રેક્ટીસ છે. ધર્મધ્યાન લાવવા આ બે પાયાની જરુર છે. આ બંને પાયાને લાવવાના ટ્રેનીંગ સેન્ટર છે બારભાવના - ચાર ભાવનાનું ચિંતન. કોઇપણ બનનારા પ્રસંગને ભાવનામાં ગોઠવો.

કપ-રકાબી તૂટ્યા, અનિત્યભાવનાનો પ્રસંગ બન્યો. દીકરો કહે - અમે જુદા થઇશું. અશરણભાવના કેમકે અમે માન્યું હતું તે ઘડપણમાં લાકડી - સહારો બનશે.... કટોકટીના સમયે જ કારમાં પંચર પડ્યું. કારનો ભરોસો કાચો. - અશરણભાવના. જે જમાઇ પસંદ કરીને લાવ્યા હતા, તેને દહેજ ઓછું પડ્યું - આડો ફાટ્યો - સંસારભાવનાનો પ્રસંગ. બધાને વાત વાતમાં ઓછું પડે તેનું જ નામ સંસાર. ઘરવાળી આપણા પક્ષે બેસવાના બદલે દીકરાના પક્ષે બેઠી. દીકરો આપણા પક્ષે બેસવાના બદલે પત્નીના પક્ષે બેઠો. આપણે એકલા પડ્યા. એકત્વભાવનાનો પ્રસંગ. કોઇ પણ પ્રસંગ બને, સોળ ખાનામાં ગોઠવી દો.

છાપુ ભવભાવના માટે છે. છાપુ એટલે આધુનિક ભવભાવના ગ્રંથ. જમાઇ છોકરીને પરણવાને બદલે તેની માને પરણી ગયો. આ સંસારમાં આવું જ ચાલે. તેને ત્રીજા ખાનામાં... પોતાના પારકા થયા-અન્યત્વભાવના. શરીર સાચવ્યું છતાં ગંદુ થયું -અશુચિભાવના. આ તમારો ટ્રેનીંગ પીરિયડ ચાલે છે. તમને ૧૨-૪ ભાવનાનું પૃથક્કરણ કરતાં આવડે છે કે નહી?

અત્યારસુધી બનનારા દરેક પ્રસંગમાં એનાલીસીસ - પૃથક્કરણ આ હતું કે (૧) આ બન્યું તે ખોટું બન્યું. **આમ નહોતું બનવું જોઇતું (૨) આમ નહોતું કરવું જોઇતું.** કેમકે તમે દુર્ધ્યાની હતા. ગ્રેડ વિનાના! હવે તમને ગ્રેડ આપવાનો છે - ધર્મધ્યાની. તમને આવીને કોઇ કહી જાય કે તમે જેને મિત્ર માનો છો, તે તમારા માટે આવું આવું કહે છે, તો...? મૈત્રીભાવના - નિંદા કરે તો મારો સાચો મિત્ર. ન કરે તો સામાન્ય મિત્ર. પ્રશંસા કરે તો ખોટો મિત્ર - દુશ્મન. મને ઘેર બેઠાં બેઠાં કર્મનિર્જરા કરાવે તે જ ખરો મિત્ર.

તમારી આંગળી પકડીને તૈયાર થયેલો કોઇ આજે તમારાથી પણ આગળ વધી ગયો, તો ઈર્ષ્યાને બદલે પ્રમોદભાવના લાવો. દુશ્મનને દુઃખી જોઇને કરુણાભાવના -

કેમ બીચારો દુઃખી છે? લાવ એનું દુઃખ દૂર કરું. નથી જ માનતો, તો ઉપેક્ષા ભાવના. ધર્મધ્યાન માટે ક્લાસ ભરવા પડશે. આના કરતાં આર્ત-રૌદ્રધ્યાન સારા ને?

ટીચરે પૂછ્યું - તારું ગામ કયું? ચીંટુ - તિરુચીરાપલ્લી. શિક્ષકે કહ્યું - એનો સ્પેલીંગ લખ. ચીંટુ - ના, ના. ભૂલી ગયો. મારું ગામ ગોવા છે.

અમે ધર્મધ્યાનનો મહિમા બતાવ્યો, ને પછી પૂછ્યું - તમારે કયું ધ્યાન જોઇએ છે? તમે કહ્યું - ધર્મધ્યાન! અમે કહ્યું - તો હવે આવા આવા પ્રસંગોએ આમ - આમ વિચારવાનું બંધ કરો, આમ આમ ભાવના ભાવો... તમે તરત કહેશો - એમ! ધર્મધ્યાન માટે આ બધું કરવું પડે? તો તો એના કરતાં જેમાં આવું કશું જરુરી નથી તે આર્તધ્યાન જ બરાબર છે. તિરુચીરાપલ્લીનો સ્પેલીંગ લખવો અઘરો પડે. તેથી ગામનું નામ બદલાવી નાખ્યું - જેનો સ્પેલીંગ લખવો સહેલો પડે, એ મારું ગામ. એમ જે ધ્યાન સહેલું પડે, એનું અમારે કામ.

સતત ભાવનાઓના ચિંતન વિના ધર્મધ્યાનની ભૂમિકા આવતી નથી સિવાય કે કર્મો અનુકૂળ બની ગયા હોય. મરુદેવી માતા જેવા અપવાદ છે. બાકી ભરતને ધર્મ-શુક્લધ્યાન આવ્યું એ પણ એમને એમ નથી આવ્યું. પૂર્વભવે તો સાધના કરી જ હતી. પણ આ ભવે પણ ભરતજી મનમેં હી વૈરાગી... સતત વૈરાગ્યની ભાવનામાં રમતા હતા. લોકો સલામી આપે ને છડી પોકારે. બત્રીસ હજાર રાજાના મહારાજા, છ ખંડનાં અધિપતિ ભરતમહારાજાનો જય હો.... જય હો... ત્યારે શ્રાવકો ઊભા થાય અને બોલે 'જિતો ભવાન્' - આપ જીતાયેલા છો.

લોકો કહે - તમારા રાજ્યમાં બધા નિર્ભય છે. કોઇને કોઇનાથી ભય નથી. શ્રાવકો કહે - 'વર્ધતે ભયં' ભય વધી રહ્યો છે. પોતાની જાતને સાવધાન રાખવાની આ બાજી હતી. પોતાની પ્રશંસાની રાઇ ન ભરાઇ જાય, અહંકારનો વાયુ ન ભરાય, તેની ભૂમિકા હતી. બધા તો ઉપર જ ચઢાવવાના છે. પ્રશંસા જ કરવાના છે. તે વખતે મારા આત્માની ચિંતા કોણ કરશે? હે શ્રાવકો, તમે મને ચેતવજો! બધા વખાણ - પ્રશંસા કરતા હોય, ત્યારે જ કોઇ ચેતવણીના સૂર કાઢે તે સાંભળવા-સ્વીકારવા ખૂબ અઘરા છે. કારેલાનું શાક અલગ ખાવું હજી ફાવે, પણ દૂધપાકનો આસ્વાદ લેતા હોઇએ ને એમાં જ કારેલાનો એક ટુકડો આવી જાય તો?

તમે જ લગ્નની ડીશ પસંદ કરી. ૧૫-૨૦ રસગુલ્લા ખાઇ લીધા. સ્વજનો પણ આગ્રહ કરી કરી ખવડાવે છે. તે વખતે હું આવીને કહું - વાહ! આવતી કાલની વિષ્ઠા સરસ તૈયાર થઇ રહી છે. બોલો - શું થાય? કોઇને આવા ગોઠવવાની તૈયારી છે ખરી? તમે માળાના દિવસ માટે સરસ નવા કપડા તૈયાર કરાવ્યા. એ પહેરો એટલે તમારી

આખી ચાલ – દેખાવ બધું જ બદલાઇ જાય. આ કપડામાં તો તમે રાજકુમાર લાગો છો એમ બધા પ્રશંસા કરે. ને મારા જેવો શનિગ્રહ કહે – બે વર્ષ પછીનું મસોતું સરસ તૈયાર થઇ રહ્યું છે. આમ બીજા તરફથી તમારો પ્રશંસાનો ફુગ્ગો ફૂલાવાય તે વખતે જ કોઇ પીન લગાવે તો ખમવાની તૈયારી છે તમારી?

ભરતને ઓળખવો પડશે. વીંટી પડીને અનિત્ય ભાવનામાં એમને એમ નથી ચઢ્યા. પૂર્વભવની સાધના તો હતી જ. આ ભવે પણ પિતા તીર્થંકર અને ૯૯ કેવલી ભાઇ અષ્ટાપદજી પર નિર્વાણ પામ્યા ત્યારે ત્યાં જઇને જે વિલાપ કર્યો છે. બધા કેવળજ્ઞાન પામીને મોક્ષે ગયા. ને હું જ અહીં રહી ગયો! બધાને ફ્લેટ મળ્યો ને હું રહી ગયો, એમ નહી. મારે આ સંસારમાં નથી રહેવું. હું કેવી રીતે કેવળજ્ઞાન પામીશ?

અષ્ટાપદપૂજામાં વર્ણન આવે છે. ઓળખો ભરતને. ઋષભદેવ ભગવાન ૬ લાખ પૂર્વના હતા ત્યારે ભરતચક્રવર્તીનો જન્મ થયો. ભગવાન મોક્ષે ગયા ત્યારે ભરતનું આયુષ્ય ૭૮ લાખ પૂર્વનું હતું. ભરતચક્રી કેવળજ્ઞાન પામ્યા ત્યારે આયુષ્ય ૮૩ લાખ પૂર્વનું હતું. ૭૮ થી ૮૩ લાખપૂર્વ એટલે પાંચ લાખ પૂર્વ સતત વૈરાગ્યથી બળતા જ રહ્યા છે. વૈરાગ્યભાવ સતત પ્રજ્વલિત રહ્યો છે. ભલે હજારો રાણીઓ હતી, મખમલની શય્યા હતી, માલમલિદાના ભોજનો હતા, છતાં હૈયામાં વેદનાની આગ હતી. હું રહી ગયો. ભાઇ – પિતા બધા તરી ગયા. ચક્રી હોવા છતાં લાગે કે હું રહી ગયો?

કહો તમને 'બધા ફાવી ગયા ને હું રહી ગયો' ઇત્યાદિ લાગણી કયા વિષયમાં થાય છે? સાધુઓનો મોટો સમુદાય જોઇને? ઉપધાન તપસ્વીઓને જોઇને? બધાને સામુદાયિક સામાયિક કરતા જોઇને? દાનવીરોની તકતી જોઇને? ભરહેસરની સજ્ઝાય સાંભળીને? કે પછી...

ભરતને તો એક બાજુ અંદરની આ વેદના ને બીજીબાજુ બહારની સમૃદ્ધિ. સુભદ્રા નામનું સ્ત્રીરત્ન, તમામ સ્ત્રીઓમાં અત્યંત સુંદર હોય તે સ્ત્રીરત્ન કહેવાય. જ્યારે જ્યારે ચક્રવર્તી થાય, ત્યારે ત્યારે જ સ્ત્રીરત્ન થાય. અર્થાત્ એક કોડાકોડી સાગરોપમમાં રૂપ-લાવણ્યથી અદ્ભુત સ્ત્રી બાર જ થાય. આવી સુભદ્રા અને બીજી ઘણી રાણીઓ જેની પાસે છે, છતાં કોઇનું આકર્ષણ નથી. નવ નિધાન, ચૌદ રત્ન, સોનાની મઢેલી આખી વિનીતા નગરી, દેવલોકની યાદ અપાવે તેવા નૃત્ય – ગીતગાન, એથી વધુ કાનને ગમે તેવા વિષય અર્થાત્ પોતાની પ્રશંસા માણસને ગાંધર્વોના ગીત કરતાં પણ વધુ સાંભળવી ગમે છે. અહીં તો ૩૨૦૦૦ રાજાઓ વખાણે છતાં ભરતના હૃદયમાં વેદના છે. આમાંથી એક પણ ઠેકાણે એને ફાવી જવાની બુદ્ધિ નથી. એમ જ થાય છે કે દીક્ષા-કેવળ-મોક્ષ અંગે ભાઇઓ લઇ ગયા ને હું રહી ગયો. આનાથી જ ઇનામ મળ્યું.

વીંટી પડી, અનિત્યભાવના ને કેવળજ્ઞાન.

ધર્મધ્યાન એમને એમ ન મળે. તે માટે બે ભૂમિકા તૈયાર કરો. સતત ચાર અને બાર ભાવનાથી જાતને તૈયાર કરો. તે આ રીતે –

૧ ) દુનિયાના લાભ કરતાં મનની પ્રસન્નતા એ સૌથી મોટો લાભ છે.

૨ ) દુનિયાના નુકસાન કરતાં મનનો સંકલેશ એ સૌથી મોટું નુકસાન છે. તે માટે ટ્રેનીંગ છે સોળ ભાવના.

જેમ મુનિમ ખતવણી વખતે જે જે રકમ બોલાતી જાય, એ માટે કહેતો રહે–આ ખાતામાં નાંખો, આ ખાતામાં નાંખો. તેમ ધર્મધ્યાની સોળ ભાવનામાં એવો એકાકાર બની ગયો હોય કે કોઇ પણ ઘટના બને અને કહે – નાંખી દો આ ભાવનામાં.... સહેલું નથી....

## પોષ વદ – ૧૦

અરિહંતને કરેલો નમસ્કાર – 'સવ્વ પાવપ્પણાસણો... પઢમં હવઇ મંગલં'... સર્વ પાપ કર્મનો નાશ કરે અને સર્વ મંગળમાં પ્રથમ મંગળ થાય છે. આઠે કર્મોને તોડવા માટે 'નમો અરિહંતાણં' એ સાત અક્ષર સક્ષમ છે. સાત અક્ષરમાં આઠ કર્મને તોડવાની તાકાત છે. અરિહંતપદનું ધ્યાન ધરવા નામાદિ નિક્ષેપાથી જાપ કરો. 'નમો અર્હદ્ભ્યઃ' બોલો તે નામ અરિહંત. અષ્ટ પ્રાતિહાર્યાદિથી યુક્ત ભગવાનનું ચિત્ર – આકૃતિ તે સ્થાપના અરિહંત. છદ્મસ્થ ભગવાનનું શરીર દેખાય તે દ્રવ્ય અરિહંત. અને સમવસરણસ્થં ભગવાનનું ધ્યાન તે ભાવઅરિહંત.

'નામાકૃતિદ્રવ્યભાવૈ....' ભરત – ઐરવત – મહાવિદેહક્ષેત્રમાં જ્યાં થયા હોય, ભૂત – ભાવી અને વર્તમાનના બધા અરિહંતને મનથી હું નમસ્કાર કરું છું. એ પ્રમાણે તથા વચનથી ઉચ્ચારપૂર્વક અને કાયાથી હાથ જોડેલા ને મસ્તક નમાવેલું હોય. તે 'નમો અરિહંતાણં' બોલો ને અનંતગુણમય ભગવાન તીર્થસ્થાપનારૂપ અનન્યકોટીના અનંત ઉપકારો કરે છે તે નજરમાં આવે. તેથી ૩ ક્ષેત્ર, ૩ કાળ, ૩ યોગ, ૪ નિક્ષેપાથી કરેલો નમસ્કાર – સાત અક્ષર આઠ કર્મને તોડે. આઠ પ્રાતિહાર્યયુક્ત પરમાત્માનું ધ્યાન આઠે કર્મોના ક્ષયમાં નિમિત્ત બને છે. જેમકે, અશોકવૃક્ષ શોકનાશક છે. વાસ્તવમાં જીવને સાચું જ્ઞાન–વિવેક મળે, પછી દુનિયાની કોઇ ઘટનાનો શોક રહેતો નથી. આમ અશોકવૃક્ષ પ્રાતિહાર્યથી યુક્ત અરિહંતના ધ્યાનથી શોકકારક જ્ઞાનાવરણ કર્મ દૂર થાય છે.

તેથી નમો અરિહંતાણંના સાત અક્ષર માત્ર શબ્દ નથી. પણ જેમ વ્યક્તિને

ઓળખવા નામ સક્ષમ સાધન છે. કોઇક એરિયામાં કોઇ વ્યક્તિને મળવું છે, પણ નામ ભૂલી ગયા. કોઇને આકૃતિ વર્ણવીએ - તે જાડા, ઉંચા, કાળા, ચશ્માવાળા છે. પેલો કહેશે - ખ્યાલ નથી આવતો. નામ કહો. ને કહીએ - છગનભાઇ! એ તરત કહેશે - એમ છે. એ તો અહીં રહે છે. નામ માણસની ઓળખાણનું સક્ષમ સાધન છે.

તેમ અરિહંત નામનો ઉચ્ચાર એ તમામ અરિહંતની ઓળખાણનું સક્ષમ સાધન છે. એક એવી વ્યક્તિની ઓળખાણ છે જેણે અનંત કરુણા વરસાવી છે. જેણે તીર્થસ્થાપનાથી અનંત જીવોને અનંત કાલ અનંત આનંદધામ આપ્યું છે. જેમના અનંત ગુણો છે. જે તમામ પાપોનો નાશ કરે છે.

'શ્રીપાળ' નામ બોલો ને શ્રીપાળનું સિદ્ધચક્રના વિશિષ્ટ આરાધક આદિરૂપે સમગ્ર ચરિત્રચિત્ર નજર સામે તરવરવા માંડે. એમ 'અરિહંત' એમ ચાર અક્ષરી નામમંત્ર બોલો, ને અરિહંત તેમની અનુત્તર ક્ષમા, અનુત્તર આરાધના, અનુત્તર ઉપકાર, અનુત્તર કલ્યાણકો ઇત્યાદિ સમગ્ર અનુત્તર સ્વરૂપે આપણી નજર સમક્ષ તરવરવા માંડે.

એમના નામ પાછળ એમના અનુત્તર ચરિત્ર, ગુણ, પુણ્ય, ઐશ્વર્યનું પીઠબળ છે. તેથી જ એ મહામંગળકારી છે ને સર્વ પાપવૃત્તિનાશમાં સમર્થ છે. મંગળ ચાર પ્રકારે છે. સિદ્ધ - આચાર્યાદિના નામ તથા મહાપુરુષોના નામ લઇએ તે પણ મંગલરૂપ બને તે **નામમંગલ**. નામમંગલમાં પ્રભુનું નામ તે પ્રથમ મંગલ. **સ્થાપનામંગલ** - મીનયુગલ, દર્પણ, નંદાવર્તાદિ અષ્ટમંગલ, સાધુની આકૃતિ, પૂર્ણકલશ, આચાર્યની આકૃતિ. તેમાં પણ અરિહંતની આકૃતિ શ્રેષ્ઠ મંગલ છે. **દ્રવ્યમંગલ** - દહીં, સામેથી ગાય મળે, કુંવારી કન્યા, બેડાવાળી નારી, શ્રાવકાદિ ચતુર્વિધ સંઘ. તેમાં પણ છદ્મસ્થ અવસ્થામાં રહેલા ભગવાન શ્રેષ્ઠ મંગલ છે. **ભાવમંગલ** - તપ, સંયમ, બ્રહ્મચર્ય, દાન, સિદ્ધાદિના ગુણો, બીજાનું સારું કરવાની ભાવના વગેરે ભાવમંગલ છે. તેમાં અરિહંતનું ધ્યાન શ્રેષ્ઠ ભાવમંગલ છે. માટે 'મંગલાણં ચ સવ્વેસિં, પઢમં હવઇ મંગલં' આ અરિહંતાદિની અપેક્ષાએ ચાર મંગલ વિચાર્યા, આપણા માટે તો એ નામ આદિ ચાર જો આપણા શુભભાવના જનક-વર્ધક-સંશોધક બનતા હોય, તો આપણા માટે તો એ ચારે ય મંગળ ભાવમંગળરૂપ જ છે.

જેમ દરેક મીઠાઇમાં એક કોમન તત્ત્વ છે સાકર. સાકર વિના કોઇ મીઠાઇ બને નહી. અંતર્ગત સાકર છે, તો બાહ્ય તમામ આકૃતિ મીઠાઇરૂપે ઓળખાય છે. તેમ જગતમાં જેટલા પણ ભાવમંગલ છે. તેમાં મુખ્ય અરિહંત છે. દ્રવ્યમંગલ કર્યા પછી સફળતા ય મળે, નિષ્ફળતા ય મળે, ગાય મળે તો શિંગડુ ય મારે. પણ ભાવમંગલથી અવશ્ય સફળતા જ મળે. જેનાથી કાર્યની સફળતા માટે સંદેહ રહે તે દ્રવ્યમંગલ અને

સંદેહ ન રહે તે ભાવમંગલ. ભાવમંગલ એકાન્તિક છે. દ્રવ્યમંગલ અનેકાન્તિક છે.

નવકાર ગણીને દુકાને ગયા અને ધંધો ન થયો. તો નવકારનો જાપ દ્રવ્યમંગલ કે ભાવમંગલ? જે નિશ્ચિત ફળદાયક બને તે ભાવમંગલ કહેવાય. ભાવપૂર્વક નવકાર ગણીને ગયા છતાં ધંધો ન થયો તો નવકાર સફળ કે નિષ્ફળ? ધંધો ન થયો તેનું કારણ તમારા તીવ્ર કોટિના નિકાચિત અંતરાય કર્મ છે. ભલે નવકારે અત્યારે ધંધો ન કરાવ્યો. પણ ભવિષ્યમાં ધંધો કરવાનું પુણ્ય તો ભેગું કરાવ્યું જ છે. ભલે તત્કાળ લાભ ન થાય, પણ ભવિષ્યમાં લાભની પ્રક્રિયા શરુ થઇ ગઇ છે. તમારો મિત્ર સરકારી કર્મચારી છે. તમારી ફાઇલ પાસ કરાવવા તેને આપી. તેણે કહ્યું - થઇ જશે. બીજા દિવસે પાસ ન થાય, પણ તે કહેશે-ઇન ધ પ્રોસેસ. ઉતાવળ ન કર. તેમ નવકાર કહે છે-ઇન ધ પ્રોસેસ છે. ભવિષ્યમાં ચોક્કસ સફળતા-લાભ થશે જ.

દ્રવ્યમંગલ તત્કાળ લાભ આપે કે ન આપે. વાત પૂરી. ભાવમંગલ ભલે તત્કાળ લાભ ન આપે, જો તમારા તીવ્ર અશુભ કર્મ ઉદયમાં હોય... પણ ભવિષ્યમાં તો આપશે જ. તે નકામા જતા નથી. માટે ભાવમંગલ અવશ્ય ફળદાયી છે. આવા જેટલા પણ ભાવમંગલ છે. તેનું મુખ્ય કારણ અરિહંત છે. સિદ્ધ ભાવમંગલ છે કારણ અરિહંતે બતાવેલા માર્ગે મોક્ષે ગયા. આચાર્ય ભાવમંગલ છે, કારણ અરિહંતની આજ્ઞા પાળી રહ્યા છે. ઉપાધ્યાય ભાવમંગલ છે, કારણ અરિહંતના વચનો સૂત્રરૂપે સાધુઓને પીરસી રહ્યા છે. સાધુ ભાવમંગલ છે, કારણ અરિહંત વચનની સાધના આત્મસાત્ કરી રહ્યા છે. શ્રાવક શ્રાવિકા ભગવાનની આજ્ઞાને શિરોધાર્ય કરવા તત્પર છે. દર્શન-જ્ઞાન-ચારિત્ર - તપ, દાન-શીલ- તપ- ભાવ. આ બધા ભાવમંગલ છે. કારણ ભગવાનની આજ્ઞાનો સાર છે.

ઇચ એન્ડ એવરી વેર બધે જ સમજી લેવું. જ્યાં ભાવમંગલનો સિક્કો લાગે, ત્યાં મહોર અરિહંતની જ છે. સિકકો સોનાનો ભલે હોય, પણ મહોર રાજાની જ હોય. તેમ ભાવમંગલનો સિક્કો ભલે હોય, પણ મહોર અરિહંતની જ હોય. ૧,૨,૫ રૂપિયાના સિક્કામાં ફરક શું? કોમન શું? આગળની બાજુ બધામાં કોમન તરીકે અશોકચક્ર, સત્યમેવ જયતે - ભારતનું સિમ્બોલ હોય, પાછળ ૧,૨ કે ૫ રૂપિયાની છાપ હોય. તેમ દરેક ભાવમંગલ અરિહંત દ્વારા દેશિત છે, પ્રરૂપિત છે. અરિહંત તેના સ્પોન્સર છે. માટે આગળની બાજુ અરિહંતની છાપ કોમન છે. પાછળની બાજુ સિદ્ધ - સાધુ - દાન - શીલ - તપ ગમે તે હોઇ શકે. ૧૦૦ રૂપિયાના સિક્કા પર આગળ અશોકચક્રની છાપ ન દેખાય, અથવા બીજું ચિહ્ન હોય, તો માત્ર ભંગારની જ કિંમત અંકાય. તેમ અરિહંત પ્રતિ સદ્ભાવ - અહોભાવ ખતમ થયા પછી ક્રિયાકલાપ ફળદાયી

બનતો નથી.

અરિહંત એક પદ સર્વપાપનું નાશક છે. સર્વમંગલમાં પ્રથમ મંગલ છે. એ મંગલ કરો પછી બીજી વાત. તમામ મંગલની અંતર્ગત અરિહંત છે. જગતમાં સૌથી શ્રેષ્ઠ તત્ત્વ અરિહંત છે. માટે સિદ્ધચક્રમાં બાકીના ચાર પરમેષ્ઠી અને પરમેષ્ઠી બનાવનાર ચાર તત્ત્વ અરિહંતની આજુબાજુ ગોળ ગોળ ભમે છે. જેને જગતમાં કાંઇપણ શુભકારી, મંગલકારી, આનંદદાયી પ્રાપ્ત કરવું છે. તેણે આઠની વચ્ચે રહેલા અરિહંતની સેવા કરવી જ પડશે.

અરિહંત પણ શ્રેષ્ઠ મંગલ કેમ? એમના જગતપર વિશિષ્ટતમ ઉપકાર છે. કયા ઉપકાર? આપણે ગરીબ હતા, તો શ્રીમંત બનાવ્યા. રોગી હતા, નિરોગી બનાવ્યા. ભૂલેલાને માર્ગ બતાવ્યો. ડૂબતાને બચાવ્યા. પણ દુનિયાની દ્રષ્ટિથી નહી.

એક માણસ કૂવામાં પડ્યો. બચાવો બચાવો બુમાબુમ કરે છે. ત્યાંથી પસાર થતાં એક નૈયાયિકે તેને જોયો. તે કહે – નક્કી કરવું પડશે. કોણ કોના આધારે છે? આધાર, આધેય, અવચ્છેદકતા સંબંધ જોવા પડશે. પછી બચાવીશ. પછી બીજો બૌદ્ધસાધુ પસાર થયો. તેને કહ્યું – તું બચાવ. તે કહે – યત્સત્ તત્ક્ષણિકં. પડનાર બીજો છે ને બચાવનાર બીજો છે. કહેનાર બીજો છે ને સાંભળનાર બીજો છે. પછી અદ્વૈતવાદી નીકળ્યો. તે કહે – એક એવ બ્રહ્માત્મા. પરમાત્મા એક જ છે. આપણે બધા એના અંશ જ છીએ. માટે સદ્બ્રહ્મનું ચિંતન કરો. તને બચાવું કે નહી. શું ફરક પડે? પછી શૂન્યવાદી નીકળ્યો – જગન્મિથ્યા. કૂવો ય નથી ને તું વ્યક્તિ પણ નથી. આ જગત બધું મિથ્યા છે. ભ્રમણા છે. થોડીવારે પાદરી આવ્યો. તેણે અંદર દોરડું નાંખી બહાર કાઢ્યો. પેલો કહે – તમારો ખૂબ ખૂબ ઉપકાર. તમારી પહેલા આવેલા બધા વાતો જ કરતા હતા. તમે ખરો ઉપકાર કર્યો. પાદરીએ કહ્યું – મારા ઇશુ ખ્રીસ્તે કહ્યું છે 'માનવસેવા એ જ પ્રભુસેવા'. તમારા જેવા કૂવામાં પડેલા હોય તેને બહાર કાઢીએ તો જ મને સેવાનો લાભ મળે. મારી ઇચ્છા છે, ફરી બહાર કાઢું. જેથી ફરી સેવાનો લાભ મળે. પાછો ધક્કો મારીને કૂવામાં નાંખ્યો.

બહારની દુનિયામાં તો કોઇ બહાર કાઢતો દેખાય છે. પણ ભગવાન ડૂબતાને બહાર કાઢે છે તે દેખાતું નથી. ભગવાનની આ પ્રક્રિયા ભાવપ્રક્રિયા છે. ભગવાન કહે છે, જે કામ કરવું છે તે ટેમ્પરરી નથી કરવું. કાયમી જ કરવું છે. એલોપેથી અને આયુર્વેદિકમાં આ જ ફરક છે. એલોપેથીની ગોળી લો. તરત તાવ જવો જોઇએ. આઇસ્ક્રીમ ખાવાની પણ છૂટ. ટેમ્પરરી ફાયદો છે. આયુર્વેદિક મૂળમાંથી રોગ કાઢે. કાયમી ફાયદો છે.

ભગવાન કહે – તને કૂવામાંથી બહાર તો કાઢું. પાછું તારું પુણ્ય ન હોય તો બીજે

ઠેકાણે પડશે. દુનિયામાં બહાર નીકળવાના પ્રયત્નો ટેમ્પરરી છે. મારે તને કાયમી બહાર કાઢવો છે.

કિલ્લારીમાં ચાર વાગે ધરતીકંપ થયો. ઘણા ઉંઘતા મર્યા. ઘણું નુકસાન થયું. તેમાં એક પરિવાર બચ્યો. તેઓ હાઇવે પાસે ઝુંપડું બનાવીને રહ્યા. એક ધરતીકંપથી બચ્યા તો ખટારાના ડ્રાઇવરે સ્ટીયરીંગ પરનો કાબુ ગુમાવ્યો, ઝુંપડુ ઉડાવી દીધું ને મર્યા. દુનિયાના બધા પ્રયત્ન ટેમ્પરરી છે. પતિ સાથે ઝઘડો થયો. પત્નીના મમ્મી પપ્પાએ વચ્ચે પડી સમાધાન કરાવ્યું, તો શું કાયમી સમાધાન થયું? અરે! ત્યાંથી છુટા પડીને ઘરે જાય ને તરત ફોન આવે. મમ્મી! એ તો હજી એવા ને એવા જ છે!

ભગવાન કહે છે -ટેમ્પરરીમાં રસ શું લેવો? તૂટેલી લાકડી બાંધી, તેના ભરોસે ન ચલાય. પ્રભુનો પ્રભાવ-પ્રભુનું નામ-પ્રભુની પૂજા તત્કાળમાં ચિત્તની પ્રસન્નતા આપે છે. ને કાયમ માટે આવા પ્રોબ્લેમ ન આવે તે માટે આ સંસારમાંથી પાર ઉતારે છે.

ભગવાન જ ગરીબને શ્રીમંત બનાવે છે. ગુણથી ગરીબ એવા આપણને ગુણનિધાન બનાવે છે. સંસારમાં ભૂલા પડેલાને મોક્ષમાર્ગ બતાવે છે. સંસાર એજ વ્યાધિ - રોગ છે. એ રોગ વિષય વિકારોથી ભરેલો છે. તે રોગથી મુક્ત કરી મોક્ષરૂપ આરોગ્ય પ્રભુ જ બક્ષે છે.

પ્રભુના ઉપકારો શેં વર્ણવવા? એમના પ્રભાવથી આપણે પંચેન્દ્રિય મનુષ્યનો અવતાર પામ્યા. આમ તો કર્મ નામના શેતાનના પ્રભાવથી પણ માનવભવ મળે. જેઓને માનવભવ મળ્યો છે, પણ આ ભવમાં આત્મહિતકર જૈનધર્મ વગેરે સામગ્રી નથી મળી પણ પાપ માટે જ મનથી માંડી મની (= પૈસા) સુધીની બધી સામગ્રી મળી છે, તે બધાને મળેલો માનવભવ કર્મશેતાને આપેલો છે.

આપણને માનવભવ ભગવાનના પ્રભાવે મળ્યો છે, કેમકે આ ભવસાથે જ આપણને ધર્મના અદ્ભુત સાધન પણ મળ્યા છે. માનવભવ પણ જ્યાં જૈન દેવ-ગુરુ-ધર્મ સુલભ છે, ત્યાં મળ્યો. કાન મળ્યા, તો સાથે જિનવાણી શ્રવણની તક-વ્યવસ્થા પણ મળી. આંખ મળી તો સાથે દેવ-ગુરુના દર્શન પણ મળ્યા. જીભ મળી તો સાથે સ્તુતિ-સ્તવનો પણ મળ્યા. હાથ મળ્યા તો સાથે અષ્ટપ્રકારી પૂજાનો સામાન પણ મળ્યો. પગ મળ્યા તો ચૈત્યપરિપાટી પણ મળી, હૃદય મળ્યું તો સાથે પરમેષ્ઠી તત્ત્વો પ્રત્યે અહોભાવ - શ્રદ્ધા પણ મળ્યા. મન મળ્યું તો ભાવવા-વિચારવા ભાવનાઓ પણ મળી. શરીર મળ્યું તો સાથે શીલ-તપ ધર્મો પણ મળ્યા. સંપત્તિ મળી તો સુપાત્રદાન ધર્મ પણ મળ્યો. સમય મળ્યો તો સામાયિક ધર્મ પણ મળ્યો. ગણવાનું મળ્યું તો સાથે ગણવા માટે નવકાર પણ મળ્યા. બુદ્ધિ મળી તો સાથે વિવેક મળ્યો, સફળતા મળી તો

સાથે દેવ-ગુરુનો પ્રભાવ સમજી એમને નમવાનો વિનયધર્મ પણ મળ્યો. વિષયભોગો મળ્યા તો એ છોડવા માટે જરુરી વૈરાગ્ય પણ મળ્યો. પરિવાર વગેરે મળ્યા તો એમની સાથેના વ્યવહારમાં સમતા, સ્વસ્થતા, નિરપેક્ષતા પણ મળ્યા! અહો પ્રભુ! અહો દેવાધિદેવ! આપના કેવા ઉપકાર! આપની કેવી કરુણા! આપના અનુગ્રહ વિના આવું સુંદર-હિતકર મેચીંગ કેવી રીતે મળત! અહો! અહો!

જો તમારા કાન-આંખવગેરે, તન-ધનવગેરે ઉપરોક્ત રીતે મેચીંગ પામે છે, તો સમજજો તમને ભગવાનના અનુગ્રહથી માનવભવ મળ્યો છે, તમારી સદ્‌ગતિ પાકી છે, સિદ્ધિગતિ નજીક છે. જો ઉપરોક્ત મેચીંગ નથી, તો માની લેવું કે કર્મશેતાને તમને આ બધું પાપના પડીકા બાંધવા ને અનંતકાળ દુગર્તિમાં સબડવા માટે આપ્યું છે.

પ્રભુ ભવજલધિજહાજ - સંસારસાગરમાં ડૂબતાને પેલે પાર પહોંચાડે છે. ભૂતકાળમાં પણ તેમના ઉપકાર હતા. નિગોદથી અહીં પહોંચાડ્યા. વર્તમાનમાં પણ જૈનધર્મ મળ્યો. દુનિયાના એક પણ અનુષ્ઠાન પ્રભુશાસન જેવા નથી. એક એક નાનું પણ અનુષ્ઠાન ઢગલાબંધ પુણ્યની કમાણી કરાવી આપે. એક નવકાર, એક ખમાસમણું, એક સામાયિક, એક નવકારશી, એક આયંબિલ ને અબજો વર્ષોની પુણ્યની કમાણી. પ્રભુશાસનનું દરેક અનુષ્ઠાન કોહીનૂર હીરો છે. કરોડોની કમાણી કરાવી આપે. બીજા અન્યધર્મોના કરોડો વર્ષોના તપ કરો છતાં કાંઇ ફળ નહી.

તમારા શું તપ છે? પેલો તામલી તાપસ ૬૦,૦૦૦ વર્ષ છઠ્ઠના પારણે છઠ્ઠ કરે, પારણામાં ૨૧ વાર ધોયેલા ભાત વાપરે. છતાં ઉપદેશમાળાકાર એ તપના પાવરની હવા કાઢી દે છે કે એના કરતાં પરમાત્માના શાસનને પામેલા સમકીતદ્રષ્ટિની નવકારશી ચઢી જાય છે. એક અનુષ્ઠાન ને ઢગલાબંધ પુણ્યની કમાણી આ પ્રભુનો પ્રભાવ!

પ્રભુના ઉપકારોની શું વાત કરવાની! જેને દુનિયા પાપ નથી માનતી, તેમાં ભગવાને પાપ બતાવ્યું. જે એક એક પાપ આપણા અસંખ્ય ભવ બગાડી શકે છે. તેને દુનિયા ઓળખતી ય નથી કે આ પાપ કહેવાય. માયા અને લોભ વચ્ચે ફરક શું? **અન્યાયથી મળેલું ધન એ માયા ગર્ભિત છે. અને ન્યાયથી ઉપાત્ત ધન પર મમતા એ લોભ છે.** લોભની તાકાત સાતમી નરકે લઇ જવાની છે. નીતિથી, પ્રામાણિકતાથી, ઘાલમેલ કર્યા વિના, કોઇને છેતર્યા વગર ન્યાયસંપન્ન ધન કમાયા, તેના પર પણ જો આસક્તિ થઇ, તો સાતમી નરકે ફેંકાઇ જશો. આવી સૂક્ષ્મદ્રષ્ટિ આપનાર ભગવાનનું શાસન જ છે. ભગવાન માત્ર પાપથી નથી બચાવતા, એ પાપથી થઇ શકનારી અસંખ્યભવની દુર્ગતિથી પણ આપણને બચાવે છે.

ભગવાનના અનંત ઉપકારો છે. કેટલા વર્ણવવા? માટે 'નમો અરિહંતાણં' બોલીએ ને સાડાત્રણ કરોડ રોમાંચ ઊભા થઇ જવા જોઇએ. મરૂદેવા માતા કે ત્રિશલા માતા ચૌદ સ્વપ્ન જુએ, પછી જ્યારે ઉઠીને યાદ કરે છે, ત્યારે વરસાદથી સિંચાયેલ કદંબપુષ્પની જેમ પુલકિત બને છે. ચલો તેમને તો રોમાંચ થાય. પણ જ્યારે જઇને નાભિરાયા કે સિદ્ધાર્થ રાજા આગળ વર્ણન કરે છે, ત્યારે તેઓ પણ એ સાંભળતા સાંભળતા રોમાંચિત થાય છે. જે ભગવાનના દર્શન નથી થયા, માત્ર સ્વપ્નની વાત છે, ને રોમાંચિત થાય છે. તેમને તો ખબર પણ ન હતી કે આ તીર્થંકર થશે. જેમનો ભવિષ્યકાલ અંધારામાં છે. નિશ્ચિત નથી. આપણને તો ખબર છે ત્રિશલાનો જાયો પ્રભુ વીર થયો. ભૂતકાળ નિશ્ચિત છે. જેમનું ભવિષ્ય ખબર નથી તેમના સ્વપ્નથી જો રોમાંચ થાય, તો જેમનો ભવ્ય ભૂતકાળ ખબર છે, તેમની વાતથી રોમાંચ ન થાય? ભગવાને તીર્થ સ્થાપી ૬ – ૬ – કલાક દેશના આપી જગતના જીવોનો ઉદ્ધાર કર્યો. ભગવાનના આ ઉપકાર દેખાય પછી 'નમો અરિહંતાણં' બોલતા રૂંવાડા ઊભા ન થાય?

અનુત્તરવાસી દેવને ૬૪ મણના મોતી એકબીજા સાથે અથડાય, તેમાંથી જે સૂર પ્રગટે, તે સાંભળીને કાંઇ ન થાય. આપણને તો આનંદ આવી જાય. શિયાળામાં સવારે છ વાગે તળાવ કિનારે નીરવ શાંતિમાં એક પથરો પાણીમાં નાંખો ને ડબક અવાજ આવે. મજા આવી. બીજો પથરો નાંખો ડબક અવાજ સાંભળવાની મજા આવી. એમ ઘણા નાખ્યા. મજા આવી ગઇ. કલાકે સૂર્યોદય થતાં ખબર પડે કે એ તો હીરા હતા, તો? એક કાંકરાના ડબક ડબક અવાજથી આપણે પાગલ થઇ જઇએ છીએ. ૬૪ મણના મોતીઓ અથડાય છતાં અનુત્તરવાસીને કાંઇ અનુભૂતિ નથી. તેમ આપણને કાનમાં 'નમો અરિહંતાણં' અથડાય ને કાંઇ થતું નથી. બંને સરખા. એ દેવો વિષયોથી અલિપ્ત છે. પ્રશંસાપાત્ર છે. આપણે ટીકાપાત્ર છીએ. ઉપકારીના નામના શ્રવણમાં ય આનંદ નહી!

સાહેબ! કેટલીવાર 'નમો અરિહંતાણં' બોલવાનું? આનંદ આવે કે કંટાળો? છ – આઠ મહિનાનો બાળક હજી બોલતા શીખ્યો નથી. કાલુ કાલુ બોલે છે. તેને રમાડતાં કેટલો આનંદ આવે? જેમાં કાંઇ મળવાનું નથી. તેમાં કલાકો જાય, છતાં આનંદ આવે છે, કારણ આસક્તિ છે. જ્યારે અરિહંત બોલતાં આનંદ કેમ નથી આવતો? કારણ અરિહંત સાથે લાગણીના તાર જોડાયા નથી. આપણે તે તાર જોડવા છે. નામસ્મરણ કરતાં, શ્રવણ કરતાં રોમાંચ થવો જોઇએ. આવી ભૂમિકા આવે ક્યારે? પ્રભુ ગમે ત્યારે. પણ તે માટેની ભૂમિકા છે – અરિહંતના ગુણો – ઉપકારો – વિશેષતાઓ –સ્વરૂપને સતત વિચાર્યા કરીએ. સતત એનું સંવેદન થાય. પણ પહેલી ભૂમિકા છે કે અરિહંતના ગુણો

દેખાવા જોઇએ. એ દેખાય તો જ આ ભૂમિકા આવે.

**ધર્મધ્યાન :**– ધર્મધ્યાન માટેની શરત છે (૧) દુનિયામાં કોઇપણ નુકસાન કરતાં મન બગડે તે મોટામાં મોટું નુકસાન લાગવું જોઇએ. (૨) દુનિયાની તમામ પ્રાપ્તિ – લાભ – ફાયદા કરતાં મન પ્રસન્ન રહે તે મોટામાં મોટો લાભ છે. આ ભૂમિકાને ટકોરાબંધ પ્રાપ્ત કરવા માટે ટ્રેનીંગરૂપ ૧૬ ભાવના છે. આ બે ભૂમિકા વિના ધર્મધ્યાન આવતું નથી. ધર્મધ્યાન નહી આવે, તો આર્તધ્યાન ઘુસવા માટે તૈયાર જ છે. જરાક મનનું ધાર્યું ન બને તો પણ આર્તધ્યાન થઇ જાય.

'નો એડમીશન વિધાઉટ પરમીશન'નું બોર્ડ આર્ત–રૌદ્રધ્યાન વાંચતા નથી. પરંતુ ધર્મધ્યાન તે બોર્ડ વાંચે છે, તેથી આવતું નથી. જેને વાંચવાની જરુર નથી, તે વાંચે છે. જેને વાંચવા માટે મૂક્યું છે, તે વાંચતું નથી. બોર્ડ કોના માટે છે? અજાણ્યા –૪૨૦ – ચોર – મવાલી – લફંગા અંદર આવી ન જાય તે માટે છે. બાકી તો ઉદ્યોગપતિ તે બોર્ડ વાંચી રજા માંગીને અંદર આવે તો તો તમે કહો – તમારે તો પૂછવાની જરૂર જ નથી. માટે કહું જ છું – આ બોર્ડ જ કાઢી દો. કારણ બોર્ડથી જ સારા માણસ અંદર આવતા નથી ને ચોરો વાંચ્યા વગર અંદર ઘુસી જાય છે.

આપણી ઇચ્છા છે આર્ત–રૌદ્રધ્યાન ન આવે, પણ તે ઘુસી જાય છે. ને ધર્મધ્યાનને કહીએ કે પધારો, છતાં આવતા નથી. તે સમજે છે કે આ આવકાર હોઠથી છે. હૈયાથી નથી. કંજુસ બોલે – તમે ક્યારેય મારા ઘરે આવતા નથી. પણ તે તમારા કહ્યા વિના તમારા ઘરે આવી જાય. કંજુસના આગ્રહ વિના તમે કદાચ બાર વાગે પહોંચી જાઓ તો તે કહે – તમે તો જમીને આવ્યા હશો. પણ તમેય કમ નથી. તમે કહો – ના. મારે તો બ્રશ પણ બાકી છે. ચા ને જમણ પણ તારે ત્યાં છે. જેવા સાથે તેવા. કંજુસના આમંત્રણ હોઠથી હોય, હૈયાથી નહી. ધર્મધ્યાનને તમે હોઠથી આમંત્રણ આપો છો કે હૈયાથી? તે આપણી જાતને ઓળખે છે. હૈયાના આમંત્રણ હોય તો આવે.

તે માટે બે લાયકાત છે – મન પ્રસન્ન – ટૉપમોસ્ટ લાભ, ને મન દુઃખી ટૉપમોસ્ટ નુકસાન. તે માટે ૧૨+૪ ભાવનાના સામાન્યથી નામ – સામાન્ય અર્થ આવડવા જ જોઇએ. દરેક ઘટના – પ્રસંગને ભાવનામાં ગોઠવતાં આવડવું જ જોઇએ. નીવિ કરવા બેઠાં, ભાવતી આઇટમ ન આવી. કઇ ભાવના? સંવર. સારું થયું, ઇચ્છા વગર પણ હું પાપના આશ્રવથી અટકી ગયો. કઢી લીધી ને ખારી ખારી લાગી. મોંમાં ઉતરે જ નહી. કઇ ભાવના? તપ–નિર્જરા ભાવના. રસત્યાગ. કાયાના અંશભૂત જીભને ને તે દ્વારા કાયાને ક્લેશ આપ્યો.... બીજે દિવસે ઠલ્લે ગયા. માલપાણીના ઠલ્લાની વાસ પણ વિશિષ્ટ હોય. ભયંકર દુર્ગંધ. કઇ ભાવના? અશુચિ ભાવના. શરીર

અશુચિનું ઘર છે. જીવડા! તું જીભડીને આમ રમાડે છે, પણ પરિણામ આ જ આવવાનું હોય, તો શા માટે ચટાકા આપે છે?

સો સો ખમાસમણા આપવાના હોય, તો કઇ ભાવના? ધર્મસ્વાખ્યાત ભાવના. મારા ભગવાને કેવો સરસ ધર્મ બતાવ્યો! શરીરની મમતા તોડે છે! ખરો ઉપકાર છે. રવિવારે સ્વજનો મળવા આવશે. તમે પણ રાહ જોતા હશો. એ લોકો કાંઇ તમને શાતા પૂછવા આવવાના નથી. તમારે બહારના ન્યુઝ બંધ થઇ ગયા. તે જાણવાની તમારી ઇંતેજારી છે. સ્વજનો તમને આ ન્યુઝ આપવા માંગે છે. તે વખતે લોકસ્વરૂપ નામની બારમી ભાવના. કોકને ત્યાં જન્મ ને કોકને ત્યાં મરણ, કોકને ત્યાં મહોત્સવ ને કોકને ત્યાં રૂદન. આ જગતનું સ્વરૂપ છે. સતત બાર ભાવના ભાવો. આ ટ્રેનીંગ છે.

એક દિવસ તો ટ્રાય કરો. આખા દિવસમાં ૧૬ ભાવના ભાવવા માટે કોક ને કોક નિમિત્ત મળી જ જાય છે. ચકોર દૃષ્ટિ અને લક્ષ્ય જોઇએ કે આ ઘટના – પ્રસંગ કઇ ભાવનામાં જાય છે. આ રીતે જુઓ તો ભાવના આવે. તેમાં એકાકાર થાઓ તો ધર્મધ્યાન આવે.

તમને આ ભવમાં સાધુપણું દુર્લભ લાગે છે ને! મારે પણ તમને કહેવું છે કે અનંત સંસારમાં બધી સામગ્રીયુક્ત જૈન ધર્મ અને સાધુપણું અતિદુર્લભ છે, માટે એ જ મને ક્યારે મળે એવી ભાવના ભાવવી એ બોધિદુર્લભ ભાવના છે.

કોઇ તમને અતિદુર્લભ રેર ગણાતી ચીજ બતાવે, ત્યારે તરત થાય, અરે આ તો રૂા. ફેંકવાથી સુલભ છે, પણ માનવભવ અને તેમાં પણ જૈન ધર્મ તો અત્યંત દુર્લભ છે – આ બોધિદુર્લભ ભાવના છે.

## પોષ વદ – ૧૧

જીવનમાં પ્રત્યેક અવસર – ઘટના – પ્રસંગમાં પાંચ પરમેષ્ઠીને આધારભૂત બનાવવાના છે. જ્યારે જ્યારે સારું અને સફળતારૂપ થાય છે, ત્યારે ત્યારે અરિહંતનો આભાર માનવાનો છે ને જ્યારે જ્યારે ખરાબ થાય, નુકસાન થાય ત્યારે ત્યારે અરિહંતની આજ્ઞાની વિરાધના કરી હશે તેમ વિચારવું. પ્રકાશનું મૂળભૂત સ્થાન સૂર્ય છે. મીણબત્તી પણ પ્રકાશ આપે છે. પણ તે મીણબત્તીમાં પેટ્રોલ છે. સૂર્યના કિરણ અંદર રહેલા ખનીજોને પેટ્રોલમાં ટ્રાન્સફર કરે છે. તેથી રણપ્રદેશમાં પેટ્રોલ થાય છે ને મીણબત્તી પ્રકાશ આપે છે. ઘીના દીવાથી પ્રકાશ થાય છે. તો ઘી દૂધમાંથી બને. દૂધ ગાય પાસેથી મળે. ગાય ઘાસ ખાય તેનું દૂધ બને. અને ઘાસ સૂર્યના પ્રકાશથી ઉગે. આમ જ્યાં જ્યાં પ્રકાશ છે, ત્યાં ડાયરેક્ટ – ઇનડાયરેક્ટ સૂર્ય છે. તેમ જ્યાં જ્યાં સારું

થાય, ધાર્યું થાય, ત્યાં ત્યાં 'મારા ભગવાનના પ્રભાવથી આ થયું' આમ જોતા થવું એનો અર્થ છે કે આપણી શ્રદ્ધા વહેતી થઇ – માર્ગગામી થઇ.

સમ્યક્‌ત્વની આ પ્રથમ ઓળખાણ છે. તમારું ધાર્યું, સારું – સફળતા દેખાય તો આભાર – ઉપકાર પરમાત્માનો દેખાય. અને ઉલ્ટુ મનમાં જે પીડા – દુઃખ – બાહ્ય નુકસાન – અણધાર્યું થાય, તેમાં તરત થાય કે મેં પૂર્વભવે ભગવાનની આજ્ઞા ખંડિત કરી છે. દુઃખી થતા પહેલા વિચારવું કે આનું કારણ શું? વીતરાગસ્તોત્રમાં જણાવ્યું છે, 'આજ્ઞારાદ્ધા વિરાદ્ધા ચ, શિવાય ચ ભવાય ચ.' ભગવાનની આજ્ઞાની આરાધના એટલે સુખ, શાંતિ, સમૃદ્ધિ અને સમાધિ. આજ્ઞાની વિરાધના એટલે પીડા, દુઃખ, શોક, સંતાપ.

દુર્ગતા નારી એકલી – ઘરડી છે. આગળ પાછળ કોઇ નથી. લાકડા વીણીને લાવે ને એક ટંક ભોજન મળે. ઓછા લાકડા લાવે તો શેઠ ઘરમાંથી કાઢી મૂકે. ઘડપણમાં ય શાંતિ નથી. એકવાર ઓછા લાકડા લાવવાથી ફરી લાકડા લેવા જવું પડ્યું. હતાશ થઇને જઇ રહી છે. સમવસરણમાં પ્રભુ વીર દેખાયા. એક તો વૃદ્ધાવસ્થા, તેમાં લાચારી, કોઇ સાંત્વન આપનારું નથી. પાણીનો ગ્લાસ આપનાર કોઇ નથી. તેમાં ભગવાન પર નજર ગઇ ને પોઝીટીવ વિચાર કર્યો. હું આટલી દુઃખી કેમ છું? એક ટંકના ભોજન માટે પણ આટલી લાચારી કેમ? ચોક્કસ ગયા ભવમાં આ ભગવાનની મેં ભક્તિ – પૂજા ન કરી. હવે આ જીંદગી તો પૂરી થઇ. આવતી જીંદગી માટે પૂજા કરું. સિંદુવાર ફૂલ લીધા. વિધિ આવડતી નથી.

ફૂલપૂજાની વાત પછીથી આવી છે. ખરી તો પુષ્પાંજલી છે. પ્રભુચરણે ફૂલ ધરવાના છે. અભિષેક કરતાં ભગવાનના મસ્તકે ફૂલ મૂકવાની વિધિ છે. અષ્ટપ્રકારી પૂજા માટે ભગવાનને ગભારામાંથી બહાર લાવો તો હાથને ચંદનથી લેપવા, પછી હાથમાં લેવા. થાળીમાં લાવો તો થાળી ચોકખી કરી સાથિયો કરવો. આ ભક્તિ વિધિ છે.

ડોશી સિંદુવારના ફૂલ લઇને નીકળી. પણ ક્રિયાત્મક વિધિ પૂર્ણ ન થઇ. ભાવનાત્મક પૂરી થઇ. શ્રેણિક મહારાજાના ઘોડાના અડફેટમાં આવીને મરી. ભાવના સાચી હતી. ઇન્દ્રથી પણ અધિક સમૃદ્ધિવાળો દેવ બની. અવધિજ્ઞાનથી જાણીને પરમાત્માની ભક્તિ કરવા તે દેવ આવ્યો. તેની સમૃદ્ધિ જોઇ શ્રેણિક પૂછે છે, આ કોણ છે? અને ભગવાને તેનો ઇતિહાસ બતાવ્યો.

આ ભવમાં મને દુઃખ– પીડા છે. તેનું કારણ શું? ચોક્કસ મેં આ ભગવાનની આજ્ઞા પાળી નથી. શરીર – રૂપ–ધન–સન્માન–સત્કાર – સ્વર સારા મળ્યા. પરિવાર – ધંધો – પાર્ટનર – પુત્ર – પત્ની સારા મળ્યા. ભગવાન! તારી જ કૃપા! તારો જ પ્રભાવ!

એમ માનશો તો (૧) તેને ખોટામાં વેડફવાનું નહી થાય. તેનો દુરુપયોગ નહી થાય. (૨) અહંકાર નહી આવે. રૂપ સારું મળ્યું, ભગવાનનો આભાર માનશો તો શીલ પળાશે. સંપત્તિ મળી, થેંક્સ ગૉડ તો દાન અપાશે.

જગતમાં જાતજાતના અનુભવ બધાને થાય છે. વિશ્વાસુ વ્યક્તિ ય પ્રતિકૂળ બને છે. વિશ્વાસઘાત કરે છે. આવું અણધાર્યું બને છે ત્યારે બીજાનો વાંક જોવા કરતાં જાતને દોષિત જોવી. ગયા ભવે મેં ભગવાનની આજ્ઞા માની નહી. પૂજા-ભક્તિ કરી નથી. પેલો નિર્દોષ છે. હું જ દોષિત છું. આમ સર્વત્ર કાં અનુગ્રહ દેખાય. કાં આજ્ઞાભંગ. આ થવાથી હવે ફરી આવી ભૂલ નહી કરું. તે માટે સાવધાની આવશે. અને બીજાને નિર્દોષ જોશું, તો દ્વેષ નહી થાય. **ભગવાનના અનુગ્રહથી બધું અનુકૂળ થાય છે. ભગવાનની આજ્ઞાના ભંગથી બધું પ્રતિકૂલ થાય છે.** આ જીવનમંત્ર બનશે તો ● દરેકમાં પ્રભુનો આભાર મનાશે. ● અભિમાન નહી આવે. ● કોઇનો દોષ નહી દેખાય. ● બધા સાથે મૈત્રીભાવ જોડાશે ● ખોટામાં સંપત્તિ આદિ ખર્ચાશે નહી.

જે ખરેખર જોવાનું છે, તે આપણે જોતા નથી. જે જોવાનું નથી, તે જોઇ બેસીએ છીએ. આપણી પાસે કલ્પનાશક્તિ એટલી જોરદાર છે કે જ્યાં બીજાનો જરા પણ વાંક નથી, ત્યાં તેનો વાંક દેખાય છે ને પોતાનો સ્પષ્ટ વાંક હોવા છતાં પોતાને નિર્દોષ માનીએ છીએ. હવે દૃષ્ટિ બદલો. 'નમો' પદ જેમ નમસ્કાર માટે છે, તેમ કૃતજ્ઞતા વ્યક્ત કરવા પણ છે. આભાર વ્યક્ત કરવા માટે છે. ભગવાન 'નમો તિત્થસ્સ' કહી તીર્થને નમસ્કાર કરે છે. તે એટલા માટે છે કે ગયા ભવે મને ભગવાનની આજ્ઞા-ઉપદેશ - સંઘ મળ્યો. માટે હું તીર્થંકર થયો. આમ પ્રભુ કૃતજ્ઞતા વ્યક્ત કરે છે.

જ્યાં જ્યાં સારું દેખાય, ત્યાં ત્યાં ભગવાનનો આભાર. જ્યાં જ્યાં ખોટું થાય, ધાર્યુ ન થાય, વિશ્વાસુ અવિશ્વાસુ થાય, નુકસાન થાય, ત્યાં મારા કર્મનો દોષ. ના, એથી આગળ વધીને મારો જ વાંક, મેં વક્રતા કરી - પ્રભુ આજ્ઞા ન પાળી, માટે આ થયું. દુનિયામાં કોનો ભરોસો કરાય?

C.A. થયેલો સગો ભત્રીજો કાકાને ફસાવવા પ્લાન કરે. ઇન્કમટેક્સ ઓફીસર સાથે સાંઠગાંઠ કરે. તમારે આટલા રૂપિયા માંગવા. તે ઓફીસર કાકા પાસે માંગે. કાકા મક્કમ થઇને આપતા નથી. ત્યારે તે ઓફીસર કહે - તમારા એકાઉન્ટન્ટે કહ્યું છે. આમાં વાંક કોનો? ભત્રીજાનો વાંક નથી. એ તો બિચારો પરિગ્રહસંજ્ઞાથી પીડાય છે. તેણે આવો વ્યવહાર કેમ કર્યો? મારો ભત્રીજો મારી તરફેણમાં રહેવાને બદલે વાંકો કેમ ચાલ્યો? કોનો વાંક? ચોક્કસ ભગવાન! ગયા ભવમાં તારી આજ્ઞા પ્રમાણે જીવન ન જીવ્યો. તારી આજ્ઞા હતી કે તારું અહિત કરનારનું પણ તું અહિત નહીં કરતો.

પણ મેં ત્યારે મારે ભરોસે રહેલાનું બગાડ્યું હતું. આમ તારી આજ્ઞાનો ભંગ કર્યો હતો. તેનો આ દંડ કે સગો જ કરે દગો. આમ સર્વત્ર પ્રભુ-પ્રભુની આજ્ઞા જ સર્વવ્યાપી - બરાબર દેખાય - બરાબર ઘૂંટાય તો 'નમો અરિહંતાણં' બોલતાં બહુમાન પ્રગટે.

નમસ્કાર ચાર આશયથી કરવાનો છે. (૧) સારું થયું ત્યાં કૃતજ્ઞતારૂપે (૨) ખરાબ થયું, ત્યાં પૂર્વ પાપના પ્રાયશ્ચિત્ત રૂપે. (૩) જે પ્રાપ્ત નથી થયા, તે ગુણોની પ્રાપ્તિમાટે ને (૪) જે પ્રાપ્ત થયેલા ગુણો છે, તેની શુદ્ધિ, વૃદ્ધિ, રક્ષા થાય એ માટે.

ઉપરાંતમાં સમ્યક્ત્વનો ઉપબૃંહણા આચાર પણ સચવાય છે. કેમકે તે-તે ગુણ પ્રાપ્ત કરેલા પરમેષ્ઠીને નમવા દ્વારા એમના તે-તે ગુણની અનુમોદના-પ્રશંસા થાય છે.

**ધર્મધ્યાન :-** ધર્મધ્યાન પણ અરિહંત સાથે સંબંધિત છે. ભગવાને જ કહ્યું છે - આર્ત-રૌદ્રધ્યાન છોડી ધર્મધ્યાનમાં જા, દેવગતિમાં - નરકગતિમાં ક્યારેક વેકેન્સી ન હોય તેમ બને, હાઉસ ફૂલ હોઇ શકે. એક જીવ દેવ તરીકે ઉત્પન્ન થયા પછી બીજો જીવ કેટલા દિવસ પછી દેવ થાય તેનું આંતરુ આવે છે. નરકમાં પણ આ રીતે આંતરું પડે છે. પણ તિર્યંચ ગતિમાં તો હંમેશા જગ્યા મળી શકે છે. અને નિગોદમાં તો આખી માનવજાતિ આવી જાય તો ય દસ કીલો ઘઉંના લોટમાં ચપટી મીઠું જેટલુંય ન થાય. ત્યાં પ્રત્યેક સમયે અનંતા જીવો જન્મે છે ને મરે છે. સતત ઉથલ પાથલ થયા કરે છે. એમાં તેમની અપેક્ષાએ આપણી સંખ્યા કેટલી? તે નિગોદના જીવો અનંતા છે. અત્યારસુધી મોક્ષમાં ગયા તેના કરતાં ય અનંતગુણ છે.

હોસ્પીટલ જવાનો સીધો રસ્તો ક્યો? રસ્તા વચ્ચે ઊભા રહો. તેમ નિગોદમાં જવાનો રસ્તો પણ સરળ છે. કાં પ્રમાદ કરો. કાં શરીરની ખૂબ આસક્તિ કરો. સીધો તિર્યંચગતિમાં - નિગોદમાં પહોંચી જઇશ. અને આમાં ક્યારેય કોઇ ના નહી પાડે કે તું પ્રમાદ ન કર. આસક્તિ ન કર. વળી બાકીની તમામ ગતિમાં આપણે મહેમાન છીએ. મહેમાનને કેટલા દિવસ રખાય? પ્રથમ દિવસે હાજી, બીજે દિવસે કાજી, ત્રીજે દિવસે પાજી. પછી તો અકળામણ થવા માંડે. દેવલોકમાં અને નરકમાં એકવાર આવો, ફરી બીજીવાર નહી. મનુષ્ય અને પશુગતિમાં સાત-આઠ વાર આવો પછી નીકળો. પણ એકેન્દ્રિય જાતિ કહેશે - તું અહીં જ પડ્યો રહે. તને કોઇ કાઢવાનું નથી. મહેમાન જ યજમાન બની ગયો. અસંખ્ય પુદ્ગલ પરાવર્ત કાળ પડ્યો રહે. તને કોઇ ડીસ્ટર્બ નહી કરે. જો આમાં નથી જવું, તો આર્ત-રૌદ્રધ્યાન, આસક્તિ - રાગ, પ્રમાદ - આળસ છોડો.

ધર્મધ્યાન માટે બે લાયકાત છે. (૧) દુનિયાના તમામ નુકસાન કરતાં મન

૮૦) સ્વસ્થ જીવન જીવવું હોય તો ઈષ્ટ ને અનિષ્ટની બહુ કવિતા ગાવી નહીં, નહિંતર આર્ત્તધ્યાન થયા વગર રહેશે નહિં.

– સુમતિ સુમતિદાયી



હંસાબેન વેણીલાલ સંઘવી (હ. મુકેશભાઇ)

૨૦૫–બી, સર્વોદય નગર, મુલુંડ (વે)

૮૧) મનુષ્ય જીવન એ નાજુક જીવન છે. સ્હેજ સ્હેજમાં એના ઉપર પાપના ડાઘ લાગી જાય છે. નાજુક ચીજને સાચવવા સાવચેતી જોઈએ. – સુમતિ સુમતિદાયી



૮૨) નવકાર પણ એક સાધન છે. એનું સાધ્ય ભાવોલ્લાસની વૃદ્ધિ અને શુભપરિણતિ નો વિકાસ છે.

– નવરસમય નવકાર



**અશોકભાઇ તથા અનિલભાઇ**

આર.ટી.કોમ્પ્યુટર, ૧૦૬/૧૦૭, સ્ટેશન રોડ, હુબલી

૮૩) આપણા જીવનમાં કોઈ નક્કર દર્શન – ક્રિયા – જાપ – સ્તોત્ર – ગુણગાન વગેરે મન પરોવીને વારંવાર થાય તો એના ઘેરા સંસ્કાર અહીં કટોકટીમાં તથા અંતકાળે અને પરલોકમાં ખૂબ લાભદાયી થાય – *નવરસમય નવકાર*



**નંદુભાઈ ઝવેરચંદજી રાઠોડ**
**મહાલક્ષ્મી ઓર્નામિન્ટસ,**
**૨૭૨-બી, ખર્ડે લેન, ગુજરી, કોલ્હાપુર-૦૨.**

૮૪) વિશ્વના સમસ્ત જીવો પ્રત્યેના સ્નેહભાવ – દયાભાવના
પાયા પર ઉભેલી નવકાર પ્રત્યેની અથાગ શ્રદ્ધાના બળે
આ મહામંત્રની સાધના અદ્ભુત ફળે – *નવરસમય નવકાર*



**અ.સૌ. મિનલના સિદ્ધિતપની અનુમોદનાર્થે**
**શૈલેષ ચીમનલાલ પટેલ**
**અજિત વિલા, મહાવીર નગર, બેનગેરી રોડ, હુબલી–૨૩**

૮૫) જીવનજરૂરી પાપપ્રવૃત્તિ બગાડે એના કરતાં વધારે મફતિયાં – નિષ્ફળ ખોટાં વિચારો, ખોટી ચિંતા મનને બગાડે છે. – નવરસમય નવકાર



૮૬) જીવનમાં સુખની જેટલી જરૂર છે,
તેના કરતાં કંઈક ગુણી જરૂર ધર્મની છે, કેમકે સુખ ધર્મથી જ મળે છે.
– જૈન ધર્મનો સરળ પરિચય



એક સદ્ગૃહસ્થ – હુબલી

૮૭) નસીબની ગાડી આપણા કહ્યા મુજબ ચાલે તેમ નથી
તો પછી કોઈ ઉકળાટ શા સારૂં? – યશોધર મુનિ ચરિત્ર



શા ચંપાલાલજી દુદમલજી
રાજ. સરદ, કોટ્ટાપેટ, ગુન્ટુર (આં.પ્ર.)

બગડે તે સૌથી મોટું નુકસાન છે. (૨) દુનિયાના તમામ લાભ-કમાણી -ફાયદા કરતાં મારું ચિત્ત પ્રસન્ન રહે એ સૌથી મોટો લાભ છે. આ બેને લાવવા માટે ૧૬ ભાવના છે, જેમ કે મન જરાક કશામાં લલચાય કે તરત થાય - આ મન-ઇંદ્રિયના વિષય પોષાયા - કર્મને આવવાનો દરવાજો ખુલ્યો... આ આશ્રવ ભાવનાનું ભાવન થયું.

બાકીના તમામ નુકસાન કરતાં મન બગડે એ સૌથી મોટું નુકસાન કેમ? આપણી ગેરહાજરીમાં મકાનમાંથી બધી સામગ્રી બહાર ફેંકી દે તે નુકસાન કરતાં મન બગડે તેમાં વધુ નુકસાન કેમ? રૂપાળો, વિનીત - યુવાન - કમાતો પુત્ર મરે, કોઇ અપરાધ વિના જાહેરમાં ફજેતો થાય, બધા અપમાન કરે, ઇજ્જત જાય, જીવવું ભારે પડી જાય, આ તમામ નુકસાન કરતાં પણ મન બગડે એ મોટું નુકસાન. કેમ? આટલો બધો ભાર શા માટે આપ્યો છે?

બાકીના તમામ નુકસાન વધારેમાં વધારે - એટ ધ મોસ્ટ આ ભવમાં જ નુકસાનકારી છે. જ્યારે મન બગડે તો આ ભવમાં ય શાંતિ ચોરે છે અને સાથે સાથે અનંતા ભવો સુધી દુર્ગતિમાં દુઃખ પીડા આપે છે. માત્ર એક ભવ નહી, ઉત્કૃષ્ટથી તે કર્મથી અસંખ્યભવ અને અનુબંધથી અનંતભવ દુર્ગતિઓની પરંપરા સર્જે છે. માટે એ મોટું નુકસાન છે. મન બગડે તો...

૧) અસંખ્ય-અનંત ભવ દુર્ગતિની પીડા મળે.

૨) અસંખ્ય-અનંતભવ પ્રભુનું શાસન ન મળે.

૩) અનંતકાળ જે મોક્ષના અનંત આનંદમાં જવાનો હતો. તે સમય સંસારની દુર્ગતિઓમાં દુઃખ-પીડામાં ગયો. વેદનામાં ગયો. એ જ રીતે

૪) જે કાળ કેવળજ્ઞાન-સર્વજ્ઞાની તરીકેની સંભાવનાવાળો થાત, તે કાળ ઘોર અજ્ઞાનમાં અથડાવામાં પૂરો થવાનો... અને

૫) જે શુદ્ધ આત્મ સ્વરૂપની પ્રાપ્તિ-અનુભૂતિ-સાક્ષાત્કાર થવાના હતા, તે સમય આત્માને મેલો કરવામાં ને આત્માની અસ્તિત્વની પણ નોંધ વગર પસાર થવાના બગડેલા મનનું આ સૌથી મોટુ નુકસાન છે.

બીજા બધા નુકસાનો તો આજે બગડે ને કાલે સુધરી પણ જાય. એક ગામમાં એક યુવતી દુરાચાર સેવવાથી ગર્ભવતી બની. બાળક થયો. બધા પૂછે છે - આ બાળક કોનો છે? તેણે ગામના એક પ્રસિદ્ધ સંતનું નામ આપી દીધું અને બાળકને સંતને ત્યાં મૂકી આવી. આ તમારું બાળક. બધા લોકો થું થું કરે છે. સંત બનીને શેતાનનું કામ કરો છો? બધા જાતજાતનું સંભળાવે છે. છતાં સંત એક જ વાત કહે- હેં! એવું છે? દસ - બાર મહિના બાળકને સંભાળ્યો. યુવતીને પશ્ચત્તાપ થયો. ગામ ભેગું કરી સંત પાસે માફી

માંગી. આ તો સજ્જન શિરોમણી છે ! ગામજનો પણ માફી માંગે છે. સંત કહે – હેં! એવું હતું? વાત પૂરી.

વાત આ છે કે શક્ય છે, ગયેલી ઇજ્જત પાછી આવી જાય. અપમાનરૂપી નુકસાન સુધરી સત્કાર પણ થઇ શકે. દીકરો ભલે મરી ગયો, પણ બની શકે છે કે કોઇ ફિરસ્તો આવીને તમારા દીકરાની જેમ રહે.

એક ભાઇ દર રવિવારે અનાથાશ્રમમાં ભોજન-કપડા આપવા જાય. એક છોકરો હોંશિયાર હતો. એના માટે તે ભાઇ રૂપિયા-પુસ્તકો-કપડા વગેરે મોકલે. તે ભણીને ડૉક્ટર થયો. પછી તો તે બીજે ગયો. આ ભાઇનો સગો દીકરો ઘરવાળીનો થયો. જુદો થયો. ભાઇ પોતે બીમાર પડ્યા. હોસ્પિટલમાં છે. ડૉક્ટરે નામ જોયું. સારામાં સારી ટ્રીટમેંટ આપી. પછી કહે – ચાલો મારા ઘરે. એ એ જ અનાથાશ્રમનો બાળક હતો. એક દીકરો જાય, તો બીજો મળે.

શેરબજારમાં ગયેલા રૂપિયા તેજીમાં પાછા આવશે. રોગી કાયા પણ સારા ડૉક્ટરની દવાથી નિરોગી બની શકે છે. જો તમારા ભાગ્યમાં પુત્રસેવા નહી હોય, તો એ ૨૫ વર્ષનો થાય ત્યાં સુધી કાં તમે મરી જાઓ કાં તે ઘરવાળીનો થઇ જાય, કાં અમેરિકા રહેવા જાય.

દુનિયાના તમામ નુકસાન ભરપાઇ થઇ શકે છે ને તમામ નુકસાન આ ભવ પૂરતા છે. જ્યારે મન બગડ્યું તો વર્તમાનમાં શાંતિ જાય જ છે, અનંતકાળ દુર્ગતિની પીડા અને અનંતકાળ પ્રભુનું શાસન ન મળવાથી મોક્ષનો અનંત આનંદ ગયો. માટે બાકીના બધા નુકસાન કરતાં મન બગડે એ મોટું નુકસાન છે. આ વાત મનમાં બરાબર બેસાડો.

દુનિયાના તમામ લાભ કરતાં મનની પ્રસન્નતા એ મોટો લાભ, કેમ? દુનિયાના તમામ લાભ આ ભવ પૂરતા છે. ચક્રવર્તીના સુખ પણ આ ભવ પૂરતા છે. છેલ્લે સુધી ભોગવે તો પછી સાતમી નરક. આજે જે લાભ છે, તે આવતીકાલે નુકસાનમાં રૂપાંતર ન પામે તેની કોઇ ખાતરી નથી. કરોડો રૂપિયા આવ્યા તે કાલે ખતમ પણ થઇ શકે છે. એ આવ્યા પછી જ ગુંડાઓની જાનથી મારી નાખવાની ધમકી મળવા માંડી ને સંતાનો ઉંધા રવાડે ચડી ગયા... આજે ઇજ્જત આપનારા કાલે શું શું પણ કરી શકે છે.

નેપોલિયન બોનાપાર્ટ વિશ્વવિજયી બની ફ્રાંસ પાછો આવ્યો. સેનાપતિ કહે – બહાર આવો, હજારો લોકો તમને સત્કારવા આવ્યા છે. નેપોલિયન કહે – આજે જીતમાં છું માટે લોકો સત્કારે છે. કાલે હારીશ ને ફાંસીએ ચઢીશ, તો આનાથી વધુ લોકો જોવા

આવશે. જીત પણ કાયમી નથી અને સત્કાર પણ. આજે તંદુરસ્તી છે તો કાલે રોગ. મને તો નખમાં ય રોગ નથી એવું જે દિવસે થાય, તે દિવસે સમજી લેજો કે કાલે રોગ આવશે.

માણસનું પતન થવાનું હોય એની આગળી ક્ષણે તેને અભિમાન આવે. કરોડો રૂપિયાનું અભિમાન થયું, ચોક્કસ હવે તું રોડપતિ થવાનો. ખૂબ ભણ્યો. શ્રુતજ્ઞાનનું અભિમાન થયું. ચોક્કસ હવે તું ભૂલવાનો. કાં તો વધુ ભણેલો તારું અપમાન કરવાનો. તપનું અભિમાન આવ્યું. કાલે નવકારશી પણ નહી કરી શકે.

દુનિયાના તમામ લાભ કાચના વાસણ કરતાં ય તકલાદી છે. કાચના વાસણને ફૂટી જવા માટે ટક્કર લગાવવી જરુરી છે. મુંબઇના કાચના વાસણ સો ફૂટ ઉપરથી ફેંકો છતાં ન ફૂટે. શરત એટલી જ કે જમીનને ન અડવા જોઇએ. એ તો ટકરાય તો ફૂટે ને! આપણને તો બાહ્ય નિમિત્ત વગર પણ કર્મોદય બદલાય ને વિપરીત પરિસ્થિતિ શરુ થઇ જાય.

મન પ્રસન્ન રહે તે મોટો લાભ કેમ? જે ક્ષણે મન શુભ ભાવોથી પવિત્ર થાય છે, તે સમયે જીવ એટલા શુભ કર્મોનું ઉપાર્જન કરે છે કે ભવિષ્યમાં અસંખ્ય વર્ષ સુખ મળે. પરમાત્માનું શાસન મળે. સુકુલ વગેરેમાં જન્મ મળે. એક-બે-ત્રણ ભવમાં મોક્ષ થઇ શકે. બહુ ટુંકા ગાળામાં અનંતકાળ મોક્ષનો આનંદ આપવાની તાકાત મનની પ્રસન્નતામાં છે. કેવી રીતે ગજસુકુમાલ સ્વસ્થ રહી શક્યા? ચામડાના વાધરની પીડા વચ્ચે મેતારજ મુનિ, સ્કંધકાચાર્યના ૫૦૦ શિષ્યો ઘાણીમાં પિલાયા, ખંધકમુનિની ચામડી ઉતરી, છતાં આ બધાએ મન પ્રસન્ન રાખ્યું, સમતા રાખી, પ્રશમભાવમાં રહ્યા. ચિત્તને પ્રસન્ન રાખ્યું, ૫-૧૦ મિનીટ સહન કર્યું ને કામ થઇ ગયું. એ બધાને ઉપસર્ગ નહોતા દેખાતા. મોક્ષનો અનંતકાળ આનંદનો લાડવો દેખાતો હતો.

ધર્મધ્યાનના ચાર પાયા-પ્રકાર છે. (૧) આજ્ઞાવિચય (૨) અપાયવિચય (૩) વિપાકવિચય (૪) લોકસંસ્થાન વિચય. 'વિચય' શબ્દ બધે કોમન છે. આર્ત-રૌદ્રધ્યાનમાં 'અનુબંધી' શબ્દ હતો. ઇષ્ટવિયોગાનુબંધી, હિંસાનુબંધી... અહીં 'વિચય' કેમ? આર્ત-રૌદ્રધ્યાન સંસારના કારણ છે. ધર્મ-શુક્લધ્યાન મોક્ષના કારણ છે. સંસારના કારણ વારંવાર આવે છે. મોક્ષના કારણ એક-બે વાર આવે ને વાત પૂરી. શુક્લધ્યાન આવે ને મોક્ષ પ્રાપ્ત થઇ જાય. વિચય તરંગરૂપ છે. 'Waves' જે લાંબુ નથી ચાલવાનું. ૧-૨-૩- વાર ધર્મ-શુક્લધ્યાન આવ્યા પછી લાંબી પરંપરા નહી ચાલે. મોક્ષ મળી જશે. અનુબંધીમાં દીર્ઘ પરંપરા ચાલે છે.

વળી 'અનુબંધ' જોડાણરૂપ છે, એકવારનું એક પ્રકારનું આર્તધ્યાન પછી ફરીથી એવા આર્તધ્યાન સાથે જોડાયેલું છે. પહેલાથી બીજું. જ્યારે ધર્મધ્યાનમાં પ્રાયઃ

એવું નથી. દરેક તરંગ સ્વતંત્ર છે, એમ દરેક વખતનું ધર્મધ્યાન સ્વતંત્ર છે... અલગ છે.

વળી, આર્ત-રૌદ્ર ધ્યાન તો એકવાર એમાં પેઠા એટલે ચાલ્યા જ કરે, અનુબંધ લાંબો ચાલે ને વળી વારંવાર ચાલે. જ્યારે ધર્મધ્યાન મન માટે નવું હોવાથી પ્રાયઃ લાંબુ કે વારંવાર હોતું નથી. શુક્લધ્યાન તો એકવારમાં જ જીવનું કલ્યાણ કરી દે છે. તેથી લાગે છે કે ધર્મધ્યાન સાથે 'વિચય' શબ્દ જોડાયેલો છે.

૧) ભગવાનની આજ્ઞાનો વિચાર - કેમ થયું? (૨) રાગ - દ્વેષ - સંક્લેશના નુકસાનનો વિચાર - નુકસાન શું? (૩) કર્મનો વિચાર - કારણ. (૪) લોકનો વિચાર - આવું જ બધે હોય.

૧) આજ્ઞાવિચય - ભગવાનની આજ્ઞાનો વિચાર, વિચારથી ભાવના આવે. તેનાથી વિચય - એકાગ્રતા આવે અને પછી ધ્યાન આવે. ભગવાનની આજ્ઞા શું છે? દરેક સ્થળે આમ કેમ થયું, ત્યાં માત્ર ભગવાનની આજ્ઞા વિચારવી. કાંઇપણ બને, ભગવાનની આજ્ઞાનો વિચાર કરે.

જિનશાસનમાં 'અહિંસા પરમો ધર્મ' બીજાને સમજાવવા માટે છે. જાતમાટે તો 'જિનાજ્ઞા પરમો ધર્મ' 'આણાએ ધમ્મો'. મારા માટે શ્રેષ્ઠ ધર્મ ભગવાન! તારી આજ્ઞાને વણી લેવી એ જ છે. એ જ ધર્મધ્યાન છે. વસ્તુ પડી - તૂટી. આ પ્રસંગે શું વિચારવાની પ્રભુની આજ્ઞા છે? આમ સર્વત્ર મુખ્ય આજ્ઞા છે.

(૧) તે વખતે પણ તું તારા મનને સ્વસ્થ રાખ. ભગવાન! આમાં મન સ્વસ્થ ક્યાંથી રહે? તો ભગવાન બીજી આજ્ઞા આપે છે. (૨) મનને સ્વસ્થ રાખવા વસ્તુની અનિત્યતા - નાશવંતપણાનો વિચાર કર. **લોકસ્વરૂપ**નો વિચાર કર. સંસારમાં નિત્ય શું? પરિવર્તન. બાકી કશું નિત્ય નથી. પણ મારી વસ્તુ જ કેમ તૂટી. બાજુવાળાની કેમ નહી? (૩) તારા ભૂતકાળના કર્મ ઉદયમાં આવવાના હતા. તેથી નુકસાન થવાનું જ હતું. **વિપાક વિચય.** (૪) તો ભલે પણ પેલાએ કેમ તોડ્યા? **અપાય વિચય** - એ તો નિમિત્ત છે. એણે ભૂલ કરી, એનું બગડ્યું. તું એના પર ક્રોધ કરીશ તો તારા સંબંધ બગડશે. વેરના અનુબંધ પડશે - કર્મબંધ થશે.

દરેક જગ્યાએ ૧૨+૪ ભાવનાનો આધાર લે. જ્યાં જે બને, ત્યાં તું એ વિચાર કર કે 'તારે તારા મનને પ્રસન્ન - સ્વસ્થ રાખવાનું છે' આ મુખ્ય આજ્ઞા છે. ચિત્તની પ્રસન્નતા કર્મનિર્જરાનું કારણ છે. ચિત્તની અશાંતિ - સંક્લેશ કર્મબંધનું કારણ છે 'ક્લેશે વાસિત મન સંસાર.... ક્લેશરહિત મન તે ભવપાર....' **ચિત્તની પ્રસન્નતા મોક્ષનું કારણ છે. ચિત્તનો સંક્લેશ સંસારનું કારણ છે.**

મેઘકુમારનું ચિત્ત અસ્વસ્થ થયું ને ભગવાન તેના ધર્મસારથિ બન્યા. ચિત્તની

વિહ્વળતા દૂર કરવા પૂર્વભવ દેખાડ્યો. તેં હાથીના ભવે ત્રણ દિવસ પગ ઉંચો રાખી સસલાને બચાવ્યો ને આ ભવે ધૂળ સહન ન કરી શકે! આ દેખાતી આપત્તિને ભૂલી જા. આનાથી મોટી આપત્તિ તેં ભૂતકાળમાં સહન કરેલી. અર્થાત્ દરેક પરિસ્થિતિમાં મનને સ્વસ્થ જ રાખવાનું. જે ઠેકાણે - પ્રસંગે આપણી ચિત્તરૂપી સડસડાટ દોડતી ગાડી પ્રસન્નતાના હાઇવે પરથી સંક્લેશના ખાડામાં પડે છે, ત્યારે ભગવાન આપણું મન ન બગડે તે માટે માર્ગ આપે છે.

કાર જેટલી સ્પીડમાં ચાલે તેટલો ડ્રાયવર સાવધાન જોઇએ. નહીંતર ક્ષણનો પ્રમાદ ને એકસીડેંટ. છગને નવી રોલ્સરૉય લીધી ને ધનધનાટ ચલાવે છે. એની સ્પીડ જોઇ બધા ડ્રાયવરોએ સાઇડ આપવા માંડી. ચલાવતા ચલાવતાં છગન પાછો બીજા કાર ડ્રાયવરોને પૂછે છે - રોલ્સરૉય ચલાવતા આવડે છે? બધાને લાગ્યું. છગનને કારની ચરબી - ગરમી ચઢી લાગે છે. પછી આગળ જઇ જોયું, તો છગને ગાડી ઝાડ સાથે ઠોકી હતી. બધાએ છગનને પકડી પૂછ્યું - બહુ રોફથી પૂછતો હતો ને - રોલ્સરોય ચલાવતા આવડે છે? ને તેં શું કર્યું? છગન કહે - હું એટલા માટે પૂછતો હતો કે જો તમને ચલાવતા આવડે છે તો કહો કે બ્રેક ક્યાં છે? કેમકે મને આ કારની બ્રેક કયાં હોય તે ખબર નથી. પાવરફૂલ કાર હોય તો ડ્રાયવર પણ સતર્ક જોઇએ.

કલાકે ૬૦ km. ની સ્પીડ હોય તો એક મિનિટમાં ૧ km. અર્થાત્ ૬૦ સેકંડમાં = ૧૦૦૦ મીટર. તો દર સેકંડે ૧૫ થી ૧૬ મીટરની સ્પીડ થાય. ૧ મીટર = ૩ $^{1/3}$ ફૂટ. એક સેકંડની ગફલત એટલે લગભગ ૪૫ ફૂટ આમ તેમ ફેંકી દે. તો શું હાલત થાય? માટે કાર જેટલી સ્પીડમાં, તેટલો ડ્રાયવર સતર્ક જોઇએ.

કારની સ્પીડ કરતાં મનની સ્પીડ વધુ છે. કાર એક મિનિટમાં એક કીલોમીટર કાપે. મન એક સેકંડમાં મેરુપર પહોંચી જાય. નવકાર ગણતાં ગણતાં, અરિહંતાણં બોલતાં બોલતાં અરિ = શત્રુ - પેલાએ મારું બગાડ્યું. ત્યાં પહોંચી જાય. જરાક મન ચુક્યુ ને સીધો અકસ્માત. મન વધુ પાવરફૂલ સ્પીડવાળું છે. માટે તારે વધુ સતર્ક રહેવાનું છે. પાંચ ઇન્દ્રિયોના વિષયોરૂપી અવરોધ વખતે સતર્ક રહેવાનું છે. પ્રભુ ધર્મસારથિ છે. મન પ્રસન્નતાના માર્ગે દોડે છે, પણ કોઇ પણ ભૂતકાળના વિચારો કે ભવિષ્યકાળની કલ્પનાઓ દુર્ભાવમાં લઇ જાય છે. ત્યારે ભગવાન કહે છે - ગઇ, ગઇ, કાર ખાડામાં ગઇ. સાવધાન થા. ભૂલે ચૂકે ય તારા મનને ખાડામાં ન લઇ જા. મનને સ્વસ્થ રાખ.

દુનિયાના ખાડા તો ખાડા છે. પણ મનની ભૂમિકામાં તો કેટલાક ખાડા આકર્ષક છે, લોહચૂંબક જેવા છે. શબ્દાદિ વિષયના ખાડા આકર્ષક છે. તો મનને ગમતી ખોટી કલ્પનાના ખાડા પણ આકર્ષક છે. મન પ્રસન્ન તો શેખચલ્લીની કલ્પનામાં દોડે.

મન સંક્લેશમાં તો ડીપ્રેશનના ખાડામાં દોડે.

મનોચિકિત્સક એટલે શેખચલ્લીએ બનાવેલા હવાઇ કિલ્લામાં પહોંચી ગયેલા પાગલ માણસ પાસેથી ભાડાના રૂપિયા કઢાવે તે. મનના આ જબરદસ્ત તોફાન છે. દુનિયામાં એકે ખાડો આકર્ષક નથી. મનને પડવાના દરેક ખાડા આકર્ષક છે.

## પોષ વદ – ૧૨

અરિહંતનું નામ આપણા આત્મા માટે ઔષધનું કામ કરે છે. આપણને સતાવતા મુખ્ય ત્રણ રોગ છે. રાગ-દ્વેષ અને મોહ. રાગ = ૧) કામરાગ ૨) સ્નેહરાગ ૩) દૃષ્ટિરાગ.

વ્યક્તિ કે વસ્તુપર ભોગવટા સંબંધી જે રાગ તે કામરાગ. વિષયોમાં ઉપયોગી ન હોવા છતાં વ્યક્તિપરનો લોહીના સંબંધઆદિને કારણે થતો રાગ તે સ્નેહરાગ. પોતાના મત - માન્યતા - સિદ્ધાંતમાં પક્કડ તે દૃષ્ટિરાગ. અલબત્ત ભગવાનના વચનપર દૃઢ શ્રદ્ધા જોઇશે, એ દૃષ્ટિરાગ નથી. અસત્યપર પકડ એ દૃષ્ટિરાગ અને સત્ય પર પકડ એ શ્રદ્ધા-વિવેક. પિત્તળને સોનું માની લેતી પકડ મૂર્ખામી છે. પણ સોનાને સોનું માનવું એ કંઇ મૂર્ખામી નથી ગણાતી, ડહાપણ ગણાય છે. સર્વજ્ઞ પ્રભુના વચનપર દૃઢ શ્રદ્ધા જ પ્રભુની સર્વજ્ઞતાપર વિશ્વાસ વ્યક્ત કરે છે.

દ્વેષ = ૧) અનંતાનુબંધી ૨) અપ્રત્યાખ્યાની ૩) પ્રત્યાખ્યાની ૪) સંજ્વલન. આ ભવ બગાડનારને ભવપરંપરા બગાડનાર.

મોહ = આસક્તિ, મમતા, મૂર્ચ્છા, ગૃદ્ધિ, મારી ચીજ છે તે બગડવી ન જોઇએ. ખોવાવી ન જોઇએ.

જેમ વૈદકશાસ્ત્રમાં વૈદ્યોએ કફ, પિત્ત અને વાત એમ ત્રણ રોગ બતાવ્યા અને ત્રિફળા લેવાથી ત્રણે રોગ નાશ પામે તેમ કહ્યું છે, તેમ ત્રિદોષ અધ્યાત્મમાં પણ કહ્યા છે. રાગાત્મક કફ, દ્વેષાત્મક પિત્ત, મોહાત્મક વાયુ. પ્રભુના નામની ત્રિફળા લેવાથી વસ્તુ - વ્યક્તિ પરના રાગ - દ્વેષ - મોહ નાશ પામે છે. શ્રદ્ધાપૂર્વક, હૃદયપૂર્વક, એકવાર પણ લીધેલું પ્રભુનું નામ તમારું કામ કરવા સમર્થ છે. તો ૧૦૮ વાર કેમ? ૧૦૮ વાર સતત નામ લેતાં લેતાં, પ્રેક્ટીસ કરતાં કરતાં એવો પૉવર આવે કે પછી શ્રદ્ધાથી એકવાર પણ લીધેલું નામ કામ કરી જાય.

એક સંતપુરુષ બહાર ન્હાવા ગયા. પત્ની ઘરે છે. કો'ક રોગી ઘરે આવ્યો. મારો રોગ દૂર કરો. પત્નીએ પાણી આપ્યું. ત્રણ વાર રામ કહીને આ પી જાઓ. મટી જશે. અને રોગ મટી ગયો. પેલો ખુશ થઇ ગયો. સંત પાછા આવ્યા. પત્નીએ વાત કહી.

સંતની આંખમાં આંસુ આવ્યા. પત્નીએ કારણ પૂછ્યું. સંત કહે – તને રામના નામ પર શ્રદ્ધા ઓછી છે. માટે ત્રણ વાર લેવાનું કહેવું પડચું. એક વાર લેવાથી કામ થઇ જાય. તું મારી પત્ની હોવા છતાં શ્રદ્ધા નથી. માટે આંસુ આવ્યા.

તેમ પરમાત્માનું નામ એકવાર લેવાથી પણ કામ થઇ જાય. પણ આવી શ્રદ્ધાને ઊભી કરવા માટે નવ લાખ વાર – કરોડ વાર નામનો જાપ થાય છે. પ્રભુનું નામ જ કામ કરે છે. કારણ પ્રભુ તેવું જીવન જીવ્યા છે.

જેમનો ભાવનિક્ષેપો પવિત્ર હોય, તેમની સાથે જોડાયેલો નામનિક્ષેપો પવિત્ર હોય જ. ભાવનિક્ષેપારૂપ એમણે જે સાધના – આરાધના કરી, તેના અંશના પ્રભાવથી નામનિક્ષેપામાં પણ તાકાત ઊભી થાય છે. જેથી કામ થઇ જાય છે. પ્રભુ જ્યારે ભાવનિક્ષેપામાં હતા, ત્યારે જે ઉત્કૃષ્ટ સાધના કરી છે, રાગ-દ્વેષ-મોહને જીતવા જે પ્રબળ પુરુષાર્થ – પ્રચંડ સાધના કરી, તેની તાકાતથી ભગવાનનું નામ પ્રભાવશાળી બને છે.

પ્રભુની સાધના કેવી? કલ્પસૂત્રકાર કહે છે 'ગિહિધમ્મે....' ગૃહસ્થ ધર્મમાં પણ... 'અણુત્તરદંસણે, અણુત્તરનાણે, અણુત્તરચરિત્તે, અણુત્તર ગુત્તીએ, અણુત્તર ખંતિએ...'વારંવાર અનુત્તર શબ્દ મૂક્યો. પ્રભુની બધી સાધના અદ્‌ભુત! અદ્‌ભુત...! હતી. શાસ્ત્રકારોએ પણ એકવાર અનુત્તર શબ્દ ન મુકતાં વારંવાર કહ્યું. કેવો અહોભાવ! સાધનાકાળમાં પણ કેવી અદ્‌ભુત ગુપ્તિ – સમિતિ....!

એમના નામમાં તાકાત એમને એમ નથી આવી. આપણું નામ લઇ કોઇ કામ કરશે તો બગડશે. પણ પ્રભુનું નામ લેવા માત્રથી કામ થઇ જાય છે. એવું શું જાદુ ભર્યું અરિહંત શબ્દોચ્ચારમાં...? એની પાછળ સાધનાનો પાવર છે. પ્રભુ શાંત-પ્રશાંત-ઉપશાંત છે. ક્રોધાદિ નથી. એક એક સરસ વિશેષણો વાપર્યા છે.

(૧) 'કંસપાએ ઇવ મુક્કતોએ' જેમ કાંસાના પાત્રને પાણીનું ટીપું અડી શકતું નથી. તેમ દુનિયાના પ્રસંગો પ્રભુને કાંઇ અસર કરી શકતા નથી. પછી ભલે સંગમ – ગોવાળ કે કટપૂતના હોય કે ઇન્દ્રની ભક્તિ હોય. કોઇ જ અસર નહી.

૨) સંખે ઇવ નિરંજને – શંખ સફેદ હોય. તેના પર કોઇ રંગ ન ચઢી શકે, તેમ ભગવાનને જગતનો કોઇ ભાવ લેપી ન શકે. દુર્જન આવી ધુત્કારે કે ભક્ત આવી સત્કારે, કોઇ રંગ અસર ન કરે. ભીંતને રંગવા ત્રણ હાથ લગાવવા પડે. પણ બે ભીંત વચ્ચેની જગ્યાને રંગવા કેટલા હાથ લગાવો તો રંગાય? ન રંગાય. આકાશને કોઇ રંગી શકતું નથી. કાદવ આદિથી આકાશ લેપાતું નથી. તેમ ભગવાનને કોઇ પ્રસંગ લેપી શકતો નથી.

૩) આગાસે ઇવ નિરાલંબને – પ્રભુ આકાશની જેમ નિરાલંબન છે. કોના આધારે

આકાશ ટકેલું છે? ટીટોડી માને છે કે મારા આધારે ટકેલું છે. તે પડે તો ઉંધી પડે, ટાંગ ઉંચી રાખે. તેથી જ આકાશ ટક્યું છે એમ માને. આકાશ આધાર વિના ટકેલું છે. તેમ ભગવાન સાધનાકાળમાં કોઇ આધાર વિના રહે છે. સાડા બાર વર્ષ સાધનાકાળમાં ઘણાં ઉપસર્ગો આવવાના છે. ખબર છે. ઇન્દ્રે વિનંતી કરી... મને આપની પાસે રહેવા દો. ભગવાન કહે – ભૂત – ભાવિ કે વર્તમાનમાં કોઇ તીર્થંકર કોઇના આધારે કેવળજ્ઞાન પ્રાપ્ત કરતા નથી. આપ મુઆ વિના સ્વર્ગે ન જવાય. ભુજાબળે ભવજલ તરે... કોઇનો સહારો નહી. ગોચરી – પાણીમાં પણ કોઇના આલંબનની જરૂર નથી. ક્ષુધા વેદનીયનો ઉદય થાય તો ગોચરી જઇશ. પણ નહી મળે તો ૬ મહિના ખેંચી કાઢીશ.

૪) જીવ ઇવ અપ્પડિહયગઇએ – જીવની જેમ અપ્રતિહત ગતિ. જીવને એક ગતિમાંથી બીજી ગતિમાં જતાં અટકાવનાર કોઇ નથી. શરીર લઇને મહાવિદેહમાં જવું છે, તો વચ્ચે અટકાવનાર નદી –પર્વત ઘણાં આવે. પણ શરીર છોડીને જઇએ, તો અટકાવનાર કોઇ નથી. મોક્ષે જતા જીવને કોઇ વચ્ચે આવે તો ય સડસડાટ નીકળી જાય. ભવાંતરગતિમાં કોઇ અટકાવી શકે નહી.

તેમ પ્રભુને પોતાની શુભભાવની પરમધારામાં, પરિણામધારામાં, અધ્યવસાયધારામાં ગતિ કરતાં કોઇ અટકાવી શકતું નથી. નંદીવર્ધન રડે છે. છતાં પ્રભુ પાછળ ન જુએ. જગતના કોઇ પ્રસંગ અટકાયત બનતા નથી. ના પાડી કે કનકખલઋષિના આશ્રમ પાસેથી ન જાઓ. ઝેરી સાપ છે. છતાં પ્રભુ ગયા. ચંડકૌશિક સાપે ફૂંફાડા માર્યા. પ્રભુને કાંઇ ન થયું. અપ્રતિહત ગતિ.

૫) સિંહ ઇવ દુદ્ધરિસે – સિંહ જેવા દુર્ધર્ષ હતા. કોઇની તાકાત નથી કે કોઇ ચેલેંજ આપી શકે. વાઘ – હરણના કેટલા ટોળા સિંહને ચેલેંજ આપી શકે? સંગમ જેવા પણ છ મહિના સુધી ઉપસર્ગ કરીને પણ તેમને ધ્યાનની ધારામાંથી ચલાયમાન ન કરી શક્યા.

૬) કુંજર ઇવ સોંડીરે – હાથી જેવા પરાક્રમી. પરાક્રમ કરતાં હાથી પીછેહઠ ન કરે. તેમ જાતજાતના અભિગ્રહરૂપ પરાક્રમ કરતાં ભગવાન પીછેહઠ કરતાં નથી. કેટલાક તો મહીનાના પાંચ દિવસ ચોવિહારનો નિયમ પણ એટલા જોરથી બોલે કે જાણે કે દીક્ષા લેવા જેટલું પરાક્રમ કરે છે! પણ બીજે દિવસે પાછો આવે. મને આ ફાવે તેમ નથી. ચેંજ થઇ શકે?

જેના પિતાનું કુળ પવિત્ર હોય તે કુલવાન કહેવાય. જેની માતાનું કુળ પવિત્ર હોય તે જાતિમાન કહેવાય. તે જ કુળવાન છે જે લીધેલી પ્રતિજ્ઞાનો નિર્વાહ બરાબર કરે છે. તે જ જાતિમાન છે જે નાના – મોટાનો વિનય બરાબર કરે છે. નિયમ લઇને છોડવા– બદલવા આવનારાએ સમજી લેવું – તું ઢીલો નથી. તું તારી કુળપરંપરાને ઢીલી બતાવે છે.

આજે બાધા લીધી ને કાલે મુકી દીધી.

ભગવાન પરાક્રમી હતા. સાહસ શેમાં કરવાનું? શેરબજારમાં? પર્વતારોહણમાં ? ના. અપ્પાણં વોસિરામિમાં... કેટલા કલાક? કલાક નહી, ૪-૪ મહિના. ચોમાસાના દિવસોમાં પાણીનાં પૂર આવી જાય તો? તો ય એક જ સ્થાને રહેવાનું. કીડી આદિ ચોંટી જાય. હલવાનું ય નહીં. ગોચરી માટે પણ બહાર નહી નીકળવાનું. વાપર્યા વગર કેમ ચાલે? પરાક્રમ તો કરીએ. તું પહેલેથી જ ઢીલી ઢીલી વાત કરે તો સત્ત્વની ખબર ક્યાંથી પડે?

૭) વસહ ઇવ જાયથામે – પરાક્રમ કર્યા પછી પીછેહઠ કરે તો ન ચાલે. સમાચાર મળ્યા કે દ્રોણ – ભીષ્મ – કર્ણ – દુર્યોધનાદિ ગાયો લુંટવા આવે છે. ઉત્તરકુમારને ખબર પડી. યુધિષ્ઠિર આદિ બહાર હતા. અર્જુન નર્તકીના વેશમાં હતો. ઉત્તરકુમારને થયું કે હું પરાક્રમ કરું. અર્જુન સારથિ બનીને ગયો. યુદ્ધભૂમિમાં બધાને જોતાં જ ઉત્તરકુમારને પરસેવો છુટી ગયો. સારથિને કહે – ચાલો પાછા... આવા ઘણાં આરંભે શૂરા હોય ને પછી બીજાને ભળાવી દેનાર હોય.

પ્રભુ માત્ર પરાક્રમી જ નહોતા. પણ જેમ બળદ જે ભાર લે તે જ્યાં પહોંચાડવાનું છે, ત્યાં પહોંચાડીને જ અટકે, તેમ પ્રભુએ જે પ્રતિજ્ઞાનો ભાર ઉપાડયો, તે અંતસુધી વહન કરે જ. પ્રભુએ ૩ દિવસની મહાભદ્ર પ્રતિજ્ઞા ધારણ કરી. એક જ પુદ્ગળપર દષ્ટિ સ્થિર. પલકારા પણ નહી મારવાના અને કાઉસ્સગ્ગ ધ્યાનમાં રહેવાનું. ત્યારે જ સંગમના ઉપસર્ગો શરુ થયા. તેમાં એક ઉપસર્ગ ધૂળનો હતો. આંખમાં ચીક્કાર ધૂળ ભરાઇ. છતાં પ્રતિજ્ઞા હતી. તેથી પલકારા ન જ માર્યા.

પ્રતિજ્ઞા નિર્વાહમાં ભગવાન શ્રેષ્ઠ વૃષભ છે. આવી ૧૭ જુદી જુદી ઉપમાઓ આપવામાં આવી છે. છેલ્લે કહે છે કે ભગવાન પ્રતિબંધ વિનાના હતા. ભગવાનને ક્યાંય પ્રતિબંધ નથી. પ્રતિબંધ એટલે અટકવાનું સ્થાન – પરિગ્રહ – મમતા. દ્રવ્ય – ક્ષેત્ર – કાળ–ભાવથી ક્યાંય પ્રતિબંધ નથી. ભગવાનની સાધનાના વર્ણન એમને એમ નથી કર્યા. ભગવાને પોતાના પુરુષાર્થથી ભાવનિક્ષેપો સિદ્ધ કર્યો છે. માટે તેમનું નામ લો ને રાગ – દ્વેષ – મોહ ગાયબ. આ ભગવાનના ચરિત્ર પર શ્રદ્ધા જોઇએ. એ ચરિત્રથી પવિત્ર નામપર શ્રદ્ધા જોઇએ. પછી કામ થઇ જ જાય.

કોઇ લોટ – સાકર –ઘી આપી જાય. પણ શીરો બનાવવા ચૂલો તો આપણો જ જોઇએ. તેમ સાધના બધી ભગવાનની, પણ શ્રદ્ધા તો આપણી જ જોઇએ, તો કામ સહજથી થઇ જશે. અરિહંત ને સતત ભજો. ભગવાનનું નામ લીધું ને કામ ન થયું તો માનજો શ્રદ્ધા ઓછી છે – શ્રદ્ધામાં ખામી છે. કર્મ નિકાચિત છે એમ ન માનતા કે એમ

પણ ન માનતા કે ભગવાનના નામમાં પાવર નથી.

**ધર્મધ્યાન :- ૧) આજ્ઞાવિચય :-** જે ભગવાન પોતાના જીવનમાં પ્રચંડ પુરુષાર્થ કરી કર્મસિદ્ધ થયા છે. આવી શુદ્ધ સાધનાથી પવિત્ર છે. તેમની આજ્ઞા માનવાની છે. જેની તેની આજ્ઞા માનવાની નથી. બીજાની આજ્ઞા માનો તો પહેલા તેનું ચરિત્ર જાણી લો. પછી માનો. દુર્જનની આજ્ઞા માનશો તો મુશ્કેલી ઊભી થશે. દરેક ઠેકાણે અરિહંતની આજ્ઞા જ આગળ કરવાની છે, તે આજ્ઞા વિચય ધર્મધ્યાન. આ સારું કેમ થયું? ચોક્કસ ગયા ભવે ભગવાનની આજ્ઞા માની હતી. આ ખરાબ કેમ થયું? ભગવાનની આજ્ઞા નહી માની હોય. આ બે જ ખાતા છે. ત્રીજું ખાતું નથી કે આ મારી હોંશિયારીથી સારું થયું. આ અભિમાનનું ખાતુ ન ખોલ. કેમ ખરાબ થયું? પેલા છગનભાઇ આડા આવ્યા. આવા ખાતા ન જોઇએ. ઘણાં ખાતા ખોલો તો C.A.કમાય. આપણે તો બે જ ખાતા. જે પણ સારું થયું તે ભગવાનની આજ્ઞાથી જ અને જે પણ ખરાબ થયું તે ભગવાનની આજ્ઞા ન માની માટે.

દરેક ઠેકાણે ભગવાનની આજ્ઞાનો વિચાર કરો. આ ઘટના કેમ બની? આમ કેમ થયું? ચોક્કસ તારી ભૂતકાળની ભૂલનું પુનરાવર્તન છે. જ્યાં નથી ગમતું, ત્યાં શોધ. ભૂતકાળના કઇ ભૂલના કર્મોદયની આ સજા છે?

રામે સીતાને જંગલમાં મૂક્યા. રાવણ ઉપાડી ગયો. તેના કરતાં આ ભયંકર ઘટના હતી કે અષ્ટાપદની યાત્રાના નામે ગર્ભવતી સીતાને જંગલમાં છોડી દીધી. રાવણને ત્યાં રહી તેમાં સતીત્વ પર આંચ નહોતી. આમાં તો સતીત્વ પર ડાઘ આવ્યો છે. રાવણને ત્યાં હતી ત્યારે રામ પોતે વિહ્વળ હતા. સીતા ક્યારે મળે? આ વખતે રામે પોતે છોડી દીધી છે. સીતા માટે આ ભયંકર પ્રસંગ છે. જે સીતા રામચંદ્રજી ખાતર ત્રણ ખંડના અધિપતિ રાવણની મુખ્ય પટ્ટરાણી બનવાની ઓફર હોવા છતાં ચલાયમાન ન થઇ. સીતાને ખબર હતી. અહીં મહેલ છે. ત્યાં વનવાસ છે. છતાં સતીત્વને જાળવી રાખી, પવિત્ર રહી. હવે રામ સાથે અયોધ્યાના મહેલમાં ગઇ ત્યારે લોકોની વાત માની રામ જંગલમાં ગર્ભવતી હોવા છતાં કાઢી મૂકે, એ પણ તીર્થયાત્રાના નામપર. રાવણ દગો કરે તે ચાલે, પણ રામ દગો કરે! આંગળી ચિંધામણું કરે! રામ લોકોની વાતમાં આવી ગયા. ત્યારે સીતાને જોરદાર વૈરાગ્ય આવી ગયો.

પોતાનો જ ગણાતો માણસ પોતાનાથી વિમુખ થાય આનાથી વધુ વૈરાગ્યપ્રેરક ઘટના બીજી કઇ હોય? દુનિયાને વૈરાગ્ય દેખાતો નથી માટે દુનિયા આપઘાત કરે. મરી જાય. સેનાપતિ કૃતાન્તવદન પાછો ફરતી વખતે સીતાને પૂછે છે – કાંઇ હુકમ છે? કોઇ સંદેશો આપવો છે? સીતા આજ્ઞાવિચય ધર્મધ્યાનમાં છે. તેથી કહે છે – આમાં તારો વાંક

નથી. મને તારા પર દ્વેષ નથી. તું તારા સ્વામીની આજ્ઞાને વફાદાર છે. રામનો પણ વાંક દેખાતો નથી. પતિપર પણ દ્વેષ નથી. લોકોની વાત માનવી જોઇએ. અન્યથા અનવસ્થા ચાલે. લોકો પર પણ દ્વેષ નથી. તેઓ અજ્ઞાન છે. હું પારકા ઘરે રહી તો તેઓ એવું જ વિચારે ને! મારા જ કર્મોનો વાંક છે.પણ કર્મો તો જડ છે. એનો વાંક કેવી રીતે હોય? માટે અવશ્ય મારો જ વાંક છે. મારી બુદ્ધિથી થયેલા પાપકર્મોનો વાંક છે.

એક ગૃહસ્થ સ્ત્રીએ પણ ભગવાનના વચનને આગળ કર્યા. અન્યથા એ સતી હતી. સતીત્વનો મહાપ્રભાવ હતો. શ્રાપ આપી શકતી હતી કે 'હે કૃતાન્તવદન! મારા સતીત્વનું બળ હોય તો તારું, તારા સ્વામી રામ અને મને કલંક આપનારા નગરવાસીઓનું સત્યાનાશ થાઓ'. તે કદાચ સફળ થાત. છતાં એક સંસારી સ્ત્રીને કોઇનો વાંક ન દેખાયો પણ ભગવાનની આજ્ઞા દેખાઇ કે તું તારા કર્મને જો. અને તરી ગઇ.

બીજી બાજુ સ્કંધકાચાર્યએ ૫૦૦ શિષ્યોને ભગવાનની આજ્ઞાથી તરાવ્યા પણ ભગવાનની આજ્ઞા પોતે ભૂલ્યા કે શારીરિક ઉપસર્ગ આવે તે પણ કર્મોદય ને કોઇ આપણી વાત ન માને, અપેક્ષાભંગ કરે, તે પણ કર્મોદય. તે વાત મગજમાં ન બેઠી તો શ્રાપ આપ્યો – આ પાલક, રાજા અને તમાશો જોનારી પ્રજા ભસ્મીભૂત થાઓ. પછી પોતે જ દેવ બની બધું બાળ્યું. પોતાની સમાધિ ચૂક્યા.

ભગવાનની આજ્ઞામાં રહેલી સીતા સ્વસ્થ રહી. ભગવાનની આજ્ઞા ભૂલાઇ તો સ્કંધકાચાર્ય ક્રોધમાં આવ્યા. જિનાજ્ઞા જ પરમો ધર્મ. તમારી ભૂમિકા તો એવી છે કે પ્રસંગ બદલાય ને હાવભાવ બદલાય. સવારે દસમીમાં ૯૦% નું રિઝલ્ટ આવ્યું. તેની પાર્ટીમાં ગયા. તેમાં કપડા જુદા – ચહેરો જુદો. વાહ! વાહ! આગળ વધ. મને આનંદ છે. ત્યાંથી નીકળી મિત્રની સ્મશાનયાત્રામાં જાઓ – ત્યાં રડો છો. તું તો મારો જીગરજાન મિત્ર હતો. ત્યાંથી નીકળી સાંજે લગ્નમાં – ત્યાં વેશ – ચહેરો – ચાલ બધું જ બદલાઇ જાય. કોણ કહે છે, નાટક જોવા બહાર જવું પડે. ગ્રેટેસ્ટ અભિનય સમ્રાટ અહીં જ છે.

અત્યારસુધીના દરેક પ્રસંગમાં એક જ પાત્ર આપણે વારંવાર ભજવ્યું છે. પીક્ચરમાં એકવાર એક્શન કરે તે વર્ષોસુધી ચાલે છે. નાટકમાં તો જેટલીવાર નાટક થાય તેટલીવાર એક્શન કરવી પડે. આ આપણા સંસાર નાટકમાં એકનો એક અભિનય કેટલીવાર કર્યો? કેટલા શૉ કર્યા? એટલીવાર ડાયલોગ બોલાઇ ગયા છે કે સપનામાં પણ ડાયલોગ બોલાય છે!

સંસારનાટકમાં એકની એક ભૂમિકા કેટલીવાર ભજવી? નાટકમાં પાત્ર એક ને પ્રસંગ જુદા જુદા હોય, તેમ આપણું પાત્ર એક ને ઘણાં પ્રસંગો છે. કપરકાબી તૂટ્યા,

કપડા પર ડાઘો પડ્યો, કોઇએ ચીજ લઇ લીધી, કોઇ સામું બોલ્યો, કોઇ નુકસાન કરે, કોઇ ધક્કો મારે, કોઇ ચંપલ ચોરે, આવા સેંકડો પ્રસંગો બન્યા. તેનાપર આગ જ વરસાવવાની. ઘરવાળીએ ચટનીમાં મીઠું ઓછું નાંખ્યું. એક જ પાત્ર! ભાન જ નથી તને! પુત્રે પેન તોડી, તું તોફાની છે. નોકરે કપડાં બરાબર ન ધોયા, તું કામચોર છે. પડોશી કચરો નાંખે, તમે બધા પાકીસ્તાની છો. બસની લાઇનમાં ઊભા રહ્યા. કચકચ ચાલુ - બસ ક્યારેય ટાઇમસર આવતી જ નથી.

આપણી સામે બીજા આવે, પણ આપણું એક જ પાત્ર. એક ભવમાં જ નહી, અનંતા ભવમાં અનંતવાર આ પાત્ર ભજવી કેટલું સોલીડ કર્યું હશે! પછી કાંઇ પ્રેક્ટીસની પણ જરૂર ખરી! ક્ષમાનું પાત્ર ભજવવા પ્રેક્ટીસની જરૂર છે. અરિસામાં જોવું પડે. પણ ક્રોધનું પાત્ર સરસ ભજવી શકીશ. આ પાત્રાલેખનનો અનુભવ કેટલીવાર કર્યો?

બહારના પ્રસંગો બદલાય છે. સામેવાળા પાત્ર બદલાય છે. પણ આપણું સ્વરૂપ - પાત્ર બદલાતું નથી. આપણે એકના એક ક્રોધી તરીકેના પાત્રમાં કેટકેટલાની સામે લગભગ એક સરખા ગણાય એવા વાક્પ્રહારોરૂપ ડાયલોગ કેટકેટલી વાર બોલી ચૂક્યા છીએ! બસ આ જ રીતે અહંકારી - માની તરીકે, માયા-કપટથી ભરેલા શબ્દો વગેરે બધું જ અનંતીવાર કરી ચૂક્યા છીએ. મોહરાજા જેમાં દિગ્દર્શક હોય, એવા સંસારનાટકમાં આપણે નટ થઇને આ જ રીતે વર્ત્યા કરીએ છીએ.

ભગવાન કહે છે - તું મોહરાજાના ઇશારે પાત્ર ભજવે છે. માટે તને અત્યારસુધી કર્મસત્તાએ પારિતોષિક - ઇનામ - વાહ વાહ આપ્યા. અભિનેતા શું ભજવી જાણે? આપણે જે પાત્ર ભજવ્યું છે!! ગજબ! તેમાં મોહનીય નામનો દિગ્દર્શક કહે છે - તું નાટક આત્મસાત કરી ભજવે છે. નાટક ભજવવાનું ને તે વળી આત્મસાત કરી!

એકવાર બે મિત્ર નાટક જોવા ગયા. લવનો સીન શરુ થયો. એક કહે - આ બંને ગયા વર્ષે જ પરણી ગયા છે. બીજો કહે - તો તો અભિનય જોરદાર છે. બાકી લગ્ન થયા પછી પ્રેમ હોય જ નહી.

કર્મસત્તા કહે છે- ક્રોધાદિના અભિનયમાં તું જે પાત્રમય બની જાય છે, ગજબ છે ! તારું શરીર, તારા લોહી, રોમ રોમ, આત્મા પણ તે પાત્રમય બની જાય છે. વેલડન! તને ૩૩ સાગરોપમનું ઇનામ ! જા તને સાતમી નરક આપી. એક મિનિટનો પાત્રાભિનય ને કર્મસત્તા તરફથી જોરદાર ઇનામ ! એક પણ કરેલો અભિનય નિષ્ફળ જતો નથી. તરત ઇનામ મળે છે - કયા રૂપે મળે તે બીજા નંબરે. ઇનામ કેવું મળે, ક્યારે મળે? એ વાત પછી.

જેની પાસે જે હોય, તે મળે. છોકરા પાસે નાટક કરે, તો લખોટી - શંખ - છીપલા મળે. કર્મસત્તા પોતાનું ઇનામ આપે છે. પણ ઇનામ આપે તે નક્કી. કર્મસત્તા કહે - મારી પાસે સાતમી નરક છે. જા, તને આખી આપી. પાત્ર ભજવવું તો છે. કર્મરાજા કહે - મોહરાજા કહે એ રીતે નાટક ભજવીશ તો ઇનામ હું આપીશ ! પ્રભુ ધર્મરાજા છે. એમના કહ્યા મુજબ ભજવશું, તો ઇનામ એ આપશે. બંને રાજા છે. બંનેની રુચિ અલગ અલગ છે. પણ બંનેને ગમે છે તો નાટક જ. કો'કને ફાઇટીંગ ગમે, કોઇને કોમેડી, કોઇને ટ્રેજેડી ગમે! તેમ કર્મસત્તાને પણ અમુક નાટક ગમે અને ધર્મસત્તાને પણ અમુક નાટક ગમે.

એક્ચ્યુલી આપણે મેડલ લઇ ફરીએ છીએ ! આપણને કોઇ ક્રોધી કહે ! કોઇ માની કહે ! કોઇ કપટી કહે ! કોઇ લોભી કહે ! આ બધા આપણને મળેલા મેડલો છે. આમ અનંતકાળથી કર્મસત્તાના ઇશારા મુજબ નાટક ભજવી એટલા મેડલ મેળવ્યા છે કે પ્રત્યેક આત્મપ્રદેશે અનંતા મેડલો ભરાયા છે.

પણ ભગવન ! હવે અમે કંટાળી ગયા. તે મેડલ તો કોમન થઇ ગયા. સચીન હવે મેન ઓફ ધ મેચથી કંટાળી જાય છે. તેમ હું કંટાળ્યો. હવે નવું જોઇએ છે. કર્મસત્તા ભેટ આપતી જ જાય છે. તે ઉદાર નથી લાગતી? તેના રાજ્યમાં નાની વાત જ નથી. કર્મસત્તા કહે છે. ૭૦ કો.કો. સા. (= કોડા કોડી સાગરોપમ) ના મિથ્યાત્વની ભેટ લઇ જા. ૪૦ કો.કો.સા. ના કષાયની ભેટ લઇ જા. ૩૦ કો.કો.સા.ના જ્ઞાનાવરણીયની ભેટ લઇ જા. પણ ભગવાન! એકનું એક લઇ જઇ હવે અમે થાકી ગયા છીએ!

ભગવાન! મારું એક ક્વોલીફીકેશન છે કે જે પાત્ર ભજવીશ તે એકાકાર - તન્મય થઇ ભજવીશ. તચ્ચિત્ત - તલ્લેશ થઇ ભજવીશ. ભગવાન પાસે આખી જુદી પાત્રતાનો અભિનય કરવાનો છે. કર્મસત્તા પાસે ફાઇટીંગ છે. ભગવાન પાસે પ્રેમ છે. નાટકમાં કયું પાત્ર ભજવો છો એના માર્ક નથી, પણ જે પાત્રમાં છો, એમાં તમારી એક્શન અને ડાયલોગ ડીલીવરીના જ માર્ક છે. 'તારા બાપનો માલ છે' - 'તારા પરમપૂજ્ય પિતાશ્રીનો સામાન છે' ડાયલોગ બદલાયા. એક્શને ય બદલવાની છે.

અત્યાર સુધી જે અભિનય કર્યો, તેનાથી જુદા પ્રકારનો અભિનય કરવા આ જિંદગી છે. બહારના પ્રસંગ અને પાત્ર એ જ રહેશે. તમારે અભિનય સાવ બદલી લેવાનો છે. અત્યારસુધી કર્મસત્તા કહે તેમ કર્યું. હવે ધર્મસત્તા કહે તેમ કરવાનું છે. એક્શન ચેન્જ, ડાયલોગ ચેન્જ, મનના વિચારો ચેન્જ, તો કર્મસત્તા જેમ ૩૩ સાગરોપમની નરકની ભેટ આપતી હતી. તેમ ધર્મસત્તા ૩૩ સાગરોપમની અનુત્તર દેવલોકની ભેટ આપે છે. કર્મસત્તા અનંતકાળની નિગોદની ભેટ આપે તેમ ધર્મસત્તા

અનંતકાળ મોક્ષની ભેટ આપે છે. કર્મના ઇશારે જુદી-જુદી ગતિ-જાતિ ઇત્યાદિરૂપ પાત્રાકાર મળ્યા ને મોહનીયે શીખવાડેલા અભિનયો કર્યા અને વાક્યો બોલ્યા. ઇનામ કર્મે આપ્યા. હવે ભગવાનના વચન મુજબ અભિનય કરશું ને એ મુજબ વચન બોલીશું. સંસારમાં રહીશું ત્યાં સુધી ઇનામ ભગવાનની ભલામણ મુજબ કર્મસત્તા આપશે ને પછી છેવટનું મુખ્ય ઇનામ ભગવાન તરફથી - મોક્ષ.

## પોષ વદ પ્રથમ - ૧૩

પાંચ પરમેષ્ઠી આપણા પાંચ પ્રકારના ગુરુ છે કે જે તત્ત્વનો પ્રકાશ આપે છે ને અજ્ઞાનના અંધારા દૂર કરે છે. સાધુ સહાયક ગુરુ છે, સાધનાના માર્ગના તેઓ પણ યાત્રી છે. આપણને એ યાત્રામાં સાથ-સહકાર આપે છે. ઉપાધ્યાય આપણા સાધક ગુરુ છે, આપણામાં વિનય-સૂત્રજ્ઞાન-સંયમની પરિણતિ તેઓ સાધી આપે છે, કેમકે તેઓ સ્વયં પણ તેની સાધક અવસ્થા પામ્યા છે. આચાર્ય આપણા સિદ્ધ ગુરુ છે, તે - તે કાળની અપેક્ષાએ તેઓ સાધના સિદ્ધિ પામ્યા છે ને આપણને વાચનાદિ દ્વારા સિદ્ધિ કરી આપે છે. એમના અનુગ્રહથી સાધના સિદ્ધ થાય છે. અરિહંત આપણા શુદ્ધિ ગુરુ છે. તેઓ સ્વયં શુદ્ધ થયા છે. એમના માથે કોઇ ગુરુ નથી. તેઓ શુદ્ધ ગુરુ છે. એમની કરુણાથી આપણે સાધનાદ્વારા શુદ્ધ સ્વરૂપ પામી શકીએ. સિદ્ધો આપણા સન્દર્શક ગુરુ છે. તેઓ સતત સત્ ના દર્શક બને છે. સાધનાનું લક્ષ્ય છે સત્ સ્વરૂપ. તેઓ પામી ગયા છે. આપણને તેઓ સતત એ જ પ્રેરણા કરે છે, તારી દરેક સાધના પાછળ ધ્યેય - લક્ષ્ય - ઉદ્દેશ મને - મારા સ્વરૂપને પામવાનો જ રાખજે. હું તારી મંઝિલ છું. હું જ્યાં છું, ત્યાં જ તારે આવવાનું છે. કેમકે એ જ સ્થાન સ્થિર છે, શુદ્ધ છે, સહજાનંદથી ભરપૂર છે.

તત્ત્વાર્થની ગન્ધહસ્તી ટીકામાં સિદ્ધના શાશ્વત સુખની સાત વિશેષતા બતાવી છે- (૧) આત્યંતિક છે, અર્થાત્ અપ્રતિપાતિ છે - વિનાશ નહીં પામનારું છે. વળી (૨) એકાન્તિક છે, એટલે કે માત્ર સુખની જ પરંપરાવાળું છે. સુખ-દુઃખ ઉભય પરંપરાવાળું નહીં; તથા (૩) અનતિશય છે - એ સુખથી બીજું કોઇ અતિશય - ચઢિયાતું સુખ નથી. (૪) અનાબાધક છે. આ સુખ બીજા કોઇને પીડા પહોંચાડીને ઉત્પન્ન થતું નથી કે બીજા કોઇને પીડા પહોંચાડતું નથી. (૫) કેવળ છે. નિર્દ્વન્દ્વ છે - દુઃખ મિશ્રિત નથી... શુદ્ધ સુખ છે. તથા (૬) નિરાબાધ - એ સુખની સામે વિકલ્પરૂપે ઊભું રહે, એ સુખની સ્પર્ધા કરે એવું બીજું કોઇ સુખ નથી અને (૭) સ્વાધીન છે. આ સુખ માટે મનોજ્ઞ વિષય વગેરે આત્મભિન્ન - બાહ્ય કોઇ સાધનની અપેક્ષા નથી.

વિષયરાગના નાશથી, ભવપરંપરાનો ઉચ્છેદ થવાથી, દુઃખની પરંપરાનો

આત્યંતિક નાશ થવાથી અને જ્ઞાનાદિ આત્મસ્વરૂપમાં જ પરમ અને ચરમ સ્થિતિ રહેવાથી આ સુખના ભાગી થવાય છે. આવા સુખમગ્ન સિદ્ધ ભગવંતોને નમસ્કાર કરવાનો એક હેતુ નમસ્કાર નિર્યુક્તિમાં આ બતાવ્યો છે...

એમણે અવિનાશીપણું પ્રાપ્ત કર્યું છે. જેમ સંસારનો માર્ગ અખંડધારાએ ચાલે છે. તેમ પ્રભુએ સ્થાપેલો મોક્ષમાર્ગ પણ અખંડ ધારાએ ચાલે છે. અનંતકાળથી ચાલુ છે અને રહેશે. તીર્થંકર બદલાતા રહેશે, પણ મોક્ષમાર્ગ ચાલુ રહેશે. મહાવિદેહમાં મોક્ષમાર્ગ સતત ચાલુ છે. વધુમાં વધુ દર છ મહિને એક જીવ સિદ્ધ થાય છે. તે આશ્વાસન આપે છે કે મોક્ષમાર્ગ હજી ચાલુ છે. જંબુસ્વામી છેલ્લા મોક્ષે ગયા તે આ અવસર્પિણીના ભરતક્ષેત્રની અપેક્ષાએ છે. આ જિંદગી પૂરી થયા પછી માત્ર દસ વર્ષમાં મોક્ષે જઇ શકાય છે. ભલે ભરતક્ષેત્રમાંથી ન જવાય. અહીંથી સીધો મોક્ષ નથી, પણ અહીં સાધના અવશ્ય છે. કષાયો એકદમ નબળા પાડી દો, વિષયોની આસક્તિ ટાળી દો, હવે પ્રયત્ન માત્ર પ્રમાદને દૂર કરવા જ કરવો પડશે. આવતા ભવે મહાવિદેહ ક્ષેત્ર, આઠમા વર્ષે દીક્ષા, અંતકૃત કેવલી બની મોક્ષે જશો. અંતર્મુહૂર્તમાં જ બધું થઇ જાય. ક્ષપકશ્રેણી, કેવળજ્ઞાન, કેવલી સમુદ્ઘાત, શૈલેશીકરણ અને મોક્ષ.

સિદ્ધો આશ્વાસન આપે છે... તમે ધારો, ઇચ્છો, ઝંખો, જોરદાર પ્રયત્ન કરો તો મોક્ષ ચાલુ જ છે. દરેક ભવ્ય દેવ સીમંધર સ્વામીને એમ જ પૂછે છે. હું ભવ્ય કે અભવ્ય ? અનંત સંસારી કે પરીત્ત સંસારી ? પછી પૂછે – ચરમાવર્ત્તી કે અચરમાવર્ત્તી ? આસન્નભવ્ય કે દુર્ભવ્ય ? સુલભબોધિ કે દુર્લભબોધિ ? ચરમભવી કે અચરમભવી ? પ્રભુ એના પોઝીટીવ જવાબ આપે. ભવ્ય, પરીત્ત સંસારી, ચરમાવર્તી, આસન્ન ભવ્ય, સુલભબોધિ, ચરમભવી કે કદાચ દ્વિચરમભવી. એટલે આવતા ભવે મોક્ષ.... આ જવાબથી એક આશ્વાસન – હુંફ મળે. સાધનામાં વેગ આવે.

જેમ અમે અમારા પુરુષાર્થથી અમારા શુદ્ધ સ્વરૂપને પામી સિંદ્ધ થયા, તેમ તમે પણ પામી શકો છો. તે આશ્વાસન સિદ્ધો આપે છે.

આપણો મોક્ષ દૂર છે, કારણ આપણો પુરુષાર્થ નબળો છે. આપણો મોક્ષ નજીક છે, કારણ આપણો પુરુષાર્થ સબળો છે. એવી ભૂમિકા બનાવો કે કર્મસત્તા તમને મહાવિદેહ અને આઠમા વર્ષે દીક્ષા આપી દે. પણ તે માટે આ ભવમાં જ સંસ્કાર ઊભા કરવા પડશે. આ ભવે મને વહેલામાં વહેલી તકે દીક્ષા મળે.

સરદારજી ભગવાનને રોજ પ્રાર્થના કરે – પંજાબ લોટરીનું દસ લાખ રૂપિયાનું પ્રથમ ઇનામ મને લગાડો. એકવાર ભગવાન પ્રગટ થયા ને કહ્યું – પહેલાં તુ ટીકીટ તો લે. સરદારજીને લોટરીની ટિકીટપર ઇનામ જોઇએ છે, પણ ટિકીટ નથી લેવી. ઇનામ કેવી

રીતે લાગશે?

આપણે પણ કહીએ છીએ, મને મોક્ષ મળી જાઓ. ભગવાન કહે છે – મોક્ષ મળી જાઓ. પણ તું તેની ટીકીટ – ચારિત્ર તો લે! ચારિત્ર વગર મોક્ષ નથી. વગર ચારિત્રે મોક્ષે જવાય, પણ એ રાજમાર્ગ નથી. મરુદેવા માતા ભવચક્રમાં દીક્ષા લીધા વિના મોક્ષે ગયા એ અપવાદ છે. બાકી ભરતે પણ પૂર્વભવમાં દીક્ષા લીધી હતી. બીજી રસોઇ તૈયાર કરી લીધી હતી. માત્ર આ ભવમાં વઘાર જ બાકી હતો. તો અમે પણ લીધી હશે? હા. પણ તેમાં બે ખામી હશે. કાં બરાબર પાળી નહી હોય, કાં પૂર્ણ શ્રદ્ધા નહી હોય. તેથી અહીં આવ્યા. અન્યથા મહાવિદેહમાં સીમંધર સ્વામી પાસે જ જાત.

દીક્ષા લેવાની જરૂરત એટલા માટે છે કે એ રાજમાર્ગ છે. જેનો સમ્યક્ત્વનો કાળ લાંબો હોય તેને દીક્ષા લીધા વિના મોક્ષ ન મળે. સમ્યક્ત્વીને દીક્ષા લેવી પડતી નથી. ઉલ્લાસથી લે છે. લેવી પડે ને લીધી બંનેમાં ફરક છે. સામાયિક લેવી પડે છે ને દુકાને ઉલ્લાસથી જઇએ છીએ.

સમ્યક્ત્વી ચારિત્ર મોહનીયનો ઉદય પ્રબળ ન હોય, તો અવશ્ય ચારિત્ર લે જ. જો મોહ તીવ્રતર ન હોય, તો સમ્યક્ત્વ પ્રભુશાસનના અનુષ્ઠાનમાં ઉલ્લાસ જગાડે જ. સંવેગ-નિર્વેદ હોય તે સંસારમાં રહી જ ન શકે. એને થાય કે આ જ લપ્પન-છપ્પન! આમાં મારા આત્માનું કાંઇ વળતું નથી. સંયમ ઘણાં લપ્પન- છપ્પનથી બચાવે છે. પ્રભુએ એવી વ્યવસ્થા ચારિત્રમાં ગોઠવી છે કે તમે ધારો તેટલી આત્મચિંતા કરી શકો છો. કોઇના લગ્નાદિ પ્રસંગ, શાકમાર્કેટ, દસ કલાક દુકાને ફીલ્ડીંગ, જવાબદારી, તમારું પેટ ભરવા પણ રૂપિયા કમાવવાની જરૂર નથી. બાકી બધી ઝંઝટ દૂર થઇ જાય, જેથી આત્મચિંતા સરળ થઇ જાય. અન્યથા બાકી બધી ઉપાધિ રાખી આત્મચિંતા થઇ ન શકે.

સાધુપણું એટલે એક એવી વ્યવસ્થા કે જેટલા કલાક આત્મચિંતન કરવું હોય તેટલું તમે કરી શકો. દુનિયાદારીની કોઇ ઝંઝટમાં પડવાનું નહી. કોઇ વ્યવહાર જાળવવાના નહી. સાધનામાં રહેલો સાધુ તમને ધર્મલાભ ન આપે તો તેમાં તમારું અપમાન નથી. એ સાધનામગ્ન છે. બાહ્ય રીતે આ સરસ સગવડતા કરી આપવામાં આવે છે. બાહ્ય ઉપાધિ દૂર કરવામાં આવે છે. આત્મહિતની વિચારણામાં બાહ્ય જે-જે બાધક તત્ત્વ છે, તેને દૂર કરવામાં આવે છે. કંપલીટલી આત્મચિંતા કરો.

સિદ્ધ ભગવાન પહેલો સંદેશો એ આપે છે કે મોક્ષમાર્ગ ક્યારેય બંધ થવાનો નથી. તારે જવું છે? તો આજથી જ પ્રયત્ન શરુ કર. જ્યાંથી – જ્યારથી જાગ્યા ત્યાંથી – ત્યારથી સવાર. કલિકાળ છે. પાંચમો આરો છે. મોક્ષ બંધ છે. તે બહાના ન કાઢ. ઘણા કહે છે – ચોથો આરો સાધના માટે છે. પાંચમો આરો ભોગ માટે છે. ભોગવી લઇએ

પછી સાધના કરશું. અહીં બધું છોડશું તો પણ મોક્ષ નથી ને પકડશું તો સાતમી નરક નથી. પણ તું તેવું ન વિચાર.

સિદ્ધો કહે છે – મોક્ષમાર્ગ અખંડ ધારાએ ચાલુ છે. તું ધારે તો અહીં સાધના કરી, મહાવિદેહ ક્ષેત્રમાંથી ટૂંકાગાળામાં મોક્ષે જઇ શકે છે. પણ એ માટે સાધુપણાનું આકર્ષણ ઊભું કર. જ્યાં જ્યાં સાધુપણું દેખાય, ત્યાં ત્યાં અહોભાવ – નમન – વંદન. એમને કહો – આપ તરી ગયા. અમે રહી ગયા. અમારું કલ્યાણ ક્યારે થશે? સાધુપણાનું એવું આકર્ષણ ઊભું કરો કે સીમંધર સ્વામીની પ્રથમ દેશના સાંભળી એક જ વિકલ્પ રહે – સાધુ જ થવું છે. બીજો કોઇ વિકલ્પ નહી.

અઇમુત્તાએ ગૌતમસ્વામીને જોયા. એક દેશના સાંભળી અને દીક્ષા લીધી. વજસ્વામીની એથી ય ઉંચી ભૂમિકા. પૂર્વભવમાં તિર્યગ્જૃંભક દેવ હતા. ત્યારે એક જ ઝંખના. મારે તો સાધુ જ થવાનું. પણ દેવના ભવમાં સાધુપણુ નથી. માનવ જ થવું પડે. ગૌતમસ્વામી પાસે પુંડરીક – કંડરીક અધ્યયન સાંભળ્યું. પછી વારંવાર એનો સ્વાધ્યાય કર્યો. તેથી વજકુમારના ભવમાં જન્મતાં જ જાતિસ્મરણ જ્ઞાન અને સાધુ થવાનો સંકલ્પ. જો આવતા ભવે સિદ્ધ થવું છે, તો આ ભવે જ એકડો ઘુંટો – મારે સાધુ થવું છે... મારે સાધુ થવું છે...

આપણને ઈર્ષ્યા કોની થાય? કરોડપતિની? ઉદ્યોગપતિની? કે સાધુ – સાધ્વીકોની? કોઇના કાર, ટી.વી. ફર્નિચર, ફલેટ જોઇ ઈર્ષ્યા થાય? 'આ ફાવી ગયા અમે રહી ગયા' એમ કોને જોઇને થાય? જેમ અત્યારે તમારી પાસે ટી.વી. ફ્રીજ, એ.સી નથી. ફરવાનું કે દુનિયાના સંબંધો નથી. છતાં આનંદ આનંદ છે. તે જોઇ સ્વજનોને થાય કે આ ઉપધાન કરીને ફાવી ગયા. અમે રહી ગયા. તમને કોને જોઇને થાય કે એ ફાવી ગયા? રેશનીંગની લાઇનમાં બે કીલો સાકર મળી તે ફાવી ગયા. ને અમે રહી ગયા. આવું તો બધા કરે છે.

પ્રભુના વચનને પામેલાને દુનિયાનું જોઇને એમ થાય કે એ ફસાઇ ગયા ને અમે બચી ગયા! કોઇના ઘરે રૂમે રૂમે ફલેટ ટી.વી. જોઇને એમ થાય કે આ બિચારો ટી.વી. ના ચક્કરમાં ફસાઇ ગયો ને અમે બચી ગયા ! મોટો ઉદ્યોગપતિ છે. ખાવાપીવાનો ટાઇમ નથી. ઉંઘ પણ લઇ શકતો નથી. એ જોઇને એવું થાય છે ખરું કે એ ફસાઇ ગયો ને હું બચી ગયો? દુનિયાનું જોઇને – તે ફસાઇ ગયા. અમે બચી ગયા. એમ જ થવું જોઇએ.

સાધુને જોઇને દુનિયામાં સામાન્ય માણસને થાય, નહી ટી.વી., નહી મોબાઇલ, બિચારા ફસાઇ ગયા. અમે બચી ગયા. જ્યારે તમારા જેવા વિવેકી વિચારે – એ ફાવી ગયા. અમે રહી ગયા. મારે આવતા ભવે જ મોક્ષે જવું છે, તો આ ભવમાં શું

કરવું જોઇએ? કર્મો વધે તેવી પ્રવૃત્તિ કરવી કે ઘટે તેવી? પ્રમાદ ઘટાડવાનો કે વધારવાનો? કષાયો વધારવાના કે ઘટાડવાના? પાંચ ઇન્દ્રિયોના વિષયમાં લપટાવાનું કે અલિપ્ત - વિરક્ત રહેવાનું?

શ્રાવકે સાધુ થવાની જ ભાવના રાખવી. જ્યાં સુધી સાધુ ન થવાય ત્યાં સુધી (૧) સાધુપણા પ્રત્યે આકર્ષણ (૨) સાધુ પ્રત્યે અહોભાવ, (૩) ઉપભોગ-પરિગ્રહના સાધનોને ઘટાડતો જાય. કાં એની આસક્તિને તોડતો જાય. આવતા ભવે મોક્ષે જવા કાંઇક બેઝીક તૈયારી તો જોઇશે ને? હકીકતમાં અહીં એટલી બધી તૈયારી કરી લેવાની કે રસોઇ તૈયાર થઇ જાય, માત્ર વઘાર જ બાકી રહે. એટલા અલ્પકર્મ-જૂજ કષાય બાકી રહે કે તરત તૂટી જાય.

'નમો સિદ્ધાણં' મોક્ષમાર્ગનો ક્યારેય નાશ થતો નથી. અખંડધારાએ સતત ચાલુ જ છે.

**ધર્મધ્યાન** - ૧) આજ્ઞાવિચય :- દરેક ઘટનાને - પ્રસંગને કેવી રીતે લેવો? તેમાં રીએક્શન - પ્રતિભાવ શું આપવો? બનનારી ઘટનામાં સ્વસ્થ કેવી રીતે રહેવું? તેની ટ્રેનીંગ - શિક્ષણ એટલે ધર્મધ્યાન. બની ગયેલી ઘટનામાં મારો પ્રતિભાવ કેવો હતો? હવે બનતી ઘટનામાં મારો પ્રતિભાવ કેવો છે? બનનારી ભવિષ્યની ઘટનામાં મારો પ્રતિભાવ કેવો હશે ? મારી ભૂમિકા શું ? અત્યારસુધી આપણે મોહનીયકર્મના આજ્ઞાંકિત શિષ્ય હતા.

ઇંગિત જાણી લે, ગુરુના હૃદયમાં ભાવ ઉઠે ને તે જાણી પૂર્ણ કરે તો જ શિષ્યની શિષ્યતા પૂર્ણતાને પામે. ઇશારાથી નહી, હૃદયથી જાણી લે. ગુરુના હૃદયમાં થાય કે આ કરું ને શિષ્ય જાણી લે. જેમ જેમ ગુરુને સમર્પિત થાય, તેમ તેમ ભાવથી ગુરુની નજીક આવે. ગુરુ પ્રત્યે તચ્ચિત્ત, તલ્લેશ, તદનુજ્ઝાએ હોય. તેથી ગુરુના ચિત્તમાં જે ઉઠે, તે શિષ્યના ચિત્તમાં ઉઠે, ગુરુની જે લેશ્યા ચાલે તે શિષ્યની ચાલે. એના માટે બીજા કોઇ તત્ત્વ જ નથી. માત્ર ગુરુતત્ત્વ જ છે.

એક ઠેકાણે ચોમાસુ પૂરું થયું. એક ભાઇ ગુરુ પાસે આવ્યા. સાહેબ! મને બાધા આપો. કઇ? હવે પછી મારે કોઇ સાધુ મહારાજના વ્યાખ્યાન નહીં સાંભળવા. કેમ? આપના વ્યાખ્યાન સાંભળી મને ખૂબ આનંદ આવ્યો. જો બીજા ગુરુ મહારાજના વ્યાખ્યાન સામાન્ય હશે તો મને દુર્ભાવ ન થાય, અને સારા હોય તો મને આપના પ્રત્યે દુર્ભાવ ન થાય એમાટે આવો નિયમ આપો. ગુરુએ સમજાવ્યું, વ્યાખ્યાન કેવી રીતે પીરસાય છે, એનાપર વજન આપશે તો આ હાલત થશે. વ્યાખ્યાનમાં શું પીરસાઇ રહ્યું છે? - પ્રભુના વચન જ ને! બસ આ વિચાર રાખશે તો પ્રભુના વચન પીરસનારા બધા

ગુરુ ભગવંતપર અહોભાવ થશે.

આ અહોભાવ સમર્પણ તરફ લઇ જાય. ને પછી વિનયની પરાકાષ્ઠાએ જવાય. ગૌતમસ્વામી જેવી રીતે પ્રભુ વીરને સમર્પિત હતા. તેમ આપણે અત્યારસુધીના અનંતકાળમાં મોહને સમર્પિત હતા. કેવા સમર્પિત? એ મોહનીય આત્મપ્રદેશમાં ઉદય પામે ને આપણે જાણે કે એનો એ આશય સમજી તરત એ પ્રમાણે કરી લઇએ છીએ. મોહનીય કહે – ક્રોધ કર. તહત્તિ, અભિમાન કર. તહત્તિ. કોઇપણ ઘટના – પ્રસંગને લઇને ઉત્તમ શિષ્યની જેમ મોહનીયને સમર્પિત હતા.

ઘરાક આવ્યો ને મોહનીયના ઇશારે માયા કરી એને શીશામાં ઉતાર્યો. હવે અંદરથી મોહગુરુનો ઓર્ડર આવ્યો. અભિમાન કર. તહત્તિ અભિમાન શરુ, 'આપણી કળા એટલે ભલભલાને બાટલીમાં ઉતારું.' મોહના દરેક વચન–હુકમમાં આપણી 'તહત્તિ' 'હાજી' 'જી' બસ એ જ ઉચ્ચાર રહ્યા છે. એક આજ્ઞાંકિત શિષ્ય ગુરુને જેવો સમર્પિત હોય, તેનાથી વધુ સમર્પણભાવપૂર્વક આપણે મોહને સમર્પિત રહ્યા. તેના જ હિસાબે – આધારે દરેક ઘટનાને મૂલવી છે. હવે ભૂમિકા બદલવી છે. જ્યાં મોહ હતો, ત્યાં ભગવાન રાખવાના છે. કોઇપણ ઘટના બને. કેવો પ્રતિભાવ આપવો? મોહનો કે ભગવાનનો?

મોહની પાસે ચાર વેરાયટી છે (૧) કોક બોલી જાય તો સંજવલન ક્રોધ કર. – તમે આ બોલો છો તે બરાબર નથી. (૨) પ્રત્યાખ્યાની ક્રોધ કર – તમે આવું બોલો નહી. (૩) અપ્રત્યાખ્યાન ક્રોધ કર – સામે ગાળા ગાળી કર.(૪) અનંતાનુબંધી ક્રોધ કર – ઠોકીશ એક અને મારામારી શરુ.

ભગવાનની પણ ચાર ભૂમિકા છે (૧) ક્ષમા રાખવી એ વીર પુરુષોનો ધર્મ છે. ગધેડો લાત મારે તો સામે લાત મારવી સજ્જનને ન શોભે. કોઇ ખોટું કરે તો મારે કરવાની જરૂર નથી. તેથી એણે ખોટું કર્યું, મારે એને માફ કરવા છે (૨) એણે ખોટું કર્યું જ નથી. એ મારા કર્મ ખપાવવામાં સહાયક બનેલો મિત્ર છે. (૩) એ દયાપાત્ર છે.... (૪) કશું થયું જ નથી.

૧) કોઇ ખોટું ન કરે તો ક્ષમા આપવાની હોતી નથી. તેણે મને ક્ષમા રાખવાનો – આપવાનો અવસર આપ્યો. (૨) તેણે કર્મનિર્જરામાં મદદ કરી. મિત્ર બન્યો. તે ગાળ નથી બોલ્યો. મારા દુર્ભાગ્યાદિ કર્મો તોડ્યા છે. તેં મારા લાખ રૂપિયા દબાવ્યા નથી. લાભાંતરાય તોડ્યા છે. (૩) મારા તો કર્મ તુટ્યા પણ તે કર્મથી બંધાશે. અરર ! ભગવાન ! તેનું દુઃખ દૂર થાઓ. તેના પ્રત્યે દયા લાવો. ભવિષ્યમાં તેનું શું થશે? તેનું સારું થજો! (૪) કાંઇ બન્યું જ નથી. Nothing happen કીસકા એક્શન? કીસકા

રીએક્શન? કોઇ ઘટના જ નથી ઘટી. તેણે ગાળ આપી તે પૌદ્ગલિક શબ્દ હતા. કાન પર અથડાયા. બાકી મને ખબર નથી.

શૂલપાણી આખી રાત ઉપસર્ગ કરી માફી માંગે છે. ભગવાન તો ધ્યાનમાં જ છે. કુછ હુઆ હી નહી હૈ. હુઆ હૈ તો રીએક્શન. પણ થયું નથી તો કોઇ રીએક્શન નથી. રસ્તા પરથી જતાં માણસનું ખાતુ ન ખોલાય. એણે ખરીદ્યુ નથી ને મેં આપ્યુ નથી. તો ખાતુ શાનું? પ્રભુસ્તુલ્યમનોવૃત્તિઃ – કમઠ આવીને ઘોર ઉપસર્ગ કરે છતાં ધ્યાનમાં કોઇ ફરક નહી. ધરણેન્દ્ર આવીને ઉપર છત્ર અને નીચે કમળની રચના કરે, ભક્તિ કરે, તો ય ધ્યાનમાં લીન. કાંઇ બન્યું જ નથી. કોઇએ કશું કર્યું જ નથી ને તમે પ્રતિભાવ આપો તો કેવા લાગો ?

હવાલદાર એક માણસને પકડી લાવ્યો. ઇન્સ્પેક્ટરે પૂછ્યું– કેમ પકડી લાવ્યો? હવાલદાર કહે – એણે દારુ પીધો છે. પણ તેં નક્કી કેવી રીતે કર્યુ કે તેણે દારૂ પીધો છે? એ બસ ડ્રાયવર સાથે ઝઘડો કરતો હતો. ઇન્સપેક્ટર – પણ એટલા માત્રથી દારુ પીધો છે તેમ કેવી રીતે નક્કી કર્યું ? હવાલદારે ખુલાસો કર્યો – પણ ત્યાં બસ કે બસ ડ્રાયવર હતા જ નહીં !

હા, ખોટું કરનાર કોઇ છે જ નહીં, ને તમે ત્યાં એવા કોકને માની લઇ ક્રોધાદિ કરો તો કાં તો પાગલ ને કાં તો શરાબી જ લાગો!

ધ્યાનમગ્ન ભગવાન ચોથી ભૂમિકામાં હતાં – બહાર કોઇ ઘટના જ ઘટી નથી – ઘટી હોય તો ય મને તો ખબર જ નથી, પછી શાનો ને કેવો પ્રતિભાવ?

ભગવાન કહે – શાનું રીએક્શન? ક્ષમા – મિત્રતા – દયાભાવનાની વાત જ ક્યાં? પ્રસંગ જ નથી બન્યો. આ શ્રેષ્ઠ ભૂમિકા છે. કઇ બાજુનું લેવું છે? અત્યાર સુધીનો અનંતકાળ આપણે ગૌતમની ભૂમિકામાં જરુર હતા. પણ આપણા ગુરુ મહાવીર નહીં મોહરાય હતાં. તેના જ પ્રતિભાવ આપ્યા છે.

આજ્ઞાવિચય કહે છે – હવે તું દરેક ઠેકાણે – પ્રસંગે ભગવાનની આજ્ઞાને જ આગળ કર. કોઇ સત્કાર્ય કર્યુ. તે સમયે અહંકાર ન કરતાં વિચારવાનું – (૧) ઘણા કરે છે, તેમાં મેં શું નવું કર્યુ ? (૨) બીજા મારા કરતાં સારું કરે છે. મારા શું વખાણ કરો છો? હે જીવ ! તું શું અભિમાન કરે છે ? (૩) બીજાએ સહકાર આપ્યો માટે સારું કાર્ય થયું. એમાં મેં શું કર્યુ? ગુરુએ ખીર વહોરી, મારા પર ઉપકાર કર્યો. સંઘે મને કામ સોંપ્યું. મારા પર ઉપકાર કર્યો. સારું કર્યુ તો અહંકાર ટાળવા ૪ મુદ્દા

૧) મારા જેવા ઘણાં

૨) મારા કરતાં સારું કરનારા ઘણાં

૩) મેં સારું બીજાના સહકારથી કર્યુ છે. પ્રભુકૃપા, ગુરુપ્રેરણા, સંઘના ઉપકારથી થયું.
૪) મેં કાંઇ કર્યુ જ નથી. કર્યું હોય તો જમા ખાતુ આવે. પરમનિશ્ચયનય - હું માત્ર સાક્ષીભાવમાં છું. માત્ર જ્ઞાતૃત્વ છે. કર્તૃત્વ નીકળી ગયું. બન્યું ને થઇ ગયું. જ્ઞાતૃત્વ સાથે કર્મનિર્જરા છે. કર્તૃત્વ સાથે કર્મબંધ છે. કર્યું નહીં, થઇ ગયું.

કર્તૃત્વ = ક્રિયા કરી = કર્મબંધ છે.

કર્તૃત્વ કાઢ્યું = ક્રિયા નીકળી ગઇ = કર્મબંધ નથી.

મેં કાંઇ કર્યુ જ નથી, માત્ર જ્ઞાતૃત્વભાવ.

૧) હું એકલો નથી મારી સાથે ઘણાં છે.
૨) બીજાએ મારા કરતાં સારું કર્યું છે.
૩) આ તો ગુરુના પ્રવચનોથી થયું. મારી શું હોંશિયારી?
૪) પ્રભુની કૃપાએ કરાવ્યું છે. શરીરે કર્યુ છે. હું તો જ્ઞાતૃત્વ ભાવમાં છું!

જેટલી કર્મનિર્જરા - શુભભાવ થયા તે મારા. બાકી નીવિ! એ તો શરીરે કરી. આવા પ્રસંગમાં આ રીતે ચાર પ્રકારે વિચારવું. મોહનીય કહે છે - અનંતાનુબંધી આદિ ચારરૂપે વિચારવું. ભગવાન કહે છે - જિનાજ્ઞા ચાર પ્રકારે વિચારી મધ્યસ્થ રહેવું.

અત્યારસુધી મોહને સમર્પિત શિષ્ય રહ્યા હતા, હવે દરેક ઠેકાણે ભગવાનની આજ્ઞાના સમર્પિત શિષ્ય બનીએ.

## પોષ વદ - બીજી ૧૩

પરમાત્માની દ્રવ્યપૂજા પણ ભાવ નમસ્કાર બની શકે. નમવાનો અર્થ જ છે, જેને નમીએ છીએ તેની પાસેથી કાંક પામવું છે. નમવાથી અંદર હોય તે ખાલી થાય- ઢોળાઇ જાય ને જેને નમ્યા, તેમનામાં જે છે, તેથી ભરાઇ જવાય.

આપણા આત્મઘટમાં દુર્વિચારોના નકરા કચરા જ ભર્યા છે, દુરાચાર ગટરના ગંદા પાણી જ ભર્યા છે... તે પાંચ પરમેષ્ઠીને નમવાથી જ ખાલી થાય છે, ને પછી એમના ગુણોથી આપણે ભરાઇએ છીએ.

અરિહંતની પ્રતિમા એ અરિહંતની બાહ્ય આકૃતિની આંશિક ઝાંખી છે. એમની એમાં વાસ્તવિક હાજરી અનુભવી થતી પૂજા એ એમની જીવનકૃતિની સત્કૃતિ છે, સત્કાર છે. એમના ચહેરાનું દર્શન એમના વીતરાગતાઆદિ ગુણોની સ્મૃતિ છે. એમની પૂજામાં એમના જેવા થવાની વૃત્તિ જોઇએ. એમના જાપમાં એમના વિરહવેદનાની અભિવ્યક્તિ થાય છે. જેનો વિરહ પીડે એનું નામ મન લીધા કરે. એમના ધ્યાનમાં

એમના સાંનિધ્યની દિવ્યસૃષ્ટિ સંનિહિત થાય છે, ને એમનામાં જ તદાકારતા-એકાકારતતાથી પ્રભુમય થઇ ગયાની અનેરી તૃપ્તિ થાય છે.

પ્રભુના ચરણયુગલની પૂજા સાથે આભાર અને આચાર બે સંકળાયેલા છે. પ્રભુ ! આપના દિવ્ય સાંનિધ્યની ક્ષણ આપી એનો આભાર છે, આ આભાર અહંકારને તોડે છે. આભાર નમ્રતા - વિનયનો જ્ઞાપક છે. પ્રભુના ચરણ સાથે પ્રભુનું સર્વજીવહિતમય આચરણ સંકળાયેલું છે. પ્રભુ મને આપનો આ આચાર મળે!

પ્રભુના બે ઘૂંટણની પૂજા સાથે આલંબન-આધાર અને અનાલંબન બંને સંકળાયેલા છે. હે નાથ! મને દરેક યોગ-પ્રવૃત્તિ-આરાધનામાં આપનું આલંબન જોઇએ છે. ને એ સિવાય જગતના બીજા બધાના આલંબન નથી જોઇતા... એમના આલંબનથી મુક્ત થાઉં... અનાલંબન...

પ્રભુના બંને હસ્ત - કરપૂજા સાથે પ્રભુના ચરણ-કરણ સંકળાયેલા છે. આવા નિર્દોષ, પવિત્ર, નિષ્પાપ અને સાથે અનંત હિત સાથે સંકળાયેલા જે ચરણ-કરણ (ચરણ મૂળવ્રતો, કરણ=ઉત્તર વ્રત-ગુણો) બતાવ્યા છે, તે મને સાંપડો.

પ્રભુની સ્કંધપૂજા સાથે આસક્તિ અને અશક્તિના ત્યાગ જોડાયેલા છે. પ્રભુ! મેં પરિવારપ્રત્યેની આસક્તિથી જે ભાર ઉપડચો છે, તે આસક્તિ દૂર થાઓ... એ ભારથી હું મુક્ત થઇશ... ને પ્રભુ આપે કહેલા યોગોમાં જે અશક્તિ દેખાય છે, તે પણ ટળો. એ વ્રતભાર એ યોગોને વહન કરવાની શક્તિ આપો...

પ્રભુ ! આપના બ્રહ્મતેજોમય મસ્તકને પૂજતા મારો સંસાર ભ્રમ ટળો ને બ્રહ્મસ્વરૂપ પ્રગટ થાઓ!

પ્રભો! આપના લલાટે કરાયેલું તિલક મારા ભાલે આજ્ઞાતિલક બની રહો. જેમ ગોવાળો પોતાની ગાયોને ચિહ્ન કરી 'એ પોતાની છે' એમ સૂચવે છે, એમ પ્રભુ આ તિલક ભલે આપના ભાલે થાય છે, પણ એ મારા કપાળે થયેલા તિલકનું ઉદ્બોધક છે. મને એવી સંવેદના જગાવે 'હું માત્ર આપનો જ છું' આપ મોહરાજાને કહી દો 'આના પર મારું ચિહ્ન છે. મારો કબજો - મારી માલિકી છે.'

પ્રભો ! આપના કંઠે કરેલું તિલક મને એવા સ્વરનું વર આપે કે જેમાં માત્ર આપનો જ દિવ્યનાદ ગુંજતો હોય... રેલાતો હોય... પ્રભુ! આપના હૃદયે કરેલું તિલક મારા હૃદયના દ્વાર ખોલે, એ આપની કરુણા, આપની અહિંસા, આપના સત્યના રત્નોની તિજોરી-ખજાનો બની જાય.

પ્રભુ ! આપના નાભિપ્રદેશે કરેલું તિલક મને મારા આઠ શુદ્ધ આત્મપ્રદેશોનો અનન્ય અલૌકિક સ્પર્શ કરાવનારો બને કે જે અનુભવે હું પૂર્ણરૂપે આપ જેવો શુદ્ધ-બુદ્ધ

બની જાઉં. કહો, તમે આ રીતે દ્રવ્યપૂજા કરો, તો એ ભાવપૂજા ન બને? પ્રભુનું ધ્યાન ન બને? ને એ ધ્યાનથી આપણે પ્રભુમય- પ્રભુ ન બની જઇએ?

ચલો મૂળ વાતપર આવીએ, નમો સિદ્ધાણં... અવિપ્રનાશ. આમ તો સિદ્ધો દુનિયાની અપેક્ષાએ સાક્ષાત કાંઇ ઉપકાર કરતા નથી. આચાર્યો ઉપદેશ આપે. ઉપાધ્યાય વિનય શીખવે. સાધુ સહાય કરે. અરિહંત મોક્ષમાર્ગ બતાવે. સિદ્ધો કાંઇ કરતા દેખાતા નથી. તો ઉપકાર શું? આઠ કર્મ જીત્યા હોવાથી ગુણવાન છે. લક્ષ્યભૂત સ્થાન પામી ગયા હોવાથી કૃતકૃત્ય થઇ ગયા છે. તે માટે પૂજનીય ખરા. પણ ઉપકારી ખરા? હા.

૧ ) સિદ્ધો કહે છે – મોક્ષમાર્ગ ક્યારેય બંધ થયો નથી. થવાનો નથી. કાયમ ચાલુ છે. સંસારપર વૈરાગ્ય આવે ને મોક્ષમાર્ગ માટે પ્રયત્ન કરો ત્યારે જ મોક્ષ પામી શકો છો. દેવલોકમાં જવા માટે ચારિત્રની જરુર નથી, શુભભાવ જ કાફી છે. મોક્ષ ખુલ્લો નથી ને શુભભાવથી દેવલોક મળે તો ચારિત્રની જરૂર નથી તેમ માની સાધના છોડી ન દો. સંસારમાં આસક્ત ન બનો. સિદ્ધો કહે છે–મોક્ષમાર્ગ ખુલ્લો છે. ભલે ભરતક્ષેત્રમાં ખુલ્લો નથી. પણ અહીં એવી સાધના કર કે મહાવિદેહ મળે. વૈરાગ્ય જાગે ને તરત સાધનામાં લાગી જવાય. છ મહિનામાં એક જીવ અવશ્ય મોક્ષે જાય છે. એક જીવ મોક્ષે જાય એનો બીજા જ સમયે બીજો જીવ મોક્ષે જઇ શકે છે. એક સમયે ઉત્કૃષ્ટથી ૩૨ જીવ મોક્ષે જાય, તો સતત – આઠ સમય સુધી એકથી ૩૨ જીવ મોક્ષે જાય. સતત સાત સમય સુધી ૩૩ થી ૪૮ જીવ મોક્ષે જાય. સતત છ સમય સુધી ૪૯ થી ૬૦ જીવ મોક્ષે જાય. સતત પાંચ સમય સુધી ૬૧ થી ૭૨ જીવ મોક્ષે જાય. સતત ચાર સમય સુધી ૭૩ થી ૮૪ જીવ મોક્ષે જાય. સતત ત્રણ સમય સુધી ૮૫ થી ૯૬ જીવ મોક્ષે જાય. સતત બે સમય સુધી ૯૭ થી ૧૦૨ જીવ મોક્ષે જાય અને એક સમયમાં ઉત્કૃષ્ટથી ૧૦૮ જીવ મોક્ષે જાય. પછી આંતરું પડે જ.

સતત મોક્ષે જનારાનો આ ક્રમ છે. વધુમાં વધુ ૬ મહિનાનું આંતરું પડે. પછી અવશ્ય મોક્ષે જાય જ. તમારી ઇચ્છા હોય તો ૬ – ૬ મહિનામાં ક્યાંય નંબર લાગી શકે છે.

૨ ) દેવલોક કરતાં મોક્ષ સારો કેમ? દેવલોકમાં સુખ–સામગ્રી ભરપૂર છે. ઇચ્છા કરો ને કામ થઇ જાય. રાજાઓ વચનસિદ્ધ હોય, શ્રીમંતો સંપત્તિસિદ્ધ હોય, બાકીના બધા પુણ્ય હોય તો પરિશ્રમસિદ્ધ થાય. દેવો ઇચ્છાસિદ્ધ હોય છે. ઇચ્છા કરે ને કામ થઇ જાય. જે માંગે – જે ઇચ્છે તે ટૉપમાં ટૉપ મળે. ૧૯–૨૦ ન હોય. સિવાય કે પૂર્વભવમાં વક્રતાનો ઉપયોગ ખૂબ કર્યો હોય તો દેવલોકમાં તેની અસર આવે. તેના સંસ્કાર આવે.

પ્રભુ વીર પાસે બે દેવ આવ્યા. એક વિચારે છે ભક્તિમાં આવું રૂપ કરું. અને તેમ જ થાય છે. બીજો દેવ વિચારે છે. આવું રૂપ કરું. છતાં ઉંધું જ થાય છે. વિપરીત જ વિકુર્વાય છે - પરિણામ પામે છે. શ્રેણિક મહારાજે પૂછ્યું - આવું વક્ર કેમ થાય છે? ભગવાન કહે - પૂર્વભવમાં એ વક્રતાથી ભરેલો હતો. આવા કોક દેવ સિવાય બાકીના બધા દેવ ઇચ્છાસિદ્ધ હોય.

મોક્ષમાં કશું નથી, છતાં સુખ છે. આપણને કશું ન હોય ને છતાં સુખ હોય, તે વાત મગજમાં બેસે તેમ નથી. ભોજન હોય તો સુખ હોય પણ ઉપવાસ હોય તો સુખ હોય? વાહન હોય તો સુખ હોય, પણ ચાલતા જવામાં સુખ હોય? મોબાઇલ વગેરે સામગ્રી હોય તો સુખ હોય પણ સાધન વગર સુખ હોય? રંગીન ફેશનેબલ કપડા હોય તો સુખ હોય. કપડા ન હોય ને સુખ હોય? સાધુ પાસે ટી.વી., મોબાઇલ, ફ્રીજ, હોટલ, વાહન, કપડા, અત્તર, એ.સી. પરિવાર, સ્વજન નથી, છતાં સુખી છે. તમને ય ઉપધાનમાં આ અનુભવ થયો છે ને? તો મોબાઇલ આદિમાં જ સુખ છે તેમ તો ન કહેવાય ને?

રોહકને મંત્રી બનાવવા રાજા પરીક્ષા કરે છે. ગામ લોકોને એક બકરી આપી કહ્યું- એને એવી રીતે સાચવવાની કે એનું વજન વધવું પણ ન જોઇએ અને ઘટવું પણ ન જોઇએ. રોહકની સલાહથી ગામ લોકો એક બાજુ ટીપટૉપ લીલુંછમ ઘાસ ખવડાવે તેથી લોહી વધે. તો બીજી બાજુ વાઘ-સિંહ સામે રાખે જેથી લોહી ઘટે.

તમારી પાસે સુખના સાધનરૂપ લીલુંછમ ઘાસ ઘણું છે. સાથે સાથે ચિંતા - અકળામણ - અપેક્ષા - સંતાપ - દુનિયાદારીની જવાબદારીરૂપ સિંહ-વાઘથી સતત ભયભીત છો. નથી સુખ, નથી દુઃખ, નથી પકડી શકતા, નથી છોડી શકતા. સાધન-સામગ્રીના સુખ કરતાં પણ અહીં ઉપધાનમાં વાઘનું ચિત્ર છુટી ગયું. તેનાથી તમે સુખી છો. ૪૭ દિવસ કોણે શું કર્યું? પુત્ર કમાયો કે નહી? નોકરે શું કર્યુ? પત્ની કેવું વર્તી? તેની ચિંતા નથી. માટે સુખી છો. ઘરની ચિંતા, દુકાનની ચિંતા, સમાજની ચિંતા નથી માટે તમે સુખી છો.

દુનિયાદારીમાં સુખ-સાધનોની ભરમાર છે. પણ ચિંતાદિ છોડ્યા વિના તે સુખ માણી શકાતા નથી. અમારે કાંઇ નથી. છતાં સુખી છીએ. માટે એમ ન બોલતા કે બિચારા મહારાજને ચાલતા જવું પડે છે! ટી.વી. એ.સી., ફ્રીજ નથી! સાધુએ સ્વેચ્છાએ સ્વયં ત્યાગ કર્યો છે. માટે બિચારા નથી. પરમસુખી છે.

તમારે સાધનસામગ્રી વચ્ચે ચિંતા વળગેલી છે, માટે વિશેષ આનંદ નથી. દેવોને સાધનસામગ્રી વચ્ચે ચિંતા વળગેલી નથી. કોઇ સંબંધની ધંધાની લપ્પન છપ્પન

નથી. ઇચ્છા કરે ને કામ પૂરું. ટૉપ કામ જ થાય. ૯.૧૮ ની ટ્રેન પકડવાની ચિંતા નથી. રાત્રે ઘરે પહોંચી કોઇની ખબર પૂછવા જવાનું નથી. સાધન સામગ્રી ભરપૂર છે. ચિંતાનું નામ નથી. હવે બોલો – દેવલોક સારો કે મોક્ષ? દેવલોકમાં ઉત્કૃષ્ટ સુખ છે. કોઇપણ ચિંતા વિનાના સુખો છે. છતાં ભગવાન કહે છે – દેવોના ત્રૈકાલિક સુખ કરતાં મોક્ષમાં રહેલા આત્માનું એક સમયનું સુખ અનંતગુણ વધારે છે. કેમ?

૧) દેવલોકનું સુખના અનુભવ માટે અંતર્મુહૂર્ત લાગે અર્થાત્ અસંખ્ય સમય. અંતર્મુહૂર્તે સુખ અનુભવાય. જ્યારે સિદ્ધો પ્રત્યેક સમયે સુખ અનુભવે.

૨) દેવલોકના સુખ બાહ્ય સાધન સામગ્રીની અપેક્ષા રાખે છે. ને સંસારમાં જ્યાં અપેક્ષા આવી, ત્યાં કોઇને કોઇ પ્રોબ્લેમ આવવાના જ. દેવોને શરીર સુખ સારું છે. પણ અપેક્ષા છે. દેવાંગનાઓ નૃત્ય કરે, સંગીત સારું ચાલે, નોકરદેવ મારું માને, ઇન્દ્રને પણ ઇન્દ્રાણીને મનાવવી પડે. પ્રત્યેક અપેક્ષા તમારા સુખના ભાગાકાર કરે છે. મનુષ્યનું એક સુખ ઘણી અપેક્ષાથી ઊભું રહેલું છે. શરીર સારું, મન સંક્લેશમુક્ત, ધંધો કમાણીવાળો, પરિવાર વિનયી જોઇએ તો સુખી. કેટલા વીસે સો થાય છે? તેથી મનુષ્યનું સુખ ઘણાં ભાગાકારોથી વિભાજિત છે. એક પણ અપેક્ષા તૂટે એટલે સુખ ખતમ.

મેચ જોવામાં આનંદ ક્યારે આવે? ૧) વરસાદથી મેચ બંધ ન થાય. (૨) ભારત હારવી ન જોઇએ. (૩) મેચ વચ્ચેથી બંધ ન થવી જોઇએ. પ્લેયર બરાબર હોય (૪) જાહેરાતો ન ગમે (૫) ઓફીસે જવું જરુરી ન હોય. ઘરાકવગેરે ફોનથી ડીસ્ટર્બ ન કરે. (૬) ઘરવાળી કહે – તમે તો ઘરે આવ્યા ને ચોંટીને બેસી જાઓ છો. ટી.વી. અને મેચ. એવું કહેનાર ન હોય. (૭) છોકરો કાર્ટૂન જોવાની જીદ ન કરે. (૮) આંખો રોગવાળી કે થાકેલી ન હોવી જોઇએ. (૯) છેવટે થોડા વખત પહેલાં જ સમાચાર આવેલા હોય કે દસ લાખ રૂપિયા ગયા કે ઝઘડો થયો. તો મેચ જોવામાં આનંદ આવશે?

જેટલી અપેક્ષા તેટલા સુખમાં ભાગાકાર. તમારી અપેક્ષાએ દેવોને અપેક્ષા ઓછી છે. માટે સુખમાં ભાગાકાર ઓછા. છતાં જ્યાં અપેક્ષા, ત્યાં સુખમાં ભાગાકાર તો છે જ. સિદ્ધોને શરીરની કે મનની પણ અપેક્ષા નથી. સમય સમયનું સુખ છે. નિરપેક્ષ સુખ છે.

(૩) દેવલોકમાં દેવ સુખમાં મગ્ન છે. ત્યાં તેની નજર બીજા દેવની દેવાંગના પર ગઇ. સમૃદ્ધિ પર નજર ગઇ. ઈર્ષ્યા થાય. દેવોમાં ઈર્ષ્યાનું ધોરણ વધુ હોય. એકની દેવાંગના બીજો દેવ ઉપાડી જાય. પાંચમા દેવલોકમાં કૃષ્ણરાજીમાં ઘોર અંધકાર છે. ત્યાં ભાગી છુપાઇ જાય. સુખ–પુણ્યમાં તરતમભાવ હોવાથી બીજાને ઓછું મળે, તેથી ઈર્ષ્યા જાગે જ. પછી સંઘર્ષ થાય જ. જ્યાં ઓછાવત્તાપણું આવ્યું, ત્યાં ઈર્ષ્યા થવાની જ.

કોઇનાં તેજ – કાંતિ – રૂપ વધુ તો ઈર્ષ્યા થવાની જ. ઈર્ષ્યાનું બીજુ નામ છે નાગણ. જેમ નાગણ લોહી ચુસી જાય છે, તેમ ઈર્ષ્યા મળેલા સુખને પણ ચુસી જાય છે. અહીં પણ ઈર્ષ્યાની મોટી ધમાલ છે.

પેલાનો ફ્લેટ આવો, મારો આવો. પેલાનો છોકરો વિનયી, મારો ઉદ્ધત. પેલાની કાર મોંઘી, મારી નહી. પેલાને ધંધો સારો ચાલે, મારે નહી. ઈર્ષ્યા સતત ચાલુ છે. તેનાથી સંઘર્ષ – મતભેદ ઊભા થાય છે. મારા શિષ્ય આટલા! મારા વ્યાખ્યાનમાં આટલા! જ્યાં અસમાનતા દેખાય, ત્યાં ઈર્ષ્યા તત્ત્વ આવે જ. તેનું કાર્ય છે, જે મળ્યું છે, તેનો આનંદ પામવા ન દે.

ઈર્ષ્યાળુ મન એટલે હનુમાનજીનું પૂંછડું. પોતે તો બળે. આખી લંકાને બાળે. મનમાં ઈર્ષ્યા ખૂબ વધે, ત્યારે એવી રમત રમે કે પોતે તો બળે, બધાને બાળે. દેવોને ઈર્ષ્યા છે. સિદ્ધોની વિશેષતા છે કે આ ક્ષણે મોક્ષે જાય કે અનંતકાળ પૂર્વે મોક્ષે જાય. સુખ–આનંદ સમાન, જરા પણ ફરક નહી. નિરતિશય સુખ. અતિશય એટલે તરતમતા. જેમાં જરા પણ સુખનો તરતમભાવ નથી, તે નિરતિશય સુખ. બધા સમાન હોય તો ઈર્ષ્યા પણ ન હોય. ને પાછું નિરતિશય=એનાથી ચઢિયાતું કોઇ સુખ નહીં.

૪) દેવલોકનું સુખઅલ્પકાલીન છે. મોક્ષનું સુખ કાયમી સુખ છે. અલ્પકાલીન સુખ એટલે એ જવાનું છે. જવાનું છે એની કલ્પનાથી જ એ દેવ દુઃખી દુઃખી થઇ જાય. મોટે ભાગના દેવો છેલ્લા છ મહિના કલ્પાંત કરે. એને મોતની ખબર પડી જાય. પણ જાણીને પણ અક્કલ હોય તો ફાયદો. અન્યથા નહી. મારું આયુષ્ય છ મહિના બાકી છે, ખબર પડે, અક્કલ હોય તો થાય કે લાવ આરાધના કરી લઉં. ઋષભદેવ ભગવાનનો જીવ મહાસેનરાજા હતો. મંત્રી કહે – જ્ઞાનીએ કહ્યું છે કે આપનું આયુષ્ય મહિનો જ બાકી છે. સાવધાન થઇ આરાધનામાં લાગી ગયા. ૨ ૨ દિવસ અનશન કરી પ્રથમ દેવલોકમાં લલિતાંગ દેવ થયા. વિવેકી જીવ આયુષ્ય અલ્પ જાણી તરત સાધનામાં લાગી જાય.

ડૉક્ટર કહે – બસ, હવે ૪૮ કલાક બાકી છે. જેને બોલાવવા હોય તેને બોલાવી દો. વીલ કરી દો. શું કરો? દીકરાને હિતશિક્ષા આપવાની? બેટાને બોલાવી ઘર – દુકાનની વ્યવસ્થા જણાવવાની? સાસુ – જમાઇને બોલાવી– દીકરીને સાચવજો, બેટા! મમ્મીને સાચવજો. ૪૮ કલાક ઘરની ચિંતામાં જ પૂરા કરે. દીકરા પણ એવા. બાપા! ૪૮ કલાક બાકી છે. તમારી ઇચ્છા કહો. પાવર ઓફ એટર્નીપર સહી કરો. આ બધું સૂઝે કે 'ગુરુ બોલાવો – ચાર શરણ સ્વીકાર કરાવડાવો.' એવું યાદ આવે ? વિવેકીને ખબર પડે તો સાવધાન થાય. અવિવેકીને ખબર પડે તો કલ્પાંત કરે. મોટે ભાગના દેવો

કલ્પાંત કરે. આ વાવડી – આ રત્નો – આ દેવીઓ છોડીને જવાનું ?

અલ્પકાલીન સુખના ત્રણ નુકસાન – ૧ ) જવાનું જવાનું – હજી ગયું નથી. પણ આ જવાનું – આ વાત જ દુઃખી કરે. ૨ ) જાય એટલે એનાથી ટેવાયેલા હતા. માટે તેના વગર જીવવું ભારે પડે. એ.સી. બંધ પડે તો અકળામણ અકળામણ. જનમ્યો ત્યારથી ફૂટપાથ પર હોય તેને કાંઇ તકલીફ નથી. પણ વાલકેશ્વરવાળાને તે છોડી ઘાટકોપરમાં આવવું પણ મરવા જેવું લાગે. એટલે જશે તેનું દુઃખ અને ગયા પછી વિરહનું દુઃખ. ૩) જેકાયમી નથી. તેને માણવા ગયા તો તેની સજા લાંબી છે. દરેક અલ્પકાલીન સુખની મજા માણવા ગયા તો તેની સજા ઓછામાં ઓછી દસ ગણી વધુ છે. તે પછી ભલે ને બ્રહ્મદત્ત ચક્રીનું સુખ કેમ ન હોય ? આઠમાં દેવલોક સુધીના દેવો મોટે ભાગે કલ્પાંત કરી, તિર્યંચમાં જાય છે. એ પછી પણ દંડની પરંપરા, એમાં પણ જો નિગોદમાં જાય તો પોતાનું સ્વતંત્ર ઔદારિક શરીર પણ ન રહે.

દેવ સુખમાં પહેલા પાગલ બને ને પછી છોડવાનો અવસર આવે ત્યારે કલ્પાંત કરે. સિદ્ધસુખ કાયમી મળે, એટલે ચિંતા જ નહી. આ છોડી મારે જવાનું જ નથી. સિદ્ધમાં બહારનું કશું નથી. છતાં વિશેષ આનંદ – સુખ છે. કેમ? તેના ઘણા બધા કારણ છે. કહો દેવલોકમાં જવું સારું કે મોક્ષે? દેવલોકમાં જવાની ઇચ્છા ન કરાય. પણ આ ભવમાં મોક્ષ નથી. તેથી જ્યાં જવાનું થાય તે જો તે દેવલોક હોય તો મને વૈરાગ્ય – પ્રભુપ્રીત મળે, તે નરક હોય તો મને સમતા મળે, તે તિર્યંચગતિ હોય તો મને વિવેક મળે, તે માનવગતિ હોય તો મને વિરતિ મળે.

દેવલોકમાં વૈરાગ્ય શક્ય છે? હા. તેના કાર્યભૂત શીલ–ચારિત્ર શક્ય નથી. પણ પરિણામભૂત વૈરાગ્ય શક્ય છે. પ્રભુ વીર ૨૬ માં ભવે દસમાં દેવલોકમાં હતા. પ્રચંડ વૈરાગ્ય. એમની આજુબાજુના દેવોને કદાચ ખબર પડે કે આ અહીંથી ચ્યવી સીધા તીર્થંકર થવાના. કેવી રીતે? અવધિજ્ઞાનથી. પણ તે ઉપયોગ મુકે તો ખબર પડે. પ્રભુનો દૈવીસુખમાં પણ પરમ ઉદાસીન ભાવ જોઇ વિચારે કે આમ કેમ? અને ઉપયોગ મુકે.

સિદ્ધના કાયમી સુખના ત્રણ લાભ – ૧ ) એ જવાનું નથી. માટે ભય નથી. ૨ ) ત્યાં અનંતગુણ સુખ તો મળશે જ. સાથે સાથે પામ્યા પછી વિરહની વેદના નથી. ૩) ભોગવ્યા પછી કોઇ દંડ – દુઃખ નથી. અવિપ્રનાશ સુખ.

સિદ્ધો કહે છે. જો પકડવું હોય તો એવું સુખ પકડો કે જે આવ્યા પછી જાય નહી. જે મહેમાન આવ્યો ત્યારથી જવાની વાત કરે તેને કેટલા પકડી રાખો? કદાચ સાંજ સુધી, કદાચ બીજા દિવસ સુધી. પણ પછી જવાનો જ છે. તેમ દરેક સુખ આવતાની સાથે જ કહે છે – અમે જવાના છીએ, અમે જવાના છીએ. પણ તમારી તકલીફ છે કે તમને

સંભળાતું નથી. કાનની ટ્રીટમેંટ કરાવજો.

અમારો પણ પ્રવેશ થાય તે પહેલાં જ વિનંતી આવી જાય કે સાહેબ! ચાતુર્માસ પરિવર્તનનો લાભ અમને આપજો. તેથી અમે પણ સાવધ થઇ જઇએ, અહીં ભલે ચાર મહિના રહીશું, પણ પછી વિહાર કરવાનો છે. સ્થાન છોડવાનું છે. જેમ માણસ જનમ્યો ને તરત કહે - હું મરવાનો - જવાનો. જન્મે એટલે તરત કફન તૈયાર કરાવી દેવું. ગમે ત્યારે લાકડા ભેગો થઇ શકે છે. મુંબઇમાં તો મર્યા પછી બાળવામાં પણ બુકીંગ કરાવવું પડે. જન્મેલા જીવને ભણકારા થવા જોઇએ હું જવાનો, હું જવાનો....એકમાત્ર મોક્ષ સુખ જ કહે છે કે હું રહેવાનો... હું રહેવાનો....

**ધર્મધ્યાન :-** આજ્ઞાવિચય - મોક્ષનું સુખ ધર્મધ્યાનથી જ મળશે. એક બાજુ મોહનીય અને બીજી બાજુ ભગવાન. અનંતાનુબંધી આદિ ચાર વેરાઇટી છે. ક્રોધ પસંદ પડે છે. ચાર વેરાઇટી છે. લઇ જા. કોઇ પ્રશંસા કરે, કોઇ જુઠ - પ્રપંચનો પ્રસંગ આવે, કોઇ કમાણીનો પ્રસંગ આવ્યો, માયાનો સહારો લ્યો. ઉપાડો ચાર વેરાઇટી. અત્યારસુધી આપણે મોહનીયકર્મના અનંત ગૌતમસ્વામી ભેગા કરો એનાથી વધુ સમર્પિત શિષ્ય હતા.

જેણે ભગવાનની આજ્ઞા જાણી હોય, અમલમાં મૂકી હોય, આત્મસાત્ કરી હોય, તેને જ ભગવાનની આજ્ઞા યાદ આવે. આજ્ઞાના ગ્રાહક - ભાવક - પરિણામક હોય તેને જ ભગવાનની આજ્ઞા યાદ આવે. કપ-રકાબી તૂટે, કોઇ સંભળાવી જાય, લાખો રૂપિયા ડૂબે, ધાર્યું થાય કે ન થાય, તેમાં ભગવાનની આજ્ઞા શું છે? કેટલાક પ્રસંગોમાં ભગવાન સાક્ષાત્ કહે છે કે આ આજ્ઞા. બાકી પ્રસંગ કેટલા કહેવાના? છેવટે કહે છે ' આયવયં તુલ્લિજ્જા' - લાભાલાભની તુલના કરો. 'જહા જહા રાગદોસા વિલિજ્જંતિ, તહા તહા પયત્તિયવ્વં' - પ્રભુની શાશ્વત આજ્ઞા છે-દરેક પ્રસંગમાં મનની ભૂમિકા એવી જ બનાવવાની કે જેનાથી તારા અને બીજાના રાગ-દ્વેષ વિલય પામે.

દરેક પ્રસંગ - ઘટનામાં જાતને પૂછવું કે હું આમાં ભગવાનની આજ્ઞામુજબ વર્તુ છું ? તમારી કલ્પનાથી તમને લાગે કે આ જ બરાબર છે. તમે તમારી કલ્પના મુજબ કદાચ સાચા હશો. કદાચ તેમ કરવાથી સફળતા પણ મળે. ગર્વ પણ કરો કે મેં કહ્યું તેમ થયું ને ? છતાં તેમાં મિથ્યાત્વ સિવાય કોઇ કમાણી નથી. કારણ એમાં ભગવાનની આજ્ઞા નથી. સારામાં સારું કાર્ય પણ જો આજ્ઞાબાહ્ય છે, તો મિથ્યાત્વની જ કમાણી છે. પોતાની કલ્પનામુજબ ૨-૫ કરોડની સાધર્મિક ભક્તિ કરી. આજ્ઞા મુજબ નથી. તો મિથ્યાત્વની જ કમાણી છે. આત્મહિતકર નથી. ભવ્યતમ દેરાસર બનાવે કે પૂર્વ - કરોડવર્ષનું ચારિત્ર પાળે, પણ પોતાની માન્યતા મુજબ ચાલે ને કલ્પના ચલાવે કે મને

ચારિત્રથી દેવલોક મળશે કેમકે મોક્ષ તો છે જ નહીં. મોક્ષ નામનું કોઇ સ્થાન જ નથી. તો ભગવાન કહે છે – તે પાળેલા ચારિત્રથી કદાચ તને દેવલોક મળી જશે. પણ આત્માને તો મિથ્યાત્વની જ કમાણી છે.

શ્રુતજ્ઞાન, ચિંતાજ્ઞાન, ભાવનાજ્ઞાન પછી ઐદંપર્યાર્થ એક જ છે – સર્વત્ર ભગવાનની આજ્ઞા જ ઉપાદેય. જ્યાં સુધી હું સર્વજ્ઞ – કેવળી નથી થયો, ત્યાં સુધી ભગવાન! તારી આજ્ઞા જ ઉપાદેય છે. જ્યાં સુધી બુદ્ધિને આગળ કરો, ત્યાં સુધી આજ્ઞાવિચય ધર્મધ્યાન ન આવે. પહેલાં ભગવાનની આજ્ઞા જાણો, અભ્યાસ કરો. આત્મસાત કરો. ભગવાન કહે – આ પ્રસંગે તું ક્ષમા રાખ. બસ બીજું કાંઇ વિચારવું નથી. ક્ષમા જ રાખવી છે. જેમ ગુર્વાજ્ઞા અલંઘનીય છે.

ગુરુ કહે – આમ ન કર, આમ કર! આપણે તે પ્રમાણે કર્યુ. કદાચ કામ નિષ્ફળ થાય તો બાહ્ય નુકસાન થયું, પણ આત્માને તો વિનયધર્મની કમાણી જ થઇ છે. તેમ જિનાજ્ઞા અલંઘનીય છે. ક્રોધના પ્રસંગે ક્ષમા રાખી, તે ચઢી બેસશે તો? વારંવાર અપરાધ કરશે તો? હેરાન કરશે તો? નુકસાન જશે તો? નથીંગ, બીજું વિચારાય જ નહી. ભગવાનની આજ્ઞા પાળવી એ જ ધ્યેય. એમાં જિનાજ્ઞાપાલન – દૃઢ સમ્યક્ત્વ – સમાધિ, સદ્ગતિ ને છેવટે સિદ્ધિગતિની કમાણી જ છે. બસ સર્વત્ર જિનાજ્ઞાનું જ સતત ચિંતન. આજ્ઞાવિચય ધર્મધ્યાનમાં આગળ વધો ને એટલે બાકીના ૩ ધ્યાન આવે.

ભગવાનની આજ્ઞા ત્રણ વાત કરે છે. ૨) અપાય ૩) વિપાક ૪) લોકસ્વરૂપ. ભગવાનની આજ્ઞા છે. તું ક્રોધ કરીશ તો વર્તમાનમાં તેના નુકસાન શું અને ભવિષ્યમાં તેના નુકસાન શું? તે વિચારો. ધર્મધ્યાનની બે ક્વોલીફીકેશન – બાકીના તમામ નુકસાન કરતાં મારું મન બગડે તે મોટામાં મોટું નુકસાન છે અને બાકીના તમામ લાભ કરતાં મારું મન પ્રસન્ન રહે, તે મોટામાં મોટો લાભ છે. અપાયમાં આ જ વિચારવાનું છે. કોઇ પણ પરિસ્થિતિમાં ક્રોધ કરી મન બગાડીશ, તો વર્તમાન અને ભાવિમાં બંનેમાં નુકસાન છે. મોહના પ્રભાવથી ભાવિત થઇ તમે જે પ્રતિક્રિયા વ્યક્ત કરો છો, તે ભલે ક્રોધ, માન, માયા, અસૂયા, ઈર્ષ્યા હોય, પણ તેની પહેલા તું તેના નુકસાનને વિચારી લે. બીજું કશું બગડે તેના કરતાં મન બગડે તે મોટું નુકસાન. મન બગડે એનો અર્થ મન મોહનીયની લાગણીથી ભાવિત થયું.

કોઇ વસ્તુ તૂટે – ક્રોધ રૂપે પ્રતિક્રિયા. કોઇ પ્રશંસા કરે – માન રૂપે પ્રતિક્રિયા, મોહથી ભાવિતરૂપે પ્રતિક્રિયા તારા મનને બગાડી દેશે. ૨૬ પ્રકૃતિમાં ક્રોધ કહેવાય, દ્વેષ, વેર, અરુચિ, ઈર્ષ્યા, અદેખાઇ, વગેરે કહ્યા નથી, પણ આ બધા ક્રોધના જ પેટો વિભાગો છે.

મોહનીયની મુખ્ય ચાર પ્રકૃતિ – ક્રોધ = અરુચિ, દ્વેષ, વેર, ઈર્ષ્યા, અદેખાઇ....
માન = ગર્વ, અભિમાન, મદ, અહંકાર, સ્વાભિમાન, ગૌરવ, ખુમારી, ...
માયા = દંભ, કપટ, આડંબર, દગો, ફટકો, વિશ્વાસઘાત...
લોભ= આસક્તિ, ગૃદ્ધિ, મમતા, અસંતોષ, ઇચ્છા, આશા, અપેક્ષા, અરમાન....
કર્મગ્રંથમાં મોહનીયની ૨૬ પ્રકૃતિ છે. પણ લાગણી – ફીલીંગ્સના સ્તરે પ્રકૃતિ અનંત છે. મોહનીયથી ભાવિત થયેલી લાગણીઓ મનને બગાડે છે, આત્માનું બગાડે છે. આ ભવ અને પરભવ માટે અવશ્ય નુકસાનકારી છે.

## પોષ વદ – ૧૪

પાંચ પરમેષ્ઠીને નમસ્કારરૂપ નમસ્કાર મહામંત્ર છે. આ પાંચ પરમેષ્ઠીમાં આપણે પાંચ મહાભૂતની કલ્પના કરી શકીએ. જાપ-ધ્યાન-પૂજનમાં 'ક્ષિ પ ઓં સ્વા હા' આ પાંચ અક્ષરથી શરીરના તે-તે અંગને સ્પર્શી એવી ભાવના વ્યક્ત કરાય છે કે આ મંત્રાક્ષરોથી શરીર નિર્માણમાં જોડાયેલા પાંચ ભૂતો પૃથ્વી-પાણી-અગ્નિ-વાયુ-આકાશ સ્વચ્છ થાવ – શુદ્ધ થાવ.

પાંચ પરમેષ્ઠી અધ્યાત્મરીતે પાંચ મહાભૂત છે, કેમકે ભૌતિક પાંચ મહાભૂત જેમ શરીરનું નિર્માણ કરે છે, એમ આ પાંચ પરમેષ્ઠીઓ આપણા શુદ્ધ આત્મસ્વરૂપનું નિર્માણ કરે છે.

એમાં અરિહંત જળતત્ત્વના પ્રતિનિધિ છે. અરિહંતો અનંત કરુણાજળમય છે. એમના પ્રત્યેક આત્મપ્રદેશથી અનંત કરુણા વહી રહી છે. અરિહંતની એ કરુણા એમના ચક્ષુમાંથી આપણા તરફ વહે છે. એ કરુણાજળ આપણા વાસનામેલને દૂર કરે છે, અનંત આનંદથી તૃપ્ત કરે છે. કષાયની આગને બુઝાવે છે.

સિદ્ધ ભગવંતો આકાશતત્ત્વરૂપ છે, આકાશની જેમ દરેક અરૂપી સિદ્ધ પોતાના સ્થાને અનંત નવા આવતા સિદ્ધને સમાવી લે છે...અનંતનો બોધ, અનંતનું આકર્ષણ... અનંતકાળનું લક્ષ્ય તેઓ આપે છે. આત્માનું શુદ્ધ સિદ્ધસ્વરૂપ ઘણી રીતે અરૂપી આકાશને મળતું આવે છે. બંને અનંત, અવિનાશી, અરૂપી, અગુરુલઘુ, અવ્યાબાધ, અક્રિય, અરંજન, અલેપ વગેરે રૂપે સમાન છે. તેથી જ તેમના નમસ્કારનો હેતુ પણ અવિનાશ છે.

સિદ્ધ ભગવાનને નમસ્કાર શા માટે? અવિપ્રનાશ – અનંતકાળની સ્થિતિ ૧) સિદ્ધો વચન આપે છે કે પ્રભુએ સ્થાપેલો માર્ગ અખંડપણે ચાલુ છે. ક્યારેય વિનાશ નથી. ૨) અવિનાશી એ માર્ગ દ્વારા જે પ્રાપ્ત કરવાનું છે, તેનું કોઇ અંતિમ વિરામસ્થાન

નથી, તેનો અંત નથી. ત્યાંથી પાછા આવવાનું નથી. ૩) પ્રભુએ સિદ્ધનું જે સ્વરૂપ બતાવ્યું છે. શિવ, અચલ, અરૂજ, અક્ષય, અવ્યાબાધ.... તે સ્વરૂપ સો ટકા સાચું છે. સમ્યગ્દર્શનાદિ રત્નત્રયથી આ જ સિદ્ધસ્વરૂપ પ્રાપ્ત થશે. અને મારે જે જોઇએ છે, તે પણ આ જ સિદ્ધસ્વરૂપ છે. એજ અનંત – આનંદમય છે. માટે આનંદઘન છે. જ્ઞાનઘન છે.

જ્યાં પહોંચ્યા, તે સ્થાન પર જો કાયમી મુકામ ન હોય, તો પાછા ફરવાનું થાય જ. પણ જો કાયમી મુકામ હોય, તો કદી પાછા ફરવાનું નથી. સિદ્ધ અવસ્થા આવી છે. તે સો ટકા સાચું છે. તેવો વિશ્વાસ – ખાતરી સિદ્ધોનું ધ્યાન ધરવાથી પ્રાપ્ત થાય છે. સિદ્ધો ખાતરી આપે છે કે આ વૈદની દવા મેં લીધી ને મને સારું થઇ ગયું. વૈદ તો કહે છે – મારી આ દવાથી સારું થશે. પણ આપણને પૂરી ખાતરી ન થાય. દર્દી કહે – મારો વર્ષો જુનો રોગ હતો. જાત જાતના ઉપાય કર્યા. રોગ મટતો ન હતો. પીડા પીડા થઇ ગઇ હતી. ખર્ચાનો તો કોઇ હિસાબ નથી. પણ આ વૈદની દવા લીધી ને સારું થઇ ગયું. વૈદના કહ્યા કરતાં દર્દીના કહેવાથી વધુ ખાતરી થાય છે. એને સારું થયું, તો મને પણ થશે જ. સિદ્ધો આપણી ભગવાન પરની શ્રદ્ધાને શુદ્ધ કરે છે.

સિદ્ધો પૌદ્ગળિક ૩૧ સ્વરૂપથી રહિત છે. પાંચ આકાર, પાંચ વર્ણ, પાંચ રસ, આઠ સ્પર્શ, બે ગંધ, ત્રણ શબ્દ, સંગ, શરીર, કર્મ, બધાથી રહિત સિદ્ધસ્વરૂપ છે. જ્ઞાનાવરણ, દર્શનાવરણ આદિ આઠ કર્મથી મુક્ત છે. સિદ્ધ ભગવંતનું જે સ્વરૂપ ભગવાને કહ્યું, તેવું માનીએ... આ જ આનંદમય છે, જ્ઞાનમય છે, આ જ શુદ્ધ સ્વરૂપ છે, આ જ પ્રાપ્ત કરવા જેવું છે. તે શ્રદ્ધા પ્રાપ્ત થયા પછી આપણને ખાતરી આપે છે કે તું અભવ્ય કે દુર્ભવ્ય નથી. આસન્નભવ્ય છે. સિદ્ધો ભગવાનના વચન પર ચોળમજીઠનો રંગ જેવી શ્રદ્ધા ઊભી કરાવે છે.

અરે! ભગવાનથી પણ તીર્થ સ્થાપવાનું કાર્ય પણ તો જ થયું છે કે કેવળજ્ઞાનથી ભગવાને જોયું છે કે દર્શનાદિ તીર્થથી મોક્ષ મળે છે કે જ્યાં સિદ્ધો છે. અનંત આનંદમય છે. તે જોઇ તીર્થ સ્થાપ્યું.

સિદ્ધો કહે છે – અવિનાશીને પકડ – વિનાશીને નહી, મોક્ષે જવાની બધાને ઇચ્છા છે? હા. મોક્ષ એટલે શું? અસ્થિર, ચલ, અધ્રુવ, અશાશ્વત, વિનાશી છોડી સ્થિર, અચલ, ધ્રુવ, શાશ્વત અવિનાશી ને પકડ. જવું છે દીલ્હી ને ચેન્નઇની ટ્રેનમાં બેસીએ તો કેમ ચાલે?

સરદારજી ચેન્નઇની ટ્રેનમાં બેસ્યા પણ ટીકીટ હતી દીલ્હીની. પોતે ઉપરની બર્થ પર છે. નીચેની બર્થ પરના એક ભાઇ સાથે વાત કરે છે. તમારે ક્યાં જવાનું છે?

ચેન્નઇ. મારે દીલ્હી જવાનું છે. પણ આ ટ્રેન તો ચેન્નઇ જાય છે. ના. ભારતની ટ્રેને એટલી પ્રગતિ કરી છે કે ઉપરની બર્થ દીલ્હી જાય અને નીચેની ચેન્નઇ. સરદારજી પોતે ખોટી ટ્રેનમાં બેઠો છે, તે માનવા તૈયાર જ નથી.

તેમ મારે મોક્ષે તો જવું છે. સિદ્ધ સ્વરૂપની પ્રાપ્તિ તો જોઇએ છે. વાતો બધી દીલ્હીની ટીકીટ જેવી છે. પણ ટ્રેન કઇ પકડી છે? ચેન્નઇની. અચલ, સ્થિર જોઇએ છે ને ચલ-અસ્થિર, અધ્રુવ પકડી બેઠા છીએ. સર્વાર્થસિદ્ધ વિમાનના દેવનું આયુષ્ય ૩૩ સાગરોપમ છે. તેને પણ ભગવાન અસ્થિર કહે છે. તે પણ જીવનું કાયમી સ્થાન નથી. ત્યાંથી પણ રીટર્ન થવું પડે છે. સર્વાર્થસિદ્ધ અને સિદ્ધશિલા વચ્ચે અંતર બાર યોજનનું છે. પણ સર્વાર્થસિદ્ધથી રીટર્ન છે. સિદ્ધશીલાથી નો રીટર્ન.

તે બાર યોજન માટે ચૌદ રાજની મુસાફરી કરવી પડે. સાત રાજ પાછો નીચે ઉતર. મનુષ્ય થઇ સાધુ થઇ સિદ્ધ થા – પાછો સાત રાજ ઉપર જા. સર્વાર્થસિદ્ધમાં રહેલો જીવ ૩૩ સાગરોપમ રહે, છતાં ભગવાન કહે – તે નાશવંત છે. ચલાયમાન છે. તેના માટે પ્રયત્ન ન કરાય. એક સમયથી માંડીને ૩૩ સાગરોપમ સુધી ટકનારી તમામ ચીજ નાશવંત છે. તેને મોહદશા – આસક્તિ – ગૃદ્ધિથી પકડવી નહીં. સિદ્ધો કહે છે – તું નાશવંતને છોડ. અનાશી પકડ. જેને તમે મમતા – આસક્તિથી પકડો છો, તેનો ટકવાનો કાળ કેટલો? જે જાય તો મને બહુ દુઃખ થાય, તેનો ટકવાનો વધુમાં વધુ કાળ કેટલો?

નાશવંત એવા શરીરને ટકાવવા સાલમપાક, મેથીપાક, ગુંદરપાક ખાય. જે માણસને દેરાસર જવા વાહન વિના ન ચાલે, તે બરમુડા પહેરી દોડે. પછી નીરા, કોકમપાણી પીવે. કેમ? યોગ, દંડબેઠક, તેલમાલિશ, સૂર્યનમસ્કાર, જીમખાના શા માટે? આટલું બધું કર્યા પછી શરીર કેટલું ટકવાનું? ૩૩ સાગરોપમ? અનાશીને છોડી નાશીને ટકાવવાના પ્રયત્નો – ટળવળાટ કેટલા ચાલે? ભગવાન કહે છે – એ છોડ. નાશી શરીરમાં પૂરાઇ રહેલા અનાશી આત્માનું કર. દુનિયાની અપેક્ષાએ બુદ્ધિમાન એવા આપણે અધ્યાત્મની અપેક્ષાએ બુદ્ધુ છીએ. અનાશીને છોડી નાશવંતને પકડીએ છીએ.

દુનિયામાં આપણી બુદ્ધિ એવી છે કે જે ટકવાનું નથી તેને છોડી દઇએ. તકલાદીને છોડી દઇએ. મજબૂતને પકડીએ, દૂરના સંબંધવાળાને ખોટુ ન લાગે. નિકટના સંબંધીને ખોટું લાગે. માટે દૂરવાળાને ગૌણ કરીને નજીકનાને સાચવવો પડે. દૂરવાળાને પત્રિકા કુરિયરથી જાય. નજીકવાળાને પર્સનલ આપવા જઇએ.

એક બાજુ રૂપિયા છે ને બીજીબાજુ શરીર પર ઘા. રૂપિયા ગમે છે, છતાં શરીર

૮૮) ઉકળાટ–ઉન્માદ વખતે કોઈને
કહેવાનું રહી જાય તે મોટું નુકસાન નથી,
પણ અણ અવસરનું કહી નાંખવામાં
નુકસાન અપરંપાર થશે – યશોધર મુનિ ચરિત્ર



અનીતાબેન પ્રકાશચંદ્ર જૈનના બીજા ઉપધાનતપ નિમિત્તે
હસ્તે અર્હં અતુલ પ્રકાશચંદ્ર જૈન પરિવાર,
સુભાનપુરા – વડોદરા


૮૯) સંસાર એટલે
એકાંતથી ઉદ્વેગનું કુલઘર,
ઉદ્વેગ તો ત્યાં
બાપના ઘરની જેમ રહે
– યશોધર મુનિ ચરિત્ર
શ્રીમતી કંચનબેન છોટાલાલ
ચત્રભુજ શાહ – મુલુન્ડ (વે)

૯૦) મહાન એમ ને એમ નથી બનાતું, મહાન બનવા માટે
સરળતા–નિખાલસતાનો મહાન ગુણ જાળવવો જરૂરી છે
– સૂરિ પુરંદર



શ્રીમતી ધાકોબાઈ મોહનલાલજી ભંડારી (ખુડાલા)
હ. હેમરાજ, બ્રિજેશ, અમીત, પ્રભાવતી, વર્ષા, સેજલ, વીહાર
ફર્મ : લલીતસાડી સેન્ટર, ધારવાડ



૯૧) ઘમંડ કરશો નહીં,
આખા જગતને ઉદ્યોતિત કરનારા
અને પોતાની એકની સત્તાથી
કરોડો તારાઓને નિસ્તેજ કરનારા
સૂર્યનો પણ અસ્ત થાય છે.

– યશોધર મુનિ ચરિત્ર

શા. કેવલચંદ સુખરાજજી લલવાની (કોસેલાવ)
સુપુત્ર : સુરેશ, મહેશ, પ્રવેશ
ફર્મ : સુરેશકુમાર કેવલચંદ – ધારવાડ

૯૨) બાહ્ય-તપની બેપરવા કરીને જે આભ્યંતર તપ-સ્વાધ્યાય - ધ્યાનાદિ સાધવા જાય છે, એ ખોરાક વિના એકલા વ્યાયામથી શરીર મજબુત કરવા ઇચ્છે છે. - *તાપ હરે તન મનના*



શ્રીમતી નૈનીબાઇ સાગરમલજી સોલંકી (સાચોડી)
હ. ફતેચન્દ, અમીતકુમાર, બીપીનકુમાર, પૌત્ર - ગર્વ
ફર્મ : વીશ્વગંગા રોલીંગ મીલ, હુબલી


૯૩) સારૂં બહારથી નથી આવવાનું, અંદરથી કાઢવાનું છે,
એ ખ્યાલમાં રહે તો સામાન્ય દેખાતાં સંયોગોમાંથી
અપૂર્વ લાભ ઉઠાવી શકાય – મહાસતી દેવસિકા
શા.ભંવરલાલ ચૌથમલજી રાઠોડ – બાલી
સુપુત્ર : અમીત, હીતેશ પૌત્ર : દર્શીલ, ભવીકા
ફર્મ : રાઠોડ મેટલ્સ, સુપર માર્કેટ, ધારવાડ

૯૪) વિષયો અને માનાકાંક્ષાની લાલચ તો જીવના
સત્ત્વને નિચોવી નાંખે છે, પછી એની ફસામણી
માંથી બચવાનું જોમ રહેતું નથી – *મહાસતી દેવસિકા*



શા. અરુણકુમારજી વક્તાવરમલજી તલેસરા – સાદડી
ધર્મપત્ની : મધુબાલા, સુપુત્રી – દર્શી
ફર્મ : અરુણ જ્વેલર્સ – ધારવાડ

૯૫) ભૂલ બીજાની હોય તો પણ આપણે ક્ષમા માંગવી જોઈએ. એમાં દિલની ઉદારતા વિકસે છે. અને બીજાનો સ્નેહ-સદ્ભાવ કેટલોય વધી જાય છે – ક્ષમાપના



શ્રીમતી પરસનબાઈ ભીકમચંદજી પોરવાલ (તખતગઢ)
સુપૌત્ર : પોપટલાલ, સુપૌત્ર : વીક્રમ
ફર્મ : પોરવાલ જ્વેલર્સ, ગાંધી ચૌક, ધારવાડ

મુખ્ય છે. તે ખબર છે તે માટે રૂપિયા ખર્ચવા ય પડે એ કંજુસાઇ નથી.

એક કંજુસને ડૉક્ટરે કહ્યું – પહેલાં આ આ ટેસ્ટ કરાવો. પછી ઓપરેશન કરાવવું પડશે. લાખ રૂપિયા થશે. કંજુસ – ના. મારે આ ખરચ ન જોઇએ. ડૉ. – તો મરી જશો. કંજુસ – વાંધો નહી. મરવાનો ખર્ચો દસ હજાર રૂપિયા જ છે. આ મૂર્ખામી ગણાય છે. કેમકે રૂા. કરતા શરીર વધુ નિકટ છે ને વધુ સ્થિર છે.

હવે આગળ વધો, શરીર અને આત્મા... શરીર દૂરનો સંબંધી છે. આત્મા આપણે પોતે છીએ. આખા દિવસમાં શરીરની કાળજી કેટલી ને આત્માની કાળજી કેટલી? શરીરમાટે સાવધાની કેટલી ને આત્મામાટે કેટલી? શરીર પર ઘા પડે ને હાયવોય થાય અને આત્મા પર પડેલા ઘા દેખાતા પણ નથી. આત્મા જ મુખ્ય છે. બાકી બધું ગૌણ છે. વર્તમાન કાળમાં સૌથી તકલાદી શરીર છે. શરીર ગયા પછી કદાચ નામ ટકે, પણ તે આપણે જોવા આવવાના નથી. દેવલોકમાં ગયા પછી તકતી પર નામ વાંચવા આવતા નથી.

ભરતચક્રી છ ખંડ જીતીને ચક્રવર્તીના આચાર મુજબ એક મોટી કોટીશિલા પર નામ લખવા જાય છે. ત્યાં વાંચવા જનાર કોઇ નથી. છતાં માણસને મોહ હોય છે. પત્રિકામાં તમારું નામ કોણ વાંચે? છતાં મોહ છે. ભરતચક્રી આપણા મોહને મેગ્નીફાય કરે છે. ભરતચક્રીને નામ લખવું છે, પણ જુએ છે તો હાઉસફુલ છે. પૂર્વના ચક્રવર્તીઓના નામથી ભરપૂર છે. નો પ્લેસ. રીપ્લેસમેંટ કરો તો જ કામ થાય. તમારે તો માત્ર નામ આવવું જોઇએ તેમ નહી. સાઇઝની પણ મારામારી છે. આનું નામ મોટા અક્ષરે અને મારું નાનું? ભરતનું નામ લખવાની જગ્યા નથી. કોક એકનું નામ ભુંસે, તો જ જગ્યા થાય. નામ ભુંસ્યું અને ભરતચક્રીએ પોતાનું નામ લખ્યું. આંખમાં આંસુ આવ્યા. અનિત્યતાનું પ્રથમ બોધતત્ત્વ મળ્યું. કોઇ વાંચવાનું નથી, છતાં લખે છે ને ભવિષ્યમાં ભુંસાશે એની કલ્પનાથી ત્યારે ઘા પડે છે, આ પણ કોક ચક્રી ભુંસશે.!!

અવિનાશી સિદ્ધ કહે છે – વિનાશી પ્રત્યેની ગૃદ્ધિ – મમતા – આસક્તિ કરી બેચેની, સંકલેશ, અકળામણ કરી આર્ત રૌદ્રધ્યાન કેમ કરે છે? વિનાશીને કાં'તો કોઇ લઇ જશે. કાં પોતાની મેળે જશે. આ બે નહી થાય તો છેવટે તું પોતે જતો રહેશે. તે માટે આટલો સંકલેશ! મારામારી...! ઈર્ષ્યા....! સ્પર્ધા....! તુલના....! જોઇ જોઇને બળવું....! કેટલા નાટકો? આજે તું જેને લેટેસ્ટ માને છે, તે કાલે આઉટ ઓફ ફેશન છે. કોઇના ઘરે ટી.વી. જોઇને કેમ બળો છો? એ શું અવિનાશી છે? એ તો આવતીકાલે આઉટ ઑફ ડેટ થવાનું છે.

વિનાશીનું આટલું આકર્ષણ કેમ છે? અવિનાશીનો સાક્ષાત્કાર કર્યો નથી ને

વિનાશી સતત અનુભવમાં છે. સતત એના જ સંસ્કારો છે. આત્મા સતત સાથે છે, છતાં સાક્ષાત્કાર ક્યાં થયો? સીમંધર સ્વામી આવે તો પણ તમને સાક્ષાત્કાર નથી થવાનો. ઉલ્ટુ તમે તો સીમંધર સ્વામીને ચેલેંજ આપશો, તાકાત હોય તો અવિનાશીનું આકર્ષણ કરી બતાવો. વિનાશી પ્રત્યે એવા આકર્ષિત છીએ કે અવિનાશી આત્માનું આકર્ષણ થશે જ નહી. ભલેને છ-છ કલાક દેશના આપો. અનંતા તીર્થંકરો આવ્યા, પણ અમને કાંઇ ફરક ન પડ્યો. જેમ પુષ્કરાવર્ત મેઘમાં મગશૈલ ન ભીંજાય. કારણ અનાદિકાળના સંસ્કાર પરભવમાં સાથે આવે.

૧) શરીર :- આખા દિવસમાં આત્માના પ્રશ્નો શરીરના પ્રશ્નો. માવજત કોની થાય? શરીરની સુખાકારી માટે દોડીએ છીએ કે આત્માના આનંદ માટેના પ્રયત્ન માટે દોડીએ છીએ? માટે સિદ્ધોને નમવાનું છે. આપ અવિનાશિતાને પામ્યા. અમને પણ પમાડો. અમારા વિનાશી પ્રતિ આકર્ષણનો ભુક્કો બોલાવો. અન્યથા આ આકર્ષણ અમને ગૃદ્ધિ - આસક્તિ - મમતા - ઈર્ષ્યા - ગારવ - સંજ્ઞા - આર્ત રૌદ્રધ્યાનમાં લઇ જાય છે. શુભલેશ્યાનો ભુક્કો બોલાવે છે. જો અવિનાશીનું આકર્ષણ ઊભું થાય તો મોક્ષે જવાની પણ જરૂર નથી. અહીં જ મોક્ષ છે. કપરકાબી તુટ્યા? ના, એ ક્યારે અખંડ હતા? પુદ્ગળના કેટલાક સ્કંધ તુટ્યા ને બીજા કેટલાક સંધાયા તો એ 'કપ' કહેવાયો. મૂળમાં જ એ અખંડ હતો નહીં. આવી જો સ્વસ્થ ભૂમિકા છે, તો મોક્ષાનંદ અહીં જ છે. ૨) સંપત્તિ :- દસ લાખ રૂપિયા ગયા તો મારા હતા જ કયારે? છગનના દસ લાખ રૂપિયા જાય તો મગન રડે? ના. ઉલ્ટું ખુશ થાય. એ તો એ જ લાગનો હતો. પૈસાની તો કથા છે એ આવ્યા, એ ગયા. નાના સ્ટેશન પર રાજધાની એક્સપ્રેસ ઊભી ન રહે. ત્યાં પ્લેટફોર્મ પર કેટલી રહે? કલાકે ૧૩૦ની કી.મી. સ્પીડ. એક મિનિટમાં ૨ km. પ્લેટફોર્મ પસાર કરતા ૧૫ સેકંડ લાગે. ભગવાન કહે છે. નહી ઊભા રહેવાના સ્ટેશન પરથી રાજધાની જેટલી સેકંડમાં પસાર થાય છે, તેનાથી ઓછા કાળમાં તમારા હાથમાંથી સંપત્તિ સરકી શકે છે. એના માટે સંકલેશના પડીકા કેટલા બાંધવાના? સગાભાઇને કોર્ટમાં જ મળવાનું. જતું નહી કરવાનું. છોકરા - છૈયાનું શું? એ માટે અલ્યા! તું વર્તમાનમાં ભાઇ સાથે બગાડે છે. તે તારા દીકરા રૂપિયા ઉડાવશે. જે પૈસો ટકનારો નથી. તે માટે શું કામ ઝઘડા?

૩) નામ : દીકરો નામ રાખશે તે માટે સગાભાઇ સાથે વિખવાદ કરીએ. દીકરાનું ભવિષ્ય તમારા હાથમાં નથી. દીકરો નામ નહી રાખે. સુકૃત નામ રાખશે.

૪) સંબંધો : સંબંધો જાળવી લેવા. અવસરે સંબંધો જ કામ લાગશે. આપણને સંસારના કાર્યમાં ધર્મ યાદ આવતો નથી. પણ ધર્મના કાર્યમાં સંસાર કેટલો યાદ આવે છે?

ઉપધાનની કેટલી પત્રિકા સ્વજનોને મોકલી અને કેટલી પત્રિકા સાધર્મિકોને? માળાના પ્રસંગે કોમ્પીટીશન લાગે. તમારી માળામાં કેટલા આવ્યા ને મારી માળામાં કેટલા? સંબંધોને વ્યવહારથી જાળવો એ ઠીક છે. પણ સંબંધોમાં બંધાઇ જાઓ, આસક્ત થાઓ, ગણતરી કરો, એના વિના ચાલે જ નહી, તો એ સંબંધો ક્યાં સુધી?

માણસને ખોટું લાગતા વાર લાગતી નથી. દશરથે પોતાની ત્રણે પત્નીને સ્નાત્રજળ સાથે મોકલ્યું. મોટી પત્ની કૌશલ્યા હોવાથી એને પહેલા મોકલ્યું. પણ મળ્યું નહી. વર્ષોથી દશરથને જાણે છે, છતાં વિચારે છે, સુમિત્રા અને કૈકેયીને મળ્યું. મને નહી. એ મારા નથી. મને ભૂલી ગયા. મારું કોઇ નથી. હું એકલી પડી ગઇ. એટલું બધું ખોટું લાગી ગયું કે શું કરું? મરી જાઉં? ફાંસો ખાવાની તૈયારી કરી. જોગસંજોગે દશરથ ત્યાં પહોંચી ગયા. પૂછતાં ખબર પડી. દશરથને પહેલો વૈરાગ્ય ત્યાંથી શરુ થયો.સગાઓ કેટલા સંબંધો સાચવ્યા પછી આપણા થવાના?

૫) સાધનો : નવી કાર સાથે વૉરંટીપત્ર – ૩ વર્ષની ગેરેંટી આપે. કોઇ પ્રોબ્લેમ નહી આવે. સર્વીસીંગ ફ્રી. કાંઇપણ ખામી દૂર કરી આપશું. ગેરેજમાં પડી પડી કાંઇ થાય? ના. રીપેરીંગ ક્યારે કરાવી પડે? રસ્તા પર ચાલે તો. ત્યારે કારને કાંઇક થાય તો અંદરવાળાને કાંઇ નહીં થાય? કારનું રીપેરીંગ થશે. એની અંદર રહેલાનું શું? કયું સાધન શાશ્વતુ, ભરોસાપાત્ર, વિશ્વાસપાત્ર છે કે જેના આધારે જીવી શકાય? નાશવંતને વળગવામાં, ગમાડવામાં, રમાડવામાં, પોતાનું માનવામાં, એવાં ચક્કર – પળોજણ – જંજાળ ઊભી થઇ છે કે એમાં આત્મા ક્યાં ભૂલાઇ ગયો છે એ ખબર નથી.

ઇંગ્લીશમાં 'i' નાનો કેમ થઇ ગયો? માથે ટપકું છે. તે 'I' ને નાનું કરે છે. ટપકું એટલે વળગણ, આકર્ષણ, જવાબદારી, સ્વજન, સંપત્તિ, સંબંધ, સાધનોના પોટલાઓ. એ એવા ભારી પડ્યા છે કે બિચારો 'I' નાનો થઇ ગયો. 'I' દબાઇ જવાનો. તને તારી જાત યાદ આવશે જ નહી. તને માત્ર પોટલાની જ ચિંતા રહેશે. પોટલું ન પડવું જોઇએ. હું ભલે દબાઇ જાઉં. મજુરની જેમ....

અવિનાશી આત્મા અને સિદ્ધસ્વરૂપ યાદ કેમ નથી આવતાં? માથે બહુ મોટું પોટલું છે. આપણે તો સજ્જન શિરોમણી! કોઇ કહે – આટલો ભાર! મારા ઘોડા પર બેસી જાઓ. તહત્તિ. પણ આપણે સજ્જન. પોટલું માથે રાખીને જ બેસીએ. તમારા પોટલાનો ભાર ઉતારવા ઉપધાન કરાવ્યા. પણ પછી શું?

**ધર્મધ્યાન :–** આજ્ઞાવિચય :– દરેક જગ્યાએ ભગવાનની આજ્ઞા વિચારવી. કોઇ પ્રસંગ બન્યા વિના કેવી રીતે વિચારાય? કપ – રકાબી તુટે, આ અનિત્ય છે. તે આજ્ઞા યાદ કરી. આજ્ઞાવિચય ધર્મધ્યાન થયું. પ્રસંગ વિના પણ આજ્ઞાવિચય ધર્મધ્યાન થાય? હા. મને

માનવભવનું શરીર પ્રાપ્ત થયું. મારે શું કરવાનું? માનવભવના શરીર સંબંધી સમય-શક્તિ - પુણ્ય - સાધનો મળ્યા. તેનું મારે શું કરવાનું? આ બધું પ્રભુની આજ્ઞા મુજબ વિચારવું. તે આજ્ઞાવિચય ધર્મધ્યાન.

દુનિયામાં જાતજાતના મેનેજમેંટ ચાલે છે. ટાઇમ મેનેજમેંટ, ફાયનાંસ મેનેજમેંટ, બીઝનેસ મેનેજમેંટ. તે બધા તકલાદી છે. મુખ્ય છે કે મને મળેલા શરીર, શક્તિ, સમય, પુણ્ય, સંપત્તિ, સાધનોનું મારે એવું મેનેજમેંટ કરવું છે કે જેથી મીનીમમ એફોર્ટ, મેકઝીમમ રીટર્ન મળે. ઓછામાં ઓછા કામે વધુમાં વધુ લાભ થાય. શું કરું? ખર્ચાય ઓછું ને વળતર ઘણું મળે, તેવું શું કરું?

ભગવાન આપણા મેનેજમેંટ ગુરુ છે. ભગવાન કહે છે. તને મેક્ઝીમમ રીટર્ન જોઇએ છે, તો શરીરને સંયમમાં, સમયને અપ્રમત્તસાધનામાં, શક્તિને તપમાં, પુણ્યને શાસનસેવામાં, સંપત્તિને દાનાદિ સુકૃતમાં લગાડી દે. સંપત્તિ શેરમાં લગાડીશ તો ડુબીશ. દાન કર. દસગણું મળશે. શક્તિ છે. સંસારમાં દોડી કુચો કરવા કરતાં વૈયાવચ્ચ કરી પુણ્યનો ઢગલો કર. પુણ્યને ભોગવટો કરી ખાલી કરવું છે કે એનાથી બધાના હૈયામાં તું પ્રભુશાસનને સ્થાપવા માંગે છે?

સમય છે તો ગઇકાલની સાધના કરતાં આ સમયની સાધના વધુ અપ્રમત્ત જોઇએ. આમાં હજુ કાંઇ કર્યુ નથી. માત્ર વિચારો કર્યા ને ધર્મધ્યાનનો ચેક ભગવાન આપી દે છે. તરત કમાણી ચાલુ... શરીર દુનિયાદારીમાંથી ઉંચુ નથી આવતું, સવારે શેરડીને રાત પડે ને કુચો થઇ જાય છે.

સમય - વર્ષો ક્યાંય બરબાદ થઇ રહ્યા છે. તેની પરવા નથી. હવા વિના એક મિનિટ, પાણી વિના એક દિવસ, ખાધા વિના એક મહિનો ચાલી શકે, પણ સુકૃતો વિના સો વર્ષ જતા રહ્યા. સંપત્તિ તો ઘર પરિવારની આરતી ઉતારવામાં - તેમને રાજી રાખવામાં પૂરી થઇ ગઇ. પત્ની કહે - સાડી લાવવી છે. લે રૂપિયા. પુત્રને પોકેટમની જોઇએ છે. લે રૂપિયા. તેઓને લાખો - કરોડો રૂપિયા આપ્યા પછી પણ તમારી કદર નથી. કારણ તેમને તમારી નબળી કડી ખબર છે કે મારાપર પ્રેમ છે, અહીં ૧૮૦૦૦ લખાવો. તકતી પર નામ આવે ને ત્યાં ૧૮ કરોડ આપો. તિલક પણ ન થાય. જે દીકરાને ૫૦ લાખનો ફલેટ આપ્યો, તે મરતાં બીજે દિવસે તકતી કાઢી દે છે.

સાધનો ભરપૂર મળ્યા, પણ પાપમાં ગયા. પુણ્ય શામાં? બધા વાહવાહ કરે. પ્રશંસા કરે, તે માટે પુણ્ય વેડફયા. મુમુક્ષુ તો વર્ષીદાનમાં માત્ર પૈસા ઉડાવેછે, તમે તો અબજોપતિ છો. માટે પુણ્ય ઉડાવો છો.

ઓછામાં ઓછુ વપરાય ને મેકઝીમમ રીટર્ન મેળવવા મારા ભગવાને શરીર -

સમય -સંપત્તિ - સાધન - શક્તિ -પુણ્ય થી શું કરવાનું કહ્યું છે? તે વિચાર કરવો, તે આજ્ઞાવિચય ધર્મધ્યાન.

## પોષ વદ - ૩૦

પંચપરમેષ્ઠી નમસ્કારમાં આપણે પાંચ પરમેષ્ઠીને આપણા આત્મસ્વરૂપ નિર્માણમાં પાંચ ભૂત સમાન જોઇ રહ્યા છીએ. સિદ્ધો કહે છે - તું અરૂપી થા. અનંત થા. અનંતને તારામાં સ્થાન આપ. અનંતનો સમાવેશ કર. સાંકડો સંકુચિત ન થા. તથા નાશવંતનો મોહ છોડ. રૂપ-આકાર વગેરેમાં પાગલ ન થા. જે રૂપવંત છે, જે આકારવાળું છે, જે દશ્ય છે, શ્રાવ્ય છે, તે બધું નાશવંત છે. અચાનક અલોપ થઇ જનારું છે. છોડી દે એના પરનો પ્રેમ. મુકી દે મમતા. ન રાખ એનો ભરોસો.

આચાર્ય ભગવંત 'વાયુ'ના પ્રતિનિધિ છે. તેઓ આપણા કાનમાં વૈરાગ્યના, વિરતિ-વિવેકના શબ્દો જાણે કે મંત્રદીક્ષા રૂપે ફુંકે છે. ખરેખર તો પવિત્ર વાયુ જ ફુંકાયો છે. આ વાયુ જ ખોટા સંકલ્પ-વિકલ્પના કચરા ઉડાડી મુકે છે. વાયુસમાન આચાર્યના ગુણ-પ્રભાવનાની કીર્તિ સુવાસ ચારે કોર ફેલાય છે.

ઉપાધ્યાય ભગવંત અગ્નિતત્ત્વ છે. સાધુને જ્ઞાન અગ્નિથી, વિનય અગ્નિથી સંયમની વિવિધ કઠોર સાધનારૂપી અગ્નિથી ભાવિત કરે છે. એમ કરીને શુદ્ધ કરે છે. સ્વયં જ્ઞાનદિપ્ત છે. ઉર્ધ્વગામી છે. વાત્સલ્યની ઉષ્માવાળા છે. અસંયમ, ઉદ્ધતાઇ, અહંકાર ઇત્યાદિ મેલ બાળી નાખનારા છે. તેથી તેઓ અગ્નિતત્ત્વનું કામ કરે છે.

સાધુ તત્ત્વ પૃથ્વી મહાભૂત સમાન છે. પૃથ્વીની જેમ સર્વસહા બની બધાનું બધું સહન કરી લે છે. આચાર્ય-ઉપાધ્યાય જે ધર્મ બીજરૂપે એમના હૃદયમાં વાવે છે, તે ઘણું થઇ, સુંદર અંકુરારૂપે થઇ એમના જીવનમાં-મનમાં-આત્મામાં પ્રગટ થાય છે. પૃથ્વની જેમ જ તેઓ બધાને આરાધનામાં-આપત્તિમાં-અનેકવિધ કાર્યોમાં આધારભૂત બને છે. આમ પાંચ મહાભૂત સમા પંચ પરમેષ્ઠીને નમસ્કાર.

નમસ્કાર નિર્યુક્તિમાં અવિપ્રનાશ આશયથી સિદ્ધપદને નમસ્કાર કરવામાં આવ્યો છે. એમના અનંતગુણો તો કારણ છે જ. ઉપકારો પણ કારણ છે. આપણે નિગોદમાંથી બહાર આવ્યા કેવી રીતે? કોઇક મહાપુરુષે સાધના કરી, તે પોતે સંસારથી છુટકારો પામી સિદ્ધ થયા. બાય પ્રોડક્ટરૂપે આપણે નિગોદથી છુટકારો પામી બહાર આવ્યા. કયા સિદ્ધ થકી બહાર આવ્યા તે ખબર નથી. સામાન્યથી માણસને પોતાના પિતા, દાદા, પિતામહ, પિતામહમહનો ઇતિહાસ જાણવાનું મન થાય.

આપણો પૂર્વજ કોણ? જેમના પ્રભાવથી નિગોદથી છુટકારો મળ્યો. તે કોણ?

તે ક્યારે સિદ્ધ થયા? કઇ સાધનાથી સિદ્ધ થયા? તેમના ગુરુ કોણ? તેમનો ચરમાર્વતમાં પ્રવેશ ક્યારે થયો? સમ્યક્ત્વ પામ્યા પછી કેટલા ભવ થયા? તેમને નિગોદથી બહાર કાઢનાર કોણ? તે કેવી રીતે સિદ્ધ થયા? એમ ત્રણ પેઢી. અનંતા સિદ્ધ સુધી ચાલે. અનંતા ભૂતકાળના સિદ્ધોનો ઇતિહાસ જાણવાનું મન થાય. કેવલજ્ઞાન વિના ન જણાય. કેવલી પાસેથી પોતાના સિદ્ધ પિતા તો ખબર પડે જ.

પણ આપણને ભૂતકાળ કરતાં ભવિષ્યમાં વધુ રસ હોય છે. કુંડલી શા માટે બતાવો? હું ક્યા ગુરુનો શિષ્ય થઇશ? ક્યા ભગવાનના શાસનમાં મોક્ષે જઇશ? કઇ સાધનાથી મોક્ષ મળશે? ત્યારપછી કયો જીવ નિગોદમાંથી બહાર આવશે. તે મોક્ષે ક્યારે જશે? અનંત સિદ્ધોની પરંપરા આપણા પૂર્વજોની છે. તેમનો ઉપકાર - નિગોદમાંથી બહાર કાઢ્યા, સાધના એમણે કરી, કષ્ટ એમણે સહન કર્યા, કોઇ ગજસુકુમાલ - મેતારજ જેવા થઇ સાધના કરી એમણે, ને ભાગ્ય ચમકયું આપણું. એક જીવ સિદ્ધ થયો ત્યારે અનાદિ નિગોદમાંથી બહાર નીકળવા અનંત જીવો તૈયાર હતા, ભવિતવ્યતા આપણી સારી કે તે અનંતામાંથી આપણો નંબર લાગ્યો.

જે પોસ્ટ માટે ઘણાંની ડીમાંડ હોય, તે તમને મળે તો તે પોસ્ટ જાળવવા કેટલી તકેદારી હોય? મેનેજરની પોસ્ટ માટે દસની અરજી આવેલી હતી. તેમાંથી તમને પોસ્ટ મળી. પછી હવે તેને જાળવવા કેટલી કાળજી? કારણ બોસ ચાહે તો તમને કાઢી પણ શકે. બોસ કહે - હું ધારું ત્યારે કોઇને પણ રવાના કરી શકું છું. આપણે બોસ નથી. મેનેજર છીએ. અને ખબર છે, દસની કોંપીટીશનમાં મારો નંબર લાગ્યો છે. ગફલત કરીશ તો બોસ કાઢી નાંખશે. તેથી તકેદારી રાખે.

કર્મસત્તા, ભવિતવ્યતા ને સ્વભાવ ભેગા મળીને કહે છે - અમારી ટીમે તને અનાદિ નિગોદમાંથી પસંદ કર્યો છે. હવે જો પસંદગીને અનુરૂપ કામ નહી કરો, તો ડીસમીસ તો નહી કરાય, પણ સસ્પેન્ડ તો કરી જ નાંખીશું.

સરકારી ઓફીસમાં આવું હોય, રજા પર ઉતારે. અહીં સસ્પેંડ કરવા એટલે પાછા વ્યવહારરાશિની નિગોદમાં મોકલવા. અનંતામાંથી આપણી પસંદગી કરી. એક ઉત્તમ જીવ મોક્ષે ગયો. તેની સામે ભરપાઇ કરવા માટે જેને નિમવામાં આવે, તેનામાં કાંઇક તો ઉત્તમતા જોઇએ ને? એક મેનેજર ગયો તો બીજો મેનેજર રાખ્યો, તેનામાં કાંઇક તો ક્વોલિફીકેશન જોઇએ ને?

સિદ્ધો કહે છે - તું મારી બદલીમાં મારા સ્થાને આવ્યો છે. તું મારા જેવો બન, જો તને મારો ઉપકાર દેખાય. તો મારા જેવી સાધના કર. મારા જેવા બનવું છે, અનંત સુખી થવું છે, તો ઘણી ઘણી શરત છે. તેમાં સિમ્પલ શરત - જે ટકાઉ છે તેને તું પકડ. જે

નાશવંત છે, તેને પકડવાની – જાળવવાની વૃત્તિ છોડી દે. જો નાશવંત પાસે આવી ગયું છે, તો તેની પાસેથી કેવી રીતે લાભ થાય? તે જ વિચાર.

કંપનીમાં કામચલાઉ નોકર કાયમી ન હોય. સવારે નિયુક્ત કર્યા. સાંજે રવાના. કેમ? કાયમી નોકરોનો ભાર વધ્યો છે. તેમનો લોડ ઓછો થાય તે માટે કામચલાઉ નોકર લેવાય. આપણા દર્શનાદિ ગુણો, તેનાથી ઉત્પન્ન થનારા ક્ષમાદિ ગુણ આ આપણા કાયમી છે. આ ભવના તમામ સ્વજન-સંબંધ – વસ્તુ કામચલાઉ નોકર જેવા છે. મકાન લીધું બાર વર્ષે બદલાવ્યું. કાર લીધી – ચાર વર્ષે બીજી. બધું છોડવાનું છે. કોઇને પંદર દિવસે, મહિને, વર્ષે, ૫ – ૧૦ વર્ષે, છેવટે જીંદગીના છેવાડે પણ છોડવાના તો છે જ. આવા ટેમ્પરરી કામદારને બોસ બહુ સાચવે નહી. ઠીક છે. બપોરે એક ટાઇમ ખાવાનું આપી દેવું. બાકી એને ન્હવડાવો, ધોવડાવો, પફ – પાવડર – ફેશન કરો, તો કેમ ચાલે? પગાર આપે ને કામ ન કરે તો બોસ ન ચલાવે. શેઠ કહે – ચલ, બે કલાક કામ ઓછું કર્યુ. પાંચ રૂપિયા ઓછા.

બાકીના મજૂરો ચાર –ચાર ઇંટ લે છે. એક મજૂર બે – બે ઇંટ જ લે છે. બોસે પૂછ્યું – કેમ? એ કહે– એ બધા કામચોર છે. તેમને બે ફેરા ફરવા નથી. હું પૂરા ફરીશ. તમે જેને આ ભવે પકડ્યા છે, તે તમારા બોસ છે (રોજિયા = રોજના વેતન પર કામે રહેનારા) કે રોજિયા કામદારો છે? શરીર રોજિયો છે કે કાયમી? તે શરીર પર કપડા છે તે, ઘડિયાળ, ગળામાં સોનાની ચેન પહેરી છે તે, કાર.... આ બધા રોજિયા છે કે પરમેનેંટ? રોજિયા પાસે તો પૂરેપૂરું કામ લેવાનું, નહિંતર પગાર ઓછો આપવાનો.

જે ટકાઉ છે તેને પકડ. જે ટકાઉ નથી, તેની પાસેથી પૂરતુ કામ લઇ એને રવાના કર. પણ જો તું એને પકડવા જશે તો જે આરાધવાનું છે, તે અહીં રહી જશે. જે ધ્રુવ છે, સ્થિર છે, કાયમ ટકવાનું છે, તેને ભૂલી જઇ, ચંચળ, ચલ, અસ્થિર છે, અશાશ્વતને પકડે છે. તો સ્થિર – શાશ્વત નષ્ટ થાય છે. બાવાના બે બગડે. અશાશ્વત તો જવાનું જ છે. શાશ્વત પણ ખોટું લાગતા જતું રહે છે.

''હે સિદ્ધો! વિનાશીનો ઊભો થયેલો મોહ દૂર કરાવી મને અવિનાશીનો રંગ લગાડો. નાશવંતને કોઇ બગાડે તો તેની માટે ઝઘડો કરું છું. તે સામે બળ આપો. મને અવિનાશીનું આકર્ષણ ઊભું થાઓ, શાશ્વત એવા આત્માપર પ્રેમ ઊભો થાઓ.'' આપણી એવી કમનસીબી છે કે જે આપણે છીએ તે આત્મા પર પ્રેમ જ નથી. દુનિયામાં સારું દેખાય ને ભલભલા પર પ્રેમ કરી તેની લ્હાયમાં દુ:ખી દુ:ખી થઇ જઇએ છીએ. ને જે આપણું છે. શાશ્વતું છે, તેના માટે કાંઇ લાગણી જ પ્રગટતી નથી.

સામાન્યથી એમ કહેવાય કે જે ચીજ સાથે સંબંધ વધારે, તે સાથે તેટલી

લાગણી વધારે. ટ્રેનમાં ૩ કલાક સીટ પર બેઠાં. તેટલો ટાઇમ લાગણી, ધર્મશાળામાં બે દિવસ રૂમ મારી, શરીર નામના મકાન માટે આપણે ૬૦-૭૦ વર્ષનું બુકીંગ કરાવ્યું. માટે લાગણી વધારે હોય કે આમાં ૬૦-૭૦ વર્ષ કાઢવાના છે, માટે એને સાચવી લો.

પિતા કરતાં પુત્ર પર પ્રેમ કેમ વધારે? પિતા સાથે સંબંધ હવે પૂરા થવાના. પુત્ર સાથે દીર્ઘકાલીન સંબંધ હજી બાકી છે માટે. જેની સાથેના આપણા ભાવીના સંબંધ લાંબા ચાલવાના છે. તેને વધુ સાચવો.

આ નિયમમાં પણ એક અપવાદ છે. જેમ પાણી માટે નિયમ છે કે જેમ જેમ ઠંડુ પડે તેમ તેમ ઘનતા વધે. અને જેમ જેમ ગરમ થાય તેમ તેમ ઘનતા ઘટે. ઠંડુ પાણી નીચે જાય, ગરમ પાણી વરાળરૂપે ઉપર આવે. ગરમી મળે તેમ તેમ પાણી કદ પ્રસારણ કરે. ઉપર જાય. ઘનતા ઘટે ને સંકોચન થાય, ઘનતા વધે. ૫ C. થી ૧૦૦ C. સુધી આ નિયમ ચાલે. પણ ૪ સેન્ટીગ્રેડથી ૦ સેંટીગ્રેડમાં આ નિયમમાં અપવાદ છે કે આમાં પાણીની ઘનતા ઓછી થાય. તેથી બરફ પાણીમાં તરે.

આ કુદરતી સિદ્ધાંત અહિંસા ધર્મ માટે પણ જરૂરી છે.ચારથી ઝીરો સેન્ટીગ્રેડમાં આખું ગણિત બદલાઇ જાય, પાણી વજનદારને બદલે હલકું થાય, તેથી બરફ તરે. કાશ્મીરમાં દાલસરોવરમાં પાણી બરફ થાય તો અંદર રહેલા માછલાઓનું શું થાય? એ માછલા જીવતા રહે એ માટે કુદરતે સિદ્ધાંત બદલ્યો. ઉપર પાણી થીજેલું હોય. અંદર પાણી સ્વાભાવિક હોય. બરફ ઉપરની ઠંડી નીચે ન જવા દે. તેથી અંદરનું પાણી થીજે નહી ને માછલા મરે નહી. કુદરત જીવોને બચાવવા આખું ગણિત કેવું બદલી નાંખે છે!

આવા પ્રસંગમાં લંડનમાં બે ગુજરાતીભાઇ ડુબી મર્યા. સરોવર ઉપરથી આખું થીજીને બરફ થયું હતુ. પોતાના સ્વજનોના મડદાની રાખ નાંખવા ગયા. બરફ માની તેની ઉપર ચાલ્યા. અંદર ડુબી ગયા. આખું તળાવ બરફ નથી થતું. કુદરતે પણ માછલીને જીવાડવા ગણિત બદલ્યું.

તેમ જેની સાથે ભવિષ્યમાં લાંબો સમય રહેવાનું હોય તેની સાથે લાગણી વધારે હોય. પણ આ નિયમમાં અપવાદ છે. આપણો આત્મા અનંતકાળથી છે. સામાન્ય નિયમથી કોને વધુ જાળવવો? સાચવવો? મમતા - પ્રેમ કરવો? જેનો સંબંધ લાંબો ટકવાનો છે તેને.... પણ તેમાં અપવાદ છે. જેની સાથે સૌથી દીર્ઘકાલીન સંબંધ છે, તે આત્માપર જ પ્રેમ નથી. તેની ચિંતા નથી. માત્ર ભૂતકાળનો સંબંધ હોત તો તો સમજ્યા. પણ ભવિષ્યના અનંતકાળ પણ આ આત્મા જ આપણો છે, આપણો રહેવાનો છે.

ભગવાન કહે છે - પાંચેય શરીર છોડી જે બચે તે તું છે. તમામ સંબંધોને છોડી

જે બચે તે તું છે. તમામ વિશેષણોને છોડી જે બચે તે તું છે. વિશેષણ – શરીર – સંબંધના પીંછા છોડી જે બચે તે તું છે. સિદ્ધો અશરીરી છે. અસંબંધી છે. અસંગ છે. જ્યાં એક સિદ્ધ છે, ત્યાં અનંત સિદ્ધો છે. છતાં કોઇ સંબંધ નથી. એકબીજા સાથે અનંતકાળથી મૌન છે. બોલવાના નથી. કેવા અતડા કહેવાય! આ અસંગતા એમનો ગુણ છે. શબ્દથી સંગ ઊભા થાય. તમને બોલવું ગમે, પરિચય વધે, વિઝીટીંગ કાર્ડ અપાય. પછી સંબંધ વધે, પછી તકરાર.

સિદ્ધ ભગવંતો કહે છે. જગતના શરીરથી માંડીને તમામ સંબંધો છોડ્યા પછી જે બચે તે તું છે. બધી મમતા – આસક્તિ કાઢી નાંખ. જ્યાં જ્યાં અહં – મમ લગાડ્યું છે, તે છેકતો જા. નેકેડ = નગ્ન થયેલો... આત્માના તમામ આવરણ કાઢી દે. તે પછી જે બચે તે તું છે. ગરીબ, શ્રીમંત, ચતુર, બેવકુફ, કંજૂસ, ઉદાર, ક્રોધી, માની, માયાવી, લોભી... આ તમામ આવરણોને કાઢતો જા. આપણું તો કાંઇ દેખાય જ નહી.

પતિ કોબી લઇ આવ્યો. પણ સાંજે રસોઇમાં દાળભાત જ. કેમ? પત્ની કહે – હું છાલ કાઢતી જ ગઇ, કાઢતી જ ગઇ, પણ પછી કાંઇ બચ્યું જ નહી. કોબીના બધા આવરણ કાઢો તો કદાચ કશું નહીં બચે. પણ આત્માપરના સંજ્ઞારૂપ, સંસ્કારરૂપ, કર્મના ઉદયજન્ય ને કર્મના વળગાડરૂપ જે-જે આવરણો છે, તે દૂર કરશો તો એક શુદ્ધ, સ્વરૂપસુંદર, અદ્‌ભુત, અનુપમ, આનંદઘન, અલૌકિક આત્મસ્વરૂપ અવશ્ય બચશે. જેટલા આવરણ છે. તે નાશવંત છે. જેટલા સંબંધ છે, તે સંક્લેશકર છે.

સિદ્ધો કહે છે તું નમે છે મને અને ઇચ્છે છે પેલા સંગયુક્તોને ? નમસ્કાર બે અર્થથી કરાય – તું મારાથી સો ફૂટ દૂર જ રહેજે. તેને દૂરથી જ નમસ્કાર. આ ભાવથી નમસ્કાર નથી ને? કેમ નમસ્કાર? તમે જે અવિનાશ સ્વરૂપ પકડ્યું. તે સતત મને યાદ આવે. હું અજ, અમર, અસંગ, શુદ્ધ, બુદ્ધ, નિરંજન, નિરાકાર... આ બધું સતત યાદ રહે. દુન્યવી બધા સંબંધોના-સાધનોના-નાશવંતોના મેળામાં ભૂલો ન પડી જાઉં, માટે નમસ્કાર.

મેળામાં મ્હાલવા જવાય, જાતજાતની રમત જોવા જવાય. પણ રહેવા ના જવાય. હે સિદ્ધો! હું સંસારરૂપી મેળામાં જોવા જાઉં, પણ તેને જ ઘર ન માનું માટે તમને નમું છું.

ચકડોળમાં ઉપર-નીચે, ગોળ-ગોળ ફરવું ગમી ગયું, તો એમાં આખી રાત બેસી ન રહેવાય. ચલ – ચલ, ઘરે ચલ. એક – બે રાઉન્ડ બહુ થયા. પછી તો છોડવું જ રહ્યું. જે ખાવું – પીવું – રમવાનું હતું. તે કરી લીધું. હવે તું તારા ઘરે આવ. સંસાર મેળામાં ચોર્યાસીના ચકડોળમાં અનંતીવાર ફર્યા હવે ઘણું થયું. છોડ એને. જે ચીજ

જોવાની હતી, તે જોઇ લીધી. હવે રહેવાનું તો આત્મઘરમાં જ હોય. સિદ્ધો કહે છે જે **વિનાશી છે તેને વાપરી નાંખ. જે અવિનાશી છે, તેને સાચવી લે.**

ધર્મધ્યાન :- અપાયવિચય :- મુખ્ય બાહ્ય સામગ્રી અને આંતરિક પરિણામના અપાયનો વિચાર કરવો. બાહ્ય સામગ્રી જે વસાવી છે, તે ભવિષ્યમાં લાભકારી કે નુકસાનકારી? ઘરમાં મેં ટી.વી., ફ્રીજ, એ.સી., મોબાઇલ વસાવ્યું તે મારા માટે ભવિષ્યમાં અપાયરૂપ છે કે ઉપાયરૂપ? અપાય એટલે નુકસાનકારી અને ઉપાય એટલે સિદ્ધિ માટે સાધનરૂપ. દરેક ચીજ માટે વિચારવું કે આ અપાયરૂપ છે કે ઉપાયરૂપ? શાંતિથી વિચારો તો ખબર પડે કે દુનિયાની તમામ સામગ્રી જીવને પોતાનું આકર્ષણ કરાવી, મમતા ઊભી કરાવી, દુર્ગતિના ખાડામાં નાંખે છે. એથી એ અપાયરૂપ છે.

જેમ દીવાના રૂપનું આકર્ષણ પતંગિયાને ખેંચે છે. રૂપના દીવાના પતંગિયા દીવા પાછળ દોડે છે ને મરે છે. માટે રૂપનો નિયમ છે જેટલું આકર્ષક તેટલું મારક. આપણે પતંગિયા અને દુનિયાની તમામ સામગ્રી દીવા છે. જગતના તમામ આકર્ષક તત્ત્વને દીવારૂપે જુઓ. તેમાં બળી મરનારા પતંગિયારૂપે જીવનો જુઓ. તમામ સામગ્રીને દુર્ગતિના કારણરૂપ જુઓ. આકર્ષકતા સાથે અપાય જોડાયેલો છે. દુનિયાના સાધનોથી શું નુકસાન થાય તે વિચારવું તે અપાયવિચય.

આકર્ષણનું પ્રથમ નુકસાન એ છે કે એ મળેલા શક્તિ - સમય - સંપત્તિ - પુણ્ય ધર્મમાં વાળવાને બદલે અધર્મમાં વાપરવા લલચાવે. સમય હતો સામાયિકનો - ટી.વી. જોવામાં આપ્યો. સાધનને સાધનામાં જોડવાના બદલે ભોગમાં વાપરીએ. ચૈત્યપરિપાટી, ગુરુવંદન માટે કાર ઉપયોગી થાત.

દીકરાને કહે - સાધુ મ.સા. ને વંદન કરવા જવું છે, કાર આપ. દીકરો કહેશે - ના તમે ટેકસીમાં જાઓ. મારે ઓફીસે જવાનું છે.

સંપત્તિ સુકૃતમાં વાપરવા મળી હતી. તે જ સંપત્તિ દુનિયાના આકર્ષણોના કારણે ફાઇવ સ્ટાર હોટલમાં ગઇ. નાની સામગ્રીના બીલ મોટા હોવા તે ફાઇવ સ્ટાર હોય. જે ચા ઘરે રૂપિયામાં પડે, બાંકડા પર બે રૂપિયામાં, સાદી હોટલમાં ૧૦ રૂપિયામાં. તે ફાઇવસ્ટાર હોટલમાં ૧૦૦ રૂપિયામાં પડે.

જે પુણ્ય સ્વ-પર આત્મોદ્ધારમાં જવાનું હતું, તે પુણ્ય પીક્ચર જોવામાં - ટુરમાં વાપર્યું. કમાયેલી સંપત્તિ પરિવારને લહેર કરાવવામાં વાપરી. જે પુણ્યથી શાસનનું કંઇક સર્જન થાત, તેનાથી તમે ઘર - ફર્નીચર - દુકાન - કાર વસાવ્યા.

તમે પૌષધમાં છો. અને તમારા ટી.વી. ને છોકરાઓ જુએ, તો તમને પાપ લાગે? હા. કારણ તમારા પચ્ચક્ખાણ દુવિહં તિવિહેણં છે. અનુમોદના ચાલુ જ છે. આ

દુન્યવી સાધનોની તાકાત છે. અકાળે મોત કરાવી શકે છે. નિકટની વ્યક્તિ સાથેનો સંબંધ તોડાવે, નાની નાની બાબતમાં સંકલેશમાં લઇ જઇ શકે છે. આ વિચાર તે અપાયવિચય.

એકનું એક ટી.વી.ને તેમાં કઇ ચેનલ જોવી તે માટે ઝઘડાથી સંબંધ બગડી શકે. તે પંચાત ઉકેલવા અલગ રૂમે અલગ ટી.વી. પછી શું જુએ કોને ખબર? પાછળથી ખબર પડે કે આ તો આવું આવું કરે છે. પણ કાંઇ કહેવાય નહી ને સહેવાય નહી. પછી સંતાપ – સંકલેશ – આર્તધ્યાન – દીકરાપર ક્રોધ કરો તો રૌદ્રધ્યાન. દુનિયાના સાધનો ભલે વાપરો પણ તેની વાસ્તવિકતા તો સમજો. ભલે સર્વવિરત સમકીતિ ન બનો. પણ અવિરત સમકીતિ તો બનો. મિથ્યાત્વી કેમ બનો છો? We can't change. અત્યારની લાઇફમાં આવું જોઇએ જ. સાચું સમજવા જ તૈયાર નથી. તે મિથ્યાત્વી.

દુનિયામાં ત્રણ મેડલ અપાય છે ગોલ્ડ, સિલ્વર, બ્રાસ. સમજીને બધું છોડે તે સર્વવિરત સમકીતીને સુવર્ણ ચંદ્રક. સમજીને થોડું છોડે તે દેશવિરત સમકીતિ ને રજત ચંદ્રક. સમજી લે, પણ છોડી ન શકે, તે અવિરત સમકીતિ. તેને કાસ્યચંદ્રક. પણ સમજે જ નહી તે મિથ્યાત્વી. ભલે ભોગવો, પણ વાસ્તવિકતા તો સમજો. તમે કાસ્યચંદ્રક તો મેળવો. સાવ નીચે ન ઉતરો. ખરેખર તો એમ થવું જોઇએ કે ભોગ મારા લાગ્યા છે કે મને 'વિષય ભોગવો' નો સંનિપાત ઉપડયો છે.

ઘરે આવેલા છગનને મગને પૂછ્યું – શું લઇશ? ચા કે કોફી? છગને કહ્યું – છોડને પંચાત. સીધા રોકડા જ આપી દે.

વાત આ છે કે બધા ધન–સાધન–ભોગ–ઉપભોગના વિચારમાં જ રમે છે. પણ અમે કહીએ છીએ – એના લાભાલાભના પણ વિચાર તો કરો.

## મહા સુદ – ૧

નમસ્કાર મહામંત્રમાં પાંચ પરમેષ્ઠીને વંદન છે. જૈન શાસનમાં પંચાંગ પ્રણિપાત નમન છે. જેમાં મસ્તક–હાથ–પગ મળી પાંચ અંગ નમે છે. જમીનને અડે છે. તે પંચાંગ પ્રણિપાત. શરીર એ જો ઘટ છે, તો મસ્તક એના ઉપરનો ભાગ છે. એ પૂરે પૂરું નમવાથી આ ઘડો ખાલી થાય છે. માથુ નમે છે ને કહે છે 'હું બધું જાણું છું' એ જ મારું સૌથી મોટું અજ્ઞાન છે. હવે હું નમ્યો. એ ભ્રમ ગયો. માથુ ખાલી થયું. હવે એમાં હે ભગવંત! સત્યજ્ઞાનના તેજ કિરણ ભરો! મને જ્ઞાનામૃતથી ભરો.

મારા બે હાથ નમ્યા. અત્યાર સુધી અહંકાર હતો – હું જ બધું કરું છું. હવે એ

અહંકાર મુકી દઉં છું. સ્વીકારું છું કે આપના અનુગ્રહ - આશીર્વાદથી જ મારા ને બધાના કામ થાય છે. હવે મારે ગાડા નીચે કુતરાનો રોલ કરવો નથી. હે પરમેષ્ઠીઓ ! મને નિર્દોષ, નિરપેક્ષ, નિર્લેપ, નિસ્પૃહ ને નિર્મદ ક્રિયાકારિતા અર્પો !

હે જગતના પરમ આલંબનભૂત પરમાત્માઓ ! હું આપ આગળ મારા ઘુંટણ ટેકવું છે. અત્યાર સુધી અહંકાર હતો, મારા ઘુંટણના બળપર ઘર-પરિવાર ઊભા છે. પણ હવે એ અહંકાર મુકી દઉં છું... હવે મને ભાન થાય છે કે મારા ઘુંટણ મારો ભાર ઝીલવા પણ સક્ષમ નથી, તો બીજાઓના ભારની તો વાત જ ક્યાં? મારા શ્વાસ, ધબકાર, જીવનના આપ જ આધાર છો! આલંબન છો! મારો ભાર પણ કૃપા દ્વારા આપ જ ઉઠાવો છો! ઓ પરમેષ્ઠી ભગવંતો! આપ આ નમનના બદલામાં અહંકાર હટાવી જ્ઞાન-વિવેક-ક્રિયા-વૈયાવચ્ચ-સેવાના અંશ મારામાં પ્રગટાવો !

સિદ્ધ ભગવંતનો મુખ્ય ગુણ અવિપ્રનાશ. મોક્ષમાર્ગ અખંડ છે. ત્યાં ગયેલા અનંતકાળમાટે ત્યાં જ સ્થિર છે. વર્તમાનની સામગ્રી માત્ર સાધન છે. જેને મોક્ષે જવું છે, તેને તે તમામ સામગ્રી ઉપકરણ બની શકે છે. આપણને મળેલું મન-શરીર છે તો તકલાદી, પણ તેનાદ્વારા મારે મારા શુદ્ધ સ્વરૂપને પ્રગટાવવું છે, અનંત ભાવીનું અનંત જ્ઞાનસ્વરૂપ પ્રાપ્ત કરવું છે. આ આશયથી મનઆદિ સાધન વાપરો, તો ઉપકરણ બને. અન્યથા તમને સંસારના અધિકારી બનાવતા હોવાથી અધિકરણ બને છે. એ નાશવંત છે. નાશ નહીં થાય, તો વિયોગ તો થવાનો જ.

ધન્નાજીના પ્રસંગમાં કંજૂસે પોતાની સાથે પરલોકમાં આવે એ માટે રત્નો ખાટલાના પાયામાં નાખ્યા. પુત્રોને કહ્યું કે મને આ ખાટલા સાથે જ બાળજો. આસક્તિ - મમતા - મોહદશા આપણને આંધળા કરી નાંખે છે. તેથી વાસ્તવિકતાને સ્વીકારી શકતા નથી. તેથી માનીએ છીએ કે કે આ મારું જ છે. બીજા પાસે ન જવું જોઇએ. પછી નાશ થાય ને દુઃખ દુઃખ થાય.

દીકરો માતાની પાસેથી પત્ની પાસે જતાં માતાને જેમ દુઃખ થાય, તેમ આપણી સંપત્તિ બીજા પાસે જતાં આપણને દુઃખ થાય છે.

સિદ્ધ ભગવાન વાસ્તવિકતાનું ભાન કરાવે છે. આત્મહિતમાં વાપરો તો ઉપકરણ બને, નહીં તો અધિકરણ. જવાનું તો છે જ. જો ઉપકરણ રૂપે વપરાઇને નહી જાય, તો અધિકરણરૂપે પાપના પડીકા જ આપતા જશે. પાપના ચાંદલા કરીને જશે. એ રવાના તો થવાના. એનાપર આસક્તિ - મમતા રાખી પોતાના માની ચાલવું કે સદુપયોગ કરવો? ધર્મે આપેલી પણ કોઇ ચીજ શાશ્વતી નથી તો કર્મે આપેલી કોઇ ચીજ શાશ્વતી ક્યાંથી હોય?

કર્મસત્તા મોટો શેઠ છે. એ આપણું પુણ્ય લઇ સામગ્રીઓ ભાડે આપે છે. આપણે એગ્રીમેંટ વાંચ્યા વગર સહી કરી દીધી. તેણે ત્રણ કોલમ બનાવી છે. ૧) આ મેં આપેલી ચીજ હું ગમે ત્યારે પાછી લઇ શકું છું. ૨) આ ચીજ આપતા પહેલાં એડવાંસમાં તમારે તમારું પુણ્ય આપવું પડશે. અને પછી દરેકના ભાડા તરીકે પુણ્ય તો આપતા જ રહેવાનું. જેમ લીવ લાઇસન્સમાં ૫૧,૦૦૦ ડીપોઝીટ અને દર મહિને ૫૦૦૦ ભાડુ તો આપવાનું જ. ૩) આટલું ભાડું આપ્યા પછી પણ આ ભાડું ઓછું જ ગણાશે. માટે તમે જો સામે ચાલી આ ચીજ પાછી સોંપશો નહી, તો હું ઝુંટવી લઇશ! ગમે ત્યારે. અને એનો અર્થ એ થશે કે તમે ભાડુ ચુકવ્યું નથી. તેના દંડરૂપે ગુલામી, મજૂરી, નોકરી કરવી પડશે.

જેમની જન્મશતાબ્દી ઉજવાઇ રહી છે, તે પૂજ્યપાદ ગુરુદેવશ્રીનું એક ફેવરીટ દૃષ્ટાંત છે – લોઅર મીડીયમ ક્લાસના જીવરામ ભાઇને પોતાની દીકરી પર પ્રેમ ઘણો હતો. 'દીકરી વ્હાલનો દરિયો'. દીકરીના લગ્ન લેવાયા. તેનું પુણ્ય પણ એવું કે બીજા ગામના શ્રીમંત શેઠનો દીકરો મળ્યો. તેઓ જાન લઇને આવવાના છે. બાપા વિચારે છે, મારી એકની એક દીકરીનો પહેલો અને છેલ્લો પ્રસંગ છે. તો સસરાપક્ષને સમકક્ષ વ્યવહાર કરું. તેમને પણ લાગે કે આ વેવાઇપક્ષ પણ સમૃદ્ધ છે. જિંદગીનો દાવ રમી તે જ ગામના સમૃદ્ધ કરમચંદશેઠ પાસે ગયા. મારી દીકરીના લગ્ન છે. મને મદદ કરો. કરમચંદ શેઠ કહે – મેં જિંદગીમાં સ્વાર્થ વગર સગા દીકરાને પણ મદદ નથી કરી. તમારી તમામ પ્રોપર્ટી મુકી જાઓ, પછી તમારે વાડી – સાડી – દાગીના – શણગાર જે લઇ જવું હોય તે લઇ જાઓ. પણ તમારે આ એગ્રીમેંટ પેપર પર સહી કરવી પડશે. તેની ૩ કલમો છે. ૧) હું માંગુ ત્યારે પાછુ આપવું.... જીવરામ–હા. હા, મારે ક્યાં રાખવાનું છે. માંગે તે પહેલા આપી દઇશ. ૨) ભાડાની રકમ પેટે લાખ રૂા. ચુકવવાના. હા. થોડી વધુ મહેનત કરશું. ૩) નહીં ચુકવી શકો તો વીસ વર્ષ ગુલામી કરવી પડશે. ઠીક છે.

વાડી – સાડી – દાગીના – શણગાર બધું લઇ ગયો. દીકરીએ શણગાર સજ્યા. સાક્ષાત્ અપ્સરા લાગે છે. બરાબર માહોલ જમાવ્યો છે. આખા નગરમાં હો હા મચી ગઇ. લોકોને ખબર નથી કે દસ્તાવેજ થયા છે. બધા મોંમાં આંગળા નાંખી વાહ વાહ કરવા લાગ્યા. અરે! આપણે તો આને જીવલો માનતા હતા, ને આ તો જીવરામ શેઠ છે. સસરાપક્ષવાળા પણ ખુશ ખુશ થયા. આવો આવો વેવાઇજી... દહેજ પણ સારું મળશે. બાપા પણ ખૂબ હરખાય છે. દાગીનાના ભાવો બતાવે છે. આ બે લાખના. આ ત્રણ લાખના.

કરમચંદ શેઠ પણ આવ્યા. લોકો તેમને કહે – અમે તમને જ મોટા શેઠ માનતા

હતા. આ જુઓ છુપા રુસ્તમ. ઓછાંમાં ઓછા દસ લાખના દાગીના, દસ હજારની સાડી છે. તમારું ય આટલું નથી. આ સાંભળી કરમચંદ શેઠના પેટમાં તેલ રેડાયું – માલ મારો ને વાહ વાહ એની. લગ્નવિધિ શરુ થઇ. સાવધાન ને સ્વાહાના ઉચ્ચારો શરૂ થયા.

કરમચંદ શેઠ ત્યાં હાજર થયા. જીવરામને બોલાવ્યા ને કહ્યું – તું જાહેરમાં ખુલાસો કર – આ વાડી – સાડી – દાગીના કોના છે? જીવરામ અત્યારના વટ રહે એ માટે બોલ્યા – આ બધું મારું જ છે. મેં એડવાંસ આપ્યા છે ને? શેઠે ખીસામાંથી કાગળ કાઢી બતાવ્યો – પહેલી કોલમ વાંચ, હું ગમે ત્યારે પાછું માંગી શકું. અત્યારે જ પાછું માંગુ છું. અત્યારે જ બધું ખાલી કર. હમણાં જ સાડી ને દાગીના ઉતાર. હમણાં જ વાડી ખાલી કર. જીવરામે ઘણી આજીજી કરી. લોકોએ પણ વિનંતી કરી. પણ શેઠ નહીં માન્યા. બધું ઉતરાવ્યું. ખાલી કરાવ્યું. પછી કહ્યું – ભાડાપેટે લાખ રૂા. આપો, નહિંતર ચાલ વીસ વર્ષની ગુલામી કર. કરમચંદશેઠના આ માલ પર મજા કેટલી? ને પછી સજા....!

કરમચંદ શેઠનો માલ આપણે પુણ્યનું એડવાંસ આપીને લીધો છે. અને ભોગો ભોગવીએ છીએ ત્યારે પણ પુણ્યનું ભાડું તો ભરાતું જ રહે છે. માલ કરમચંદ શેઠનો છે. આપણને તો એણે – આપણે નહીં નક્કી કરેલા સમય પૂરતો ભાડેથી મળેલો છે. છતાં જાણે માલિક હોઇએ એમ 'મારું' 'મારું' ના લેબલ લગાડીએ છીએ, માટે કરમચંદશેઠના પેટમાં તેલ રેડાય છે. તેથી મહત્ત્વનો પ્રસંગ આવે, ત્યારે જ જાહેરમાં ફજેતો કરે છે. જાણે તતડાવીને પૂછે છે – આ મારો માલ તને ભાડેથી આપેલો... એટલા માત્રથી એ તારો કેવી રીતે થઇ ગયો? શાની બધા આગળ ડંફાસ મારે છે કે આ – આ મારું છે! ને લેબલ શાનું તારા નામનું લગાડે છે? ભાડાનું તન–મન–ધન–જીવન તારું ક્યાંથી થઇ ગયું?

તમે કહો દીકરો મારો ને કર્મસત્તા ભડકે – એ દીકરો તારો શાનો? મેં ભાડેથી આપ્યો છે. મારો મારો શાનો કરે છે? હમણાં ખબર પાડી દઉં – એ તારો કે મારો? અને સમાચાર આવે. દીકરો મર્યો. એકસીડંટ થયો છે.

તમે કહો – ફ્લેટ મારો. ને કર્મ ભડકે – ફ્લેટ તારો ક્યારનો? મેં ભાડેથી આપ્યો છે ને તું માલિક થઇ બેસે છે. લે જોઇ લે મારો ચમત્કાર. શેરબજારમાં રૂપિયા ડુબ્યા. ફ્લેટ જપ્ત થઇ ગયો. શરીર મારું. તારું ક્યારનું? મેં ભાડેથી આપ્યું છે. નથી માનતો? જોઇ લે મારો પ્રભાવ... ચાલો ૧૬ રોગો થઇ જાઓ.

કર્મે ભાડે આપેલા પર મારાપણાની બુદ્ધિ કરીએ તેટલીવાર કર્મસત્તાના પેટમાં તેલ રેડાય ને પુણ્યના ભાડાના બીલ ફાડતો જ જાય. જ્યારે લાગે કે પુણ્ય ખાલી થઇ ગયું

છે. તરત જ ઉઘરાવે. ડ્રાફ્ટ તો પૂરો, ઓવરડ્રાફ્ટ પણ પૂરો. પુણ્યબેલેન્સ ખતમ. ચાલો ઝુંટવી લો. વસ્તુ તો ઝુંટવી લે, શરીર તો ખતમ કરે... ચાલો એમ તો એમ... વાંધો નથી. પણ વધારામાં એ ક્હે – જેટલીવાર મારું મારું કર્યું, તેની સજા બાકી છે. ચાલ નરક – તિર્યંચગતિમાં... દરેક ભોગવટાનો દંડ છે, દરેક માલિકીપણાના દાવાનો દંડ છે, દરેક મારા તરીકેના રાખેલા કબજાનો દંડ છે. આમાં દરેક સમયે પુણ્ય ખર્ચાય છે, એ તો લટકામાં... અહીં તો એડવાન્સ + ભાડું + દંડ + સજા આ ચાર જોડાયેલા છે. અહીં આપેલું ઝુંટવી લે એ દંડ છે ને દુર્ગતિની પરંપરા એ સજા છે.

ભગવાન કહે છે, જેનાપર મારાપણાની બુદ્ધિ થાય તે તમામ સામગ્રી દુર્ગતિમાં લઇ જનાર છે. આપણને સાચું કહેનારા ગમતા નથી. સારું કહેનારા વ્હાલા લાગે છે. સારું કહે કે કેવો જોરદાર ફલેટ છે... કાર છે.... તો એ વ્હાલા લાગે. સાચું કહે કે આ કપડું મસોતું થવાનું. કાર ભંગાર થવાની. ફલેટ ખંડેર થવાનો. તે ગમતા નથી.

જેઓ સાચુ કહે કે – આ ફલેટ, દાગીના, કાર, કપડા, શરીર, પરિવાર બધું જ પારકું છે. તારે તો માત્ર પુણ્યનું ભાડું જેટલું ભર્યું હોય, એટલો કાળ માત્ર ભાડેથી ભોગવવાનું છે. પછી કર્મસત્તા નોટીસ આપીને કે આપ્યા વગર ઝુંટવી લેશે. આમ સાચું કહેનારા તમને ગમશે?

સિદ્ધો આપણને અવિનાશી આત્માની સતત યાદ કરાવે છે. 'એગો મે સાસઓ અપ્પા' – સંથારા પોરિસીની સત્તર ગાથાઓ સતત મનન કરવા જેવી છે. આત્મસમાધિ માટેની શ્રેષ્ઠ ગાથાઓ છે. વારંવાર રટણ કરવા જેવી છે. એટલી અદ્‌ભુત છે. અણસણ માટેની આખી વિધિ છે. આ વિધિ કરી કાળધર્મ પામ્યા, તો નિશ્ચિત સદ્‌ગતિ છે.

પહેલાં તો સંથારવાની આજ્ઞા માંગવાની. ગુરુજી! મને રજા આપો. સાધના કરી થાક્યો છું. હવે આવતીકાલની સાધના માટે આરામની જરૂર છે. સંથારવું છે – સુવું છે, પણ 'કુક્કુડીયપાયપસારણ'.... પગ લંબાવીને નહીં – અડધા વાળીને! મહાપ્રમાદ – મોત આવે તો આહાર – ઉપધિ – શય્યા બધું વોસિરાવું છું. ઉંઘમાં શરણ કોનું? ચાર લોકોત્તમ અરિહંતાદિનું. જેઓ સર્વશ્રેષ્ઠ મંગલભૂત છે. મૃત્યુ પૂર્વે પ્રાયશ્ચિત કરવું જરૂરી છે. અઢાર પાપસ્થાનક ના નામ – 'દુગ્ગઈ નિબંધણાઈ – અટ્‌ઠારસ પાવઠાણાઇં' – એમાં ક્રોધાદિ ચાર આવી ગયા. રાગ–મમતા બધું આવી ગયું. આ અઢાર પાપસ્થાનકોનું વિશેષણ મુક્યું છે – દુર્ગતિના કારણભૂત છે. તે છોડવા જેવા છે, તો રાખવાનું શું? જો તું તારી જાતને છોડી જગતની કોઇપણ ચીજ પકડશે, તો તે તને અઢાર પાપસ્થાનકમાં લઇ જશે. જે દુર્ગતિનું કારણ છે.

માટે ભાવના ભાવો – 'એગો મે સાસઓ અપ્પા' – તું કોઇનો નથી. કોઇ તારું નથી. શાશ્વત આત્મા જ મારો કે જે જ્ઞાનાદિમય છે. બાકી બધા માતા-પિતા, ફ્રીજ, ફોન, પંખા, ઘડિયાળ, સંપત્તિ, શરીર, સ્વજન બધા સંયોગો છે. જો તારા માન્યા, તો દુઃખી થવાની શરુઆત થઇ. સમ્યક્ત્વની શુદ્ધિ – 'અરિહંત મહ દેવો..' જગતના તમામ જીવો સાથે ક્ષમાપના – 'ખમિઅ, ખમાવિઅ...' છેલ્લે આત્મશુદ્ધિ –' જં જં મણેણ બદ્ધં...'

આ સંથારપોરિસી સૂત્રનું સતત ભાવન કરો તો સમાધિમરણ, સદ્ગતિ, સુકુલ જન્મ પ્રાયઃ સહજ થઇ જાય. વિચારો – હું કોણ? મારું શું? જે બધું દેખાય છે તેનું સ્વરૂપ શું? પછી થશે કે સિદ્ધોનો કેવો ઉપકાર કે આ બધું સતત યાદ કરાવે છે. 'નમો સિદ્ધાણં' બોલો ને આ ભૂમિકાએ આવો. સંયોગો દુઃખરૂપ છે. આ ભવમાં આવવા પૂર્વે કર્મસત્તાએ આપણને એવા કોન્ટ્રક્ટ પર સહી કરાવી છે કે તેમાં ત્રણ કલમ લખાયેલી છે અને આપણા કાંડા કાપી નાંખ્યા છે. ગમે ત્યારે ગમે તે છીનવી શકે છે. સુતા કે જાગતા, દિવસે કે રાતે, જાહેરમાં કે ખાનગીમાં છીનવી શકે છે.

કર્મસત્તા કહે છે – હું ગમે ત્યારે લઇ લઇશ. હા. ઠીક છે. પાછી શરત – તું સામે ચાલીને આપે તો તું છુટો. હું લઇ લઉં, તો તું ગુલામ. ચક્રવર્તીપદ તું છોડી દે તો તું છુટો. જો હું ઝૂંટવી લઉં તો સાતમી નરક. આવી બધી કોલમ હતી ને આપણે અજ્ઞાનતામાં સહી કરી દીધી. એવા ગરજુડા બન્યા કે કાંડા કાપી આપી દીધા. છતાં એક કોલમ સારી હતી કે તું સામે ચાલીને છોડી દે તો તું છુટો. કદાચ તને ઇનામ પણ આપું. પણ આપણને આ જ કોલમ ન દેખાઇ. બાકી દેખાય છે.

જીવડા! આ કોલમો વિચાર. જે વસ્તુ ગમે ત્યારે ગમે તે લઇ જાય, તે તારી ક્યાંથી કહેવાય? તમે પાડોશીના ઘરેથી તમારા કામ માટે પંખો લાવ્યા, તો પડોશી માંગવા આવે તો આપવો જ પડેને? તો તમે તેના માલિક ગણાઓ? જેના પર આપણો અધિકાર ન ચાલે તે ચીજ આપણી કેવી રીતે કહેવાય? આપણી તો ઇચ્છા છે-સો વર્ષ જીવવું છે. પણ આપણો અધિકાર નથી ચાલતો. કર્મસત્તા કહે – તું સો વર્ષનો થા, પણ તારા સો વર્ષ ૨૫ વર્ષે પૂરા થશે. કોઇ મરે તો કહેવાય કે આના સો વર્ષ પૂરા થયા. એટલે કોકના સો વર્ષે સો વર્ષ પૂરા થાય ને કોકના ૨૫ વર્ષે....

એક કટાક્ષ છે – એક જાડા ને કદરૂપા બેનને હૃદયનું ઓપરેશન કરાવવાનો અવસર આવ્યો. ઓપરેશન થિયેટરમાં લઇ ગયા. બેનને ડરનો પાર નથી. ભગવાનને પ્રાર્થના કરી. જાણે કે ભગવાન સાક્ષાત થયા. બેને પૂછ્યું – આમાં મરી તો નહીં જાઉં ને? ભગવાને કહ્યું – ના! તમારે હજી ૪૩ વર્ષ, ૪ મહીના, ૧૫ દિવસ, ૩ કલાક, છ

મીનિટ ને ૨ ૩ સેકંડ જીવવાનું બાકી છે.

આટલું પરફેક્ટ માપ જાણી બેન ખુશ થયા. ઓપરેશન પછી બેને વિચાર્યું – હજી ઘણું જીવવાનું છે, તો સુંદર બની જાઉં! એણે તો ચહેરાની પ્લાસ્ટીક સર્જરી કરાવી. બ્યુટીશીયન પાસે વાળ વગેરેની સુંદર સ્ટાઇલ કરાવી દીધી. પછી જ હોસ્પિટલથી ઘરે જવા નીકળી. રસ્તામાં અકસ્માત થયો ને મરી ગઇ. ભગવાનને પૂછ્યું – પણ તમે તો મને ૪ ૩ વર્ષ કહ્યા હતા ને? ભગવાન – ઓહ! તો તે બેન તમે જ છો? રૂપ–રંગ બદલાઇ ગયા એટલે હું ઓળખી જ ન શકયો!

વાત આટલી છે કે ગણિતમાં સો નવાણુ પછી જ આવે. પણ જીવનના સો વર્ષ ગમે ત્યારે પૂરા થઇ શકે છે. દુકાનમાં કોઇનો વર્ષોથી કબજો હોય – ગેરકાયદે હોય, તો પણ ખાલી કરાવતા દમ નીકળી જાય ને અહીં તો જે શરીર પર આપણો વર્ષોથી કબજો હોય, એ શરીર ખાલી કરાવતા કર્મને કાચી સેકંડ નથી લાગતી.

આ શરીરપર પણ અધિકાર નથી ચાલતો. શરીરને કહ્યું – ૩ ૫ ૨ દિવસ તારી આરતી ઉતારી, તને મનગમતું, ફાવતું, માંગ્યુ ત્યારે અભક્ષ્યાદિ ખાવા આપ્યું. તને મેં આટલું સાચવ્યું, તો હવે પર્યુષણના આઠ દિવસ તારે મને અઠ્ઠાઇની આરાધનામાં સાથ આપવાનો. એ આપે એવી ગેરેંટી ખરી? પર્યુષણના આગલા દિવસે અત્તરવાયણું કર્યું. એક જ આશય છે – અઠ્ઠાઇ, પૌષધ, વ્યાખ્યાન શ્રવણ. રાતથી જ ડબલા ભરવાના શરુ થઇ જાય. અઠ્ઠાઇ આદિ તો ગયું. ડૉક્ટર કહે – રાતે જ દવા લેવી પડશે. તે વખતે એમ થાય કે આ શરીર કોનું? છેવટે એટલું તો કહેજો કે – આ શરીર મારું નથી.

જે સંપત્તિ માટે તમે મહારાજસાહેબની પણ સામે બોલો છો, તે જતી રહે, ખીસામાંથી પડી જાય, પાર્ટી ડુબાડે, ઇન્કમટેક્સવાળા તિજોરી ખોલી લઇ જાય, ત્યારે તમને ખબર ન પડે કે આ સંપત્તિ મારી નથી?

કાયદો એ છે કે જેનો કબજો એ ધણી. તો ભેગુ ભેગું એ પણ સમજવું કે આજે તારો કબજો તો કાલે બીજાનો. તું ટેમ્પરરી ધણી છે. વારંવાર અનુભવ થયા, જેને પોતાનું માન્યું તે કટોકટીના અવસરે મને કામ ન લાગ્યું. સિદ્ધો કહે છે – અવિનાશી તારા આત્માને જ તારો માની તેને ઓળખ. બાકી બધું નાશવંત છોડ. 'સાંભળી સાંભળી ફુટ્યા કાન, તો ય ન આવ્યું બ્રહ્મજ્ઞાન.' એવું તમારામાટે ન થાય. કાંઇક લઇને જવાનું છે. જીવનમાં ઉતારવાનું છે.

ધર્મધ્યાન – અપાયવિચય :– બાહ્ય સાધન સામગ્રીનું છેવટનું પરિણામ શું? જેને પોતાના માન્યા તે આત્મા માટે હિતકર કે અહિતકર? કોઇપણ સામગ્રીને આંધળા બનીને લાવો નહી. વળગો નહી. કોઇપણ સામગ્રી લાવતા પહેલા દસ વાર વિચારો.

લાવ્યા પછી સો વાર વિચારો, બધા લાવે તો હું પણ લાવું આ ગાડરિયો પ્રવાહ છે. બુદ્ધિ ચરવા જાય ત્યારે આવા ફાલતુ માણસને અનુસરવાનું મન થાય. દુનિયામાં જેને પ્રભુવચનમાં શ્રદ્ધા નથી તે આવા ફાલતુ માણસના વચનમાં શ્રદ્ધા કરે છે. તે તમામ સાધનોનું છેવટનું પરિણામ શું? જે તમને તમારું સ્ટેટસ લાગે છે તે જ આવતી કાલે તમારી લઘુતાગ્રંથીરૂપ બનશે. આખા મકાનમાં તમારા ઘરે પહેલા ટી.વી. આવ્યું. પછી બધાના ઘરે ફ્લેટ ટી.વી. આવ્યું. તમારા ઘરે એ જ જુનુ ટી.વી.! તો લઘુતા પામશો.

જેને વળગીને બેઠાં છીએ તે મને ક્યા પરિણામમાં લઇ જવાનું છે, તેનો વિચાર તે અપાયવિચય. જે વસ્તુ નાશવંત છે, ઘસાઇ જવાની, વિકૃત થવાની, બીજાની થવાની, છેવટે આઉટ ઓફ ફેશન થઇ જવાની, જેની કોઇ કિંમત થવાની નથી, જે પડોશી છ મહિના પહેલા કહેતા, વાહ! નવું ટી.વી.! તે જ પડોશી છ મહિના પછી કહેશે – હજી એ જ ટી.વી. છે? જે વસ્તુ ક્યારેક વખાણનું ક્યારેક વખોડવાનું કારણ બને, તેનું શું કામ છે? આ જ વસ્તુઓપરનો રાગ – એની મમતા મારી લેશ્યા બગાડે છે... પોતાના ગણાતા સાથે સંબંધ બગાડે છે.... ટુંકમાં પરિણામે દુઃખકર છે.

બાહ્યસાધનોની જેમ આંતરિક દોષોથી કેટલું નુકસાન થવાનું તેનો વિચાર – મારો ક્રોધ કેટલો નુકસાનકારી છે? કપરકાબી ફૂટ્યા તો કેટલું નુકસાન અને તેથી કરેલો ક્રોધ કેટલું નુકસાન કરશે? નવા કપરકાબી ૫૦ રૂપિયામાં પડવાના છે. ક્રોધ કર્યા પછી કાંઇએ ૩૦ રૂપિયામાં પડવાના નથી. ઘણો ક્રોધ કરો તો મફતમાં પડે તેવું છે? ના, જુના કપરકાબી જતાં નવા કપરકાબી ૫૦ રૂપિયાના પડશે. પણ ગયેલી ક્ષમાને બદલે આવેલો ક્રોધ મને કેટલામાં પડશે? ક્રોધ કેટલાનો પડશે એનું વેલ્યુએશન વિચાર્યું?

અમે ભગવાનરૂપી ગર્વમેંટના નિમાયેલા વેલ્યુઅર છીએ. કપરકાબી ફૂટ્યા. નોકર –દીકરા કે પત્નીથી ફુટ્યા. ને તમે ક્રોધ કર્યો. આ ક્રોધ કેટલાનો પડે? સાધુ નીઅરલી વેલ્યુએશન કરી આપે. કંપલીટલી વેલ્યુએશન તો કેવળી જ કરી શકે. એ જ કહી શકે – તમારા ક્રોધની માત્રા કયા ગ્રેડની હતી? સંજ્વલન, પ્રત્યાખ્યાની, અપ્રત્યાખ્યાન, અનંતાનુબંધી ક્રમશઃ વીતરાગતા, વિરતિ, દેશવિરતિ અને સમ્યક્ત્વના ઘાતક–રોધક ગણાયા છે.

ગ્લોબ જેટલો પાવરફુલ તેટલું ઇલેક્ટ્રીસીટીનું બીલ વધુ. તેમ ક્રોધ જેટલો પાવરફુલ, તેટલું બીલ વધુ. આપણી તકલીફ એ છે કે જેમ ઝીરો વોલ્ટેજ બલ્બમાં બરાબર ન દેખાય તો ૪૦ W., ૧૦૦ W લાવીએ. તેમ કપરકાબી તોડ્યા. લાઇટલી લીધું. અસર ન થઇ. વધુ પાવરફુલ થવાનું. અવાજનો વોલ્યુમ વધ્યો – આ શું? વારંવાર કહેવાનું? જરા સાવધાન થાઓ. કેટલી ભૂલ કરવાની? છતાં ભૂલ થઇ. આપણને

લાગ્યું, આપણી સલાહ એ ઘોળીને પી ગયો, માટે પાછી ગરબડ. આપણો પાવર વધ્યો. બસ – વારેઘડીએ કહ્યા જ કરવાનું? અક્કલ નથી? હવે થપ્પડ જ મારવી પડશે. પાછી ભૂલ કરે એટલે મગજ તમતમે – લાતો કે ભૂત બાતોં સે નહી માનતે.

ક્રોધ જેમ જેમ નિષ્ફળ થતો જાય, તેમ તે વધારે ને વધારે તીવ્ર થતો જાય. આપણે જેમ જેમ ક્રોધ કરીએ તેમ તેમ પેલાનો આપણા પ્રત્યેનો સદ્ભાવ ઓછો થતો જાય. પછી બંને ચરમબિંદુ પર આવે. આપણો ક્રોધ વધતો જાય ને પેલો પછી આપણને ગણકારવાનું બંધ કરતો જાય. તડતડિયો કોલસો જ માને. એ તો કચકચ કરે – આપણે ગણકારવાનું નહી.

પતિએ પત્નીને કહ્યું–ચા બનાવ. પત્ની–નહી બનાવું. બે–ત્રણ વાર કહ્યું. પત્નીએ ના પાડી. પતિને ગુસ્સો આવ્યો. પ્રાયમસ સળગાવવાનું શરુ કર્યું. પણ સળગતો જ નથી. એટલે પત્ની હસી. પતિએ ગુસ્સાથી કહ્યું – ઘર સળગાવી દઇશ. છોકરો હસ્યો. કેમ હસે છે? પપ્પા! પ્રાયમસ તો સળગાવી શકતા નથી. ઘર શું સળગાવવાના?

જેમ જેમ ક્રોધ કરો, તેમ તેમ ક્રોધનો પાવર વધતો જાય છે. દરેક નિષ્ફળ થયેલો ક્રોધ વધુ ક્રોધનું કારણ બને. બીજા તરફથી મશ્કરી, ઉપાલંભ, તિરસ્કારના કારણ બને છે. દરેક ક્રોધ લાગણીના તાંતણા પર હથોડાનું કામ કરે છે. બીજાના મનમાં તમારા પ્રત્યે દુર્ભાવ ઊભો કરે છે. આટલી નાની બાબતમાં તેણે ક્રોધ કરવાની જરુર શી પડી? પેલાને પોતાની ભૂલ નથી દેખાતી, ક્રોધ કરનારનો ક્રોધ જ દેખાય છે. તેની ભૂલ ગૌણ થઇ. તમારો ક્રોધ મુખ્ય થયો. બધાને તેની ભૂલ નહી દેખાય. તમારો ક્રોધ જ દેખાશે. આમાં આટલો ક્રોધ શાનો?

ભવિષ્યમાં આપણી નાની દરેક ભૂલ બીજાને ટોણો મારવાનું કારણ બનવાની છે. કેમ કે એ હવે બદલો લેવા તમારી ભૂલની જ રાહ જુએ છે. આપણે બીજાની ભૂલમાં ક્રોધ – દંડ કર્યો, તેમ એ આપણી ભૂલમાં કરશે. જેમ આપણને બીજાની ભૂલ નથી સહન થતી, તેમ બીજાના ઠપકા પણ સહન થતા નથી. તેથી ઠપકો આપનાર પર દુર્ભાવ થશે. આવતીકાલે તેને જોઇ લઇશ. આ વિષચક્ર ચાલે છે. આ તો વર્તમાન કાલીન અપાય છે.

ભવિષ્યમાં પછી એક વખત ક્રોધ આવે તો તેમાં નિર્દોષ વ્યક્તિ પણ અડફેટમાં આવી જાય. ઘરવાળી સાથે ઝઘડો થાય ને વચ્ચે નિર્દોષ છોકરો આવે તો તેના પર પણ ક્રોધ. ઘણી ઘણી નિર્દોષ વ્યક્તિસાથેના સંબંધો પણ બગડે છે. કારણ પેલાને તો ભૂલ માટે દંડ આપ્યો. નિર્દોષને થશે – મારો ક્યાં વાંક છે? મને કેમ હડસેલ્યો? મારી ઉપર

કેમ ક્રોધ કર્યો?

કવિ કલાપીની કવિતા છે – 'તે પંખી પર પથરો ફેંકતા ફેંકી દીધો' રોજ ચણ લઇને નીકળે. કબુતર સાથે આત્મીય સંબંધ બંધાઇ ગયો હતો. એના હાથપર ને ખભે પણ કબૂતર બેસવા તૈયાર થઇ જાય. એકવાર ઘરનો ગુસ્સો લઇ ચણ આપવા આવ્યો ને પંખીઓ ખભે – હાથપર બેઠાં છે. ક્રોધમાં તે પંખી પર પથરો નાંખતા નાંખી દીધો. પંખી ઉડી ગયા. 'પાછા આવજો, સુખેથી ચણજો ચણ,' ના. પાછા આવતા નથી. વિશ્વાસ ગુમાવી દીધો. એ ગમે ત્યારે પથરો ફેંકશે. એની પાસે જવાય નહી.

દોષિત તો ક્રોધ ગળી જશે. નિર્દોષ કહેશે – મારો કયો વાંક કે મને હડસેલો માર્યો? ક્રોધથી ઘણા સાથે સંબંધ બગડે. પછી એકબીજા સાથે પથરાબાજી. મારી ભૂલ તું પકડે છે. તારી ભૂલ હું પકડીશ. મારી ભૂલમાં તે દસ રૂપિયાનો દંડ કર્યો. તારી ભૂલમાં હું સો રૂપિયાનો દંડ કરીશ. તે એક ગાળ આપી. હું સો ગાળ આપીશ. કરેલો ક્રોધ કેટલામાં પડે? કપરકાબી તૂટે તો દસ રૂપિયાનું નુકસાન. આવેલા ક્રોધનું નુકસાન કેટલું?

આ તો વર્તમાનકાલીન છે. તેના કારણે કલેશથી ઉત્પન્ન થતાં કર્મની વાત તો પછી. આ તત્કાલીન નુકસાનો છે. આ નુકસાનના અપાયો તો બીજા છે. હોટલમાં બીલના રૂપિયા અને વેઇટરને ટીપના રૂપિયા અલગ અપાય, તેમ આ વર્તમાનની ધમાલ તો માત્ર ટીપના પૈસા સમાન છે. બીલ હજી મોટું ભરવાનું બાકી છે. નવરા પડો, મન ખાલી હોય ત્યારે એક એક ઘટના, તેનું ચિંતન, પૃથક્કરણ કરો. એક એક કષાય મને કેટલાનો પડે?

## મહા સુદ – ૨ – માળના ચઢાવા

જેમ નવી વહુ માટે કહેવાય કે જો એ કહ્યાગરી હોય તો સોનું, એમાં પણ રસોઇ સારી બનાવતી હોય તો સોનામાં સુગંધ ને પાછી જો કમાતી પણ હોય, તો ઉપરાંતમાં સ્વાદ પણ ભળ્યો.

એમ તમે શાંતિથી ઉપધાન કર્યા એ સોનું. એમાં પણ બધી વિધિ ઉપયોગપૂર્વક બરાબર કરી એ સોનામાં સુગંધ. એમાં વળી ધ્યાનપૂર્વક – આનંદ સાથે – એકાકાર થઇ નવકાર જાપ કર્યો... આ તો સ્વાદ પણ માણ્યો. હવે જરાક વધારે કરજો... ઘરે ગયા પછી તમારા પાપભીરુ શાંત સ્વભાવનો જો બીજાઓને અનુભવ કરાવશો... તો કહીશું... સરસ! આમાં તો સૌંદર્ય પણ ભળ્યું!

શ્રાવક જીવનમાં પ્રથમ લક્ષ્ય સાધુ બનવાનું હોય. પ્રભુ વીરે કહ્યું છે. આઠ વર્ષની ઉંમરે સાધુ થઇ શકે. અર્થાત્ આઠ વર્ષની ઉપરનો તમામ સમય નકામો ગયો – વ્યર્થ ગયો. જે સમયમાં કરોડ રૂપિયા કમાઇ શકે, તે સમયમાં હજાર રૂપિયા કમાયે તો તે

સમય સફળ ન ગણાય. તેમ જે સમયમાં સાધુ બનવાનું હોય, તે સમયમાં સામાયિક - પૂજા કરો તો સમય સફળ ન મનાય. પણ નિષ્ફળ જ મનાય. સાધુ ન બની શકે ત્યાં સુધી જીવનના અઢાર કર્તવ્ય, વાર્ષિક અગ્યાર કર્તવ્ય, પર્યુષણાના પાંચ કર્તવ્ય હંમેશા સાચવવા. હું સાધુ ન બનું ત્યાં સુધી પરિગ્રહ ભોગસુખોમાં ન જાય માટે દેરાસર, ઉપાશ્રય, ઉપધાન 'છ' રી પાલિતસંઘ આદિ સુકૃતોમાં વાપરુ. સાધુ સંપૂર્ણ શીલવાન છે, હું સાધુ ન બનું ત્યાં સુધી શીલાદિ નિયમ, બ્રહ્મચર્ય, આ આ ત્યાગ ઇત્યાદિ નિયમો લઇશ. સાધુ સતત અભ્યંતર તપમાં છે, હું સાધુ ન થાઉં ત્યાં સુધી અઠ્ઠાઇ - માસક્ષમણઆદિ બાહ્યતપ કરીશ. સાધુ સતત ભાવનામાં હોય. સાધુ જંગલમાં જઇને કાઉસ્સગ્ગ કરે, હું કઇ કઇ રીતે ગુરુભક્તિ કરું? સમતા કેળવું? એવી ભાવના રાખે.

આ તમામ કર્તવ્યોમાં ટૉપમોસ્ટ કર્તવ્ય કયું? સાધુ ન થઇ શકે, તો ઉપધાનતપ એ શ્રેષ્ઠ સુકૃત છે. નવ્વાણુ, 'છ' રીપાલિત સંઘ કરતાં પણ ઉપધાનતપ શિરમોર કેમ? એમાં શ્રાવક લગભગ સાધુ જેવો બને છે. સાધુની જીવનચર્યાનો અનુભવ છે. સામાયિકમાં રહેતો હોવાથી કોઇપણ આરંભ સમારંભ પોતે કરતો નથી અને પ્રેરણા પણ કરતો નથી. પંખા - લાઇટ - મોબાઇલ આદિ સાધનોનો પણ ત્યાગ. માણસને ઘર બનાવવું ગમે છે. પણ ઘરમાં રહેવું ગમતું નથી. ભટક્યા કરે છે. તે જ માણસો ૫૦ દિવસ આ કંપાઉંડની બહાર ગયા નથી. આટલા એરિયામાં જ રહેવાનું. શરીર અને મનને કંટ્રોલમાં રાખે છે. ટી.વી. નથી જોયું તો ન્યુઝપેપર પણ નથી વાંચ્યા. સ્વજનો મળવા આવે ને મૌન લઇને બેસે. આ સાધુની ભાવનાઓ જીવનમાં ઉતારે છે. સાધુ ભગવંતનો સતત સત્સંગ.... તેથી જે દોષો સતાવે છે, તે એક એક દોષને દૂર કરવાનો પ્રયત્ન કરે. આત્મનિરીક્ષણ કરે. ૪-૪ ટાઇમ દેવવંદન, પ્રભુભક્તિ કરે. તેથી જ ઉપધાન શ્રાવક જીવનમાં શિરમોર સ્થાને છે.

આ જ વ્યક્તિ ઘરે હોય ને કેટલી વિરાધનાઓ કરે? લાઇટ પંખા વાપરે. અહીં એક પણ વિરાધના નહી. ૨૪ કલાક સુંદર સાધના, સવારે ઉઠે ને પ્રતિક્રમણ - પડિલેહણ. ઘરે કચરો ફેંકતા હતા. અહીં કાજો લે. જીવ વીણે - જીવો મર્યા હોય તો આલોચના કરે. રોજ ૧૦૦ ખમાસમણા અને સો લોગસ્સનો કાઉસ્સગ્ગ કરે. જે માણસ રાતે ભુખ લાગે ને ખાઇ લેતો હતો, તે જ અહીં ઉપવાસ ને પુરિમઢ્ઢ નીવિ કરે. એ નીવિ કર્યા પછી એક ઉપવાસ + ૨૦૦ ખમાસમણા આપે ત્યારે બીજી નીવી મળે. માટે ઉપધાન તપ એ સાધુ પછી next to ધર્મ છે. ઉપવાસ ન કરી શકનારાઓએ પણ ઉપધાન કરી દીધા. જેની કલ્પના પણ નહોતી તેને ઉપધાન થઇ ગયા. નંદીની ક્રિયા કરતાં કરતાં પ્રાપ્ત થયેલા આ દેવ-ગુરુના અનુગ્રહથી થયું છે. તેથી જે આનંદની

અનુભૂતિ થઇ તે અહીંની મજા છોડીને હવે સંસારમાં જવાનું? સંસારની પંચાતો કરવાની? આરાધના છોડી વિરાધનામાં જવાનું? જરાક મન ખાટું થશે... કેમકે ઘર છોડીને સાધના કરવી સહેલી છે. ઘરમાં રહીને આસક્તિ છોડીને આરાધના કરવી મુશ્કેલ છે.

ટી.વી., હોટલ, મોબાઇલ, S.M.S., P.C., A.C. માં રહેવાથી આનંદ મળે છે તે વાત ખોટી છે. એ અમે સિદ્ધ નથી કરવાના. પણ આ તપસ્વીઓને અહીં મચ્છર વચ્ચે રહીને પણ આનંદ છે. તે તેઓ કહેશે. આ જે આનંદ, પવિત્રતા, નિર્દોષતા સાથે તપ સાધના થઇ તેનું શિખર એટલે ઉપધાનની મોક્ષમાળા. મોક્ષમાળા એટલે તળેટીથી ચઢી શિખરે દાદાને ભેટવાનો આનંદ.

પ્રભુએ આ માર્ગ બતાવ્યો. તે પ્રભુને પ્રદક્ષિણા આપી. તેનાથી જે ઉર્જા પ્રાપ્ત થાય તેના ફળસ્વરૂપે ઉપધાનતપ પૂરા થઇ જાય. આ પ્રભુનો જબરદસ્ત પ્રભાવ છે. શ્રાવકને તિલક પણ ભગવાનની નિશ્રામાં ન થાય. અહીં તિલક તો છોડો, માળા પહેરવાની છે. પૂર્વે મોક્ષમાળા ભગવાનની સામે જ ગુરુ મ.સા. પોતે મંત્રીને પહેરાવતા. હવે પ્રથા બદલાઇ છે.

આ મોક્ષમાળા માટેની વ્યવસ્થા પૂર્વપુરુષોએ એવી રીતે કરી છે કે આ તપ પૂર્ણ થયો એના ઉજમણા - ઉત્સાહ - ઉમંગરૂપે મોક્ષમાળા પહેરવાની. વરઘોડો તપસ્વીનો નથી. મોક્ષમાળાનો છે. એકમાત્ર પરમાત્માની કૃપાથી આ થયું. હે પ્રભુ! હવે જલ્દીથી સાધુ બનું. ભગવાન! તારા ચરણે મારું જીવન સમર્પણ. તારા પ્રભાવે ઉપધાન થયા. મારું જીવન સફળ. આ ભાવ લાવવાનો છે.

અત્યારે M.L.M. નામની નવી ચેનલ ચાલુ થઇ છે. આ મલ્ટીલેવલ મીડીયામાં એક બોસ હોય, તેના હાથનીચે બે મેમ્બર... તે બે ના હાથ નીચે પાછા બે-બે મેમ્બર... આમ સૌથી નીચેનો મેમ્બર જે નફો કરે, તેનું ડીવીડન્ડ ઉપર ઉપર કરતાં છેક બોસને મળે. તેમ આપણા શાસનમાં પણ આ ચેનલ ચાલુ છે. તમે બોસ, તમે અહીં જે સુકૃતમાં પૈસા વાપરો, તે બીજા પાંચ દેરાસરમાં અપાય. ત્યાં જે વંદન - પૂજન- સત્કાર - સન્માન થાય, તેનો આંશિક લાભ તમને મળે. એક અક્ષય ટીપુ.... તે દેરાસરમાંથી બીજે સંપત્તિ જાય, ત્યાંનું પણ ડીવીડંડ મળે. આમ તમે બોસ અને બાકી તમારી શાખાઓ છે.

શાસ્ત્રમાં પરમાત્માના - ગુરુના વધામણાં ઉત્કૃષ્ટથી સાડા બાર કરોડ સોનૈયાથી કરવાની વાત આવે છે. તો આ મોક્ષમાળાના ચઢાવા એ મોક્ષમાળાના પરિધાનરૂપે, શિખરે પહોંચ્યાના આનંદરૂપે જીવનના મહાસુકૃતના વધામણા રૂપે બોલવાના છે.

## મહા સુદ - ૪

અરિહંત આદિ પાંચ જ જગતના શ્રેષ્ઠ તત્ત્વો છે, કેમકે તેઓ જ નિર્દોષ છે, નિષ્પાપ છે ને નિસ્વાર્થ પરમાર્થરસિક છે. તેથી એ પાંચને કરેલા નમસ્કાર જ શ્રેષ્ઠ ધર્મ છે. જીવના તમામ દોષ-દુર્બુદ્ધિ-પાપક્રિયાના કેન્દ્રમાં છે જીવની સ્વકેન્દ્રિતા.... હું પણાની લાગણી... અહંકાર... રસીથી લથબથતા મોટા ગૂમડાના કેન્દ્રમાં હોય છે એક બીજ. એ નીકળી ગયા પછી ગૂમડાને મટવામાં વાર નથી લાગતી. બસ તમામ પાપ આદિ ગૂમડામાં અને દુ:ખમય સંસાર ભ્રમણરૂપ એની પીડામાં બીજ તત્ત્વ છે અહંકાર. બીજા બધા દોષો છે રસી સમાન ને પાપક્રિયાઓ છે એ ગૂમડાના વિસ્તાર સમાન.

તેથી જ જે નમનક્રિયાથી આ બીજભૂત અહંકાર નીકળે એ નમસ્કાર ક્રિયા શ્રેષ્ઠ ધર્મ છે. આ નમસ્કાર મહામંત્ર દુ:ખરૂપ, દુ:ખફળક અને દુ:ખાનુબંધક સંસાર માટે કારણભૂત પાપવૃત્તિઓ અને તેના કારણભૂત અહંકારના નાશમાં અને આ નાશમાટે કારણભૂત તથાભવ્યત્વના પરિપાકમાં કારણભૂત છે. તથાભવ્યત્વ એ જો કેરી છે, તો આ નમસ્કાર એને પકાવવા ઘાસ સમાન છે. કેમકે પંચસૂત્રકારે (૧) ચાર શરણ (૨) દુષ્કૃતગર્હા અને (૩) સુકૃત અનુમોદના આ ત્રણથી તથાભવ્યત્વનો પરિપાક બતાવ્યો છે.

પાંચ પરમેષ્ઠીને નમસ્કાર અરિહંત, સિદ્ધ, સાધુ અને ધર્મ આ ચારના શરણરૂપ છે. આચાર્ય-ઉપાધ્યાયનો સમાવેશ સાધુમાં થાય. ધર્મ દર્શન-જ્ઞાન-ચારિત્ર-તપરૂપ છે. નમનની ક્રિયા શ્રેષ્ઠ ધર્મરૂપ છે, કેમકે એમાં આ જ નમનીય છે, આમને નમનથી જ સર્વકલ્યાણનો સંભવ છે એવી શ્રદ્ધા રૂપ દર્શન છે. આ પાંચ જ સર્વશ્રેષ્ઠ, સર્વહિતકર છે. એમના નમનમાં જ સર્વતો ભદ્ર છે, એવું જ્ઞાન જ સમ્યગ્જ્ઞાન છે.

મન-વચન-કાયાથી પાપ પ્રવૃત્તિના ત્યાગપૂર્વક નમન થાય છે. તેથી આ જ શ્રેષ્ઠ સમ્યક્ચારિત્ર છે. નમન કરેલા અહંકારના પ્રાયશ્ચિત્તરૂપ છે, વિનયધર્મરૂપ છે, એમાં એકાકારતા જ સ્વાધ્યાય-ધ્યાન છે. આમ અહીં જ ખરો તપ છે. આમ નમસ્કારથી ચારે પ્રકારનો ધર્મ પણ શરણભૂત સિદ્ધ થાય છે. ભાવનમન કરનારો હૃદયથી સ્વીકારે છે કે આ પાપમય-દુ:ખમય સંસારમાં મારા માટે માત્ર આ ચાર જ શરણભૂત છે. આ થઇ ચાર શરણ સ્વીકારની ભૂમિકા.

આ નમસ્કાર જ સર્વ પાપનાશક છે. પાપવૃત્તિનો નાશક છે. અને પોતે એ ઇચ્છે છે. તેથી પોતાને પાપી-પાપવૃત્તિવાળો માને છે ને તે જાય એમ ઇચ્છે છે - આ છે દુષ્કૃતગૃહા. ને છેવટે સર્વ મંગળોમાં પ્રથમ મંગળ તરીકે કરેલો સ્વીકાર જ સર્વના

સુકૃતની અનુમોદનારૂપ છે, કેમકે જગતમાં સુકૃતો જ મંગળભૂત છે. નમસ્કારથી જેઓ સુકૃત કરે છે, ને સુકૃતના પ્રેરક છે એવા પાંચ પરમેષ્ઠીને યાદ કરવા દ્વારા સુકૃતની અનુમોદના થાય છે. તેથી કહી શકાય કે પંચસૂત્રનું પ્રથમ 'પાપ પ્રતિઘાત – ગુણાધાન' સૂત્ર આ નમસ્કારના વિસ્તારરૂપ છે.

નમસ્કાર નિર્યુક્તિમાં પંચ પરમેષ્ઠીને નમસ્કાર કરવાના પાંચ હેતુ બતાવ્યા છે. અરિહંત – માર્ગદર્શક. આ જગતમાં અરિહંત જેવો અનન્યકોટિનો અનુગ્રહ – ઉપકાર કોઇનો નથી કે મોક્ષમાર્ગ બતાવ્યો. મોક્ષ એટલે આત્માનું શુદ્ધ સ્વરૂપ તો ખરું, પણ મોક્ષ એટલે છુટકારો. જેટલી મોહનીયની પ્રકૃતિ છે, તે બધી બંધન છે, તે પ્રકૃતિ તેવા તેવા નિમિત્તને પામી એટ એટલી રીતે વિકૃતરૂપે પ્રગટ થાય કે આપણે હેરાન થઇ જઇએ. થાકી જઇએ.

લક્ષ્મણ અને રાવણનું યુદ્ધ ચાલે છે ને રાવણે બહુરૂપી વિદ્યાનો પ્રયોગ કર્યો. લક્ષ્મણ બાણ છોડે ને રાવણનું ડોકુ ઉડે, તરત બીજું આવે. સાંજ સુધીમાં તો લક્ષ્મણ થાકી ગયો. મોહનીયને પણ બહુરૂપી વિદ્યા હસ્તગત છે. કઇ કઇ રીતે પ્રગટ થાય તે ખબર ન પડે. આ છોડ્યું, તો આ વળગ્યું. માણસ ત્યાગ કરે તો અહંકાર વળગે છે.

બાહુબલીએ ચક્રવર્તી ભરતને હરાવ્યો. ભરતે ચક્ર ફેંક્યું છતાં કાંઇ ન થયું. ભરતને મારી છ ખંડના રાજા બનવાનો ચાંસ મળ્યો. બાહુબલીએ મુટ્ઠી ઉગામી. ઇતિહાસમાં એક અચ્છેરું લખાત કે ચક્રવર્તી ને હરાવી ભાઇ ચક્રવર્તીરૂપે રહ્યો. તે વખતે લોકો તો છોડો, દેવો અને ઇન્દ્રો પણ અટકાવી ન શક્યા. ભરતની તાકાત નથી કે એ જીવતો રહી શકે. છતાં છેલ્લી ઘડીએ બાહુબળીનો ભાવ બદલાયો. જવા દે, મોટો ભાઇ તો પિતા તુલ્ય કહેવાય. રાજ્યમાટે શું લડવું? છ ખંડના રાજ્યને તણખલાની જેમ છોડીને દીક્ષા લીધી. કેવો જબરદસ્ત ત્યાગ! પણ મોહનીયકર્મ પાસે બહુરૂપી વિદ્યા છે. ભાઇ ઉપરનો ક્રોધ ગયો, છ ખંડનો લોભ ગયો. પણ હું મોટો ને અટ્ઠાણુ ભાઇઓ નાના છે આ અહંકાર રમાડી ગયો. એક વર્ષ સુધી ટટળાવ્યો. મોહની કેટકેટલી રમત! એક રીતે જાય ને બીજી રીતે ઊભો થાય!

તમે ૫૦ દિવસ માટે ઘર –પરિવાર –સાધન છોડ્યા. મોહને જીત્યા. તે અહીં નડે. પેલી સીટ મારી. ત્યાં કોઇ બેસે તો અકળામણ થાય. મોહનીયની જેટલી પ્રકૃતિ તે બધા બંધન. ભગવાન મોક્ષમાર્ગદિશક છે. તે તે બંધનથી છુટકારાનો માર્ગ બતાવનાર છે. ભગવાને એક વિદ્યા આપી. તને જે જે લાગણી ઉઠે તે તે મોહનીયનો વિસ્તાર છે. ઈર્ષ્યા – અસૂયા – મદ – અહંકાર – દ્વેષ – જુઠ – ચોરી – પ્રપંચ – દંભ – કપટ...

કઇ કઇ ચીજ પર આકર્ષણ અને આસક્તિ થતી નથી? ડીપાર્ટમેંટલ સ્ટોરમાં

ગયા ને થાય કે આ લઇ લઉં. આ લઇ લઉં. ઢગલાબંધ આકર્ષણ છે. તે તે વ્યક્તિ – વસ્તુ પ્રત્યે આકર્ષણ, પછી તેના પર મમતા, આસક્તિ – ગૃદ્ધિ અનંત અનંત છે. મોહનીય કર્મથી ઉત્પન્ન થયેલી આ તમામ લાગણી બંધન છે. ભગવાને આ બંધનથી છુટકારાનો માર્ગ તમને આપ્યો છે. તેમની વિદ્યા છે – મનમાં જે લાગણી ઊભી થઇ, તે મોહનીયના પ્યાદા છે, તેને તું વશ ન થા. પણ પ્રભુ! હું કાંઇ વડવૃક્ષ નથી. તણખલું છું. જે બાજુ પ્રવાહ આવે તે બાજુ તણાઇ જનારો છું. મારી શું હેસિયત! હમણાં ખુશ, હમણાં નાખુશ. તણખલું ડૂબી ન જાય, તરે. પણ હું તો ડુબી જનારો છું. ભગવાન! મારું ગજુ નથી કે આકર્ષણને વશ ન થાઉં.

'મન સાધ્યું તેણે સઘળું સાધ્યું' તે કહેવા માત્રથી થઇ જાય તેમ નથી. બોલવું બહુ સરળ છે, પણ મન સાધવાની વાત ઘણી મોટી છે. તેમ ભગવાન! આપે કહ્યું – જે લાગણી થાય તેને વશ ન થવું. પણ તે અમારા માટે શક્ય નથી. અમે પ્રવાહમાં તણાઇ જનારા તણખલા છીએ. આપનો ઉપાય સાચો, પણ તે ઉપાય અઘરો છે. સહેલો માર્ગ બતાવો.

મોહના બંધનથી છુટવા માટેનો માર્ગ છે અંદર ઉત્પન્ન થયેલી લાગણીને વશ ન થવું. પણ તે શક્ય નથી, તો 'નમો અરિહંતાણં....' એટલે માર્ગદર્શકપણું.... જ્યારે પણ કોઇપણ પ્રકારની મોહનીયની લાગણી પ્રગટ થાય ને તેમાં તણાઇએ, તે વખતે તેના નુકસાનથી બચવા એક જ માર્ગ છે – નમો અરિહંતાણં... મોહના વિજેતા, મોહને ચટ્ટોપાટ પછાડનારા તથા જગતને મોહની ઓળખાણ કરાવનાર અરિહંતનો જાપ કર. નામ રટતો જા. શરણ સ્વીકાર.

દુનિયાનો નિયમ છે – **ભલાને ભૂલો, ભૂંડાને પૂજો !** પ્રભુ! અમે પણ અમારા માટે ભલારૂપ પરમેષ્ઠીઓ કે ક્ષમાઆદિ ગુણોને ભૂલી ગયા હતા... માત્ર સ્વાર્થની રમત રમનારા સ્વજનો, અનર્થકારી ધન-સાધનો અને નુકસાનકારી ક્રોધ વગેરે કે જે પરમાર્થથી ભૂંડા છે, એમને જ પૂજ્યા છે. હવે રસ્તો સુઝાડો!

જ્યારે જ્યારે મોહનો એટેક – હુમલો થાય, ક્રોધાદિ લાગણી જાગે, ત્યારે સરળ ઉપાય છે – નમો અરિહંતાણં... એટલું તો આવડે છે ને ! એમાં ભાવ જોડો – અરિહંત ! તમે માર્ગદર્શક છો. મને માર્ગ બતાવો કે આ લાગણીથી કેમ બચવું?

'નમો અરિહંતાણં' ભગવાન મોક્ષના દેશક તો છે જ. પણ માર્ગના પણ દેશક છે. તમામ બંધનોને તોડનારા છે. પૂ.આ. માનતૂંગસૂરિ મ.સા. ૪૪ બેડીઓ બાંધેલી હતી. એક એક ગાથા બોલે ને એક એક બેડી તૂટે. ભગવાન! આપ માર્ગદર્શક છો. મોહની અનંતી બેડીઓ મને લાગી છે. બચાવો... બચાવો... ભગવાન કહે છે. મારું

નામ જપતો જા. અજપાજાપ કર.

શ્રેણિક રાજાને અનંતી બેડી હતી. મોહનીયની જે લાગણી થાય, તેમાં તણાઇ જનારા હતા. તેને લાગણી થઇ, આ સ્ત્રી રૂપાળી છે. લગ્ન કરો. તેને લાગણી થઇ ચેલણા અસતી છે. અંતઃપુર બાળો. પોતે નવકારશી ય ન કરી શકે. આહારમાં લપટાયો. પણ વીર... વીર.... વીર... એટલો ઘુંટ્યો, એવા તન્મય થયા કે આવતા ભવે તમામ બંધનથી મુક્ત થશે ને બીજાને પણ મુક્ત કરશે.

જેટલી લાગણી તેટલા બંધન. ક્રોધ, માન વગેરે તમામ બંધન લાગે છે? જો લાગે તો જ ઉપાય છે. યોગ્ય અને શ્રેષ્ઠ ઉપાય છે અરિહંત પદનો જાપ. દુનિયાના ક્ષેત્રમાં હું કરોડપતિ થાઉં કે નહી. પણ 'નમો અરિહંતાણં' પદના કરોડપતિ તો થવું જ છે. ભગવાન! આપના નામનો દરેક જાપ મારા મોહનીય ઉપર ઘા કરનાર થાઓ. મોહનીયની લાગણી પર અને તેના ઉદય પર ઘા કરનાર થાઓ. ભલે તે ઘા હથોડાના ન હોય. નાની હથોડીનો હોય, પણ સતત જોઇએ. ઉંદરની તાકાત છે, આખો ડુંગર ખોદી શકે. એ નાની નાની કણ સતત કાઢ્યા કરે. જો કણ કાઢતાં કાઢતાં ડુંગર ખોદાય તો 'નમો અરિહંતાણં' જપતા જપતા મોહ ડુંગર કેમ ન ખોદાય?

ભગવાન મોક્ષમાર્ગદિશક છે. મોક્ષ એટલે બંધનથી છુટકારો. બંધન એટલે મોહની લાગણી. તે કઇ રીતે પ્રગટ થાય તે ખબર પડતી નથી. આપણે એટલે ઉંદર અને મોહ એટલે પાંજરામાં રોટલી નાંખનાર માણસ. ઉંદર રોટલી જોઇને અંદર જાય ને ફસાઇ જાય. મોહનીય કર્મ પાંજરામાં એવી આકર્ષકતા ઊભી કરે કે આપણે ફસાઇ જઇએ. ભગવાન! આપ માર્ગદિશક બનો. મને જુદા જુદા આકર્ષણો સામે લલચાતા અટકાવો.

ભગવાન કહે – હું તારો ગાઇડ બનવા તૈયાર છું. બધાને માર્ગ બતાવું. તો તને કેમ નહીં? પ્રભુનો તો સ્વભાવ છે–ગમતાનો કરીએ ગુલાલ. ઉદાર ઉદાર છે. ભગવાન! મારું કલ્યાણ કરો ! કલ્યાણ કરો ! એટલું બોલો ને ભગવાન રાજીના રેડ. ભગવાન કહે છે – હું એ માટે જ ઊભો છું. ભગવાન તો તૈયાર છે. આપણા સ્વીકારની રાહ જુએ છે. દરેક 'નમો અરિહંતાણં' એટલે આરજુ... ભગવાન! જ્યારે મોહ તોફાને ચઢે, ત્યારે મને માર્ગ ચીંધવા આવજો.

ધર્મધ્યાન : – અપાયવિચય : ભેગી કરેલી સાધનસામગ્રીની તાકાત શું છે? સંકલેશમાં લઇ જવાની. ઇસ્ત્રી ખોટી સળ કાઢી દે. ફ્રીજ ઠંડુ કરે. પંખો હવા આપે. A.C. ઠંડક આપે. આ બાહ્ય કાર્ય દરેક સાધનોના જુદા જુદા છે. પણ એક કોમન કાર્ય પણ છે. મનને બેચેન બનાવવું. સંકલેશમય બનાવવું. ગમે તે રીતે સંકલેશમાં લઇ જવું. કાં બગડે, કાં અવસરે

જ કામ ન આપે, કાં કોઇ લઇ જાય. બીજું કાર્ય છે – પોતાને પરાધીન બનાવવા. 'મને તો આના વિના ન જ ચાલે.' મને મોબાઇલ વિના તો ન જ ચાલે.' કેટકેટલા સાધન માટે આપણે બોલીએ છીએ કે આના વિના તો ન જ ચાલે. બસ હવે એ જ આપણને જુદા જુદા મુદ્દાથી સંકલેશમાં લઇ જશે. ગુલામને સોટા પડે, શેઠને નહીં. **તમે સાધનોના ગુલામ થયા, હવે તમને સંકલેશના સોટા પડવાના.**

ચેતનવંત જીવ અચેતન માટે બોલે છે કે તારા વિના ન જ ચાલે. તે જ જીવ નથી બોલતો કે 'ભગવાન! મને તારા દર્શન વિના ન જ ચાલે.' તીર્થ યાત્રાએ જતા ૨ ૪ કલાક ટ્રેનમાં ભગવાનના દર્શન વિના તેને ચાલે, પણ મોબાઇલ વિના? ભગવાન! તારા દર્શન-પૂજા વિના મને ચાલશે. સામાયિક વિના મને ચાલશે. પણ મોબાઇલ વગેરે વિના નહીં ચાલે. ભગવાન! તારી ભક્તિ વિના નહી ચાલે, એમ કેમ નથી બોલતા? વસ્તુઓ સંકલેશના કારણ છે. અંદરના ક્રોધાદિના વર્તમાન નુકસાન આપણે વિચાર્યા. એ જ કષાયોથી ભવિષ્યમાં સદ્ગતિ મળતી નથી. એ કષાયોનું એક જ કાર્ય છે. તમારી સદ્ગતિમાં અંતરાયભૂત બનવું. સદ્ગતિ તરફ દોડતી કારને યુ ટર્ન આપી દુર્ગતિ તરફ લઇ જવી.

અનંતકાળના ઇતિહાસમાં એકે પ્રસંગ એવો નોંધાયો નથી કે જીવે કરેલો ક્રોધ તેની સદ્ગતિનું કારણ બન્યો હોય. એવા પ્રસંગ બની ગયા કે હડહડતો દુશ્મન મિત્ર બની ગયો. વાઘણ માતા બની. ભવોની વેરપરંપરાવાળા જીગરજાન મિત્ર બન્યા. આવા પ્રસંગો બન્યા. પણ કષાયોએ સદ્ગતિ આપી તે પ્રસંગ બન્યા નથી. એક પણ વિષયભોગ - કષાય - આકર્ષણ - મમતા આત્મા માટે હિતકર બનતા નથી. સદ્ગતિનું કારણ બનતા નથી.

અપાયવિચય એટલે કરેલા કષાયના ભવિષ્યના નુકસાનની એકાગ્ર વિચારણા. જ્યાં જ્યાં મન વળગ્યું, ત્યાં ત્યાંથી ભવિષ્યમાં જે આપત્તિ આવશે તેની વિચારણા. મીનીમમ દસગણું ફળ આપે. પછી તો જેટલો તમારો રસ તેટલી તાકાત વધારે. આમ કેમ? પાપ લગભગ રસ વગર થતાં નથી. પાપ કરીએ ને રસ વગર? ઇજ્જતકા સવાલ હૈ!

એક ભાઇને કહેવામાં આવ્યું – તમારા પર ચોરીનો આક્ષેપ છે. એ – કેટલાની ચોરી? પેલો – દસ હજાર. એ – સવાલ જ નથી. હું લાખથી ઓછામાં હાથ નાંખતો જ નથી. તેમ પાપ કરું ને રસ વગર! સવાલ જ નથી. હું પાપ ન કરું તો પણ પાપનો રસ રાખું છું, તો પાપ કરતાં તો રસ ક્યાંથી ન હોય?

આજીવન ચોવિહાર કરવા છે? ન ફાવે. તમારા દીકરાને દીક્ષા આપુ. વાંધો

નહી ને? ઘણો વાંધો. હમણાં સમાચાર આવે – ઘરમાં શોટસર્કીટ થવાથી ટી.વી. બળી ગયું. કાંઇ થાય? હા. તમે ઉપધાનમાં છો... આ અત્યારની ક્ષણોમાં પણ પાપનું આકર્ષણ મનમાં બેઠું છે. બહાર ભલે વ્યક્ત ન કરો. પણ મનમાં ગલગલિયા કે હાયવોય થવાનાં. પાપ નહીં કરું ત્યારે પણ રસ ઊભો છે. તો પાપ કરું ત્યારે તો સવાલ જ નથી. રસ છે જ. માટે એકવાર પણ પાપ કરો, દસ વાર ભોગવો.

ઉપદેશમાળાકાર કહે છે – જે જે પ્રકારના કષાયો – વિષયો – સંજ્ઞાઓ – ગૃદ્ધિઓ કરો, એ દરેકનું ફળ મીનીમમ દસગણું છે. દરેક પાપ લગભગ રસપૂર્વક થાય છે, માટે અનુબંધી હોય છે. આગળ આગળ ચાલે. પાપનો એવો ગાઢ રસ છે કે પછી પ્રવૃત્તિ ન પણ થાય તો ય અંતર્ગત તેનો રસ ચાલ્યા જ કરે. એક વાર ક્રોધ – માન – માયા કરીશ, તો તૈયાર રહેજે. ભવિષ્યમાં દસ ગણું ફળ મળશે. તારી તૈયારી છે?

તને કોઇ ઠગી જાય તો તારી શું સ્થિતિ થાય છે? એકવખત ૧૦ રૂપિયા માટે તું છેતરાઇ જાય તો તું દસવાર ઉંચો નીચો થાય છે. તો ૧૦ વાર છેતરાવા તૈયાર હોય તો એકવાર કોઇને છેતરજે. તેમ કોઇ કડવા વેણ કહે ને ઉંચોનીચો થાય છે, તો ૧૦ વાર સાંભળવા તૈયાર હોય તો બીજાને કહેજે. એકવાર સારા શબ્દ સાંભળવા ગમે છે. દસવાર તારી નિંદા કરવામાં આવશે. તે સાંભળવાની તૈયારી હોય તો સારું સાંભળજે. દસ વાર આંધળા થવાની તૈયારી હોય તો એકવાર કોઇના રૂપમાં લલચાજે. દસવાર અણગમતી ચીજ વેલણ મારી ખવડાવવામાં આવે તે ખાવા તૈયાર હોય તો ગમતી ચીજ એકવાર ખાજે.

આ જનમમાં છે તારી તૈયારી પ્રતિકૂળ – અણગમતું સહન કરવાની? આના કરતાં આકરી રીતે એક–બે દસવાર તારી સામે આવશે. તું સહન કરી શકીશ? આવું કાંઇપણ કરતાં પહેલા ભગવાને જેને પાપરૂપ ઓળખાવ્યું છે, તેને પાપરૂપ ઓળખો. શ્રેણિકની છેલ્લી રાણીએ ગયા ભવે ભાવથી ગોચરી વહોરાવી. આનંદ–ઉલ્લાસ – અહોભાવથી વહોરાવ્યું. પણ જરાક દુર્ગંછા કરી, સાધુ અચિત પાણીથી ન્હાય તો શું વાંધો? આ જરાક પાપ ને ફળ મળ્યું... વેશ્યાને ત્યાં જન્મી. શરીરથી અત્યંત દુર્ગંધ છુટે કે સહન જ ન થાય. બહાર નંખાવી દીધી. સુકૃત એટલું જોરદાર છે કે આ ભવે દીક્ષા ને મોક્ષ મળવાનાં છે. પણ એક નાનું પાપ ને દસગણું ફળ.

અપાય વિચય સાવધાન કરે છે, આનાથી વિપરીત પ્રત્યાઘાત – સ્થિતિ સહન કરવા તું તૈયાર રહેજે. તીવ્રતર દસવાર સહન કરવા તું તૈયાર રહેજે. મારા ભગવાન કહે છે, આવા દુન્યવી પાપ દસ ગણું કે દસગણા પાવરવાળું જન્માંતરમાં ઉદયમાં આવે છે. અત્યારસુધીમાં આપણો અનંત સંસાર એમને એમ નથી વધ્યો. એક એક પાપ રસપૂર્વક

આનંદપૂર્વક કરતા ગયા. એમ ચેનલ ચાલી. એક પૂરી થઇ ને બીજી ઊભી થઇ.

મોહનીયની ઉત્કૃષ્ટ સ્થિતિ ૭૦ કોડાકોડી સાગરોપમ છે. અર્થાત્ સાડાત્રણ કાળચક્ર. અત્યારસુધી આપણે અનંતાનંત કાલચક્ર પૂરા કરી દીધા. એક પુદ્ગલ પરાવર્તમાં અનંતા કાલચક્ર થાય. તેવા અનંતા પુદ્ગલ પરાવર્ત પૂરા થયા. આટલું બધું કેમ લંબાયું? રબર પણ બહુ ખેંચાય તો તુટે. છતાં આ તો લંબાયે જ જાય છે. કેમ? કેમ કે નવી ચેનલ ચાલે છે. ૭૦ કો.કો.સા. આપણે અનંતીવાર અત્યારસુધીમાં બાંધી દીધા. આ આપણું ભૂતકાળનું સરવૈયું છે.

અપાયવિચય ધર્મધ્યાન ભવિષ્યમાં એકપણ પાપના દંડને ભોગવવું ન પડે તે માટે ચેતવણી – સાવધાની આપે છે. ભૂતકાળને ભલે ભૂલી જા. પણ ભવિષ્યને અંધારામાં ન રાખ. જરાક સાવધાન થા. કપરકાબી તુટે ને અંદરથી બોલ – સાવધાન! ક્રોધ કરીશ તો અનંતકાળ બગડશે. કોઇ પ્રશંસા કરે ને ગલગલિયા થયા તો સાવધાન! નીચ ગોત્રનો બંધ થશે. જરાક માયા – દંભ – કપટ થયા તો મર્યા ઠાર! અનંત સંસાર વધી જશે. આપણે અત્યારસુધીમાં કેટલાને છેતર્યા? આપણે તીર્થંકર – કેવળીને પણ છેતરવા પ્રયત્ન કર્યો છે. કેવળી આગળ પ્રાયશ્ચિત લેવા આવે ને માયા કરે, વાત છુપાવે તો કેવલી તેને કબુલ ન કરાવે. ભૂલે તો યાદ કરાવે, પણ માયા કરે તો કબુલ ન કરાવે. પણ એટલું જ કહે કે તમે પ્રાયશ્ચિત બીજાની પાસે કરો. આ જીવડાએ અનંતકાળમાં ભગવાનને પણ છેતરવા પ્રયત્ન કર્યો છે. આ માયા તને ક્યાં લઇ જશે? સાવધાન! અપાયવિચય ધર્મધ્યાન ભવિષ્યમાં આપણી દુર્ગતિ ન થાય તે માટે ભગવાને બતાવેલું અદ્ભુત સાધન છે.

## મહા સુદ – ૫

અરિહંત ભગવાન મોક્ષમાર્ગના દેશક છે. તે તે ક્ષેત્રમાં, તે તેં તીર્થમાં સૌ પ્રથમ મોક્ષની પ્રરૂપણા ભગવાને કરી. પ્રથમ પોતે આચર્યું પછી કહ્યું. 'પરોપદેશે પાંડિત્યં' ન કર્યું. પહેલા અનુભવસિદ્ધ કર્યું કે દર્શનાદિ માર્ગ જ મોક્ષ આપી શકે. પછી પ્રકાશ્યું. મોક્ષ એટલે છુટકારો. સંસારથી છુટકારો. સંસાર એટલે અનેક અનેક બંધનો. બાહ્ય સાધનો કે વ્યક્તિઓ બંધન નથી. તેના પ્રત્યેની મમતા – રાગ – આસક્તિ બંધન છે. માટે જ વ્યક્તિ–વસ્તુ ઉપડી જાય પછી પણ દુઃખ છે. તે દૂર જાય તો તેની યાદમાં સંકલેશ થાય.

ભગવાન કહે છે – સુખ નિર્ભેળ હોવું જોઇએ. જેની પ્રાપ્તિમાં – ભોગવતા – ભોગવ્યા પછી પણ દુઃખ ન હોય તે જ સુખ સાચું. જે સંસારનું સુખ છે, તેમાં ઘણી ઘણી મહેનત – કાવાદાવા – પ્રપંચ કર્યા પછી પણ અમુક મળે – અમુક ન મળે. અમુક ધાર્યું

થાય – અમુક ન થાય. મળ્યા પછી પણ જશે તો? ગયા પછી કેમ ગયું? કેવી રીતે ગયું? તે બધી પંચાત હોય, તે સુખની ભ્રમણા જ છે. વાસ્તવિક સુખ નથી. પાણીમાં મંથન કરવાથી પરપોટા થાય. તેમાં માખણની ભ્રમણા થાય, પણ તે માખણ તો નથી જ. આપણે જેમાં જેમાં સુખ જોયું, તેમાં તેમાં ભગવાને દુઃખ જોયું. સાધનો કે વ્યક્તિ બંધન નથી. તેમાં માની લીધેલી લાગણી – સુખની ભ્રમણા બંધન છે. તે બંધન તોડવાના છે.

રાવણપુત્ર ઇન્દ્રજિતે નાગપાશ બાણ છોડ્યું. હનુમાનને સાપ વળગી ગયા. બંધાયેલા હનુમાન સભામાં લવાયા. એની રાવણ સાથે સીતાને છોડવાની વાતો થઇ. એમાં કંઇક વાંકુ પડ્યું. રાવણ કહે – હનુમાનને પકડી ફાંસીએ લગાડી દો. હનુમાને જોરથી શ્વાસ લીધો, બધા નાગપાશ બંધનો તૂટી ગયા.

મોહનીયની તમામ લાગણીઓ એ મોહનીયના બાણથી છુટેલી હજારો લાગણીઓ રૂપ નાગપાશ બંધનો છે. પણ તે બંધન ક્યાં સુધી? આત્માએ પુરુષાર્થ કર્યો નથી ત્યાં સુધી. જીવ એકવાર પુરુષાર્થ કરે, તો બંધન તૂટી જાય. પણ આપણને તો બંધન ગમે છે. બેડી અલંકાર લાગે છે. જુનું થાય તો પોલીશ કરાવી ચકચકિત કરવાનું મન થાય છે. જે બેડી છે, તેને આપણે શોભા માનીએ છીએ. આ સાધન – સંબંધ બેડી નહી લાગે ત્યાં સુધી આભૂષણ લાગશે. સાચવવાનું ચળકાવવાનું જ મન થશે.

ભગવાન કહે છે – આ બધા બંધનો નથી. એનું મનમાં ઊભુ થયેલું આકર્ષણ – લાગણી બંધન છે. તું અનંતવીર્યનો ધણી છે. તું ધારે તો એક ઝાટકે બધા બંધન તોડી શકે. એમ કહીને પ્રભુ માર્ગ આપે છે. જેને જેને પોતાના માની, આકર્ષક, સુખના સાધન માની જેની જેની સાથે સંબંધ જોડ્યા છે, તે બંધન તોડવા દર્શનાદિ માર્ગ છે. પણ આપણે નબળા છીએ... બંધન લાગે તો પણ તોડવા સમર્થ નથી. માણસ નબળો હોય તો વિટામીનની ગોળી લે, જેથી તાકાત આવે.

છોકરાએ અમેરિકાથી પાર્સલ મોકલ્યું. તેમાં એવી ગોળી હતી કે એક ગોળી લેવાથી વીસ વર્ષ ઉંમર ઘટે. પછી એ ભારત આવ્યો. એ સમજે છે કે મમ્મી – પપ્પા લેવા આવશે. એક યુવતી આવીને કહે – બેટા! તું આવ્યો? યુવક – તમે કોણ? પેલી – તારી મમ્મી. તારી મોકલાવેલી ગોળીથી મારી ઉંમર વીસ વર્ષ ઘટી ગઇ. પપ્પા ક્યાં છે? ઘોડિયામાં. તેમણે ડબલ ગોળી લીધી હતી.

આપણી ભૂમિકા આવી છે, સંસારના કાર્ય કરવા માટે જાણે ડબલ ગોળીની તાકાત આવી જાય છે. યુવાની ખીલે છે. પણ ધર્મના કાર્ય કરવા ૯૦ વર્ષના ઘરડા થઇ જઇએ છે. સંસારના કાર્યમાં ઘોડાની જેમ દોડનારો હું ધર્મકાર્યમાં સાવ મડદાલ છું. સંસારના કાર્ય કરતાં કોઇ થાક– કંટાળો – નેગેટીવ વિચારણા નથી. કુદી પડું છું. જ્યારે

ધર્મકાર્યમાં વિચાર આવે – નહી થાય, નહી ફાવે, કેમ થશે? માટે મારે વીટામીન્સની ગોળી જોઇએ છે. મારે બંધન તોડવા છે. આત્મસાધના કરવી છે. પણ તાકાત જોઇએ છે. તે માટે પ્રભુનું નામ 'નમો અરિહંતાણં' પદ વિટામીનની ગોળી છે. આ પદ જાપ સંસારકાર્યમાંથી ધર્મકાર્યમાં પ્રેરાવા માટે વિટામીનની ગોળી છે.

'નમો અરિહંતાણં' એ કેપ્સુલ છે. પણ તેમાં કેપ્સુલના કવરથી તાકાત નથી આવતી. અંદર રહેલા પાવડરની તાકાત હોય તો કામ કરે. તેમ 'નમો અરિહંતાણં' એ સાત અક્ષર કેપ્સુલનું કવર છે. અંદર ભગવાન પ્રત્યે અહોભાવ કે એ મારું કામ કરશે જ! પ્રભુકૃપાથી મારું સારું થશે જ! હું મોહનીયની જે લાગણી જીતી શકતો નથી, તે તમામ બંધન – લાગણી – દોષો જીતવાનો પાવર ભગવાન તારામાં છે, આ પરમ શ્રદ્ધાનો પાવર કેપ્સુલમાં જરુરી છે. તો જ કામ કરશે.

આ કેપ્સુલ દોષોને તોડવા સમર્થ છે તે જ્ઞાન, તે રોગ દૂર કરશે તેવી શ્રદ્ધા એ દર્શન. જાપ કરીએ તે ચારિત્ર. નવકાર આવડે તે જ્ઞાન. નવકાર પર શ્રદ્ધા તે દર્શન. નવકાર ગણવા તે ચારિત્ર. ભગવાન! મને ઓળખાણ આપો. મારું કોણ? કૃષ્ણે અર્જુનને ઓળખાણ આપી – તું જેને તારા માને છે, તે જ તારા દુશ્મન છે. પ્રભુ પણ ઓળખાણ આપે છે – જેની સામે તને જોવું ગમતું નથી. જેના નામથી ગભરાય છે. તે બધા તારા છે. ક્રોધ એ તારો મિત્ર નથી. સગપણમાં ક્ષમા આવે છે. માન એ તારો મિત્ર નથી. નમ્રતા તારી છે. પ્રાર્થના કરો – ભગવાન! મારા મિત્ર કોણ? શત્રુ કોણ? બંધન કોણ? એ ઓળખવાની દૃષ્ટિ આપો. જેને જેને મારા માનું છું. સારા માનું છું. લાગણી ઊભી કરું છું. જેનાથી આકર્ષાઉં છું. તેઓમાં શત્રુતા, અહિતકરતા, દુર્ગતિ દેખાય તેવી દૃષ્ટિ આપો!

પહેલા ઓળખાણ જોઇએ, પછી એ બધાને દૂર કરવા શક્તિ જોઇએ. પ્રભુ! મારા દોષોને – બંધનોને તોડવા શસ્ત્ર આપો. ભગવાન કહે છે – ક્રોધનું બંધન છે, લે ક્ષમા. માનનું બંધન છે, લે નમ્રતા. માયાનું બંધન છે. લે સરળતા. તે દરેક શસ્ત્ર કેવી રીતે વાપરવા – તે શીખવવા માટે પ્રભુ ગુરુ નામના શિક્ષકને મોકલે છે, ટ્રેનીંગ માટે ગુરુતત્ત્વ મળે તે પણ પ્રભુ કૃપા. પણ કોલેજિયનોની જેમ આપણને ક્લાસ કરતાં કેન્ટીનમાં વધુ રસ છે. કલાસમાં જ ઉંઘ આવે તો શું કરવાનું? આપણને દેવ-ગુરુ – ધર્મ કરતાં સંસારની પ્રવૃત્તિ વધુ ગમે છે, ને વ્યાખ્યાનમાં ઉંઘ આવે છે.

સરકારી કર્મચારી માટે કહેવાય છે કે ઓફીસમાં આરામ કરે ને ઘરે સાઇડ બીઝનેસ કરે. જે કામમાટે નિયુક્ત થયો છે, તે ન કરે. બાકી બધા કામ કરે. તેમ આપણને પ્રભુકૃપાથી આવા સરસ માનવભવમાં નિયુક્ત કરવામાં આવ્યા. આર્યદેશ –

કુલ, દેવ-ગુરુ વગેરે દ્વારા સાધના કરવા માટે જિનશાસનના પૂરા પેકેજ સાથે આવ્યા. હવે બંધન તોડ. તે માટે ટ્રેનીંગ - જ્ઞાન-ઓળખાણ લે. પણ આપણને આ બધું જ સુઝતું નથી... પ્રભુને પ્રાર્થના કરો હે ભગવાન! માર્ગ સુઝાડ. દૂર કરો અંધારું. પહેલાં માર્ગમાં પ્રકાશ પાથરો. આ માર્ગે ચાલવા જેવું છે એવી શ્રદ્ધા પણ પ્રભુ આપ જ આપો!

અમે એવા બાળક છીએ કે કશું જ કરી શકતા નથી. ભગવાન! તું મા બન. રોટલીના ટુકડા પણ તું કરીને આપ. પાણીનો ગ્લાસ પણ તું આપ. રોટલીને દાળમાં ઝબોળીને મોંમાં પણ તું જ મુક. પણ પછી પણ ફરિયાદ છે કે ચાવવું તો મારે જ પડે ને! તો પ્રભુ તમે શીરો બનાવશો? પછી પાછી ફરિયાદ છે. પચાવવું તો મારે પડે છે. એ પણ તું જ પચાવ. આવી તું પરમમાતા છે. તારા પર જ શ્રદ્ધા છે, તું જ તારક છે. 'નમો અરિહંતાણં' પદનો જાપ કરતી વખતે આ સંવેદના થવી જોઇએ... પરમાત્મા બધું જ આપનારી પરમમાતા છે.... બધું જ સુઝાડનારા પરમગુરુ છે... બધું જ સીધું કરી આપનારી પરમશક્તિ છે.

સામગ્રી મળે પ્રભુની કૃપાથી... સામગ્રી ગમે પ્રભુની કૃપાથી... સામગ્રીનો સદુપયોગ પ્રભુની કૃપાથી... પછી અહંકાર કે અપેક્ષાના અપચાના બદલે આનંદ - અનુભૂતિરૂપે પાચન પણ પ્રભુકૃપાથી...

છગને મગનને કહ્યું - દેશના વિકાસ માટે બધાએ સરકારને ઇન્કમટેક્ષ ભરવો જોઇએ. મગને કહ્યું - મને પણ દેશના વિકાસમાં રસ છે. ને તેથી ટેક્ષ ભરવા તૈયાર છું. બસ સરકાર મને એટલી ઇન્કમની વ્યવસ્થા કરી આપે!

મગનનું કહેવું છે કે પહેલા સરકાર જ મારી આવકની વ્યવસ્થા કરે. પછી એમાંથી સરકાર ભલે કર લે... મને વાંધો નથી.

પ્રભો! અમારી પણ આ વાત છે... થોડી વિશેષ છે... આપણી ભક્તિ કરવાના અનુકૂળ સમય-સંયોગ-સામગ્રી પણ આપ જ આપો. ને પછી એ બધાની વચ્ચે આપની ભક્તિ કરવાનું સુઝે એવી મનોભૂમિકા પણ આપ જ કરી આપો!

અનંતસુખનો, નિર્ભેળસુખનો, જેમાં દુઃખની છાયા લેશ પણ નથી એવા સુખનો માર્ગ ભગવાને બતાવ્યો, માટે સિદ્ધ કરતાં પહેલાં એમને નમસ્કાર. ભગવાન! આપ અમારા માર્ગદર્શક બનો, આપના ઉપકારથી અમને માર્ગ મળે!

આપના જાપના પ્રભાવે અમે પણ બીજાને માર્ગનો જ ઉપદેશ આપીએ. ન ખબર પડે તો ન કહીએ. પણ કોઇને ઉન્માર્ગે તો ન જ ચઢાવીએ. કોઇ વ્યક્તિને અપાતી સલાહ ઉન્માર્ગદર્શક ન જ હોય. માર્ગ ન બતાવી શકીએ તો મૌન રહીએ, પણ ખોટી સલાહ, ઉંધા રવાડા, તલ્લે ચઢાવવો તેમ નહીં કરીએ!

૯૬) અનુચિત આચરણવાળાને એક સમ્યગ્દર્શન પણ મોંઘુ થઈ જાય તો કેવળજ્ઞાન થવાનું ક્યાં રેઢું પડ્યું છે?

– ક્ષમાપના




શા. મદનરાજજી વરદીચંદજી પોરવાલ (આલવા)
સુપુત્ર : અનીલકુમાર, શૈલેષકુમાર
ફર્મ : સંઘવી જી. એમ. જ્વેલર્સ, ખજાના જ્વેલર્સ – ધારવાડ

૯૭) આપણા અંતરમાં ધર્મ કેવો ગમે છે. એનું માપ
સગા સ્નેહીને ધર્મની ભલામણ અને સહાયતા
કેવી કરતાં રહીએ ત્યાં નીકળે છે.

– મનના મિનારેથી મુક્તિના કિનારે ભાગ – ૧



શાન્તીબાઈ છગનરાજજી રાઠોડ (બાલી) માણેકચંદ, ગૌતમ, પ્રવીણ,
પૌત્ર: વીક્રમ, યશપાલ, પ્રીતમ, રીષભ, રાજ, પરમ, દીવ્યમ્ રાઠોડ
માણીક સ્ટોર્સ, ગૌતમ જ્વેલર્સ, ધારવાડ

૯૮) માનવ અવતાર એ શુભભાવોમાં જાતે ઝીલતાં રહેવા અને બીજાને ઝીલતા રાખવા માટે શ્રેષ્ઠ અવતાર છે. *– મનના મિનારેથી મુક્તિના કિનારે ભાગ – ૧*



શ્રીમતી મોનીબાઈ તિલકરાજ તલેસરા
આનંદ, સંયમ,
શા. શ્રીચંદ અનુપચંદ એન્ડ સન્સ, ધારવાડ

૯૯) મનને આ ધગશ જોઈએ કે મારા સંપર્કમાં આવનારને હું એવા તન-મન-ધન-વચન પીરશું કે જેથી એના દિલમાં શુભ ભાવો ઉભા થાય. – *મનના મિનારેથી મુક્તિના કિનારે ભાગ – ૨*



શ્રીમતી ચંદનબાલા નીર્મલકુમારજી તલેસરા (સાદડી)
સુપુત્ર : અનીલકુમાર, સુપૌત્રી – વીનલ
ફર્મ : નીર્મલ જ્વેલર્સ, ગાંધી ચૌક, ધારવાડ

૧૦૦)

ઉપકારીનો દ્રોહ, પૂજ્ય પુરુષોની નિંદા – આશાતનાને ધર્મની હીલના – હલકાઈ કરવીએ હિંસા દુરાચાર કરતાંય અતિ અધમ પાપ છે. એ દુર્ગતિ પ્રેરક બને છે.

*– તિમિર ગયું ને જ્યોતિ પ્રકાશી*



અ.સૌ. કિરણબેન નવીનચંદ્ર
જેચંદ દોશી – કલ્પનગરી, મુલુંડ

૧૦૧) જીવન તો નદીના વેગની જેમ વહીને જોત–જોતમાં
મૃત્યુના મહાસાગરમાં ભળી જવાનું, પછી પરલોક
સાધના ક્યારે?

– મનના મિનારેથી મુક્તિના કિનારે – ભાગ ૨



માતુશ્રી લલિતાબેન હઠીચંદ હીરાચંદ શાહ – ટાણાવાળા

૧૦૨) મારા વિના તમારું કે તમારા વિના મારું શું થશે?
એ ચિંતા નકામી છે. સૌ એ પોતે જ પોતાના આત્માની
ચિંતા કરવાની છે. અને તેથી જ સૌ એ એક બીજાના
સારામાં સમર્થન જ કરવું જોઈએ.

– મનના મિનારેથી મુક્તિના કિનારે – ભાગ – ૨



શ્રી મુકેશભાઈ હઠીચંદ શાહ – ટાણાવાળા
અ.સૌ. સુધાબેન મુકેશભાઈ શાહ – ટાણાવાળા
શ્રી જિનેશ મુકેશભાઈ શાહ – ટાણાવાળા

૧૦૩) કર્તવ્ય પાલન જીવનનો સાર માની લેવાય તો એની ખાતર સુખનો ત્યાગ કઠીન નથી.

– સૂરિપુરંદર



માતુશ્રી ચંદનબેન દુર્લભદાસ દોશી
(ઉમણીયાવદરવાળા)

દુનિયામાં ઘણાંને બીજાને ઉંધે રસ્તે ચઢાવવાનો રસ હોય છે. શાસ્ત્રમાં દ્રષ્ટાંત આવે છે. એક ગામમાં સાધુ ભગવંત ગોચરી માટે નીકળ્યા. એક બ્રાહ્મણ પુરોહિત ઝરૂખે ઊભો છે. સાધુએ પૂછ્યું – કઇ ગલીમાં ગોચરી મળશે? પુરોહિત કહે – પેલી ગલીમાં જાઓ. બ્રાહ્મણને દ્વેષભાવ હતો. તેથી ઉંધો રસ્તો બતાવ્યો. તે સુમસામ ગલીની વિશેષતા એવી હતી કે ત્યાં ખૂબ રેતી હતી. તે બપોરે એવી તપી જાય કે તે રસ્તે જનારને પગમાં ફોલ્લાં પડી જાય ને ત્યાં જ મરે. માટે બપોરે ત્યાંથી કોઇ જતું ન હતું. સાધુ સરળ હતા. તે રસ્તે ગયા. ગોચરી લઇને પાછા આવ્યા. પણ એવા જ શાંત – પ્રશાંત! પેલો વિચાર કરે છે, આમ કેમ થયું? એને તમાશો જોવો હતો ને આ તો ઉંધુ થયું. આશ્ચર્ય થયું. પોતે નીચે ઉતર્યો. રેત પર પગ મુક્યો. રેત ઠંડીગાર. આ સાધુના તપ-સંયમનો પ્રભાવ જાણી તે બ્રાહ્મણે ધર્મ પામી દીક્ષા લીધી.

કોકને ખોટા રસ્તે ચઢાવવાનો રસ આપણો પણ આવો છે. ભાવથી કોકને સાધના – અનુષ્ઠાન કરવું હોય, તો આપણે રોડા નાંખીએ – અંતરાય કરીએ. રહેવા દે, તારું કામ નહી. રૂટીન ચાલે છે. ચાલવા દે. કોઇને સાધર્મિક ભક્તિ કરવી હોય, તો આપણે કહીએ– કોઇ સાધર્મિક સાધર્મિક રહ્યો નથી. બધા આળસુ બને છે. અનુકંપા વખતે – અનુકંપા કરી તેના પાપમાં ભાગીદાર કેમ બનવું? કોઇ જીવદયામાં લખાવે તો કહીએ – મનુષ્યને તો ખાવા મળતું નથી ને અબોલ પ્રાણી માટે કેમ? કોઇ દીક્ષા લે – તપ કરે તો કહીએ – પરલોક – મોક્ષની કલ્પના એ દેવગુરુએ ચાલુ કરેલો ધંધો છે. કોણે જોયું છે? કોઇ સામાયિક કરે તો કહે – સામાયિક સામાયિક શું કરે છે? પહેલા ઘર સંભાળ. ઘર બાળીને તીરથ ન કરાય. ઘરના છોકરા ઘંટી ચાટે ને ઉપાધ્યાયને આટો? તે ન ચાલે. ઔચિત્ય – વિવેક સમજ.

આવી જાતજાતની સલાહ આપણે બીજાને આપીએ છે. જાણે કે આ જનમ આના માટે જ લીધો છે. અને મૃત્યુ પણ પરિવારના બધા મરે પછી જ છે. ગેરેંટી છે. જો તમે પહેલા જાવ, તો પરિવારનું શું થશે? સાચી સલાહ કોણ આપશે? બરાબર ને? મૃત્યુ આપણા હાથમાં નથી, પણ બીજાને ધર્મ કરતા અટકાવવો એ આપણા હાથમાં છે.

ભગવાન! આપ માર્ગદર્શક છો, આપના જાપના પ્રભાવે હું માર્ગદર્શક જ બનું. ઉન્માર્ગદિશક તો ન જ બનું.

કોઇ સલાહ લેવા આવે તો ૧ ) મૌન રહેવું. ૨ ) આપવી જ પડે તો તેના દર્શન-જ્ઞાન-ચારિત્રનું કાંઇ ન બગડે, વિવેક-ઔચિત્ય જળવાય એવી જ સલાહ આપવી. આપણી સલાહ ન માને તો એની ઇચ્છા. સલાહ બે પ્રકારે છે (૧) સામેવાળાને ગમે એવી. (૨) સાચી સલાહ. વ્હાલા થવું હોય તો તેને ગમે તેવી સલાહ આપો. પેલો

માણસ સલાહ લેવા આવે તો ધારીને જ આવે કે મને ગમે તે જ સલાહ આપશે. એ તો પોતાની વાત પર સિક્કો જ લગાવડાવવા જ પ્રાયઃ આવે છે. દુનિયામાં બધાએ પોતે શું કરવું તે પ્રાયઃ ધારેલું જ હોય છે. આપણી પાસે માત્ર સિક્કો જ લગાવવા આવે છે.

એકં બહેરા જમાઇને બીમાર સસરાની ખબર પૂછવા જવાનું હતું. પણ પોતે બહેરો છે તેની સસરાને ખબર ન પડે તે માટે ત્રણ સવાલ વિચારી લીધા. અને તેના જવાબરૂપે સસરા શું કહેશે તે પણ પોતે જ કલ્પી લીધું. ૧) તબિયત કેવી છે? સસરા કહેશે, સારી છે. હું કહીશ – સરસ. ૨) કઇ દવા ચાલે છે? સસરા જે કહે, તેમાં કહીશ – આના જેવી કોઇ અકસીર દવા નથી. ૩) વૈદ ક્યો છે? સસરા જે નામ આપે તે માટે કહીશ – ઓહો! આના જેવો નામી વૈદ કોઇ નથી.

જમાઇએ સસરાને પૂછ્યું – તબિયત કેમ છે? સસરા કહે –દિવસે દિવસે બગડતી જાય છે. બહેરો જમાઇ કહે – સરસ. સસરાનું મગજ ગયું. શું મરીશ, તો આને વારસો મળશે? ફરી પૂછ્યું – દવા કઇ ચાલે છે? ગુસ્સે થયેલા સસરાએ કહ્યું – ઇંટ, ચૂનો ને માટી. બહેરા જમાઇનો પોતાનો જવાબ તૈયાર હતો – બહુ સરસ. આના જેવી કોઇ દવા નથી. સસરાનું મગજ ફાટ્યું. જમાઇ પૂછે છે – વૈદ કોણ છે? સસરા – જમડો. અહો ! આના જેવો જસરેખાવાળો કોઇ વૈદ નથી. પૂછવું છે સસરાને, પણ જવાબ પોતાના તૈયાર છે.

મોટાભાગના જીવો જમાઇ જેવા છે. પૂછવું છે, પણ પોતાના જવાબ તૈયાર છે. એને ગમતી વાતમાં હા પાડીએ તો રાજી થઇ જવાનો. એને ગમતું ન કહ્યું તો ગલ્લા – તલ્લા કરી પોતાનું જ કરશે. સલાહ પણ આપવી છે ને વ્હાલા પણ થવું છે. પછી કપિલની વાતમાં હા પાડતા મરિચી જેવું થાય. ભગવાન! ભુલેચુકે ય હું કોઇને ઉન્માર્ગે ન ચઢાવું તેવું સામર્થ્ય આપો. આજે આપણને દરેક બાબતમાં કડછા હલાવવાનું મન થઇ જાય છે. કોઇ સલાહ લેવા ન આવે તો સામે ચાલીને કહીએ. લઇ જાઓ. મારા જેવો ઉદાર કોઇ નથી.

ધર્મધ્યાન :– **વિપાકવિચય :–** ક્રોધનો અપાય અને વિપાક શું? આમ તો બંને સરખું છે. પણ અપાય એટલે આજે કરેલો ક્રોધ કાલે વધુ મોટો થઇ આવશે ને તેથી સંબંધ બગડશે. વિપાક એટલે દુર્ગતિ થાય. વર્તમાનમાં મને જે કાંઇ થઇ રહ્યું છે, તે મારા ભૂતકાળના કર્મો છે. અપાય એટલે નુકસાન. વિપાક એટલે ફળ. ક્રોધાદિના આ ભવ–પરભવમાં નુકસાન વિચારવા એ અપાયવિચય. દરેક બનતા પ્રસંગમાં પૂર્વભવીય કર્મના ફળનો વિચાર કરવો એ વિપાકવિચય.

બીજી રીતે એમ પણ વિચારી શકાય ક્રોધાદિથી સંબંધ વગેરે બગડશે, આત્મા

મલિન થશે ઇત્યાદિ વિચાર એ અપાયવિચય ને એના કારણે મારી ગતિ બગડશે, દુર્ગતિ-દુઃખની પરંપરા ઊભી થશે એવી વિચારણા એ વિપાકવિચય.

આ જગતમાં કોઇ ગુનેગાર નથી. જે પ્રસંગોની વણઝાર ચાલે છે, તે મારા કર્મોની વણઝાર છે. કો ક દિવસ સવારથી જ વણઝાર ચાલુ થઇ જાય. બધુ ઉંધુ જ થયા કરે.

ન્હાવા ગયા તો નળમાં પાણી જ નહી. લેટ્રીનમાં કોઇ ગયેલું છે. દૂધ ઉભરાઇ ગયું - બગડ્યું. ચા બનાવી પણ સાકર જ નાંખવાની રહી ગઇ. ન્હાવા બેઠા પણ પાણી ફડફડતું - હાથ દાઝ્યો. દેરાસરમાં ગયા તો લાઇન મોટી, બે ચાર જણા વચ્ચે ઘુસ્યા. ઝઘડો થયો. પૂજામાં મુડ જ ન રહ્યો. પાટલો શોધ્યો, પણ બધા બુક. એક પાટલો ખસેડ્યો તો એ ભાઇ ગુસ્સે થઇ ગયા. સ્તવનમાં રાગ જ ન બેઠો. ઘરે આવતા સાઇકલે ટક્કર મારી. વાગ્યું. ઘરે આવ્યા એટલે ઘરવાળી તાડુકી - દેરાસરે જ રહી જાઓ. આ છોકરાઓને સ્કુલે મુકવા કોણ જશે? બસની લાઇનમાં ઊભા રહ્યા. ઘણા વખત સુધી બસ જ ન આવી. ને બસ આવી, તો પાછળના બધા પહેલા ચઢી ગયા. કંટાળી ગયા. ઓફીસે ગયા તો ત્યાં કોઇ કર્મચારી જ હાજર નહી. બે જ ઓર્ડર મળ્યા - ૧ ) અહીંથી નીકળી જાઓ. ૨ ) ફરી આવતા નહી.

સાંજ પડતા પડતા લાગ્યું કે ગ્રહો બદલાઇ ગયા છે. જાણે નવ ગ્રહો ભેગા મળી મારી ઉપર તુટી પડ્યા છે. બધા વાંકા ચાલે છે. આત્મહત્યા પ્રેરક સીરીયલ ટી.વી.માં ચાલુ છે. સીનેમા જોઇને માણસ દુઃખથી હતાશ થઇ આત્મહત્યા કરતો થઇ ગયો. સવારથી સાંજ એવો કંટાળ્યો, માને છે કે મરી જાઉં. દરિયા કિનારે મરવા ગયો તો ઓટ હતી. પંખા પર ફાંસો લગાવ્યો તો પંખો જ નીચે ઉતરી ગયો. ઝેર લેવા ગયો. તેમાં ભેળસેળ. સ્મશાને જઇ સૂઇ જાઉં. કોઇ સતી થાય તો કોઇ પતિ થાય. સ્મશાનમાં કહે - મને ચિતા પર સળગાવ. પેલો કહે - તમારો નંબર એકવીસમો છે. રાહ જુઓ. કેટકેટલા કડવા અનુભવો થાય છે?

ભગવાન કહે છે - કેમ અકળાય છે? તે ભૂતકાળમાં કોઇ દિવસ સીધું વર્તન કર્યુ છે? આનંદ - રસ - રુચિ - પ્રેમપૂર્વક પાપો કર્યા છે. તેના ઉદય આવે છે, ત્યારે વિપાકરૂપે જાતજાતના અનુભવ થાય છે. તું કોકને ગુનેગાર માનવાને બદલે પોતાના કર્મને ગુનેગાર તરીકે જો. હોંશિયાર ૦૦૭ જેમ્સબોન્ડ ડીટેક્ટીવ બનો કે મારા અણગમતા જીવન-પ્રસંગ-ઘટનાઓમાં ખરેખર ગુનેગાર કોણ છે? ઢગલાબંધને ગુનેગાર માનવા કરતાં ભૂતકાળના મારા કર્મો ગુનેગાર છે. એ સસ્તું પડે! સારું પડે. મારો વક્ર સ્વભાવ - ઉંધા ચત્તા કાર્યો - રાચી માચીને કરેલા પાપોનો આ ઉદય છે.

શરીર બીમાર બીમાર જ રહે છે. વૈદ –ડૉક્ટર – દવાઓ બદલી. માણસ વૃદ્ધ થાય એટલે ડાયરીમાં ડૉક્ટરનું લીસ્ટ વધે. એક્યુપ્રેશર – પંક્ચર – આયુર્વેદિક – હોમિયોપેથિક – એલોપેથી.... જીવડા! શરીરમાં બીમારી આવે છે, તેમાં અકળાય છે કેમ? પૂર્વના પાપોનો વિપાક છે. પ્રભુભક્તિ – ગુરુભક્તિ – વૈયાવચ્ચ – જીવદયા પાળી નથી. બીજા જીવોને ત્રાસ આપવાના એકે અવસર છોડયા નથી. તારી તાકાતથી તેં બીજાને દબાવવાના કાર્ય કર્યા છે. શક્તિ હોવા છતાં તપ નથી કર્યા. દરેક રોગ યાદ અપાવે છે, ગયા ભવે તેં પ્રભુભક્તિ નથી કરી. બીજાની સેવા વખતે તું ભાગી ગયો હતો. જીવદયા વખતે જાણી જોઇને નફ્ફટાઇથી જીવો કચડયા. બીજા બીમાર પડે, તેને સંભળાવ્યું છે 'શું વારંવાર બીમાર પડો છો!' વળી તપ નથી કર્યો. દરેક કર્મના વિપાક છે. આપણું જીવન ને આજુબાજુનાઓનું જીવન જોતાં આવડે તો કર્મગ્રંથની જરૂર નથી.

પેલો કરોડપતિ બાપનો દીકરો જે ધંધામાં હાથ નાંખે તેમાં ગુમાવી ગુમાવી રોડપતિ બની જાય. કાંઇક પુણ્યથી કરોડપતિને ત્યાં તો જન્મ્યો. પણ પૂર્વભવમાં અનીતિ – દુરાચાર – લાંચ – જુઠથી કમાયો હતો. એનું પરિણામ આવ્યું. તારા પાપકર્મ એવા ભયંકર છે કે તને એકને દંડ આપવા બીજા ૫૦ને દંડ આપવા પડે છે. વિપાકવિચયનું ચિંતન – જીવનમાં બનતી ઘટનામાં કયા કયા કર્મના વિપાક કારણ છે? એ ચિંતવવું. આપણે ભૂતકાળમાં ઉંધા ચત્તા કર્યા છે, તેની ખાતરી શું? વર્તમાનમાં પણ એ ઉંધાચત્તા નાના મોટા પાયે ચાલુ જ છે. આ જ ખાતરી. તેથી દરેક ઘટના પાછળ કર્મને જ કારણ માનો. બાકીના બધા કોણ? માત્ર પોસ્ટમેન છે. આપણી ભવિતવ્યતા પણ ભાગ ભજવે છે. જેવી ભવિતવ્યતા તેવું નિમિત્ત મળે.

શાકભાજી માર્કેટમાં ગયા. કાછિયાને તતડાવ્યો. ઝઘડો કર્યો, પાછા બે રૂપિયા ઓછા આપ્યા. બે – ચાર લીંબુ એકસ્ટ્રા લીધા. આંતરડી કકળાવી. કર્મસત્તા તેનું પરિણામ આપવા નિમિત્ત શોધે છે. એવી સ્ત્રી સાથે લગ્ન કરાવે કે જે માંગણી જ કર્યા કરે. આંતરડી કકળાવે, છુટાછેડા થાય નહી ને સાથે રહેવાય નહી. આમાં પૂર્વભવના કર્મો ને સંસ્કાર કારણ છે. તેને તોડવા વિપાક વિચયનું ધ્યાન છે. આ ચેનલ અટકાવવા વર્તમાનનો પુરુષાર્થ છે. બાકી ભૂતકાળને તો ભોગવવો જ પડશે.

શ્રાદ્ધવિધિ પ્રકરણમાં – જાવડશાના પિતા ભાવડશા. તેમના ઘરે મૃત્યુયોગમાં પહેલા પુત્રનો જન્મ થયો. જ્યોતિષ કહે – આ ઘરને ખેદાન મેદાન કરશે. એને નદી કિનારે મુકવા ગયા. બાળક હસ્યો. તું ગમે તેટલા ફાંફા માર. મારે તારી પાસે એક લાખ સોનામહોર લેવાના છે. તે લીધા વગર નહીં જાઉં. ભાવડશાએ તેના નામે જન્મ મહોત્સવ કરી લાખ સોનામહોરનો ખર્ચો કર્યો. અને તે મરી ગયો. બીજા છોકરા માટે બે

લાખનો... ત્રીજા છોકરા માટે ત્રણ લાખનો એમની ચુકવણીરૂપે એમના નામે ખર્ચો કર્યો. તે મર્યા, પછી ચોથો જન્મ્યો. ટેન્શન વધુ હતું. ચોથાએ કહ્યું - બાપા! હું લેણદાર નથી, દેવાદાર છું. મારે તમારા નામે ૨૦ લાખ ચુકવવાના છે.

કેટલાક લેણદાર આવે છે તો સમજી લેવું ગયા ભવનો હિસાબ બાકી છે, તે લેવા આવ્યા છે. ને કેટલાક દેવાદાર આવે છે. કર્મવિપાક વિચારી લેવો. વર્તમાનમાં જે કોઇ પ્રસંગ બને, તેને ભૂતકાળના પ્રસંગ સાથે જોડતો જા. મહેનત કરવા છતાં ચડતું નથી. ગયા ભવે જ્ઞાનવિરાધના કરી છે. આંધળો - બહેરો - કાનમાં પીડા છે. પૂર્વભવમાં પાંચે ઇન્દ્રિયનો દુરુપયોગ કર્યો છે. બીજાને કાન - આંખમાં પીડા આપી છે. તને વાતવાતમાં અશાતા થાય છે. ગયા ભવે બીજાને અશાતા આપી છે. તને આ ભવે તૃપ્તિ જ નથી. ભેગું કરું... ભેગું કરું.. કેમ? ભૂતકાળમાં તને ઘણું મળેલું, તે ભોગવ્યું નહી, બીજાને ભોગવવા નહીં દીધું, માટે... યુવાનવયે મોત - અકસ્માત કેમ? તેં જીવહિંસા ખૂબ કરી છે. બીજાને પૂરું આયુષ્ય ભોગવવા દીધું નથી.

આ હેતુ એટલા માટે બતાવવામાં આવ્યા છે કે વર્તમાનના દરેક કાર્ય પાછળ ભૂતકાળની તે-તે ચેષ્ટા હેતુ છે. વિપાક ભવિષ્યમાં લાંબો ન ચાલે અને આ જ ભવે પૂરો થઇ જાય તે માટે ભગવાને બતાવેલો એક જ માર્ગ છે - સમતા - સ્વસ્થતા - પ્રસન્ન ચહેરે તેને સહન કરી લો.

તમારું માથું દુઃખતું હતું. ટેબ્લેટ લીધી. દુઃખાવો અટકાવ્યો. અટકી ગયો. નાશ નથી પામ્યો. આવતી કાલે વધુ જોરથી ત્રાટકશે. તેનાં કરતાં જે ઉદયમાં આવે તેને હસતે ચહેરે સહી લો. કદાચ અસહ્ય હોવાથી અથવા વકરી જવાના સંભવથી ચિકિત્સા કરાવવી પડે, તો પણ (૧) બને ત્યાં સુધી નિર્દોષ ચિકિત્સા જ કરાવવી. (૨) જીવદયાની પ્રવૃત્તિ વધારી દેવી. (૩) રોજ પ્રભુ આગળ પ્રાર્થના કરવી - પ્રસન્નતાથી સહન કરવાની શક્તિ આપ (૪) બીજા બીમારની સારવાર માટે આર્થિક આદિ ભોગ આપવો. (૫) બીમારીમાં પણ બીજાની સેવા શક્ય ઓછી લેવી. (૬) સેવા કરનારની સામે અનુચિત વર્તન કરવું નહીં. (૭) સેવા નહીં કરનારનો તિરસ્કાર નહીં કરવો. (૮) મનને સદ્વાંચન, શ્રવણ, ચિંતન, સ્મરણથી પ્રફુલ્લ રાખવું. (૯) બીમારી મટે તો કોઇક શુભયોગ આરાધવાનો સંકલ્પ કરવો, જેમકે રોજ એક સામાયિક કરીશ. (૧૦) ભવિષ્યમાં સાધુ-સાધ્વી વૈયાવચ્ચમાં વિશેષ ઉમંગથી લાગવાનો ભાવ રાખવો. (૧૧) શક્ય હોય, ત્યાં સુધી પીડા સહન કરતી વખતે હાયવોઇ કરવાને બદલે પ્રસન્નતાપૂર્વકની સમતા રાખવી. પણ ક્યારે મટશે, મરી જઇશ, ઇત્યાદિ આર્તધ્યાન નહીં કરવું ને (૧૨) સારા થયા પછી સેવા કરનાર દરેકનો આભાર માનવો.

અરિહંત ભગવાનના વિશિષ્ટ અનુગ્રહથી જોતજોતામાં ઉપધાન પૂરા થઇ ગયા. અર્થાત્ સાધના તરફ – મોક્ષતરફ એક ડગલું ભરવાનો માત્ર પ્રયત્ન નહી, તમે માત્ર રુચિ પણ કરો, તો હજારે હજાર ડગલા પ્રભુ ભરી આપે છે. તમે રુચિ કરો ને કરુણા વરસે જ. તમારે તો પ્રભુનો અનુગ્રહ ઝીલવા માત્ર મન કરવાનું છે. કારણકે જગતમાં એક પણ શુભ વિચાર ભગવાનના અનુગ્રહ વિના શક્ય નથી. દુનિયામાં મોહના ઇશારે ઢગલાબંધ ઉંધાચત્તા ચાલે છે, તેમાં એકાદ નાનકડો શુભ ભાવ એ પરમાત્માના અનુગ્રહની પ્રાપ્તિ છે.

હવે ઉપધાન પૂરા થવા આવ્યા. ઘરે જવાના. બધી સીસ્ટમ ચેન્જ થઇ જશે. જો સંસારમાં સેટ ન થાઓ, તો અમે માનશું કે તમે ઉપધાન ભાવથી કર્યું. કમ સે કમ બાથરૂમમાં જવાનું થાય ને કાચુ પાણી પડે તો શરીર ધ્રુજી ઉઠે, પંખા નીચે જતાં ભય લાગે, તો માનશું કે ખરેખર તમે ભાવિત થયા હતા. **અંજાયેલો માણસ પ્રભાવિત કહેવાય. ઉંડાણ સુધી સંવેદના કરનાર ભાવિત કહેવાય.** આપણે પ્રભાવિત નથી થવું. ભાવિત બનવું છે.

ઘરે ગયા પછી નિયમ વગર ધાર્મિક બનવું અઘરું છે. કારણ કાં મન પડી જશે, કાં સંયોગ નહી મળે, કાં આજુબાજુવાળા પાડશે. તે વખતે આરાધનામાં ટકવા નિયમ પીઠબળ આપશે. સ્વજનો એ તો સમજે છે કે નિયમ લીધો હોય તો તોડાવવાનો નહી. જો તમારે દુનિયાના વાતાવરણ વચ્ચે આરાધક રહેવું હોય, તો નિયમ જ બચાવશે. આરાધનાની અનુભૂતિ કરાવશે. ધર્મમાં જોડી રાખશે. નિયમ – સંકલ્પ લઇ લેજો.

ઉપધાન એ ચારિત્ર પછીનું નેકસ્ટ સ્ટેપ છે. મોક્ષમાળા માત્ર ઉપધાનમાં જ છે. લાખો રૂપિયા ખર્ચી ચઢાવા બોલી મોક્ષમાળા પહેરાવશે. આ બધું સાર્થક ક્યારે? એવા પ્રકારે જીવન જીવો તો... નહીંતર લોકો કહેશે ઉપધાન કરી આવ્યો પણ જીવનમાં કોઇ ફરક નથી પડ્યો. ઉપધાન તપની વિશેષતા કેમ? ઉપધાનમાં વિધિ તો છે. સાથે સાથે ચિંતા વગર પ્રવચનશ્રવણ મળે છે. સાધુ – સાધ્વીના સતત સંગમાં રહેવાનું છે. તેમના આચાર – અંગતપ્રેરણા – માર્ગદર્શન મળે. તેમની વિશિષ્ટ અસર પામવા ઉપધાન તપ છે. તમે મક્કમ રહેશો તો ભવિષ્ય સુધરી જશે. જીવનમાં પરિવર્તન આવી જશે.

માર્ગદિશક અરિહંતપ્રભુએ મોક્ષમાર્ગે આગળ વધવા ભૂમિકાને અનુરૂપ અલગ અલગ આરાધના બતાવી. ૧) જિનકલ્પી સાધુ ૨) અપ્રમત્ત સાધુ ૩) પ્રમત્ત સાધુ ૪) બારવ્રતધારી શ્રાવક ૫) અવિરત સમ્યક્ત્વી ૬) અપુનર્બંધક માર્ગાનુસારી... દરેકને જીવન કેવી રીતે જીવવું, તેનું માર્ગદર્શન આપ્યું. તારી પાસે જે સામર્થ્ય છે તે કર.

જિનકલ્પી થા. અપ્રમત્ત સાધુ થા, પ્રમત્ત સાધુ થા.... તાકાત જ નથી, આત્માનું સત્ત્વ જ નથી, તો છેવટે માર્ગાનુસારીના ૩૫ ગુણોમાં તો આવી જા. પણ તારો માનવભવ એળે ન જવા દે.

કોઇ ખાલી હાથે ન જવો જોઇએ. જેની પાસે ટબુડી છે, તેને ટબુડી ભરી દૂધ આપે. જેની પાસે ગ્લાસ છે. તેને ગ્લાસ ભરીને, જેની પાસે બાલ્દી, ટાંકી કે કોઠી છે. તે બધું ભગવાન છલકાવી દે છે.

જેઓ વિશિષ્ટ પુરુષાર્થ લઇને આવ્યા તેઓ કોઠી લઇને આવ્યા છે. ભગવાને જિનકલ્પ આપી તેમની કોઠી છલકાવી દીધી. કોઇ ટબુડી લઇને આવ્યો, તેને નાનકડો નિયમ – ગાંઠ ખોલ્યા વગર દારૂ નહી પીવાનું. અને ટબુડી ભરી દીધી. ભગવાને કોઇ ક્વોલીફીકેશન રાખ્યા નથી કે અમુકને જ પ્રવેશ મળશે. બધાને આવકાર. મારા અનુગ્રહની ધારામાં તો જેની જેટલી ભૂમિકા હોય, બધાનો સમાવેશ. બાળક આવે તો પા–પા પગલી ચાલશે. યુવક હોય તો દોડશે. ભગવાને તો બધાનું પાત્ર કરુણા અમૃતથી ભર્યું છે. પણ પછી તે પીવું કે ઢોળવું તે દરેકના પોતાના હાથની વાત છે.

ભગવાનનો આ જબરદસ્ત ઉપકાર છે કે બધાને માર્ગ બતાવ્યો. આવા પરમમાર્ગદિશક પ્રભુનું શાસન આપણને મળ્યું. આપણી શક્તિ, સત્ત્વ, શ્રદ્ધાને અનુરૂપ જે સાધના હોય તે ભગવાને બતાવી. છતાં, આપણને નડતો પ્રમાદ, આસક્તિ, વીર્યાંતરાયનો ઉદય, કંટાળો, ઉદ્વેગ, ખેદ આપણને આરાધનામાં જવા દેતા નથી. તો કરો પ્રભુને પ્રાર્થના ભગવાન! આવી સ્થિતિમાં હું તારા માર્ગમાં આવું, ઊભો રહું, આગળ વધું તે માટે મને તારી જરૂરત છે. 'નમો અરિહંતાણં'. જ્યારે જ્યારે પ્રમાદ આવે, આળસ આવે, મુકી દેવાનું મન થાય, પછી કરીશ એવી ઢીલાશ આવે, ત્યારે અનંત વીર્યાચારના ધણી ભગવાનને યાદ કરો. તેમનું શરણું સ્વીકારો.

જ્ઞાનાચારથી વિવેક, દર્શનાચારથી વૈરાગ્ય, ચારિત્રાચારથી વિરતિ ને તપાચારથી વિશુદ્ધિ. આ ચાર આચારને જીવંત રાખવાનું કામ વીર્યાચાર કરે છે. વીર્યાચાર એ ઓક્સિજન છે. જે મૂચ્છિર્ત થતા રોકવાનો, ઉંઘી જતાને જગાડવાનો, જાગતાને ભગાડવાનો પ્રયત્ન કરે છે. કરે છે અને કરવું પડે. બંનેમાં ફરક છે. પ્રતિક્રમણ કરવું પડે અને ઉલ્લાસથી કરવું. ખૂબ ફરક છે. ખમાસમણા આપવા પડે અને ઉલ્લાસથી આપવામાં ફરક છે. શેઠ દુકાને જાય છે અને નોકરને જવું પડે છે. છ વર્ષના છોકરાને સ્કુલે જવું નથી. જવું પડે છે.

એક બકરાને કતલખાને લઇ જાય છે. તે બેં... બેં... બેં... કરે છે. દીકરીએ પૂછયું – પપ્પા! આને સ્કૂલે લઇ જાય છે? પપ્પા – ના બેટા! કતલખાને લઇ જાય છે.

છોકરી કહે - તો શામાટે રડે છે? મને એમ કે સ્કુલે લઇ જાય છે. છોકરીને સ્કુલે જવા કરતાં કતલખાને જવું સહેલું લાગે છે.

સ્કોલર વિદ્યાર્થીને સ્કુલે જવું ગમે છે. તેની ખાતરી શું? ૧) જતાં ઉમંગ હોય ૨) દરેક કલાસ - પીરિયડ એટેન્ડ કરે. ૩) નવું શીખવાનું શીખે છે. ૪) દફતર ફેંકતો નથી. વ્યવસ્થિત મુકે. ૫) બધા કામ થયા પછી હોમવર્ક કરવા બેસી જાય. તેમ તમને દેરાસર જતાં ૧) ઉમંગ છે? તો શાસ્ત્રો કહે છે - ૨) દેરાસરમાં દરેક ક્રિયામાં એકાગ્રતા છે? ૩) નવી વિધિ શીખો છો? ૪) ઘરે આવી પેટી - પૂજાના કપડા વ્યવસ્થિત મુકો છો કે ફેંકો છો? ૫) હોમવર્ક કરો છો? દરેક ચોખો અક્ષત જ છે ને? ભગવાન માટે તાજા ફૂલ ક્યાં મળે છે?સુંદર ફળ લાવું! સરસ દીવો તૈયાર કરું! ઘરેથી દૂધ લઇ જાઉં, આવી કોઇ ગણતરી ખરી? તમે સ્કોલર સ્ટુડંટ છો? આપણામાં ખામી ક્યાં આવી! વીર્યાંતરાયનો ક્ષયોપશમ નથી.

જ્ઞાનાદિ આચારને જાગતા રાખવાની તાકાત વીર્યાચારમાં છે. વીર્યાચાર દરેક ક્રિયાને વીર્યોલ્લાસમય બનાવે છે. ઉમંગ - ઉલ્લાસ - અહોભાવ - આનંદ - આદરથી ક્રિયા થાય, ક્રિયામાં પ્રાણ પૂરાય... આ બધો વીર્યાચારનો પ્રભાવ. તેના સ્પેશ્યલ કોઇ ભેદ નથી. જ્ઞાનાદિ ચારના દરેક ભેદ એના એમ કહીએ તો ચાલે. ચાર આચારના ટોટલ માર્ક દસ અને વીર્યાચારના ૯૦ માર્કસ્ છે. ઇતિહાસમાં પૂર્વે જે જે પ્રસંગો બન્યા - ચમત્કારો સર્જાયા છે, તેમાં મુખ્ય કારણ વીર્યોલ્લાસ છે.

સંગમને શાલીભદ્ર બનાવનાર માત્ર દાન નથી પણ તે અંગેનો વીર્યોલ્લાસ છે. પ્રભુ વીર પોતાને તીર્થંકર તરીકે ઓળખે છે. દીક્ષા લેતાં જ મનઃપર્યયજ્ઞાન, જન્મથી ત્રણ જ્ઞાન, ખબર છે કે હું તીર્થંકર છું. છતાં સાડાબાર વર્ષ સાધનામાર્ગમાં રોજ નવો નવો વીર્યોલ્લાસ - અભિગ્રહ કરે. રાજકુમારી હોય, હાથપગમાં બેડી, માથે મુંડન, સુપડામાં અડદના બાકુળા, એક પગ ઉંબરાની બહાર ને એક પગ ઉંબરાની અંદર, આંખમાં આંસુ હોય આદિ... તો વહોરવું... આરાધનાનો વીર્યોલ્લાસ કેવો અદ્ભુત! સંગમના ઉપસર્ગ વખતે અભિગ્રહ - મહાભદ્રપ્રતિમા, એક જ દ્રવ્યનું ચિંતન, આંખના પલકારા ય નહી મારવાના. વળી ચાર મહિના કાઉસ્સગ્ગ ધ્યાનમાં અપ્પાણં વોસિરામિ. જેમનું કેવળજ્ઞાન ફીક્સ છે, તેમનો વીર્યોલ્લાસ કેવો! રોજ નવા નવા અભિગ્રહ ને રોજ નવો નવો ઉમંગ...

જે દરેક આરાધનાને પ્રાણવંતી, જીવંત બનાવે, સાડા ત્રણ કરોડ રોમને રોમાંચિત કરે, આત્મપ્રદેશોને અનુભૂતિના સ્તરે સ્પર્શી જાય, આનંદ આનંદ ભરી દે તે વીર્યાચાર. સ્વાધ્યાય કરવા બેસે તો કંટાળો નહી, છાપા - વાતચીતો નહી. જો

સ્વાધ્યાય વખતે જ સાથે સાથે વાતો ચીતો વગેરે થાય, તો માનવું જ્ઞાનાચાર છે, પણ વીર્યાચાર નથી. આપણી પાસે ચારિત્રના યોગો તો છે, પણ જીવંત કયાં છે? તમારા કેટલા સામાયિક ભેગા થાય તો પુણિયાના એક સામાયિક ને તુલ્ય થાય? સામાયિક છે. પણ ઉલ્લાસ નથી. પૌષધ છે, પણ તેનો આનંદ ક્યાં છે? તમે પૌષધ કરો ને કોઇ શ્રદ્ધાળુ શ્રાવકને પણ કરવાનું મન થાય, તો તમારો પૌષધ સો માર્કસનો. પણ આપણને એનો ઉલ્લાસ – ઉમંગ નથી.

આચાર્યભગવંતોને પ્રાર્થના કરીએ – અમને એવો વીર્યોલ્લાસ આપો, જેથી અમારી દરેક આરાધના જીવંત-જીવતી બને, જાગતી નહી, ધબકતી બને, દરેક આરાધનાનો સ્વાદ આવવો જોઇએ. ચોકલેટ ચગળે – ચુસે તો દરેક વખતે સ્વાદ આવે. જેમ ચોકલેટનો સ્વાદ સતત મળે, તેમ હે આચાર્યો! આપના જાપના પ્રભાવે અમે જે આચાર પકડીએ, તેમાં સતત આનંદ આવે. કેવો? અરિહંત ચેઇયાણંમાં કહ્યું – તેમ – વઢ્ઢમાણીએ.. વધતો આનંદ. સાધનાની દરેક ક્ષણે – સેકંડે આનંદ વધતો જાય.

'નમોડસ્તુ વર્ધમાનાય' પ્રભુ વીરની સ્તુતિ છે. દરેક ગાથામાં અક્ષરો ૮-૧૧-૧૪ એમ ઉત્તરોત્તર વધારે છે. અક્ષર વધતાં બોલવામાં સ્વર પણ વધવો જોઇએ. પણ ઘાટા નહી પાડવાના. તમારો હર્ષ વધે છે. તેનું આ પ્રતિક છે. ભગવાન! અમારી આરાધના -સાધનાની દરેક પળ ઉમંગથી વધતી રહો. ગુણશ્રેણીમાં દરેક ક્ષણે અનંતગુણ નિર્જરા છે. સમ્યક્ત્વ, દેશવિરતિ, સર્વવિરતિ... જેમ જેમ ઉપરની શ્રેણી પામતાં જાય, તેમ તેમ સમય ઘટે પણ નિર્જરાના આંકડા ગુણાકારમાં વધતા જ જાય. ભગવાન! અમને અમારા આનંદની ગુણશ્રેણીની રચના દરેક આરાધનામાંથી કરાવો. આચાર્ય રાજા છે. હંમેશા તત્ત્વથી તાજા છે. મ્લાન-ગ્લાન - ફીક્કા - દીવેલ પીધેલા નથી. તત્ત્વ તાજા છે. કારણ અખૂટ સાધનાના ભંડાર છે, તેમાં વીર્ય ભળ્યો, માટે તાજા છે. એમના જાપના પ્રભાવે આપણને પણ આ જ જોઇએ છે.

અનંતવીર્યના ધણી અરિહંતપ્રભુ! જ્યારે અમે આપના માર્ગથી ભ્રષ્ટ થઇએ, અટકીએ, ટર્ન થવાનું થાય, તે વખતે આપ માર્ગદર્શક-પ્રેરક-ઉત્સાહવર્ધક છો. અમે નમો અરિહંતાણં ના આલંબને આપને પ્રાર્થના કરીએ છીએ... અમને માર્ગ દેખાડો, અટકી જઇએ તો આગળ વધવા પ્રેરક બનો... ઢીલા પડી જઇએ, તો ઉત્સાહ વધારો!

ધર્મધ્યાન :- આજ્ઞાવિચય :- ભગવાનની આજ્ઞાને દરેક ઠેકાણે અનુસરવાની છે. આપણે યાયી નથી. અનુયાયી છીએ. 'યાતિ ઇતિ યાયી' - જાય તે યાયી. 'પશ્ચાત યાતિ ઇતિ અનુયાયી' - પાછળ જાય તે અનુયાયી. આપણે સ્વચ્છંદ રીતે જનારા નથી. પણ ભગવાનના પગલાં પાછળ જનારા છીએ. પ્રભુને અનુસરવું એટલે એમની

આજ્ઞામુજબ વિચારવું, જીવવું. ગેરિક તાપસે કાર્તિક શેઠનું અપમાન કર્યુ. શેઠે ઘરે આવી આજ્ઞાવિચય ધર્મધ્યાન કર્યુ, પણ ગેરિકપર દુર્ભાવ ન કર્યો. મારા ભગવાનની આજ્ઞા છે. મનુષ્યભવ પામી વહેલામાં વહેલી તકે આઠ વર્ષની વયે સંયમ લો. ભગવાનની આજ્ઞા ન માની માટે સહન કરવાનું આવ્યું. અપમાન થયું. તું જો ડાહ્યો છે, તો સંયમ લઇ લે. અને દીક્ષા લીધી. અત્યારે પ્રથમ દેવલોકના ઇન્દ્ર છે. આ અજ્ઞાવિચય ધ્યાન.

અપાયવિચય = મેતારજ મુનિ, ગજસુકુમાલને ઉપસર્ગ આવ્યા. પણ અપાયવિચય ધ્યાન ધર્યું. તેથી કેવળજ્ઞાન પામ્યા. કરેલા ક્રોધનો – ગુમાવેલી સમતાનો દંડ કેટલો? જો દ્વેષ કરીશ તો પણ આવેલા ઉપસર્ગો અને પ્રગટ થયેલા કર્મો સહન તો કરવાના જ છે. પણ દુર્ભાવ કે સંકલેશથી સહન કરીશ તો કર્મોનો નિકાલ નહી થાય. નથી કરવો ક્રોધ. સમતા છોડવી નથી. ભગવાન નેમિનાથે મારાપર વિશ્વાસ રાખી મને દીક્ષાના પહેલા દિવસે રજા આપી. આ વિશ્વાસનું મારે પાલન કરવાનું છે. માટે સમતા નહી છોડું. ભગવાને બતાવેલા ક્રોધના અપાય મારે જોઇતા નથી.

વિપાકવિચય = રામે સીતાને વનમાં મોકલી. સીતા વિચારે છે. આમાં કોઇનો વાંક નથી. રામ – પ્રજા – ધોબી –સેનાપતિનો વાંક નથી. મારા જ કરેલા કર્મનો વાંક છે. વર્તમાનમાં જે ઘટના બની, તેની પાછળ મારા ભૂતકાળના કયા કર્મ કામ કરે છે? તે વિચાર્યુ. કરેલા સુકૃતનું શું ફળ હોઇ શકે? કરેલા દુષ્કૃતનું શું ફળ હોઇ શકે? શેરબજારમાં એક ઝાટકે કરોડ રૂપિયા મળ્યા. ફુલાઇ ન જા. આમાં તારું ગયા ભવમાં અવસરોચિત કરેલા દાનથી ઉપાર્જિત કરેલું પુણ્ય ખર્ચાયું! હવે તે પુણ્ય ઊભું કર. વર્તમાનમાં હું જે પરિસ્થિતિમાં ઊભો છું. તેમાં ભૂતકાલીન કર્મો મુખ્યતયા કારણ છે.

ભરતચક્રવર્તી એમને એમ નથી થયા. ભૂતકાળના પડઘા છે. પૂર્વે સાધુભગવંતોની ખૂબ ભક્તિ કરી હતી. શાલીભદ્ર એમને એમ નથી બન્યા. પૂર્વભવમાં સુપાત્રદાનનો ઉલ્લાસ હતો. ધન્નાજી હાથ નાંખે ત્યાં ચરુ કેમ? જ્યાં જ્યાં સારું થાય છે, ત્યાં ત્યાં પૂર્વભવના સુકૃતનું પીઠબળ છે. આ ચિંતનથી વર્તમાનમાં સુકૃત પાવરફુલ કરવાનું મન થાય. જ્યાં જ્યાં ખરાબ થાય છે, ત્યાં પૂર્વભવમાં કરેલા કર્મોનો આ જવાબ છે. તે વિચારો. કર્મગ્રંથ વાંચો કાં ચરિત્રગ્રંથ વાંચો. તેમાં સાથે સાથે તેમનાં પૂર્વભવો પણ હોય છે, તેણે ભૂતકાળમાં ક્યા ક્યા સુકૃત કર્યા ને તેનાથી વર્તમાનમાં કયા કયા લાભ થયા? ભૂતકાળમાં કયા કયા દુષ્કૃત કર્યા ને વર્તમાનમાં કયા કયા નુકસાન થયા. તે સ્પષ્ટ માર્ગદર્શન મળે છે. મને આ થયું તેમાં ભૂતકાળનું કયું કર્મ?

જે કર્મ ઉદયમાં આવે છે, તે ખપે છે. તેમાં બે ભૂમિકા થાય. ૧) સંક્લેશની અને ૨) સમતાની. સંકલેશની ભૂમિકામાં આવો તો ચક્કર ચાલુ. સમતાની ભૂમિકામાં

આવો તો ચક્કર બંધ. કર્મો શાંત થાય. દુનિયામાં સ્કીમ ચાલે. એક સાથે એક ફ્રી, પણ કર્મસત્તાની સ્કીમ છે. એક કે સાથ અનેક ફ્રી. એક કર્મને સમતાપૂર્વક ભોગવો. બીજા કેટલાય કર્મ સહન કર્યા વગર ખપી જાય. જે ભોગવવા પડે તેવા હતા, તે ભોગવ્યા વગર ખપી જાય. જીવ જ્યારે એક કર્મ બાંધે, ત્યારે સાથે સાતકર્મ બાંધે છે. તેમ એક કર્મ છોડે છે, તો સાથે સાત કર્મ છુટે છે. તમે સમતા રાખી, બધા કર્મ ધડ ધડ કરતાં ખતમ. એકવાર હસતા મોં એ ભોગવી લો. કામ પૂરું. સામાયિક ઘણીવાર કરવાના, દીક્ષા એક જ વાર લેવાની. જે ઉદયમાં આવે તે જેટલો સમય ચાલે. સમતાથી ભોગવી લો. એટલે એક ઝાટકે કર્મ ખતમ.

વિપાકવિચય કહે છે, જેટલા તીવ્ર ભાવે કર્મ બાંધ્યા તેટલા તીવ્રભાવે સહન કર. તો જ તું કર્મના નવા બંધથી – અનુબંધથી ય છુટીશ. સાથે સાથે બીજા ય ઘણા કર્મોની જાલીમ પીડાથી પણ વગર પીડાએ છુટીશ. ઉપરાંતમાં તને એક એવી ભૂમિકા મળશે કે જેથી નવા તીવ્ર પાપ કર્મ બંધાય એવો પ્રસંગ, એવી ઘટના કે એવી મનોભૂમિકા જ તને નહીં મળે.

અપાયવિચય – વર્તમાનની અપેક્ષાએ ભવિષ્યનો વિચાર

વિપાકવિચય – ભૂતકાળની અપેક્ષાએ વર્તમાનનો વિચાર.

આજે જે કરું છું, તેનું ફળ શું? તે અપાય વિચય ધ્યાન.

આજે જે થાય છે. તેનું કારણ શું? તે વિપાક વિચય ધ્યાન.

સંસ્થાનવિચય :– સમરાદિત્ય કેવલી ચરિત્રમાં ગુણસેનનો જીવ બીજા ભવે સિંહરાજા છે. અગ્નિશમાનો જીવ આનંદ તેનો પુત્ર છે. સિંહરાજા અધ્યાત્મની ભૂમિકામાં છે. યુદ્ધ માટે જવું નથી, પણ જવું પડે છે. પોતે મનમાં નક્કી કર્યું. દીકરાને રાજ્ય આપી દીક્ષા લેવી છે. બહાર છાવણીમાં કોલાહલ થઇ રહ્યો છે. જુઓ જુઓ કૌતુક. રાજાને બોલાવ્યા. સિંહરાજા માનતા હતા બહાર શું જોવું? અંદર આત્મામાં જુઓ. બહાર સંક્લેશ છે, અંદર સૌંદર્ય છે.

દુનિયામાં નાટક ચાલ્યા જ કરે છે. Nothing is new –કાંઇ જ નવું નથી. નોકરે કપરકાબી તોડ્યા ને શેઠ મારે – નવું નથી. બે કાર ટકરાઇ અને ઝઘડ્યા – કાંઇ નવું નથી. તમારા નવા બુટ ચોરાઇ ગયા. કાંઇ નવું નથી. નવું તો એ છે કે દર વખતે બુટ ચોરાતા હતા તો ક્રોધ આવતો હતો. આ વખતે ન આવ્યો. નવું એ છે કે દર વખતે ભગવાનને જોતાં વિચારો આવતા હતા. આજે એકાગ્ર થયા. દર વખતે ધંધામાં અનીતિ કરતા હતા. આ વખતે નીતિ કરી. આ નવું છે. રોજ ટી.વી. જોતા હતા. આજે સામાયિકની ઇચ્છા થઇ. આ નવું છે.

સિંહરાજાને ઇચ્છા નથી, પણ લોકોનો આગ્રહ છે માટે ગયા. ઉપરોઘાત્ - ઉપરોધથી જોવા ગયા. બીજાને એવું ન લાગે કે આ અકડુ છે. પોતાની જાતને ગ્રેટ માને છે. માટે અતિ આગ્રહ હોય તો જવું. બહાર મત્સ્યગલાગલ ન્યાય ચાલે છે. સાપને અજગર ગળી રહ્યો છે. તે વખતે હું ગળાઇ રહ્યો છું, તે જોવાને બદલે સાપ દેડકાને ગળે છે ને ત્યારે એ દેડકો પતંગિયાને ગળે છે. બધાને માટે કુતુહલનો પ્રસંગ હતો. સિંહરાજા માટે ધર્મધ્યાનનો પ્રસંગ હતો. લોકસ્વરૂપ-સંસ્થાનવિચય ધર્મધ્યાન. જીવ પોતે યમરાજાથી ગળાઇ રહ્યો છે તે જોતો નથી ને બીજાનું શોષણ કરે છે. શેઠ મેનેજરનું, મેનેજર કર્મચારીનું, કર્મચારી ઘરવાળીનું, ઘરવાળી દીકરાનું શોષણ કરે છે. પણ બધાને ખબર નથી કે હું યમરાજાથી શોષાઇ રહ્યો છું.

દરેક જણ પોતાના પગનીચેની આગ જોતા નથી ને બીજાના પગ નીચે આગ લગાડવા જાય છે. પોતે બીજાના હાથે માર ખાઇ રહ્યો છે, તે નથી વિચારતો ને બીજાને માર મારવાનો વિચાર કરી રહ્યો છે. જીવને પોતાનું શોષણ નથી દેખાતું ને બીજાનું શોષણ કરવા જાય છે.

દ્રવ્યથી - ધર્માસ્તિકાયાદિનો વિચાર કરવો. ધર્માસ્તિકાય અસંખ્ય પ્રદેશાત્મક છે. લોકાકાશવ્યાપી છે. ગતિમાં સહાયક છે. અધર્માસ્તિકાય અસંખ્ય પ્રદેશાત્મક છે. લોકાકાશવ્યાપી છે. સ્થિતિમાં સહાયક છે. આકાશાસ્તિકાય અનંત પ્રદેશાત્મક છે. લોકાકાશ - અલોકાકાશ એમ બે વિભાગમાં વહેંચાયેલું છે. લોકાકાશમાં જીવ અને પુદ્ગલો રહી શકે છે. કેમકે એનો અવગાહનાદાનનો સ્વભાવ છે. તેમાં ચૌદ રાજલોકની રચનાના વિચાર. ઉર્ધ્વ આકાશ, સિદ્ધશિલા, સિદ્ધભગવંતો, બાર અનુત્તર, નવગ્રૈવેયક, બાર દેવલોક, તિર્ચ્છાલોકમાં જંબુદ્વીપ - લવણસમુદ્રથી સ્વયંભુરમણ સમુદ્ર, આ બધી વિચારણા કરવી.

ક્ષેત્રથી - મધ્યમાં એક રાજનો વ્યાસ, ૪૫ લાખ યોજન મનુષ્યક્ષેત્ર, પાંચમા દેવલોક પાસે રાજલોક પહોળો, ઉપર-નીચે ઘટતો ઘટતો પછી તિર્ચ્છાલોકથી અધોલોકમાં સાતમી નારકી સુધીનું ક્ષેત્ર ઉત્તરોત્તર સાત રાજ સુધી વધારે - આ વિચારણા કરવી.

કાળથી - કાળ નવાને જુનું કરે, જુનાને નવું કરે. કાળનો સૂક્ષ્મ અંશ સમય. અસંખ્ય સમયની એક આવલિકા - લવ, સ્તોક, વર્ષ, યુગ... પૂર્વ, પલ્યોપમ, સાગરોપમ, ઉત્સર્પિણી, અવસર્પિણી, પુદ્ગલપરાવર્ત... દેવલોક આદિમાં કોનું કેટલું આયુષ્ય છે? આદિની વિચારણા. કાળના કારણે આજે ગમતું કાલે નહી ગમે, આજે કામનું કાલે નકામું થઇ જાય.

ભાવથી – ખરી મારામારી જીવ અને પુદ્‌ગલની છે. ક્યારેક બંને સાથે છે. ક્યારેક બંને સામે છે. જ્યાં સુધી જીવ મોહનીય કર્મથી જોડાયેલો છે, સમ્યક્ત્વ નથી, ત્યાં સુધી બંને સાથે છે. પ્રભુશાસનમાં જોડાયા પછી બંને સામે છે. જ્યાં સુધી સમ્યક્ત્વ પામ્યો નથી, ત્યાં સુધી પુદ્‌ગલ જીવને ગલગલિયા કરે છે. ને જીવ પુદ્‌ગલને રમાડચા કરે છે. આવું અનંતકાળથી ચાલે છે.

અનંતકાળની ઉંમરવાળો બાળક કોણ? I am, હું પોતે. 'બાલ્યકાળે વાર અનંતી સામગ્રીએ નવિ જાગ્યો.' – અજિતજિન સ્તવન...

જેમ બાળકને આકર્ષણ દેખાય ને લલચાઇ જાય, તેમ આપણે અનંતકાલથી રૂપ–રસ–સ્પર્શ – શબ્દથી સંસ્કારિત થઇ ગયા છીએ. તેથી લલચાઇ જઇએ છીએ. વસ્તુથી લલચાઇ જનાર બાળકને વસ્તુની પાછળ રહેલું જોખમ નથી જણાતું. તેમ આપણે પાંચઇન્દ્રિયોના આકર્ષણમાં ખેંચાઇ જઇએ છીએ, પણ તેની પાછળ રહેલા દુર્ભાવ – સંકલેશ – દુર્ગતિ નથી જાણતા, માટે બાળક છીએ.

આપણે ક્ષણભરના વિષય–કષાયના ભવિષ્યકાળમાં કેટલા મોટા જોખમો છે તે જોઇ શકતા નથી. જ્યાં સુધી અચરમાવર્તમાં હોવાથી પ્રભુના શાસનને પામ્યો નથી, ત્યાં સુધી જીવને માટે શરણ્ય – લંગોટિયો મિત્ર – જીવનમરણનો સાથી પુદ્‌ગલ છે. જ્યારથી પરમાત્માના શાસનમાં આવે છે, ત્યારથી જીવ પુદ્‌ગલને દુશ્મન તરીકે જુએ છે. અત્યારસુધી સાથે હતા. હવે સામ સામે છે. આ જીવતત્ત્વની ભૂમિકા છે.

પુદ્‌ગલ જે ખેલ કરે, તે બે પ્રકારે છે. અંદર કર્મકૃત ખેલ અને બહાર બનતા પ્રસંગ. જે પાણી અત્યંત દુર્ગંધવાળું ગટરનું હતું, તે જ સંસ્કારિત કરવાથી સુગંધી બને છે. આ પુદ્‌ગલનું સ્વરૂપ છે. જે પેંડો ટેસ્ટી હતો, તે જ દુર્ગંધી વિષ્ટા બને છે. જે લાડવો અત્યંત સારો લાગતો હતો, તે જ કરિયાતાથી મિશ્રિત થાય તો મોં માં જતો નથી.

કર્મકૃત ખેલ – બાપ દીકરાને મારવા તૈયાર થાય. મા દીકરાને વેંચે, દીકરો માને મારે, વ્હાલી પત્નીને સળગાવી દે. પ્રિયતમ પતિ પ્યાર નથી કરતો, તો મારી નાંખવામાં આવે. ભાઇ ભાઇને જોઇને સળગી ઉઠે, આ બધી મોહનીયની કરામત છે. આ તમામ નાટકો કર્મકૃત કરામત છે. Thanks to મોહનીયકર્મ. કર્મસત્તા નામનો સૂત્રધાર ડાયરેક્ટર નંબર વન છે. એવા નાટકો બનાવે કે કલ્પી ન શકીએ. એક માસ્ટર સ્ટ્રૉકમાં એકલા હાથે બધાને પૂરો કરે. ● મરિચિના ભવમાં કરેલ કુલમદનો દંડ–નીચગોત્ર. પ્રભુ વીરના ભવમાં. ● દેવાનંદાએ પૂર્વભવમાં કરેલી ચોરીનો દંડ અને ● ત્રિશલાએ સમતા રાખી તેનું ઇનામ. ત્રણેનું ફળ એક જ પ્લોટમાં આપી દીધું. One master strok. પ્રભુનું દેવાનંદાના ગર્ભમાંથી ત્રિશલાના ગર્ભમાં સંહરણ થયું.

મોહ નૃત્યકાર જે પ્રમાણે નાટક કરાવે તે પ્રમાણે જીવ નાચે છે. ક્યારે કઇ ભૂમિકામાંથી કઇ ભૂમિકામાં જતો રહે – ખબર ન પડે. આપણને લાગે પૂનમનો ચાંદ છે, પણ ક્યારે અંગારો બની જાય કહેવાય નહી. અંગારો ક્યારે શીતલ બને તે ખબર ન પડે.

એલેકઝાંડરની પત્ની કેથેલીન અંગારો હતી. ભાયડાછાપ – કાટસ્વભાવવાળી હતી. મારા કાપોની જ વાત. કંઇક આડુ – અવળું થાય ને તરત મારી નાંખવાનો ઑર્ડર આપી દે. એકવાર લશ્કરની છાવણી પાસેથી પસાર થઇ. બે સૈનિકની વાત સંભળાઇ. રાણીના વિકૃત સ્વભાવની વાત હતી. આપણી રાણી કેવી છે? સ્ત્રી કેવી કોમળ – સૌમ્યસ્વભાવવાળી હોય! આ તો વાતવાતમાં તતડાવી નાંખે છે. આના કરતાં તો રાક્ષસી સારી. અધિકારીવર્ગે પણ આ સાંભળ્યું. રાણીને કહ્યું – હુકમ કરો તો અંગારો કરી જીભ સળગાવી દઇએ. રાણીના મનમાં તોફાન ચાલ્યું. મારો ક્રોધ! મારી કડકાઇ! બીજાના હૈયામાં કેવી દુર્ભાવના પહોંચી છે કે આવું બોલે છે. મેં આટલી કડકાઇ કરી મેળવ્યું શું? રાણી કહે – મને મહેલમાં લઇ જાઓ. સૈનિકોને બોલાવો. સૈનિકો આવ્યા. રાણી ઊભી થઇ ગઇ. તેમના પગમાં પડી. તમે મારા ગુરુ છો. મારી આંખ ખોલી દીધી. બધું બદલાઇ ગયું. જિંદગીભર એને ગુરુસ્થાને રાખ્યો. અમાસ પૂનમનો ચાંદ થઇ ગયો.

ભોગમાં ચકચૂર શાલીભદ્રે માત્ર એક શબ્દ સાંભળ્યો. મારે માથે નાથ! ને જાગી ગયો. જેને શ્રેણિકનો પસીનો પણ સહન ન થાય, એવા શાલીભદ્રે એટલી સાધના કરી કે શરીર કોલસા જેવું કરી નાંખ્યું. સગી માતા પણ ઓળખી ન શકી. ધગધગતી શીલા પર સંથારો કર્યો.

અનંતકાળ સુધી મોહનીય કર્મ જીવને રમાડે છે. તો સમ્યક્ત્વયુક્ત વૈરાગી જીવ મોહનીયનો કચ્ચરઘાણ કરી નાંખે છે. આ બધો વિચાર તે સંસ્થાનવિચય ધર્મધ્યાન.

## મહા સુદ – ૮

જે પણ પાંચનું શુભગૃપ હોય એની સાથે પાંચ પરમેષ્ઠીને ગોઠવી શકાય. જેમકે તે-તે તીર્થની અપેક્ષાએ પ્રથમ કેવળજ્ઞાની ને શુદ્ધ તત્ત્વપ્રરૂપક અરિહંતના ધ્યાનથી શુદ્ધ જ્ઞાનાચાર પ્રાપ્ત થાય. અરૂપી અનંત આનંદમય સિદ્ધસ્વરૂપનું શ્રદ્ધાપૂર્વકનું ધ્યાન દર્શનાચાર સાથે સંબંધિત છે. આચાર્યપદે રહીને નિર્મળ ચારિત્ર પાલતા-પ્રચારતા-પ્રસારતા આચાર્યના ધ્યાનથી ચારિત્રાચારની નિર્મળતા થાય. વિનય ને સ્વાધ્યાયમાં રત ઉપાધ્યાય ભગવંતના ચિંતનથી તપાચાર પ્રગટે. ને આ ચારે પરમેષ્ઠીની ઉપાસનામાં ઉલ્લાસ-ઉમંગ-ઉત્સાહથી લાગેલા સાધુઓની ઉપાસનાથી

આપણને પણ તેવો વીર્યાચાર પ્રાપ્ત થાય.

પંચ પરમેષ્ઠીના ઉચ્ચારમાત્રથી ઘણા સાગરોપમની નરકો તૂટે છે. સમ્યગ્દર્શન પ્રાપ્ત થાય છે. વિશુદ્ધભાવથી ૯ લાખ નવકાર ગણવાથી દુર્ગતિ ટળે છે. જેને તેને નમવાથી કાંઇ ન વળે. જેટલા પથ્થર તેટલા દેવ, એમ ન ચાલે. જેને તેને નમનારો હકીકતમાં ગૌરવ ગુમાવે છે ને મેળવતો કાંઇ નથી. પંચ પરમેષ્ઠીને નમનારો ગૌરવ પણ મેળવે છે ને મતિજ્ઞાન - શ્રુતજ્ઞાનના ક્ષયોપશમથી અધ્યવસાયોની વૃદ્ધિ થાય છે. તીર્થંકર પદની પ્રાપ્તિ થાય છે.

જેને હવે કાંઇ સિદ્ધ કરવાનું બાકી નથી. પરમઅર્થના સાધક છે. એવા પંચ પરમેષ્ઠી સ્વયં પરમાર્થી છે. તેમને નમસ્કાર કરનાર, એમની નજીક-એમના સાનિધ્યમાં રહેનારને પણ પરમાર્થની સિદ્ધિ થાય છે. તેમને ૧૨-૮-૩૬-૨૫-૨૭ ગુણોથી તો નમસ્કાર છે જ. પણ ભદ્રબાહુસ્વામીએ તેમના તે તે ગુણોમાંથી એક એક ગુણ શોધ્યો. આપણા અનાદિના દોષો દૂર કરવા પાંચ ગુણ બતાવ્યા.

અરિહંત - માર્ગદર્શક - અત્યારસુધી આપણે ઉન્માર્ગે ચઢેલાં હતા. સાચો માર્ગ કયો છે? ખબર જ ન હતી. આવો માર્ગ હશે એવી કલ્પના જ નહોતી. ભગવાન! તારો ઉપકાર કે તેં મને સાચો માર્ગ આપ્યો. વર્તમાનમાં સમાધિનો, પરલોકમાં સદ્ગતિનો અને પરંપરાએ સિદ્ધિગતિનો માર્ગ બતાવ્યો. આ ક્ષણથી માંડીને અનંતકાલ માટે જ્યાં આત્મહિત થશે, તે માર્ગ બતાવ્યો. ભગવાન! અમારી તાકાત પહોંચશે તો કોઇને માર્ગ બતાવશું, પણ ઉન્માર્ગ તો નહીં જ બતાવીએ.

સિદ્ધ ભગવાન - અવિપ્રનાશ. અરિહંત સાચા માર્ગદર્શક મળ્યા. છતાં પણ આપણે વિનાશીમાં અટવાઇ ગયા. જગતમાં જેની સાથે વધુ સંબંધ છે, તે શરીર પણ જન્મથી મરણ સુધી રહેવાનું છે. તે વિનાશી છે. તેની પળોજણમાં - તેને પંપાળવામાં - રક્ષણમાં મારામારીમાં - સંકલેશમાં અનંતકાલ ગયો. તે નાશવંતને પકડીને અને તે પકડવામાં અનંતકાળ ગયો. જીવની આ વિચિત્ર કરુણ કથા છે. મોક્ષમાર્ગ પણ અવિપ્રનાશ છે. ને ત્યાં ગયેલા સિદ્ધો પણ અવિપ્રનાશ છે. ભગવાન કહે છે - તારે પકડવું હોય તો અવિપ્રનાશીને પકડ. નાશવંતને પકડીને દુઃખ કેમ ઊભુ કરવું! પેટ ચોળીને શૂલ કેમ ઊભું કરે છે? જે ધ્રુવ, નિત્ય, અનાશી, સ્થિર, શાશ્વત છે, બળનારું નથી, કોહાવાનું નથી. તેને પકડ.

ઘડિયાળ મારી, તો ખોવાશે તો દુઃખ થશે. અનાશી આત્માને ઓળખ અને પકડ. નાશીને છોડ. નાશીનો ઉપભોગ પણ નહી, સંગ્રહ પણ નહી. માત્ર ઉપયોગ કર. સંગ્રહ કરવાથી ભયંકર મમતા - આસક્તિ ઊભી થાય છે. ઉપભોગ કરવાથી રાગ-દ્વેષ

ઉત્પન્ન થાય છે. તેથી એ છોડી આત્મહિતમાં જોડીને ઉપયોગ કર. આંખથી ટી.વી. જોવું તે ઉપભોગ, પ્રભુદર્શન કરવા, જીવદયા પાળવી તે ઉપયોગ. કાનથી ગીત – સંગીત – નિંદા સાંભળવા તે ઉપભોગ. અને સ્તુતિ – સ્તવન – ગુણો સાંભળવા તે ઉપયોગ. દરેક સાધન ઉપભોગ તરફ જઇ રહ્યું છે. તેને ઉપયોગમાં લેવાનું છે. અશાશ્વતમાંથી શાશ્વતની સિદ્ધિ, નાશવંતથી અનાશીની સિદ્ધિ કરવાની છે.

આચાર્યભગવંત – આચાર સંપન્નતા – અત્યારસુધી દુરાચાર – અત્યાચાર – અનાચાર – ભ્રષ્ટાચાર જ કર્યા છે. આચાર્યને નમસ્કાર કરી સદાચારી બનવું છે. આચાર સંપન્ન બનવું છે. પ્રભુશાસનના સાધુ આદિ ચારે આચારસંપન્ન છે. સાધુ સાધ્વી ચોવીસે કલાક આચારસંપન્નતામાં છે. જ્યારે શ્રાવક શ્રાવિકા પોત પોતાની ભૂમિકાનુસાર આચાર સંપન્નતામાં છે. સાધુની આચાર સંપન્નતા પાંચ મહાવ્રત આદિ છે. તો શ્રાવકની આચાર સંપન્નતા બારવ્રત – સૌમ્યતા – સજ્જનતા છે.

હે આચાર્ય ભગવંત! આપ એવા આશીષ આપો – અત્યાર સુધી અમે અનાચારની ગટરમાં ભૂંડ બની આળોટનારા હતા, હવે સદાચારના માનસરોવરના હંસ બનીએ અને ગુણનો ચારો ચરીએ, નહી કે વિષ્ટારૂપ દોષનો.

જ્ઞાનાચાર – સાધુ પંદર કલાક આગમઅભ્યાસ કરે. તમે પંદર મિનિટ તો કરશો ને? ૧૪૪૦ મિનિટમાંથી ૧૫ મિનિટ. એક ટકો. નવા સૂત્રો ગોખો. અમુક સૂત્રનો ખજાનો તો હોવો જ જોઇએ. રોહિણી શ્રાવિકા એક લાખ શ્લોકનો સ્વાધ્યાય કરતી હતી. તમે કેટલા શ્લોકનો કરશો? ઓછામાં ઓછી હજાર ગાથા તો આવડવી જ જોઇએ. પંચપ્રતિક્રમણ, પ્રકરણ – ભાષ્યાદિ, તત્ત્વાર્થ, વીતરાગસ્તોત્ર, યોગશાસ્ત્ર, ગુજરાતીમાં ૩૫૦ ગાથાનું સ્તવન, સ્તુતિ, સજઝાયાદિ... ઓછામાં ઓછો હજાર ગાથાનો સ્વાધ્યાય જોઇએ જ. જે દિવસે ન ગોખાય, તે દિવસે ગોખેલાનું પુનરાવર્તન કરવું. અથવા પ્રવચનશ્રવણ કે પુસ્તકવાંચન કરવું. પણ પા કલાક તો જ્ઞાનાચારથી આરાધના કરવાની જ. સંકલ્પ કરશો તો સિદ્ધિ મળશે. જ્ઞાનાચારથી વિવેકની પ્રાપ્તિ થાય છે. સારાસાર, હેયોપાદેય જાણવા મળે છે.

દર્શનાચાર = દરેક સમયે પ્રભુનો અનુગ્રહ માણવો – તેની સ્પર્શના કરવી. ભગવાન! તારો આ મહાન ઉપકાર છે કે મને આ આરાધનાનો અવસર મળ્યો. આમ સતત અહોભાવ. તીર્થયાત્રાથી તે તે તીર્થના ભગવાનની ભક્તિનો લાભ મળે. અરિહંત ચેઇયાણંથી દરેક તીર્થના તે તે ભગવાનનાં ભક્તિ–વંદન–પૂજા–સત્કાર–સન્માનનો લાભ મળે. ક્ષેત્ર બદલાય એટલે નવા નવા ભગવાન જોઇ અહો અહોભાવ થાય. સ્થાવરતીર્થની જેમ જંગમતીર્થની પણ યાત્રા કરવાની છે. જંગમતીર્થ – ગુરુભગવંતની

યાત્રા - વંદનથી હિતશિક્ષા મળે. ભગવાન અનુગ્રહ કરશે. ગુરુ માર્ગદર્શન આપશે. તેમનું વંદન તો જ સાર્થક થશે જો તમે વંદન કરવા જાઓ ને એક નિયમ લો.

તિથિના દિવસે એક કરતાં વધુ દેરાસરે દર્શન કરવા જવું. તે તે ભગવાનના કલ્યાણકના દિવસ યાદ રાખી તેમની વિશિષ્ટ પૂજા કરવી. ચૈત્યવંદન કરવા. એકાસણાદિથી આરાધના કરવી. સમ્યગ્દર્શન એટલે સાધારણખાતું. જેમ સાધારણખાતું તરબતર રહે, તો બાકીના ખાતા ભરપૂર. તેમ સમ્યગ્દર્શન લીલુંછમ, તો બાકીના આચારો લીલાછમ... માટે વધુ દેરાસરના દર્શનથી સમ્યગ્દર્શનની શુદ્ધિ થાય તો બધું હર્યુભર્યુ રહે.

સુદ પાંચમનો ઉપવાસ - જ્ઞાનાચાર.

વદ દસમનો અટ્ઠમ - એકાસણા - દર્શનાચાર.

જો ખાવા બેસશું તો ત્રણ ટંક પણ ઓછા પડશે ને સંકલ્પ કરશું તો મહિનામાં દસ ઉપવાસ પણ થઇ શકે તેમ છે. એવા પણ સાધુઓ છે કે જે ગૃહસ્થપણાથી ચૌદસનો ઉપવાસ કરતા આવ્યા છે. વિહારમાં ય કરે છે. દુનિયામાં ઘણું પકડી બેઠો છું. કોઇ લઇ જાય તો મારામારી કરું છું. તો પ્રભુશાસનનું ન પકડું? આવું થાય, તો સાધનામાં દઢતા આવે.

દર્શનાચારથી વૈરાગ્યપ્રાપ્ત કરવાનો છે. ભગવાને જગતને જે રીતે જોયું તે રીતે હું સ્વીકારું છું. જગત વચ્ચે સ્વસ્થ રહેવાનો આ એક જ ઉપાય છે. - વૈરાગી થઇને રહેવું. આ સિવાય બીજા કોઇ માર્ગે આ જગત વચ્ચે સ્વસ્થ રહી શકાશે નહી. માટે સમ્યગ્દર્શન પરમવૈરાગ્યનું કારણ બને છે. પણ વૈરાગ્યની શરુઆત પોતાની રોજિંદી જરુરિયાત વગેરેથી કરવી. મોટી મોટી વાત ન કરવી કે હું તાકાતવાળો છું. શરુઆત કરો - દાળમાં મીઠું ન હોય તો ઉંચા નીચા નહી થવાનું. એક કપડું જુનું નથી થયું તો વધારાનું લાવવું નહી.

પ્રભુ વીરના આનંદાદિ શ્રાવકો ૧૦,૦૦૦ ગાયો = ૧ ગોકુળ. તેવા ૧૦ ગોકુળના માલિક, હજારો ગાડાઓ, સોનું, ચાંદી આટલો બધો પરિગ્રહ હતો, છતાં મહાશ્રાવકો કેમ કહેવાયા? જ્યાં સુધી પરમાત્મા નહોતા મળ્યા, ત્યાં સુધી ભેગું કર્યુ. પણ ભગવાન મળ્યા પછી નક્કી કર્યુ કે હવે કાંઇ વધારવાનું નહી. ઘટાડો કરીશ. માટે મહાશ્રાવક કહેવાય. સમ્યગ્દર્શનજન્ય વૈરાગ્યની શરતો... ૧) વધારાનું લાવવું નહી. જુનું થયુ. ફાટી ગયું તો જ નવું લેવું. ૨) તમારી ચીજની પસંદગી તમારે નહી કરવાની. શર્ટ લાવવો છે. બીજાને કહી દો. આપણે નહીં લાવવાનું. જે લાવે તે પહેરી લેવાનું. તેમાં ટકોર નહી. નો ચોઇસ, જે મળે તે સ્વીકારી લેવું.

પત્ની પૂછે – આજે કઇ રસોઇ બનાવું? તે વખતે ડાહ્યા નહી બનતા. કારણ તમે જેકહેશો તે તો નથી જ બનવાનું. તેમનું દાળ – ઢોકળી બનાવવાનું નક્કી જ છે. તમે કહેશો – શ્રીખંડપુરી, તો કહેશે – ના. તો બાસુંદી – ના. તો શીરો – ના, એ તો ગળે પણ ઉતરતો નથી. તો સુખડી – એ તો સવારે હોય. અંતે કંટાળીને કહેવું પડે કે તારે જે બનાવવું હોય તે બનાવ. બનવાનું તો એમનું જ ધારેલું છે. બાકી તમારે વિકલ્પો કરી નકરાં પાપ જ બાંધવાના છે.

એના કરતાં વૈરાગ્યથી નક્કી કરો, મારી ઇચ્છા મુજબ કોઇ ચીજ બનવી ન જોઇએ. જે બન્યું તે મારે વાપરી જવાનું. મીઠું નથી છતાં કોઇ પ્રત્યાઘાત નહીં. ઘરવાળા સામેથી કહે કે આમાં તો મીઠું જ નથી, તે તમે તો કહ્યું જ નહી. આ ફરિયાદ પત્ની કરે તો સારી ને? હા. આપણે ફરિયાદ કરીએ તો ઉલ્ટું આપણને સંભળાવે. એના કરતાં જે આવે તે ચલાવી લો. મોબાઇલ ખોવાયો, નવો લાવવો જરુરી છે, તો બીજાને લાવવા કહો. તે જે લાવે તે વાપરીશ. વૈરાગ્યની શરૂઆત પોતાના જીવન જરુરિયાતની વસ્તુઓ – પ્રસંગોથી જ કરવી પડશે.

ચારિત્રાચાર = શીલાચાર – સદાચાર આપણી પાંચઇન્દ્રિયો અને મન વિષયવિકારોમાં – દુર્ભાવોમાં – સંજ્ઞામાં અટવાઇ ન જાય, તેની સાવધાની રાખવી તે ચારિત્રાચાર. આંખઆદિ ઇન્દ્રિયોના શીલ પાળવા. સામાયિક કરવા અને ઉપધાનતપ યાદ કરવા. રોજનું એક સામાયિક ૪૭ દિવસના ઉપધાનને યાદ કરાવે છે. અનુમોદના કરાવે છે. આ ઘણી મોટી કમાણી છે. ઉપધાનના ૪૭ દિવસના પૌષધયુક્ત સામાયિકના સેમ્પલરૂપે એક સામાયિક છે. આજે સામાયિક કરવાનું રહી ગયું. તો કાલે કરીશ એવા મૂરખ નહીં થતા. જેને આજે સમય નથી, તે કાલે બે સામાયિક શી રીતે કરવાનો? રોજિંદા કાર્યોમાં પ્રથમ સ્થાન સામાયિકને જ આપવાનું. સવારે ઉઠી પ્રતિક્રમણ – સામાયિક કરી જ લેવાં. પછી જ બીજું કામ. તો જ થશે. અન્યથા નહીં થાય.

તિથિના દિવસે પૌષધ કરવાના. પૌષધથી દુર્ગતિમાં હેતુભૂત ચાર પ્રકારના દ્વાર બંધ થાય છે. અને સંસારની લપ્પન છપ્પનથી બચી આખો દિવસ આરાધનામાં જાય છે. બાકી સંસાર તો કીચડ છે. પૌષધ એક દિવસ માટે પણ એ કીચડમાંથી બહાર કાઢે.

ચારિત્રાચારનું ફળ પાપમાંથી વિરતિ. જ્યાં પાપ દેખાય, ત્યાં હું નહી કરું. પાપ મને સાપ કરતાં પણ ભયંકર લાગે. જો મને વિવેક અને વૈરાગ્ય મળ્યા છે, તો જરા પણ પાપ કરું નહી, વિરતિ માટે જ પ્રયત્ન કરું. દુનિયા પાપાચારનો મેળો છે. ત્યાં ઢગલાબંધ પાપો તમને ચારે બાજુથી આવકારશે પધારો – પધારો.

જે તમને ધર્મની પ્રેરણા કરે તે સાધર્મિક -

જે તમને પાપની પ્રેરણા કરે, પાપમાં ખેંચી જાય તે - સ્વજન.

સ્વજન અને દુનિયા તો તમને પાપમાં ખેંચી જશે. તમે નક્કી કરો, મારે તો પાપ છોડવા જ છે. ટી.વી. બંધ. અઢાર પાપસ્થાનકો સેવ્યા વગર તેના પાપના ભાગીદાર બનવાનું સાધન છે ટી.વી. જે પાપ કરવાની તમારી કલ્પના - ઇચ્છા - તાકાત નથી, તે પાપ તમને વળગાડવાની તાકાતવાળું સાધન છે ટી.વી. તમે કોઇનું ગળું દબાવી શકો? ના. ટી.વી. એ પાપ કરાવે છે. અને ટી.વી. ના કારણે જ જાપ - સામાયિક - સૂત્રાભ્યાસ માટે સમય નથી મળતો. ગુરુ ભગવંત વર્ષોથી નથી જોતા. તમે ન છોડી શકો? ઘરે તો સામે જ હોય ને? બારમા ધોરણે ભણતો છોકરો ટી.વી. જુએ? ના. તેમ ટી.વી.ને પીઠ કરીને બેસો. ટી.વી. ભલેને ચાલુ હોય, રસ ન રાખો. વર્તમાનમાં પણ આજીવન ટી.વી. નહી જોનારા ભાગ્યશાળીઓ છે.

ચાર વિકલ્પ છે. ૧) જીંદગીભર ત્યાગ. ૨) અન્યથા અમુક સમયે તો બંધ જ. ૩) ટી.વી.માં શું જોવાનું? આપણે ચેનલ પસંદ નહી કરવાની. જે ચાલે તે જોઇ લેવાનું. ૩૪ વર્ષના એક ભાઇને નિયમ આપ્યો. ચાર મહિના ટી.વી. ત્યાગ. તે ખુશ થઇ ગયો. વાંચવા ધારેલા પણ ઘણા વખતથી નહીં વંચાતા આત્મહિતકર પુસ્તકો ચાર મહિનામાં વંચાઇ ગયા. પવિત્રતા - બ્રહ્મચર્ય - શીલની રક્ષા પણ એનાથી જ છે. અઢાર પાપસ્થાનકથી રક્ષણ પણ એનાથી જ છે. ન્યુઝ પણ નહી જોવાના. એ એકલું અનર્થદંડ છે. મીડીયા ફાલતુ વાતને એટલી લાઇટમાં લાવે છે કે ભયંકર પાપો કરાવે. અમુક સમય તો ટી.વી. ન જ જોવું. ૪) એકીસાથે પંદર મિનિટથી વધારે સમય ટી.વી. ન જોવું. વચ્ચે બ્રેક તો પાડવાની જ. ટી.વી. વાળા કેમ પાડે? આપણે ન પાડીએ?

તમે સંકલ્પ કરશો તો જ થશે. પાપાચારથી અટકવા આ બધામાં સાવધાન થાઓ. મોબાઇલનો ઇનકમીંગ, આઉટગોઇંગ, એસ.એમ.એસ. સિવાય કોઇ બાબતમાં ઉપયોગ કરવો નહી. જ્યાં જ્યાં પાપ, ત્યાં ત્યાં જવું નહીં, તે ચારિત્રાચાર.

**તપાચાર** = આ ત્રણને વિશુદ્ધ કરવા તપાચાર છે. તપ એ અગ્નિ છે. આપણા ચાર દોષોને જીતે છે (૧) આહારસંજ્ઞા (૨) શરીરપ્રત્યેની આસક્તિ (૩) સ્વાર્થમય બુદ્ધિ (૪) ચંચળ - સંકલ્પ વિકલ્પથી ભરેલું મન. આ ચાર દોષને જીતવા તપાચાર. બાહ્ય તપ મુખ્યત્વે આહારસંજ્ઞા અને શરીરની આસક્તિ તોડવા માટે છે. સ્વાર્થમય બુદ્ધિ અને ચંચળ મનને જીતવા અભ્યંતર તપ છે. રસત્યાગ અને વૃત્તિસંક્ષેપ મુખ્યત્વે આહારસંજ્ઞા તોડે છે. બાકીના ચાર બાહ્ય તપ શરીરની આસક્તિને તોડે છે.પ્રાયશ્ચિત મનને નિર્મળ કરે છે. વિનય - વૈયાવચ્ચ બુદ્ધિને નિર્મળ કરે છે. શક્તિ હોવા છતાં બીજા પાસે કામ

કરાવવાથી આભિયોગિક કર્મ બંધાય. અત્યારસુધી હું બીજાપાસે કામ લેવા તૈયાર હતો. હવે હું બીજાના કામ કરીશ. નિયમ લો – પાણીનો ગ્લાસ જાતે જ લેવો. વડીલ છો તો પણ જાતે લેવું. મારું કામ જાતે જ કરવું. શક્ય હોય તો બીજાનું કામ કરવા દોડતા જવું. સમય – શક્તિ – સંપત્તિ પાછળ ન જોવું.

સ્વાધ્યાય મનને સ્થિર કરવા માટે છે. સંકલ્પ વિકલ્પથી બચાવવામાટે છે. કાયોત્સર્ગ મનને વધુ સ્થિર કરે. ચાર ચાર પ્રકારના આર્ત–રૌદ્રધ્યાન છોડવાના છે. ઇષ્ટ – અનિષ્ટ બંને, આવે તે પહેલાં, આવે ત્યારે, અને જાય પછી આમ ત્રણે સ્ટેજમાં આર્તધ્યાન કરાવે. રોગ – શું થશે? ક્યારે જશે? દુઃખી કરે છે. દવા કરાવીએ એ જુદી વસ્તુ છે. પણ મન સંકલ્પ વિકલ્પમાં તો ન જ જવું જોઇએ. ઓછામાં ઓછી હજાર ગાથાનો સ્વાધ્યાય, ૨૫૦ તીર્થ–દેરાસરના મૂળનાયક, ૨૫૦ સાધુ–સાધ્વીના નામ મોઢે હોવા જોઇએ. બીમારીમાં આર્તધ્યાનથી બચવા આ ત્રણ જબરદસ્ત ઉપાય છે. દેરાસર યાદ કરતાં કરતાં 'નમો જિણાણં'. ગચ્છાધિપતિ – સાધુ – સાધ્વી ભગવંતને યાદ કરી 'મત્થએણ વંદામિ'... આ આપણો ખજાનો છે, નહીંતર બીમારીનો સમય સજાનો છે.

નિદાનાનુબંધી – બીજાનું જોઇ રોવું નહી. ઈર્ષ્યા કરવી હોય તો સાધુ – સાધ્વીની જ કરવી. એમની પાસે છે, તે મારી પાસે નથી. બીજાની કાર જોઇને ઈર્ષ્યા ન કરવી. દસ લાખની કાર અકસ્માતનું સાધન છે. કેટલા લાખની કારમાં મરો તો સદ્ગતિ મળે? ૫૦ લાખનું ફર્નીચર જો ગમી ગયું, તો ઉધઇ તરીકેની સગવડ આવતા ભવે બહુ સારી મળશે. હું માણસ હતો ત્યારે પાંચ કરોડના ફ્લેટમાં રહેતો હતો, તો ઉધઇ તરીકે પણ કરોડના ફર્નીચરમાં રહું છું.

આર્તધ્યાનથી બચવા કોઇના ઘર ઓપનીંગ કાર્યક્રમમાં જવું નહીં. પાંચ–દસ દિવસ પછી જવું. એવા સમયે જવું કે જેથી તેને ઓફીસે જવાની ઉતાવળ હોય. જો ઓપનીંગના દિવસે જશું, તો તેને થાય કે મારો ફ્લેટ – ફર્નીચર બતાવું, વખાણું, બીજાના મન બાળું.

ચાર રૌદ્રધ્યાન – ટી.વી.માં જોઇ હિંસાના વિચારો, જુઠ, પ્રપંચ, માયા, ચોરી કુડ–કપટ, મારી વસ્તુને કોઇએ અડવું નહી. જે હાથ લગાડશે તેના હાથ કાપી દઇશ. સુપારી આપી પતાવી દઇશ. રૌદ્રધ્યાન જીવના અનાદિકાલીન જીવહિંસા–ક્રુરતાના સંસ્કારને પોષે છે. જૈન તરીકે જીવદયા–કોમળતાના આ એક માત્ર ભવમાં હજારો વખત કાળજી–જયણા રાખી જે જીવદયા–કોમળતાના સંસ્કાર ઊભા કર્યા, તે એકવારના રૌદ્રધ્યાનમાં સાફ થઇ જશે. તેથી રૌદ્રધ્યાનથી ખાસ બચવું.

રૌદ્રધ્યાનથી બચવા એક બાજુ ઠાંસી ઠાંસીને મૈત્રીભાવ જરુરી છે. ખાસ કરીને પડોશી, પરિવાર, પાર્ટનર, નોકર અને લેણદાર-દેવાદાર પ્રત્યે. બીજી બાજુ ઔદાર્યભાવ જોઇએ. પોતાની ચીજ-સંપત્તિ-સામગ્રી જેમ-જેમ બીજાઓ પૂછીને-પૂછ્યા વગર વાપરે - ભોગવે તેમ તેમ વધુ આનંદ થવો એ ખરી ઉદારતા છે.

ચાર પ્રકારના ધર્મધ્યાન કરવા બે ક્વોલીફીકેશન જોઇએ (૧) મારું મન બગડે તેવું મોટું નુકસાન આ જગતમાં બીજું કોઇ નથી. ને (૨) મારું મન પ્રસન્ન રહે તેવો મોટો લાભ આ જગતમાં બીજો કોઇ નથી. તે માટે બાર ભાવનાનું સતત ભાવન. તેનાથી ચાર ધર્મધ્યાન થાય.

૧) આજ્ઞાવિચય - પ્રભુની આજ્ઞા જ સત્ય અને તથ્ય છે. દરેક વિષયમાં મારા પ્રભુની શું આજ્ઞા છે તે વિચારવાનું.

૨) અપાયવિચય - બાહ્ય સાધનોના નુકસાન અને તેનાપર કરેલી આસક્તિથી અંદર થતાં ક્રોધાદિ કષાયો - ઈર્ષ્યા - અસૂયાથી ભવિષ્યમાં શું નુકસાન થશે? તેનો વિચાર. નળ ચાલુ કરવો છે. મારા ભગવાને કહ્યું છે... આમાં અસંખ્યજીવની હિંસા થાય છે. તે આજ્ઞાવિચય. જીવહિંસાથી દુર્ગતિ થશે. આ અપાયવિચય.

જ્યાં જ્યાં રાગ, ત્યાં ત્યાં ઉત્પત્તિ. ઠંડુ પાણી પીતાં જેટલી હાશ થશે, તેનાથી સો ગણી લાંબી ભવિષ્યમાં હાય હશે. આ અપાયવિચય.

(૩) વિપાકવિચય - વર્તમાનમાં જે કાંઇ ઘટના બને છે. તેમાં ભૂતકાળના તેવા તેવા કર્મો જ કારણ છે. બાકીના બધા માત્ર પોસ્ટમેન છે. ડીલીવરીમેન છે. તેમનો વાંક નથી.

(૪) સંસ્થાનવિચય - ઉપધાનની માળામાં કોક આવ્યું નહી. કેમ? પત્રિકા મોડી મળવાથી એને ખોટું લાગી ગયું. તો લોકસ્વરૂપનો વિચાર કરવો. જેની સો વાર આરતી ઉતાર્યા પછી એકવાર આરતી ન ઉતારો તો ખોટું લાગે? એવા આપણા સ્વજનો... આ જ જગતનું સ્વરૂપ છે. સિદ્ધશિલા વિના જગતમાં જીવને ક્યાંય નિષ્ક્રિય બેસવું ગમતું નથી. સક્રિય રહેવું ગમે. કાંઇને કાંઇ કરવું ગમે છે. તેમાં મોટેભાગે સળી કરવી ગમે છે. તેવા સમયે આપણે તેની અસર લેવી કે ન લેવી? તે આપણા ઉપર છે. આ થઇ તપાચારની વાત. એથી થઇ વિશુદ્ધિ.

વીર્યાચાર = દરેક આચારમાં ઉલ્લાસ - ઉમંગ. દરેક નિયમ મરતાં મરતાં નહીં લેવો, ઉલ્લાસથી લઇ ઉલ્લાસથી પાળવો.

આચાર્યો આરાધનામાં તાજા-માજા રાખે છે. ઉપાધ્યાય વિનય શીખવાડે છે. કર્મનું વિનયન કરવા ઉપકારી - ગુણવાન - વડીલનો વિનય કરવો. પ્રેમથી નામ લો, આસન - પાણી લાવી દો, પીઠ કરીને બેસવું નહી. મોટા અવાજે બોલવું નહી. સામા

પગ કરીને બેસવું - સુવું નહી. અત્યારસુધી આપણે ઉદ્ધત - તડફડ કરનારા હતા. ઉપાધ્યાય ભગવંત વિનય શીખવાડે છે.

સાધુ - સહાયકભાવ. બીજા માટેનું ઓછામાં ઓછું એક પણ કામ કર્યા વગર મોંમાં પાણીનું ટીપું જવું જોઇએ નહી. બીજા મને કેવી રીતે ઉપયોગી થાય? એ દુનિયાની ભૂમિકા છે. હું બીજાને સતત કેવી રીતે ઉપયોગી બનું? એ આપણી ભૂમિકા હોવી જોઇએ. અત્યારસુધી સ્વાર્થીપણું હતું, હવે સહાયકપણું. પાણીનું એક ટીપું મોંમાં જાય, તો અસંખ્ય જીવ મરે છે. અસંખ્યજીવોના નાશ પર આપણું જીવન ટકી રહ્યું છે. તેનું વળતર શું? તે સામે કોક જીવને તો મદદ કર. તું હિટલર કે કાલસૌકરિક કસાઇ કેમ બને છે? હું બીજાને સહાયક ન બનું, તો પાણી પીવાનો પણ મને અધિકાર નથી.

જમતા પહેલા ઘરવાળાને પૂછો - પ્રભુને નૈવેદ્ય ચઢાવ્યું? સુપાત્રદાનનો લાભ મળ્યો? સાધર્મિક ભક્તિ અનુકંપા કે જીવદયા થઇ? ઘરના સભ્યોએ જમી લીધું? નોકરોનું કાઢ્યું? આ બધું પૂછવું . જો જવાબમાં ના આવે તો માથુ કુટીને વાપરવું. હા આવે તો અનુમોદના કરી વાપરવું.

એક ગુરુના બે શિષ્ય, બાર વર્ષ ભણ્યા પછી હવે ઘરે જવાની રજા માંગે છે. ગુરુએ કહ્યું - ઠીક છે. ગામમાં અમુક કાર્ય પતાવી આવો. બંને નીકળ્યા. સાંજે આવતા થોડું અંધારું થયું. રસ્તામાં વચ્ચે કાંટા હતા. એકને ગુસ્સો આવ્યો. કયા હરામખોરે રસ્તામાં કાંટા નાંખ્યા? ભાન જ નથી. એમ બોલતો બોલતો સાઇડમાંથી જતો રહ્યો. બીજા શિષ્યે વિચાર્યું - હવે અંધારું થવા આવ્યું છે. જેઓ પાછળ આવશે તેમને નહીં દેખાવાથી કાંટા વાગશે. માટે કાંટા ઉંચકીને બાજુમાં મુક્યા. ગુરુએ પૂછ્યું - કેમ મોડું થયું? શિષ્યે હકીકત કહી. ગુરુ કહે - બીજો શિષ્ય ઘરે જઇ શકે છે. પહેલો હજી તૈયાર નથી. તે બીજા બાર વર્ષ રહેશે. બીજો શિષ્ય જ્યાં જશે, ત્યાં મારું નામ અજવાળશે.

તેમ ૫૦ દિવસથી તમે અમારી પાસે છો. તમે કેવા નિયમો લો છો? તેના પરથી તમારી પરીક્ષા છે. નિયમોનું લીસ્ટ આપજો. શ્રદ્ધાળુ, વિનયવંત પાપભીરુ શ્રાવક તરીકે તૈયાર થયેલા લાગશો તો ઘરે મોકલશું, નહીંતર અમારી સાથે... આજીવન ટી.વી. ત્યાગ, આજીવન રાત્રિભોજન ત્યાગ, રોજ એક સામાયિક, પૂજા, આટલું મુખ્ય કરવાનું રાખશો, તો ઉપધાન સો ટકા સફળ.

તમે અમારા વખાણ કરી જાઓ તે અમારું સર્ટીફીકેટ નથી. તમારા પરિવાર - પડોશી - મિત્રોના સંદેશ આવે કે તમે કેવા ઉપધાન કરાવ્યા કે એકદમ બદલાઇ જ ગયા. એ તમારું જીવન પરિવર્તન અમારું સર્ટીફીકેટ છે.

જિનાજ્ઞા વિરુદ્ધ બોલાયું - લખાયું હોય તો મિચ્છામિ દુક્કડમ્....

# : શ્રી નમસ્કાર સ્તુતિ :

૧) જે બાર ગુણે રાજતા ભાવિત કરુણા ભાવ ને
નિર્યામક ને સાર્થવાહ માહણ ને મહાગોપ તે
સન્માર્ગદેશક જેહ કરતા સંઘ ચતુર્વિધ સ્થાપના
અરિહંત શ્રી ભગવંતને કરું નમો જિણાણં વંદના...

૨) જેના ગુણો એક તીશ છે ને કર્મક્ષયથી આઠ છે
ને નામ જેના અજ અમર અકલ અરૂપ અનંત છે
જેના અવિનાશ ભાવની કરે ભવ્ય જીવો ઝંખના
બીજે પદે શ્રી સિદ્ધને કરું ભાવભીની વંદના...

૩) છત્તીશ છત્તીશ ગુણધરા ને ગણધરા જિન તુલ્ય છે
તે ભાવસૂરિ વચન તો જિનવચનસમું ગણાય છે
આચાર દાયક દક્ષ છે સૂરિ ધર્મના વેપારના
ત્રીજે પદે આચાર્યવરને મનોવચકાયે વંદના...

૪) વિનીત જેનો રંગ લીલો ગુણ પચીશે દીપતા
ને સૂત્ર આપે શિષ્યગણને ચરણ કરણ ભણાવતા
ખોલે ખજાનો ગુપ્ત જે ને વિનયગુણની ધારણા
ચોથે ઉપાધ્યાય વૃંદને ભાવે કરું હું વંદના...

૫) જે સાત વીશ ગુણે શોભતા સહતા ને કરતા સાધના
આચાર વ્રત ગુપ્તિ સમિતિ વિવેક વિરાગ ને ભાવના
કષાયહીન સહાયભાવે રાજતું જે મુનિગણં
જે પાંચમાં પરમેષ્ઠી તે નમો લોએ સવ્વસાહૂણં

૬) છે જન્મ મરણે રોગ શોકે સુખે દુખે સર્વદા
ને આધિ વ્યાધિ ઉપાધિ માંહે શરણ જેનું હિતદા
જે ચૌદપૂર્વનો સાર છે કહેતા સદા જિન આગમો
નવકાર તે મહામંત્રને હો નમો નમો હો નમો નમો.

૭) તે મંત્રના એક અક્ષરે જે પાપ ખપતા જીવના
તે સાત સાગરના પદે તો પાપ જાય પચાશના
સંસાર તેનું શું કરે જેના હૃદયમાં રમે નમો
નવકાર તે મહામંત્ર ને હો નમો નમો હો નમો નમો.

૮) આવર્ત્ત ચરમે પાપ ક્ષીણે મળતો જેહ ભવિકને
જે આઠ સંપદે નવ પદે ને પૂર્ણ અડસઠ અક્ષરે
ને જાત્રાનું ફળ તીર્થ અડસઠ હૃદય કમળે ધ્યાન જો
નવકાર તે મહામંત્ર ને હો નમો નમો હો નમો નમો.

૯) મૈત્રી કૃપા ને શુદ્ધિ રાખી જાપ ચમત્કારો કરે
હુંડીક શિવ ને શ્રીમતી સુદર્શનાને જે વરે
ભાષ્યે ઉપાંશુ ને માનસે તે અજપ જપતા નમો નમો
નવકાર તે મહામંત્ર ને હો નમો નમો હો નમો નમો.

૧૦) એ પાંચ પરમેષ્ઠી નમન કરતું નિકંદન પાપનું
જે સર્વમંગલમાં પ્રથમ છે મંગલં હિતકારણું
ઇચ્છા વચન સામર્થ્યયોગે અભય અજિત કરે નમો
નવકાર તે મહામંત્ર ને હો નમો નમો હો નમો નમો.

૧૦૪) ચારિત્ર એટલે પંડિતાઈ નહીં પણ નિષ્પાપ જીવન

– સૂરિપુરંદર



શ્રી દુર્લભદાસ ત્રિભોવનદાસ દોશી

૧૦૫) ઉદારતા તો માનવપુષ્પની સુવાસ છે.
એ સુવાસ ન હોય ને ક્ષુદ્રતાની દુર્ગંધ હોય
તો માનવ જીવન ઉકરડા જેવું જ ને? – *વાર્તાવિહાર*



પૂજ્ય આચાર્યદેવશ્રી
ધર્મજિત્સૂરિજી
મહારાજ સાહેબ





પૂજ્ય આચાર્યદેવશ્રી
જયશેખરસૂરિજી
મહારાજ સાહેબ

માતુશ્રી ચંપાબેન પુખરાજજી ભંડારી
(અનાદરા) ઘાટકોપર

પૂજ્ય આચાર્યદેવશ્રી
અભયશેખરસૂરિજી
મહારાજ સાહેબ





પૂજ્ય સાધ્વીજીશ્રી
ચંદ્રરત્નાશ્રીજી મ.સા.
(બા મહારાજ)

સ્વ.પ્રભાકુંવર નરભેરામ નાગજી દોશી તથા
વનીતાબેન રસીકલાલ નરભેરામ દોશી
બિલખાવાળા પરિવાર

# નવકાર જાપની અલગ-અલગ પદ્ધતિઓ

















# સમવસરણમાં નવકાર ધ્યાન

: પરિકલ્પના :

પૂજ્યપાદ આચાર્યદેવશ્રી **ભુવનભાનુસૂરીશ્વરજી** મહારાજા




આંકડાના ક્રમે જાપ કરવો.



# સુંદર નઝરાણું



## કલ્પસૂત્ર – અષ્ટાહ્નિકા વ્યાખ્યાનો (ગુજરાતી)







જેની રાહ જોવાતી હતી, તે હવે ટુંક સમયમાં ઉપલબ્ધ થશે....

પર્યુષણના પ્રથમ ત્રણ દિવસના પ્રવચનો + પર્યુષણના ચોથાથી સાતમા દિવસના વ્યાખ્યાનો હજારો પ્રતો ઘરે ઘરે શ્રદ્ધાના દીવારૂપે અજવાળું પાથરી રહી છે. એનું પુનઃ પ્રકાશન થઇ ચૂક્યું છે. થોડી જ નકલો હોવાના કારણે આપની કોપી માટે આજે જ બુકીંગ કરાવી લો.

**સંપર્ક : – દીપક ફુરીયા : 98675 80227**




### ૪૮) ધરીએ સમકિત રંગ :

મહો. યશોવિજયજી મહારાજ કૃત સમકિતના ૬૭ બોલ પર સુંદર વિવેચન.... સમ્યક્ત્વની પ્રાપ્તિ – વૃદ્ધિ – શુદ્ધિ માટે અવશ્ય અધ્યયન કરવા યોગ્ય છે.




### ૫૦) પચાસ :

પ્રથમ પચીશ પુસ્તકોમાં આવેલા જોક્સ અને તેના પર ચિંતનથી મઘમઘ થતું પુસ્તક... ગમ્મત સાથે જ્ઞાન, હાસ્ય અને વૈરાગ્ય, સ્મિત સાથે ચિંતન માટે અવશ્ય વાંચવું જ રહ્યું...

### ૫૧) ઋષભને જોઈ જોઈ હરખે જેહ :




પ્રથમ તીર્થપતિ શ્રી ઋષભદેવ પ્રભુનું રોચક શૈલીમાં તેર ભવો વર્ણવતું સુંદર પુસ્તક... પ્રભુના ભવો તો જાણવા મળશે જ, પ્રભુ તે-તે પ્રસંગમાં શી રીતે સ્વસ્થ રહ્યા.... તે જાણી જીવનનું માર્ગદર્શન મળશે ને સાથે ૧૦૮ પ્રાચીન ઋષભદેવ પ્રભુના દર્શન પણ થશે.

### ૫૨) જે સાવધ તે સાધક :

અગડદત્તનું ચરિત્ર પ્રવચન શૈલીમાં સંસારની વિચિત્રતાની સાથે સાવધાન રહેવાના લાભ વર્ણવતી રોચક કથા....

### ભવિષ્યમાં આવે છે... શ્રી શાંતિનાથ પ્રભુનું ચરિત્ર

સોળમાં શ્રી શાંતિનાથ પ્રભુના વિશિષ્ટ કોટિના બાર ભવ અત્યંત રોચક શૈલીમાં વર્ણાવાયા છે. પ્રભુની મૈત્રી, પ્રભુની કરુણા, પ્રભુનો વૈરાગ્ય ને પ્રભુનું ઐશ્વર્ય જાણ્યા પછી આ પ્રભુની ભક્તિમાં અનેરો રંગ અવશ્ય ઊભો થશે...

## આરાધનાથી આનંદમય જીવનમાટે વણી લેવા જેવી વાતો વાંચો...


| | |
|---|---|
| ટુંકા ગાળામાં વિશિષ્ટ કામ કયું કરવું? | ૦૬ |
| દરેક પ્રવૃત્તિને પ્યોરિફાય-સંશોધિત કરવા શું કરવું? | ૨૩ |
| દરેક ક્રિયાને આનંદમય બનાવવાનો ઉપાય... | ૩૬ |
| ચાર કમનસીબીઓ... અવશ્ય જવી જ જોઈએ | ૪૫ |
| શરીરની મમતા નામની ડાકણને કાઢવાના ઉપાયો... | ૬૯ |
| પાંચ વિનય... આઠ કર્મનો વિનય = વિનાશ કરે... | ૯૭ |
| તિર્યંચ-નરકગતિના કારણભૂત ધ્યાન... | ૧૪૮ |
| માની લીધેલા છ સ્થાનો જીવ દ્રેષના કારણો | ૧૮૬ |
| દરેક મંગળને મંગળ બનાવતું તત્ત્વ કયું? | ૨૦૯ |
| મન બગડે તો શું નુકસાન? | ૨૨૧ |
| ધર્મધ્યાન.......... | ૨૩૦ |
| સિદ્ધના શાશ્વત સુખની વિશેષતાઓ... | ૨૩૪ |
| દ્રવ્યપૂજામાં ભાવ નમસ્કાર... | ૨૪૧ |
| બિમારીમાં ચિકિત્સા કરાવવી પડે, તો પણ... | ૨૯૦ |


આ તો માત્ર અવલોકન છે. પૂરા પુસ્તકનું અવગાહન તો બાકી છે... વાંચો... વિચારો... વાગોળો... વણી લો...

# આરાધ્યના અજવાળા


Arham Graphics
98920 45229
9892 11 55 12